# 'ધ્યાનશતક' - પ્રસ્તાવના

જીવનમાં બે અવસ્થા ચાલે છે. બેભાન અવસ્થા અને સભાન અવસ્થા. નિદ્રા મૂર્ચ્છા એ બેભાનઅવસ્થા છે. એમાં મન-ઇંદ્રિયો-શરીર-વાણી-ગાત્રો નિષ્ક્રિય નિશ્ચેષ્ટ પડેલા હોય છે. એ કામ કરતા હોય એ સભાન અવસ્થા છે. એ પાંચેને ચલાવનાર આત્મા છે. આત્મા ધારે તે પ્રમાણે શરીરને, શરીરના ગાત્રોને ઇંદ્રિયોને વાણીને અને મનને પ્રવૃત્તિ કરાવે છે, એની પ્રવૃત્તિનો ઝોક બદલે છે. અને પ્રવૃત્તિને અટકાવી પણ દે છે. આ કરવાનો હેતુ દુઃખ-નિવારણ અને સુખશાન્તિ છે. દુઃખ ન આવો, આવ્યું હોય તો જાઓ તેમજ સુખશાન્તિ મળો, મળેલી ટકી રહો, આ ઉદ્દેશથી મન-વચન-કાયા અને ઇંદ્રિયોને પ્રવર્તાવે-નિવર્તાવે છે. આમ ચારેયના પ્રવર્તક નિવર્તક તરીકે એક સ્વતંત્ર આત્મા સાબિત થાય છે. ચારેય પર વર્ચસ્વ ધરાવનાર કોઈ એક વ્યક્તિ હોય જ, અને તે આત્મા છે.

વિચાર-વાણી-વર્તાવ કરનાર આત્મા છે, એને એ માટે સાધનભૂત મન-વચન-કાયા-ઇંદ્રિયો છે. આ સાધનો અને એની પ્રવૃત્તિમાં મુખ્યતા મનની અને વિચારની છે. **'મન લઈ જાવે મોક્ષમાં રે, મન હી ય નરક મોઝાર.'** વચન-કાયા-ઇન્દ્રિયોની ઘણી પ્રવૃત્તિ મનથી કરાતા વિચારના આધારે ચાલે છે. મનના વિચારના આધારે શાન્તિ યા અશાન્તિ સર્જાય છે તેમજ શુભ-અશુભ કર્મ બંધ અને શુભ-અશુભ કર્મનો ક્ષય થાય છે. એમાં પણ કોઈ વિષય પર મનના એકાગ્ર વિચાર યાને ધ્યાનની મોટી અસર પડે છે.

**'ધ્યાન'** એટલે કોઈ વિષય પર એકાગ્ર મન.

ધ્યાન માટે મન તો એક સાધન છે. બાકી ધ્યાન કરનાર આત્મા છે. **'તેથી મનને' કેવું પ્રવર્તાવવું એ આત્માની મુનસફીની વાત છે.** શુભ અથવા અશુભ ધ્યાન આત્મા ધારે તેવું કરી શકે છે. એટલે શુભાશુભ ધ્યાન દ્વારા સુખ-દુઃખ, શાન્તિ-અશાન્તિ અને કર્મબંધ-કર્મક્ષય કરનાર આપણે પોતે જ છીએ. આપણું આ સ્વાતન્ત્ર્ય જો સમજીએ, તો મનને અશુભથી રોકી શુભ ધ્યાનમાં પ્રવર્તાવી એના અનુપમ લાભ લેતા રહેવાય.

**'ધ્યાનશતક'** શાસ્ત્ર શુભ-અશુભ ધ્યાન પર અદ્‌ભુત પ્રકાશ પાથરે છે. અશુભધ્યાન તરીકે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનું સ્વરૂપ શું ?, એના પ્રકાર કેટલા, એ શા શા કારણે અને એ ક્યાં ક્યાં જાગી પડે છે, એના બાહ્ય લક્ષણ ક્યાં કે જેના પરથી પરખાય કે અંદરમાં એ આર્ત-રૌદ્ર પ્રવર્તે છે. એમાં લેશ્યા કયી હોય, કઈ



કઈ કક્ષાના જીવો એ કરતા હોય, એનું ફળ શું, આનો સુંદર સચોટ ખ્યાલ આ શાસ્ત્રમાંથી મળતાં, આપણને ખ્યાલ આવે છે કે આપણે ક્યાં ઊભા છીએ, ને જીવનનો મોટો ભાગ કેવો અશુભ ધ્યાનમાં બરબાદ થઈ રહ્યો છે, અને આ દુર્દશાને કેમ અટકાવી શકાય.

એવી જ રીતે ધ્યાનશતક શાસ્ત્ર શુભ ધ્યાન તરીકે ધર્મધ્યાન અને શુક્લધ્યાન પર સુંદર વિસ્તૃત પ્રકાશ પાથરે છે. એ બતાવે છે કે આ શુભ ધ્યાન લાવવાની ભૂમિકામાં શું શું કરવું જોઈએ, આ ધ્યાનના પ્રકારો કેવા, એ દરેક પ્રકારમાં શું શું ચિંતવવાનું, શાના આધારે આ ધ્યાનમાં ચડી શકાય, આના કોણ અધિકારી, યોગ્ય દેશ-કાળ-આસન ક્યાં, ક્રમ શો, કઈ સાધનાઓથી આ ધ્યાન આવી શકે, ધ્યાન આવ્યાના બાહ્ય લક્ષણ કેવાં હોય, ધ્યાન તૂટે ત્યારે શું કરવાનું ? આવા ભરપૂર વિષય પર સુંદર બોધ આ શાસ્ત્ર આપે છે.

બીજી રીતે આ ગ્રન્થની વિશેષતા જોઈએ તો —

જીવનમાં મન ઘણું કામ કરે છે. અનાદિ સંસ્કારોમાં વૃદ્ધિ કે હ્રાસ અને ભવાંતરો માટે સારા નરસા સંસ્કારોનો વારસો મન તૈયાર કરે છે. સુખ દુઃખ મોટા ભાગે મનની કલ્પના પર જીવે છે. શુભ-અશુભ કર્મબંધ કે કર્મક્ષય મનના આધારે થાય છે. મોક્ષમાર્ગનો પ્રારંભ મનની સ્વચ્છ દૃષ્ટિથી શરૂ થાય છે. ધર્મનો આધાર મનના ઉપયોગ (જાગૃતિ) પર છે. બીજાઓ સાથેના વ્યવહારમાં આપણું મન જો ભારે, તો મુશ્કેલી લાગે, ને મન જો ફોરું તો ભલું ભલું લાગે છે. મન અનુકૂળને પ્રતિકૂળ લગાડે ને પ્રતિકૂળને અનુકૂળ લગાડે છે... આમ મનનું કાર્યક્ષેત્ર મોટું છે.

આ મન કેવા વલણ વિકલ્પો અને ધ્યાનમાં ચડે તો કુસંસ્કારોની વૃદ્ધિ અને વારસાની તૈયારી થાય, દુઃખ જ દુઃખ લાગે, પાપકર્મનો બંધ ને પુણ્યનાશ થાય, ભારે ધર્મકષ્ટ વેઠવા છતાં મોક્ષમાર્ગમાં સ્થાન નહિ, ધર્મક્રિયામાં છતાં ધર્મ નહિ, બીજાઓ સાથેના વ્યવહારમાં મુશ્કેલીનો અનુભવ થાય, અને વાતે વાતે પ્રતિકૂળતાનો અનુભવ થયાં કરે, વાતે વાતે મનને ઓછું આવ્યા કરે, એથી ઊલટું મન કેવા વલણ-વિકલ્પો-ધ્યાનમાં ચડવાથી કુસંસ્કારનાશ-સુસંસ્કાર ઘડતર થાય, પાપનાશ-પુણ્યવૃદ્ધિ નીપજે, મોક્ષમાર્ગમાં સ્થાન મળે, આંતર ધર્મપરિણતિ નક્કી થાય, બીજાઓ સાથેના વ્યવહારમાં સૌ સારાનો અનુભવ અને પ્રતિકૂળતામાં પણ અનુકૂળતાનો અનુભવ થાય, વાતે વાતે સ્ફૂર્તિ તૃપ્તિ રહ્યા કરે... આ જાણવાની બહુ જરૂર છે.

માણસ જો આનો ઝીણવટથી જાણકાર બની જાય અને એ પ્રમાણે મનને સારા વલણ-વિકલ્પ ધ્યાનમાં જ રાખે તો કર્મયોગે મળેલા નરકાગાર જેવા પણ

સંયોગોમાં સ્વર્ગીય આનંદ-મસ્તી અનુભવી શકે, નહિતર સારા સંયોગો છતાં રોદણાં-શોક-સંતાપમાં સળગવાનું થાય. આ જાણકારી માટે **'ધ્યાનશતક'** શાસ્ત્ર એક અતિ ઉત્તમ સાધન છે. એ પૂર્વધર મહર્ષિ વિશેષાવશ્યક ભાષ્યાદિ-રચયિતા આચાર્ય ભગવંત શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહારાજની કૃતિ છે.

૧૦૫ ગાથાના 'ધ્યાનશતક' શાસ્ત્રમાં મનની અવસ્થાઓ, ધ્યાનનું સ્વરૂપ અને પ્રકારો, શુભ-અશુભ ધ્યાનનાં લક્ષણ, લિંગ, લેશ્યા, ફળ અશુભ ધ્યાનની ભયંકરતા, શુભ ધ્યાનની ભૂમિકા સર્જવાની ઉપાયભૂત સાધનાઓ, શુભ ધ્યાનને યોગ્ય દેશ-કાળ-મુદ્રા, ધ્યાન લાગવાને અનુકૂળ આલંબનો, શુભ ધ્યાનના વિષયો(ધ્યેય)નો વિસ્તાર અને અધિકારી, શુભ ધ્યાન અટકતાં જરૂરી ચિંતન (અનુપ્રેક્ષા).... ઇત્યાદિ ઇત્યાદિ ભરચક વિષયો ભરેલા છે.

આ પ્રાકૃત શાસ્ત્રના સંક્ષિપ્ત નિર્દેશોને સંસ્કૃત ટીકામાં સમર્થ શાસ્ત્રકાર આચાર્યપુરંદર શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજે સારા સ્પષ્ટ કર્યા છે, કહેવાય કે ગ્રંથરૂપી ફિલ્મનું એમણે ટીકારૂપી એન્લાર્જમેન્ટ કર્યું છે. એ વિના તો મૂળના શબ્દ-સંક્ષેપમાંથી અર્થવિસ્તાર સમજવો કઠિન હતો. આ ટીકાનો સહારો લઈ ગુજરાતી ભાષામાં અનભિજ્ઞ જીવોને સમજાય એ રીતે આ વિવેચન આલેખવામાં આવ્યું છે. એમાં ઉપર્યુક્ત વિષયોને સમજાવતાં જીવન-ઉપયોગી અનેક પદાર્થનું નિરૂપણ કરાયું છે, જેવું કે –

**આર્તધ્યાનના વિવેચનમાં,** જીવના ઉપયોગમાં આવતી ૮ પુદ્ગલ-વર્ગણા, આર્તધ્યાનના દાખલા, ભૂત-ભવિષ્યનું પણ આર્તધ્યાન, દિનભરના આર્તધ્યાનના પ્રસંગો, સુખ એ સુખાભાસ, વેદના વખતે આર્તધ્યાન રોકવાના ઉપાય, જીવન જીવતાં ૪ સાવધાની, ઔષધ કરતાં રાખવા યોગ્ય શુભ ઉદ્દેશો, તપ-સંયમથી સાંસારિક દુઃખનો નાશ કેવી રીતે ? મોક્ષની ઇચ્છાથી ચિત્તવિશુદ્ધિ કેમ ? આર્તધ્યાનનાં બાહ્ય લક્ષણોનું વિસ્તૃત સ્વરૂપ, એથી વર્તમાન જીવન કેટલું પામર કંગાળ છે એનું ચિત્રામણ, એકંદરે આ બધું જાણીને ખ્યાલ આવે છે કે જીવન ક્યાં ક્યાં કેવા કેવા જ્ઞાત-અજ્ઞાત ભરચક આર્તધ્યાન પર ચાલે છે, એના કેવાં કટુ ફળ છે, અને એને કેવી રીતે અટકાવાય.

**રૌદ્રધ્યાનના વિવેચનમાં,** જાણ્યે અજાણ્યે ભયંકર હિંસા-જૂઠ-ચોરી-ધનસંરક્ષણના કેવા કેવા વિચાર આવે છે એના જીવનપ્રસંગો, એમાં સમ્યક્ત્વ કેમ ઊડે ? રાગ-દ્વેષ-મોહનો દુર્ધ્યાનમાં મુખ્ય ફાળો, રૌદ્રધ્યાનનાં બાહ્યલક્ષણના દાખલા, વગેરે જાણીને પોતાની અજાણ્યે થતી દુર્દશા પર જીવ ચોંકી ઊઠે છે, એ રોકવા સજાગ બને છે.



**ધર્મધ્યાનના વિવેચનમાં,**-એની ભૂમિકા બનાવનાર જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્યભાવનાના દરેકના પ્રવૃત્તિમય પ્રકારો, જ્ઞાનનો નિત્ય અભ્યાસ, મનોધારણ, ભવનિર્વેદ, જીવ-અજીવના કેવા કેવા ગુણ-પર્યાયના જ્ઞાનની કેવી કેવી ઉપયોગિતા, અનુકૂળ-પ્રતિકૂળમાં કઈ રીતે શુભધ્યાન ન ઘવાય ? જ્ઞાનગુણે વિશ્વના સારનું ચિંતન કેવું ઉપયોગી ? જિનવચને શંકા-કાંક્ષાદિ દોષોનું સ્વરૂપ અને દૃષ્ટાંતો, ૩૬૩ પાખંડીના મતની સમજ, સમ્યગ્દર્શનના અભ્યાસ માટે પ્રથમાદિ પાંચ સાધનાઓ અને પ્રશમાદિ પાંચ લક્ષણોનો પરિચય, ચારિત્રાભ્યાસ માટે ૩ પ્રકારની સાધનાઓ, વૈરાગ્યાભ્યાસ માટે ચિંતનીય કાયા-કુટુંબ-કંચનરૂપ જગત્સ્વભાવનું આબેહૂબ સ્વરૂપ, નિસ્સંગતા-નિર્ભયતા-નિરાશંસતા-કષાયરહિતતા માટે શું શું વિચારવું ? વગેરે વિચાર્યું ધ્યાનને યોગ્ય દેશ સ્ત્રી-પશુ-નપુંસક-કુશીલાચારીથી રહિત કેમ જોઈએ, પરિણતયોગી, કૃતયોગી, સત્ત્વભાવના-સૂત્રભાવનાદિ, તથા કાય-વાગ્-મનોયોગમય ત્રિવિધ ધ્યાન વર્ણવ્યું. શુભ ધ્યાન માટે યોગ્ય દેશ-કાળ-આસનની સમજ, કેવી કેવી પ્રવૃત્તિના આલંબને એ ધ્યાન લાગે, આર્ત-રૌદ્ર કરાવનાર ૧ વિષયરાગ-૨ હિંસાદિ પાપરસ -૩ અહંત્વક્ષુદ્રતા-૪ મૂઢતાને ધર્મધ્યાન કેવી કેવી રીતે રોકે છે, વગેરે સમજાવ્યું, જેથી અશુભધ્યાનને શુભધ્યાનમાં પલટાવવાનો માર્ગ લાધે.

એમ, **ધર્મધ્યાનના ૪ પ્રકારોને વિસ્તારથી વિવેચતાં, -'આજ્ઞાવિચય'**માં જિનવચનની અનેકાનેક વિશેષતાઓ, જેવી કે સુનિપુણતા, દ્રવ્યાર્થાદિશથી નિત્યતા, દ્વિવિધ જીવહિતતા, સત્યભાવન-જીવભાવન, કલ્પવૃક્ષથી અધિકતા, ઋણઘ્નતા, અમિતતા, મધુર-પથ્ય-સજીવતાથી અમૃતતા, ઉપક્રમ-નિક્ષેપ-નય-અનુગમ-ભંગ-સપ્તભંગીથી મહાર્થતા-મહાવિષયતા, નિરવદ્યતા, દુર્જ્ઞેયતા વગેરે પર સરળ સમજુતી, જૈનશાસનની અવ્વલ વિશેષતારૂપ ૧ દ્રવ્યપ્રમાણ - ૨ ક્ષેત્રપ્રમાણ - ૩ કાળપ્રમાણ - ૪ ભાવપ્રમાણ પર વિસ્તૃત પ્રકાશ, પ્રત્યક્ષાદિ ૪ પ્રમાણ, જ્ઞાનાદિ ૩ પ્રમાણ, નયપ્રમાણમાં પ્રસ્થક - વસતિ-પ્રદેશદૃષ્ટાન્ત, સંખ્યામાં સત્-અસત્ ઉપમાચતુર્ભંગી-પરિમાણ-જ્ઞાન-ગણના-સંખ્યાપ્રમાણ, પ્રત્યક્ષ-પરોક્ષપ્રમાણમાં ૫ જ્ઞાન તથા ગમ-અર્થમાર્ગ વર્ણવ્યા. જિનવચન ન સમજાય એનાં ૬ કારણ તથા જિનવચન અસત્ય કેમ નહિ એ સમજાવ્યું.

**'અપાયવિચય'**માં કર્મબંધક આશ્રવોની સમજ, ૫ પાપક્રિયાઓ, રાગદ્વેષ-કષાય-અજ્ઞાન-અવિરતિના અનર્થ, ને **'વિપાકવિચય'**માં કર્મના પ્રકૃતિ-સ્થિતિ આદિના પ્રભાવ બતાવ્યા.

**'સંસ્થાન વિચય'**માં ધ્યાનશતકમાંની ૧૧ ગાથા અને એની ટીકાને સરળતાથી

વિવેચતાં મુખ્ય ૭ પદાર્થ, ૧ દ્રવ્યો, ૨ અષ્ટવિધલોક, ૩ ક્ષેત્રલોક, ૪ જીવ, ૫ સંસાર, ૬ ચારિત્ર અને ૭ મોક્ષ પૈકી અજીવ દ્રવ્યોનાં સ્પષ્ટ લક્ષણ-આકૃતિ-આધાર-પ્રકારો-પ્રમાણો-સાધક તર્કો, ઉત્પત્તિ-નાશ-ધ્રૌવ્યનું સ્વરૂપ, પંચાસ્તિકાયની ઓળખ, ઈશ્વર જગત્કર્તા કેમ નહિ, ૧૨ સ્થાને પુનરુક્તિ દોષ નહિ, દ્વીપો-સમુદ્રો-નરકો-વિમાનો-ભવનોનો પરિચય, વગેરેને સ્પષ્ટ અને સરળ રીતે સમજાવ્યું, જેના ચિંતનથી મનને બીજા ત્રીજા વિકલ્પોથી બચાવી લેવાય.

પછી (૪) **જીવદ્રવ્ય અંગે વિવેચતાં** સાકાર-નિરાકાર ઉપયોગ (ચૈતન્ય) લક્ષણમાં શું શું ? જીવનની નિત્યતાથી વર્તમાન પર્યાય પર કેમ મોહ અટકે ? અરુપિતાના મમત્વ-મહત્ત્વના લાભ, કર્તૃત્વ-ભોક્તૃત્વનું ફળ, (૫) સંસાર એ સમુદ્ર શી રીતે ? સંસાર કેમ ખાલી નહિ થવાનો ? સંસારની અશુભતા, (૬) ચારિત્ર જહાજ, સમ્યક્ત્વ બંધન, જ્ઞાન સુકાની, તપ પવન, વૈરાગ્ય માર્ગ, ૧૮૦૦૦ શીલાંગ રત્ન, (૭) મોક્ષનું સ્વરૂપ વર્ણવ્યું. આ જાણીને જીવનને મોક્ષમાર્ગસ્થ કરાય.

**ધર્મધ્યાનથી** મન કેવી રીતે સ્વચ્છ-સ્વસ્થ-સ્થિર બને ? ધર્મ-ધ્યાનના જીવવિચયાદિ દશ પ્રકાર અને એ દરેકના વિશિષ્ટ લાભ, જેવા કે સત્પ્રવૃત્તિના પ્રાણભૂત શ્રદ્ધાનો અખંડ પ્રવાહ, દુષ્ટ યોગોના ત્યાગના ભાવ કર્મફળની અનિચ્છા, અશુભોદયમાં સમાધિ, અસદ્‌વિકલ્પોથી રક્ષણ, જીવના મમત્વથી ભેદજ્ઞાન, શોકાદિનિવારણ, સંસારખેદ, સત્પ્રવૃતિ-ઉત્સાહ, પરમાનંદનો અનુભવ.... વગેરે વર્ણવ્યું છે. એમ અનુપ્રેક્ષામાં અનિત્ય અશરણ આદિ ૧૨ ભાવના કેવી અને એ દરેકથી જીવનોપયોગી કેવા લાભ ? ધર્મધ્યાનના જ્ઞાપક લિંગ ક્યા ? તથા બાહ્ય લક્ષણ દેવ-ગુરુ-કીર્તન-પ્રશંસા-વિનયાદિ અને શીલ-તપ-સંયમનું વર્ણન કર્યું.

**શુક્લધ્યાનના વિવેચનમાં,** -શુક્લધ્યાન ક્ષમાદિ આલંબનો એ કેવી રીતે ? ક્રોધ-માન-માયા-લોભને રોકવા માટેની વિવિધ વિચારણા, મનને ત્રિભુવનના વિષયમાંથી કેવી રીતે સંકોચવું, એના પર વિષસંકોચ-અગ્નિસંકોચ-જલહ્રાસનાં દૃષ્ટાન્ત, મન-વચન-કાયયોગના નિરોધ, વાણી અને વિચાર શા પદાર્થ છે ? કાયયોગથી આત્માની સાબિતી, શૈલેશીમાં કર્મક્ષય પ્રક્રિયા, શુક્લધ્યાનના ૪ પ્રકારનું સ્વરૂપ, ૪ પ્રકારની અનુપ્રેક્ષા, -આશ્રવદ્વારના અનર્થ, સંસારનો અશુભ સ્વભાવ, અનંતભવ-પરંપરા, ને વસ્તુના વિપરિણામનું સ્વરૂપ, એમ શુક્લધ્યાનના અવધ-અસંમોહ-વિવેક-વ્યુત્સર્ગ એ ૪ બાહ્ય લિંગનું સ્વરૂપ, સર્વજ્ઞને મન વિના ધ્યાન કેવી રીતે ? બધી ક્રિયામાં ધ્યાન અંતર્ભૂત કેમ ? શુક્લધ્યાન પછી શરીર કેમ રાખે ?... વગેરે વર્ણવ્યું છે.



**ધર્મધ્યાનના ફળમાં** શુભાશ્રવ-સંવર-નિર્જરા-દિવ્યસુખ, શુક્લના ફળમાં એ વિશિષ્ટ, તથા બંને ધ્યાન સંસાર-પ્રતિપેક્ષી કેમ, મોક્ષહેતુ કેમ, એ વર્ણવી, ધ્યાનથી કર્મનાશ અંગે પાણી-અગ્નિ-સૂર્યનાં દૃષ્ટાન્ત આપી યોગોનું ને કર્મનું તપન-શોષણ-ભેદન વર્ણવ્યું. ધ્યાન એ કર્મયોગ ચિકિત્સા, કર્મદાહક દવ, કર્મવાદળ વિખેરનાર પવન તરીકે બતાવી ધ્યાનના પ્રત્યક્ષ ફળમાં ઈર્ષ્યા-વિષાદાદિ માનસ દુઃખનાશ સમજાવ્યું. હર્ષ એ દુઃખ કેમ ? ધ્યાનથી શારીરિક પીડામાં દુઃખ કેમ નહિ ? શ્રદ્ધા-જ્ઞાન-ક્રિયાથી ધ્યાન નિત્ય સેવ્ય બતાવી ક્રિયાઓ પણ ધ્યાનરૂપ શી રીતે એ સમજાવ્યું.

આટલો મોટો પદાર્થસંગ્રહ મનને કામે લગાડી દેવા માટે છે, માનસિક ચિંતનમાં આની જ રટણા ચલાવ્યા કરવા માટે છે, તેથી જ આ ગ્રંથરત્નનું વારંવાર વાંચન-મનન ટૂંકી નોંધ અને એની સ્મૃતિ-ઉપસ્થિતિ કરવા જેવી છે. તો જ એ ચિંતનમાં ચાલતી રાખી શકાય. આની જીવન પર ગજબની સુંદર અસર પડશે, વાતવાતમાં ઊઠતાં આર્તરૌદ્ર ધ્યાન અટકાવી શકાશે, અનેકવિધ ધર્મધ્યાનને મનમાં રમતા કરી શકાશે.

કલકત્તા — **પંન્યાસ ભાનુવિજય**
વીર સં. ૨૪૯૭, માહ સુદ ૫ રવિ — **(આ.ભુવનભાનુસૂરીશ્વરજી)**
(પ્રથમ આવૃત્તિ)



:: **અનુક્રમણિકા** ::

**ધ્યાન શતક**


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૧. | ગ્રંથકાર-ટીકાકાર | ૧ |
| ૨. | મિથ્યાત્વાદિ ૫ કર્મબંધહેતુ | ૩ |
| ૩. | આત્માનું સહજ-વિકૃત સ્વરૂપ | ૪ |
| ૪. | ૮ પુદ્ગલ વર્ગણા | ૯ |
| ૫. | ધ્યાનના અર્થ અને ફળ | ૧૧ |
| ૬. | **આર્ત્તધ્યાન - ૪ પ્રકારે** | ૧૩ |
| ૭. | ત્રણે કાળના વિષયો અંગે આર્ત્તધ્યાન | ૧૪ |
| ૮. | મુનિને રોગમાં આર્ત્તધ્યાન કેમ નહિ | ૨૦ |
| ૯. | જીવનમાં ૪ સાવધાની | ૨૨ |
| ૧૦. | પ્રશસ્ત આલંબનો | ૨૪ |
| ૧૧. | તપ-સંયમ એ દુઃખ પ્રતિકાર | ૨૫ |
| ૧૨. | મોક્ષેચ્છાના ફળ | ૨૭ |
| ૧૩. | આર્ત્તધ્યાનના લક્ષણ | ૩૩ |
| ૧૪. | જિનવચન બેપરવાઈમાં આર્ત્ત૦ | ૩૬ |
| ૧૫. | **રૌદ્રધ્યાન - ૪ પ્રકારે** | ૩૯ |
| ૧૬. | રૌદ્રધ્યાનના કારણ અને ફળ | ૪૧ |
| ૧૭. | સાનુબંધ કર્મથી ભવવૃદ્ધિ | ૪૯ |
| ૧૮. | પરદુઃખે ખુશ આદિમાં રૌદ્ર૦ | ૫૩ |
| ૧૯. | **ધર્મધ્યાનના ૧૨ દ્વાર** | ૫૪ |
| ૨૦. | જ્ઞાનભાવના | ૫૬ |
| ૨૧. | દર્શનભાવના | ૬૦ |
| ૨૨. | શંકા-કાંક્ષાદિ ૫ દોષ | ૬૧ |
| ૨૩. | ૩૬૩ પાખંડી | ૬૩ |
| ૨૪. | પ્રશ્રમાદિ ૫ ગુણ (ભૂષણ) | ૬૫ |
| ૨૫. | પ્રશમાદિ ૫ ગુણ (લક્ષણ) | ૬૬ |
| ૨૬. | **ચારિત્રભાવના** | ૬૭ |
| ૨૭. | વૈરાગ્યભાવના | ૬૮ |
| ૨૮. | નિઃસંગતા કેમ આવે ? | ૬૯ |
| ૨૯. | નિર્ભયતા કેમ આવે ? | ૭૦ |
| ૩૦. | ધ્યાન માટે દેશ ? | ૭૪ |
| ૩૧. | ધ્યાન માટે કાળ | ૭૯ |
| ૩૨. | ધ્યાન માટે આલંબનાદિ | ૮૨ |
| ૩૩. | ધર્મધ્યાનનો વિષય | ૮૫ |
| ૩૪. | **આજ્ઞાવિચયમાં ૧૩ મુદ્દા** | ૮૭ |
| ૩૫. | દ્રવ્યાદિ ૪ પ્રમાણ | ૯૭ |
| ૩૬. | ૩ પ્રકારે અનુમાન | ૯૯ |
| ૩૭. | ૮ સંખ્યા પ્રમાણ | ૧૦૦ |
| ૩૮. | જિનવચન ન સમજાય એના ૬ કારણ | ૧૦૨ |
| ૩૯. | જિનવચન પર શ્રદ્ધા કેમ થાય ? | ૧૦૩ |
| ૪૦. | **અપાયવિચય** | ૧૦૪ |
| ૪૧. | રાગદ્વેષ-કષાય-અજ્ઞાન-અવિરતિના અનર્થ | ૧૦૫ |
| ૪૨. | ૫ ક્રિયા આશ્રવ | ૧૦૭ |
| ૪૩. | **વિપાક વિચય** | ૧૦૯ |
| ૪૪. | **સંસ્થાનવિચય** - ૫૨ મુદ્દા | ૧૧૦ |
| ૪૫. | **૬ દ્રવ્યોના લક્ષણ** | ૧૧૩ |
| ૪૬. | પંચ અસ્તિકાય : ઈશ્વર અકર્તા | ૧૧૮ |
| ૪૭. | પુનરુક્તિ દોષ ક્યાં નહિ ? | ૧૨૧ |
| ૪૮. | ક્ષેત્રલોકમાં પૃથ્વીઓ-દ્વીપ વગેરે | ૧૨૨ |
| ૪૯. | જીવ પર ચિંતન | ૧૨૫ |
| ૫૦. | સંસાર ચિંતન | ૧૨૯ |
| ૫૧. | સંસાર ખાલી ન થાય કેમ ? | ૧૩૧ |
| ૫૨. | **ચારિત્ર પર ચિંતન** | ૧૩૨ |
| ૫૩. | **મોક્ષ પર ચિંતન** | ૧૩૫ |
| ૫૪. | ધર્મધ્યાનના ૧૦ પ્રકાર | ૧૩૮ |
| ૫૫. | અ-પૂર્વધરને શુક્લધ્યાન કેવી રીતે ? | ૧૪૨ |
| ૫૬. | અનુપ્રેક્ષા-૧૨ | ૧૪૫ |

| | | |
|---|---|---|
| ૫૭. | **શુક્લધ્યાન** | ૧૫૪ |
| ૫૮. | ૪ કષાય ત્યાગ માટે વિચારણા | ૧૫૫ |
| ૫૯. | મનઃ સંકોચના ૩ દૃષ્ટાંત | ૧૫૯ |
| ૬૦. | યોગનિરોધની પ્રક્રિયા | ૧૬૬ |
| ૬૧. | 'શૈલેસી'ના ૪ અર્થ | ૧૬૮ |
| ૬૨. | શૈલેસીમાં કર્મક્ષય-પ્રક્રિયા | ૧૬૯ |
| ૬૩. | અસ્પૃશદ્ ગતિએ સિદ્ધિગમન | ૧૭૦ |
| ૬૪. | સાકારોપયોગે સિદ્ધિ – | ૧૭૧ |
| ૬૫. | મન વિના ધ્યાન કેવી રીતે | ૧૭૭ |
| ૬૬. | અયોગ-અવસ્થામાં ધ્યાન શી રીતે | ૧૭૭ |
| ૬૭. | શુક્લધ્યાનમાં ૪ અનુપ્રેક્ષા | ૧૮૧ |
| ૬૮. | ધર્મધ્યાનનાં ફળ શુભાશ્રવાદિ | ૧૮૫ |
| ૬૯. | ધર્મધ્યાનથી કર્મનાશ અંગેનું દૃષ્ટાંત | ૧૮૭ |
| ૭૦. | **ધ્યાનથી માનસ દુઃખનાશ** | ૧૯૧ |
| ૭૧. | ધ્યાનથી શારીરિક દુઃખનાશ | ૧૯૨ |
| ૭૨. | શ્રદ્ધા-જ્ઞાન-ક્રિયાથી નિત્યસેવ્ય ધ્યાન | ૧૯૨ |
| ૭૩. | ક્રિયા ધ્યાનરૂપે કેમ ? | ૧૯૩ |


## શ્રી નમસ્કાર મહામંત્ર ગ્રંથનો ઉપોદ્ઘાત


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૧. | શ્રી નમસ્કાર મહામંત્રની સર્વોપરિતા | ૧૯૪ |
| ૨. | પાંચ પરમેષ્ઠીની ઓળખ | ૧૯૬ |
| ૩. | પરમાત્મા અંગે જૈન જૈનેતરની દૃષ્ટિનો ભેદ | ૧૯૮ |
| ૪. | બીજા પરમેષ્ઠી : શ્રી સિદ્ધભગવાન | ૨૦૧ |
| ૫. | આચાર્યના ૧૨૯૬ ગુણ | ૨૦૩ |
| ૬. | નમસ્કારની ધારણા | ૨૦૬ |
| ૭. | નમસ્કાર સૂત્ર એ મહામંત્ર શાથી ? | ૨૦૮ |
| ૮. | વિદ્યામંત્ર અને નમસ્કાર | ૨૧૦ |




## શ્રી તત્ત્વાર્થ ઉષા


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| | પ્રાક્કથન | ૨૧૪ |
| ૧. | અધ્યાય-૧ | ૨૧૬ |
| ૨. | અધ્યાય-૨ | ૨૨૦ |
| ૩. | અધ્યાય-૩ | ૨૨૫ |
| ૪. | અધ્યાય-૪ | ૨૨૭ |
| ૫. | અધ્યાય-૫ | ૨૩૩ |
| ૬. | અધ્યાય-૬ | ૨૩૮ |
| ૭. | અધ્યાય-૭ | ૨૪૨ |
| ૮. | અધ્યાય-૮ | ૨૪૬ |
| ૯. | અધ્યાય-૯ | ૨૫૦ |
| ૧૦. | અધ્યાય-૧૦ | ૨૫૯ |
| ૧૧. | પરિશિષ્ટ-૧ | ૨૬૦ |
| ૧૨. | પરિશિષ્ટ-૨ | ૨૬૫ |
| ૧૩. | પ્રશસ્તિ | ૨૭૦ |

| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૦ | સંસ્કારોની સબળતા | ૨૭૧ |
| ૨. | ૧ | ૨૪ | જૈન કેવો ? | ૨૭૪ |
| ૩. | ૧ | ૩૨ | ધર્મી શેઠનું દૃષ્ટાંત | ૨૭૬ |
| ૪. | ૨ | ૬ | દુઃખ દૂર કરવાના રામબાણ ઉપાય | ૨૮૪ |
| ૫. | ૨ | ૨૩ | ધર્મનું મહત્ત્વ ચાર દૃષ્ટિએ | ૨૮૬ |
| ૬. | ૨ | ૨૪ | બનાવટી ધર્મ | ૨૮૮ |
| ૭. | ૨ | ૨૪ | વચનામૃત | ૨૯૦ |
| ૮. | ૨ | ૩૯ | વિરાગના ઉપવનમાં | ૨૯૪ |
| ૯. | ૨ | ૪૩ | ચાતુર્માસિક આરાધનાનો ઉપસંહાર | ૩૦૦ |
| ૧૦. | ૨ | ૪૪ | ચાતુર્માસિક નિયમોની યાદી | ૩૦૧ |
| ૧૧. | ૩ | ૨-૫ | વચનામૃત | ૩૦૩ |
| ૧૨. | ૩ | ૧૨ | વૈરાગ્ય વર્ષા | ૩૦૩ |

अर्हम् नमः

# પૂર્વધરમહર્ષિ પૂ.શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ મ. રચિત

# 'ધ્યાનશતક'

## ૧૪૪૪ ગ્રંથ રચયિતા

## પૂ.આચાર્યશ્રી હરિભદ્રસૂરિકૃત સંસ્કૃતવ્યાખ્યાના આધારે

## ગુજરાતી

## મૂળ-ભાવાર્થ અને વિવેચન

શ્રી 'ધ્યાનશતક' નામથી પ્રસિદ્ધ એવું 'ધ્યાનાધ્યયન' નામનું ૧૦૫ ગાથાનું શાસ્ત્ર પૂર્વધર મહર્ષિ પૂ. શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહારાજે રચ્યું, અને એના પર સંક્ષિપ્ત વ્યાખ્યા પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે કરી. બંને મહર્ષિ એવા અતિ ઉચ્ચ શ્રેણિના વિદ્વાન છે કે જેમની પંક્તિઓને સૂત્રાક્ષરની જેમ પછીના શાસ્ત્રકારો પોતાના રચેલા શાસ્ત્રમાં આધાર તરીકે નોંધે છે.

આચાર્ય પુરંદર શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહારાજ પૂર્વધર મહર્ષિ છે. ૧૪ 'પૂર્વ' નામના શાસ્ત્રો, જે શ્રુતસાગરસમા, તે શાસ્ત્રો પૈકીના 'પૂર્વ' શાસ્ત્રના એઓશ્રી જાણકાર છે. એમની પછી તો 'પૂર્વ' શાસ્ત્ર તદ્દન નષ્ટ થઈ ગયા, કેમકે એ કાંઈ લખાયેલા નહિ, માત્ર મોઢે મોંઢે જ ભણાવતા, ભણતા અને યાદ રખાતા. બધું જ મોંઢે. કાળના પ્રભાવે જીવોની બુદ્ધિનો હ્રાસ થતાં એ ગ્રહણ કરવાનું અને યાદ રાખવાનું મુશ્કેલ થયું. એટલે મહાવીર પ્રભુ પછી ૧૪ પૂર્વમાંથી ક્રમશઃ નષ્ટ થતાં થતાં ૧૦૦૦ વર્ષમાં તો 'પૂર્વ' જ્ઞાન સમૂળગું નષ્ટ થયું. શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહારાજ એના અંત ભાગમાં થયા એટલે એમને લગભગ ૧ પૂર્વ જેટલું જ્ઞાન હશે એમ મનાય છે. એટલું પણ કાંઈ કમ નહિ, તે એના આધાર પર એમણે જે એકલા **'કરેમિ ભંતે'** સામાયિકસૂત્રની નિર્યુક્તિ પર લગભગ સાડા ત્રણ હજાર શ્લોકપ્રમાણ **'વિશેષાવશ્યક ભાષ્ય'** રચ્યું ને એમાં એવાં પંચજ્ઞાન, અનુયોગ. ગણધરવાદ, નિહ્નવવાદ, પરમેષ્ઠિ-નમસ્કાર વગેરે પર તર્કપૂર્ણ વિશદ વિવેચન કર્યાં, કે તે પછીથી આ શાસ્ત્ર 'આકરગ્રન્થ' તરીકે પ્રસિદ્ધ છે, અને દ્રવ્યાનુયોગનું મહાશાસ્ત્ર ગણાય છે. આના ઉપરાંત આ જ મહર્ષિએ શ્રમણસૂત્રમાં આવતા **'ચઉહિં ઝાણેહિં'** પદને લઈ **'ઝાણ'** એટલે કે ધ્યાન, તેના પર **'ધ્યાન-અધ્યયન'** પણ રચ્યું છે. ૧૦૫ ગાથાનું એટલે ૧૦૦ 'શત'ની નજીક સંખ્યાની ગાથાઓનું, માટે આ અધ્યયન **'ધ્યાનશતક'** તરીકે ઓળખાય છે.

**वीरं सुक्कज्झाणग्गिदड्ढकम्मिधणं पणमिऊणं ।**
**जोईसर सरण्णं झाणज्झयणं पवक्खामि ॥१॥**

**– અર્થાત્ શુક્લધ્યાનરૂપી અગ્નિથી કર્મ ઈંધનને બાળી નાખનાર, યોગેશ્વર, (યોગીશ્વર, યોગીસર) અને શરણ કરવા યોગ્ય શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને હું 'ધ્યાન'નું અધ્યયન કહીશ.**

---

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આ શાસ્ત્રની ગાથાના પદ પદના ગંભીર ભાવ સ્પષ્ટ કરવા પૂરતી વ્યાખ્યા રચી છે. ૧૪૪૪ શાસ્ત્રોના પ્રણેતા તરીકે પ્રસિદ્ધ આ બહુશ્રુત મહાપ્રજ્ઞઆચાર્ય ભગવંતની ય ભારે પ્રસિદ્ધિ છે. યોગશતક, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ, અનેકાન્તવાદ, ઉપદેશપદ, પંચાશક, ધર્મસંગ્રહણી વગેરે મૌલિક શાસ્ત્રો રચવા ઉપરાંત એઓશ્રીએ શ્રી ચૈત્યવંદનસૂત્રવૃત્તિ, પંચસૂત્રવૃત્તિ, આવશ્યકવૃત્તિ વગેરે વ્યાખ્યાગ્રન્થો પણ રચ્યા છે. એમાંનો એક આ ધ્યાનશતક પર સંક્ષિપ્ત વ્યાખ્યાગ્રન્થ છે. આ બંનેના આધારે અહીં મૂળ ગાથા તથા અર્થ આપી એના પર ગુજરાતી ભાષામાં સરળ વિવેચન આલેખવામાં આવે છે. જ્યાં 'ધ્યાનશતક'ના રચયિતા પૂર્વધરમહર્ષિ હોય અને વ્યાખ્યાકાર સમર્થ શાસ્ત્રકાર હોય, પછી એ ગ્રન્થમાંના પદાર્થોનું ગૌરવ કેટલું બધું હોય, એ સમજાય એવું છે. વ્યાખ્યાકાર પોતે જ લખે છે કે 'ધ્યાનશતક' શાસ્ત્ર મહાર્થ છે. અર્થાત્ મહાન પદાર્થોથી ભરેલું છે, માટે 'આવશ્યક'થી એક જૂદું શાસ્ત્ર છે, તેથી એના પ્રારંભે શાસ્ત્રકાર મંગળાચરણ કરે છે, જેથી વિઘ્નો દૂર થાય. એ મંગળરૂપે ઈષ્ટદેવને નમસ્કાર કરતાં આ પ્રમાણે કહે છે.

**વિવેચન :**

અહીં વર્તમાન જિનશાસનના અધિપતિ ચોવીસમા તીર્થંકર શ્રી વીરવિભુને નમસ્કાર કર્યો. એ 'વીર' એટલે વિશેષરૂપે કર્મોનું 'ઈરણ' યાને નિકાલ કરનાર, એવું કે એક પણ કર્મ સ્વાત્મા પર બાકી રહે નહિ અને જાય તે ફરી કદી ન આવવા માટે. અથવા 'વીર' એટલે મોક્ષે જનાર.

એમણે કર્મોનો નિકાલ શુક્લધ્યાનથી કર્યો.

'શુક્લ' એટલે શોકને પીડી યા થકવી રવાના કરનાર, એવું ધ્યાન.

પ્ર. – ધ્યાન શી વસ્તુ છે ?

ઉ. – 'ધ્યાન' એટલે જેના વડે તત્ત્વને ધ્યાવવામાં–ચિંતવવામાં આવે છે. તે, અર્થાત્ તત્ત્વ પર એકાગ્રપણે ચિત્તને રોકી રાખવું તે. ખાલી ચિંતનમાં–ભાવનામાં–વિચારણામાં ચિત્ત એક વસ્તુ પરથી બીજી પર, ને બીજી પરથી ત્રીજી પર, એમ ફરતું રહે છે, ત્યારે ધ્યાનમાં એક વિષય પર એકાગ્ર સ્થિર રાખવાનું



હોય છે. આ પણ ધ્યાન ધર્મધ્યાન નહિ, કિન્તુ શુક્લધ્યાન. એ પ્રચંડ અગ્નિસમાન છે. તે કર્મરૂપી કાષ્ઠને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે.

પ્ર. – કર્મ એટલે શું ?

ઉ. – 'ક્રિયતે તત્ કર્મ' યાને મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ વડે જે ઉત્પન્ન કરાય તે કર્મ કહેવાય. એ એક પ્રકારની અતિ સૂક્ષ્મ પૌદ્ગલિક રજ છે. ભાષાના કે માનસિક વિચારના પુદ્ગલ કરતાં ય સૂક્ષ્મ પુદ્ગલ (Matter) છે, અને આત્મા મિથ્યાદર્શન આદિવાળો બને કે તરત એ રજ કર્મરૂપે બની જઈ આત્માની સાથે એકમેક ચોંટે છે. વાતાવરણની રજ તેલિયા કપડા પર ચોંટતી જ રહે છે ને ? તેલનો ભાગ એને ખેંચે છે. એમ મિથ્યાદર્શનાદિ એ તેલની માફક કર્માણુઓને આત્મા પર ખેંચે છે. બીજાઓ એને **ભાગ્ય, અદૃષ્ટ, પ્રારબ્ધ** વગેરે કહે છે, પરંતુ એ ગુણરૂપ નથી, જડ પુદ્ગલ સ્વરૂપ છે. માટે જ એમાં કેટલીય જાતના ફેરફાર થઈ શકે છે.

પ્ર. – મિથ્યાદર્શન-અવિરતિ વગેરે શું છે ?

ઉ. – એ આત્માના પરિણામ છે. ★ મિથ્યાદર્શન એ એવો આત્મ-પરિણામ છે કે જેમાં વસ્તુદર્શન મિથ્યા થાય છે. વસ્તુ જે સ્વરૂપે છે તેને તેવા રૂપે ન જોતાં એટલે કે ન માનતાં વિપરીતરૂપે માનવી એ મિથ્યાદર્શન. દા.ત. આત્માને જ્ઞાનાદિ સ્વરૂપ ન માનતાં શરીરરૂપ યા જ્ઞાનાદિસ્વભાવ-રહિત કોરો ધાકોર માનવો. એમ પરમાત્માને વીતરાગ ઉદાસીન ન માનતાં જગત્કર્તા માનવા. આ મિથ્યાદર્શન છે. ★ અવિરતિ એટલે હિંસાદિ પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કરવો તે. વિરતિ એટલે પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ. દા.ત. 'મારે જીવને મારવો નહિ' આવી પ્રતિજ્ઞા કરીને હિંસા ન કરે એ હિંસાની વિરતિ. પણ હિંસા ન કરતો હોય છતાં પ્રતિજ્ઞા ન હોય તો એ હિંસાની અવિરતિ કહેવાય. ★ પ્રમાદ એટલે અજ્ઞાન, ભ્રમ, સંશય, વિસ્મરણ વગેરે. ★ કષાય એટલે જેનાથી કષ=સંસારનો, આય=લાભ થાય તે ક્રોધ-માન-માયા-લોભ-હાસ્ય-શોક-હર્ષ-ખેદ વગેરે. ★ યોગ એટલે મન-વચન-કાયાની પ્રવૃત્તિનો આત્મપરિણામ, ચૈતન્યસ્ફુરણ.

આ પાંચે કે ઓછાવત્તા પણ કારણ આત્મા પર કર્મનો સંબંધ કરાવે છે.

પ્ર.– કર્મ કેટલા પ્રકારના છે ? ને તે શું કામ કરે છે ?

ઉ.– કર્મ મૂળ આઠ પ્રકારે છે, ને એ નીચેના કોઠા પરથી સમજાશે કે દરેક પ્રકાર આત્માના મૂળ સ્વભાવને ઢાંકી દઈ એમાં કેવું કેવું વિકૃત સ્વરૂપ દેખાડે છે. દા.ત. પહેલું જ્ઞાનાવરણીય કર્મ આત્માના અનંત જ્ઞાનસ્વભાવને આવરી દઈ અજ્ઞાનતાનું મેલું સ્વરૂપ સર્જે છે. મોહનીય કર્મ વીતરાગતાને આચ્છાદીને આત્મામાં રાગદ્વેષ મિથ્યાત્વ વગેરે મલિનતા ઊભી કરે છે.

### ૮ કર્મ અને આત્માનું શુદ્ધ તથા વિકૃત સ્વરૂપ

| કર્મ | આત્માનું શુદ્ધ સ્વરૂપ | આત્માનું વિકૃત સ્વરૂપ |
|---|---|---|
| ૧. જ્ઞાનાવરણ | અનંત જ્ઞાન | અજ્ઞાન |
| ૨. દર્શનાવરણ | અનંત દર્શન | અદર્શન, નિદ્રા |
| ૩. વેદનીય | સહજ અવ્યાબાધ સુખ | શાતા-અશાતા |
| ૪. મોહનીય | સમ્યગ્દર્શન, વીતરાગતા | મિથ્યાત્વ, અવિરતિ, રાગ, દ્વેષ, કષાય, કામ, હાસ્યાદિ વગેરે. |
| ૫. આયુઃકર્મ | અજર-અમર-અક્ષયતા | જન્મ-જીવન-મરણ. |
| ૬. નામકર્મ | અરૂપીપણું | શરીર, ઈન્દ્રિયો, ચાલ, યશ-અપયશ, સૌભાગ્ય-દૌર્ભાગ્ય વગેરે. |
| ૭. ગોત્રકર્મ | અગુરુલઘુપણું | ઊંચું કુળ, નીચું કુળ |
| ૮. અંતરાયકર્મ | દાન-લાભ-ભોગ ઉપભોગ-વીર્યલબ્ધિ | કૃપણતા-દરિદ્રતા-પરાધીનતા દુર્બળતા. |

આ કર્મો આત્મામાં અતિ તીવ્ર દુઃખનો અગ્નિ સળગાવે છે, માટે એ બળતણ-કાષ્ઠ જેવાં છે. એવાં પણ એ કર્મોને શુક્લધ્યાનાગ્નિથી જેમણે બાળી નાખ્યાં છે, અર્થાત્ એ કર્મોના સ્વભાવને જેમણે હણી એને દૂર કરી દીધાં છે, એવા શ્રી વીર પરમાત્મા છે.

પ્ર. — મિથ્યાદર્શન અવિરતિ વગેરેથી ભેગાં કરેલાં કર્મ એકલાં શુક્લધ્યાનથી દૂર શી રીતે થાય ?

ઉ. — શુક્લધ્યાન ત્યારે જ આવે છે કે જ્યારે પહેલાં મિથ્યાદર્શન-અવિરતિ-પ્રમાદ અને મોટા ભાગના કષાય દૂર કર્યા જ હોય, એટલે એ દૂર થતાં સમ્યગ્દર્શન વિરતિ-અપ્રમત્તતા અને ઉપશમ તો સાથે ઊભા જ છે. પરંતુ એટલા માત્રમાં એવો કર્મનાશ કરવાની તાકાત નથી, કેમકે એમાં હજી આત્મા વિવિધ ભાવોમાં ફરતા જ્ઞાનોપયોગથી ચળ-વિચળ છે, અસ્થિર છે, ને અસ્થિરમાંથી કર્મ એવાં ખંખેરાઈ જાય નહિ. ત્યારે જીવ શુક્લધ્યાનમાં એકાગ્ર ઉપયોગમાં સ્થિર બને છે, તેથી જબરદસ્ત કર્મનાશ સુલભ બને છે.

મહાવીર પ્રભુએ શુક્લધ્યાનથી કર્મનાશ કર્યો, એથી એ યોગેશ્વર યા યોગીશ્વર કે યોગિસ્મર્ય બનેલા છે.



★ યોગેશ્વર એટલે અનુપમ યોગ યાને મન-વચન-કાયાના વ્યાપારથી પ્રધાન, અતિશયોથી આગળ પડતા. પ્રભુના યોગ અનુપમ કેમ ? આ પ્રમાણે —

★(૧) મનઃપર્યાયજ્ઞાની મુનિ અને અનુત્તરવાસી દેવોના સંશય ભગવાન કેવળજ્ઞાનથી જાણીને દ્રવ્યમનોયોગથી એનો ઉચ્છેદ કરે છે, અર્થાત્ સંશય-સમાધાનની વિચારણાને યોગ્ય માનસ પુદ્ગલ ગોઠવે છે, ને એને પેલા સંશયગ્રસ્ત આત્મા વિશિષ્ટ જ્ઞાનથી જોઈ લઈ સમાધાન પામી જાય છે. ★ (૨) ત્યારે પ્રભુનો વચનયોગ પણ એટલો બધો અનુપમ છે કે સમવસરણ પર પ્રભુની વાણી જોજનગામિની હોય છે, દરેક અક્ષર-પદ-વાક્ય સાફ સ્પષ્ટ અને સમજવા સરળ હોય છે. વળી મ્લેચ્છ, આર્ય અને તિર્યંચો કે જે જુદી જુદી ભાષાવાળા હોય છે એમને પોતપોતાની ભાષામાં એ વાણી પરિણમી જઈને સમજાઈ જાય છે. ત્યારે એ વાણી શ્રોતાના મનને એટલો બધો આનંદ આપનારી હોય છે કે કદાચ છ મહિના સુધી સતત સાંભળવા મળે તોય ત્યાં ભૂખ-તરસ-થાક વગેરેની કોઈ જ પીડાનો અનુભવ ન થાય. વળી એમાંનું એકેક વાક્ય પણ અનેકોના ભિન્ન ભિન્ન સંશયોને દૂર કરવામાં સચોટ સામર્થ્ય ધરાવે છે. ત્યારે જિનવાણીનો રસ પણ એટલો અગાધ, કે સમસ્ત જીવનભર સાંભળે તોય શ્રોતા તૃપ્તિ ન પામે, ધરાઈ ન જાય, પરંતુ હજી ય અધિક અધિક સાંભળવા તલસાટ રહે.

(૩) પ્રભુનો કાયયોગ યાને કાયિક પ્રવૃત્તિ પણ સર્વ દેવતાઓ કરતાં ય અધિક તેજસ્વી અને મનોહર હોય છે, છતાં ખૂબી એ કે એનાથી જીવોના સમૂહને ગભરાતા નહિ પણ હમેશા પ્રશાંત સ્વરૂપવાળા કરી દે છે. એમની પાસે આવેલા સિંહ-હરણિયું, વાઘ-બકરી, સાપ-મોર, વગેરે પરસ્પર વૈર ભૂલી જઈ મિત્ર જેવા બનીને શાંત થઈ બેસે છે.

**યોગીશ્વર એટલે** (૧) યોગીઓથી ઈશ્વર. આમાં **'યોગ'** એટલે જેનાથી આત્મા કેવળજ્ઞાનાદિ સાથે જોડાય છે તે ધર્મ-શુક્લધ્યાન. એવા યોગવાળા સાધુઓ તે યોગીઓ. એમનાથી ઈશ્વર અર્થાત્ ઐશ્વર્યવાળા. એ યોગીઓ પ્રભુના જ ઉપદેશથી પ્રવર્તેલા હોઈ પ્રભુના જ ગણાય; અને વળી જેઓ પ્રભુનું ઐશ્વર્ય ગણાય એવા શોભિતા ! તેથી એમના વડે પ્રભુ ઐશ્વર્યવાળા કહેવાય; જેમ ૩૨૦૦૦ મુકુટબદ્ધ રાજાઓથી ચક્રવર્તી ઐશ્વર્યવાળો છે. અથવા (૨) પ્રભુ યોગીઓને વિષે ઈશ્વર છે, યાને સ્વામી છે.

**'યોગીસર'** એટલે કે પ્રભુ યોગીઓથી સ્મર્ય છે, સ્મરણ-ચિંતન-ધ્યાન કરવા યોગ્ય છે.

**'શરણ્ય'** છે પ્રભુ; આંતર શત્રુ રાગાદિથી હણાઈ ગયેલા જે જીવો પ્રભુનો

**जं थिरमज्झवसाणं तं झाणं, जं चलं तयं चित्तं ।**
**तं होज्ज भावणा वा, अणुपेहा वा, अहव चिंता ॥२॥**

**– અર્થાત્ જે સ્થિર મન છે તે 'ધ્યાન' છે. જે ચંચળ (મન) છે તે 'ચિત્ત' છે. એ ચિત્ત ભાવનારૂપ હોય, અનુપ્રેક્ષારૂપ હોય, યા ચિંતાસ્વરૂપ હોય.**

આશરો લે છે, એમના પ્રત્યે એ અતિ વત્સલ છે, વાત્સલ્ય ધરનારા યાને રક્ષણ આપનારા છે.

પ્ર૦- ભગવાન શુક્લધ્યાનાગ્નિથી કર્મને બાળી નાખનારા છે એટલે પછી યોગીસર અને શરણ્ય તો છે જ, તો આ બે વિશેષણો મૂકવાનું શું પ્રયોજન ? પહેલામાં ગતાર્થ છે.

ઉ૦- શુક્લધ્યાનથી કર્મનાશ કરનાર તો બીજા સામાન્ય (અતીર્થંકર) કેવળજ્ઞાની પણ હોય છે, કિન્તુ એ યોગેશ્વર નથી હોતા, કેમકે એમને પ્રભુના જેવા વચન અને કાયાના અતિશય નથી; તેમ એમને પણ કેવળજ્ઞાન પામવામાં પ્રભુ જ શરણ્ય બનેલા છે, એટલે વસ્તુગત્યા અંતિમ શરણ્ય પ્રભુ જ છે. માટે આ બે વિશેષણોથી પ્રભુની અધિકતા દર્શાવવાનું પ્રયોજન છે.

પ્ર૦- તો પછી માત્ર 'યોગેશ્વર' વિશેષણ કહેવાથી એમાં 'શુક્લધ્યાનાગ્નિથી કર્મનાશક' વિશેષણ ગતાર્થ બની શકે ને ? જુદું શા સારુ કહેવું ?

ઉ૦- ના, એમ તો યોગેશ્વર તરીકે અણિમાદિ લબ્ધિવાળા પણ લેવાય. એમના કરતાં ય પ્રભુને અધિક દર્શાવવા 'શુક્લધ્યાનાગ્નિથી કર્મનાશક' કહેવાની જરૂર છે.

અથવા કહો કે એક વિશેષણ કહેવામાં બીજા વિશેષણોનો ભાવ આવી જતો હોય તો પણ અલ્પજ્ઞ શિષ્યો સ્વયં એ સમજવાની તાકાતવાળા નહિ, તેથી એમને જ અજ્ઞાત વસ્તુ જણાવવા માટે બીજાં વિશેષણોનો ઉલ્લેખ કરવો જરૂરી છે. પૂર્વ મહર્ષિઓ પણ આમ માને છે. અસ્તુ.

આવા મહાવીર પ્રભુને પ્રણામ કરીને 'ધ્યાન'નું પ્રતિપાદન કરનારું અધ્યયન અહીં પ્રકર્ષથી કહેવાશે. 'પ્રણામ' એટલે કે પ્રકર્ષથી યાને મન-વચન-કાયાના ત્રિવિધ યોગથી નમસ્કાર 'પ્રકર્ષથી કથન' એટલે યથાસ્થિતતાને જાળવીને કથન, સર્વજ્ઞની દૃષ્ટિએ 'ધ્યાન' પદાર્થ જેવા સ્વરૂપે છે તેવા જ સ્વરૂપે કથન; કિન્તુ લેશ પણ ફેરફારવાળું નહિ.

હવે ધ્યાનનું લક્ષણ બતાવવા કહે છે –



**વિવેચન :**

ધ્યાન કહો, ભાવના કહો... એ બધી મનની અવસ્થા છે.

**મન બે પ્રકારે હોય : ૧. ધ્યાન અને ૨. ચિત્ત.** એમાં મનને એક જ વિષય પર એકાગ્રતાનું આલંબન કરાવવું, બીજા-ત્રીજાનો વિચાર કરતું નહિ, પણ એકમાં જ સ્થિર કરવું, એને **'ધ્યાન'** કહેવાય. ત્યારે જે મન અસ્થિર છે, અર્થાત્ એક વિષયના વિચાર પરથી બીજા વિષયના વિચારમાં ફરતું છે એને **'ચિત્ત'** કહેવાય. ધ્યાનના પ્રકાર આગળ કહેશે.

**આ 'ચિત્ત'ના ૩ પ્રકાર પડે : ૧. ભાવના, ૨. અનુપ્રેક્ષા, અને ૩. ચિંતા.**

★ **ભાવના એટલે ધ્યાન માટેના અભ્યાસની ક્રિયા,** કે જેનાથી મન ભાવિત થાય. ભસ્મ કે રસાયનાદિને ભાવિત કરવા જુદા જુદા વનસ્પતિરસની ભાવના અપાય છે. કસ્તૂરીના ડાબડામાં રાતે મૂકી રાખેલું દાતણ સવારે કસ્તૂરીથી ભાવિત થાય છે, એને એની ભાવના લાગી. એમ મનને ભાવિત કરનાર જ્ઞાનાદિના વારંવાર અભ્યાસની પ્રવૃત્તિ, અર્થાત્ મન એમાં લાગ્યું રહે તેને ભાવના કહેવાય. એથી બીજા-ત્રીજા વિકલ્પોથી બચેલું મન હવે ધ્યાન યાને એક તત્ત્વ પર એકાગ્રતા માટે સમર્થ બને.

★ **અનુપ્રેક્ષા એટલે** પાછળ નજર નાખવી. જે તત્ત્વોનું અધ્યયન કર્યું હોય, એને યાદ કરી ચિંતન-મનન કરાય તે અનુપ્રેક્ષા. ધ્યાન અંતર્મુહૂર્તથી વધારે ટકતું નથી, તેથી એટલો કાળ પસાર થયે મન ધ્યાનથી ભ્રષ્ટ થવાનું. એ વખતે મનને કોઈ તત્ત્વસ્મરણમાં જોડાય એને અનુપ્રેક્ષા કરી કહેવાય. એથી મન ફરીથી ધ્યાનમાં જોડાવા પૂર્વે બીજા-ત્રીજા વિચારોમાં નહિ ચડે. દા.ત. જગતના સંયોગોની અનિત્યતાના તત્ત્વની વિચારણા કરાય એ એની અનુપ્રેક્ષા થઈ. એમ જગતના જીવોની અશરણ અવસ્થા, સંસારની વિચિત્રતા, વગેરે કોઈ પણ તત્ત્વની અનુપ્રેક્ષા કરી શકાય. એમ સૂત્ર કે અર્થ પર ચિંતન સ્મરણ કરાય તે પણ અનુપ્રેક્ષા છે.

★ **ચિન્તા એટલે** ભાવના કે અનુપ્રેક્ષા સિવાયની મનની અસ્થિર અવસ્થા. દા.ત. વિચારે કે 'મારે હવે શું કર્તવ્ય છે ?' યા 'મારા રાગાદિ કેટલા ઓછા થયા ?' ઇત્યાદિ વિચારણા એ 'ચિન્તા' છે.

આમ, 'ત્રણ પ્રકારના ચિત્તથી ભિન્ન મનની સ્થિર અવસ્થા એ 'ધ્યાન'; એવું સામાન્ય સ્વરૂપ બતાવીને હવે ધ્યાનનો કાળ કેટલો અને સ્વામી કોણ, એ બતાવવા દ્વારા વિશેષરૂપે વર્ણવે છે –

**अंतोमुहुत्तमेत्तं चित्तावत्थाणमेगवत्थुंमि ।**

**छउमत्थाणं झाणं जोगनिरोहो जिणाणं तु ॥३॥**

**—અર્થાત્ એક વસ્તુમાં ચિત્તની સ્થિરતા માત્ર એક અંતર્મુહૂર્ત રહે છે. આ છદ્મસ્થોને હોય છે. વિતરાગ સર્વજ્ઞને યોગ નિરોધ એ ધ્યાન છે.**

**વિવેચન :**

એક ધ્યાન વધુમાં વધુ અંતર્મુહૂર્ત ટકે છે. આનું માપ આ પ્રમાણે,—પરમ સૂક્ષ્મ અવિભાજ્ય કાળને 'સમય' કહેવાય. કેવળજ્ઞાનીની દૃષ્ટિએ હવે એના વિભાગ ન પડે. ક્ષણ વિપળ વગેરેના તો વિભાગ પડે, પણ સમયના નહિ. એટલે સૌથી ઝીણો એ 'સમય' કાળ છે. એવા અસંખ્ય સમયનો એક શ્વાસોચ્છવાસ-કાળ થાય. હૃષ્ટપુષ્ટ તંદુરસ્ત અને નિશ્ચિન્ત-સ્વસ્થ મનવાળા પુખ્ત ઉંમરના માણસથી એકવાર શ્વાસ લઈને મૂકાય એમાં જે કાળ લાગે તેને 'પ્રાણ' કહેવાય. એવા ૭ પ્રાણ = ૧ સ્તોક, ૭ સ્તોક (૪૯ પ્રાણ) = ૧ લવ, અને ૭૭ લવ (૩૭૭૭ પ્રાણ) = ૧ મુહૂર્ત, અર્થાત્ ૨ ઘડી (૪૮ મિનિટ). એની અંદરનો કાળ એ અંતર્મુહૂર્ત. એને 'ભિન્નમુહૂર્ત' પણ કહેવાય.

ફક્ત આટલા વખત સુધી જ ચિત્ત એક વસ્તુ પર એકાગ્ર સ્થિર રહી શકે, નિષ્કમ્પ અવસ્થાન કરી શકે. પછી સહેજ પણ ચલિત થઈને વળી ફરીથી ધ્યાન લાગી શકે; કિંતુ અંતર્મુહૂર્ત બાદ એમાંથી ચલિત તો થાય જ.

અહીં **'વસ્તુ'** કહ્યું, એ વસ્તુ એટલે જેમાં ગુણ અને પર્યાયો વસે છે તે, અર્થાત્ કોઈ ચેતન કે જડ દ્રવ્ય. ચેતનના ગુણ જ્ઞાન-દર્શનાદિ; જડ પુદ્ગલના ગુણ રૂપ-રસાદિ. ચેતનના પર્યાય યાને અવસ્થા દેવત્વ, મનુષ્યત્વ, બાલત્વ, કુમારત્વ વગેરે; જડના પર્યાય પિંડપણું, શરાવપણું, ઘડાપણું વગેરે. આવી ગુણ-પર્યાયવાળી એક વસ્તુ પર ધ્યાન સતત વધુમાં વધુ અંતર્મુહૂર્ત ટકી શકે, આ ધ્યાનના કાળની વાત થઈ.

**ધ્યાનના સ્વામી** છદ્મસ્થ પણ હોય, કેવળી પણ હોય. છદ્મ એટલે જ્ઞાનાદિ ગુણોને આચ્છાદે આવરે તે જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મ. એમાં રહેલા તે છદ્મસ્થ. એમને મનની એકાગ્રતા સતત અંતર્મુહૂર્ત માત્રની. તેમ ઘાતી કર્મો જેમના નષ્ટ થઈ સર્વજ્ઞ કેવળી બનેલા છે, એમને બધું જ પ્રત્યક્ષ હોઈ અને સાધના પૂર્ણ થઈ હોવાથી ધ્યાન યાને એકાગ્ર ચિંતન કરવા જેવું કાંઈ રહેતું નથી. છતાં એ અંતે જે યોગનિરોધ કરે છે એ જ એમને ધ્યાનરૂપ છે. કેમકે આ જ ગ્રંથમાં આગળ કહેવાના છે કે માત્ર મનની જ નહિ, પણ કાયાની સુનિશ્ચલતા પણ ધ્યાન જ છે, ને યોગનિરોધમાં એ બની આવે છે.



**યોગ અને નિરોધ શી વસ્તુ છે ? :**

યોગ એટલે ઔદારિકાદિ શરીર વગેરેના સંયોગથી ઉત્પન્ન થતો આત્માનો તેવા પરિણામરૂપ વ્યાપાર. જેમકે કહ્યું છે કે 'ઔદારિકાદિ શરીરના સંબન્ધને લીધે આત્મામાં જે વીર્યસ્ફુરણ થાય તે કાયયોગ છે. ઔદારિક-વૈક્રિય-આહારક શરીરના વ્યાપારથી જીવ પહેલાં ભાષાદ્રવ્ય-ભાષાવર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરે (અને ભાષારૂપે પરિણમાવે), પછી એ પુદ્ગલના સહારે જીવમાં જે વીર્યસ્ફુરણ થાય એ વચનયોગ છે. એમ ઔદારિકાદિ કાયાના વ્યાપારથી મનોદ્રવ્ય યાને મનોવર્ગણાના પુદ્ગલ લઈ (મનરૂપે પરિણમાવી) એ મનોદ્રવ્ય સમૂહના સહારે જીવમાં જે વીર્યસ્ફુરણ થાય એ મનોયોગ છે.'

## ૮ પુદ્ગલ-વર્ગણા

જગતમાં જીવને ઉપયોગમાં આવે એવા જડ પુદ્ગલ-અણુસમૂહો ૮ જાતના છે : ૧ થી ૪ ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ, ૫ થી ૮ ભાષા-શ્વાસોચ્છ્વાસ-માનસ-કાર્મણ. એ દરેક સમૂહને 'વર્ગણા' કહેવાય છે. (૧) એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય તિર્યંચ સુધીનાં શરીર, દા.ત. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ તથા અનેક પ્રકારના કીડા-માખી આદિ અને પશુપંખીનાં શરીર, તેમ જ મનુષ્યનાં શરીર, એ ઔદારિક વર્ગણાનાં બને છે. (૨) દેવો અને નારકના શરીર જે પુદ્ગલનાં બને છે તે વૈક્રિય-વર્ગણા છે. (૩) ૧૪ પૂર્વી મહામુનિ વિચરતા ભગવાન પાસે મોકલવા પોતાને પ્રગટેલી આહારક-લબ્ધિ (શક્તિ)થી જે શરીર બનાવે છે તેનાં પુદ્ગલને આહારક-વર્ગણા કહેવાય છે. (૪) શરીરમાં આહાર-પાચનશક્તિ જે પુદ્ગલથી છે, તે તૈજસ વર્ગણા. (૫) શબ્દ બોલવા જે પુદ્ગલથી શબ્દ બનાવાય છે તે ભાષા વર્ગણા. (૬) શ્વાસોચ્છ્વાસને ઉપયોગી પુદ્ગલ તે શ્વાસોચ્છ્વાસ-વર્ગણા. (૭) વિચાર કરવા માટે મન જે પુદ્ગલમાંથી બનાવાય છે તે મનોવર્ગણા. (૮) આત્મા પર ચોંટતા કર્મ જેમાંથી બને છે તેનું નામ કાર્મણ વર્ગણા.

આમાં ઔદારિકાદિ કાયાની જે પ્રવૃત્તિ થાય અર્થાત્ જે શરીરક્રિયા થાય તે સ્વતઃ નથી થતી, કિન્તુ જેમ માંદો માણસ લાકડીના ટેકે ચાલે, એમ એ શરીરના સહારે આત્મામાં વીર્યપરિણામનું સ્ફુરણ થઈ શરીરક્રિયા થાય છે. આ આત્મ-પરિણામને કાયયોગ કહેવામાં આવે છે. ત્યારે વચનયોગ અને મનોયોગ શું છે ? કાયયોગથી ભાષાવર્ગણા ને મનોવર્ગણાનાં પુદ્ગલ લઈને વચન અને મનરૂપે પરિણમાવી, હવે એના સહારે જીવ બોલવા-વિચારવાનું જે વીર્ય સ્ફુરાવે તે મનોયોગ-વચનયોગ છે.

**યોગનિરોધ કેમ જરૂરી ? :**

**अंतोमुहुत्तपरओ चिंता झाणंतरं व होज्जाहि ।**
**सुचिरंपि होज्ज बहुवत्थुसंकमे झाणसंताणो ॥४॥**

**–અર્થાત્ (છદ્મસ્થને ધ્યાનના) અંતર્મુહૂર્ત બાદ ચિંતા અથવા ભાવના-અનુપ્રેક્ષાનું અંતર પડી તરત ધ્યાન લાગે. આમ બહુ વસ્તુ પર ક્રમશઃ ચિત્તનું સ્થિરપણે અવસ્થાન દીર્ઘકાળ સુધી પણ ચાલ્યા કરે; ને તે ધ્યાનસંતતિ–ધ્યાનધારા કહેવાય.**

આત્મા સર્વજ્ઞ બને ત્યારે કર્મબંધના કારણભૂત મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ અને કષાયો તો નષ્ટ થઈ ચૂક્યા છે, પરંતુ આહાર-નિહાર-વિહાર-ઉપદેશ વગેરેમાં ઉક્ત 'ત્રિવિધ યોગ'રૂપ અંતિમ બંધકારણ ચાલુ છે. એ જો મોક્ષે જવાના છેલ્લા સમય સુધી ચાલુ રહે, તો એથી બંધાયેલ કર્મને પછી છોડે ક્યાં ? ને છોડ્યા વિના સર્વ કર્મમુક્તિ યાને મોક્ષ શાનો ? માટે મોક્ષે જવા પૂર્વે અંતિમ આયુષની પૂર્ણાહુતિ વખતે પાંચ હ્રસ્વાક્ષર અ-ઇ-ઉ-ઋ-લૃના ઉચ્ચારણ જેટલો કાળ જીવ યોગરહિત-અયોગી હોય છે, જેમાં હવે કર્મબંધ મુદ્દલ નહિ ને બાકીના કર્મનો માત્ર ક્ષય કરે છે. આ યોગરહિત અવસ્થા બનાવવા જીવ મન-વચન-કાયાના યોગોનો સમૂળગો નિરોધ-અટકાયત કરે છે. એ ત્રણેનો હવે કોઈ સંબંધ-સહારો નહિ; ને ત્યાં આત્મદ્રવ્ય શૈલેશ યાને મેરુ જેવું નિશ્ચલ બને છે. આ અવસ્થાને **'શૈલેશી'** કહે છે. જે ૧૪મા ગુણઠાણે હોય છે, અને તે માટે ૧૩મા ગુણઠાણાના અંતે સંપૂર્ણ યોગનિરોધ કરવો પડે છે. આ યોગનિરોધની ક્રિયામાં કાયા હવે સુનિશ્ચલ કરી દીધી, માટે એ યોગનિરોધની ક્રિયા પણ ધ્યાનરૂપ છે, અને તે અંતર્મુહૂર્ત માત્ર ચાલે છે. એટલે કહ્યું કે **સર્વજ્ઞને યોગનિરોધ એ જ ધ્યાન.** એ એમને જ હોય, કેમકે બીજાને માટે એ કરવો અશક્ય છે. સર્વજ્ઞને એ કેવી રીતે અને કેટલો કાળ થાય એ આગળ કહેશે.

હવે છદ્મસ્થને અંતર્મુહૂર્ત પછી શું થાય એ કહે છે.

**વિવેચન :**

**ધ્યાનના આંતરે–**અંતર્મુહૂર્તે એક ધ્યાન અંત પામે જ. તે પછી પૂર્વોક્ત 'ચિત્ત' અવસ્થા યાને ચિંતા ભાવના કે અનુપ્રેક્ષા આવે. અહીં ગાથામાં 'ધ્યાનાન્તર' શબ્દ કહ્યો તે 'બીજું ધ્યાન' એ અર્થમાં નહિ, કિન્તુ 'ધ્યાનનું અંતર-આંતરું.' એ અર્થમાં લેવાનો. એ આંતરું ચિંતા, ભાવના કે અનુપ્રેક્ષાથી પડે, પરંતુ આંતરું ત્યારે જ કહેવાય કે પછી પાછું તરત બીજું ધ્યાન શરૂ થાય. 'ધ્યાનનું આંતરું'નો અર્થ જ એ કે બે ધ્યાનની વચ્ચેનો કાળ, કાળમાં થતી ક્રિયા.



**अट्टं रुद्दं धम्मं सुक्कं झाणाइ, तत्थ अंताई ।**
**निव्वाणसाहणाइं, भवकारणमट्टरुद्दाइं ॥५॥**

**–અર્થાત્ આર્ત, રૌદ્ર, ધર્મ્ય અને શુક્લ નામના ચાર પ્રકારના ધ્યાન છે. એમાં અંતિમ બે (ધર્મ્ય-શુક્લ) ધ્યાન સુખનાં સાધન છે, અને આર્ત-રૌદ્ર એ સંસારનાં કારણ છે.**

**ધ્યાનધારા–**હવે એ બીજું ધ્યાન અંતર્મુહૂર્તમાં પૂર્ણ થયે વળી ચિંતાદિ આવી, અંતર પડીને ત્રીજું ધ્યાન પણ લાગી શકે. આમ ચાલે જ એવો નિયમ નહિ. નવું ધ્યાન લાગવાને બદલે ચિંતાદિમાં જ કેટલોય કાળ પસાર થાય, પરંતુ જો તરત નવું ધ્યાન, પછી આંતરું, પછી નવું ધ્યાન–એમ ચાલે તો દીર્ઘ કાળ સુધી પણ ચાલી શકે. એને ધ્યાનધારા, ધ્યાનપ્રવાહ કહે છે. એ ભગવાન તથા બીજા એવા મહાત્માઓને સારો હોય. આ નવાં નવાં ધ્યાનમાં ચિત્ત એક વસ્તુ પરથી બીજી પર અને બીજીથી ત્રીજી ઉપર એકાગ્ર અવસ્થાન કર્યે જવાનું.

પ્ર૦ - ધ્યાનની વસ્તુ શી ?

ઉ૦ - ધ્યાનમાં વસ્તુ તરીકે આત્મા અથવા પરમાં રહેલ દ્રવ્યાદિ આવી શકે. આત્મામાં રહેલ વસ્તુ મનોદ્રવ્ય વગેરે ઉપર પણ ધ્યાન લાગે; યા પરમાં રહેલ કોઈ દ્રવ્ય ગુણ કે પર્યાય પર ધ્યાન લાગે; દા.ત. 'આત્માએ ગ્રહણ કરેલ મનોદ્રવ્ય કેવું છે ?' 'ભાષાદ્રવ્ય કેવું છે ?' 'આત્માનો અગુરુલઘુ ગુણ કેવો ?' એના પર ધ્યાન લાગે, અથવા બહારના કોઈ વર્ગણાપુદ્ગલ યા ઉત્પત્તિ-વ્યય વગેરે પર મન કેન્દ્રિત બને.

અહીં સુધી પ્રસંગપ્રાપ્ત વસ્તુ સાથે ધ્યાનનું સામાન્ય લક્ષણ કહ્યું. હવે વિશેષ લક્ષણ કહેવાની ઈચ્છાથી ધ્યાનના પ્રકારોનાં સામાન્ય નામ અને એની વિશિષ્ટ કાર્યજનકતા સંક્ષેપથી બતાવવા કહે છે.

**વિવેચન :**

**ધ્યાન ચાર પ્રકારે છે–** (૧) આર્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મ્યધ્યાન, (૪) શુક્લધ્યાન.

(૧) આમાં 'આર્ત' શબ્દ 'ઋત' પરથી બન્યો છે. ઋતમાં ઉત્પન્ન થનારું તે આર્ત. ઋત એટલે દુઃખ; એ નિમિત્તે થતો દૃઢ અધ્યવસાય, એકાગ્ર ચિત્ત એ આર્તધ્યાન. (૨) હિંસા, જૂઠ વગેરેની રુદ્રતા યાને ક્રૂરતાભર્યું ચિત્ત એ રૌદ્રધ્યાન. (૩) શ્રુતધર્મ-ચારિત્રધર્મને અનુસરતું એકાગ્ર ચિંતન એ ધર્મ્યધ્યાન. (૪) આઠ પ્રકારના કર્મમળને શોધે, અથવા શોકને કિલામણા-હ્રાસ-નાશ પમાડે તે શુક્લધ્યાન. આ ચાર પ્રકારનાં ધ્યાન છે.

**ધ્યાનની કાર્યજનકતા :**

હવે આ દરેક ધ્યાન કેવાં કેવાં ફળનું કારણ છે એનો વિચાર આ પ્રમાણે. ઉપર્યુક્ત વ્યાખ્યાઓથી એ સ્પષ્ટ છે કે આર્ત અને રૌદ્રધ્યાન એ બે અશુભ ધ્યાન છે; ત્યારે ધર્મ્ય ને શુક્લધ્યાન એ બે શુભ ધ્યાન છે. શુભ ધ્યાન નિર્વાણ યાને સુખનાં કારણ અને અશુભ ધ્યાન ભવ યાને દુઃખના કારણ છે. 'નિર્વાણ'નો સામાન્ય અર્થ શાંતિ, સુખ એવો થાય. ત્યારે ધર્મ્યધ્યાનથી દેવગતિ અને શુક્લધ્યાનથી સિદ્ધિગતિ મળે, ત્યાં સુખ મળ્યું એમ કહેવાય. કહ્યું છે –

**अट्टेण तिरिक्खगई रुद्दज्झाणेण गम्मती नरयं ।**

**धम्मेण देवलोयं सिद्धिगई सुक्कझाणेण ॥**

એટલે, આર્તથી તિર્યંચગતિ, રૌદ્રથી નરકગતિ, ધર્મ્યથી સ્વર્ગગતિ અને શુક્લધ્યાનથી સિદ્ધિગતિ મળે છે.

પ્ર૦- આમ છતાં 'નિર્વાણ'નો વિશેષ અર્થ મોક્ષ એવો થાય છે; તો અહીં ધર્મ્યધ્યાનને મોક્ષસાધન કહ્યું એ શી રીતે ?

ઉ૦- ધર્મ્યધ્યાન આગળ જઈને શુક્લધ્યાન પમાડવા દ્વારા મોક્ષપ્રાપ્તિ કરાવનારું બને છે, માટે એને મોક્ષસાધન કહેવામાં બાધ નથી. દા.ત. સમ્યગ્દર્શન આગળ જઈને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ અને સાધના કરાવવા દ્વારા મોક્ષદાતા બને છે, તેથી એને મોક્ષસાધન કહેવાય જ છે.

આર્ત અને રૌદ્રધ્યાનને ભવનાં કારણ કહ્યાં. 'ભવ' એટલે જેમાં જીવો કર્મને વશ પડેલા હોય છે તે, અર્થાત્ સંસાર. એનાં કારણભૂત આર્ત અને રૌદ્ર. ગાથામાં તો સામાન્ય 'ભવ' શબ્દ મૂક્યો, પણ એનો વિશેષ બોધ વ્યાખ્યાનથી થાય એ હિસાબે અહીં 'ભવ' શબ્દથી ચારે ગતિ નહિ લેતાં તિર્યંચ અને નરકગતિ લેવાની છે. આવી વ્યાખ્યાનું કારણ એ કે (૧) એક તો અન્યત્ર ઉપર્યુક્ત શ્લોકમાં કહ્યું તેમ આ બે દુર્ધ્યાનનાં એ ફળ કહ્યાં છે; વળી (૨) બીજું એ કે આ જ ગ્રંથકાર આગળ જઈને દરેક ધ્યાનનું વિશેષ ફળ બતાવતાં આર્તનું તિર્યંચગતિ અને રૌદ્રનું નરકગતિ ફળ બતાવે છે. તેમ જ (૩) ત્રીજું એ કે મનુષ્ય અને દેવગતિ જેવી સદ્ગતિ આવા અશુભ ધ્યાનનું ફળ હોય નહિ માટે અહીં 'ભવ' શબ્દથી તિર્યંચ-નરક ગતિ લેવાની.

અહીં સુધી ધ્યાનસામાન્યની વાત કરી. હવે **'યથોદ્દેશં નિર્દેશઃ'** અર્થાત્ 'જેવું સામાન્યથી સામૂહિક પ્રતિપાદન તે પ્રમાણેના ક્રમથી વિશેષરૂપે વર્ણન હોય' એ ન્યાયે બતાવેલ ચાર પ્રકારના ધ્યાનમાંથી પહેલા આર્તધ્યાનના વર્ણનનો અવસર છે. માટે એનું વર્ણન શરૂ કરે છે.



આ પ્રકરણમાં આર્ત અને રૌદ્ર ધ્યાનનો વિચાર ૫ દ્વારથી અને ધર્મ્ય-શુક્લ ધ્યાનનો વિચાર ૧૨-૧૩ દ્વારથી કરવામાં આવ્યો છે. દ્વાર એટલે મુખ્ય મુદ્દા. કોઈ વિષય પર વિચાર કરવો હોય તો એના મુખ્ય મુદ્દા નક્કી કરી લેવાથી પછી એ દરેક મુદ્દો લઈને એ વિષય પર વ્યવસ્થિત વિચારણા થઈ શકે છે. ઢંગસર વ્યાખ્યાન કરનારા એ પ્રમાણે મગજમાં મુખ્ય મુદ્દા ધારી લઈ, પછી ક્રમશઃ એકેક મુદ્દો પકડીને તે તે વિષય પર પ્રતિપાદન કરે છે. શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ ભગવંત સમર્થ વ્યાખ્યાનકાર છે, તેથી એમનાં બીજાં શાસ્ત્રની જેમ અહીં પણ મનમાં દરેક ધ્યાનના મુખ્ય મુદ્દા નક્કી કરીને પછી એમાંનો એકેક મુદ્દો લઈ એનું વર્ણન કરે છે. એમાં આ પ્રમાણે આર્ત અને રૌદ્ર ધ્યાનના વિચાર માટેના છે : (૧) સ્વરૂપ, (૨) સ્વામી, (૩) ફળ, (૪) લેશ્યા, (૫) લિંગ. અર્થાત્ (૧) આર્તધ્યાનના પ્રકારોમાંના દરેકનું સ્વરૂપ શું ? (૨) આર્તધ્યાન કેવા જીવોને થાય ? (૩) આર્તધ્યાનનું ફળ શું ? (૪) આ ધ્યાનવાળાની માનસિક લેશ્યા કેવી હોય ? (૫) અંતરમાં આર્તધ્યાન વર્તે છે એનાં જ્ઞાપક ચિહ્નો કેવાં કેવાં હોય ?

હવે આ મુદ્દા ક્રમશઃ એકેક લઈને એના પર વિચાર કરવામાં આવે છે.

## ૧. આર્તધ્યાનનું સ્વરૂપ

ટીકાકાર આ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ લખે છે કે આર્તધ્યાન, પોતાના ૪ પ્રકારના વિષયમાં વહેંચી શકાવાથી, ચાર પ્રકારે હોય છે. ભગવાન વાચકમુખ્ય ઉમાસ્વાતિજી મહારાજે આર્તધ્યાનના ૪ પ્રકાર બતાવતાં શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્રમાં કહ્યું છે કે –

(૧) અ-મનોજ્ઞાનાં સંપ્રયોગે તદ્વિપ્રયોગાય સ્મૃતિસમન્વાહારો, (૨) વેદનાયાશ્ચ, (૩) વિપરીતં મનોજ્ઞાનાં, (૪) નિદાનં ચ. (અધ્યાય ૯. સૂ.૩૧ થી ૩૪) ઇત્યાદિ.

અર્થાત્ આર્તધ્યાનના ૪ પ્રકાર આ પ્રમાણે –

(૧) અણગમતા વિષયોના સંયોગમાં એનો વિયોગ કેમ થાય એનું નિશ્ચળ ચિંતન.

(૨) રોગાદિની વેદનામાં એ કેમ જાય એના ઉપાયોનું નિશ્ચળ ચિંતન.

(૩) એથી વિપરીત ગમતામાં એટલે કે ગમતા વિષયોમાં એના સંયોગ વિષે નિશ્ચળ મન.

(૪) નિયાણું અર્થાત્ પૌદ્ગલિક સુખોની દૃઢ આશંસા કે પ્રણિધાન.

ધ્યાનના આ ચાર ભેદમાંથી કોઈ પણ ધ્યાન ચાલતું હોય એ આર્તધ્યાન છે. એમાંથી અહીં પહેલા ભેદનું સ્વરૂપ બતાવવા કહે છે.

**अमणुण्णाणं सद्दाइविसयवत्थूणं दोसमइलस्स ।**
**धणियं विओगचिंतण-मसंपओगाणुसरणं च ॥६॥**

**દ્વેષથી મલિન જીવને અણગમતા શબ્દાદિ વિષય અને એવી વસ્તુના વિયોગનું ગાઢ ચિંતન યા અ-સંયોગનું ગાઢ ધ્યાન રહે (એ આર્તધ્યાનનો પહેલો પ્રકાર).**

**વિવેચન :**

જીવને ઈન્દ્રિયોને અમનોજ્ઞ શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ કે એવા શબ્દાદિવાળી વસ્તુ દા.ત. ભૂંકતો ગધેડો વગેરે જો સંપર્કમાં આવે તો એ ગમતું નથી. એના પર દ્વેષ અને અરુચિ થાય છે. પછી ચિત્ત 'એ કેમ હટે ?' એવા એના વિયોગના વિચારમાં ચડે છે. એમાં ક્ષણવાર પણ ચિત્ત જો સ્થિર બને, અત્યંત તન્મય બને, તો એ અનિષ્ટવિયોગ આર્તધ્યાનસ્વરૂપ થાય. આર્તધ્યાન ત્રણે કાળના વિષય અંગે હોઈ શકે.

**ત્રણે કાળના વિષયો અંગે આર્તધ્યાન :**

એમાં (૧) આ વર્તમાન વિષય 'અનિષ્ટ વિયોગ' અંગેનું બન્યું. (૨) ત્યારે ભાવી વિષયનું આર્તધ્યાન એ રીતે કે 'ભવિષ્યમાં અનિષ્ટ કેમ ન આવે', 'ન આવે તો સારું' – આવું અનિષ્ટના અ-સંયોગ પર મન લાગી જાય. (૩) એમ અતીત વિષય અંગેનું આર્તધ્યાન એ રીતે કે પૂર્વે વિયોગ થઇ ચૂકેલા અથવા પૂર્વે સંયોગમાં જ ન આવેલા વિષય અંગે મનમાં સ્ફુરી આવે કે અરે ! એ કેવો દુઃખદ પ્રસંગ યા પદાર્થ ગયો ? ઠીક ગયો', યા 'એ ન આવ્યો, બચી ગયા, સારું થયું.' આ અતીત–થઈ ગયેલી વસ્તુને અત્યારે કાંઈ સંબંધ નથી, છતાં અત્યારે મન એના પર જવાથી બગડે છે. એમ ભાવી પણ ધાર્યું બને કે ન બને કોને ખબર, કિન્તુ અત્યારે એનું એકાગ્ર ચિંતન એ આર્તધ્યાન થાય છે. આમ, આગળના આર્તધ્યાનના ભેદોમાં પણ વર્તમાન વિષયની જેમ અતીત અને ભવિષ્યના તેવા વિષય અંગે પણ આર્તધ્યાન બને છે.

**વિષયો આર્તધ્યાનનું મૂળ કારણ :**

આ આર્તધ્યાન થવાનું મૂળ કારણ ઈન્દ્રિયોના વિષય છે. **'વિષય' શબ્દનો અર્થ જ એ છે કે જીવ જેમાં આસક્ત થઈ વિષાદ પામે.** ઈષ્ટ વિષયમાં એકવાર ભલે હરખ આવી જાય, પરંતુ સમય જતાં એ જ વિષય દુઃખદ બને છે. અણધાર્યા રૂ. ૫૦૦૦ કમાયો એટલે હરખ થાય, પરંતુ જાણવા મળ્યું કે બાજુવાળો રૂા. ૧૦,૦૦૦ કમાયો, ત્યાં ઈર્ષ્યા, વિષાદ ઊઠે છે. પોતે કમાવા ઉપર પણ આ દશા



છે. અથવા કમાયેલા પર 'ક્યાં મૂકું ? શામાં ખરચું ? આના પર નવા કેટલા કમાઈ શકાય ?' વગેરે ચિંતાઓ ઊભી થાય એ પણ એક જાતનો ચિંતા-અજંપો-સંતાપરૂપ વિષાદ જ છે. એટલે વિષયો વિષાદ જ કરાવનારા છે. એમાં અનિષ્ટ વિષયો અંગે ત્રણે કાળની લોથ.

**તેય વિષયો દિનભરમાં કેટલા ?**

ભૂખ-તરસ, ટાઢ-ગરમી, અરુચિકર ખાન-પાન-કપડાં, ઘર-રસ્તો-શેરી, નોકરી-ધંધો, અનિષ્ટ શેઠ-નોકર-ઘરાક-દલાલ-પાડોશી-કુટુંબી-સ્નેહી, અપસંદ રૂપ-રસ-સ્પર્શ વગેરે કેટલાય આવે, આવશે, આવી ગયા, યા હમણાં નથી, પૂર્વે નથી આવ્યા, ભવિષ્યમાં ઈષ્ટ નથી, એના પર પણ મન જતાં બગડે છે; દૃઢ ચિંતન થાય છે કે 'આ ક્યારે મિટે ? કેમ જાય ? ફરી ન આવે તો સારું. પૂર્વે બહુ દુઃખદ વિષયો આવી ગયા; ઠીક ટળ્યા, યા ન આવ્યા તે સારું થયું.' દિનભરમાં આવું કેટલું ચાલે છે ? તેય આટલેથી પતતું નથી. કદાચ આ મન પર નથી, તો વેદના યા ઈષ્ટસંયોગ અંગે, આગળ કહેશે તે, ચિંતન આવી જાય છે. તો એકેક દિવસમાંય આર્તધ્યાન કેટલાં ? એ કઇ ગતિનાં કર્મ બંધાવે ? દેવ-મનુષ્ય ગતિનાં કે તિર્યંચ ગતિનાં ? ધ્યાન, અધ્યવસાય, લાગણી વગેરે પ્રમાણે કર્મ તો પ્રતિસમય બંધાય જ છે; શુભમાં શુભ, અશુભમાં અશુભ. આર્તધ્યાન અશુભ હોવાથી દિનભરમાં કેટલીવાર કેટલાં અશુભ બંધાયાં કરે ?

પ્ર૦- જગતની વચ્ચે રહ્યે અનિષ્ટ સંપર્કો તો રહેવાના. પછી આર્તધ્યાનથી શેં બચાય ?

ઉ૦- પહેલું તો એ ઓળખવા માટે આ 'ધ્યાનશતક' પ્રકરણ છે. પછી બચવા માટે આમાં આગળ ધર્મધ્યાનની ભવ્ય વિસ્તૃત વિચારણા કરી છે. એ જોતાં દેખાશે કે બચવું હોય તો આર્ત-રૌદ્ર મિટાવવા ભરપૂર સાધનસામગ્રી છે. માત્ર જીવનમાં એનો ઉપયોગ મુખ્ય બની જવો જોઈએ. વળી, આર્તધ્યાનનો પહેલો પ્રકાર દ્વેષમલિનતામાં જાગે છે, અર્થાત્ અનિષ્ટ પ્રત્યે અરુચિ,અભાવ, અપ્રીતિ રહેતાં આર્તધ્યાન ઊઠે છે. એમ આગળ પ્રકાર કહેશે તેમાં રાગ પણ જવાબદાર છે. એટલે મૂળમાં આ રાગદ્વેષ જ ખોટા. તેથી એનો પણ નિગ્રહ કરાય તો આર્તધ્યાનથી બચાય. આટલી પહેલા પ્રકારની વાત થઈ.

હવે આર્તધ્યાનનો બીજો પ્રકાર બતાવે છે.

**तह सूलसीसरोगाइवेयणाए विजोगपणिहाणं ।**
**तदसंपओगचिंता तप्पडिआराउलमणस्स ॥७॥**

**તથા શૂળ, શિરોવ્યાધિ વગેરેની વેદનામાં તેના નિવારણના ઉપાયમાં વ્યાકુળ મનવાળાને એ વેદના કેમ જાય અગર (ભાવીમાં) ન આવે એની દૃઢ ચિંતા (એ આર્તધ્યાન).**

---

**વિવેચન :**

## ૨. આર્તધ્યાન : વેદનાનુબંધી

પેટ-છાતી-દાંત-આંખ-કાન વગેરેના શૂળ, તીક્ષ્ણ પીડા યા શૂળ વિનાના પણ મસ્તક, પેટ, આંતરડાં આદિના અનેકાનેક પ્રકારના રોગ-વ્યાધિ-તકલીફમાંથી ઊઠતી વેદના, કડવા અનુભવ થવા પર થતાં દુઃખદ સંવેદન, 'એ કેમ ટળે, કેમ મિટે' એનું ક્ષણવાર પણ તન્મય ચિંતન થાય એ વર્તમાન અંગે આર્તધ્યાન થયું. તેમ જ ગમે તેમ કરીને એ ટળી કે મિટી, તોય ભવિષ્ય અંગે 'એ કેમ હવે કદીય મારે ન આવે' એવી દૃઢ ચિંતા થાય એય આર્તધ્યાનનો બીજો પ્રકાર છે. એમ ભૂતકાળ અંગે પણ થાય, જો પૂર્વે અનુભવેલી વેદના યાદ આવતાં, 'અરે, એ બહુ દુઃખદ ! કેટલી એની પીડા ! ટળી તે ઠીક થઈ ગયું' એવું ચિંતન થાય, અગર 'બીજાને પીડા આવી, મારે નહોતી આવી તે સારું થયું' એમ દૃઢ ચિંતન ચાલે, એય વેદનાનું આર્તધ્યાન.

પ્ર૦- કેવા જીવને આ વેદનાનું આર્તધ્યાન થાય ?

ઉ૦- જેને વેદનાનું નિવારણ કરવા માટે એના પ્રતિકારમાં યાને નિવારક ઉપાયમાં ચિત્ત વ્યાકુળ હોય. દા.ત. 'કયો વૈદ, ડૉક્ટર પકડું ? કઈ દવા લઉં ? પથ્ય શું પાળું ? આરામ કેટલો કરું ? દવાનો સમય થયો ? પથ્યનો થયો ?' વગેરે ગડમથલ ચાલતી હોય એને વેદનાવિયોગનું પ્રણિધાન રહે છે, એ આર્તધ્યાન રહે છે. એમ 'ભાવી અંગે કંઈ અગમચેતી રાખું, કઈ ભસ્મો, ટોનિક દવા લઉં, પાક ખાઉં, વસાણાં ખાઉં' વગેરે ગડમથલ ચાલતી હોય એ વેદના-અસંયોગનું પ્રણિધાનરૂપ આર્તધ્યાન છે.

પ્ર૦- વેદના પણ એક અનિષ્ટ જ છે, તો એના વિયોગ કે અસંયોગનું ધ્યાન તો પહેલા પ્રકારમાં આવી જાય. પછી બીજા પ્રકારમાં શી વિશેષતા ?

ઉ૦- પહેલામાં કેટલીય વાર અનિષ્ટના નિવારક ઉપાય નથી જણાતા; દા.ત. પાડોશી અક્કરમી મળ્યો છે, દીકરો સ્વચ્છંદ અને ઉદ્ધત પાક્યો છે, પોતાનું શરીર કે અંગ કૂબડું મળ્યું છે વગેરેમાં ઉપાય નથી દેખાતો, છતાં એની અરુચિથી આર્તધ્યાન



**इट्ठाण विसंयाईण वेयणाए य रागरत्तस्स ।**
**अविओगऽज्झवसाणं तह संजोगाभिलासो य ॥८॥**

**ઈષ્ટ વિષયો વગેરેમાં કે ઈષ્ટ વેદનામાં રાગરક્ત જીવને એના અ-વિયોગ પર મનની ચોંટ, તથા (ન મળેલા માટે એના) સંયોગની ઈચ્છારૂપ દૃઢ અધ્યવસાન (પ્રણિધાન) થાય એ ત્રીજો પ્રકાર છે.**

---

ચાલે છે કે 'આ ક્યાં મળ્યું ? કેટલું દુઃખદ ?' ઈત્યાદિ. ત્યારે બીજા પ્રકારમાં વૈદ્ય-દવા-પથ્યાદિ પ્રતિકાર-ઉપાય મળે છે. તે આ ચિકિત્સા અંગેની વ્યાકુળતાઓને લઈને આર્તધ્યાન થયા કરે છે. આ વિશેષતા છે. આટલી બીજા પ્રકારની વાત થઈ.

## ૩. આર્તધ્યાન : ઈષ્ટ સંયોગ-અવિયોગાનુબંધી

હવે આર્તધ્યાનનો ત્રીજો પ્રકાર કહે છે.

**વિવેચન :**

ઈષ્ટ, મનગમતા શબ્દ, રૂપ, રસ આદિ વિષયો કે એવા વિષયવાળી વસ્તુ અથવા ચાહીને રાખવી ઈષ્ટ લાગતી વેદના 'એ કેમ ન જાય, અગર ન મળી હોય તો કેમ એ મળે' એનું દૃઢ ચિંતન એ ત્રીજા પ્રકારનું આર્તધ્યાન છે. સ્નેહીસંબંધીઓના સારા માનભર્યા બોલ મળે છે, રૂડાં ખાનપાન મળ્યાં છે, નોકર કે શેઠ યા ઘરાક, આડતિયા વગેરે ગમતા મળેલા છે, વેપાર ઠીક ચાલે છે, કુટુંબીઓ ઠીક વર્તે છે, વગેરે વગેરે ઈષ્ટ મળેલું કેમ બરાબર ચાલ્યા કરે અને એમાં ફરક ન પડે એનું દૃઢ ચિંતન રહે; એમ, કોઈ વેદના પણ ગમતી આવી ગઈ, દા.ત. દેરાણીને કામનો ઢસરડો બહુ કરવો પડે છે, એમાં એને તાવ કે બીજી બીમારી આવી. એનું પ્રણિધાન થાય કે 'આ બીમારી ન જાય તો સારું, જેથી કામથી બચ્યું' તો એ આર્તધ્યાન છે. આ વર્તમાનની વાત.

એમ ભવિષ્ય અંગે 'ભવિષ્યમાં એવા ઈષ્ટ વિષયો, વસ્તુઓ કે વેદના કેમ મળે' એનું ક્ષણવાર પણ તન્મય ચિંતન, એ પણ આર્તધ્યાન છે.

ત્યારે ભૂતકાળ અંગે પણ પૂર્વે ટકી ગયેલા કે આવી મળેલા વિષય-વસ્તુ-વેદના અંગે એકાગ્ર વિચાર આવે કે 'એ ઠીક ટકેલા, ઠીક મળેલા, એ બહુ અનુકૂળ આવી ગયેલા', તો એ અતીત સંબંધી આર્તધ્યાન છે.

પ્ર૦- કેવા જીવને આવું આર્તધ્યાન થાય ?

ઉ૦- જે રાગરક્ત હોય, રાગ-સ્નેહ-આસક્તિથી ભાવિત હોય, એને એથી આવું આર્તધ્યાન થાય છે. મૂળમાં રાગ આકર્ષણ હોવાથી મન રાગના વિષયમાં

देविंदचक्कवट्टित्तणाइं गुणरिद्धिपत्थणमईयं ।
अहमं नियाणचिंतण—मण्णाणाणुगयमच्चंतं ॥९॥

દેવેન્દ્ર, ચક્રવર્તીપણાના સૌંદર્યાદિ ગુણની અને સમૃદ્ધિની યાચનાસ્વરૂપ નિયાણાનું ચિંતન થાય છે; તે અધમ છે, અત્યંત અજ્ઞાનતાભર્યું છે. (એ ચોથા પ્રકારનું આર્તધ્યાન છે.)

એવું લાગી જાય છે કે 'એ વિષય મળ્યો હોય તો કેમ ન જાય, ન ખરચાય' વગેરે જળોજથામાં તન્મય બને છે; અને ન મળ્યો હોય તો 'કેમ મળી આવે, કેમ વધે' વગેરે ચિંતનમાં મશગૂલ થાય છે. જીવને રાગ ક્યાં નથી ? કેટકેટલીક ઢગલાબંધ વસ્તુ ઈષ્ટ છે ? ત્યારે મન તો કામ કરતું જ રહેવાનું. એમાં પછી આ આર્તધ્યાન કેટલાંય ડગલે ને પગલે ચાલવાનાં. આ ત્રીજા પ્રકારની વાત થઈ.

## ૪. આર્તધ્યાન : નિદાનાનુબંધી

હવે આર્તધ્યાનનો ચોથો પ્રકાર બતાવે છે –

વિવેચન :

**૪થા પ્રકારનું આર્તધ્યાન**

નિદાન, નિયાણું એ આર્તધ્યાનનો ચોથો પ્રકાર છે. એ પણ માનસિક ગાઢ ચિંતન છે. એમાં 'મારા ત્યાગ તપ આદિના પ્રભાવે મને દેવલોક મળો, ઈન્દ્રપણું મળો, ચક્રવર્તીપણું-વાસુદેવપણું-બળદેવપણું મળો, દેવેન્દ્ર-નરેન્દ્રનાં બળ, સૌંદર્ય, સમૃદ્ધિ પ્રાપ્ત થાઓ' એવી ઉત્કટ અભિલાષા થઈ એની નિર્ધારિત માગણી કરવામાં આવે છે. 'બસ, મારે આ જ જોઈએ, એ જ મને મળો' એવો નિર્ધાર હોય છે. આ નિયાણાનું ચિંતન અધમ છે. એ આર્તધ્યાન છે.

**સાંસારિક સુખ એ સુખાભાસ :**

પ્ર૦- કેવા જીવને આ આર્તધ્યાન થાય ?

ઉ૦- અત્યંત અજ્ઞાનપીડિત જીવને આ આર્તધ્યાન થાય છે, કેમકે અજ્ઞાની સિવાય બીજાઓને સાંસારિક સુખોનો અભિલાષ થતો નથી. અજ્ઞાનપણું એ છે કે એ સુખો સુખાભાસ છે, દુઃખરૂપ છે, દુઃખનો પ્રતિકારમાત્ર છે, પરસંયોગસાપેક્ષ છે; અને પરના સંયોગ વિનશ્વર છે, તરતમતાવાળા છે, તેથી એના સુખમાં જંપ-શાંતિ નથી, કાયમી સ્વસ્થતા નથી; બલ્કે કાળ, સંયોગ, પરિસ્થિતિ ફરતાં એ મહાદુઃખદ બને જ છે. મોહને લીધે આ સમજાતું નથી તેથી એની ઝંખના, આશંસા, આકર્ષણ રહે છે. નહિતર મૂળ તો સાંસારિક સુખના વિષયોમાં એવું તત્ત્વ જ શું છે કે જેથી એના સુખની કામના થાય ? કહ્યું છે –



एवं चउव्विहं राग-द्दोस-मोहंकियस्स जीवस्स ।
अट्टज्झाणं संसारवद्धणं तिरियगइमूलं ॥१०॥

આ પ્રમાણે ચાર પ્રકારનું આર્તધ્યાન રાગ-દ્વેષ-મોહથી કલુષિત જીવને થાય છે. એ સંસારવર્ધક છે અને તિર્યંચગતિનું કારણ છે.

अज्ञानान्धाश्चटुलवनितापाङ्गविक्षेपितास्ते
कामे सक्तिं दधति विभवाभोगतुंगार्जने वा ।
विद्वच्चित्तं भवति च महत् मोक्षकांक्षैकतानं,
नाल्पस्कन्धे विटपिनि कषत्यंसभित्तिं गजेन्द्रः ॥

અર્થાત્ સ્ત્રીઓના ચપળ કટાક્ષથી આકર્ષાઈ જનારા જે જીવો કામમાં આસક્ત થાય છે એ અજ્ઞાનથી અંધ છે, અથવા મોટા વૈભવના વિસ્તાર કમાવવામાં આસક્ત પણ અજ્ઞાનાંધ છે. ત્યારે જ્ઞાનીનું વિશાળ ચિત્ત (એવા તુચ્છ અર્થ-કામમાં ન ચોંટતાં) માત્ર એક મોક્ષની જ ઈચ્છામાં રક્ત રહે છે. દેખો, શ્રેષ્ઠ હાથી વલુર ચળવા બહુ નાના વૃક્ષ સાથે પોતાના ખભાની કોર ઘસતો નથી. તો પછી જ્ઞાની તુચ્છ વિષયોમાં કેમ જ પોતાનું મન ઘાલે ? એમને તો નિરપેક્ષ નિરાબાધ સ્વાધીન અનંત સુખમય મોક્ષની જ એક લગની હોય. આ આર્તધ્યાનના ચોથા પ્રકારની વાત થઈ.

**ધ્યાનના સ્વામી અને ફળ :**

હવે આ ધ્યાનના સ્વામી કોણ અને ફળ શું, એ કહે છે –

**વિવેચન :**

## આર્તધ્યાનના સ્વામી અને ફળ :

**આર્તધ્યાનના સ્વામી અને ફળ :**

પૂર્વે જોયું કે આર્તધ્યાનના ચાર પ્રકારમાંથી કોઈ તો દ્વેષના કારણે, તો કોઈ રાગના યા કોઈ મોહના કારણે જન્મે છે. માટે આર્તધ્યાનનો સ્વામી કોણ ? તો કે રાગ-દ્વેષ-મોહથી જે કલુષિત જીવ હોય તે. રાગાદિનું જોર છે એટલે આર્તધ્યાન આવી જવાનું.

**આર્તધ્યાનનું ફળ છે** સંસારવૃદ્ધિ. સંસાર કર્મબંધનના કારણે ઊભો થાય છે, અને આર્તધ્યાનથી કાંઈ કર્મક્ષય નહિ, પણ કર્મબંધનો વધે છે. તેથી સહજ છે કે એથી સંસારવૃદ્ધિ થાય, ભવના ફેરા વધે. આ સામાન્ય ફળ; અને વિશેષ ફળ તિર્યંચ ગતિ. આર્તધ્યાન એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય તિર્યંચગતિને યોગ્ય કર્મ બંધાવે.

**मज्झत्थस्स उ मुणिणो सकम्मपरिणामजणियमेयंति ।**
**वत्थुस्सभावचिंतणपरस्स संमं सहंतस्स ॥११॥**
**कुणओ व पसत्थालंबणस्स पडियारमऽप्पसावज्जं ।**
**तवसंजमपडियारं च सेवओ धम्ममणियाणं ॥१२॥**

**કિન્તુ (૧) 'આ પીડા તો મારા કર્મવિપાકથી ઊભી થયેલી છે' એવા વસ્તુસ્વભાવની ચિંતવનામાં તત્પર અને સમ્યક્ સહન કરતા મધ્યસ્થ (રાગદ્વેષરહિત) મુનિને, (૨) અથવા (રત્નત્રયીની સાધનાનું) પ્રશસ્ત આલંબન રાખી નિરવદ્ય કે અલ્પ સાવદ્ય (સપાપ) ઉપાયને કરતા મુનિને, તથા (૩) નિરાશંસભાવે તપ અને સંયમને જ પ્રતિકાર તરીકે સેવતા મુનિને ધર્મધ્યાન જ છે, આર્તધ્યાન નહિ.**

પ્ર૦- આ પરથી શું એમ બને છે કે જીવનભરમાં પરભવનું આયુષ્ય તો એક જ વાર અને અમુક સમય સુધી જ બંધાતું હોય છે. તો આયુષબંધકાળે જીવ આર્તધ્યાનમાં હોય તો તિર્યંચગતિનું આયુષ બાંધે, પણ તે સિવાયના કાળે એ સજા નહિ ?

ઉ૦- ના, સજા તો છે જ. જીવ જો આયુષ્ય બંધાતી વખતે જો આર્તધ્યાનમાં હોય છે તો તે તિર્યંચપણાનું આયુષ્ય બાંધે તે એને યોગ્ય બીજાં કર્મ પણ સાથે બાંધે. પરંતુ તે સિવાયના કાળેય તિર્યંચગતિને યોગ્ય આયુષ્ય સિવાયનાં બીજાં અશુભ કર્મ અવશ્ય બાંધે. માટે વેદના જેવામાં પણ આર્તધ્યાનથી બચવા જેવું છે, નહિતર અહીં પણ પીડા અને આર્તધ્યાનથી બંધાયેલ અશુભ કર્મોના લીધે પછી પણ પીડા.

**મુનિને વેદનામાં આર્તધ્યાન કેમ નહિ ?**

પ્ર૦- એમ તો (૧) સાધુને પણ શૂળ, રોગ વગેરેની વેદના આવે છે, ને એ કાંઈ બધા સહન નથી કરી લેતા, પણ એના નિવારણ માટે દવા, ચિકિત્સા કરાવે છે; તો શું એમનેય વેદનાવિયોગનું આર્તધ્યાન લાગે ? વળી, (૨) એ તપ અને સંયમ પાળે છે એમાં સાંસારિક દુઃખના વિયોગનું ધ્યાન રહે. 'આ તપ-સંયમથી હવે સંસારનાં દુઃખ ન આવે તો સારું' એમ થાય. તો એ રહેવાથી શું એમને આર્તધ્યાન લાગ્યું ?

ઉ૦- સાધુ છતાં રાગાદિને વશ પડેલા હોય એમને જરૂર આર્તધ્યાન લાગે, પણ એવા ન હોય એમને નહિ. એટલે જ ગ્રન્થકાર મહર્ષિ કહે છે –

**વિવેચન :**

**મુનિને કેમ વેદનામાં આર્તધ્યાન નહિ ?**



(૧) સમ્યક્ વહન કરતા, (૨) સહન નહિ કરતા પણ પુષ્ટાલંબને પ્રતિકાર કરતા, અને (૩) તપ-સંયમ આચરતા મુનિને ધર્મ્યધ્યાન હોય છે એ બતાવવામાં આવે છે.

**મુનિ એટલે ?–** (૧) **मन्यते जगत्-त्रिकालावस्थामिति मुनिः ।** 'મુનિ' એટલે જગતની ત્રણે કાળની અવસ્થાનો વિચાર કરે તે, અર્થાત્ સાધુ. 'જગત' એટલે જીવનમાં અનુભવમાં આવતા જગતના જડ-ચેતન પદાર્થો અને પ્રસંગો. એમાં રાગ-દ્વેષ કે હર્ષ-શોક ન થાય એ માટે એની ભૂત, વર્તમાન અને ભવિષ્યની સ્થિતિનું મનન કરે તે મુનિ.

**ભૂતકાળની અવસ્થાનું મનન** એ રીતે કરે કે વર્તમાનમાં આ પદાર્થ કે પ્રસંગ જે સ્વરૂપે દેખાય છે તે આકસ્મિક કે મારી ઇચ્છાથી ઊભો થયેલો નથી, કિન્તુ એની પાછળ પૂર્વનાં ચોક્કસ કારણ કામ કરી રહ્યાં છે. દા.ત. કોઈ અનિષ્ટ ચીજ સામે આવવી. એ એનાં કારણોએ બની છે. સંભવ છે સારા પુદ્ગલમાંથીય બની હોય; જેમકે બરફીમાંથી વિષ્ટા. તેમ જ મારાં કર્મ-કાળ-ભવિતવ્યતાદિ કારણે અહીં ઉપસ્થિત થઈ છે. તો હું શા માટે દુર્ધ્યાન કરું ? કોઈ જીવ કાંઈ મારું ખરાબ કરતો દેખાયો તો એ પોતાના પૂર્વોપાર્જિત મોહનીય કર્મના ઉદય અને પોતાના જ સ્વાધીન અસત્ પુરુષાર્થથી એમ કરે છે. એમાં મારાં કર્મ પણ જવાબદાર છે. તો હું નાહક દુર્ધ્યાન શું કામ કરું ? બીમારી આવી તો તે મારા પૂર્વોપાર્જિત અશાતાવેદનીય કર્મના લીધે. એમાં દુર્ધ્યાન શું કરવું ? આ ભૂતકાળની અવસ્થા વિચારી.

**હવે વર્તમાન અવસ્થાએ વિચારે કે** દા.ત. (૧) આ અનિષ્ટ કે ઇષ્ટ વસ્તુ યા વ્યક્તિ મારા શુદ્ધ અનંતજ્ઞાનાદિ અસંખ્ય પ્રદેશમય મૌલિક આત્મસ્વરૂપમાં લેશ પણ ઘટાડો કે વધારો કરી શકતી નથી; પછી મારે ચિંતા શી ? યા હરખ શો ? (૨) ઊલટું, દ્વેષ કે રાગ, યા ખેદ કે હર્ષ કરવામાં એક બાજુ મારું બાહ્ય આત્મસ્વરૂપ વધુ વિકૃત થાય છે અને બીજી બાજુ મારી સાધના ને મારું ધર્મસ્થાન ઘવાય છે. તો શા સારુ એ દ્વેષાદિ કરવા ? (૩) વળી, વર્તમાન સામે સમ કે વિષમ પદાર્થ કે પ્રસંગ બને એમાં કાંઇ નવાઇ નથી. સંસાર જ એવો છે કે એમાં ન ધાર્યું કે ન ઇચ્છ્યું વિચિત્ર બન્યા કરે...' વગેરે.

**ત્યારે ભવિષ્યની અવસ્થાનું** મનન એ રીતે કે (૧) વર્તમાન અનિષ્ટ પર કષાય કરવામાં ભાવી માટે અશુભ કર્મબંધ-સંક્રમણાદિ અને કુસંસ્કાર ઊભા થાય છે. (૨) પાછી વસ્તુ કે વ્યક્તિ, મારા કષાય છતાં, ન ય સુધરે, ને પોતાના રાહે જ કામ કર્યે જશે એટલે કષાય માથે પડશે. (૩) સામી વ્યક્તિને મારા કષાયથી કષાયની ઉદીરણા થશે, બિચારાને અશુભ કર્મબંધ વધશે. (૪) મારે પણ ભવિષ્યમાં

આ કર્મ-કુસંસ્કાર ઉદયમાં આવતાં ત્યાં આત્માની પરિસ્થિતિ વિષમ બનશે, નવાં પાપ ઉપજાવશે...' વગેરે.

**(૧) સમ્યક્ સહી લેનારને આર્તધ્યાન નહિ :**

આમ અનેક રીતે તત્ત્વને પકડીને જગતની ત્રિકાળ-અવસ્થાનું મનન કરે તે મુનિ કહેવાય. એ વેદના-બીમારી આવે ત્યારે 'આ ન આવવી એ કાંઈ મારી ઈચ્છાની કે મારા હાથની વસ્તુ નથી, પરંતુ મારા પોતાનાં પૂર્વોપાર્જિત કર્મના ઉદયનું પરિણામ વેદના છે. કારણ હોય એટલે કાર્ય થાય. કર્મ હતા તો રોગ આવે જ.' એમ બીમારી અને કર્મવસ્તુના સ્વભાવ પર મન લગાડે. એટલે જ એ મધ્યસ્થ રહે, ન શરીરના રાગમાં તણાય કે ન બીમારી પ્રત્યેના દ્વેષમાં. એથી એને વેદનાનો ચિત્તસંતાપ ન થાય, આર્તધ્યાન ન થાય. એ તો પૂર્વમહર્ષિનું આ વચન બરાબર નજર સામે રાખે કે –

**કર્મની અકાટ્યતા અંગે મહર્ષિવચન :**

**'पुव्विं खलु भो ! कडाणं कम्माणं दुच्चिण्णाणं दुप्पडिकंताणं वेयइत्ता मोक्खो, नत्थि अवेदयित्ता, तवसा वा झोसइत्ता ।'**

અર્થાત્ 'હે મહાનુભાવો ! પૂર્વે દુષ્ટ મનથી કરેલાં કર્મોનું જો (આલોચના-પ્રાયશ્ચિત્તદ્વારા) પ્રતિક્રમણ ન કર્યું તો તે કર્મોનો ખરેખર ભોગવ્યાથી જ છુટકારો થાય, ભોગવ્યા વિના કે તપથી ખપાવ્યા વિના નહિ.'

**જીવન જીવતાં ૪ સાવધાની :**

મુનિ આ સૂત્રના અનુસારે આ જન્મ અંગે બે અને જન્માન્તર અંગે બે, એમ ચાર સાવધાની રાખે છે.

૧. મન-વચન-કાયાની અસત્પ્રવૃત્તિથી બચવું, જેથી અશુભ કર્મબંધ-સંક્રમાદિ અને કુસંસ્કારણથી બચી જવાય.

૨. થઈ જતી અસત્પ્રવૃત્તિના પશ્ચાત્તાપ-આલોચના-પ્રાયશ્ચિત્ત દ્વારા પ્રતિક્રમણ કરવું યાને પાપથી પાછા હટી જવું.

૩. પૂર્વજન્મનાં અશુભ કર્મના ઉદયે આવી પડતી પીડાઓને સમભાવે પ્રસન્નતાથી ભોગવવી.

૪. પૂર્વબદ્ધ કર્મના ક્ષય અર્થે બાહ્ય-આભ્યન્તર તપમાં રક્ત રહેવું.

**પીડા વખતે શુભ વિચારણા :**

આ સાવધાનીઓ રાખે એમાં આર્તધ્યાન થવાને અવકાશ જ ક્યાં છે ? સહવાનું આવે ત્યાં (૧) શુદ્ધ આત્મવસ્તુ, (૨) કર્મવસ્તુ તથા (૩) બાહ્ય નિમિત્ત-વસ્તુનાં સાચાં સ્વરૂપ પર બરાબર દૃષ્ટિ છે; પછી એ પીડા-વેદનામાં અસમાધિ કે



અસ્વસ્થ ચિત્ત થવાને કોઈ કારણ નથી. એ સમજે છે કે–

(૧) પીડામાં આત્માનાં શુદ્ધ સ્વરૂપમાં કાંઈ જ બગડતું નથી તેમ જ પૂર્વનો દુષ્કૃતકારી અપરાધી બનેલો આત્મા દંડ ભોગવી લે એ જ યોગ્ય છે. એમાં નારાજી શી ?

(૨) કર્મ, હું પસંદ કરું કે ન કરું, પોતાનું ફળ આપીને જ રવાના થાય એવાં છે, તથા પીડામાં એમ એ જાય એટલે તો કચરો સાફ થાય છે. પછી એમાં નાખુશ શું થવું ? જેટલી પીડા એટલી કર્મની સાફસૂફી થાય.

(૩) બાહ્ય નિમિત્તો તો કુહાડીના માત્ર હાથા જેવા છે. કુહાડીમાં કાપનારું તો ફળું જ, હાથો નહિ; એમ પીડાકારી તો કર્મ જ છે, નિમિત્તો નહિ. આ સમજમાં આર્ત નહિ પણ ધર્મ્ય ધ્યાન રહે છે. આ સમ્યક્ સહન જ કરે એની વાત થઈ.

**(૨) મુનિનો દવા કરવામાં વિશિષ્ટ ઉદ્દેશ :**

મુનિ જે વેદના મિટાવવા ઔષધ આદિ ઉપચાર કરે છે એ દુ:ખથી ત્રાસીને નહિ, કિન્તુ જ્ઞાનાદિના પ્રશસ્ત આલંબને કરે છે. 'આલંબન' એટલે પ્રવૃત્તિનું નિમિત્ત, દવા, ઔષધાદિના સેવનની પ્રવૃત્તિમાં રખાતો ઉદ્દેશ. અહીં ઉદ્દેશ છે પવિત્ર, જ્ઞાનાદિના સંરક્ષણ અને સંવર્ધનનો. તેથી એ કર્મથી બંધાય નહિ. કહ્યું છે –

**'काहं अछित्तिं अदुवा अहीहं, तवोवहाणेसु य उज्जमिस्सं ।**
**गणं च नीती अणुसारवेस्सं, सालंबसेवी समुवेइ मोक्खं ॥'**

– 'હું (પૂર્વેથી ચાલી આવતા શ્રૂત-આગમનો) અવિચ્છેદ જાળવીશ, અથવા હું ભણીશ, યા તપ અને યોગોદ્વહનમાં ઉદ્યમ કરી શકીશ, કે મુનિગણને શાસ્ત્રનીતિ મુજબ સંભાળી શકીશ' – આ ઉદ્દેશ રાખીને દવાદિ ઉપચાર કરે, અર્થાત્ સાલંબસેવી બને. એ (પછીથી એ ઉદ્દેશમાં જ પ્રવૃત્તિ રાખે છે માટે) મોક્ષ પામે છે.' આ સૂચવે છે કે દવાદિ-ઉપચારના સેવનમાં ઉદ્દેશ આવા પ્રશસ્ત પવિત્ર હોય તો જ આર્તધ્યાન નહિ.

**પ્રશસ્ત આલંબન કેવી રીતે રાખે ? :**

મુનિ જુએ છે કે રોગાદિની વેદના વખતે પોતાના નબળા શરીરસંઘયણ અને નબળા મનને લીધે પોતાનાં જ્ઞાનાદિ આરાધનાનાં કર્તવ્ય બરાબર નહિ બજાવી શકે, એમાં ભંગ પડશે, વિરાધના થશે. એ ન થવા દેવા પૂરતું જ 'લાવ, ઔષધાદિ સેવી લઉં' એમ કરીને ઔષધાદિ સેવે છે. ત્યાં ઉદ્દેશ પ્રશસ્ત છે, પવિત્ર છે. મનનું લક્ષ એ પ્રશસ્ત કર્તવ્યના પાલનમાં છે. માટે મન આર્તધ્યાનમાં નથી.

**એ પ્રશસ્ત આલંબનો આ :**

(૧) પૂર્વપુરુષોએ ભગવાનના શ્રુત ને આગમને બીજાઓને ભણાવીને આગમ-પરંપરાનો અવિચ્છિન્ન વારસો જે આજ મારા સુધી પહોંચાડ્યો છે, એ હું રોગાદિની પીડામાં બીજાને આપી શકતો નથી. એટલે હું ઔષધોપચાર કરી જો શરીરે સ્વસ્થ થાઉં તો બીજાને આપી શકીશ; અને એ રીતે શ્રુતવારસો મારી પછી પણ આગળ ચાલુ રહેશે, નહિતર તો મારી બીમારીમાં તો મારી પાસેનો આ શ્રુતવારસો વિચ્છેદ પામી જાય. એટલા માટે ઔષધોપચાર કરી લઉં.' આ શ્રુતટકાવનું આલંબન, ઉદ્દેશ.

(૨) અથવા, એ ઉદ્દેશ હોય કે 'મારાથી વેદનામાં શ્રુતાભ્યાસ-અધ્યયન-પરાવર્તન નથી થઈ શકતું તેથી લાવ ઔષધાદિ સેવી એમાં લાગી જાઉં.' — આ શ્રુતસ્વાધ્યાયનો ઉદ્દેશ.

(૩) અથવા, 'રોગાદિની પીડામાં મારાથી વિશિષ્ટ તપસ્યા કે આગમ-અધ્યયન માટે જરૂરી યોગોદ્વહનની ક્રિયા નથી થઈ શકતી. તો ઔષધાદિનો ટેકો કરી એ ઉદ્યમ કરું. એવો યોગોદ્વહનનો ઉદ્દેશ હોય.

(૪) અથવા 'મારા માથે મુનિગણને શાસ્ત્રાનુસારે સારણા-વારણાદિ કરવા દ્વારા બરાબર સંભાળવાની જવાબદારી છે, પરંતુ એ વેદનામાં અદા થઈ શકતી નથી. તો લાવ, ઔષધાદિનો અપવાદ સેવી લઈ એ ગણરક્ષા બરાબર કરું' એવો ગણરક્ષાનો ઉદ્દેશ હોય.

(૫) એમ, ઉપર્યુક્ત આલંબનોની ગાથામાંના 'ચ' પદથી એ ઉદ્દેશ લેવાય કે 'વેદનામાં હું ઉપબૃંહણા, સ્થિરીકરણ, સાધર્મિક વાત્સલ્ય વગેરે દર્શનના આચાર અને જિનદર્શનાદિ અનુષ્ઠાન નથી બજાવી શકતો, 'ગુરુ આવે તો ઊભા થવું' વગેરે અભ્યુત્થાનાદિ વિનયરૂપ જ્ઞાનાચાર નથી પાળી શકતો, સમિતિ, ગુપ્તિ, ભિક્ષાટન, નિર્દોષ ગોચરી, ઇચ્છાકારાદિ સાધુસામાચારી વગેરે નથી બજાવી શકતો. માટે લાવ, ઔષધાદિ સેવી એ બધું બરાબર બજાવું.' એમ દર્શનાદિના આચારપાલનના ઉદ્દેશથી દવા કરે.

આમાંના ગમે તે ઉદ્દેશથી ઔષધાદિ સેવે એ 'સાલંબસેવી' કહેવાય. એ કરીને એ ઉદ્દેશો સાધવામાં જ એ લાગી જવાનો. એથી એ ક્રમશઃ આગળ વધતાં વધતાં અંતે મોક્ષ પામે છે. સવાલ માત્ર એટલો કે,

**ઔષધાદિ કેવાં સેવે ?** એવાં કે જે નિરવદ્ય યા અલ્પસાવદ્ય હોય. 'અવદ્ય' એટલે પાપ, ખાસ કરીને જેમાં સાક્ષાત્ યા પરંપરાએ હિંસાનું કરણ-કરાવણ-અનુમોદન હોય એ. એવો પાપ વિનાનો નિરવદ્ય ઉપચાર મુનિ સેવે, અથવા જેમાં બહુ અલ્પ પાપ હોય એવો સાવદ્ય ઉપચાર લે. દા.ત. દવા કે પથ્ય માટે જ



ગામમાં ત્રણવાર ફરી આવવા છતાં સહજ સ્વાભાવિક ગૃહસ્થે પોતાના જ માટે કરી રાખેલું ઔષધ-પથ્ય ન મળ્યું તો અતિ અલ્પ દોષવાળું એ લેવું પડે તે.

આ રીતે સાલંબસેવી અલ્પ સાવદ્ય પણ સેવે તોય તે નિર્દોષ છે, કેમકે નિર્દોષતા અંગે આ શાસ્ત્રવચન મળે છે કે, **'ગીયત્થો જયણાએ કડજોગી કારણંમિ નિદ્દોસો'** અર્થાત્ ગીતાર્થ યાને શાસ્ત્રજ્ઞ પુરુષ રત્નત્રયીનાં પાલન અર્થે કારણ ઉપસ્થિત થયે યતનાપૂર્વક ત્રિપર્યટનાદિ શાસ્ત્રવિધિ સાચવીને દોષવાળું પણ સેવે તેમાં એ નિર્દોષ છે.

પ્ર૦- જૈનશાસ્ત્ર આવું દોષવાળું સેવવાનું કેમ કહે છે ?

ઉ૦- જિનાગમ ઉત્સર્ગ અને અપવાદ ઉભયરૂપ માર્ગ બતાવે છે. **'ઉત્સર્ગ'** એટલે મુખ્ય વિધિ યા નિષેધ. **'અપવાદ'** એટલે એનાથી દેખીતું વિરુદ્ધ, પરંતુ સરવાળે એને અનુકૂળ કરવાનું આચરણ. પ્રસંગ આવ્યે આ જરૂરી હોય છે; નહિતર તો એકલા ઉત્સર્ગનો આગ્રહ રાખવા જતાં, એવી કોઈ પરિસ્થિતિમાં એ શક્ય હોય નહિ તેથી પરલોકહિત સાધવું અશક્ય બને. દા.ત. એવી ગાઢ બીમારી આવી, નિર્દોષ દવા-પથ્ય મળતાં નથી. હવે સદોષ લેવા જાય તો એમાં ઉત્સર્ગમાર્ગ જે આરંભ-સમારંભનું અ-કરાવણ, અનનુમોદન, તેનાથી વિરુદ્ધ વર્તવું પડે છે. માટે જો એ ન લે તો બીમારીમાં બીજી સાધનાઓ સીદાય છે, એમાં સરવાળે ચારિત્રનો ઉત્સર્ગમાર્ગ પળે નહિ ને પરલોક બગડે. માટે અવસરે સદોષ ઉપચાર સેવી લેવો એ અપવાદમાર્ગ. એમાં ઉદ્દેશ શુદ્ધ છે તેથી આર્તધ્યાન નહિ, પણ ધર્મધ્યાન.

આ વેદના-પીડામાં પ્રતિકારની વાત થઈ. હવે,

**(૩) પ્ર૦- તપ-સંયમથી સંસારદુઃખ-વિયોગ ચિંતવવામાં આર્તધ્યાન કેમ નહિ ?**

આનું સમાધાન એ છે કે અલબત્ત એ તપ-સંયમ સાંસારિક દુઃખોનો પ્રતિકાર છે, છતાં દેવેંદ્રાદિની ઋદ્ધિનાં નિયાણાં કે આશંસા કર્યા વિના તપ-સંયમ સધાય તો એમાં ધર્મધ્યાન છે.

પ્ર૦- અનિષ્ટ સંસારદુઃખના વિયોગનું ધ્યાન એ આર્તધ્યાન કેમ નહિ ?

ઉ૦- એટલા માટે, કે આમાં તો દેવતાઈ સુખને પણ દુઃખરૂપ લેખી એનો પણ વિયોગ ઈચ્છે છે, પરંતુ નહિ કે નરક-તિર્યંચના દુઃખ મટી મનુષ્ય-દેવનાં સુખ મળે એવી ઈચ્છા છે. ત્યારે અનિષ્ટવિયોગના આર્તધ્યાનીને તો ઈષ્ટ વિષયસુખનો યોગ જોઈએ છે. દા.ત. 'આ ગરીબી, અપમાન કેમ જાય,' એ ચિંતનમાં પૈસા અને સન્માનની ઈચ્છા છે. તપ-સંયમ સેવનાર મુનિ તો સંસારનાં સુખ-દુઃખ બધાનો વિયોગ ઈચ્છી એના પ્રતિકારરૂપે તપસંયમ સેવે છે.

પ્ર૦- તપ અને સંયમ સાંસારિક દુઃખના પ્રતિકાર શી રીતે ?

ઉ૦- તપ અને સંયમ બે રીતે સાંસારિક દુઃખ ટાળે છે, એક વર્તમાનનાં અને બીજું ભવિષ્યનાં. (૧) વર્તમાનનાં દુઃખ આ કે વારેવારે ભૂખ લાગે, ઈષ્ટ રસની ખણજો ઊઠે, અનુકૂળની ઝંખનાઓ રહે, પ્રતિકૂળના ભય લાગ્યા કરે, ઈન્દ્રિયોના વિષયવિકારો સળવળે, મનના દ્વેષ-ઈર્ષ્યાદિ ઉકળાટ જાગે, ઇત્યાદિ છે. તપ-સંયમનો અભ્યાસ પડતાં એ બધાં શમી જાય છે. (૨) ત્યારે તપ-સંયમથી દુઃખદાયી અશાતા-અંતરાય-મોહનીયાદિ કર્મ નાશ પામે છે, યાવત્ સર્વ કર્મક્ષય થાય છે. તેથી ભવિષ્યમાં એથી આવનારાં દુઃખ અટકે છે.

**'નિયાણાંરહિત' કેમ કહ્યું ? :**

પરંતુ જો 'તપસંયમથી મને ઇંદ્રાદિની ઋદ્ધિ મળો' વગેરે નિયાણું કરે તો એમાં વર્તમાનમાં પણ લોભકષાયનો ઊકળાટ ઊઠ્યો, એ પાછું દુઃખ જ ઊભું થયું. તેમ ભવિષ્યમાં એ સમૃદ્ધિ પ્રાપ્ત થઈને એમાં બુદ્ધિ બગડવાથી નરકાદિનાં દુઃખ લાવનાર કર્મ બંધાવાનાં. આ વર્તમાન અને ભાવી બંને દુઃખદ સ્થિતિ તરફ આખમીંચામણાં એ અજ્ઞાન છે, મોહ છે. તેથી એમાં આર્તધ્યાન આવીને ઊભું રહે છે. વળી, રાગરક્ત બની ઈષ્ટ સમૃદ્ધિનું નિયાણું કર્યું એ તો સ્પષ્ટ ચોથા પ્રકારનું આર્તધ્યાન છે જ. માટે કહ્યું કે તપસંયમ નિયાણાંરહિત હોય તો જ ધર્મધ્યાનરૂપ છે.

પ્ર૦- ઠીક છે, પરંતુ 'તપસંયમથી મારે સર્વ કર્મનો ક્ષય થઈ મોક્ષ થાઓ' એ આશંસા પણ એક જાતનું નિયાણું જ છે ને ? તો એ હોય ત્યાં પણ 'નિયાણાંરહિત' ક્યાં આવ્યું ?

ઉ૦- વાત સાચી છે. નિશ્ચયનયથી આ પણ નિયાણું જ છે, માટે પરમાર્થથી આવી આશંસા રાખવાનો પણ નિષેધ છે. એટલા જ માટે આ શાસ્ત્રવચન મળે છે કે –

**मोक्षे भवे च सर्वत्र निस्पृहो मुनिसत्तमः ।**
**प्रकृत्याभ्यासयोगेन यत उक्तो जिनागमे ॥**

અર્થાત્, કારણ કે જિનાગમમાં કહ્યું છે કે સ્વસ્વભાવના અભ્યાસના લીધે ઉત્તમ મુનિ મોક્ષ અને સંસાર બંને તરફ નિઃસ્પૃહાવાળો બને છે. મુનિ 'અહિંસાદિ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ અને ક્ષમાદિ યતિધર્મ એ તો મારો આત્મસ્વભાવ' એમ સચોટપણે લક્ષમાં રાખીને એનું સહજ વૃત્તિરૂપે સતત અને એકતાન સેવન કર્યે જાય છે. ત્યારે દૃષ્ટિ એના પર જ હોઈ, અને ભાવના યાને સતતાભ્યાસથી આત્મા એનાથી ભાવિત થઈ ગયેલો હોવાથી આત્મામાં એની જ રમણતા રહેતી હોય છે. તેથી એ સ્થિતિમાં એ મહામુનિને કોઈ જ સ્પૃહા રહેતી નથી. યાવત્ સંસાર પર પણ નહિ અને મોક્ષ ઉપર પણ નહિ. આ તો નિશ્ચયનયથી વાત થઈ.



**મોક્ષની ઈચ્છાથી ચિત્તશુદ્ધિ-માર્ગપ્રવૃત્તિ :**

પરંતુ વ્યવહારનયથી વસ્તુ જુદી છે. તે એવા આત્માઓ માટે કે જેમને હજી એવી ભાવના યાને સતત અભ્યાસથી થતી અહિંસા-ક્ષમાદિ અને સમિતિ-ગુપ્તિની આત્મસાતતા કે ભાવિતતા નથી આવી; એ મોક્ષની કાંક્ષા રાખે એમાં એમને 'નિદાન'નો દોષ નથી; કેમકે એમને એ જ રીતે (૧) ચિત્ત શુદ્ધ થતું આવે છે તેમ જ (૨) મોક્ષોપયોગી ક્રિયામાં જોરદાર પ્રવૃત્તિ થતી રહે છે. કર્મક્ષય—મોક્ષની જ ઉત્કટ ઈચ્છા રહે એટલે જ બીજી સાંસારિક ભૌતિક ઈચ્છાઓ કે જે ચિત્તને બગાડનારી છે એ ઈચ્છાઓ મરતી આવે, અને એથી ચિત્ત શુદ્ધ થતું આવે એ સહજ છે. ત્યારે મોક્ષેચ્છાથી મોક્ષોપયોગી ક્રિયામાં જોરદાર પ્રવૃત્તિ રહ્યા કરવાથી મન એમાં તન્મય બનતું આવે એટલે અહિંસા, ક્ષમાદિથી ભાવિત થતું જાય. આમ પરિણામે ઉત્કૃષ્ટ ચિત્તશુદ્ધિ અને પૂર્ણ અહિંસાદિ-ભાવિતતા ઊભી થતાં પૂર્વે કહ્યું તેમ સર્વથા નિઃસ્પૃહભાવ પ્રગટે છે, જેમાં મોક્ષની પણ સ્પૃહા નહિ.

પ્ર૦- છતાં મોક્ષની ઈચ્છા કેમ જરૂરી ?

ઉ૦- અહીં સમજવાનું છે કે પ્રારંભિક જીવને હજી બિલકુલ નિઃસ્પૃહભાવની દશા તો આવી નથી એટલે ઈચ્છાઓ તો રહેવાની. એમાં જો મોક્ષની યાને સર્વસંગરહિતતાની ઈચ્છા નહિ હોય તો ભૌતિક સુખના સંગની ઈચ્છા રહેવાની. એથી ક્યારેય એ ઊંચો જ નહિ આવે. એ તો મોક્ષની ઈચ્છા રાખે તો જ એના મનને એમ થાય કે મોક્ષ મારે એટલા માટે જોઈએ છે કે સંસારમાં જે જન્મ-મરણ આદિની વારંવારની પીડાની અને જીવની એમાં કર્મ તરફથી નાલેશીની દુર્દશા છે એ મોક્ષમાં નથી. પરંતુ આ સંસાર દુન્યવી જડ-ચેતનના સંગ હશે ત્યાં સુધી નહિ છૂટે અને મોક્ષ નહિ મળે. માટે મારે આ સમસ્ત સંયોગો-સંગો ન જોઈએ. આમ, મોક્ષની ઈચ્છાની પાછળ સર્વસંગરહિતતાની ઈચ્છા ઊભી થાય છે. એમાં બધા જ ભૌતિક સુખના સંગથી બચવાની ઈચ્છા બની આવે છે. એ જેટલી બળવાન એટલું અહિંસા, સત્ય... અપરિગ્રહ વગેરેનું પાલન જોરદાર બને છે, એટલી સમિતિ-ગુપ્તિ-સ્વાધ્યાય-સામાચારી વગેરે સંવર-નિર્જરા માર્ગોની આરાધના બળવાન અને વેગવાન બને છે; જે ઉત્કૃષ્ટ થતાં આત્મામાં સહજ જેવી થઈ જવાથી પછી મનને એમ નથી થતું કે આ સાધના હું કરું તો મને મોક્ષ મળે. એ તો સહજ ભાવે જ થઈ જાય છે. તેથી ત્યાં મોક્ષની પણ ઈચ્છા નહિ.

બીજું એ પણ છે કે **'न प्रयोजनं विना मन्दोऽपि प्रवर्तते'** એ ન્યાયે અજ્ઞાન માણસ પણ પ્રયોજન વિના કોઈ ઉદ્દેશની ઈચ્છા વિના પ્રવર્તતો નથી, તો સજ્ઞાન અભ્યાસી આરાધક મોક્ષનાં પ્રયોજનથી મોક્ષની ઈચ્છાથી જ પ્રવર્તે એ સહજ

છે. એ પણ હકીકત છે કે પ્રવૃત્તિમાં ચિકીર્ષા યાને કરવાની ઈચ્છા કારણ છે. તો મોક્ષાર્થ પ્રવૃત્તિમાં મોક્ષની ઈચ્છા જરૂરી છે.

વળી મોક્ષની ઈચ્છા એટલે અસંગ-નિઃસંગતાની ઈચ્છા હોવાથી ચિત્તમાંથી સંગને દૂર કરતો રહે છે; ને એથી ચિત્ત નિર્મળ થતું આવે છે. ભૌતિક સુખના સંગને લીધે જ ચિત્ત રાગાદિથી મલિન રહે છે. નિઃસંગતાની બળવાન ઈચ્છા પર સહેજે એ રાગાદિમળ દૂર થતા આવે. સારાંશ, મોક્ષની તીવ્ર ઈચ્છાથી જ ચિત્તશુદ્ધિ અને માર્ગપ્રવૃત્તિ પ્રબળ થતી આવે છે. એટલે એવી ઈચ્છા એ કોઈ પાપનિયાણું નથી.

આ ગાથા ૧૧મી અને ૧૨મીમાં મુનિને રોગમાં આર્તધ્યાન કેમ ન હોય, દવા-ઉપચાર કરે તો પણ એમને આર્તધ્યાનનો બીજો પ્રકાર કેમ નહિ, એની એની વિચારણા થઈ.

અહીં ટીકાકાર મહર્ષિ કહે છે કે 'બીજાઓ આ બે ગાથાની વ્યાખ્યા મુનિને ચારે પ્રકારના આર્તધ્યાનનો નિષેધ કરવામાં કરે છે. અર્થાત્ એમના અભિપ્રાયે આ બે ગાથા એ બતાવે છે કે મુનિને ચારે આર્તધ્યાન કેમ નહિ. પરંતુ આ વ્યાખ્યા આ અભિપ્રાય અત્યન્ત સુંદર નથી. કારણ એ છે કે મુનિને આર્તધ્યાનનો પહેલો પ્રકાર 'ઈષ્ટ-સંયોગ-અવિયોગનું આર્તધ્યાન' તથા ત્રીજો પ્રકાર 'અનિષ્ટ-વિયોગ-અસંયોગનું આર્તધ્યાન' થવાને અવકાશ જ નથી; કે જેથી શંકા ઊઠે કે 'તો પછી મુનિને કેમ ઈષ્ટ સંયોગ-અનિષ્ટવિયોગની પ્રવૃત્તિ કરવા છતાં આ આર્તધ્યાન નહિ ?', અને એ શંકાના નિવારણ માટે હેતુદર્શક આ બે ગાથા કહેવી પડે. મુનિએ મૂળમાં જ દુન્યવી ઈષ્ટ-અનિષ્ટ કશું રાખ્યું નથી, પછી એના આર્તધ્યાનની શંકા જ શાના ઉપર થાય કે જેનાં સમાધાન અર્થે આ ગાથાથી હેતુ બતાવવા પડે. તેથી શંકા બરાબર સંગત નહિ હોવાથી આ ગાથાને એના નિવારણ અર્થે ન યોજી શકાય.

ત્યારે ૨જો પ્રકાર વેદનાના આર્તધ્યાનની શંકા ઠીક ઊઠવાને અવકાશ છે, કેમકે મુનિને રોગ આવે છે, ને એ રોગ મટાડવા ઔષધોપચાર પણ કરે છે. તો ત્યાં શંકા સહેજે થાય કે તો પછી મુનિને ૨જા પ્રકારનું વેદના-સંબંધી આર્તધ્યાન કેમ નહિ ? એટલે 'આ શંકાના નિવારણ માટે અર્થાત્ મુનિને રોગમાં વેદના સંબંધી ૨જા પ્રકારનું આર્તધ્યાન કેમ નહિ એ બતાવવા માટે આ બે ગાથા મૂકી' :- આવી વ્યાખ્યા સુસંગત થાય.

હવે પ્રશ્ન થાય કે આપે આર્તધ્યાનથી સંસાર વધવાનું કહ્યું, તો તે શી રીતે ? એનો ખુલાસો એ છે કે આર્તધ્યાન એ સંસારનું બીજ હોવાથી સહેજે એમાંથી સંસાર નીપજે, સંસાર વધે. હવે આર્તધ્યાન એ સંસારનું બીજ છે એ



**रागो दोसो मोहो य जेण संसार हेवयो भणिया ।**
**अट्टंमि य ते तिण्णि वि, तो तं संसारतरुवींयं ॥१३॥**

**અર્થ :- જે કારણથી રાગ દ્વેષ અને મોહ એ સંસારના કારણ કહ્યાં છે, અને આર્તધ્યાનમાં એ ત્રણે ય છે, તેથી આર્તધ્યાન એ સંસારવૃક્ષનું બીજ છે.**

હકીકતને સ્પષ્ટ અને દૃઢ કરવા કહે છે,—

**વિવેચન :- આર્તધ્યાન સંસારવૃક્ષનું બીજ :-**

ભગવાન શ્રી તીર્થંકરદેવો કહે છે કે રાગ દ્વેષ અને મોહ એ સંસારનાં કારણ છે, અને આર્તધ્યાનમાં એ ત્રણેય કામ કરી જાય છે, અંતઃપ્રવિષ્ટ છે, તો પછી આર્તધ્યાન પણ સંસારનું કારણ કેમ નહિ ?

પ્ર૦- સંસારનું કારણ તો મિથ્યાત્વાદિ પાંચ છે, રાગાદિ કેવી રીતે ?

ઉ૦- મિથ્યાત્વાદિ પણ રાગાદિના પાયા પર નભે છે, માટે મૂળમાં રાગાદિ કારણ કહેવાય. રાગાદિ એ પાયો આ રીતે, કે-(૧) અનંતાનુબંધીના કષાય યાને રાગ-દ્વેષ હોય ત્યાં સુધી મિથ્યાત્વ ખસે નહિ; ખસ્યું હોય ને એ રાગાદિ જો ઉદય પામી જાય તો મિથ્યાત્વ પાછું સજાગ બની જાય છે. ત્યારે (૨) અવિરતિ પણ, અપ્રત્યાખ્યાનીય કક્ષાના કષાય એટલે કે રાગ-દ્વેષ ઉદયમાં હોય ત્યાં સુધી, ઊભી જ રહે છે. તેથી અહીં પણ રાગ-દ્વેષ પાયામાં આવ્યા. (૩) તો કષાય તો રાગદ્વેષરૂપ છે જ. અથવા કહો કે ક્રોધ-માનાદિ કષાયો પણ ક્યાંક રાગ યા દ્વેષ હોવાને લીધે જ સળવળે છે. એમ, (૪) યોગ યાને મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિ પણ મૂળમાં રાગ-દ્વેષ હોવા પર નભે છે. અસત્ વિચાર, પાપવાણી કે અશુભ વર્તાવ કશા પર રાગ યા દ્વેષના લીધે જ ઉદ્ભવે છે. (૫) પ્રમાદમાં પણ રાગ-દ્વેષ કામ કરી રહ્યા હોય છે એ સમજાય એવું છે. આમ, જેમ મિથ્યાત્વાદિ પાંચેય સંસારહેતુ છે એમ એના પાયારૂપ રાગદ્વેષ તો જરૂર સંસાર-હેતુ કહેવાય.

પ્ર૦- તો પછી સંસારહેતુ રાગદ્વેષને જ કહો, એમાં સમાઈ જતા મિથ્યાત્વાદિને શા માટે કહો છો ?

ઉ૦- રાગદ્વેષ પર મિથ્યાત્વ વગેરે જુદા જુદા ભાવ થાય છે એ બતાવવા એને અલગ અલગ કહ્યા.

પ્ર૦- ઠીક છે, તો મોહને અલગ કેમ બતાવ્યો ?

ઉ૦- મોહ એ મિથ્યાજ્ઞાનરૂપ ભ્રમરૂપ છે, યા અજ્ઞાન-વિસ્મરણ-સંશયરૂપ છે. કોઈ ઠેકાણે રાગનું જોર ન હોય છતાં જો મિથ્યાજ્ઞાન હોય તો ય અસત્ પ્રવૃત્તિ થાય છે. દા.ત. ભર્તૃહરિ જેવાને સંસારનો રાગ મંદ પડી ગયો, પરંતુ સર્વજ્ઞ-

**कावोय-नील-कालालेस्साओ नाइसंकिलिट्ठाओ ।**
**अट्टज्झाणोवगयस्स कम्मपरिणामजणियाओ ॥१४॥**

**અર્થ :- આર્તધ્યાન કરનારને અતિ સંક્લિષ્ટ નહિ એવી કાપોત-નીલ-કૃષ્ણ લેશ્યાઓ હોય છે, તે લેશ્યા કર્મપરિણામથી ઉત્પન્ન થાય છે.**

શાસન નહિ મળેલું તેથી સૂક્ષ્મ અહિંસાદિમય પાંચ મહાવ્રત વગેરેનું ચારિત્ર હાથ નહિ લાગવાથી સૂક્ષ્મ જીવોની હિંસામય પ્રવૃત્તિ ચાલુ હતી, એ મોહ. એમ સર્વજ્ઞોક્ત યથાર્થ તત્ત્વ જાણવા સમજવા નહિ મળેલ તેથી મિથ્યાતત્ત્વની માન્યતારૂપી મોહમાં ફસ્યા રહેલા, ત્યારે મુનિઓને એવા રાગદ્વેષ કે એ મોહ નહિ છતાં શાસ્ત્રબોધ તેટલો વિસ્તૃત ન હોય, યા વિસ્મરણ થયું હોય કે સંદેહ હોય, તો એથી પણ ભૂલભાલ અસત્ પ્રવૃત્તિ આવી જવા સંભવ છે; એ પણ એક પ્રકારનો મોહ.

સારાંશ, રાગદ્વેષ અને મોહ એ સંસારનાં કારણ છે. આર્તધ્યાનના મૂળમાં આ કામ કરતા હોય છે, ને આર્તધ્યાનની સાથે રહી અને ટેકો કરનારા હોય છે. તેથી જો રાગાદિ સંસારનાં કારણ છે, તો એનાથી સમર્થિત આર્તધ્યાન સંસારવૃક્ષનું બીજ બને એમાં નવાઈ નથી. આર્તધ્યાન એ બીજનું કામ કરે છે, એના પર સંસારવૃક્ષ વિસ્તરે છે.

પ્ર૦- ઠીક છે, પરંતુ જો એમ એ સામાન્યથી સંસારવૃક્ષનું બીજ હોય તો પછી એને તિર્યંચગતિનું મૂળ કેમ કહેવામાં આવે છે ?

ઉ૦- અસલમાં આર્તધ્યાન એ મોક્ષગતિનું નહિ પણ તિર્યંચગતિનું કારણ હોવાથી જ સંસારનું કારણ છે, સંસારવૃક્ષનું બીજ છે; કેમ કે– તિર્યંચગતિ એ સંસાર જ છે. બીજાઓ એમ વ્યાખ્યા કરે છે કે તિર્યંચગતિમાં ઘણા જીવો છે., સંસારી જીવોનો મોટો ભાગ એટલે કે અનંતાનંત જીવો તિર્યંચગતિની એકેન્દ્રિય સાધારણ વનસ્પતિકાયમાં છે, અને એની કાયસ્થિતિ બહુ લાંબી; અર્થાત્ એ જીવોને એવી ને એવી એકેન્દ્રિય કાયામાં સતત જનમવા-મરવાનો કાળ બહુ છે, અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી છે. એટલે અહીં માત્ર તિર્યંચગતિમાં 'સંસાર' શબ્દનો ઉપયોગ કર્યો. આમ તો સંસાર ચાર ગતિનો; કિંતુ અહીં ઉપચારથી કહ્યું કે આર્તધ્યાન તિર્યંચગતિનું કારણ એટલે કે સંસારનું કારણ છે.

### આર્તધ્યાનમાં લેશ્યા

હવે આર્તધ્યાન કરનારને લેશ્યા કઈ તે કહે છે,–

**વિવેચન :-** લેશ્યા એ મન-વચન-કાયાના યોગના કાળે તેવા તેવા કૃષ્ણ નીલ આદિ દ્રવ્યના સહારે થતો આત્મ-પરિણામ છે. સરાગ જીવને એ પ્રશસ્ત-



અપ્રશસ્ત કષાયમાં બળ આપે છે. ધન્ના-શાલિભદ્ર મુનિને તપ-સંયમના રાગમાં ઊંચી તેજો-પદ્મ-શુક્લ-લેશ્યાનું બળ રહેતું તેથી ઉચ્ચ ભાવોલ્લાસનો અનુભવ કરતા.

આ લેશ્યા બે જાતની-૧. દ્રવ્યલેશ્યા, ૨. ભાવલેશ્યા, જીવની લેશ્યા કૃષ્ણ-નીલ-કાપોત તેજો-પદ્મ-શુક્લ વર્ણ સ્વરૂપ છે. શાસ્ત્ર એને કર્માન્તર્ગત દ્રવ્ય સ્વરૂપ, યા મન-વચન કાયયોગાન્તર્ગત દ્રવ્યસ્વરૂપ, યા સ્વતંત્ર પુદ્ગલસ્વરૂપ કહે છે. જીવ એને ગ્રહણ કરે છે, એટલે એ કૃષ્ણાદિ દ્રવ્યના સહયોગથી આત્મામાં તેવા પ્રકારનો એક પરિણામ ઊભો થાય છે, એ ભાવલેશ્યા છે. કહ્યું છે, –

**कृष्णादिद्रव्यसाचिव्यात् परिणामो य आत्मनः ।**
**स्फटिकस्येव तत्रायं लेश्याशब्दः प्रयुज्यते ॥**

અર્થાત્ કૃષ્ણ વગેરે દ્રવ્યોના સહયોગથી સ્ફટિકની જેમ આત્માનો જે પરિણામ થાય તેમાં લેશ્યા શબ્દનો પ્રયોગ થાય છે. સ્ફટિક ઉજ્જવળ હોય છે, પરંતુ એની પાછળ કાળો, લીલો વગેરે જેવા વર્ણનો કાગળ કપડું ધરાય, તેવા રંગે રંગાયેલો સ્ફટિક દેખાય છે. એમ અહીં કૃષ્ણાદિ દ્રવ્યના સંબંધથી આત્મા તેવા પરિણામવાળો યાને તીવ્ર-મંદ શુભાશુભ અધ્યવસાયવાળો બને છે. આ પરિણામને 'લેશ્યા' કહેવાય છે. શ્રેણિક રાજા અંતકાળે આરાધનામગ્ન હોવાથી શુભ અધ્યવસાયવાળા હતા, પરંતુ છેવટે કૃષ્ણલેશ્યામાં ચડ્યા. અલબત્ત, એ ક્ષાયિક સમકિતી હતા તેથી એમને અતિ ઉગ્ર અનંતાનુબંધી કષાય નહોતા, છતાં એની નીચેના અપ્રત્યાખ્યાનીય કષાયને કૃષ્ણલેશ્યાનું બળ મળ્યું, તેથી એમના દિલના અધ્યવસાય ભયંકર બગડ્યા અને મરીને નરકમાં ગયા.

લેશ્યા બે જાતની,-શુભ અને અશુભ. એમાં અશુભ ૩ પ્રકારે (૧) કૃષ્ણ, નીલ અને કાપોત. ત્યારે શુભ ૩ પ્રકારે, તેજોલેશ્યા, પદ્મલેશ્યા ને શુક્લલેશ્યા. આમાં આર્તધ્યાન રૌદ્રધ્યાન સેવનારને અશુભ લેશ્યા હોય છે. પરંતુ રૌદ્રધ્યાનીને એ કૃષ્ણાદિ લેશ્યા અતિશય સંક્લેશવાળી યાને ક્રૂર ભાવવાળી હોય છે, ત્યારે આર્તધ્યાનીને તેવા અતિ સંક્લેશવાળી નહિ, પણ એના કરતાં મંદ કૃષ્ણાદિ ત્રણ લેશ્યા હોય છે.

**આ લેશ્યા કોણ કરાવે છે ?** તેવા તેવા કર્મના ઉદય. અલબત્ત સાથે મન-વચન કાયાનો યોગ સહકારી કારણ છે, માટે જ લેશ્યા ૧૩ મા ગુણસ્થાનક સુધી જ હોય છે. ૧૪મે અયોગ અવસ્થા હોઈ ત્યાં કોઈ જ લેશ્યા નથી; અલેશ્ય અવસ્થા છે. છતાં લેશ્યા મુખ્યપણે કર્મપરિણામથી ઉત્પન્ન થાય છે; કર્મને આધીન છે. પછી એમાં મન-વચન-કાયયોગ યાને આત્માનો પુરુષાર્થ જેવા પ્રમાણમાં ભળવાનો, તેવી એ શુભાશુભ મંદ-તીવ્ર લેશ્યા થવાની.

**तस्सऽक्कंदण-सोयण-परिदेवण-ताडणाइं लिङ्गाइं ।**
**ईट्ठानिट्ठ-विओगाविओग-वियणानिमित्ताइं ॥१५॥**
**निन्दइ य नियकयाइं पसंसइ सविम्हओ विभूईओ ।**
**पत्थेइ तासु रज्जइ तयज्जणपरायणो होइ ॥१६॥**
**सद्दाइविसयगिद्धो सद्धम्मपरम्मुहो पमायपरो ।**
**जिणमयमणवेक्खंतो वट्टइ अट्टंमि झाणंमि ॥१७॥**

**અર્થ : આર્તધ્યાનના લિંગ (ચિહ્ન) છે આક્રંદ, શોક, ઊકળાટ, કૂટવું વગેરે. એ ઈષ્ટવિયોગ, અનિષ્ટ-અવિયોગ તથા વેદનાના કારણે થાય છે. (વળી એમાં) પોતાના કરેલા કાર્યની (અલ્પ ફળ આવતાં કે નિષ્ફળ જતાં) હલકાઈ બોલે છે, અને બીજાની સંપત્તિની વિસ્મિત હૃદયે પ્રશંસા કરે છે, અભિલાષા કરે છે, એમાં જ રક્ત બને છે, અને એને ઉપાર્જવામાં લાગી જાય છે, શબ્દાદિ વિષયોમાં ગૃદ્ધ મૂર્છિત બને છે, ક્ષમાદિ ચારિત્રધર્મથી પરાઙ્મુખ રહે છે, ને મદ્યાદિ પ્રમાદમાં આસક્ત થાય છે. આર્તધ્યાનમાં વર્તતો જીવ જિનાગમથી નિરપેક્ષ બને છે.**

**શુભ યોગોનું મહત્ત્વ :-** માટે જ જિનભક્તિ આદિ શુભ યોગોમાં રહેવાથી શુભ લેશ્યાનો લાભ મળે છે. ત્યારે વિષય-આરંભ-પરિગ્રહાદિના પુરુષાર્થ તો લેશ્યા બગાડી નાખે છે. સામાન્ય પણ બગડેલી લેશ્યામાં આર્તધ્યાન આવે; અને એનું ફળ પૂર્વે કહ્યું છે. માટે જ જૈનશાસ્ત્રો માનવજીવનનાં અનેક પ્રકારના શુભયોગમય કર્તવ્યો બતાવે છે. જેમાં જો રક્ત રહેવાય, તો અશુભ લેશ્યાથી બચી જવાય, આર્તધ્યાનથી અને સંસારવૃદ્ધિથી બચી જવાય; આમ છતાં આનો અર્થ એ નથી કે ઇંદ્રિય-વિષયસંપર્ક, પરિગ્રહ, આદિ અશુભ યોગોમાં અશુભ જ લેશ્યા અને આર્તધ્યાન જ થાય;' ના, એવું નથી, વિચારણા સારી રાખે, વાણી સારી બોલે, તો શુભ લેશ્યા પણ આવી શકે છે. છતાં એમાં એટલું છે કે કાયયોગ અશુભ છતાં મનોયોગ-વચનયોગ શુભ રહેવાથી લેશ્યા શુભ બને છે, ધ્યાન પણ શુભ આવે છે. ત્યાગ-વૈરાગ્યના એવા ઉત્કટ શુભ મનોયોગના પુરુષાર્થમાં ચડેલા ગુણસાગર શ્રેષ્ઠિપુત્ર આઠ કન્યાઓ સાથેના પાણિગ્રહણના અશુભ કાયયોગ વખતે શુક્લ ભાવનારૂપ મનોયોગ, શુક્લલેશ્યા, ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં ચડી વીતરાગ સર્વજ્ઞ બન્યા. તાત્પર્ય, પહેલા નંબરે કાયયોગ પણ શુભ રાખવો જોઈએ, અને બીજા નંબરે એ ન બને ત્યાં પણ વચનયોગ-મનોયોગ યાને વાણી-વિચાર તો શુભ જ રાખવા જરૂરી છે.



## આર્તધ્યાનનાં બાહ્ય ચિહ્ન

હવે આર્તધ્યાન દિલની અંદર પ્રવર્તે છે એ બાહ્ય કયા ચિહ્નથી ઓળખાય, એ બતાવે છે,–

**વિવેચન : અંતરમાંના આર્તધ્યાનનું કેટલું જોર ?**

કેટલીક વાર માણસ પોતાની જાતને ડાહ્યો સમજુ માની કલ્પી લે છે કે મને આર્તધ્યાન નથી થતું; પરંતુ દિલની અંદર એ પ્રવર્તતું હોય છે એ બાહ્ય લક્ષણ પરથી સાબિત થાય છે. કેમકે આ લક્ષણો અંતરમાં આર્તધ્યાન ચાલુ વિના પ્રવર્તતા નથી. ત્યારે રાતદિન આવાં એક યા બીજાં લક્ષણ ચાલતા હોય તો એ પરથી માપ નીકળે છે કે જીવને આર્તધ્યાનમાં રાતદિવસનો કેટલો મોટો ભાગ પસાર થાય છે. એ લક્ષણો આ પ્રમાણે છે,–

**આર્તધ્યાનનાં લક્ષણો :-**

કોઈ ઈષ્ટ વસ્તુ ચાલી જવાના, બગડી કે નષ્ટ થઈ જવાના કારણે, અથવા કોઈ અનિષ્ટ આવી પડેલી ન જવા કે ન સુધરવાના કારણે, યા કોઈ વેદનાના કારણે, જીવ

(૧) આક્રંદ કરે, મોટેથી પોક મૂકીને રુએ, યા

(૨) પોક વિના પણ આંસુભર્યા નયને દીન હીન જેવો બની જાય, અથવા

(૩) વાણીથી દિલનો ઊકળાટ, ધમધમાટ કાઢે, બખાળા કાઢે, અરુચિસૂચક શબ્દો બોલે, યા આગળ વધીને

(૪) માથું કૂટે, છાતી કૂટે કે પોતાના વાળ ખેંચી નાખે,

એ અંદરખાને સળવળતા આર્તધ્યાનને લીધે જ થાય છે. આર્તધ્યાનનાં એ બાહ્ય લિંગ-ચિહ્ન લક્ષણ છે.

**અનિષ્ટ બનવામાં આર્તધ્યાન :-**

(૧) આવું બહુ બને છે. પુત્ર મરી ગયો છે તો ઈષ્ટનો વિયોગ થયો છે. એના પર હવે કાંઈ એ પાછો નથી આવવાનો, છતાં પોક મૂકાય છે. દિવસો, મહિનાઓ વીતે તો ય કોઈ યાદ કરાવે, કે સ્વયં યાદ આવે, એટલે રડી પડાય છે. એ સૂચવે છે કે અંદરમાં એનું આર્તધ્યાન છે. એમ મનને વિપરીત કાંઈ બની ગયું; દા.ત. ખરીદતાં ઠગાયા, ચીજ હલકી આવી, હવે એનો બળાપો ૧૦-૨૦ જણા આગળ બહાર શબ્દથી વ્યક્ત કરાય છે, બખાળા કઢાય છે,-'આ કેવો કાળ આવ્યો ? વેપારી લુચ્ચા, ભેળસેળ ઘણી, સરકારી તંત્ર લાંચિયું...' વગેરે વગેરે. આ મનમાં પ્રવર્તતા આર્તધ્યાનને લીધે છે. એમ, ઘરમાં કાંઈ એવું જ પોતાને અનિચ્છનીય લાગતું બની ગયું, યા બીજાને ઈષ્ટ મળ્યું, પોતાને ન મળ્યું, ત્યાં

આર્તધ્યાન વધતાં પોતે માથું કૂટે છે, છાતી કૂટે છે... વગેરે; યા (૨) અનિષ્ટ નોકર આદિ માથે પડ્યો છે, હવે એ ખસતો નથી, કે (૩) કોઈ રોગાદિની વેદના પીડી રહી છે, ત્યાં જે હાય-બળાપા નીકળે છે એ અંદરના આર્તધ્યાનના લીધે.

આટલા મોટા રૂપમાં આક્રંદ-રુદન-તાડન આદિ ન હોય છતાં ય બીજાં પણ આર્તધ્યાનનાં લક્ષણ છે –

**(૪) સ્વકાર્યની નિંદા પાછળ આર્તધ્યાન :-**

(ગાથા-૧૬) પોતે કરેલ કોઈ બનાવટ, શિલ્પ, કળા, કે વેપારમાં ધાર્યું ન થયું, અલ્પ ફળ મળ્યું, નિષ્ફળ ગયું, તો એની ઘૃણા પ્રગટ કરે છે. દા.ત. બાઈને રસોઈમાં ચીજ બગડી; કપડું બરાબર ન ધોવાયું, સલાટને યા બીજા કારીગરને કારીગરી ધારી ન થઈ લાગી. ઘરમાં જ કાંઈક હોશિયારીના કામમાં ખોડખાંપણ રહી, કે નોકરી-ધંધામાં વાંકું-વચકું થયું, એના પર પછી એ બનાવટ વગેરેની નિંદા કરે, બીજાની આગળ કે મનોમન પણ 'આ ખરાબ થયું, ખોટું થયું' એમ ઘૃણા વ્યક્ત કરે, અરે ! આમ તો પોતે પોતાની આવડત સામગ્રી વગેરેના હિસાબે બરાબર કર્યું હોય છતાં બીજાનું તેવું કાર્ય સારું બનેલું જોઈ પોતે પોતાનું કામ વખોડે, એ અંદરમાં આર્તધ્યાન પ્રવર્તી રહ્યાનું સૂચવે છે.

**(૫-૮) અન્યના વૈભવ પર ચકિતતા, વૈભવ-ચાહના, લબ્ધ પર ખુશી, ને સહર્ષ વૈભવોદ્યમ પાછળ આર્તધ્યાન.**

(૫) એમ, પોતાને નહિ મળ્યું અને બીજાને સારી સંપત્તિ વૈભવ-બંગલો-મોટર-ફરનીચર વગેરે મળ્યું જોઈ એના પર ચકિત થાય, પ્રશંસા કરે, વૈભવના ગુણ ગાય, એ પણ આર્તધ્યાનનું લક્ષણ છે. અંતરમાં આશ્ચર્ય લાગે છે કે 'બીજાને મળ્યું એવું હાય ! મને ઈષ્ટ ન મળ્યું ? મને નહિ અને બીજાને આ કેવું સરસ મળ્યું !' અરે ! બજારમાંથી ક્યાંકથી કોઈ બીજો એવી સારી ચીજ લઈને આવ્યો એ દેખીને પણ આ થાય.

(૬) એમ પોતે એ માલસંપત્તિ-વૈભવની ચાહના કરે, ઝંખના કરે, પ્રાર્થના કરે, એ તેવા ઉદ્‌ગારાદિ બહારના લક્ષણથી દેખાય. એ પણ અંતરમાં રમી રહેલ આર્તધ્યાનના સૂચક છે. મનમાં 'આ ઈષ્ટ કેમ મળે' એના તન્મય ચિંતન વિના બહાર પ્રાર્થના ઈચ્છા પ્રશંસા શાની વ્યક્ત થાય ?

(૭) અથવા, મળેલી ચીજ-વસ્તુ, સંપત્તિ-સન્માન આદિમાં રક્તતા થાય, રાગ, ખુશી, આનંદ રહે, એ પણ મુખમુદ્રા, રહેણી-કરણી અને શબ્દમાં વ્યક્ત થાય છે. આ લક્ષણ પણ અંતરના આર્તધ્યાનનું સૂચક છે.

(૮) એમ, સંપત્તિ-સન્માનાદિ કમાવવા માટે હોંશભેર ઉજમાળ બને, ઉદ્યમ-



પરિશ્રમ કરે, ત્યાં પણ અંતરમાં આર્તધ્યાન રમતું હોય છે.

ઉપરનાં લક્ષણ કદાચ ધનના ઢગલા અંગે ન ય હોય, પણ એકાદ વસ્તુ અંગે અને તે ય મામૂલી ચીજ અંગે જ હોય, તો ય તે આર્તધ્યાનનાં સૂચક છે. ત્યારે વિચારણીય છે કે દિનભરમાં આ ને તે વસ્તુ અંગે કે આ ને તે બાબત અંગે ઘૃણા, પ્રશંસા, અભિલાષા, રાગ-રક્તતા, અને પ્રાપ્તિ યા નિવારણ માટેની મહેનત કેટકેટલી ચાલુ રહે છે એ પરથી એકેક દિવસમાં પણ કેટલા રકમબંધ આર્તધ્યાન પ્રવર્તતાં ગણાય ?

આ સિવાય પણ આર્તધ્યાનનાં બીજાં ચાલુ લક્ષણ આ પ્રમાણે પ્રવર્તતાં હોય છે,

**(૯) ઈન્દ્રિયોના ઈષ્ટ વિષયો પર ગૃદ્ધિ,** અર્થાત્ શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શને વિષે જે ગૃદ્ધ હોય, આસક્ત મૂર્છિત હોય, જેને એની કાંક્ષા અપેક્ષા રહેતી હોય, એ પણ આર્તધ્યાનમાં રમતો હોય છે. એવી એક ચીજ મનમાં પેઠી એટલી વાર, આર્તધ્યાન શરૂ જ છે. પછી અનિષ્ટ હશે તો ય તે મનને કોર્યા કરશે. જીવને વિષયાસક્તિ ક્યાં ઓછી છે ? પછી આસક્તિને લીધે મનમાં વિષયોના વિકલ્પો-વિચારો-કલ્પનાઓ એટલા બધા ચાલે છે કે એમાં ક્ષણવાર પણ મન ક્યાંક સ્થિર તન્મય થતાં એ આર્તધ્યાનનું રૂપક પકડે છે. આમાં કશું મળવા-ભોગવવાનું નહિ છતાં દિનભરમાં આવાં ય આર્તધ્યાન કેટલાં ?

વિષયગૃદ્ધિ રાખવી છે અને આર્તધ્યાન કરવું નથી એમ બને ?

**(૧૦) સદ્ધર્મ યાને શુદ્ધ ધર્મથી પરાઙ્મુખ** હોય એ પણ આર્તધ્યાનમાં રમતો હોય છે. જીવનમાં ધર્મને જો સ્થાન નથી અથવા છે તો ગૌણ, બહુ મામૂલી અને તે ય રાબેતા મુજબ અમુક ક્રિયા જ કરી દેવારૂપ હોય, તો એના મનમાં બીજું શું ચાલવાનું ? આડા, અવળા ફુજૂલ વિચારો; એમાં પછી કોઈ ઈષ્ટ-અનિષ્ટના અંગે મન સહેજ પણ સ્થિર થતાં આર્તધ્યાન આવી જ ઊભું છે. એમ, શુદ્ધ ધર્મ ક્ષમા મૃદુતા વગેરે ૧૦ પ્રકારનો ચારિત્રધર્મ. એનાથી પરાઙ્મુખતા એટલે ક્રોધ, માનાદિમાં ઓતપ્રોતતા રહેવાની. તેથી આર્તધ્યાન જ રહ્યા કરે, ખૂબી કેવી છે કે જીવનમાં ધર્મ તો હોય, પણ તે અશુદ્ધ, અસર્વજ્ઞ-કથિત ને હિંસા-રાગાદિ પાપથી મિશ્રિત હોય તો ત્યાં પણ એનાં વિધાન ખરેખર આત્મહિતકારી નહિ હોવાથી મનના માન્યા ઈષ્ટ બની જાય છે, ને તેથી જ તેના પર થતું ધ્યાન આર્તધ્યાનરૂપ બને છે. કેવી દુઃખદ સ્થિતિ ! ધર્મના નામ હેઠળની પ્રવૃત્તિમાં પણ આર્તધ્યાન ? માટે જ કહ્યું કે 'ધર્મ તે કે જે દુર્ગતિમાં પડતા આત્માને ધારી રાખે, બચાવી લે.'

**(૧૧) પ્રમાદમાં તત્પર** હોય, **'મજ્જં વિસય કસાયા નિદ્દા વિગહા ય પંચ**

**પમાયા'**, એ વચનથી દારૂ વગેરેનું વ્યસન, શબ્દાદિ વિષયોનું આકર્ષણ, ક્રોધાદિ કષાયો, નિદ્રા અને રાજકથા-ભોજનકથા વગેરે વિકથા એ પાંચ પ્રમાદ છે,-એમાં લીન રહે, એને પણ આર્તધ્યાન થયાં જ કરે છે. દા.ત. ઉપલક જોતાં એમ લાગે છે કે 'અમે ભોજનની છે એવી કોઈ વાત કરી એમાં આર્તધ્યાન શું ?' પરંતુ આ અજ્ઞાનતા છે. આની પાછળ ભોજનના ઈષ્ટ અનિષ્ટની કલ્પના વળગેલી જ છે, એટલે સહેજે એ આર્તધ્યાન કરાવે જ.

(૧૨) **જિનવચનની બેપરવાઈ રાખે** એ પણ આર્તધ્યાનમાં રમતો રહે છે.

પ્ર૦- 'સદ્ધર્મ પરાઙ્મુખ', કહ્યા પછી આ કહેવાની શી જરૂર પડી ?

ઉ૦- જરૂર એ કે 'સદ્ધર્મપરાઙ્મુખ' તો ન હોય, કમમાં કમ જીવનમાં સદ્ધર્મનાં જિનવચનની શ્રદ્ધા કરતો હોય, એટલી સન્મુખતા હોય, પરંતુ બીજી બાજુ અર્થ-કામમાં એવો ફસેલો રહે કે સદ્ધર્મ સાધવાનું બાજુએ રહે. તેથી પણ એ આર્તધ્યાનમાં ડૂબે છે. સાગરચંદ્ર શેઠ જિનમૂર્તિ ભરાવનારો, અને જિનવચન તરફ આકર્ષણ પામનારો બનેલો, છતાં વેપાર-ધંધામાં એવો ડૂબ્યો રહ્યો કે એથી આર્તધ્યાનમાં રમતો રહેવાથી તિર્યંચગતિનું આયુષ્ય ઉપાર્જી મરીને જિતશત્રુ રાજાના ઘોડા તરીકે અવતાર પામ્યો; જેને ત્રિલોકનાથ શ્રી મુનિસુવ્રત ભગવાને આવી પ્રતિબોધ પમાડ્યો. ક્ષણવારનું પણ આવું આર્તધ્યાન જીવને ભૂલો પાડી દે છે. ભગવાન શ્રી પાર્શ્વનાથનો જીવ પ્રથમ ભવે મરુભૂતિ જિનવચનનો આદર કરનારો અને શ્રાવકધર્મ સુંદર બજાવનારો તથા અંતે ગુનેગાર પણ ભાઈને ખમાવવા ગયેલો, છતાં પેલાએ એના મસ્તક પર શિલા મારી એથી વેદનાના આર્તધ્યાનમાં મરીને એ મરુભૂતિ શ્રાવક અટવીમાં જંગલી હાથી તરીકે જન્મ્યો. ત્યારે વિચારવા જેવું છે કે જિનધર્મ મળવા છતાં (૧) ખાન-પાન પૈસા-પરિવાર ધંધા-રોજગાર વગેરેમાં ઓતપ્રોત રહેનારને કેટકેટલાં આર્તધ્યાનના થોક ચાલે ? તેમ, (૨) ધર્મપ્રવૃત્તિ ય કરે, તો પણ ક્યારેક જો આર્તધ્યાનમાં ફસ્યો, ને જો એ જ વખતે આયુષ્ય બાંધી દે તો કેવી દુર્ગતિમાં ચાલ્યો જાય ? આ તો સદ્ધર્મની શ્રદ્ધા છતાં અધિક કે ઓછો સમય પણ સદ્ધર્મસેવનથી પરાઙ્મુખ રહેનારની વાત થઈ.

હવે જે મૂળમાં જ જિનવચનની અપેક્ષા વિનાનો જ હોય, એની બેપરવાહીવાળો અર્થાત્ શ્રદ્ધારહિત હોય એનો વિચાર કરીએ તો દેખાય કે એ તો વળી ઠીક જ આર્તધ્યાનમાં ઝાલ્યો રહે છે. જિનવચનની પરવા નથી તેથી જિને કહેલા હેય-ઉપાદેય ત્યાજ્ય આદરણીય તત્ત્વને ગણકારતો નથી. પછી ત્યાજ્યને સેવે તો છે પણ ઉપરાંત એની કોઈ અફસોસે ય નથી, ઊલટું શાબાશી લેશે 'આ કેમ ન સેવવા ? સેવવામાં કોઈ જ વાંધો નહિ.' આવું આવું માનશે બોલશે. એમ



**तदविरय-देसविरय-पमायपरसंजयाणुगं झाणं ।**
**सव्वप्पमायमूलं वज्जेयव्वं जइजणेणं ॥१८॥**

**અર્થાત્ એ આર્તધ્યાન અવિરતિમાં રહેલાને, કે દેશવિરતિધરને, અને પ્રમાદનિષ્ઠ સંયમધરને હોય છે. એને સર્વ પ્રમાદનું મૂળ સમજી સાધુજનોએ એનો ત્યાગ કરવો જોઈએ.**

આદરણીય તત્ત્વ અંગે વિરુદ્ધ માનશે-બોલશે. આ બંનેની આગળ-પાછળ આર્તધ્યાન રકમબંધ ચાલે એમાં નવાઈ નથી.

હવે **'આર્તધ્યાનના સ્વામી કોણ ?'** એનો વિચાર બતાવતાં કહે છે,–

**વિવેચન : આર્તધ્યાન કોને કોને ? :-**

આર્તધ્યાન અવિરતિધર મિથ્યાદૃષ્ટિ આત્માને હોય સમ્યગ્દૃષ્ટિ આત્માને હોય, દેશવિરતિધર શ્રાવકને ય હોય, તેમજ સર્વવિરતિધર પ્રમત્તમુનિને પણ હોય.

અવિરતિ એટલે પ્રતિજ્ઞાપૂર્વક હિંસાદિ પાપથી વિરામ નહિ, પાપનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ નહિ. પ્રતિજ્ઞા ન હોય અને હિંસાદિ કરતો ન હોય, એ તો માત્ર પાપની અ-પ્રવૃત્તિ છે, પણ વિરતિ નથી, પાપવિરામ નથી; કેમકે દિલમાં પાપની અપેક્ષા બેઠી છે કે 'અવસર આવ્યે મારે પાપ કરવાની છૂટ' માટે તો ત્યાગની પ્રતિજ્ઞા નથી કરતો. આવી અપેક્ષા એ અવિરતિ. એ ઊભી હોય ત્યાં ભલે પાપનું આચરણ ન હોય એવા પણ કાળે ઈષ્ટસંયોગ અનિષ્ટવિયોગ વગેરેનાં આર્તધ્યાન થયાં કરે એ સ્વાભાવિક છે. આવા અવિરતિવાળા આત્મા મિથ્યાદૃષ્ટિ ય હોય અને સમ્યગ્દૃષ્ટિ પણ હોઈ શકે. બધા જ મિથ્યાદૃષ્ટિ જીવો અવિરતિમાં જ બેઠેલા છે. કેમકે વિરતિ એ સમ્યક્ત્વ પછીની ભૂમિકા છે. પહેલી જિનોક્ત સર્વ તત્ત્વની શ્રદ્ધા જોઈએ; પછી જ સાચો વિરતિભાવ આવી શકે. માટે તો અભવી જેવા જીવો જૈન ચારિત્રદીક્ષા લેવા છતાં પણ અવિરતિમાં જ છે, પહેલે મિથ્યાત્વ ગુણસ્થાનકે છે.

હવે સમ્યક્ત્વ પામેલા અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો બે જાતના હોય, વિરતિધર અને અવિરતિધર. એમાં જેમને થોડા પણ પાપ-ત્યાગની દા.ત. 'હું ત્રસની હિંસા નહિ કરું, ઈત્યાદિ પ્રતિજ્ઞા નથી એ અવિરતિ-સમ્યગ્દૃષ્ટિ કહેવાય. એમને 'પાપનો ત્યાગ કરવો જ જોઈએ.' એવી શ્રદ્ધા છે, છતાં એ કરવાની હિંમત નહિ, તે અવિરતિમાં છે. એ સૂચવે છે કે હિંસા-પરિગ્રહાદિ પાપો તરફ ખેંચાણ હજી ઊભાં છે, એવી અવિરતિ પણ આર્તધ્યાનને પ્રેરે એમાં નવાઈ નથી.

એમ દેશવિરતિ એટલે કે જેણે દેશથી યાને અંશથી વિરતિ કરી છે, એને પણ બાકીની અવિરતિ ઊભી છે, એ આર્તધ્યાનને પ્રેરે છે.

પ્ર૦- તો એનો અર્થ એ કે સર્વાંશે વિરતિ કરી લે તો પછી આર્તધ્યાન ન રહે ને ?

ઉ૦- ના, એમાં પણ જો પ્રમાદ હોય તો આર્તધ્યાન સુલભ છે. સર્વવિરતિધર બે જાતની સ્થિતિમાં હોય. ૧. પ્રમાદવાળા અને ૨. પ્રમાદરહિત. એમાં રાગ, દ્વેષ, નિદ્રા, વિકથા, ધર્મમાં અનુત્સાહ, અજ્ઞાન વગેરે પ્રમાદ-અવસ્થામાં આર્તધ્યાન થાય છે, ઝીણો પણ પ્રમાદ આર્તધ્યાનને સુલભ બનાવે છે. કેમકે એ પ્રમાદ કોઈને કોઈ ઈષ્ટસંયોગનાં આકર્ષણ યા અનિષ્ટ વિયોગની ચિંતા કે વેદના સાથે સંકળાયેલો હોય છે, પછી આર્તધ્યાન કેમ ન ઊઠે ?

બસ, આ હિસાબે પ્રમાદરહિત યાને અપ્રમત્ત અવસ્થા હોય ત્યારે આર્તધ્યાનથી છુટકારો મળે. એટલે કહ્યું કે-'અપ્રમત્ત મુનિ કે જે સાતમે અને ઉપરના ગુણઠાણે હોય છે, એમને આર્તધ્યાન ન હોય.' આ જોતાં સમજાય એવું છે કે આર્તધ્યાનની કેટલી બધી સૂક્ષ્મતા છે કે મિથ્યાત્વ, અવિરતિવાળાને તો શું, કિંતુ સહેજ પણ પ્રમાદવાળાને ય એ આર્તધ્યાન લાગતાં વાર નહિ. આખો સંસાર છોડ્યો, સર્વવિરતિધર મુનિ થયા, તો પણ નિયમ નહિ કે આર્તધ્યાન ન જ આવે. માટે અહીં ગાથામાં કહ્યું કે 'આર્તધ્યાન એ સર્વ પ્રમાદનું મૂળ હોઈ યતિજને એનો ત્યાગ કરવો જોઈએ.' જો આર્તધ્યાન વર્તે છે તો પ્રમાદ આવતાં વાર નહિ. સ્વરૂપથી આર્તધ્યાન સમસ્ત પ્રમાદનું કારણ છે. માટે સાધુ અને શ્રાવક બંનેએ એમાંથી દૂર રહેવું જરૂરી છે.

પ્ર૦- પહેલાં જે એમ કહ્યું કે, 'પ્રમાદવાળાને આર્તધ્યાન થાય.' એનો અર્થ તો એ કે પ્રમાદ એ કારણ અને આર્તધ્યાન એનું કાર્ય થયું. તો પછી અહીં આર્તધ્યાનને સર્વ પ્રમાદનું મૂળ યાને કારણ કહ્યું, એ કેમ ઘટે ?

ઉ૦- વાત સાવ સાચી છે કે અંતરમાં રાગાદિ હોય તેથી આર્તધ્યાન ઊઠે છે. પરંતુ જીવને મન મળ્યું છે; તેથી એને કાંઇ ને કાંઇ લોચા વાળવા જોઈએ છે. એમાં 'કોઈ ઈષ્ટનો સંયોગ મળો', યા 'વિયોગ ન થાઓ', અથવા 'અનિષ્ટનો વિયોગ થાઓ', યા 'સંયોગ ન થાઓ', કે 'હાય ! વેદના બહુ પીડે છે, શાંત થાઓ', 'એવું કોઈને કોઈ આર્તધ્યાન ચાલ્યા જ કરે છે. પછી એની ચિંતા-સળવળાટ પાછળ જીવ થોડો જ જપ્યો રહે ? એ આર્તધ્યાનના જોસ ને પ્રવાહને લીધે વિષય-કષાયની ત્રિવિધ પ્રવૃત્તિ, વાણી-વિચાર-વર્તાવરૂપ ચાલ્યા વિના રહેતી નથી. એમ મદ્યાદિ વ્યસન નિદ્રા, નિંદા-વિકથા-કૂથલી પણ સુલભ બને છે. વળી ક્રિયાના ખેદ ઉદ્વેગ વગેરે દોષો પણ સેવાતા રહે છે. આ બધો પ્રમાદ જ છે. એનું મૂળ છે આર્તધ્યાન. આર્તધ્યાનથી હૃદય બગાડાય છે તેથી પ્રમાદસેવન ચાલે છે.



આમ, આર્તધ્યાન ભલે ઊઠે રાગ-દ્વેષ-મોહમાંથી, એટલે ત્યાં રાગાદિ પ્રમાદ એ કારણ અને આર્તધ્યાન એ કાર્ય થયું. કિન્તુ આર્તધ્યાન વારંવાર ચાલે એટલે સહજ છે કે એથી એ બધી પ્રમાદપ્રવૃત્તિ રહ્યા જ કરવાની. આ હિસાબે અહીં આર્તધ્યાનને સર્વ પ્રમાદોનું મૂળ કહી એને વર્જવાનું કહ્યું. આર્તધ્યાન બંધ કરી ધર્મધ્યાન ચલાવાય તો હૃદય પવિત્ર રહેવાથી પ્રમાદસેવન અટકી જાય. આટલી આર્તધ્યાનની વિચારણા થઈ.

•

## રૌદ્રધ્યાન

રૌદ્રધ્યાન પણ ૪ પ્રકારે છે – ૧. હિંસાનુબંધી, ૨. મૃષાનુબંધી, ૩. સ્તેયાનુબંધી, અને ૪. સંરક્ષણાનુબંધી, શ્રી ઉમાસ્વાતિવાચકવર્યે તત્ત્વાર્થ મહાશાસ્ત્ર (અ.૯,સૂ.૩૬) માં કહ્યું છે, **'હિંસા-ડનૃત-સ્તેય-વિષય-સંરક્ષણેભ્યો રૌદ્રમ્.'**

અર્થાત્ હિંસા, જૂઠ, ચોરી અને ઇન્દ્રિયવિષયનાં સંરક્ષણ માટે રૌદ્રધ્યાન થાય છે. 'રૌદ્ર' એટલે ભયાનક, યાને આર્ત કરતાં અતિ ક્રૂર ઉગ્ર. આ હિંસાદિ ચારમાંથી ગમે તે એક પર ચિત્ત ક્રૂર ચિંતનમાં ઊતરી જાય તો ત્યાં રૌદ્રધ્યાન લાગું થયું કહેવાય.

**કર્મબંધનું જજમેન્ટ ધ્યાન પર :-**

અહીં ધ્યાનમાં રહે કે આમાં હિંસાદિ ક્રિયા આચરવાની વાત નથી, હિંસા કશી ન કરતો હોય, વાણીથી જૂઠ કાંઈ પણ બોલતો ન હોય, છતાં મનમાં એ કરવા-બોલવાનો ક્રૂર ઉગ્ર અભિપ્રાય, ચિંતન, ચોંટ એ રૌદ્રધ્યાન છે. જેવું આર્તમાં એવું રૌદ્રમાં કાયાથી પ્રવર્તવાનું કે વાણીથી બોલવાનું કશું હોય નહિ, પણ માત્ર મનથી એનું દૃઢ ચિંતન કરે એ આર્ત-રૌદ્ર-ધ્યાન છે, ત્યારે ચોવીસે કલાક મન તો કાંઈ ને કાંઈ ચિંતવતું હોય છે, પછી એ ચિંતન આર્તધ્યાન કે રૌદ્રધ્યાનરૂપ ન બને એ માટે કેટલો બધો ખ્યાલ રાખવો પડે ? ધ્યાનને કર્મબંધ સાથે સીધો સંબંધ છે. કર્મ કેવાં બંધાય એનું જજમેન્ટ મનમાં તત્કાલ ચાલતા ભાવ યા ધ્યાનના પ્રકાર પર પડે છે. આર્તધ્યાને તિર્યંચગતિનાં કર્મ બંધાય છે, અને રૌદ્રધ્યાને નરકગતિનાં કર્મ બંધાય છે, તે પણ તરત જ બંધાય; એમાં ઉધારો નહિ. જે સમયે જેવું ધ્યાન, તે જ સમયે તેવાં કર્મ બંધાઈ જવાના. માટે જ જીવનમાં મોટું કામ, મોટી સાવધાની, મનમાં ખરાબ ધ્યાન અટકાવી શુભધ્યાન ચાલુ રાખવા અંગે રહેવી જરૂરી છે.

**सत्तवह-वेह-बंधण-डहणङ्कण-मारणाइ-पणिहाणं ।**
**अइक्कोहग्गहघत्थं निग्घिणमणसोऽहमविवागं ॥१९॥**

**અર્થ :- અતિ ક્રોધગ્રહથી પકડાઈ મનનું લક્ષ જીવોને પીટવા-વિંધવા-બાંધવા-બાળવા-નિશાન કરવા-મારી નાખવા ઈત્યાદિ પર ચોંટે (એ રૌદ્રધ્યાન છે.) એ નિર્દય હૈયાવાળાને થાય છે અને અધમ (નરકાદિપ્રાપ્તિના) ફળવાળું બને છે.**

**૧. હિંસાનુબન્ધી રૌદ્રધ્યાન**

હવે અહીં પહેલું હિંસાનુબંધી રૌદ્રધ્યાન સમજાવવા કહે છે,–

**વિવેચન : ૧ લા રૌદ્રધ્યાનમાં કેવાં ચિંતન :-**

અતિ ક્રોધમાં આવી જઈ નિર્દય હૃદયથી હિંસાનું એકતાન ચિંતન કરાય એ હિંસાનુબંધી રૌદ્રધ્યાન છે. હિંસા અનેક પ્રકારે ચિંતવાય છે. દા.ત. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના કોઈ પણ જીવની પ્રત્યે ક્રોધાન્ધ બની એમ ચિંતવે કે 'હું આ હરામીને ધોલ-ધબ્બા ફટકારી પાંસરો કરું', 'ચાબુકો સણસણાવી દઉં', 'લાતો ઠોકીને સીધો દોર કરી નાખું', અથવા 'નાક કાન વીંધી નાખું', 'દોરડાથી કે બેડીથી જકડી દઉં', 'જવાળાથી બાળી નાખું, લાલચોળ સળિયાથી ડામ દઉં', 'કૂતરા-શિયાળિયાના પગેથી નહોરિયાં ભરાવું, ઊઝરડા કોતરાવું', 'તલવારના ઝટકે કે ભાલો ઘોંચી યા ખંજર ભોંકી જાનથી મારી નાખું', અથવા 'ખૂબ રીબાવું', 'ફાડી નાખું, કચરી નાખું, છૂંદો કરી નાખું' વગેરે વગેરે જીવને પીડવાની વસ્તુ પર મન કેન્દ્રિત કરે, એ પહેલા પ્રકારનું રૌદ્રધ્યાન છે.

ત્યાં ગ્રહ-ભૂતની જેમ ક્રોધ ભારે વળગ્યો હોય છે. અને દિલમાંથી દયા તો સાવ જ નીકળી ગઈ હોય છે. પોતાનો સ્વાર્થ ભંગાયો હોય, સ્વમાન હણાયું હોય, કે વૈર હોય ત્યાં આમ બની આવે છે. શેઠને નોકર પર, માબાપને દીકરા પર, પાડોશીને પાડોશી પ્રત્યે વગેરેમાં પણ આમ બને છે. દેશ-પરદેશના તેવા સમાચાર જાણીને, કોરટમાં ગુનેગારને છોડી મૂક્યાનું સાંભળીને, ઈત્યાદિ ઈત્યાદિ કેઈ પ્રસંગે પરચિંતાવાળાનું મન રૌદ્રધ્યાન સુધી ચડી જાય છે. જેવું ક્રોધના આવેશથી, એવું અભિમાનમાં ચડીને પણ એમ બને છે. દા.ત. **રાવણે** અભિમાનથી ચક્ર છોડી લક્ષ્મણનું ગળું છેદી નાખવા ધાર્યું. માયાના કે લોભના આવેશમાં પણ એમ બને. કોણિકે રાજ્યના લોભમાં સગા બાપ **શ્રેણિકને** કેદમાં નખાવી સાટકા મરાવવા પર મન કેન્દ્રિત કર્યું.

ધ્યાનમાં ખૂબી તો એ છે કે પોતે એ હિંસા વગેરે કરવા ન ય પામે, હિંસાદિ ન ય કરી શકે, છતાં હિંસા વગેરે કરવામાં ચિત્ત દઢ લાગી ગયું હોય ત્યાં રૌદ્રધ્યાન



**पिसुणासब्भासब्भूयभूयघायाइवयणपणिहाणं ।**
**मायाविणोऽइसंधणपरस्स पच्छन्नपावस्स ॥२०॥**

**અર્થાત્ ચાડી ચુગલી, અનિષ્ટસૂચક વચન, ગાળ વગેરે અસભ્ય વચન, અસત્ય વચન, જીવઘાતના આદેશ, વગેરેનું પ્રણિધાન (એકાગ્ર માનસિક ચિંતન એ રૌદ્રધ્યાન છે.) એ માયાવીને કે ઠગાઈ કરનારને યા ગુપ્ત પાપીને થાય છે.**

લાગે છે, તો જીવનમાં એ દઢ ચિત્ત પણ કેટલી વાર થતા હશે ?

**રૌદ્રધ્યાનથી નરક :-** એ રૌદ્રધ્યાનનું પરિણામ બહુ કનિષ્ઠ આવે છે. નરકાદિ દુર્ગતિનાં દુઃખોમાં રીબાવું પડે છે. જીવન સારું ધર્મમય ગાળ્યું હોય, પણ ક્યારેક રૌદ્રધ્યાન આવે અને કદાચ એ જ વખતે આયુષ્ય બંધાઈ જાય તો નરકનું બંધાય અને એક વાર તો નરક ભેગા થવું પડે. **પ્રસન્નચંદ્ર** રાજર્ષિ મહાસંયમી-તપસ્વી મનોમન લડાઈ અને હિંસાના ધ્યાનમાં ચડ્યા અને એ જ વખતે શ્રેણિકે મહાવીર ભગવાનને એમની ગતિ પૂછી, તો પ્રભુએ કહ્યું, 'હમણાં મરે તો સાતમી નરકે જાય.' જીવન વલોપાતિયું લોભ-લાલચભર્યું કે અહંકારમાં તણાતું જીવાય તો રૌદ્રધ્યાન સુલભ બને છે. આટલી રૌદ્રધ્યાનના પહેલા પ્રકારની વાત થઈ.

**૨. મૃષાનુબંધી રૌદ્રધ્યાન**

હવે બીજા પ્રકારનું મૃષાનુબંધી રૌદ્રધ્યાન વર્ણવે છે,–

**વિવેચન : ૨જા પ્રકારનું રૌદ્રધ્યાન :-**

મૃષાનુબંધી રૌદ્રધ્યાન એ તેવા તેવા પ્રકારના દુષ્ટ વચન બોલવાના ઉગ્ર ચિંતનમાં થાય છે. બીજાની ચાડીચુગલી કરવાનું ચિંતવે, પોતાને ન ગમતી બીજાની વાત કોઈની આગળ મીઠું મરચું ભભરાવીને કહી દેવાની ચોક્કસ ઉગ્ર ક્રૂર ધારણા કરે, ત્યાં રૌદ્રધ્યાન લાગે છે. એમ તિરસ્કારવચન, ગાળ, અપશબ્દ યા અધમ અસત્ય બોલ સંભળાવી દેવાનું ચિંતવે, અથવા અસત્ય બોલવાનું ચિંતવે એ પણ રૌદ્રધ્યાન છે.

**અસત્ય વચન ૩ પ્રકારે હોય,** ૧. અભૂતોદ્ભાવન, ૨. ભૂતનિહ્નવ, ને ૩. અર્થાન્તર કથન. (૧) અભૂતોદ્ભાવન એટલે ન હોય એવી વસ્તુ બોલવી, દા.ત. આત્મા વિશ્વવ્યાપી નથી, છતાં કહેવું કે 'એ વિશ્વવ્યાપી છે.' પોતે શ્રીમંત કે વિદ્વાન ન હોય છતાં કહે છે કે 'હું શ્રીમંત છું, વિદ્વાન છું.' (૨) 'ભૂતનિહ્નવ' એટલે વસ્તુસ્થિતિ હોય એનો અપલાપ કરે. દા.ત. કહે કે 'આત્મા જેવી વસ્તુ જ નથી.' પૈસાદાર હોય છતાં કહે કે 'મારી પાસે પૈસા નથી.' (૩) 'અર્થાન્તરકથન' એટલે એક પદાર્થને બીજો જ પદાર્થ કહેવો; દા.ત. બળદને ઘોડો કહે, અસાધુને

**तह तिव्वकोहलोहाउलस्स भूओवघायणमणज्जं ।**
**परदव्वहरणचितं परलोयावायनिरवेक्खं ॥२१॥**

**અર્થ–જેવું એ દૃઢ ચિંતન બીજા પ્રકારમાં, તેવું ત્રીજા પ્રકારમાં (જરૂર પડ્યે) જીવઘાત કરવા સુધીનું પરદ્રવ્ય ચોરવાનું થતું અનાર્ય દૃઢ ચિંતન (એ રૌદ્રધ્યાન છે; ને એ) તીવ્ર ક્રોધ અને લોભથી વ્યાકુળ અને પરલોકના અનર્થની પરવા વિનાના જીવને થાય છે.**

સાધુ કહે... વગેરે.

એમ ભૂતોપઘાતી વચન એટલે એવું બોલે કે જેની પાછળ જીવને પીડા-કિલામણા-હિંસા થાય; દા.ત. કહે, 'છેદી નાખ, ભેદી નાખ, શેકી ઉકાળી નાખ, માર...' વગેરે. અલબત્ત આ વચનમાં દેખીતું જૂઠ જેવું કાંઇ નથી, છતાં પણ એમાં પરિણામ જીવઘાતનું છે, તેથી એ વસ્તુગત્યા મૃષા જ છે.

ઉપરોક્ત વચનોમાં અવાન્તર અનેક પ્રકાર આવે. દા.ત. 'પિશુન' તરીકે કેટલાય પ્રકારના અનિષ્ટસૂચક વચન હોય; જેમ કે કોઈ પોતાના કિંમતી કામે બહાર નીકળતો હોય, એને અપશુકનિયું કહેવું કે; 'તમારે ધબેડો વળવાનો છે. કાંઇ વળવાનું નથી...' વગેરે.

**અસત્ તરંગે રૌદ્રધ્યાન :-**

હવે રૌદ્રધ્યાનમાં એવું છે કે આવાં વચન બોલતો ન પણ હોય એ વખતે પણ એવું બોલવાનું નિષ્ઠુરપણે દૃઢ ચિંતન કરે તો એ રૌદ્રધ્યાન બને છે. માણસ વિચારવાયુમાં કે હલકી વિચારસરણીમાં જૂઠનાં એક યા બીજા પ્રકારનાં વચનનાં ચિંતન કેટલાંય કરતો હોય છે; ત્યાં રૌદ્રધ્યાનમાં કેમ ન ઝડપાય ? કોરટમાં જુબાની આપવાની હોય ત્યારે ખરેખર પૂછાવાનું તો શું ય આવે, પરંતુ મૂઢ માણસ પહેલેથી વિચારમાં ચડે છે કે 'કોરટમાં આમ પૂછશે, આમ પૂછશે... તો મને આવડે છે આવાં આવાં અસત્ય ઉત્તર આપી દઈશ;' ભલે પછી કદાચ એવું બોલવાનો અવસર ન ય આવે. છતાં આ નિષ્ઠુર ચિંતનમાં રૌદ્રધ્યાનને શી વાર લાગે ? એમ પુત્ર કે નોકર વગેરે ખરેખર ગુનામાં ન હોય છતાં બાપ કે શેઠ ગુનો કલ્પી ભયંકર ગુસ્સામાં ચિંતવે છે કે 'હરામખોર આવે એટલે આવાં આવાં ભારે તિરસ્કારનાં વચન સંભળાવી સીધો દોર કરી દઈશ;' પણ પછી બને એવું કે પેલો આવી ખુલાસો કરે ત્યારે રોષ ઊતરી જાય. છતાં પહેલાં ચિંતન કર્યું એ રૌદ્રધ્યાનની કક્ષાનું ય બની ગયું હોય.

**આ રૌદ્રધ્યાન કેવી કેવી રીતે આવે છે ? :-**



માયાવી જીવો દા.ત. વેપારી વગેરે, એમને બીજા પાસેથી યેન કેન પ્રકારે સ્વાર્થ સાધવો છે, એટલે એને સીસામાં ઉતારવા માટે સંકલ્પમાં ચડે છે કે 'હું આને આમ કહીશ, સાચા તરીકે જૂઠું આમ ગળે ઉતારી દઈશ...' આવાં મૃષાભાષણ હિંસા પ્રેરકવચન કે પાપોપદેશ પર મન કેન્દ્રિત થઈ જાય, એ માયાવીને રૌદ્રધ્યાન સુલભ થયું ગણાય.

એમ, બીજાને ઠગવામાં તત્પર હોય, જેમકે ભાઈએ ભાગ વહેંચી લેવામાં બીજા ભાઈને ઠગવો હોય, યા ભાગીદારે વેપારમાં ભાગીદારને ઠગવાની, યા દલાલે કે નોકરે સોદામાંથી ગાવલી ખાવામાં શેઠને ઠગવાની ઈચ્છા હોય, અથવા કબાડીએ કોઈ પણ પ્રવૃત્તિમાં ભોળાને સ્વાર્થથી કે વૈરવિરોધથી ઠગવો હોય ત્યાં એ માટે એ એવાં માયામૃષાનાં વચન મનમાં ઘડે, એ મનની ઘટના રૌદ્રધ્યાન થાય છે.

એમ, પ્રચ્છન્ન પાપી યાને ગુપ્તપણે પાપ કરનારો કે છૂપા પ્રપંચ રચનારો પણ બહાર પોતાની જાતને સારી નિષ્પાપ નિર્દોષ બતાવવી છે માટે મનમાં ઘડી રાખે કે 'જરૂર પડ્યે હું મારી નિર્દોષિતા કે સારાપણું બતાવવા આવી આવી રીતે વાત કરીશ,...' આ મનની ચીકણી ઘટનામાં રૌદ્રધ્યાન લાગે. અથવા પ્રચ્છન્ન પાપી એટલે મિથ્યાધર્મી બ્રાહ્મણ વગેરે પોતે ગુણહીન હોવા છતાં પોતાને ગુણવાન તરીકે ઓળખાવે, એ માટે બડફાં હાંકવાનું એનું માનસિક દૃઢ પ્રણિધાન એ પણ રૌદ્રધ્યાનરૂપ બને. ત્યારે ગુણહીન પોતાની જાતને ગુણવાન તરીકે જે ઓળખાવે છે એના કરતાં બીજો વળી ગુપ્ત પાપી કોણ છે ? ઉઘાડો પાપી તો પોતે દોષવાળો હોવાનું છૂપાવતો નથી. ત્યારે આ તો માંહી પોલ ને બહાર ગુણનો ઢોલ વગાડે છે, માટે પ્રચ્છન્ન પાપી છે. વળી પાપ છાનાં છપકાં કરવાં છે એનું પરિણામ એ કે પોતે ગુણહીન છતાં બીજાની આગળ ગુણિયલમાં ખપવા અને કૃત્રિમ વડાઈ ટકાવવા માટે એ બહાર ચોક્કસ પ્રકારના બોલ બોલવાનો. મનમાં એના જે નિષ્ઠુરતાભર્યા દૃઢ વિચાર ચાલે એ રૌદ્રધ્યાનમાં જાય. આ બીજો પ્રકાર થયો.

**૩. સ્તેયાનુબન્ધી રૌદ્રધ્યાન**

હવે ત્રીજા પ્રકારનું 'અસ્તેયાનુબંધી' રૌદ્રધ્યાન વર્ણવે છે,–

**વિવેચન : ૩ જા પ્રકારનું રૌદ્રધ્યાન :-**

ત્રીજા પ્રકારનું રૌદ્રધ્યાન ચોરીના ક્રૂર ચિંતનમાં થાય છે. 'બીજાના પૈસા, બીજાનો માલ, બીજાના પત્ની-પુત્રાદિ, બીજાની મિલકત-સાધન-સંપત્તિ કેમ ઉપાડું, કેવી રીતે હડપ કરું...' આવા ક્રૂર ચિંતનમાં તન્મય થાય ત્યાં આ રૌદ્રધ્યાન લાગે છે. એના ઉપાયો વિચારે છે, દાવપેચ-કપટને વિચારે છે, સામાની કેમ નજર ચૂકાવવી, કેમ સામાની આંખમાં ધૂળ નાખવી, વગેરે વગેરેની તન્મય વિચારણામાં

ચડે છે. જંગલના લૂંટારા અને શહેરના ચોરો તો આ રૌદ્રધ્યાનમાં ચડે, પણ શાહુકાર ગણાતા ય જ્યારે કૌટુંબિક સગાનું કે ભાગીદાર યા ઘરાક યા વેપારી કે શેઠનું કશું આંચકી લેવાના ક્રૂર ચિંતનમાં ચડે ત્યારે એ પણ રૌદ્રધ્યાનના ભાગી બને છે.

**રૌદ્રધ્યાન ક્રોધ યા લોભથી :-** આ રૌદ્રધ્યાન આવવાનું કારણ તીવ્ર ક્રોધ યા લોભ છે. જીવ જ્યારે કોઈના પર ઉગ્ર ક્રોધથી વ્યાકુળ બને છે, એને એના પર તીવ્ર વૈર-વિરોધ ઊભો થાય છે, ત્યારે એની ખાજ ઉતારવા, એને બતાવી આપવા એનું કશું તફડાવી લેવાના ક્રૂર ચિંતનમાં ચડે છે. એમ તીવ્ર લોભથી ગ્રસ્ત બનેલો જીવ ધારેલું કશું ગમે તે રીતે મેળવવા ચોરી-લૂંટ-ઉઠાવગીરી કરવાના ક્રૂર ચિંતનમાં ચડે છે. આ તીવ્ર ક્રોધી કે લોભીને ધાર્યું સફળ થશે કે કેમ એ નિશ્ચિત નથી. અરે ! એ ચોરીનો પ્રયત્ન પણ કરવા પામશે કે કેમ એ ય નક્કી નહિ, છતાં આંધળિયા કરીને અત્યારે જે એનું ક્રૂર ચિંતન કરે છે, એ તો રૌદ્રધ્યાનરૂપે લમણે લખાઈ જાય છે. તીવ્ર ક્રોધ અને લોભની વ્યાકુળતા જ એવી છે કે આવાં આંધળિયાં કરાવે.

ત્યારે જેને એવા આંધળિયાના યોગે આ જીવનમાં આવતા ભયંકર ફળનો વિચાર જ ન હોય, અહીં એ ચોરીમાં પકડાઈ જતાં કેવી સજા બેઆબરૂ વગેરે સરજાશે, એનો વિચાર કે ડર ન હોય; એને એ નહિ તો પરલોકમાં આ ઘોર પાપથી ઊભાં થયેલ ભયંકર અશુભ કર્મના અતિ કટુ વિપાકે કેવાં કેવાં નરક ગમનાદિ જાલિમ દુઃખ ભોગવવા પડશે, એની તો પરવા હોય જ શાની ? પરલોકના અનર્થોનો ય એ બેપરવા બને છે.

એટલે જ ચોરીના ઉગ્ર ચિંતનમાં જો એને કદાચ લાગે કે એની આડે કોઈ રોકવા-પકડવા આવશે તો એને મારવા સુધીનો ય નિર્ણય કરી લે છે. દૃઢપ્રહારી એવા ક્રૂર ધ્યાનથી ચોરી કરવા પેઠો, તો વચમાં આડે આવેલી ગાય વગેરેને એણે હણી નાખી. આવું ક્રૂર ચિંતન એટલા જ માટે અનાર્ય કોટિનું છે. આર્ય એટલે,- સર્વ ત્યાજ્ય ધર્મ જેવાં કે શિકાર જુગાર ચોરી વગેરે, એનાથી બહાર નીકળી ગયેલો. ત્યારે એમાં પડેલો તે અનાર્ય. એનાં એ ખરાબ કૃત્ય પણ અનાર્ય કહેવાય, અને એનાં ક્રૂર ચિંતન પણ એવાં જ કહેવાય, માટે અહીં આ રૌદ્રધ્યાનને અનાર્ય કહ્યું. આ ત્રીજો પ્રકાર થયો.

### ૪. સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન

હવે રૌદ્રધ્યાનના ચોથા પ્રકારની વાત.

**વિવેચન : ૪થા પ્રકારનું રૌદ્રધ્યાન :-**

સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન એ રૌદ્રધ્યાનનો ચોથો પ્રકાર છે. એમાં ધન-સંરક્ષણમાં મશગૂલ ઉગ્ર ચિંતન હોય છે. જીવને સારા સારા શબ્દ-રૂપ-રસ વગેરે વિષયો



**सद्दाइविसयसाहण-धणसारक्खण-परायणमणिट्ठं ।**
**सव्वाभिसंकण-परोवधायकलुसाउलं चित्तं ॥२२॥**

**અર્થ :- શબ્દાદિ વિષયોના સાધનભૂત પૈસાના સંરક્ષણમાં તત્પર અને સર્વની શંકા તથા બીજા (એના પર તાકનાર)ના ઘાતની કલુષિત બુદ્ધિથી વ્યાકુળ ચિત્ત-ચિંતન (એ ચોથું સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે.)**

મેળવવા-ભોગવવા બહુ ગમે છે, અને એની પ્રાપ્તિ ધનથી થાય છે. તેથી એ સાધનભૂત ધન મેળવવા-સાચવવા તત્પર રહે છે, એ માટે 'એ કેમ મળે, કેમ સચવાય', એના તરબોળ ચિંતનમાં ચડે છે. આમાં ખૂબી એ છે કે મેળવવાનું ચિંતન આર્તધ્યાનમાં જાય અને સાચવવાનું ચિંતન રૌદ્રધ્યાનમાં જાય; કેમકે મેળવવા કરતાં સાચવવાની બુદ્ધિમાં ક્રૂરતા આવે છે. અલબત્ત મેળવવાની લેશ્યામાં ય કોઈ જૂઠ-ચોરી-જીવઘાતની ક્રૂર વિચારણા હોય તો ત્યાં ય રૌદ્રધ્યાન પણ બની જાય. પરંતુ એમ તો સાચવવાના ચિંતનમાં 'આ મળેલું કેમ ટકે', એનું સામાન્ય ચિંતન હોય તો એ પણ આર્તધ્યાનરૂપ બને છે. છતાં સાચવવાની લેશ્યા જોરદાર રહે ત્યાં એનું ચિંતન ઉગ્ર ક્રૂર બનવાથી રૌદ્રધ્યાનરૂપ બની જાય છે.

ધન-સંરક્ષણના ચિંતનમાં ઉગ્રતા એટલા માટે આવે છે કે એ ધનને ગમે તે ભોગે સાચવવાની ભારે તાલાવેલી છે, અને તેથી બીજાઓ પર શંકા ખાય છે કે 'એ લઈ તો નહિ લે ?' વળી એ ભય વધતાં એ ધન નિમિત્તે જરૂર પડ્યે જીવઘાત સુધીની ક્રૂર લેશ્યા થાય છે કે 'બધાને મારી નાખવા સારા.' ભિખારીને ઠીકરામાં મળેલા એંઠવાડિયા માલ ઉપર પણ અતિ મમતા વશ એના સંરક્ષણની ચિંતામાં એમ થાય છે કે 'આ હું કોઈ પણ ભિખારીને દેખાડું નહિ, ક્યાંય એકાંત ખૂણે જઈને થોડું થોડું ખાઉં, જેથી આ ઝટ ખૂટી ન જાય. એમાં સંભવ છે કે ત્યાં ય બીજા ભિખારી માગવા આવે ! તો ય એમને જરીકે ન આપું. ત્યારે એ વળી કદાચ ઝુંટવવાય આવે. તો ય હું શાનો આપું ? એમના બાપનો માલ છે ? લેવા તો આવે ? એમના માથાં જ ફોડી નાખું.' આ સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે. ત્યારે મોટા લોભી રાજાની ય શી દશા છે ? એ ય પોતાનું રાજ્ય ટકાવી રાખવા અવસરે આવા વિકલ્પોમાં ચડે છે. કલ્પનામાં કોઈ રાજાનું આક્રમણ લાવી એની સેના સાથે એનો કચ્ચરઘાણ કાઢીને ય પોતાનું રાજ્ય સંરક્ષવાના રૌદ્રધ્યાનમાં ચડે છે.

આ રૌદ્રધ્યાન સજ્જનોને ઈષ્ટ નથી હોતું, કેમકે એમાં એક તો નાશવંત પરિગ્રહની અતિ મમતા રહી પરમાત્માદિનું શુભ ધ્યાન ચૂકાય છે; અને બીજું, સારા પણ માણસો માટે ય શંકા રહે છે કે 'એ લઈ તો નહિ લે ? કોને ખબર

**इयकरणकारणाणुमइविसय-मणुचिंतणं चउब्भेयं ।**
**अविरय-देसासं जय-जणमणसंसेवियमहाण्णं ॥२३॥**

**અર્થ :- આ પ્રમાણે સ્વયં કરવું, બીજા પાસે કરાવવા અને કરતાને અનુમોદવા સંબંધી પર્યાલોચન ચારે પ્રકારના રૌદ્રધ્યાનમાં જાય. (એના સ્વામી કોણ ? તો કે) અવિરતિ મિથ્યાદૃષ્ટિઓ સમ્યગ્દૃષ્ટિઓ અને દેશવિરતિ શ્રાવકો સુધીના જીવોના મનથી આ સેવાઈ શકે છે; અને તે અહિતકર નિન્દ્ય પાપ છે.**

---

શું કરે ?' વગેરે. ને તેમાં આગળ વધતાં ઉગ્ર ક્રોધ - હિંસાદિના પાપવિચારો સુલભ બને છે; ચિત્ત પાપિષ્ઠ અધ્યવસાયોથી વ્યાકુળ રહે છે.

અહીં પ્રારંભે **'શબ્દાદિ વિષયોનું સાધનભૂત'** એવું ધનનું વિશેષણ મૂક્યું. એ સૂચવે છે કે માત્ર એવા વિષયો મેળવવા-ભોગવવાના ઉદ્દેશથી ધનનું સંરક્ષણ કરવાનું ધ્યાન એ રૌદ્રધ્યાન સુધી પહોંચી જાય; પરંતુ દેવદ્રવ્યની સંપત્તિ-મિલકત સંરક્ષવાનું ચિંતન દુર્ધ્યાનમાં નહિ જાય. દેવદ્રવ્ય-સંરક્ષણની બુદ્ધિ તો ધર્મબુદ્ધિ છે.

**રૌદ્રધ્યાન કેટલે અને કોને ?**

હવે ચારે પ્રકારનાં રૌદ્રધ્યાનમાં વિશેષતા બતાવવા સાથે ઉપસંહાર કરે છે.

**ભાવાર્થ :-** હિંસા-મૃષા-ચોરી-સંરક્ષણના વિષયનું ક્રૂર ચિંતન એ હિંસાદિ જાતે જ કરવા અંગે હોય એવું નહિ, કિન્તુ હિંસાદિ બીજા પાસે કરાવવાનું ય ઉગ્ર ચિંતન હોઈ શકે; તેમજ બીજા એ હિંસાદિ કરતા હોય એની અનુમોદનાનું ય ક્રૂર ચિંતન સંભવી શકે છે. એમ દરેક પ્રકારમાં ૩-૩ રીતે રૌદ્રધ્યાન લાગે છે. દા.ત.

**હિંસાદિ કરાવવા અંગે રૌદ્રધ્યાન :-**

બીજા પાસે કોઈને પિટાવવા-બંધાવવા-વિંધાવવા-ડામવા-મારી નખાવવાનું ક્રૂર ચિંતન હોય; યા અસભ્ય-ચાડી-જૂઠ બોલાવવા કે હિંસાનો ઉપદેશ કરાવવાનું ય ચિંતન હોય; અથવા બીજા પાસે ચોરી લૂંટ વગેરે કરાવવાનું ય ક્રૂર ચિંતન હોય; અથવા બીજા પાસે વિષય સુખ સાધનભૂત ધન-માલનું સંરક્ષણ કરાવવા અંગે પણ એવું ચિંતન હોઇ શકે; જેમકે 'હું અમુક પાસે આ હિંસાદિ કરાવું...'

**અનુમોદનથી કેમ રૌદ્રધ્યાન ? :-**

એમ સ્વયં કરવાનું કે બીજા પાસે કરાવવાનું ય નહિ, કિન્તુ કોઇ એ હિંસા-જૂઠ વગેરે આચરતા હોય એની અનુમોદના કરવાનું ય ક્રૂર ચિંતન હોઇ શકે. જેમકે મનને એવા ક્રૂર ભાવ થાય કે 'ફલાણાએ પેલાને માર્યો કૂટ્યો એ સરસ થયું ! એ એજ દાવનો હતો.' લડાઈના કાળમાં અજ્ઞાન લોકોએ આવાં ચિંતન બહુ કર્યાં. જાપાન-જર્મને બ્રિટિશ માણસોનાં કચ્ચરઘાણ કર્યાં. તે જાણી



ખુશી થઈ એની અનુમોદનાનાં ક્રૂર ચિંતન કર્યાં. એવું હુલ્લડમાં બને છે. એમાં અમુકની કત્લ થયાનું જાણી ખુશીનું ચિંતન થાય છે. અથવા હિંસામય મીલ વગેરેના સારી કમાઈનો ધંધા પર એવું ચિંતન થાય છે. અરે ! પોતાને જેના પર અરુચિ છે, એ કોઈથી કૂટાય-લૂંટાય, કે અકસ્માત્‌નો ભોગ બને, એના પર ખુશીનું ક્રૂર ચિંતન થાય છે. આ બધું રૌદ્રધ્યાન છે.

એમ કોઈ જૂઠ બોલ્યું, કોઈએ ગાળો દીધી, ચાડી ખાધી, ખતરનાક સાક્ષી ભરી, એ ગમવા પર એની અનુમોદનાનું ક્રૂર ચિંતન થાય; એમ કોઈએ કરેલ ચોરી, લૂંટ, ઉઠાઉગીરી અંગે ખુશીનું ચિંતન થાય; અથવા સિફતથી હોશિયારીથી અને બીજાના ઘાત સુધીની તૈયારી રાખીને ધનનાં સંરક્ષણ કર્યાની અનુમોદનાનું ચિંતન થાય, દા.ત. સેફડિપોઝિટ વોલ્ટમાં ચાલુ વિજળી પાવર સાથે ધનરક્ષા થાય છે કે જેમાં કોઈ લેવા ઘૂસે તો વિજળીક કરંટમાં ચોંટીને મરી જ જાય, તો એવા ધનરક્ષા પર ખુશીનું ચિંતન થાય કે 'વાહ ! આ સરસ સંરક્ષણ ! ચોરવા આવનારો હરામી ખત્મ જ થઈ જાય !' આ વગેરે ચિંતન ક્રૂર બનતાં રૌદ્રધ્યાનમાં લઈ જાય.

આજના ભૌતિકતા-ધનપ્રીતિ-વિષયાસક્તિ-મશીનરી-છાપા વગેરેના યુગમાં પોતાના જીવનને ચારે બાજુથી તપાસાય તો ખબર પડે કે ક્યારેક ક્યારેક હિંસા-જૂઠ-ચોરી-સંરક્ષણ જાતે કરવા અંગેનું ક્રૂર ચિંતન ભલે ન કર્યું પણ કરાવવા કે અનુમોદવા અંગેનું ય ક્રૂર ચિંતન આવી જાય છે કે નહિ ? આવતું હોય તો એ રૌદ્રધ્યાનના ઘરનું ચિંતન બનવાનું.

**પૂર્વે કહેલ આર્તધ્યાનના ચાર પ્રકારમાં પણ કરાવવા-અનુમોદવા અંગેનું ચિંતન સમજી લેવાનું છે.**

**હવે રૌદ્રધ્યાનના સ્વામી કોણ ?** અર્થાત્ કયા ગુણસ્થાનક સુધીના જીવને રૌદ્રધ્યાન આવી શકે ? તે કહે છે,-

મિથ્યાદૃષ્ટિ જીવોને તો બિચારાને સાચાં તત્ત્વની ગમ જ નથી શ્રદ્ધા જ નથી, એટલે એ તો રૌદ્રધ્યાનમાં ફસાય, પરંતુ અવિરતિ યાને વ્રત વિનાના સમ્યગ્દૃષ્ટિ અને વ્રતધારી દેશવિરતિ શ્રાવક પણ અવસરે એમાં ફસાઈ જાય છે. સર્વવિરતિધર મુનિને રૌદ્રધ્યાન ન હોય; કેમકે એ હિંસાદિ પાપોથી મન-વચન-કાયાએ પ્રતિજ્ઞા-બદ્ધ સર્વથા વિરામ પામેલા છે; એટલે એ કદાચ પ્રમાદવશ આર્તધ્યાનમાં ચડે, પરંતુ રૌદ્રમાં નહિ. નહિતર તો રૌદ્રધ્યાનના ચિંતનમાં ઉગ્ર કષાય થવાથી મંદ કષાયનું આ સર્વવિરતિ-ગુણસ્થાનક જ ગુમાવી દે. સાધુવેશ પડ્યો રહે, પણ આ ગુણસ્થાનકથી નીચે ઊતરી જાય. પ્રસન્નચંદ્ર રાજર્ષિ

एयं चउव्विहं राग-दोस-मोहाउलस्स जीवस्स ।
रोद्दज्झाणं संसारवद्धणं नरयगइमूले ॥२४॥

**અર્થ - આ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન રાગ, દ્વેષ અને મોહથી વ્યાકુળ જીવને થાય છે. એ સંસારની વૃદ્ધિ કરનારું અને નરકગતિનું મૂળ છે.**

રૌદ્રધ્યાનના અતિ ક્રૂર ચિંતન માત્રમાં ચડ્યા તો ઊતરી ગયા મિથ્યાત્વગુણઠાણે, અને ત્યાં સાતમી નરક સુધીનાં પાપ ભેગાં કર્યાં. એટલે મુનિને રૌદ્રધ્યાન ન હોય. બાકી દેશવિરતિ શ્રાવક સુધી એ ક્યારેક આવી શકે.

પ્ર૦- શ્રાવકને ત્રસની દયા-અહિંસાનું તો વ્રત છે, પછી એ એવા જીવોના ઘાતનું ચિંતન કેમ કરે ?

પ્ર૦- એને નિરપરાધી ત્રસ જીવોની નિરપેક્ષ હિંસા ન કરવાનું વ્રત છે; કિન્તુ અપરાધી ત્રસની અહિંસાનું વ્રત ક્યાં છે ? ત્યાં સંભવ છે કે એવાની હિંસાના ક્રૂર ચિંતનમાં ચડી જાય, તો રૌદ્રધ્યાન લાગે.

પ્ર૦- તો એ વખતે સમ્યક્ત્વ રહે ? જો ન રહે, તો તો એ તરત આ ગુણઠાણેથી નીચે પડવાનો, પછી આ ગુણઠાણે રૌદ્રધ્યાન ક્યાં રહ્યું ?

ઉ૦- એવું નથી, સમ્યક્ત્વ રહી શકે છે; કેમકે સમ્યક્ત્વમાં તો સર્વજ્ઞોક્ત હેય-ઉપાદેય પદાર્થની માત્ર યથાર્થ શ્રદ્ધા છે, પણ હેયનો ત્યાગ નહિ. એટલે કર્મવશ હેયનું સેવન કરે છે. છતાં 'હેય ખોટું' એવી શ્રદ્ધા-પરિણતિ અંદર ખાને હોઈ શકે છે. 'મારવામાં દોષ નહિ' એ બુદ્ધિને મિથ્યાત્વ-મોહનીય કર્મ કરાવે છે. 'સામાને મારું' એવી બુદ્ધિને ચારિત્ર મોહનીય કર્મ કરાવે છે. 'સામાને મારું' એવી બુદ્ધિને ચારિત્ર મોહનીય કર્મ કરાવે છે. તેથી મિથ્યાત્વ જઈ સમ્યક્ત્વ આવ્યું હોય છતાં ચારિત્ર મોહનીય કર્મ મારવાની બુદ્ધિ કરાવે એમ બને. માટે કહ્યું કે 'દેશવિરતિ સુધીના જીવોનું મન રૌદ્રધ્યાન પણ સેવી જાય.' અહીં 'મન' શબ્દ મૂક્યો તે ધ્યાનની વિચારણામાં મન એ પ્રધાન અંગ છે એ સૂચવવા મૂક્યો.

આમ ભલે દેશવિરતિ સુધીનાને રૌદ્રધ્યાન આવતું હોય પરંતુ તેથી કાંઈ એમનું એ ધ્યાન પ્રશંસનીય નથી. એ તો નિન્દ્ય છે, અકલ્યાણને કરનારું છે. એ સહેજ વધુ ટકે કે વધુ ઉગ્ર બને તો સંભવે છે, હૃદયમાં અનંતાનુબંધી કષાય ઊઠીને જીવને નીચે મિથ્યાત્વે ય ઘસડી જાય.



काबोय-नील-काला लेस्साओ तिव्वसंकिलिट्ठाओ ।
रोद्दज्झाणोवगयस्स कम्मपरिणामजणियाओ ॥२५॥
लिङ्गाइं तस्स उस्सण्ण-बहुल-नाणाविहाऽऽमरणदोसा ।
तेसिं-चिय हिंसाइसु बाहिरकरणोवउत्तस्स ॥२६॥

**અર્થ :-રૌદ્રધ્યાનમાં ચડેલાને તીવ્ર સંકલેશવાળી કાપોત-નીલ-કૃષ્ણ લેશ્યાઓ હોય છે, અને તે કર્મ પરિણામથી ઉત્પન્ન થનારી છે. ॥૨૫॥**

**રૌદ્રધ્યાનીના લિંગ-ચિહ્ન છે [૧]ઉત્સન્ન દોષ, [૨]બહુલ દોષ, [૩]નાનાવિધ દોષ અને [૪]આમરણ દોષ, (રૌદ્રધ્યાનના [૧]એક પ્રકારમાં સતત પ્રવૃત્તિ, [૨]ચારે પ્રકારમાં બહુ પ્રવૃત્તિ, [૩]હિંસાદિના ઉપાયોમાં અનેક વાર પ્રવૃત્તિ, અને [૪]સ્વ કે પરના મૃત્યુ સુધી ય અ-સંતાપ). આ લિંગો હિંસા-મૃષાદિમાં [૫]બાહ્ય સાધન વાણી-કાયા દ્વારા પણ લાગેલાને હોય. ॥૨૬॥**

**રૌદ્રધ્યાનનું ફળ અને લેશ્યા :**

હવે એ રૌદ્રધ્યાન કેવા બળ પર થાય અને તેથી શું વધે તથા કઈ ગતિ થાય એ બતાવે છે, —

**વિવેચન : રૌદ્રના મૂળમાં રાગ-દ્વેષ-મોહ.**

જે જીવ રાગથી કે દ્વેષથી યા મોહમૂઢતા-મિથ્યાજ્ઞાનથી વિશેષે આકુળ વ્યાપ્ત થાય, એને આ ચાર પૈકી ગમે તે પ્રકારનું રૌદ્રધ્યાન જાગે છે. જાગે જ એવો નિયમ નહિ, પરંતુ બહુ રાગ-દ્વેષ-મોહની પીડા ઊભી થઈ તો રૌદ્રધ્યાનને જાગવાની સગવડ થઈ. મમ્મણને ધનના બહુ રાગની પીડા રહી. અગ્નિશર્માને પછીના ભવોમાં સમરાદિત્યના જીવ પ્રત્યે બહુ દ્વેષની પીડા રહી, અને સુભૂમ ચક્રવર્તી બહુ મૂઢ બન્યો, તો એ બધામાં રૌદ્રધ્યાન આવ્યું. માટે ચિત્ત જો બહુ રાગ-દ્વેષ કે મોહથી પકડાઈ ગયું, તો પછી એના વિષય અંગે હિંસા-જૂઠ-ચોરી-સંરક્ષણના ક્રૂર ચિંતનમાં ય મન તન્મય બનવા સંભવ, અને તેથી રૌદ્રધ્યાન આવીને ઊભું રહેવાનું. માટે એનાથી બચવું હોય તો આ તીવ્ર રાગ-દ્વેષ-મોહને જ અટકાવ્યા રાખવા જોઈએ.

**સાનુબંધ કર્મથી સંસારવૃદ્ધિ :-**

વિચારવું જોઈએ કે રૌદ્રધ્યાન સામાન્યથી સંસારની વૃદ્ધિ કરનારું છે, અને વિશેષમાં નરકગતિનાં પાપ સરજનારું છે. સંસારવૃદ્ધિ એટલે ભવોની પરંપરા, એ સાનુબંધ પાપકર્મના યોગે થાય છે. 'સાનુબંધ કર્મ' એટલે ? અહીં રાજીપાથી દુષ્કૃત્યો કરાય એનાથી જે અશુભ કર્મ ઊભાં થાય તે એવાં, કે એ આગળના ભવે

ઉદયમાં આવતાં નવી પાપબુદ્ધિ થઈ નવાં દુષ્કૃત્ય થાય, નવાં અશુભ કર્મ બંધાય, તો તે પૂર્વનાં કર્મ અનુબંધ (પરંપરા) વાળાં યાને સાનુબંધ કર્મ કહેવાય. એવાં જે કર્મ દુઃખ તો આપે જ, પણ સાથે પાપબુદ્ધિ, નવાં પાપ અને એથી ભવની પરંપરા સર્જે, તે સાનુબંધ કર્મ. એવાં સાનુબંધ કર્મ ચિત્તના તીવ્ર સંક્લેશવાળા ભાવથી બંધાય છે. રૌદ્રધ્યાનમાં તીવ્ર સંક્લેશ હોય છે, તેથી એથી બંધાતા સાનુબંધ કર્મ દ્વારા ભવપરંપરા સર્જાય, સંસારની વૃદ્ધિ થાય એ સહજ છે.

વિશેષમાં રૌદ્રધ્યાન એ નરકગતિનું મૂળ છે. મૂળ પર વૃક્ષ સલામત. રૌદ્રધ્યાન ઉપર નરકગતિમાં પીડનારા કર્મોનું ઝાડ ઊગે છે. વ્યક્ત ઉત્કૃષ્ટ દુઃખોવાળી ગતિ, નરકગતિ; અને વ્યક્ત ઉત્કૃષ્ટ અશુભ ધ્યાન રૌદ્રધ્યાન. એ બેનો કાર્યકારણભાવ છે. ઉત્કૃષ્ટા અશુભ ધ્યાનથી ઉત્કૃષ્ટી અશુભ ગતિ; એ હિસાબે રૌદ્રધ્યાનથી નરકગતિ.

પ્ર૦- એમ તો અવિરતિ સમ્યક્ત્વી ને દેશવિરતિને ક્યારેક રૌદ્રધ્યાન આવી જવાનું કહ્યું, તો એમને કેમ નરકગતિ નથી બંધાતી ?

ઉ૦- એનું કારણ, સાથે રહેલ સમ્યક્ત્વ એ પ્રતિબંધક છે, યાને નરકગતિને અટકાવનાર છે. પરંતુ એવું રૌદ્રધ્યાન ઊઠે ત્યાં આપણામાં સમ્યક્ત્વ ટકવાનો વિશ્વાસ શો રખાય ? માટે સંસારવૃદ્ધિ અને નરકગતિથી બચવા સદા રૌદ્રધ્યાનથી બચવું.

હવે રૌદ્રધ્યાનીને કઈ લેશ્યાઓ હોય તે કહે છે,–

**વિવેચન : રૌદ્રધ્યાન વખતે લેશ્યા :-**

રૌદ્રધ્યાન વખતે જીવને કાપોતલેશ્યા, નીલલેશ્યા અને કૃષ્ણ લેશ્યા હોય છે. એમ તો આર્તધ્યાન વખતે પણ એ લેશ્યા હોય છે. કિન્તુ આમાં એ પેલા કરતાં તીવ્ર સંક્લેશવાળી હોય છે. લેશ્યા એ કર્મજન્ય પુદ્‌ગલપરિણામ છે, તેવા વર્ણનાં પુદ્‌ગલો છે, અને એના સંબંધથી જીવમાં તેવો ભાવ જાગે છે, રૌદ્રધ્યાનમાં રાગાદિના તીવ્ર સંક્લેશને લીધે લેશ્યાના પણ ભાવ અતિ સંક્લેશવાળા હોય છે. શ્રેણિક-કૃષ્ણમાં ક્ષાયિક સમ્યક્ત્વ હતું, છતાં અંત-સમયે કોણિક-દ્વૈપાયન ઉપર તીવ્ર દ્વેષ ઊઠવાથી હિંસાનુબંધી રૌદ્રધ્યાન આવ્યું તો ત્યાં તીવ્ર સંક્લેશવાળી કૃષ્ણ લેશ્યા આવી.

**રૌદ્રધ્યાનીનાં બાહ્ય ચિહ્ન**

હવે રૌદ્રધ્યાની કયા લિંગ-લક્ષણોથી ઓળખાય તે બતાવે છે,–

**વિવેચન : રૌદ્રધ્યાનનાં લક્ષણ :-**

અંતરમાં રૌદ્રધ્યાન પ્રવર્તે છે એની આ રીતના ચિહ્નોથી ખબર પડે કે,



પહેલાં તો અંતરનાં રૌદ્રધ્યાનને અનુરૂપ વચન અને કાયારૂપી બાહ્ય સાધનથી હિંસા-મૃષાદિમાં જીવ લાગેલો હોય. દા.ત. હિંસા અંગે વચન એવાં બોલતો હોય કે 'મારી નાખીશ, લમણું તોડી નાખીશ.. પેલા લુચ્ચાઓને તો મારી જ નાખવા જોઈતા હતા...' ઈત્યાદિ. આ હિંસાનુબન્ધી ધ્યાન અંગે. એમ મૃષાનુબંધી ધ્યાન અંગે એવાં વચન કાઢે કે 'આજ સાચાની દુનિયા નથી. એની આગળ તો જૂઠ જ ડફાવવાં જોઈએ. અમુકની પોલ તો ખુલ્લી જ પાડવી જોઈએ વગેરે. એમ સ્તેયાનુબન્ધીમાં એમ બોલે કે 'આજના શ્રીમંતોને તો લૂંટવા જ જોઈએ. સરકાર ટેક્ષ શું લઈ જાય ? એને તો એવા સફાઈબંધ તૈયાર કરેલા બનાવટી ચોપડા જ ધરવા જોઈએ કે એ વા ખાય. છતાં ઓફિસર ટેં પેં કરે તો મવાલી દ્વારા ઉડાડવો જોઈએ...' વગેરે. એમ સંરક્ષણાનુબંધી ધ્યાનમાં બોલે, 'આજે તો વિજળીક વગેરે સાધન મળે, એને કામે લગાડી એવી રીતે પૈસા તિજોરીમાં રાખવા કે જેથી ચોરવા જનારો મરે...' વગેરે.

જેમ વચનથી હિંસાદિમાં ઉપયોગવાળો, એમ કાયાથી એ રીતે હિંસાદિમાં ઉપયોગવાળો બને કે દા.ત. આંખમાં ખુનસ વરસતું હોય, હાથમાં છરો વગેરે લઈ ઉગામ્યો હોય, ખોપરી તોડી નાખવા મુઠ્ઠી ઉપાડી હોય, ગુંડાઓને સહાયમાં લઈને આવી ઊભો હોય... વગેરે.

આમ વચન-કાયાના પ્રયોગથી હિંસા-મૃષાદિમાં લાગેલો હોય, ને એ હિંસાનુબન્ધી આદિમાં પ્રવૃત્તિ [૧] ઉત્સન્ન, [૨]બહુલ, [૩]નાનાવિધ, અને [૪]આમરણ એમ ચાર દોષ વાળી હોય, તો એ રૌદ્રધ્યાનનાં લિંગ છે, જ્ઞાપક ચિહ્ન છે. એથી સમજાય કે અંતરમાં એને રૌદ્રધ્યાન પ્રવર્તે છે.

(૧) **'ઉત્સન્ન'** દોષ એટલે કે એ હિંસાદિ ચારમાંથી ગમે તે એકમાં સતત, મોટા ભાગે બહુવાર પ્રવર્તતો હોય, અર્થાત્ વારે વારે એ હિંસા કરે, હિંસાનું બોલે, યા જૂઠનું સમર્થન કરે... વગેરે. અથવા

(૨) **'બહુલ દોષ'** એટલે કે એમ માત્ર એકમાં નહિ, પણ એ બધા ય હિંસા-જૂઠ, આદિ ચારેમાં વાણીથી યા વર્તાવથી વારંવાર પ્રવર્તતો રહેતો હોય. યા

(૩) **'નાનાવિધ દોષ'** અર્થાત્ હિંસાદિના અનેક ઉપાયોમાં પ્રવર્તતો હોય; દા.ત. ચામડી ઉખેડવી, આંખ ફોડવી, વગેરે હિંસાના ઉપાય કહેવાય, એમાં ને જૂઠ-ચોરી-સંરક્ષણના વિવિધ ઉપાયોમાં પ્રવર્તતો હોય. અને

**परवसणं [५]अहिनंदइ [६]निरवेक्खो [७]निद्दओ [८]निरणुतावो ।**

**[९]हरिसिज्जइ कयपावो रोद्दज्झाणोवगयचित्तो ॥२७॥**

**અર્થ :- [૫]બીજાની આફત-સંકટ પર ખુશી થાય, ([૬]અહીંના અને પરલોકના ભય પ્રત્યે) બેપરવા હોય, [૭]નિર્દય હોય, [૮]પશ્ચાત્તાપ રહિત હોય, અને [૯]પાપ કરીને ખુશી થતો હોય, એવું રૌદ્રધ્યાન પામેલું ચિત્ત હોય છે.**

(૪) **'આમરણ દોષ'** એટલે કે બાહ્ય પોતાનું યા સામાનું મૃત્યુ થઈ જાય ત્યાં સુધી એને પોતાના આ હિંસાદિ દુષ્કૃત્યનો કોઈ પશ્ચાત્તાપ જ ન થાય. દા.ત. કાલસૌકરિક કસાઈને શ્રેણિક રાજાએ કૂવામાં ઊંધો લટકાવ્યો. જેથી એ હિંસા બંધ કરે; પરંતુ એણે તો ત્યાં ય મટોડાથી કૂવાની દીવાલ પર પાડા ચિતરી ચિતરી હાથેથી કાપવાનું કર્યું. અહીં તો માત્ર ઊંધો જ લટક્યો, પણ મરે તો ય શું ? હિંસાનો ઉકળાટ-ખુનસ પૂરો જ થાય નહિ.

આમ વચનથી કે કાયાથી જૂઠમાં, ચોરીમાં ને સંરક્ષણમાં પ્રવર્તે. આ બધાં રૌદ્રધ્યાનનાં લિંગ છે.

એવી રીતે બીજાં પણ લિંગ કહે છે,–

**વિવેચન :-** જેનું ચિત્ત રૌદ્રધ્યાનમાં ચડેલું હોય એનાં બીજાં પણ કેટલાંક ચિહ્ન આવાં હોય છે કે, –

(૫) બીજાને આફત-સંકટ આવે તો એના પર ખુશી દેખાડે, ચિત્ત બહુ સંક્લેશવાળું હોવાથી એને વધાવે કે 'આ ઠીક થયું કે એને આ આફત આવી. એ જ લાગનો એ હતો.'

(૬) જે કાંઈ દુષ્કૃત્યો સેવતો-કરતો હોય એ નિરપેક્ષ હૃદયથી, અર્થાત્ આ લોક કે પરલોકમાં એના કેવા અપાય-અનર્થ આવશે એનો કોઈ ભય નહિ, પરવા નહિ. દા.ત. બોલે કે 'આજે શાહુકારીમાં તો મરે; જૂઠ-ચોરીથી જ જીવાય, એમાં કશો વાંધો નહિ, પાપ-બાપ શાનાં લાગતાં હતાં ?'

(૭) જીવન જીવતાં બીજા જીવો પર દયા ન હોય, એના વાણી-વર્તાવ જ એવા નિર્દય-નિષ્ઠુર દિલના દેખાતા હોય; દા.ત. બોલે કે 'ભગવાને યા બીજા જીવો આપણાં જીવવા માટે જ બનાવ્યા છે. 'જીવો જીવસ્ય જીવનમ્...' 'આપણને હેરાન કરે એને ખત્મ જ કરો...' વગેરે. ચાલે તો ય નીચે કીડા-મંકોડા મરે એની પરવા ન રાખે. ખાનપાનમાં અભક્ષ્ય છૂટથી ને હોંશે હોંશે વાપરે... ઈત્યાદિ અંતરનું રૌદ્રધ્યાન સૂચવે છે.



(૮) વળી કોઈને દુઃખ દીધાં, કોઈ પાપ કર્યાં, અનુચિત વર્ત્યા... ઈત્યાદિનો સંતાપ-પસ્તાવો જ ન મળે. મોઢું-મુદ્રા જ એવી ધિટ્ઠી દેખાય, યા બોલે 'એમાં શું થઈ ગયું ? શું ખોટું કરી નાખ્યું ?' કોઈ શિખામણ આપે તો સામો થાય, 'એવું તે મેં શું કર્યું છે ? આ તમે જ મને હલકો પાડો છો...' આ શું ? અંતરમાંનાં રૌદ્રધ્યાનનો બહાર બખાળો.

(૯) પાપ કરીને ખુશ થાય, બહાર બડાઈ ગાય, 'કેવો એને મેં ફટકાર્યો ?' દા.ત. ત્રિપૃષ્ઠ વાસુદેવે સિંહને ચીરી નાખી અને શય્યાપાલકના કાનમાં ધખધખતું સીસું રેડાવી ખુશી અનુભવી. પાપની ભારે ખુશી દેખાય તો સમજાય કે અંતરમાં રૌદ્રધ્યાન પ્રવર્તે છે.

બીજાનું તો પછી પણ આપણી જાતમાં ય જોવાનું છે કે આવું કોઈ લિંગ નથી ને ? મૂઢ મન રૌદ્રધ્યાન કરતું હોય છતાં એને લાગતું નથી કે હું રૌદ્રધ્યાન કરું છું. ત્યાં ઉપરોક્ત કોઈ લિંગ દેખાય તો અંતરમાં રૌદ્રધ્યાન હોવાનું સમજી લઈ એને અટકાવવું જોઈએ, ને એ માટે એ બહારના લિંગથી ઊલટો માર્ગ લેવો પડે. દા.ત. બીજાની આફત દેખી આપણા મનમાં દુઃખ કરવું, હમદર્દી દાખવવી, પ્રાર્થના કરવી, 'બિચારાની આપદા ટળો...' વગેરે.

આ રૌદ્રધ્યાન અંગે વિચારણા થઈ.

•



# ધર્મધ્યાન

**झाणस्स भावणाओ देसं कालं तहाऽऽसणविसेसं ।**
**आलंबणं कमं झाइयव्वयं जे य झायारो ॥२८॥**
**तत्तोऽणुप्पेहाओ लेस्सा लिङ्ग फलं य नाऊणं ।**
**धम्मं झाइज्ज मुणी तग्गयजोगो तओ सुक्कं ॥२९॥**
**पुव्वकयब्भासो भावणाहि झाणस्स जोग्गयमुवेइ ।**
**ताओ य नाण-दंसण-चरित्त-वेरग्गनियताओ ॥३०॥**

**અર્થ :- ધ્યાનની [૧]ભાવના, [૨]દેશ, [૩]કાળ, [૪]અમુક જ આસન, [૫]આલંબન, [૬]ક્રમ, [૭]ધ્યેય યાને ધ્યાનનો વિષય, [૮]ધ્યાતા, પછી [૯]અનુપ્રેક્ષા, [૧૦]લેશ્યા, [૧૧]લિંગ તથા [૧૨]ફળને જાણીને મુનિ એમાં ચિત્ત સ્થાપી ધર્મધ્યાન કરે. ત્યારબાદ શુક્લધ્યાન કરવાનું.**

**અર્થ :- ધ્યાનની પૂર્વે ભાવનાઓથી અથવા ભાવનાઓમાં અભ્યાસ કર્યો હોય એ ધ્યાનની યોગ્યતાને પામે છે. તે ભાવનાઓ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્ય સાથે સંબદ્ધ છે.**

---

અહીં હવે ધર્મધ્યાનનો અવસર આવ્યો, એટલે ગ્રંથકાર એનું નિરૂપણ કરવાની ઈચ્છાથી એનાં વ્યવસ્થિત પ્રતિપાદન માટે ધર્મધ્યાનને લગતા ૧૨ દ્વાર, ૧૨ મુદ્દા (Points) બતાવે છે. પછી એ દરેક મુદ્દાનું સ્પષ્ટીકરણ કરતાં ધર્મધ્યાન વસ્તુ વિસ્તારથી અને વ્યવસ્થિત રીતે સમજાવાતી જશે. આગળ શુક્લધ્યાનના વિચાર માટે પણ આ જ ૧૨ દ્વાર રહેવાનાં. નામ બતાવે છે,–

**વિવેચન : ધર્મધ્યાનનાં ૧૨ દ્વાર :-**

'ધર્મધ્યાન' શું છે એ વર્ણવવા માટે આ પ્રમાણે ૧૨ દ્વારો છે. (૧) ધ્યાનની ભાવનાઓ, દા.ત. જ્ઞાનભાવના, દર્શનભાવના, વગેરે. (૨) ધ્યાન માટે ઉચિત દેશ, સ્થાન, (૩) ઉચિત કાળ, (૪) ઉચિત આસન, (૫) ધર્મધ્યાન માટે આલંબન, જેમકે વાચના વગેરે. (૬) ધ્યાનનો ક્રમ, મનોનિરોધ વગેરે, (૭) ધ્યાનનો વિષય ધ્યેય જેમકે જિનાજ્ઞા, વિપાક વગેરે. (૮) ધ્યાતા કોણ ? અપ્રમાદ આદિવાળા. (૯) અનુપ્રેક્ષા યાને ધ્યાન અટકતાં ચિંતવવા યોગ્ય અનિત્યતા-અશરણતાદિનું આલોચન, (૧૦) ધર્મધ્યાનીને શુદ્ધ લેશ્યા. (૧૧) ધર્મધ્યાનનું લિંગ, સમ્યક્ શ્રદ્ધાન આદિ અને (૧૨) ધ્યાનનું ફળ.

આ ૧૨ દ્વારોથી ધર્મધ્યાનનો સારો પરિચય મેળવી એની ભાવના, કારણો, આલંબન વગેરેનો સારો અભ્યાસ કેળવી ધર્મધ્યાન ધ્યાવવું, ત્યાર પછી એમાં



પરાકાષ્ઠાએ પહોંચતાં શુક્લધ્યાન ધ્યાવવું.

આમ ૧૨ દ્વારનાં નામ બતાવ્યા પછી, હવે વિસ્તારથી દરેક દ્વાર ઉપર ગ્રંથકાર કહેશે. એમાં પહેલું દ્વાર 'ભાવના', એનો અર્થ બતાવવા કહે છે,

**ધ્યાનભૂમિકારૂપ ૪ ભાવના**

**વિવેચન :- ૪ ભાવના :-** ભાવના એટલે અભ્યાસનું સાધન અથવા અભ્યાસનો વિષય. તે ૪ પ્રકારે છે. જ્ઞાનભાવના, દર્શનભાવના-ચારિત્રભાવના-વૈરાગ્યભાવના. જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્યથી અભ્યાસ, યા જ્ઞાનાદિ ચારમાં અભ્યાસ કરાય તે ભાવના. એ દરેક અભ્યાસ કેવી રીતે કરવાનો છે તે આગળ બતાવે છે. અભ્યાસથી મન ભાવિત થાય માટે એ ભાવના.

**ભાવનાથી ધ્યાનને શો વિશેષ ?:-**

પરંતુ એટલું સમજવાનું છે કે આ ભાવનાઓનો પહેલાં અભ્યાસ કરવાથી પછી ધર્મધ્યાનની યોગ્યતા પ્રાપ્ત થાય છે. શુભ ધ્યાનમાં રહેવા મનની નિશ્ચલતા જોઈએ, અને એ માટે મનને આ જ્ઞાનાદિભાવનાઓનો અભ્યાસ અપાય, તો જ એ ધ્યાન માટે શાંત અને સશક્ત બની નિશ્ચલ બને છે. મનનો ઉકળાટ ચંચળતાને લાવે છે, અને મનની અશક્તતા તત્ત્વ પર સ્થિર થવા દેતી નથી. એ દૂર કરી મનમાં શાંતિ અને શક્તિ લાવવા માટે પહેલાં જ્ઞાનાદિ ભાવનાઓનો એને અભ્યાસ આપવો પડે. એ અભ્યાસથી મન જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્યથી ભાવિત બને છે, વાસિત થાય છે, રંગાયેલું બને છે. એટલે પછી મનને ચંચળ કરનારા, નિઃસત્ત્વ કરનારા અજ્ઞાન-મિથ્યાજ્ઞાન, આહાર, પરિગ્રહ, ઇંદ્રિયવિષયો, કષાયો અને સંસારાસક્તિથી મન જે અનંતા કાળનું રંગાયેલું હતું, ભાવિત હતું, એમાં મંદતા આવે છે. આ ભાવિતતા મોળી પડે તો જ, જે આ ભાવિતતાના યોગે મન ચંચળ, અશાંત રહેતું હતું, મુડદાલ રહેતું હતું, તે હવે સ્થિર શાંત સશક્ત બને.

આ પરિસ્થિતિ ઊભી કરવા માટે જ્ઞાનાદિ ભાવનાનો અભ્યાસ કરવાનો છે. એથી સ્પષ્ટ છે કે આગળ કહેશે તે જ્ઞાનાદિ ભાવનાઓની પ્રક્રિયા આચરતાં આત્મા જ્ઞાનાદિથી ભાવિત કરાતો રહેવો જોઈએ, મન રંગાતું બનવું જોઈએ. ભાવિત કરે માટે ભાવના. એવી જ્ઞાનાદિથી ભાવિતતા આવતી જાય છે. જ્ઞાનાદિના એવા રંગ ચડે છે, એનું પ્રમાણ, આ, કે જીવને મિથ્યાજ્ઞાન-આહાર-વિષય-પરિગ્રહ અને કષાયોના રંગ મોળા પડી જાય, ઉતરી જાય. પછી એ ચીજો મનને ધ્યાનમાંથી પોતાના વિચારમાં ખેંચી નહિ શકે. જેનો રંગ નહિ, મનને એનું ખેંચાણ નહિ.

**णाणे णिच्चब्भासो कुणइ मणोधारणं विसुद्धिं च ।**
**णाणगुण-मुणियसारो सो झाइ सुनिच्चलमईओ ॥३१॥**

**અર્થ :- [1]શ્રુતજ્ઞાનમાં હંમેશાં પ્રવૃત્તિ રાખે, (એના દ્વારા) [2]મનને (અશુભ વ્યાપાર અટકાવી) ધરી રાખે; [3](સૂત્રાર્થની) વિશુદ્ધ કરે, 'ચ' શબ્દથી [4]ભવનિર્વેદ કેળવે, એમ [5]જ્ઞાનથી જીવ-અજીવના ગુણ-પર્યાયના સાર-પરમાર્થને જાણે. (અથવા જ્ઞાનગુણથી વિશ્વના સારને સમજે) ત્યાર પછી અતિશય નિશ્ચલ બુદ્ધિવાળો બની ધ્યાન કરે.**

---

## જ્ઞાનભાવના

હવે પહેલી 'જ્ઞાનભાવના'નું સ્વરૂપ અને એનો ગુણ બતાવવા કહે છે,—

**વિવેચન :- ૫ જ્ઞાનભાવના :-**

પહેલી જ્ઞાનભાવનામાં પાંચ કાર્ય કરવાના છે,-

૧. શ્રુતજ્ઞાનમાં નિત્ય પ્રવૃત્તિ. ૨. મનનું અશુભ ભાવથી રોકાણ. ૩. સૂત્ર-અર્થની વિશુદ્ધિ. ૪. ભવનિર્વેદ. ૫. પરમાર્થની સમજ.

**(૧) જ્ઞાને નિત્ય અભ્યાસ :-** શ્રુતજ્ઞાન અર્થાત્ સર્વજ્ઞનાં શાસ્ત્રોના જ્ઞાનમાં હંમેશા લાગ્યો રહે. એમાં એ શાસ્ત્રોનો પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરતો રહે; (૧) શાસ્ત્ર ભણવા માટે એની ગુરુ આગળ **વાચના** લે, સૂત્ર-અર્થનાં વ્યાખ્યાન લે, અને ભણીને એમાં નિષ્ણાત થયા પછી ય બીજાને એની વાચના આપે, નહિતર મન નવરું પડતાં એમાં પેલા ખોટા વિચારના ભૂત પેસી જાય. (૨) પોતે વાચના લીધા પછી એમાં શંકા પડતાં ગુરુને **પૃચ્છા** કરે; નહિતર તો 'શંકાએ સમકિત જાય' જેવું થાય. (૩) ભણેલા **સૂત્ર-અર્થનું પરાવર્તન**-પુનરાવર્તન કરે. નહિતર ભૂલાઈ જતાં, પછીથી એનું પારાયણ ન કરી શકે. (૪) **અનુપ્રેક્ષા** યાને સૂત્ર-અર્થનું ચિંતન-મનન કરે એથી એમાંથી વિશેષ રહસ્ય ખૂલે, શ્રદ્ધા દૃઢ થાય, તાત્ત્વિક તર્કસિદ્ધ શ્રદ્ધા થાય. જેથી પછી સામેથી ડાક-ડમાળ ગમે તેવી વિપરીત વાત આવે, છતાં અહીંથી મન ડગે નહિ. (૫) **ધર્મકથા** યાને ભણેલા શ્રુત ઉપર ધર્મવિચારણા ધર્મોપદેશ કરે. આમ શ્રુતજ્ઞાનમાં નિત્ય પ્રવૃત્તિ ચાલુ રાખે.

**(૨) મનોધારણ :-** ઉપરોક્ત નિત્ય જ્ઞાનાભ્યાસ તો કરે, પણ મનને વચમાં વચમાં જો અશુભ યા મફતિયા વિચારો કે મલિન લાગણીઓમાં જવા દે તો મન આ શ્રુતજ્ઞાનથી ભાવિત ન થાય. માટે પેલા અશુભ વ્યાપારોમાંથી મનને બચાવે, ધારી રાખે. શ્રુત-શાસ્ત્ર પર અનહદ પ્રીતિ-બહુમાન ધરવાથી આ શક્ય છે, કેમકે મનને સમજાવી લેવાય કે 'આ શ્રુતાભ્યાસ વખતે તું કોની સાથે વાત કરી રહ્યો છે ? શાસ્ત્રરચયિતા મોટા ગણધર કે આચાર્ય મહારાજ સાથે. તો મોટાની સાથે વાત ચાલુ વખતે બીજા સાથે વાત ન થાય.' એમ સમજાવીને બીજા-ત્રીજા વિચારમાં



જતું મન રોકી રખાય. એનું નામ મનોધારણ !

**(૩) વિશુદ્ધિ :-** નિત્ય જ્ઞાનાભ્યાસ અને મનોધારણા કરવા છતાં જો ભણાતા સૂત્ર ને અર્થ શુદ્ધ ન ભણાય તો ચોકખી જ્ઞાનભાવના ન થાય. માટે એનાં જ્ઞાનનું વિશેષ વિશેષ શુદ્ધિકરણ કરવું જરૂરી, તે એવું કે સૂત્ર સ્વનામવત્ પરિચિત થઈ જાય, અને અર્થનું આબેહુબ ચિત્ર નજર સામે ખડું થાય. પછી આની મઝા ઓર ! મન એથી એવું ભાવિત થઈ એમાં પકડાયું રહેશે કે ધ્યાનના એકાગ્ર ચિંતન માટે સુંદર અવસ્થા ઊભી થશે.

**(૪) ભવનિર્વેદ :-** જ્ઞાનભાવના માટે સંસાર પર ઝળકતો વૈરાગ્ય (ભવનિર્વેદ) પણ અત્યંત જરૂરી છે. એ જો નહિ હોય તો સંસાર પર રાગ રહેવાનો, તેથી સંસારના કોઈ વૈભવ, સત્તા, સન્માન, સુંવાળાશ વગેરે મનને પકડશે. જ્ઞાન ભણશે તે કદાચ એવા સંસારહેતુ માટે, પછી એમાં પવિત્ર શુદ્ધ જ્ઞાનભાવના ક્યાંથી થાય ? માટે જ્વલંત ભવનિર્વેદ કેળવવો પડે. બીજું એ પણ છે કે જે સમ્યક્ શાસ્ત્રોનું જ્ઞાન લેવા-રટવામાં આવે છે, એમાં તો મુખ્યપણે આત્મતત્ત્વની વાતો હોય છે. રાગાદિ દોષોને નામશેષ કરવાનો ઉપદેશ હોય છે. તો એ હૈયામાં પજળે ક્યારે ? એથી દિલ પીગળી જઈ એ વાતોથી રંગાય ક્યારે ? ભવનિર્વેદ હૈયે ઝગમગતો હોય ત્યારે. માટે પણ ભવનિર્વેદ કેળવવાની જરૂર છે.

## જીવાજીવના ગુણ-પર્યાયનો સાર

**(૫) જ્ઞાનગુણઃજ્ઞાતસારઃ-** આના બે અર્થ છે, (૧) જ્ઞાનથી જીવ-અજીવના ગુણ-પર્યાયના પરમાર્થને જાણ્યો હોય, અથવા ૨. જ્ઞાનના પ્રભાવે વિશ્વના સારને પરમાર્થને જાણ્યો હોય. એ જાણવાનું આ રીતે,—

**(૧) 'નાણગુણમુણિયસારો'નો એક અર્થ :-** જીવના ગુણ બે જાતના છે,— ૧. જ્ઞાન-દર્શન, સદ્‌વીર્ય, ચારિત્ર, ત્યાગ-તપ, ઉપશમ-ઉદાસીનતા વગેરે. અને ૨. રાગ-દ્વેષ, કષાયો, અસદ્‌વીર્ય, આહારાદિ-સંજ્ઞા, સુખ-દુઃખ, માનાપમાન, વગેરે. આમાં જ્ઞાનાદિ એ પોતાના સહજ ગુણો, અને રાગાદિ એ ઔપાધિક (ભાડુતી) ગુણો છે. એમ જીવના પર્યાય પણ બે જાતના,-૧ જુદા જુદા મોક્ષ-અવસ્થામાં થતા શુદ્ધ જ્ઞાનાદિ-પરિવર્તનને લીધે બનતી તે તે સમયની વર્તના, આ છે સહજ પર્યાયો. ત્યારે ૨. જુદી જુદી ગતિ-શરીર-વય, આપત્તિ-સંપત્તિની જુદી જુદી અવસ્થાઓ... વગેરે. આમાં ય પહેલા સહજ પર્યાય અને બીજા ઔપાધિક પર્યાય છે.

હવે આ બંને પ્રકારના ગુણ-પર્યાય જાણી એમાંથી સાર ખેંચવાનો, પરમાર્થ પકડવાનો. તેમાં

**સ્વાત્માના ગુણ-પર્યાયનો સાર આ રીતે,** કે 'આ બંનેમાંના માત્ર સહજ ગુણ-પર્યાય એ જ મારી ખરી ચીજ છે. ઔપાધિક ગુણો તો અજ્ઞાન અને કર્મની

ઉપાધિથી જનમતા હોઈ આવ્યા-ગયા જેવા છે. એના પર શા મદાર બાંધવા ? રાગાદિ થાય છે તે આત્માના અજ્ઞાનને લીધે. સુખ-દુઃખાદિ થાય છે તે કર્મની વિટંબણા છે. અજ્ઞાન અને કર્મની વિટંબણામાં શા માટે કૂટાવું ? એમ ઔપાધિક પર્યાયો જુદા જુદા ભવ વગેરે એ પણ કર્મની વિટંબણા છે, કાળ-કર્મ-ભવિતવ્યતાનું તો નાટક છે. એમાં ય શું મુંઝાવું ? એ તો ગુણ ગણાય આત્માના, અને એને જ વિટંબણામાં મૂકે. માટે એ તો અપકારી છે. હા, આરાધનામાં એ માનવશરીર વગેરે ઉપયોગી થાય ખરા, પરંતુ એ જાત તો ઔપાધિકની, એટલે અંતે મૂકવાની, મૂકાય ત્યારે જ મોક્ષ થાય. માટે એનાં મમત્વ ને લાલનપાલન નહિ કરવાનાં. મમતા તો જ્ઞાનાદિ સહજ ગુણોની કરવાની, પ્રયત્ન એના માટે જ કરવાના. એમ પર્યાય અંગે ઝંખના મોક્ષપર્યાયોની રાખવાની કે 'ક્યારે એ પ્રગટે ?' આનું નામ, જીવના ગુણપર્યાયનો સાર-પરમાર્થ જાણ્યો. આ પોતાના જીવ અંગે વાત થઈ.

**હવે પર જીવના ગુણ-પર્યાયનો સાર-પરમાર્થ** પણ લક્ષમાં લેવો જોઈએ, જેથી જીવોના પ્રસંગમાં આવતાં નિમિત્તવશ યા કલ્પનામાત્રથી મન અશુભ ભાવમાં ચડી જતું અટકે, અને ધ્યાનનો ભંગ ન થાય. આમાં શો સાર પકડવાનો ? આ કે 'આ સામા જીવો જો રાગ, મોહ વગેરે કરતા આવે છે તો એ એમના ઔપાધિક ગુણ છે. એનાથી નથી એમને લાભ, નથી મને લાભ. માટે મારે રાગમૂઢ ન થવું. ત્યારે જો એ જીવો દ્વેષ-ઈર્ષ્યાદિ કરતા આવે છે, તો એ બિચારા પોતાના મૂળ ગુણ ઉપશમને ધક્કો પહોંચાડે છે. તેથી મારે એમની કરુણા જ ચિંતવવી, જેથી મારા મૂળ ગુણને સમર્થન મળે. વળી આ જીવો વધુ સુખી સંપત્તિમાન યશસ્વી દેખાય તો એ એમના પુણ્યની લીલા છે. ઔપાધિક છે, માટે મારે ઈર્ષ્યા કરવા યોગ્ય નથી. દુઃખી દેખાય એ કરુણાપાત્ર છે. જીવોમાં દોષો દેખાય એ ઉપેક્ષણીય છે...' ઈત્યાદિ રૂપે અન્ય જીવોના ગુણ-પર્યાયનો પરમાર્થ પકડવા જેવો.

આ જીવના ગુણ-પર્યાયનો સાર-પરમાર્થ જાણવાની વાત થઈ.

હવે અજીવના ગુણ-પર્યાયના પરમાર્થનો વિચાર કરીએ. અજીવમાં મુખ્ય પુદ્ગલદ્રવ્ય છે. જીવના સંબંધમાં આ જડ પુદ્ગલની બહુ વસ્તુઓ આવે છે. અને જીવ એના સારા-નરસા રૂપ-રસ વગેરે ગુણો તથા એના અમુક ભાવો-પર્યાયો જોઈ લહેવાઈ જાય છે, ને રાગ-દ્વેષમાં પડે છે. ત્યાં જો એના ગુણ-પર્યાયનો મર્મ સાર જાણ્યો-વિચાર્યો હોય, તો એથી લહેવાવાનું થાય નહિ.

**અનુકૂળ-પ્રતિકૂળમાં ધ્યાન કેમ ન ઘવાય ? :-**

દા.ત. કિંમતી હીરાની કિંમત-ચળકાટ વગેરે જોઈ જીવ-મોહિત થઈ જાય છે. પરંતુ જો એનો સાર પકડે કે 'આ બહુ જ રાગ-મોહ-મમતા કરાવનાર હોઈ



ચિકણાં કર્મ અને દુર્ગતિ સરજનારા છે,' તો રાગ-મોહાદિ ઉતરી જાય, અને તેથી જ પછી કોઈ શુભ ધ્યાન આડે એની દખલ ન રહે.

એમ પ્રતિકૂળ વસ્તુઓના અનિષ્ટ ગુણોથી લહેવાઈ દ્વેષમાં ન જતાં, એના સારરૂપે જો એ જુએ કે 'આ અનિષ્ટ ચીજો તેવાં તેવાં અશાતાવેદનીય આદિ કર્મ ખપાવવામાં સહાયક છે', તો પણ ચિત્તની સ્વસ્થતા રહે, અને ધ્યાન ન બગડે. મહાત્માઓએ ઘોર ઉપસર્ગમાં આ સાર પકડ્યો કે 'આ શસ્ત્રપ્રયોગ તો કાયાને છેદે-ભેદે-બાળે, પણ આત્મા અને એના જ્ઞાનાદિગુણોનું જરા ય છેદન-ભેદન-દહન ન કરી શકે. ઊલટું એની વેદનામાં તો આત્મા પરના કર્મનો ઉદય પામી પામી ક્ષય થતો આવે છે. બાહ્ય શસ્ત્ર ખરૂં જોતાં તો આંતર કર્મગૂમડાં પર નસ્તર મૂકે છે. એમાં ખોટું શું ?' આમ સાર પકડ્યો તો ધ્યાનધારા શુક્લધ્યાન સુધી ચડી. નહિતર તો ખંડિત થઈ જાય.

'નાણગુણમુણિયસારો'નો આ એક અર્થ કે 'જ્ઞાનથી જીવ-અજીવના ગુણ-પર્યાયનો સાર પકડે.'

**(૨) 'નાણગુણમુણિયસારો'નો બીજો અર્થ :-**

'જ્ઞાનના પ્રભાવે વિશ્વના સાર પકડ્યો હોય.' આનો ભાવ એ, કે વિશેષ શ્રુતજ્ઞાનથી વિશ્વના ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્ય જાણે, એના પરસ્પર સંબંધ જાણે, એના પર કાળ-સ્વભાવ-ભવિતવ્યતા-કર્મ-પુરુષાર્થ એ પાંચ કારણોની થતી અસર જાણે, એના પલટાતા પર્યાય જાણે, આ બધું જાણીને એનો સાર પકડે કે 'આ બધાં દ્રવ્યો દ્રવ્યરૂપે નિત્ય પણ પર્યાયરૂપે અનિત્ય છે, તેથી એકલો નિત્ય-અંશ પકડી મોહવા જેવું નહિ, કેમકે પર્યાય પલટાવાનો છે. એમ એકલા અનિત્ય અંશને પકડી ગભરાવા જેવું નહિ, કેમકે એનું મૂળ સ્વરૂપ નિત્ય હોઈ કાયમ છે. દા.ત. 'આત્માને શુભ કર્મોના યોગે સ્વર્ગીય સુખ સન્માન આદિ મળ્યાં. પણ એ સુખપર્યાય અનિત્ય છે. તેથી મોહવા જેવું નહિ. એમ આત્માને અશુભ કર્મોના યોગે દુઃખ આવ્યાં, છતાં ગભરાવાનું નહિ, કેમકે એની વચમાં આત્માનું મૂળ જ્ઞાનાદિ સ્વરૂપ નિત્ય-કાયમ છે. આગંતુક દુઃખ તો ચાલ્યું જશે, પણ જ્ઞાનાદિ ઊભા રહેશે. પછી ફિકર શી ?' આમ જ્ઞાનના પ્રભાવે વિશ્વનો સાર પકડવાથી હર્ષ-ઉદ્વેગ ન થતાં ઉદાસીન ભાવ ઊભો રહે.

તેથી કર્મબંધન ન લાગે, તેમજ ધ્યાનભંગ ન થાય. તેથી કર્મનિર્જરા થાય.

તાત્પર્ય, બંને અર્થમાં જીવ-અજીવના ગુણ-પર્યાયનો સાર યા વિશ્વનો સાર પકડવાથી અન્યથા પ્રવૃત્તિ યાને રાગાદિભરી ખોટી પ્રવૃત્તિ ન થાય; તેમજ સન્મતિમાંથી કંપન ન થાય. એમ બુદ્ધિ નિર્મળ અને નિશ્ચળ રહે. આ રીતે

संकाइदोसरहिओ पसमथेज्जाइगुणगणोवेओ ।
होइ असंमूढमणो दंसणसुद्धीए झाणंमि ॥३२॥

**અર્થ :- (સર્વજ્ઞ વચનમાં) શંકા આદિ દોષ રહિત, અને સર્વજ્ઞશાસ્ત્ર-પરિચય, પ્રશમ, સમ્યક્ત્વમાં સ્થિરતા, સાથે પડતાનું સ્થિરીકરણ વગેરે ગુણસમૂહથી સંપન્ન (પુરુષ) સમ્યગ્દર્શનની શુદ્ધિથી ધ્યાનમાં સંમોહરહિત (સ્થિર) ચિત્તવાળો બને છે.**

જ્ઞાનભાવનાનો આ પાંચમો પ્રકાર 'નાણગુણમુણિયસાર' એ પણ ધ્યાનની સારી ભૂમિકા સરજી આપે છે. એવો એ અભ્યાસ આત્માને શુદ્ધ જ્ઞાનથી ભાવિત કરે છે માટે એનું નામ જ્ઞાનભાવના.

### ૨. દર્શનભાવના

હવે દર્શનભાવનાનું સ્વરૂપ અને એનો મહિમા બતાવવા કહે છે,–

**વિવેચન :-** ધ્યાન માટે બીજી દર્શનભાવના કરવી જરૂરી છે. એથી આત્મા સમ્યગ્દર્શનથી એવો ભાવિત બને છે કે પછી, જો એ ન હોત તો એનાથી વિપરીત દોષોને લઈને ધ્યાન અશક્ય બનત, તે હવે આ ગુણોને લીધે સ્થિર ધ્યાન કરી શકે છે.

આ દર્શનભાવના માટે આ પ્રમાણે શંકાદિ ૫ દોષોનું નિવારણ અને પ્રશ્રમ, પ્રશમ આદિ ૫ ગુણોનું પાલન જરૂરી છે.

| **૫ દોષો** | **૫ ગુણો** |
|---|---|
| ૧. શંકા | ૧. પ્રશ્રમ |
| ૨. કાંક્ષા | ૨. સ્થૈર્ય |
| ૩. વિચિકિત્સા | ૩. પ્રભાવના |
| ૪. પ્રશંસા | ૪. આયતનસેવા |
| ૫. સંસ્તવ | ૫. ભક્તિ |

### સમ્યક્ત્વમાં ત્યાજ્ય ૫ દોષ

(૧) **શંકા એટલે** જિનવચન પર શંકા, દેશથી કે સર્વથી, અંશે કે સર્વથા. દા.ત. 'આત્મા અસંખ્યપ્રદેશી હશે કે નિષ્પ્રદેશી ?' આ દેશશંકા 'ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો કહ્યા પ્રમાણે હશે કે નહિ ?' આ સર્વશંકા. શંકા ન કરાય, કેમકે એમાં મિથ્યાત્વ લાગે છે શાસ્ત્રે મિથ્યાત્વના પ્રકાર બતાવ્યા છે; એમાં આભિગ્રહિક, અનભિગ્રહિક-સાંશયિક...એમ પ્રકાર બતાવ્યા, ત્યાં સંશય-શંકાને પણ મિથ્યાત્વમાં ગણ્યું-કહ્યું છે,

'एकस्मिन्नप्यर्थे सन्दिग्धे, प्रत्ययोऽर्हति हि नष्टः ।
मिथ्यात्वदर्शनं तत्, स चादिहेतुर्भवगतीनाम् ॥'



सूत्रस्यैकस्यारोचनादक्षरस्य भवति नरः ।
मिथ्यादृष्टिः सूत्रं हि नः प्रमाणं जिनाभिहितम् ॥'

–અર્થાત્ 'સર્વજ્ઞના કહેલા એક પણ પદાર્થ પર શંકા થાય તો સર્વજ્ઞ અરિહંત પ્રભુ ઉપરનો વિશ્વાસ નષ્ટ થઈ ગયો ગણાય, એ મિથ્યાત્વનું દર્શન છે, અને એ સંસારની ગતિઓનું પ્રથમ કારણ છે.

સૂત્રના એક પણ અક્ષરની અરુચિથી માણસ મિથ્યાદૃષ્ટિ બને છે. માટે અમારે તો જિનોક્ત સૂત્ર (સર્વેસર્વા) પ્રમાણ છે.'

આમ શંકારહિત બનવું. કદાચ ક્યાંય શંકાસ્પદ લાગે તો ય વિચારવું કે 'જેમ બીજાં સર્વજ્ઞવચન તેમ આ પણ વચન સર્વજ્ઞકથિત હોઈ સત્ય જ છે. માત્ર અમારી મતિ દુર્બળ છે તેથી અમારી સમજમાં ઊતરતું નથી.' એમ વિચારી શંકા દૂર કરવી. શંકા વિનાશ સર્જે છે. એક માતાએ દૂધની પેજી બનાવી એમાં ભૂંજેલા અડદ નાખ્યા. એના બે પુત્રો નિશાળેથી અંધારે આવ્યા, અને એ પેજી પીએ છે. એમાં એકને શંકા પડી કે 'આ પેજીમાં માખીઓ તો નહિ પડી હોય ?' એમ શંકાથી પીતો ગયો, પરંતુ એને ઊલટીનું દરદ લાગુ થઈ ગયું અને અંતે એ મર્યો. બીજાએ 'મારી મા મને માખ વાળી પેજી આપે જ નહિ', એમ નિઃશંક દિલથી એ પીને તુષ્ટપુષ્ટ થયો.

(૨) **કાંક્ષા એટલે** બૌદ્ધ આદિ અન્યાન્ય મતની આકાંક્ષા, અભિલાષ; એ પણ અંશે અને સર્વથા. **'અંશે કાંક્ષા'** એટલે દા.ત. એવી બૌદ્ધદર્શનની આકાંક્ષા થાય કે 'આ દર્શનમાં ચિત્તજયનું પ્રતિપાદન છે, અને એ મોક્ષનું મુખ્ય કારણ છે. માટે આ દર્શન ઘટે એવું છે, સાવ કાઢી નાખવા જેવું નહિ.' ત્યારે **'સર્વકાંક્ષા'** એટલે બધા ય દર્શનોની અભિલાષા થાય કે – 'બધાયમાં અહિંસાદિ તો કહેલાજ છે; અને લોકમાં એ કાંઈ અત્યંત કલેશની વાત તો કહેનારા નથી. માટે બધાં ય દર્શન સારા છે.' આવી બંને કાંક્ષા ખોટી; કેમકે એ બધાં દર્શનો એકાંતવાદી છે. તેથી વસ્તુતત્ત્વને ન્યાય આપનારા નહિ, ઊલટું જે ધર્મો વસ્તુમાં ખરેખર તો રહેલા જ છે, એ ધર્મો પોતાને અસત્ લાગતાં, એનું એ ખંડન કરનારા છે. વળી માર્ગ બાબતમાં ય બીજાં દર્શનો ચિત્તજય અહિંસા વગેરે જે કહે છે તે સ્થૂલ. બાકી સૂક્ષ્મ અહિંસા-હિંસાની એમને ગમ નહિ; એટલે એ નદીસ્નાન વગેરે હિંસાનું પ્રતિપાદન કરનારાં હોય છે. તેવાં દર્શનોની કાંક્ષા ન રખાય; નહિતર સમ્યક્ત્વને ધક્કો લાગે, મરીચિએ પરિવ્રાજકવેશમાં ધર્મ છે એમ કહ્યું તો ૧ કોડાકોડી સાગરોપમ સંસાર વધાર્યો.

**કાંક્ષાનો બીજો અર્થ :-** આ લોક-પરલોકનાં ફળની ઇચ્છા, કે 'ધર્મથી મને

પૈસા મળો, પ્રતિષ્ઠા મળો, દેવલોકનાં સુખ મળો; આ નિયાણું, આ કાંક્ષા ય ખોટી, કેમકે સમ્યક્ત્વમાં અતિચાર લગાડે. સમ્યક્ત્વનું લક્ષણ તો **'સુર-નર-સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક.'** મોક્ષમાં જ એકાંત, શાશ્વત અને સ્વાધીન સુખ છે, માટે એ છોડી તકલાદી ઠગારાં સંસાર-સુખની કાંક્ષામાં સમ્યક્ત્વ ઘવાય, ભવભ્રમણ વધે. વીરપ્રભુનો જીવ વિશ્વભૂતિ મુનિ એમ રખડી પડ્યા.

(૩) **વિચિકિત્સાનો એક અર્થ** આ, કે યુક્તિ અને આગમથી સંગત ક્રિયામાં પણ, રોગની ચિકિત્સા (ટ્રીટમેન્ટ)ની જેમ, ફળની શંકા કરે, 'ફળ આવશે કે નહિ ? કે વેળુના કોળિયા ચાવવાની જેમ આ ઉપવાસાદિ નિષ્ફળ જશે ?' આ શંકા પણ સમ્યક્ત્વમાં અતિચાર છે, ૩ જો અતિચાર વિચિકિત્સા.

પ્ર૦-આ 'શંકા' નામના પહેલા અતિચારમાં ન સમાય ? જુદો કેમ કહ્યો ?

ઉ૦- પહેલો અતિચાર 'શંકા' એ દ્રવ્ય-ગુણ અંગે છે, આ ક્રિયાના ફળ અંગે છે. એમ તો બધા ય અતિચાર મિથ્યાત્વોદય વશ થતા જીવપરિણામ છે; કિન્તુ જીવોને સમજવા અને સમજીને ટાળવા માટે ભિન્ન ભિન્ન રૂપે અતિચાર બતાવ્યા છે. તેથી પહેલો અતિચાર તત્ત્વમાં શ્રદ્ધા મજબૂત રખાવવા કહ્યો, ત્યારે આને માર્ગ-સાધનામાં શ્રદ્ધા મજબૂત રખાવવા જુદો બતાવ્યો. આને ટાળવા એ વિચારવું કે 'સર્વજ્ઞે આચરેલાં ને કહેલાં કલ્યાણ-અનુષ્ઠાન નિષ્ફળ હોય જ નહિ. માટે વિચિકિત્સા નહિ કરવી.' વળી ધર્મસાધનાનાં ફળ તરીકે દુન્યવી સુખ-સન્માન પર દૃષ્ટિ જાય છે, તેથી આવી ફળની શંકા ઊભી થાય છે. ખરી રીતે સાધનાનું ફળ આત્મિક જ ઇચ્છવા જેવું છે. આત્માના રાગાદિ વિકાર શમે, જડ અંગેની અસ્વસ્થતા ઓછી થાય, એ મહાન ફળ છે. દાનાદિ ધર્મસાધનાથી એ સિદ્ધ થાય જ છે. છતાં ય લૌકિક ફળની પણ શંકા તો નહિ કરવી, કેમકે સર્વજ્ઞોક્ત છે. સર્વજ્ઞે લૌકિક ફળ પણ બતાવ્યાં છે. જેવું હોય તેવું તો એ કહે જ ને ?

એક શ્રાવકને મિત્ર દેવે વિદ્યા આપી; કહ્યું : 'શ્મશાનમાં ચાર પાયાનું સીકુ કરી, હેઠે અગ્નિ રાખી સીકા ઉપર બેસી, ૧૦૮-૧૦૮ વાર આ વિદ્યા જપી ૧-૧ પાયો કાપવાનો. એમ ચારે પાયા કપાયે આકાશમાં ઉડાય.' સાધવા માંડી. એટલામાં સિપાઈઓ જેની પૂંઠે પડેલા એવો એક ચોર દ્રવ્ય સાથે ભાગતો ત્યાં આવ્યો. સિપાઈઓ તો 'હવે આને સવારે શોધી પકડીશું' એમ કરી વનને ઘેરીને રહ્યા છે. અહીં ચોરે પૂછ્યું, 'શું કરે છે ?' કહ્યું, 'વિદ્યા સાધું છું.' ચોર કહે, 'લે આ બધું દ્રવ્ય, વિદ્યા મને આપ;' શ્રાવકને ફળની શંકા (વિચિકિત્સા) થઈ, તેથી ધન લઈ વિદ્યા આપી. ચોરે-'શ્રાવક તો કીડી મારવાનું ય પાપ ન ઈચ્છે. માટે આ વિદ્યા ખોટી ન હોય', એમ વિચારી શ્રદ્ધાથી એ સાધી આકાશે ઊડ્યો. સવારે



સિપાઈઓએ શોધતાં શ્રાવકને માલ સાથે પકડી મારવા લીધો. ચોરે આકાશમાંથી સિપાઈઓને ભય પમાડી શ્રાવકને છોડાવ્યો. બંનેને શ્રદ્ધા થઈ. એમ ધર્મના ફળ સંબંધમાં વિચિકિત્સા નહિ કરવી.

**વિચિકિત્સાનો બીજો અર્થ** 'સાધુના મલિન ગાત્ર-વસ્ત્રની દુગંછા'. 'સાધુ ઉત્તમ', 'પણ જરા અચિત્ત પાણીથી ચોખ્ખાઈ રાખે તો શો વાંધો ?' આ દુગંછા ન કરાય. કેમકે સાધુ તો સુબુદ્ધ છે, સંસારના સ્વભાવને જાણનારા છે, ને તેથી જ સર્વસંગના ત્યાગી છે. એ બાલિશ સ્નાનાદિ-ચોખ્ખાઈમાં ન પડે. 'બાલિશ' એટલા માટે કે શરીર મૂળે અશુચિભર્યું છે, અશુચિ-વહેતું છે. એને સ્નાનથી ચોખ્ખું થયું માનવું ભ્રમણા છે. વળી સ્નાન એ કામનું અંગ છે. માટે ય સ્નાન ન કરે. તો એમની દુગંછા ન થાય.

એક શ્રાવકની પુત્રીનાં લગ્ન વખતે ઘરે સાધુ આવ્યા. બાપ કહે, 'દીકરી ! મહારાજને વહોરાવ.' પેલીને સાધુનાં મલિન ગાત્ર દેખી મનમાં દુગંછા થઈ, 'કેવા મેલા ? ભગવંતે ધર્મ તો નિરવદ્ય (નિષ્પાપ) કહ્યો, પણ એમાં જરા સ્નાન કહ્યું હોત તો શો દોષ લાગવાનો હતો ?' આ દુગંછાથી ઘોર કર્મ બાંધી મરીને ગણિકાના પેટે ગઈ. ગણિકાને ભારે ઉદ્વેગ, તેથી ગર્ભપાતના ઓસડ લીધાં, છતાં આ મરી નહિ. જન્મતાં એના શરીરમાંથી ભારે દુર્ગંધ નીકળે છે. તેથી જંગલમાં છોડી. રાજા શ્રેણિક પ્રભુને પૂછે છે, ભગવંત ! આ જંગલમાંથી આવતાં બહુ ખરાબ બદબોવાળી કન્યા જોઇ. કેમ બદબો ?' પ્રભુએ બધો અધિકાર કહ્યો. 'ક્યારે આ દુઃખ મટશે ?' પ્રભુ કહે, 'પાપ ભોગવાઈ ગયું. હવે મોટી થયે ૮ વર્ષ તારી પટરાણી બની રહેશે.'

(૪) **પ્રશંસા** અર્થાત્ સર્વજ્ઞે કહેલ વ્રત-માર્ગ-તત્ત્વ સિવાયના બીજા મિથ્યાદૃષ્ટિના દેવ-ગુરુ-ધર્મ-વ્રતાદિની સ્તુતિ-ગુણગાન-વાહવાહ બોલે. દા.ત. પાંખડીના મતની પ્રશંસા કરે.

### ૩૬૩ પાખંડી

વ્રતને ને મતને સંસ્કૃતમાં 'પાખંડ' કહે છે. મિથ્યાદૃષ્ટિના ૩૬૩ પાખંડ યાને મત હોય છે.

**असीइसयं किरियाणं अकिरियवाईण होइ चुलसीति ।**
**अण्णाणिय सत्तट्ठी वेणइयाणं च बत्तीसं ॥**

અર્થાત્ ક્રિયાવાદીના ૧૦૮, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનીના ૬૭, અને વૈનયિકના ૩૨ એમ ૧૮૦ + ૮૪ + ૬૭ + ૩૨ = ૩૬૩. તે આ રીતે. ક્રિયાવાદી એટલે અસ્તિત્વવાદી. જીવ-અજીવ પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરા-

મોક્ષ એ નવતત્ત્વ પૈકી દરેકને [1]સ્વતઃ, યા પરતઃ, અસ્તિ (છે. એમ) માને. તેય, [2]નિત્ય યા અનિત્ય, તે [3]કાળથી, ઈશ્વરથી, આત્માથી, નિયતિથી યા સ્વભાવથી અસ્તિ માને. દા.ત. જીવ કાળથી સ્વતઃ નિત્ય છે, જીવ ઈશ્વરથી સ્વતઃ નિત્ય છે... એમ દરેક તત્ત્વને લઈને ગણતાં ૯ X ૨ X ૨ X ૫ = ૧૮૦ ભેદ ક્રિયાવાદીના થાય.

અક્રિયાવાદી યાને નાસ્તિવાદી, 'પુણ્ય-પાપ સિવાયનાં ૭ તત્ત્વ લઈ, તે સ્વતઃ યા પરતઃ નથી, તે ય કાળ-ઈશ્વર-આત્મા-નિયતિ-સ્વભાવ-યદચ્છા પૈકી એકેકથી નથી' એમ માને છે. એ કહે છે કોઈ અવસ્થિત પદાર્થમાં ઉત્પત્તિ આદિ ક્રિયા ન ઘટે. ઉત્પત્તિ છે તો તે પૂર્વે અવસ્થિત હોઇ શકે નહિ.

**"क्षणिकाः सर्वसंस्काराः, अस्थितानां कुतः क्रिया ।**

**भूतिर्येषां क्रिया सैव, कारकः सैव चोच्यते ॥"**

બધા સંસ્કાર ક્ષણિક ક્ષણસ્થાયી છે. વસ્તુ (સ્થિત કે) અસ્થિત હોય એમાં ઉત્પત્તિ શી ?

જે અસ્તિત્વ છે એ જ ઉત્પત્તિ છે, અને એ જ કારણ છે. એટલે (૧) જીવ કાળથી સ્વતઃ નથી, (૨) ....પરતઃ નથી. એમ (૩) ઈશ્વરથી જીવ સ્વતઃ નથી, (૪) ... પરતઃ નથી... વગેરે ૮૪ ભેદ થાય.

અજ્ઞાનિકના ૬૭ ભેદ છે. એ જીવાદિ નવ તત્ત્વ પૈકી દરેક સાથે સપ્તભંગીના •[1]સ્યાદ્ અસ્તિ, •[2]નાસ્તિ, •[3]અસ્તિ-નાસ્તિ, •[4]અવક્તવ્ય, •[5]અસ્તિ અવક્તવ્ય, •[6]નાસ્તિ અવક્તવ્ય, •[7]અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય, એમ ૧-૧ જોડતાં ૯ X ૭ = ૬૩ ભેદ ગણે છે. ઉપરાંત ઉત્પત્તિ સાથે 'સ્યાદ્ અસ્તિ' 'સ્યાદ્ નાસ્તિ' વગેરે ચાર ભંગનો ૧-૧ ભંગ જોડતાં ૬૩ + ૪ = ૬૭ ભેદ થાય. એ કહે છે, (૧) કોણ જાણે છે જીવ છે ? (૨) કોણ જાણે છે જીવ નથી ? (૩) ... જીવ છે ને નથી ? (૪) કોણ જાણે છે જીવ અવક્તવ્ય છે ?.... એમ ૭ ભંગ. એવા અજીવાદિ 'તત્ત્વ સાથે. એમ કોને ખબર વસ્તુની ઉત્પત્તિ છે ? નથી ? છે ને નથી ? કે અવક્તવ્ય છે ? તાત્પર્ય, આ કોઈ પણ નથી જાણતું,' આવું અજ્ઞાનિક માને છે. 'અજ્ઞાનિક' એટલે (૧) મિથ્યાજ્ઞાનવાળા અથવા (૨) અજ્ઞાનથી ચાલનારા, કે (૩) અજ્ઞાનના પ્રયોજનવાળા, એટલે કે કશો વિચાર નહિ કરતાં એમ માની બેસનાર કે, 'જો ઉપર પ્રમાણે કશું સત્ કે અસત્ વગેરે જોવા જઈએ, તો કૃતનાશ વગેરે આપત્તિ આવે. માટે અજ્ઞાન જ શ્રેયસ્કર.'

**વૈનયિક,** એમ માને કે વેશ-આચાર-શાસ્ત્રને ન જોતાં દરેકનો વિનય કરવાનો. તેના ૩૨ ભેદ. સુર-નૃપતિ-યતિ-જ્ઞાતિ-સ્થવિર-અધમ-માતા-પિતા એ આઠનો મન-



વચન-કાયા-દાન એ ચારથી વિનય, એમ ૮ X ૪ = ૩૨ પ્રકારે વિનય કરવો.

આમ ૧૮૦ + ૮૪ + ૬૭ + ૩૨ = ૩૬૩ વાદી એ મિથ્યાદૃષ્ટિ છે. એમની એમના મતની પ્રશંસા ન થાય કે 'અહો આ ભાગ્યશાળી છે ! એ પણ તત્ત્વચિંતક છે...' વગેરે.

(૫) **'સંસ્તવ'** એટલે મિથ્યાદૃષ્ટિનો પરિચય-સંવાસ-સમાગમ, એ પણ ત્યાજ્ય છે. કેમકે એથી એમની મિથ્યા પ્રક્રિયાનું શ્રવણ, એમની અજ્ઞાન ક્રિયાનું દર્શન વગેરે થયા કરવાથી એની રુચિ થવાનો ભય છે.

આ શંકાદિ પાંચે અતિચારો (દોષો)નો ત્યાગ અને પ્રશ્રમાદિ ૫-૫ ગુણોનો અભ્યાસ કરતાં રહેવાથી દર્શન-ભાવના થાય.

**૫ પ્રશ્રમાદિ ગુણ :-**

(૧) **'પ્રશ્રમ'** = પરિશ્રમ, સ્વ-પર શાસ્ત્રમાં પરિશ્રમથી તત્ત્વબોધમાં કુશળ થવું તે. કહ્યું છે,

**'सपरसमयकोसल्लं थिरया जिणसासणे पभावणया ।**

**आययणसेव भत्ती दंसणदीवा गुणा पंच ॥'**

-અર્થાત્ સ્વપર શાસ્ત્રકુશળતા, જિનશાસનમાં સ્થિરતા, પ્રભાવના, આયતનસેવા અને ભક્તિ, એ દર્શનને દીપાવનારા પાંચ ગુણ છે.

(૨) **'સ્થિરતા'** એટલે જિનશાસન પર નિષ્પ્રકંપ શ્રદ્ધા; તે એવી કે મોટો દેવતા મોટો વાદી કે માયાજાળિક પણ ડગાવી શકે નહિ.

(૩) **'પ્રભાવના'** અર્થાત્ ઈતરોમાં જિનશાસનની પ્રભાવના થાય, વાહવાહ આકર્ષણ થાય, એવાં સુકૃત-સત્કૃત્યો કરે.

(૪) **આયતનસેવા :-** સમ્યગ્દર્શનનાં આયતન અર્થાત્ રક્ષક સ્થાનોને ભજે, એમની સેવા કરે. અનાયતનનો ત્યાગ કરે.

(૫) **ભક્તિ :-** દેવ-ગુરુ-સંઘ-તીર્થ-શાસ્ત્રની ભક્તિ-આદર-બહુમાન કરે. એમ

**૫. પ્રશમાદિ લક્ષણનો ખપ કરે.**

(૧) **પ્રશમ** એટલે **'અપરાધીશું પણ નવિ ચિત્ત થકી ચિંતવીએ પ્રતિકૂળ'** એવો ઉપશમભાવ રાખે; કેમકે આસ્તિક્યાદિ ગુણોથી જુએ છે કે, 'દેખાવમાં પોતાનું સામાએ બગાડ્યું દેખાય છે, પરંતુ ખરેખર તો પોતાનાં કર્મ જ બગાડનાર છે, માટે સામા પર ક્રોધ કરવો ગેરવાજબી છે. સામો તો કરુણાપાત્ર છે કે બિચારો પાપ કરીને કર્મ બાંધી ભાવી દુઃખમાં પડશે ! તેમ પોતાનો જીવ પણ કરુણાપાત્ર છે કે કર્મોથી દંડાઈ તો રહ્યો છે, એમાં નવા કષાય કરી દુષ્કર્મ કાં ઊભા કરું ?'

આમ વિચારી અપરાધી ઉપર પણ ઉપશમ રાખે.

(૨) **સંવેગ** એટલે મોક્ષસુખનો અને તદર્થ દેવ-ગુરુ-ધર્મનો એવો રંગ, કે ત્યાં દેવ-મનુષ્ય ભવનાં સુખને દુઃખરૂપ માને, સુખનો રંગ આકર્ષણ ઊતરી જાય. સમજે કે 'આ જડસુખો નિસ્સાર નાશવંત અને નુકશાનકારી છે, તેમ એમાં જીવ પરતંત્ર છે, તથા ઠગાય છે. માટે 'સુરનરસુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક.'

(૩) **'નિર્વેદ'** એટલે **'નારક ચારક સમ ભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ; ચાહે નીકળવું.'** સંસારવાસ-ઘરવાસને પુણ્ય વેચી નકરાં પાપ ખરીદવાનો ધંધો; અને તેથી દીર્ઘ દુર્ગતિ ભ્રમણ સમજી એના પરથી નરકાગાર કે જેલવાસની જેમ ઊભગી જાય, એના પ્રત્યે અભાવ, ગ્લાનિ, અનાસ્થા રહ્યા કરે, અને તેથી એવા ઘર-સંસારથી નીકળી જવાનું હંમેશા ઝંખે.

(૪) 'અનુકંપા' **'એટલે દ્રવ્યથકી દુખિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ'**, જીવનાં દ્રવ્યદુઃખ ભૂખ-તરસ-રોગ-મારપીટ વગેરે દુઃખ; એ દૂર કરવાની ઈચ્છા એ દ્રવ્ય-અનુકંપા; અને ભાવદુઃખમાં પાપ-ભૂલ-કષાય-અજ્ઞાન વગેરે ભાવદુઃખ હટાવવાની ઈચ્છા એ ભાવ-અનુકંપા. બીજાનાં દુઃખ પ્રત્યે સમવેદન હોય તો એમ થાય કે, 'બીજાઓ મારું દુઃખ ટાળે એમ ઈચ્છું છું, પણ મારે એ ઇચ્છવાનો અધિકાર તો જ કહેવાય કે જો હું બીજાનાં દુઃખ યથાશક્તિ ટાળવા ઈચ્છતો હોઉં. વળી પાપી ઉપર પણ દ્વેષ નહિ, દયા કરવા જેવી છે; કેમકે એ બિચારા કર્મવશ એમ કરે છે, અને ચૌદ રાજલોકમાં ભવો કરી ભમે છે. 'સવ્વે જીવા કમ્મવસ ચઉદહ રાજ ભમંત.' બિચારા કર્મ-પરવશ ઉપર દ્વેષ શો કરવો ? એને તો દુઃખમાં સહાયક થઈ એને ઊંચે લાવું.'

(૫) **'આસ્તિક્ય'** એટલે **'જે જિનભાખ્યું તે નવિ અન્યથા, એવો જે દૃઢ રંગ.'** જિન વીતરાગ દેવ જૂઠનાં કારણભૂત ક્રોધ-લોભ-ભય-હાસ્યાદિ વિનાના હોઈ જૂઠું બોલે નહિ, તેમજ સર્વજ્ઞ હોઈ અતીન્દ્રય સૂક્ષ્મ કર્મ વગેરેને સાક્ષાત્ જોઈને એના અંગે બોલનારા હોય. તેથી એમનું વચન સર્વેસર્વા માન્ય કરાય. **'જિને ભાખ્યું તે જ સાચું, જિને ભાખ્યું તે સાચું જ.'** એમ એ સત્ય જ હોય (અસ્તિ) એવું માને એ આસ્તિક્ય કહેવાય.

આમ શંકાદિ ૫ દોષો ટાળી, પ્રશ્રમ-સ્થૈર્યાદિ ૫ ભૂષણ, અને પ્રશમ-સંવેગાદિ ૫ લક્ષણ પામવા, તથા એથી જ અસર્વજ્ઞના તત્ત્વમાં જરાય મૂર્ચ્છિત ન થવું એ દર્શન-ભાવના કરી કહેવાય. એથી ધર્મધ્યાનની યોગ્યતા આવે, કેમકે શંકા-કાંક્ષા વગેરે, તથા અપ્રશ્રમ યાને શાસ્ત્ર-અપરિચિય આદિ તેમજ અ-પ્રશમ એટલે કે



**नवकम्माणायाणं पोराणबिणिज्जरं सुभायाणं ।**
**चारित्तभावणाए झाणमयत्तेण य समेइं ॥३३॥**

**અર્થ :- ચારિત્રભાવનાથી (૧) નવાં કર્મનું અગ્રહણ (૨) જૂનાં કર્મની નિર્જરા, અને (૩) નવા શુભનું ગ્રહણ, તથા (૪) ધ્યાન સહેલાઈથી પામે છે.**

પરઅહિતચિંતન વગેરે, એ ધર્મધ્યાનનાં વિરોધી તત્ત્વ છે, ને એ આ રીતે દૂર હટાવાય છે, પછી ધર્મધ્યાનને સહેજે અવકાશ મળે.

### ૩. ચારિત્રભાવના

હવે ચારિત્રભાવનાનું સ્વરૂપ અને એના ગુણ બતાવે છે,—

**વિવેચન :-** ચારિત્રભાવના એટલે ચારિત્રનો અભ્યાસ. જેનાથી અનિન્દિતપણે ચરે-વિચરે એનું નામ ચારિત્ર. લોક અને જ્ઞાનીની નજરમાં અનિંદ્ય વર્તાવ જે ક્ષયોપશમથી થાય, એ ક્ષયોપશમને 'ચરિત્ર' 'ચારિત્ર' કહેવાય. ત્રીજી પ્રત્યાખ્યાનાવરણ કષાય ક્રોધ-માન-માયા-લોભની ચોકડીનો જ્યારે ક્ષયોપશમ કરવામાં આવે, એથી એ ક્રોધ-લોભાદિકર્મના વિપાક-ઉદય અટકી જાય, ત્યારે આત્મા ખરેખર સર્વવિરતિભાવમાં આવે છે. એના લીધે પછી, પેલા ક્રોધાદિ કષાય અને હિંસાદિ-અવિરતિના યોગે જે નિંદ્ય વાણી-વિચાર-વર્તાવ ચાલતા હતા, એ અટકી જાય છે, અને ક્ષમાદિ ૧૦ યતિધર્મના તથા જ્ઞાનાચારાદિ પંચાચારના પ્રશસ્ત વાણી-વિચાર-વર્તાવ ચાલે છે. આ ચારિત્રનો અભ્યાસ કરાય એનું નામ ચારિત્રભાવના. એથી આત્મા એવો ભાવિત થાય છે, એવો રંગાઈ જાય છે કે પછી એ ધ્યાન સુખેથી કરી શકે છે.

**ચારિત્રજીવનમાં ત્રણ વસ્તુ છે,**

(૧) આશ્રવોની અટકાયત,

(૨) બાર પ્રકારના તપનું સેવન, અને,

(૩) સમિતિ-ગુપ્તિ આદિ શુભ પ્રવૃત્તિ.

એથી ત્રણ પ્રકારનાં ફળ નીપજે છે-(૧) આશ્રવનિરોધથી નવાં કર્મ બંધાતા અટકે છે, (૨) તપ-સેવનથી પૂર્વબદ્ધ થોકબંધ કર્મોની નિર્જરા થાય છે, ક્ષય થાય છે અને (૩) શુભપ્રવૃત્તિથી નવાં શાતા-યશ વગેરે શુભકર્મનું ઉપાર્જન થાય છે. આનું પરિણામ એ કે કર્મભાર ઓછો થાય, નવો વધે નહિ, અને જે પુણ્ય વધે એ ભવિષ્ય માટે આરાધનાની જોરદાર સામગ્રી જેવી કે ઉત્તમ ભવ, સબળ પવિત્ર મન, વગેરે મેળવી આપનારું બને છે, તેથી ત્યાં ઉચ્ચ આરાધના દ્વારા વળી કેઈ કર્મના ભાર ઓછા કરી નખાય છે. એમ સર્વ કર્મનાશ તરફ વેગબંધ પ્રયાણ થાય છે.

**सुविदियजगस्सभावो निस्संगो निब्भओ निरासो य ।**
**वेरग्गभावियमणो झाणंमि सुनिच्चलो होइ ।।३४।।**

**અર્થ :- વૈરાગ્યભાવનાથી ભાવિત મનવાળો જગતના સ્વભાવને સારી રીતે જાણનારો, નિસ્સંગ નિર્ભય અને આશા રહિત બની ધ્યાનમાં સુનિશ્ચળ થાય છે.**

આવી ચારિત્રભાવના ધ્યાનની ભૂમિકા કેમ સર્જી આપે છે ? એટલા માટે કે ધ્યાનમાંથી મનને ચંચળ કરનાર ઇંદ્રિય-વિષયો અને કષાયો તથા હિંસાદિ પાપોની અવિરતિરૂપ આશ્રવો છે; પરંતુ એ આશ્રવો અહીં ચારિત્રથી રોકાઈ ગયા છે. વળી ચારિત્ર જીવનમાં મન, વચન, કાયાના શુભ યોગો સતત ચાલુ છે, વિશેષે કરીને મનોયોગ સ્વાધ્યાય-સમિતિ-ગુપ્તિ આદિમાં પકડાયેલો છે, તેથી ધ્યાનને ધક્કો લગાડનારા અશુભ યોગોમાં મનોયોગને અવકાશ નથી. એમ ધ્યાનમાંથી ચલિત કરનારી તન-મનની સુંવાળાશ-સુકોમળતા ૧૨ પ્રકારના તપથી મરી પરવારી; ને ખડતલતા આવી છે. મનનું સત્ત્વ ખૂબ ખૂબ વિકસ્યું છે. હવે એ સત્ત્વ મનને ધ્યાનમાં સ્થિર રાખી શકશે. માટે ચારિત્રભાવનાથી ધર્મધ્યાન સુલભ બને છે, ધ્યાનમાં સુખે ચડી જવાય છે.

### ૪. વૈરાગ્યભાવના

હવે વૈરાગ્યભાવનાનું સ્વરૂપ અને એનો મહિમા બતાવે છે,

**વિવેચન** - વૈરાગ્યભાવનામાં ૫ વસ્તુ,

(૧) સુવિદિત જગત્-સ્વભાવ, (૨) નિસ્સંગતા, (૩) નિર્ભયતા, (૪) નિરાશંસતા, (૫) તથાવિધ ક્રોધાદિરહિતતા.

**(૧) સુવિદિત જગત્સ્વભાવ** :- ચરાચર જગતના સ્વભાવને સારી રીતે ઓળખી લીધો હોય.

**'जगन्ति जङ्गमान्याहुर्जगद् ज्ञेयं चराचरम् ।'**
**'जन्म मरणाय नियतं, बन्धुर्दुःखाय, धनमनिर्वृत्तये ।'**
**तन्नास्ति यन्न विपदे । तथापि लोको निरालोकः ।।'**

અર્થાત્ જેમાં પદાર્થો પ્રતિસમય નવા નવા પર્યાયોમાં જતા હોઈ જંગમ છે, એને જગત્ કહે છે. એ ચર અને અચર બે પ્રકારે જાણવું. મુક્તજીવો, આકાશ, રત્નપ્રભાદિ પૃથ્વીઓ મેરુ વગેરે પર્વતો, ભવનો વિમાનો વગેરે અચર છે, સ્થિર છે. બાકી સંસારી જીવો, તન-ધન વગેરે અસ્થિર છે, ચર છે.

**આવા જગતનો સ્વભાવ કેવો ?** તો કે જન્મની પાછળ અવશ્ય મૃત્યુ છે. સગાં દુઃખ માટે નીવડે છે. ધન અશાંતિ કરાવે છે. જગતની એવી કોઈ ચીજ નથી



કે જે આપદા માટે ન થાય. આમ છતાં ખેદની વાત છે કે લોકો આના ભાન વિનાના છે. જો ભાન હોય તો તો જન્મ સગાં અને ધનથી અર્થાત્ કાયા-કુટુંબ-કંચનથી વૈરાગ્ય પામી જાય.

કેમકે કાયા જન્મી એટલે મોત પામવાની જ; અને રંગરાગથી ભયંકર પરલોક સર્જવાની. પછી એની બહુ માયા અને સાસર-વાસર શા ? મોત નથી આવ્યું ત્યાં સુધી એની પાસે તો ભારે ત્યાગ-તપ-સાધના કરાવી લેવાની હોય, એના બદલે એ રંગ-રાગ-ભોગ અને એદી-આરામીપણામાં વેડફાઈ એક દિ' એકાએક ઝુંટવાઈ જાય એ કેટલું દુઃખદ ?

સગાવહાલાથી સુખ લાગે છે, પણ એ ખરેખર તો કષ્ટ-કલેશ-આપત્તિ માટે થાય છે, સગાંને કારણે જ કેટલાય કષ્ટમય ધંધા વહેવાર વગેરે કરવા પડે છે. એ રીસાતાં, બિમાર પડતાં કે આપત્તિમાં આવતાં ભારે દુઃખ થાય છે. તો એવા સગામાં મોહવાનું શું ?

એમ ધન અશાંતિ માટે થાય છે, ધન કમાવવા માટે, કમાયેલાને સાચવવા માટે, અને કરકસરથી ભોગવવા માટે મનને કેટલી ય ચિંતા કરવી પડે છે. ધનના કારણે જ મનને અશાંતિ રહ્યા કરે છે. એવા ધન પર શા આંધળા રાગ કરવા હતા ? એનું ભાન હોય તો એનાથી વિરક્ત થઈ એનો સદુપયોગ અને સર્વત્યાગ પણ બની આવે. દુનિયાની ચીજવસ્તુ માલ-મેવા હાટ-હવેલી વગેરે બધું ય ધન છે, ને એ અશાંતિ માટે થાય છે.

આમ જગતનો સ્વભાવ ઓળખાઈ જાય તો એના પર વૈરાગ્ય ઝળહળી ઊઠે.

**(૨) નિસ્સંગતા** :- જગતના સ્વભાવને જાણવા છતાં સંભવ છે કે કોઈ કર્મના ઉદયની પરવશતાએ ક્યાંક વિષયજન્ય સ્નેહ-આસક્તિ લાગી જાય, ત્યારે એને જો ન દબાવાય, તો આગળ પર ધર્મધ્યાન લાગે નહિ, અગર લાગ્યું હોય તો આ આસક્તિ જાગવાથી ધ્યાન અટકી જાય. માટે જગત્-સ્વભાવને સારી રીતે જાણવા ઉપરાંત પણ જગતની પ્રત્યે નિસ્સંગભાવ ઊભો કરવો જોઈએ, નિસ્સંગભાવ કેળવવો જોઈએ, જેથી પછી એની કોઈ ચીજ પ્રત્યે આસક્તિ ઊઠવા જ ન પામે.

**નિસ્સંગભાવ** ઊભો કરવા આ વિચારાય કે

(i) સંસારમાં જનમ જનમ સરકતા રહેતા આત્માએ એક જનમના એજ જનમ પૂરતું રહેનારા પદાર્થ પર સંગ-આસક્તિ-મમત્વ કરવાનો શો અર્થ છે ?

(ii) 'ભલે એક જનમ પૂરતાં, પણ સુખ આપે છે ને ?' ના, ચિંતા-સંતાપ-વિહ્વળતાદિ દુઃખો અને મદ-માયા-હિંસાદિ અનેકાનેક દોષો ઊભા કરે છે, ત્યાં સુખ શું ? ત્યાં આસક્તિ શી કરવી ?

(iii) ભાવી અનંત કાળ ઉજ્જવળ કરી શકે એવા પરમાત્મા-સદ્‌ગુરુ-સદ્ધર્મ, યાવત્ સર્વત્યાગ, કોણ ભૂલાવે છે ? કહો, આ વહાલા કરેલા દુન્યવી પદાર્થો. તો પછી એના પર આસક્તિ શી ધરવી ?

(iv) સ્વાત્માના શુદ્ધ જ્ઞાન, ક્ષમાદિ કષાયોપશમ, ઉદાસીનતા આદિ ગુણો તરફ જે દૃષ્ટિ ચૂકાય છે, એ આ બાહ્ય પદાર્થોના ફટાકિયા ગુણ જોયા કરવાના કારણે. તેથી જ આત્મસમૃદ્ધિ પ્રગટ કરવાનું આ ઉચ્ચ જીવનનું કર્તવ્ય ભૂલાય છે. તો એના પર સંગ શો ? આમ વિચારી વિચારી સંગ-આસક્તિ છોડી નિસ્સંગતા કેળવવાની.

(૩) **નિર્ભયતા –** નિસ્સંગ બનવા છતાં સંભવ છે ક્યારેક સ્વજાતિ-વિજાતિ-દ્રવ્યહરણ-મરણ વગેરેના ભય ઊભા થાય, તો એ મનને ડહોળી નાખી ધ્યાન ન લાગવા દે, યા ધ્યાનભંગ કરે. માટે ભાગ્ય પર અટલ વિશ્વાસ, ને સત્ત્વને જાગતું રાખી નિર્ભયતા કેળવવી. અથવા પોતાના આત્માની ઉન્નતિ અંગે જો ભય રહે કે (૧) એમાં વિઘ્ન તો નહિ આવે ? (૨) આયુષ્ય વચમાં જ પૂરું થઈ ઉન્નતિનું કાર્ય અધુરું તો નહિ રહે ? (૩) સાધનામાંથી પાછા તો નહિ પડાય ? આવા આવા જો ભય રહે તો એથી પણ ચિત્તના પરિણામ ચંચળ બને છે, પછી ધ્યાનમાં સ્થિરતા એકાગ્રતા ક્યાંથી ટકે ? માટે, એવા ભયને પડતા મૂકી નિર્ભયતા કેળવવાની પણ જરૂર છે.

નિર્ભયતાના અભ્યાસ માટે બાહ્ય અંગે તો એ વિચારવાનું કે '(૧) આ બધું ભાગ્યના અનુસારે નીપજવાનું, ભાગ્યાનુસારે ચાલવાનું, ભાગ્ય મુજબ ટકવા-તૂટવાનું. એમાં કશો ફેર નહિ પડવાનો. પછી ખોટો ભય શું કામ રાખું. (૨) વળી ભયભીત થવામાં મારું સત્ત્વ હણાય છે; અને સત્ત્વનો નાશ થાય એ તો ભયંકર ખોટ છે. સત્ત્વ ઉપર જ અનેક ગુણોનો વિકાસ અને સાધનાઓમાં આગેકૂચ થાય છે. ખોટો ભય રાખી એવાં સત્ત્વને કેમ જ હણાય ?' આમ વિચારી નિર્ભયતા કેળવાય. ત્યારે આત્માની ઉન્નતિ અંગેના ભય પૈકી (૧) પહેલા વિઘ્નનો ભય ટાળવા માટે વિઘ્નનાં કારણ રોકવાનાં. દા.ત. પ્રવાસીને ત્રણ પ્રકારના વિઘ્ન આવે, ૧. કાંટા નડે, ૨. તાવ આદિ આવે, ૩. દિશાભ્રમ થાય. ત્યાં (૧) પગરખાંથી કાંટા ન વાગે તેથી કાંટા વાગવાના કારણે મુસાફરી ન અટકે. એમ (૨) આહાર-વિહાર પર અંકુશ રાખે, એટલે તાવ વગેરે રોગ ન ઊઠે. એમ (૩) ભોમિયો કે ચોક્સ પ્રકારના નિશાનની સમજ હોય તો દિશા-મોહ ન થાય. બસ ધર્મસાધના કરતાં એ મોક્ષમાર્ગના પ્રવાસમાં આ રીતે (૧) કાંટા જેવા વિઘ્ન એટલે ભૂખ-તરસ, ટાઢ-તડકો, આક્રોશ-સત્કાર વગેરે પરીસહ ઊભા થવાનો સંભવ છે; પરંતુ પહેલેથી જ પરિસહોને



સમતાથી વેઠવાનો અભ્યાસ પાડ્યો હોય, એના પર તાત્ત્વિક વિચારણા ચોક્સ કરી રાખી પ્રસંગે એનો ઉપયોગ કર્યા કર્યો હોય, તો એ ભૂખ વગેરેથી સાધના અટકે નહિ. એમ (૨) હિત-મિત આહાર-વિહાર હોય, તો તાવ વગેરે રોગના વિઘ્ન નડે નહિ. ત્યારે, (૩) સાધનાને તાત્ત્વિક રીતે સમજી રાખી હોય, તેમજ સર્વજ્ઞવચન પર અગાધ શ્રદ્ધા કેળવી રાખી હોય તો પછી ત્રીજા દિશામોહ-વિઘ્ન જેવું મતિમોહવિઘ્ન ન નડે. મતિમોહ ઊઠવા જાય કે તરત પેલી તાત્ત્વિક સમજ અને સર્વજ્ઞશ્રદ્ધા એને ઉડાવી દે. આ રીતે ત્રણે પ્રકારનાં વિઘ્નની સામે ખાસો પ્રતિકાર થઈ ગયો હોય પછી વિઘ્નનો ભય રાખવાનું કારણ શું ? એમ વિચારી નિર્ભયતા કેળવવાની.

ત્યારે આયુષ્ય વહેલું પૂર્ણ થયે ઉન્નતિ સાધક સાધનાને અધુરી રહી જવાનો ભય પણ નકામો છે, કેમકે (૧) એવા ભયથી કશું સુધરતું તો નથી બલ્કે ભાવીના ભયથી પકડાયેલું મન વર્તમાન સાધનામાં જોરદાર પકડાતું નથી. (૨) વળી કદાચ આયુષ્ય વહેલું પૂરું થઈ સાધના અધુરી રહી તો ય શું બગડ્યું ? એમ તો થોડું વધુ જીવીને ય સાધના થોડી જ વીતરાગતા પમાડી પૂર્ણ થવાની હતી ? અધુરી તો રહેત જ. હા, થોડી વધુ સાધના થાત. પરંતુ આમાં પણ એ જોવા જેવું છે કે જૈન શાસનમાં વિશેષ મહત્ત્વ આભ્યન્તર સાધનાનું અને સાધનાના પ્રમાણ કરતાં સાધનાના જોસ-વેગ-તન્મયતાનું છે. એમ મહત્ત્વ અંતિમ કાળની સાધનાનું છે. એટલે થોડા કાળની પણ સાધના આભ્યન્તર પરિણતિથી જોસિલી જોરદાર બની જાય એ મહત્ત્વનું છે, ને તે બીજા ત્રીજા ભય ન રખાય તો બને. એથી જ અંતિમકાળે પણ સાધનામાં મન તન્મય થઈ જતાં ઉચ્ચ ફળ મળે છે, જેથી આગળના ભવે વિશેષ ઊંચી સાધના પ્રાપ્ત થાય છે. આ વિચારી સાધના અધુરી રહેવાનો ભય પણ ન રાખવો.

ત્યારે સાધનામાં ક્યારેક પાછા પડાય તો ? એ ભય પણ નકામો છે. કેમકે એ ભયમાં આત્મવિશ્વાસની અને પોતાના સત્ત્વની દુર્બળતા સાબિત થાય છે. જો મજબૂત આત્મવિશ્વાસ હોય, તો મનને એમ રહે કે 'મેં સમજીને સાધના પકડી છે, એટલે એ તો મારે અસ્થિમજ્જા રંગાઈ ગઈ છે, એમાં પછી પાછું પડવાની વાતે ય શી ?' એમ સત્ત્વ સારું વિકસેલું હોય, તો કાયરતાના વિચાર ન આવે. આમ આત્મવિશ્વાસ અને સત્ત્વથી ભયને હટાવી નિર્ભયતા કેળવવાની. ભયથી ધ્યાનભંગ થાય; એ આનાથી અટકે.

(૪) **નિરાશંસતા** એટલે આ લોક પરલોકના વિષયસુખ-સન્માનાદિની આશંસા આકાંક્ષા ન હોવી તે. સાધનાનાં ફળરૂપે આવી વસ્તુ ન ઈચ્છાય.

પ્ર૦- પૂર્વે કહેલ નિરાસંગભાવ કેળવ્યો હોય પછી આવી આશંસા થવાને

અવકાશ જ ક્યાં છે, તે 'નિરાશંસભાવ' ગુણ જુદો કેળવવો પડે ?

ઉ૦- નિરાસંગભાવથી જગતના પદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ-આસક્તિ ન થવા દેવા અભ્યાસ તો કેળવ્યો, પરંતુ અનાદિથી અભ્યસ્ત રાગાદિના સંસ્કાર-વશ ક્યારેક ક્યાંક અવનવું દેખાવા મળતાં આશંસા ઊઠી આવવા સંભવ છે. જેમકે બ્રહ્મદત્તના જીવને પૂર્વ ભવે મુનિપણે સારો નિરાસંગભાવ તો કેળવાયો હતો, પરંતુ ચક્રવર્તી વંદન કરવા આવતાં, એની પટ્ટરાણી-સ્ત્રીરત્નની મુલાયમ કેશવાળી મુનિને વંદના કરતાં નીચે પડી તે મુનિના પગને એનો સ્પર્શ થયો. ધ્યાનસ્થ મુનિની નીચી નજર, તે ચકમકતી કેશવાળી પર આંખ પડતાં અને પગે એનો સ્પર્શ થતાં જ ઝણઝણાટી થઈ. મન લોભાયું, નિયાણું કર્યું, 'અહો ! આવા મુલાયમ કેશવાળી સ્ત્રી કેવી રમણીય હશે ! આવી સ્ત્રી મળે સાથે વૈભવ પણ કેટલો મહાન મળે ? બસ, આ કઠોર તપ-સંયમનું ફળ હોય, તો આવો વૈભવ-વિલાસ મળો.' શું થયું આ ? આશંસા જાગી, ને નિરાસંગભાવ દબાઈ ગયો. સાથે જો એટલું વિચાર્યું હોત કે 'જો બધી ય સાધના નિરાશંસભાવે જ કરવાની છે, તો પછી શા સારુ મારે આ તુચ્છ ફળની આશંસા કરવી જોઈએ ?' અને આવું વિચારી નિરાશંસભાવ ટકાવી રાખ્યો હોત, તો પતન ન થાત.

એવું મહાવીર પ્રભુના જીવ વિશ્વભૂતિ મુનિને બન્યું. તીવ્ર વૈરાગ્યથી એમણે રાજશાહી સુખો છોડી ચારિત્ર લીધેલું અને એના પાલનમાં નિરાસંગભાવ પણ સારો કેળવેલો. કિન્તુ પિતરિયાએ કરેલ મશ્કરીથી અનાદિના સંસ્કારવશ અપમાન લાગ્યું, માન ઉછળી આવ્યું, અને ભવાંતરે બળના ધણી થવાની આશંસા ઊભી કરી, અને પતન થયું.

આશંસા રોકવા આ નિર્ધાર ઘૂંટવો જોઈએ કે 'મારે ધર્મનાં ફળરૂપે આ લોક પરલોકના કોઈ પદાર્થની ઈચ્છા કરવી જ નથી. અમૂલ્ય ધર્મને તુચ્છ ફળ ખાતર, ને અવિનાશી ધર્મને નાશવંત વસ્તુ ખાતર વેચી નાખવો નથી. કેમકે એમ ધર્મને વેચી નાખતાં દીર્ઘ ભાવી કાળ માટે ધર્મના સંસ્કાર જ નહિ રહે. પછી ભવાંતરે ધર્મ જ નહિ, તો પાપી જીવન જ બન્યું રહે; કેમકે દુન્યવી આશંસાથી વાસનારોગ દૃઢ થાય.'

આમ નિરાસંગભાવ સાથે નિરાશંસભાવ કેળવવાનો. એથી મન વૈરાગ્યથી સારું ભાવિત બને, ને ધ્યાનભંગ થાય નહિ, તેમ શુભધ્યાન દુર્લભ ન બને. નહિતર આશંસા મગજને પકડી લે પછી શુભધ્યાન લાગે ક્યાંથી ?

**(૫) ક્રોધાદિરાહિત્ય**-ઉપરોક્ત ગુણો કેળવવા છતાં સંભવ છે નિમિત્ત મળતાં કે સ્વભાવદોષે અનાદિના સંસ્કારવશ ક્રોધ અભિમાન વગેરે સ્ફુરી આવે. તો એ



પણ ધ્યાન માટે વિઘ્નભૂત થાય. **પ્રસન્નચંદ્ર** રાજર્ષિ સુંદર ધ્યાન કરનારા છતાં દૂતનું વચન સાંભળી ગુસ્સો લાવ્યા તો ધર્મધ્યાન તૂટ્યું ને રૌદ્રધ્યાન પર ચડી ઠેઠ સાતમી નરક સુધીનાં કર્મ બાંધવા માંડ્યા. **ચંડરુદ્રાચાર્યને** સ્વભાવ-દોષે ક્રોધ સ્ફુરી આવતો. માટે પહેલેથી જ આ કષાય-ચોરોને ઓળખી રાખી એનો નિગ્રહ કેળવવો, એનો ત્યાગ કરતા રહેવું.

**ક્રોધાદિથી વૈરાગ્યભાવિતતા કેમ નહિ ? :-** જો કે પ્રસ્તુત ગાથામાં 'ક્રોધાદિરાહિત્ય'નું સ્પષ્ટ પદ નથી, પરંતુ 'નિરાસો ય' માંનાં 'ય' યાને 'ચ' પદથી તથાવિધ ક્રોધાદિરાહિત્ય લેવાનું ટીકાકાર મહર્ષિ લખે છે. 'તથાવિધ' એટલે તેવા પ્રકારના અપ્રશસ્ત ક્રોધ-લોભ, માન-માયા-ઈર્ષ્યા, હર્ષ-ખેદ, વગેરે કષાયોને અટકાવવા જોઈએ. કેમકે એ સ્થિર વૈરાગ્યભાવિતતા ન આવવા દે. કારણ એ, કે એ ક્રોધાદિ કોઈ દુન્યવી ચીજને મહત્ત્વ આપવાથી ઊઠે છે; ને એને મહત્ત્વ અપાય તો એના પ્રત્યે વૈરાગ્યભાવિતતા ક્યાંથી દૃઢ રહે ?

**તેથી ક્રોધાદિ દાબવા આ વિચારવું કે,** '(૧) દુન્યવી વસ્તુ તો નાશવંત છે, એક દિ' જનારી છે, અને આ ક્રોધલોભાદિ કર્યા તો એના સંસ્કાર માથે પડી જશે. શા સારુ નાશવંતને મહત્ત્વ આપી કાયમી કુસંસ્કાર વહોરું ? વળી (૨) આ ક્રોધાદિ તો આત્માના વિકાર છે. જો ધર્મસાધનાથી મારે આત્માને શુદ્ધ જ કરવો છે, તો શા સારુ વિકારોને પોષવા ?

અહીં ધ્યાન રાખવાનું છે કે દુન્યવી ચીજ માટે તો નહિ, પણ આપણી સાધનામાં અંતરાય કરનાર તરફ પણ ગુસ્સો ઊઠતો હોય તો તે પણ આવકાર્ય નથી. કેમકે એમાં ય અહંત્વ કામ કરતું હોય છે; તેમ સાધના માત્ર બાહ્ય વસ્તુ હોવાની સમજ રહે છે; તેથી એ ગુસ્સો ઊઠે છે. પરંતુ એ કષાય આભ્યન્તર સાધનાને ધક્કો પહોંચાડે છે. એવા કષાયો સળવળે તો ત્યાં સૌમ્યભાવ ઉપશમ ન ટકી શકે. મન વૈરાગ્યથી ભાવિત ન બને. **પીઠ-મહાપીઠ** મહામુનિઓ અનુત્તર વિમાનવાળા દેવલોકમાં જનારા અને પછી બ્રાહ્મીસુંદરી બનીને મોક્ષે જનારા જીવ હતા. છતાં એ બાહુ-સુબાહુ (ભરત-બાહુબળીના જીવ) મુનિની ભક્તિ-વૈયાવચ્ચની પ્રશંસા સહન ન કરી શક્યા, ઈર્ષ્યા-માયા-અભિમાન ઊઠ્યાં, તો વૈરાગ્યભાવને ધક્કો લાગ્યો, આર્તધ્યાન લાગ્યું, અને ગુણસ્થાનકથી નીચે ઊતરી ગયા. એટલે વૈરાગ્યભાવિત મન બનાવવા તેવા ક્રોધાદિ પણ ન હોવા ઘટે, એને ઊઠતાં જ દબાવી દેવા પડે.

આમ, [૧]જગતના સ્વભાવનો ખ્યાલ, [૨]નિસ્સંગતા, [૩]નિર્ભયતા, [૪]નિરાશંસતા અને તથાવિધ [૫]કષાયથી રહિતતા,-એ પાંચ કેળવનારાનું મન વૈરાગ્યથી ભાવિત

**निच्चं चिय जुवइ-पसु-नपुंसग-कुसीलवज्जियं जइणो ।**
**ठाणं वियणं भणियं विसेसओ झाणकालंमि ॥३५॥**

**અર્થ :- હંમેશા યતિને વિશેષે કરીને ધ્યાનકાળે સ્થાન યુવતી-પશુ-નપુંસક અને કુશીલ માણસથી રહિત એકાંત સ્થાન જરૂરી કહ્યું છે.**

બને છે, અને એ ધ્યાનમાં સુનિશ્ચળ બને છે. ધ્યાનમાં ચલિત કરનારા છે અજ્ઞાન આદિ ઉપદ્રવો,— [1]વસ્તુ-સ્વભાવનું અજ્ઞાન, [2]આસક્તિ, [3]ભય, [4]ફળ-લાલસા અને [5]છૂપા ક્રોધાદિ કષાય. એ ધર્મધ્યાનને જાગવા દેતા નથી, યા જાગેલું તોડી નાખે છે. એ આ વિદિત-જગત્સ્વભાવ નિસ્સંગતા વગેરેથી દૂર થવાથી ધ્યાન-નિશ્ચળતા આવે એ સહજ છે.

આમ, ધર્મ્ય અને શુક્લધ્યાન પર વિચાર કરવા માટેની દ્વારગાથામાં કહેલ પહેલું 'ભાવના' દ્વાર વિચાર્યું. હવે 'દેશ' દ્વાર વિચારવા કહે છે,—

**ધ્યાન માટે દેશ**

**વિવેચન :-** ધ્યાન માટેનું સ્થાન યુવતિ વગેરેથી રહિત હોવું જોઈએ. આમ તો માત્ર ધ્યાનકાળે જ નહિ, કિંતુ હંમેશા મુનિને રહેવાનું સ્થાન સ્ત્રી વગેરેના વાસ કે સંચરણ વિનાનું એકાંત જોઈએ. એમ તીર્થંકર ભગવાન અને ગણધર દેવો કહે છે, એટલે પછી ધ્યાનકાળે તો ખાસ કરીને એવું એકાંત સ્થાન હોવું જરૂરી છે. કોઈપણ માનવી સ્ત્રી કે દેવી, પશુ-સ્ત્રી કે નપુંસક યા જુગારી વગેરે કુશીલનો સંસર્ગ ન હોવો જોઈએ. એ બધાથી અલિપ્ત એકાંત સ્થાન જોઈએ. કેમકે સ્ત્રી આદિના સંપર્કવાળા સ્થાનમાં જિનાગમે કહેલા દોષો ઊભા થાય છે.

સામાન્ય રીતે તો બ્રહ્મચર્યનું પાલન કરનાર માટે નવ વાડ પૈકી આ એક વાડ પાળવાની છે કે સ્ત્રી વગેરેના વાસ કે સંચાર વિનાનો એનો મુકામ જોઈએ. ત્યારે સાધુને તો વિશેષે કરીને એવો એકાંત મુકામ જરૂરી છે. સ્ત્રી ચાહ્ય પશુ-સ્ત્રી પણ હો, એ વિજાતીય તત્ત્વ છે. એથી એનું દર્શન કામ-વાસનાનું ઉત્તેજક છે. નપુંસક તીવ્ર વાસનાથી પીડાતો હોઇ ગમે તેવી ચેષ્ટા કરે, એટલે એ પણ કામોદ્દીપક બને. અનાદિના મોહના સંસ્કારો સંપૂર્ણ વીતરાગ થવા પૂર્વે સર્વથા નષ્ટ નથી હોતા; તેથી નિમિત્ત મળતાં એ ઉદ્બુદ્ધ-જાગ્રત બની જઇ જીવને મોહમૂઢ કરી જવા પૂરો સંભવ છે. માટે જ એવા નિમિત્તથી દૂર રહેવું જરૂરી છે. વિજાતીયતત્ત્વ સ્ત્રી એ એવું નિમિત્ત છે. પાસે એનો વસવાટ ખોટો, કે આવવું-જવું દૃષ્ટિમાં પડે એ ખોટું. આ તો બ્રહ્મચર્યની અપેક્ષાએ.

બાકી સંયમની-ચારિત્રની અપેક્ષાએ કુશીલાચારીનો સંપર્ક પણ નુકશાનકારી છે. કુશીલિયા દા.ત. જુગારી, દારૂડિયા, દારૂ વેચનારા, પરસ્ત્રી-લંપટો, વગેરેના



**थिरकयजोगाणं पुण मुणीण झाणे सुनिच्चलमणाणं ।**
**गामंमि जणाइण्णे सुण्णेरण्णे व, न विसेसो ॥३६॥**

**અર્થ :- ત્યારે સંઘયણ અને ધૃતિ બળવાળા અભ્યસ્તયોગી, જીવાદિ પદાર્થનું મનન કરનાર વિદ્વાન તથા ધર્મધ્યાનમાં અત્યંત નિષ્પ્રકંપ મનવાળા મુનિને તો લોકોથી વ્યાપ્ત ગામમાં કે શૂન્ય સ્થાનમાં યા અરણ્યમાં (ગમે ત્યાં ધ્યાન કરે એમાં) કોઈ તફાવત નથી.**

વસવાટમાં જો સાધુ રહે તો સાધુના કાને એમની નરસી વાતો કાન પર પડે, યા કુશીલ પ્રવૃત્તિ નજરે ચડે; અને એ સંયમના ભાવને ધક્કો લગાડે.

મુનિને વસવાટ માટે ય જ્યારે આવું સ્ત્રી વગેરેથી અલિપ્ત એકાંત સ્થાન જોઇએ, તો પછી ધ્યાન માટે તો વિશેષે કરીને એવું જ સ્થાન જરૂરી; કેમકે ધ્યાનમાં તો જિનાજ્ઞાદિ કોઇ એક શુભ વિષયમાં મનને એકાગ્ર રાખવાનું છે. પુરુષ-સાધુ માટે જેમ સ્ત્રી સંપર્કનો ત્યાગ, એમ સાધ્વી માટે પુરુષ-સંપર્કનો ત્યાગ. બંનેને નપુંસક સંપર્કનો ત્યાગ, એમ સાધ્વી માટે પુરુષ-સંપર્કનો ત્યાગ. બંનેને નપુંસક સંપર્કનો ત્યાગ; એમ યથાયોગ્ય સમજી લેવાનું. ન્યાય છે-**'એકજાતીય ગ્રહે તજ્જાતીયગ્રહણમ્'** અર્થાત્ એક જાતિની વાત કરી હોય, એમાં બીજી જાતિની અને યોગ્ય વસ્તુ આવી જાય. એટલે અહીં મુનિની વાત કરી, તો એ પરથી સાધ્વીને પુરુષના વાસ કે સંચરણ વિનાનું સ્થાન જોઇએ એ વસ્તુ સમજી લેવાની.

આ સ્ત્રી આદિથી રહિત સ્થાનની વાત અપરિણત યોગી માટે છે. કેમકે એમને હજી યોગનો અભ્યાસ ચાલે છે, એટલે યોગ હજી એમને પરિણત અર્થાત્ આત્મસાત્ નથી થયો; તેથી બાધક તત્ત્વ ટાળવાનો પ્રયત્ન ચાલુ હોય ત્યાં સુધી તો યોગ-અવસ્થા ટકે; નહિતર યોગભ્રષ્ટ થવાનો સંભવ છે. એટલે સ્ત્રી વગેરેના સંપર્કવાળા સ્થાનમાં એમને ધ્યાનની આરાધના અશક્ય છે.

આમ અપરિણત યોગીને માટે ધ્યાનના સ્થાનની વાત કરી. હવે પરિણત યોગી આદિને ઉદ્દેશીને વિશેષ વસ્તુ કહે છે,

**વિવેચન :-** પરિણતયોગી વગેરે માટે આવા સ્ત્રી વગેરેથી રહિત જ સ્થાનનો નિયમ નથી. પરિણત-યોગી એટલે જેમનું શરીર સંઘયણ મજબૂત છે અને જેમની ધૃતિ-ધૈર્ય પણ સ્થિર છે; તેમજ જે કૃતયોગી છે.

**'કૃતયોગી'** અર્થાત્ કૃત એટલે સારી રીતે અભ્યસ્ત છે, યોગ જેમને.

**'યોગ' એટલે** પૂર્વે કહેલ જ્ઞાનભાવના, દર્શનભાવના વગેરેથી ભાવનાની પ્રવૃત્તિ; અથવા જિનકલ્પિકાદિ મુનિપણું લેવા માટે જે પૂર્વે સત્ત્વભાવના, સૂત્રભાવના,

તપભાવના વગેરે કેળવવાની છે તે.

**'સત્ત્વભાવનામાં'** સ્મશાન જેવામાં પણ એકલા નિર્ભીકપણે રાતભર કાયોત્સર્ગ ધ્યાનમાં રહેવાનું સત્ત્વ કેળવવાનું હોય છે. **'સૂત્રભાવના'**માં સૂત્રનું પરાવર્તન (પુનરાવર્તન) એવું પરિચિત કરવાનું હોય છે કે એમાં કેટલા સૂત્રસ્વાધ્યાયમાં કેટલો સમય ગયો એની ખબર પડે. એટલું બધું સ્પષ્ટ અક્ષરમાં અને ચોક્કસ વ્યવસ્થિત સમયથી ચાલનારું સૂત્ર-અર્થનું પરાવર્તન કેળવવાનું હોય છે. **'તપભાવના'**માં તપનું બળ એવું કેળવવાનું રહે છે કે તપના સમયમાં આહારના વિકલ્પ ન ઊઠે, તેમજ પારણે નિર્દોષ અને ચોકસ અભિગ્રહવાળી ભિક્ષા ન મળે તો આગળ આગળ તપ સમાધિપૂર્વક લંબાવવાનું સામર્થ્ય હો.

**સ્થિર કૃતયોગીની ચતુર્ભંગી :-** આ જ્ઞાનભાવનાદિ કે સત્ત્વભાવનાદિરૂપ યોગનો જેમને સારો અભ્યાસ થઈ ગયો છે, તે કૃતયોગી કહેવાય. સ્થિર અને કૃતયોગીની ચતુર્ભંગી બને, (૧) કેટલાક સ્થિર યાને સંઘયણ-ધૃતિબળવાળા હોય પરંતુ કૃતયોગી ન હોય. (૨) કેટલાક સ્થિર ન હોય પરંતુ કૃતયોગી હોય. (૩) ત્યારે કેટલાક સ્થિર પણ ખરા, અને કૃતયોગી પણ ખરા. તો બીજા વળી સ્થિર પણ નહિ અને કૃતયોગી પણ નહિ. આમાં ત્રીજો ભાંગો અહીં પરિણતયોગી તરીકે લેવાનો છે. એનું કારણ એ છે, કે જો કૃતયોગી હોવા છતાં સ્થિર ન હોય, તો સંઘયણબળ કે ધૃતિધૈર્યના અભાવે ઉપદ્રવમાં ધ્યાનથી ડગી જવાનો સંભવ છે. ત્યારે જો સ્થિર હોવા છતાં કૃતયોગી ન હોય તો અભ્યાસ દશામાં વિપરીત સંયોગ આવ્યે ચલિત થવાનો સંભવ છે. માટે બંને ગુણ જોઈએ.

આ તો સ્થિર અને કૃતયોગી એમ બે ગુણ લીધા. અથવા સ્થિર કરેલા યોગવાળા એમ પણ એક જ ગુણ લઈ શકાય. એનો અર્થ વારંવાર યોગાચરણ કરી કરીને યોગને ખૂબ પરિચિત કર્યો છે જેમણે, તે સ્થિર કૃતયોગી ભોગીને જેમ ભોગનો પરિચય હોય છે. એટલે એને ભોગ ધારીને યાદ કર્યા વિના પણ સહેજ સહેજમાં યાદ આવી જાય છે, એમ આમને યોગના ખૂબ અભ્યાસથી થયેલા સારા પરિચયે યોગ સહજ બની જાય છે. આવા ગાઢ પરિચિત અને સુઅભ્યસ્ત કરેલા યોગવાળા એ પરિણતયોગી કહેવાય. એ પૂર્વાક્ત ત્રીજા ભાંગાવાળા જ હોવાના.

આવા જે સારી રીતે અભ્યસ્ત યોગવાળા મુનિ, એમને સ્થાનનો નિયમ નહિ—'મુનિ'—એટલે જીવ-અજીવ આદિ તત્ત્વોનું મનન કરનારા; એ દરેક તત્ત્વનું અલગ અલગ સ્વરૂપ, એના ગુણ-દોષ, અપાય-ઉપાય, હેય-જ્ઞેય-ઉપાદેયતા, વગેરે પર ગંભીર ચિંતન મનન પરિણમન કરીને એવા આત્મ-સમન્વય કરનારા બન્યા હોય કે એમને ગમે તે સ્થાને ધ્યાન અખંડ ચાલી શકે.



**जो ( तो ) जत्थ समाहाणं होज्ज मणो-वय-कायजोगाणं ।**
**भूओवरोहरहिओ सो देसो झायमाणस्स ॥३७॥**

**અર્થ :- તેથી ધ્યાન કરનારને જ્યાં મન-વચન-કાયાના યોગોની સ્વસ્થતા રહે, એવું જીવસંઘટ્ટાદિ વિરાધના વિનાનું સ્થાન (યોગ્ય છે.)**

અલબત એ સુનિશ્ચલ મનવાળા જોઈએ. મન ધર્મધ્યાનમાં અત્યંત નિષ્પ્રકંપ હોવું જરૂરી. તો જ એમના માટે સ્થાનનો નિયમ નહિ. ધ્યાન લોકવ્યાપ્ત ગામમાં કરે, શૂન્ય ઘરમાં કરે કે જંગલમાં કરે, પણ ધ્યાનમાં ફરક ન પડે. અહીં 'ગામ' શબ્દથી એક-જાતીયના ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થાય એ ન્યાયે, નગર, બંદર, કસ્બો, ઉદ્યાન વગેરે ય સમજી લેવાના. બધે જ ધ્યાન કરી શકે; કેમકે એમને તો બધા ય સ્થાન પ્રત્યે સમભાવ છે, દા.ત. ભર્યું ગામ પ્રતિકૂળ નહિ અને શૂન્ય ઘર અનુકૂળ નહિ. એનું કારણ એ, કે એ અભ્યસ્ત યોગીઓ તત્ત્વપરિણત બનેલા છે. તત્ત્વપરિણતિ આવી ને અંતરમાં તત્ત્વ પરિણત થઈ ગયાં. પછી તો ગામ કે જંગલ બધું ય લક્ષ-બહાર અને વિશેષતા વિનાનું હોઈ એમને મન સમાન છે.

**કાય-વાગ્-મનોયોગમય ધ્યાન**

**વિવેચન :-** આમ પરિણત અપરિણત યોગવાળાના સ્થાનનો વિચાર કર્યો એનો સાર આ છે કે ધ્યાન કરનારે મુખ્ય આ જોવાનું કે 'કેવા ગામ વગેરે સ્થાનમાં પોતાના મન-વચન-કાયાના યોગ સ્વસ્થ રહે છે ?' બસ એ સ્થાન એના માટે ધ્યાનનો યોગ્ય દેશ બને.

પ્ર૦- ધ્યાન માટે મનોયોગની સ્વસ્થતા તો જરૂરી છે કેમકે ધ્યાન મનોયોગમય છે. પરંતુ વચન-કાયયોગની સ્વસ્થતા શી રીતે ?

ઉ૦- વાત સાચી, કિન્તુ મનોયોગની સ્વસ્થતા પર વચનયોગ કાયયોગની સ્વસ્થતા ઉપકારક છે. જો વચનયોગ અસ્વસ્થ હોય, દા.ત. ગમે તેવા પાપ શબ્દો વિકથાના શબ્દો બોલાતા હોય, તો સહેજે એથી મનોયોગ યાને વિચાર વ્યાપાર બગડતો જાય છે, એમ કાયયોગમાં પરસ્ત્રી આદિ તરફ આંખો જોતી રહે, તો પણ મનોયોગ બગડે છે. એથી ઊલટું વાણી-વ્યાપાર ધર્મનો ચાલતો હોય, દા.ત. વૈરાગ્યનાં કાવ્ય બોલાતા હોય કે કાયયોગ પરમાત્માની યા કોઈ તપસ્વી-સંયમી-સંતની ઉપાસનામાં હોય તો એથી મનોયોગ સારો ચાલે છે. એટલે ભલે ધ્યાન મનોયોગમય હો, છતાં એ માટે ય પ્રશસ્ત વાક્કાયયોગ જરૂરી છે.

બીજી જૈનશાસનની એક વિશિષ્ટ વસ્તુ આ છે કે ધ્યાન સ્થિર મનોયોગમયની જેમ સ્થિર સ્વસ્થ વચનયોગમય અને કાયયોગમય પણ બને છે. કહ્યું છે —

**'एवंविहा गिरा मे वत्तव्वा, एरिसी न वत्तव्वा**
**इय वेयालियवक्कस्स भासओ वाइगं झाणं ॥'**
**सुसमाहियकरपायस्स अकज्जे कारणंमि जयणाए ।**
**किरियाकरणं जं तं काइयझाणं भवे जइणो ।'**

'આવા પ્રકારની મારે વાણી બોલવી, આવી ન બોલવી, એમ દશવૈકાલિકસૂત્રે કહેલ વચન પ્રમાણે બોલનારને વાચક ધ્યાન હોય છે. તથા, હાથ-પગને સારી રીતે વ્યવસ્થિત રાખી એને અકાર્યમાં ન જોડનાર અને કારણ પડ્યે યતનાથી ક્રિયા કરનાર યતિનું આ ક્રિયાકરણ એ ધ્યાન છે.

આ સૂચવે છે કે સ્વસ્થ વચન યોગ-કાય યોગ પણ ધ્યાનરૂપ છે. આ ગ્રંથમાં આગળ જઇને કહેવાના છે કે 'ધ્યાન'નો અર્થ,-(૧) 'ધ્યૈ' ચિન્તાયામ્ (૨) 'ધ્યૈ કાયનિરોધે' (૩) ધ્યૈ 'અયોગિત્વે' એ હિસાબે,-એકાગ્રચિંતન, કાયનિરોધ, ને અયોગિતાકરણ એવા થાય. તેમજ ગ્રંથના અંતે એ પણ લખ્યું છે કે મુનિની સર્વક્રિયા ધ્યાનરૂપ છે. આ હિસાબે વચનયોગ-કાયયોગ ધ્યાનરૂપ બને છે.

અહીં એક વિશેષ એ સમજવાનો છે કે ધ્યાનના યોગ્ય દેશ તરીકે સ્થાન માત્ર યોગસમાધાનકારી યાને યોગ સ્વસ્થતાકારી હોય એટલું જ બસ નથી, કિન્તુ એ 'જીવોપરોધરહિત' પણ હોવું જોઈએ. 'જીવોપરોધરહિત' એટલે જ્યાં પૃથ્વીકાયાદિ જીવોનો સંઘટ્ટો થતો હોય જીવોને પરિતાપ થતો હોય, ઈત્યાદિ જીવવિરાધનાવાળું સ્થાન ન જોઈએ. ધ્યાનમાં બેઠા ભલે આપણાથી જીવોને દુઃખ ન પહોંચતું હોય, કિન્તુ એ સ્થાનોમાં જો જીવોને બીજાઓથી પણ દુઃખ પહોંચતું હોય, કિન્તુ એ સ્થાનમાં જો જીવોને બીજાઓથી પણ દુઃખ પહોંચતું હોય તો તે સ્થાન ધ્યાનને યોગ્ય ન ગણાય. કેમકે યતિના દયામય હૃદયને આ જોતાં સહેજે એ જીવો પ્રત્યે લાગણી, દયાર્દ્રતા થઈ આવે, ને એથી ચિત્ત એમાં જતાં પ્રસ્તુત વિષયના ધ્યાનનો ભંગ થાય.

આટલું જ બસ નથી, કિન્તુ, 'એકજાતિયના ગ્રહણમાં તજ્જાતીય બીજાનું પણ ગ્રહણ થાય.'-એ ન્યાયથી 'જીવોપરોધ' શબ્દથી હિંસા જેવા અસત્ય, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ વગેરે પાપ પણ સંગૃહિત બને છે. એટલે એવાં પાપો સેવાતાં હોય એવું પણ સ્થાન ન જોઈએ. એનું પણ કારણ આ કે યોગીનું પાપઘૃણાવાળું હૃદય બીજાનાં પાપ નજરે પડતાં એ પાપ પ્રત્યે ઘૃણાને એ પાપકારી જીવો પ્રત્યે દયાની અસરવાળું બની જવા સંભવ છે, અને એ ઘૃણા-દયા ઊભરાઈ આવતાં ધ્યાનભંગ થાય.

માટે ધ્યાનને યોગ્ય સ્થાન આવું જીવહિંસાદિ પાપ વિનાનું જોઈએ. આ પરથી એ પણ સૂચિત થાય છે કે મુનિનું દિલ પરિગ્રહાદિ પાપો તરફ કેવું જોઈએ. આ 'દેશ'ની વાત; એવી હવે ધ્યાનયોગ્ય 'કાળ'ની વસ્તુ કહે છે,-



**कालोवि सोच्चिय जहिंजोगसमाहाणमुत्तमं लहइ ।**
**न उ दिवस-निसावेलाइनियमणं झाइणो भणियं ॥३८॥**
**जच्चिय देहावत्था जिया ण झाणोवरोहिणी होइ ।**
**झाइज्जा तदवत्थो ठिओ निसण्णो निवण्णो वा ॥३९॥**

**અર્થ :- ધ્યાન કરનારને કાળ પણ એવો જોઈએ કે જેમાં યોગસ્વસ્થતા ઉત્તમ મળતી હોય. કિંતુ દિવસ જ યા રાત્રિ જ યોગ્ય વેળા, એવો નિયમ નથી, એમ (તીર્થંકર-ગણધરદેવોએ કહ્યું છે.)**

**અર્થ :- અભ્યાસ કરેલી જે કોઈ દેહાવસ્થા ધ્યાનને પીડા કરનારી ન બનતી હોય, તે અવસ્થામાં રહીને ધ્યાન કરે, ચાહ્ય ઊભા (કાયોત્સર્ગ અવસ્થામાં) રહીને, યા (વીરાસનાદિએ) બેઠા રહીને કે લાંબા-ટૂંકા સૂઈ રહીને.**

**ધ્યાન માટે કાળ**

**વિવેચન :-** કાળ એટલે કલન, જેમાં ગણતરી થાય, અથવા કાળ એટલે કળાસમૂહ, અઢી દ્વીપ સમુદ્રમાં ચંદ્ર-સૂર્યની ગતિક્રિયાથી સૂચિત દિવસ આદિ. 'કાલો વિ.'માં 'વિ' પદ તુલ્યતા બતાવવા માટે છે. ધ્યાન કરનારને ધ્યાન માટે જેમ દેશ યોગ્ય જોઈએ એટલું જ, પરંતુ નામથી અમુક જ દેશ સ્થાન, એવો નિયમ નહિ; એ રીતે કાળમાં પણ અમુક જ સમય એવો નિયમ નહિ; કિન્તુ એટલું જ કે કાળ પણ યોગ્ય જોઈએ, એ કહેવું છે.

**એ યોગ્ય કાળ કેવો ?** તો કહે છે કે જ્યાં યોગનું ઉત્તમ સમાધાન મળે; યોગની ઉત્તમ સ્વસ્થતા મળે. જે કાળે મન-વચન-કાયાનો વ્યાપાર સ્વસ્થ હોય તે કાળે ધ્યાન થઈ શકે. એ કાળ દિવસે ય હોય, રાત્રે પણ હોય, કોઈ મુહૂર્ત (૨ ઘડી) આદિ, યા દિવસનો પૂર્વ ભાગ કે પાછલો ભાગ પણ હોઇ શકે. અમુક દિવસ જ યા રાત્રિ જ, કે પૂર્વાહ્ન જ એવો નિયમ નથી. એમ તીર્થંકરદેવો અને ગણધરદેવોએ કહ્યું છે. આ 'કાળ' દ્વાર વિચાર્યું.

**ધ્યાનનું આસન : યોગસમાધાન એજ ધ્યાન.**

હવે 'આસનવિશેષ' દ્વારની વ્યાખ્યા કરવા કહે છે,-

**વિવેચન :-** ધ્યાન કયા આસને કરવું ? એના માટે પણ નિયમ નથી કે અમુક પદ્માસનાદિએ જ થાય. કિન્તુ શરીરની જે અવસ્થા પોતાને અભ્યસ્ત હોય, જેની આદત પડેલી હોય, યા ઉચિત હોય, તે અવસ્થાએ રહીને ધ્યાન કરાય.

**सव्वासु वट्टमाणा मुणओ जं देस-काल-चेट्ठासु ।**
**वरकेवलाइलाभं पत्ता बहुसो समियपावा ॥४०॥**

**અર્થ :- (દેશ-કાળ-આસનનો નિયમ નથી) કારણ કે મુનિઓ બધી ય દેશ-કાળ-શરીરાવસ્થામાં રહ્યા પાપને શમાવીને અનેકવાર પ્રધાન કેવળજ્ઞાનાદિને પામ્યા છે.**

અલબત્ત એ અવસ્થા એવી જોઈએ કે જેથી પછી થાક વિહ્વળતા થઈ ચિત્ત એમાં જતાં ધ્યાનભંગ ન થાય. જો તે અવસ્થામાં વચમાં અંગોપાંગને ફેરવવા પડતા હોય તો એનો અર્થ એ કે ત્યાં થાકનો અનુભવ થયો હોય, અને તેથી તો ધ્યાનમાંથી ચિત્ત ડગવાનું, ધ્યાન સ્ખલિત થવાનું.

એટલે મુખ્ય મુદ્દો આ, કે ધ્યાન અસ્ખલિત ચાલી શકે એવું કોઈ પણ સ્થિર આસન યાને સ્થિર રહેનારી શરીરાવસ્થાએ ધ્યાન માટે યોગ્ય આસન છે, પછી ચાહ્ય તે ઊભા કાયોત્સર્ગની અવસ્થાએ રહીને કરાય, યા બેઠા બેઠા કોઈ વીરાસન પદ્માસન પર્યંકાસન (પલાંઠી) માંડીને કરાય, અથવા જીવનના અંતિમ કાળે પાદપોગમન અનશનમાં જેમ સૂવાની અવસ્થા રખાય છે તેમ લાંબા ટૂંકા સૂવાના આસને રહીને પણ કરાય. અત્યંત બિમાર પથારીવશ હોય તો શું કરે ? એ સૂતાં સૂતાં પણ ધ્યાન કરી શકે. પરંતુ સાજો સારો તેમ કરવા જાય તો પ્રમાદ-નિદ્રા-ઝોકામાં જ ઉતરી જાય. 'ધ્યાન અસ્ખલિત અખંડ'નો અર્થ જ એ છે કે જેમાં ન તો કોઈ વચ્ચે વિક્ષેપ આવે, યાને બીજા વિચારમાં મન તણાય, યા ન તો પ્રમાદ નિદ્રા આવે.

ધ્યાન માટે બીજાઓ તો ગુફા વગેરે સ્થાન જ, દિવસ-રાતનો અમુક જ સમય, તથા અમુક જ પદ્માસન વગેરે જરૂરી બતાવે છે, અને તે વિના ધ્યાન થઈ જ ન શકે એમ કહે છે, તો અહીં કેમ સ્થાન-કાળ-આસનનો નિયમ ન બાંધ્યો ? એના ખુલાસામાં કહે છે,–

**વિવેચન :-** ધ્યાન માટે દેશ-કાળ-આસનનો નિયમ ન બાંધવાનું કારણ એ છે કે મુનિઓ અઢી દ્વીપના બધા ય સ્થાનમાં, બધા ય દિવસ-રાતના કાળમાં, અને કોઈ પણ ચેષ્ટા-પ્રવૃત્તિ-શરીરાવસ્થામાં પાપ શમાવીને કેવળજ્ઞાનાદિ પામ્યા છે. કેવળજ્ઞાન પામવાનું ધ્યાન વિના તો બને જ નહિ, કેમકે કઠોર તપ તપીને પણ અમુક જથ્થાબંધ કર્મક્ષય થયા પછી પણ જે ઘાતીકર્મનાં પાપ બાકી રહે છે તેને તોડવાની તાકાત એકમાત્ર ધ્યાનમાં છે. તો ગમે તે સ્થાનાદિમાં કેવળજ્ઞાન થયું એને ધ્યાન તો આવેલું જ, પછી ધ્યાન માટે અમુક જ સ્થાનાદિનો નિયમ ક્યાં રહ્યો કે એમાં જ ધ્યાન લાગી શકે ?



**तो देसकालचेट्ठानियमो झाणस्स नत्थि समयंमि ।**
**जोगाणं समाहाणं जह होइ तहा जइयव्वं ॥४१॥**
**आलंबणाई वायण-पुच्छण-परियट्टणाऽणुचिंताओ ।**
**सामाइयाइं सद्धम्मावस्सयाइं च ॥४२॥**

**અર્થ :- એટલા માટે આગમમાં 'ધ્યાનના દેશ-કાળ-શરીર-ચેષ્ટા અમુક જ જોઈએ' એવો નિયમ નથી. માત્ર, યોગોની સ્વસ્થતા જે રીતે થાય તે રીતે પ્રયત્ન કરવો. (આટલો નિયમ છે.)**

**અર્થ :- (ધર્મધ્યાનમાં ચડવા માટે નિર્જરા નિમિત્તે કરાતી સૂત્રની) વાચના યાને પઠન-પાઠન, (શંકિતમાં) પૃચ્છા, પૂર્વપઠિતનું પરાવર્તન, તથા અનુચિંતન-અનુસ્મરણ અને ચારિત્રધર્મનાં સુંદર અવશ્ય-કર્તવ્ય સામાયિક પડિલેહણાદિ સાધુ-સામાચારી એ આલંબન છે.**

એકલું કેવળજ્ઞાનાદિ જ નહિ પણ અવધિજ્ઞાન મનઃપર્યાયજ્ઞાન વગેરે પણ, ધ્યાનથી પાપ શમી જઈને પ્રગટે છે, અને એ ય ધ્યાન કેટલાયને અનિયત યાને અચોક્કસ સ્થાનાદિમાં આવ્યું હોય છે. તે પણ એક જ વાર નહિ કિન્તુ અનેકવાર. એ સૂચવે છે કે ધ્યાન માટે અમુક જ દેશ-કાળ-આસન એવો નિયમ નથી. છતાં એટલું ખરું કે અભ્યાસીએ ત્રણે યોગની સ્વસ્થતા રહે અને ધ્યાનભંગ ન થાય એવા દેશ-કાળ-આસન જાળવવા જોઈએ.

એ જ વસ્તુ સાર રૂપે બતાવતાં કહે છે,–

**વિવેચન :-** જીવો ગમે તે દેશાદિમાં કેવળજ્ઞાન આદિ પામેલા છે માટે ધ્યાન અર્થે દેશ-કાળ-શરીરચેષ્ટા-અવસ્થા-આસન અમુક જ જોઈએ એવો નિયમ નથી, આગમમાં ક્યાંય એવો નિયમ બાંધ્યો નથી. નિયમ હોય તો એટલો જ કે ધ્યાન કરવામાં મન-વચન-કાયાના યોગો સમાહિત-સ્વસ્થ હોવા જોઈએ, અને એવી રીતે પ્રયત્નશીલ રહેવું કે જેથી યોગોનું સમાધાન થાય, સ્વસ્થતા થાય.

અહીં ત્રણે યોગોનું સમાધાન લીધું એ સૂચવે છે કે ધાર્મિક કોઈ પણ પ્રતિક્રમણાદિ કાયિક પ્રવૃત્તિ, યા સ્વાધ્યાયાદિ વાચિક પ્રવૃત્તિ, અથવા તત્ત્વચિંતન કે અનિત્યાદિ ભાવના ચિંતનાદિ માનસિક પ્રવૃત્તિ, સ્વસ્થતાથી શાસ્ત્રવિધિ અનુસાર ચાલતી હોય એમાં ધ્યાન લાગી શકે છે, અને પૂર્વે કહ્યું તેમ જબરદસ્ત પાપકર્મોને શમાવી શકે છે.

'આસન' દ્વાર વિચાર્યું. હવે 'આલંબન'-દ્વારના અવયવ-અર્થ બતાવવા કહે છે,–

**વિવેચન :-** પૂર્વ કહેલ જ્ઞાનભાવનાદિ ચાર ભાવનાથી મનને સારું ભાવિત કર્યું એટલે આત્મા યોગ્ય દેશ-કાળ-આસનમાં ત્રિવિધ યોગને સ્વસ્થ રાખવા માટે કેળવાયો. એ આજ્ઞાવિચય આદિ ધર્મધ્યાનમાં કયા કયા આલંબને ચડી શકે, અર્થાત્ એવી કઈ કઈ પ્રવૃત્તિ રાખે તો એના આધારે ધર્મધ્યાન લાગે એ આલંબનો બતાવે છે.

એમાં પહેલું આલંબન **'વાચના'** છે. વાચના એટલે ગણધરદેવાદિએ રચેલા સૂત્રનું યોગ્ય શિષ્યને કર્મનિર્જરાના હેતુએ દાન કરવું, સૂત્ર ભણાવવું. એ ભણાવવામાં એનો અર્થ ભણાવવાનું પણ આવી જાય. ઉપલક્ષણથી સૂત્ર-અર્થનું ગ્રહણ યાને ગુરુ પાસે સૂત્રાર્થ ભણવાનું પણ સમજી લેવાનું. આ વાચનાનું આલંબન યાને પ્રવૃત્તિ રાખે તો એમાં મન એકાગ્ર થતાં ધર્મધ્યાનમાં ચડી શકે.

એમ **'પુચ્છણ'** અર્થાત્ એ ભણેલામાં ક્યાંક શંકા પડે, પ્રશ્ન ઊઠે, તે ગુરુ પાસે જઈને નિરાકરણ માટે વિનયથી પૂછે. વળી **'પરિયટ્ટણ'** એટલે કે ભણેલા સૂત્ર-અર્થ ભૂલાઈ ન જાય અને વાચના સિવાયના સમયમાં શુભપ્રવૃત્તિ રહે એ માટે એ ભણેલા સૂત્ર-અર્થનું **પરાવર્તન**-પુનરાવૃત્તિ-પારાયણ કરે. તેમ, **'અનુચિંતા'** અર્થાત્ સૂત્રાદિનું વિસ્મરણ ન થાય એ માટે મનથી જ ચિંતન કરે. આ 'વાયણ-પુચ્છણ-પરિયટ્ટણાઽણુચિંતાઓ' એ દ્વન્દ્વ સમાસ થયો.

**શ્રુતધર્મ-ચારિત્રધર્મ :-** એ વાચનાદિ પ્રવૃત્તિ શ્રુતધર્મની અન્તર્ગત ગણાય. ધર્મ બે પ્રકારે આરાધવાનો છે, શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. શ્રુતધર્મ તરીકે વાચનાદિની પ્રવૃત્તિ રાખવાની, અને ચારિત્રધર્મ તરીકે હવે જે કહેશે તે સામાયિકાદિ આવશ્યક આચરવાના હોય છે.

સામાયિકાદિમાં સામાયિક, પડિલેહણાદિ સમસ્ત ચક્રવાલ સામાચારી આવે. સામાયિક પ્રસિદ્ધ છે. સાવદ્ય યોગોનો મન-વચન-કાયાથી પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરીને રાગદ્વેષાદિ રહિત સમભાવમાં આવવું એ સામાયિક કહેવાય. એમાં સ્વાધ્યાય-ધ્યાન મહાવ્રત-સમિતિ-ગુપ્તિપાલન આદિ કરવાનું હોય છે.

પડિલેહણમાં મુખવસ્ત્રિકા (મુહપત્તિ)નું તથા વસ્ત્ર-પાત્રવસતિ (મુકામ)નું પ્રત્યુપ્રેક્ષણ-પ્રમાર્જન કરતા રહેવાનું આવે; જેથી કોઈ જીવ જંતુ મરે નહિ... ઇત્યાદિ સમસ્ત ચક્રવાલ સામાચારી પળાય એ ધ્યાન માટે આલંબનરૂપ બને છે.

સાધુ જીવનમાં ગુરુ તથા ગચ્છની સાથે રહેતાં 'ઇચ્છાકાર' યાને બીજાને કાંઇ કામ ભળાવવું હોય તો એની તે કરવાની ઇચ્છા પૂછવી, 'મિચ્છાકાર' ભૂલ આવતાં મિથ્યાદુષ્કૃત દેવો; 'તહત્તિકાર' ગુરુવચન તરત 'તહત્તિ (તથાસ્તુ) કહીને સ્વીકારી લેવું; વળી મુકામ યા મંદિરમાં પેસતાં નીકળતાં 'આવસ્સહી' 'નિસીહિ'



**विसमंमि समारोहइ दढदव्वालंबणो जहा पुरिसो ।**
**सुत्ताइकयालंबो तह झाणवरं समारुहइ ॥४३॥**

**અર્થ :- જેવી રીતે માણસ નીચા સ્થાનમાં રહેલો કોઈ મજબૂત (દોરડાદિ) દ્રવ્યના આલંબને ઊંચે ચઢી જાય છે, તેવી રીતે સૂત્રાદિનું આલંબન કરનારો ઉત્તમ ધ્યાન (ધર્મધ્યાન) પર ચડી જાય છે.**

કહેવું. ગોચરી (ભિક્ષા) જતાં અને આહાર લઈ આવી, મુનિઓને 'છંદણા' (ઈચ્છા) પૂછવી તથા 'નિમંતણા' કરવી... ઇત્યાદિ આચાર પાળવાના આવે. એમ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિની પ્રવૃત્તિઓ જેમાં ૪૭ દોષ રહિત ગોચરી લાવવા-વાપરવાની પ્રવૃત્તિ પણ આવે છે, એ તથા ઉભયકાળ પ્રતિક્રમણની ક્રિયા, દેવવંદનની ક્રિયા, વગેરે બરાબર શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સેવાય, એ બધો સાધ્વાચાર છે અને એ ચારિત્રધર્મમાં સુંદર આવશ્યકો છે, યાને અવશ્ય કર્તવ્ય છે.

આમ શ્રુતધર્મના વાચના પ્રચ્છના વગેરે સત્કૃત્યો તથા ચારિત્રધર્મના સામાયિકાદિ આવશ્યક સત્કર્તવ્યો ધ્યાન માટે આલંબનભૂત છે. એમાં જીવ પરોવાઈ જાય તો ધર્મધ્યાન સુલભ બને છે. આ આલંબન વસ્તુ પણ બતાવે છે કે ધ્યાનના અર્થીએ સંસારની જળોજથામાંથી છૂટી આવી પ્રવૃત્તિમાં લાગવું જોઈએ.

હવે આ શ્રુત-ચારિત્રધર્મના અંગોને જ કેમ આલંબન રૂપ કહ્યા એનું કારણ બતાવે છે,-

**વિવેચન :-** માણસ કોઈ કૂવા વગેરેમાં નીચે પડી ગયો હોય તો એને મજબૂત દોરડું વગેરે કોઈ દ્રવ્ય આલંબન-આધાર તરીકે મળતાં એના આધારે ઉપર ચડી જાય છે. એ ચડવાનો પોતાની શક્તિ અને પોતાના પુરુષાર્થથી જ; કિન્તુ દોરડું સીડી આદિ કશું સાધન-આધાર-આલંબન ન મળે તો ન ચડી શકે. એમ અહીં દુર્ધ્યાન-કુવિકલ્પાદિમાં પડેલો ગણધરાદિરચિત સૂત્રની વાચનાદિનું આલંબન કરીને ધર્મધ્યાનમાં ચડી જાય છે. શુભધ્યાનમાં ચડવાનું પોતાના મનથી અને પુરુષાર્થથી, કિન્તુ આવું વાચનાદિ શ્રુતધર્મ કે સામાયિકાદિ આવશ્યકનું આલંબન ન કરે તો ધર્મધ્યાનમાં ન ચડી શકે. અરિસાભવનમાં કે લગ્નની ચોરીમાં ધર્મધ્યાનમાં ચડ્યા તે પણ સૂત્રોક્ત શુભ ચિંતનનું આલંબન કરીને જ ચડ્યા. એટલે ધ્યાન સારુ આલંબનનું અતિશય મહત્ત્વ છે. આ 'આલંબન' દ્વાર થયું.

## ધર્મ-શુક્લધ્યાનમાં ક્રમ

હવે 'ક્રમ'દ્વારનો અવસર આવ્યો. તે લાઘવ માટે અર્થાત્ ટૂંકમાં પતે એ માટે ધર્મધ્યાન અને શુક્લધ્યાન બંનેનો ક્રમ જણાવતાં કહે છે,—

**झाणप्पडिवत्तिकमो होइ मणोजोगनिग्गहाईओ ।**
**भवकाले केवलिणो, सेसाण जहासमाहीए ॥४४॥**

**અર્થ :- ધ્યાનપ્રાપ્તિનો ક્રમ (મોક્ષગમનની અતિ નિકટના) સંસારકાળે કેવળજ્ઞાનીને મનોયોગ-નિગ્રહ આદિ હોય છે, બાકીનાને સ્વસ્થતાનુસાર (હોય છે.)**

**વિવેચન :-** ધ્યાનની પ્રાપ્તિનો ક્રમ બે રીતે છે-(૧) કેવળજ્ઞાની મહર્ષિ જ્યારે મોક્ષ પામવાના અતિ નિકટકાળમાં અર્થાત્ છેલ્લી શૈલેશી અવસ્થાની અંદરના અંતર્મુહૂર્તકાળમાં આવે છે અને ત્યાં એમને શુક્લધ્યાનના છેલ્લા બે પાયાનું ધ્યાન કરવાનો અવસર આવે છે, ત્યારે એ પહેલાં તો મનોયોગનો નિગ્રહ કરે છે, પછી વચનયોગનો નિગ્રહ, અને પછી સૂક્ષ્મ પણ કાયયોગનો નિગ્રહ કરે છે.

કેવળજ્ઞાનીને આમ તો ધ્યાન કરવાનું છે જ નહિ; કેમકે (૧) એ સર્વજ્ઞ-સર્વદર્શી હોવાથી એમની સામે ત્રણે કાળના સર્વભાવો બધા જ પ્રત્યક્ષ હોવાથી એમને ચિંતન કરવા જેવું કાંઈ બાકી રહેતું જ નથી, પછી ધ્યાન શાનું કરે ? વળી (૨) એ હવે જીવન-સિદ્ધ બનેલા છે. એમને સાધનાકાળ સમાપ્ત થયો છે. સાધના માત્રથી જે ઘાતીકર્મોનો નાશ કરવાનો છે તે એમને સર્વથા થઈ ગયો. તો હવે શું કામ ધ્યાનની સાધના કરે ? ત્યારે અઘાતી કર્મો જે બાકી છે તે તો ભોગવીને પૂરા થવાના. એ કાંઈ સાધનાથી વહેલા નાશ કરી શકાય એવું હોતું નથી. તેમ એ હજી બાકી હોય તો પણ આત્માનાં નિર્મળ વીતરાગ સર્વજ્ઞ સ્વરૂપ પરમાત્મપણાને કોઈ બાધ પહોંચતો નથી. એટલે હવે કોઈ સાધના જ ન હોઈ ધ્યાનસાધના પણ ન હોય.

આ પરથી એ પણ સમજવાનું છે કે **દેવની ધ્યાનસ્થ મૂર્તિ એ અપૂર્ણ અવસ્થાની મૂર્તિ છે;** જ્યારે મધ્યસ્થ કીકીવાળી ચક્ષુ જેમાં છે એવી પ્રશાંત વીતરાગ સર્વજ્ઞ અવસ્થાવાળી પરમાત્માની મૂર્તિ એ પૂર્ણ અવસ્થાની મૂર્તિ છે. સાધકનો અંતિમ આદર્શ આ પૂર્ણ જ અવસ્થાની કક્ષાનો હોય, તેથી એ વીતરાગ અવસ્થાની જ પ્રતિમાને પૂજે ને ? અને ભાવથી દેવાધિદેવપણું-તીર્થંકરપણું તો આ પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ અવસ્થામાં જ છે.

વાત આ છે કે કેવળજ્ઞાનીને ધ્યાનની સાધના કરવાની હોતી નથી. પરંતુ જ્યારે હવે મોક્ષ પામવાનો સમય અત્યંત નિકટ આવી ગયો લાગે છે ત્યારે એમને યોગનો નિરોધ કરવો જરૂરી છે. કેમકે હજી સુધી એમને વિહાર વ્યાખ્યાન વગેરે પ્રવૃત્તિ એટલે કે કાયયોગ વચનયોગ ચાલુ છે, એટલે કર્મબંધનાં મુખ્ય પાંચ કારણો મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગ પૈકી એ પાંચમું કારણ 'યોગ' હજી હયાત છે. એ છે ત્યાં સુધી તો કર્મબંધ ચાલુ રહેવાનો. તો મોક્ષ શી રીતે થાય ? એ તો યોગનિરોધ કરે, કર્મબંધ અટકાવે, પછી જ મોક્ષ થાય.



પ્ર૦- પણ આયુષ્ય પૂર્ણ થતાં શરીર વગેરે છૂટી જવાથી મોક્ષ થાય ને ?

ઉ૦- ના, જીવનના અંતિમ સમયે જો યોગ ઊભો છે, તો એથી બાંધેલ કર્મ આત્મા પર ઊભું હોઈ જીવન પૂરું થતાં સર્વકર્મક્ષય ક્યાં આવ્યો ? તો મોક્ષ શી રીતે થાય ? ત્યારે આયુષ્ય પૂર્ણ થયે શરીર છૂટી ગયા પછી એ અંતિમ સમયના બાંધેલા કર્મને ભોગવાઈ જવા માટે સાધન ક્યાં છે ? ત્યારે જો કહો કે 'છેલ્લા સમયે યોગ રોકી દે એટલે નવું કર્મ નહિ બંધાય,' તો એ કહેવું ઠીક નથી, કેમકે એ રીતે એ કાર્ય અશક્ય છે. યોગોને તદ્દન રોકવા માટે એક સમયમાં કાર્યવાહી ન થઈ શકે. એના માટે આત્મપુરુષાર્થ ફોરવવો પડે, મન-વચન-કાયાના સ્થૂલ અને સૂક્ષ્મ યોગોને ક્રમશઃ અટકાવવાની પ્રક્રિયા કરવી પડે; ને એમ કરવામાં અસંખ્ય સમય લાગે.

**શૈલેશીકરણ :-** એટલે જ જ્ઞાનીઓ જ્ઞાનથી આ દેખ્યું કહે છે કે કેવળજ્ઞાની જીવ મોક્ષે જવાના અતિ નિકટના અંતર્મુહૂર્ત કાળમાં સમસ્ત યોગોને તદ્દન અટકાવવાની યાને યોગનિરોધની ક્રિયા કરે છે. આને શૈલેશીકરણની ક્રિયા કહે છે. કેમકે આત્મા જ્યાં સુધી યોગવાળો હોય છે ત્યાં સુધી તો એના પ્રદેશ (અંશ) કંપનશીલ હોય છે, પરંતુ હવે સંપૂર્ણ યોગ નિરોધ થતાં આત્મપ્રદેશ સર્વથા મેરુની જેમ સ્થિર થઈ જાય છે. મેરુ એ શૈલ(પર્વતો)નો ઈશ યાને શૈલેશ કહેવાય છે. જીવ તદ્દન નિષ્પ્રકંપ થતાં આ શૈલેશ જેવી અવસ્થા પર યાને શૈલેશી પર આરૂઢ થાય છે. આ શૈલેશી કરવામાં અંતર્મુહૂર્ત સમયમાં યોગોને રુંધવાની જે પ્રક્રિયા થાય છે તે શુક્લધ્યાનરૂપ બને છે. અહીં ધ્યાનનો અર્થ મન-વચન-કાયાની ત્યાં-સુધીની સ્થિરતા કે એના યોગોનો યાને પ્રવૃત્તિનો તદ્દન નિરોધ અટકાયત થઈ જાય. એ જ ધ્યાન કેવળજ્ઞાનીને સંસારના અંતકાળે હોય છે; અને એ ધ્યાનમાં ક્રમ આ, કે પહેલાં મનોયોગનો નિગ્રહ, પછી વચનયોગનો નિગ્રહ, અને અંતે કાયયોગનો નિગ્રહ, એ રીતે હોય છે.

આ તો માત્ર કેવળજ્ઞાનીને જ અંતે થનારા શુક્લધ્યાનમાંના ક્રમની વાત થઈ. બાકીના બીજા મહાત્માને ધર્મધ્યાન પામે ત્યારે, યોગ અને કાળને આશ્રીને પ્રાપ્તિક્રમ એમની સમાધિ પ્રમાણે હોય છે, અર્થાત્ એમને જે રીતે યોગોની ને કાળની સ્વસ્થતા રહે તે મુજબ ક્રમ હોય છે. આ 'ક્રમ' દ્વાર થયું.

## 'ધ્યેય' ધ્યાનનો વિષય

હવે 'ધ્યેય' દ્વાર કહે છે. 'ધ્યેય' અર્થાત્ ધ્યાનનો વિષય શો ? શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્ર અ૦-૯, સૂ૦-૩૭

**'आज्ञाऽपाय विपाक संस्थानविचयाय धर्म्यम्'** બતાવે છે કે ધર્મધ્યાન

આજ્ઞા, અપાય, વિપાક ને સંસ્થાનના ચિંતન માટે હોય છે. અર્થાત્ ધર્મધ્યાનનો વિષય યાને ધર્મધ્યાનનું ધ્યેય આજ્ઞાદિ ચાર બને છે.

**'આજ્ઞા'** એટલે જિનાજ્ઞા, જિનવચન, જિનાગમ. **'અપાય'** એટલે રાગ-દ્વેષાદિ આશ્રવોના અનર્થ. **'વિપાક'** એટલે કર્મોના ઉદયના પરિણામ. **'સંસ્થાન'** એટલે ૧૪ રાજલોક વગેરેની સ્થિતિ, આ ચારને વિષે એકાગ્ર ચિંતન ધર્મધ્યાનમાં કરવાનું હોય છે.

**ધર્મધ્યાનના આજ્ઞા-અપાયાદિ ચાર પ્રકારની પાછળનું રહસ્ય** જોવા જેવું છે. જીવને આર્ત-રૌદ્રધ્યાનથી બચાવનાર ધર્મધ્યાન છે, ને એ આર્ત-રૌદ્રધ્યાન થવાનું કારણ (૧) વિષયરાગ, (૨) હિંસાદિ પાપોમાં રસ અને નિડરતા. (૩) અહંત્વ ક્ષુદ્રતા તથા (૪) અજ્ઞતા-મૂઢતા છે. એ જો અટકે તો આર્ત-રૌદ્રધ્યાન અટકે. ત્યારે ધર્મધ્યાનના ચાર પ્રકાર એને અટકાવનારા છે; તેથી પછી ધર્મધ્યાનથી અશુભ ધ્યાન અટકી જાય એ સહજ છે.

(૧) ધર્મધ્યાનમાં પહેલો પ્રકાર આજ્ઞાવિચય યાને જિનાજ્ઞા પર ચિંતન છે. એ લાવવા માટે જિનાજ્ઞાની એકેક વિશેષતાને લઈને જિનાજ્ઞા પર અત્યંત બહુમાન ઊભું થવું જોઈએ. મનને એમ થાય કે 'અહો આ જિનાજ્ઞા ! આટલી બધી અતિ નિપુણ ! અનાદિ-અનંત !...' એમ દિલના ઊછળતા બહુમાન સાથે ચિંતન થાય ત્યારે મન એમાં ક્યાંક એકાગ્ર તન્મય થઈ ચોંટી જાય; અને એ જ ધર્મધ્યાનરૂપ બને. ત્યારે જો જિનાજ્ઞા-બહુમાન થાય તો જિનાજ્ઞામાં તો વિષયત્યાગ અને સમ્યક્ જ્ઞાનાચારાદિ આરાધનાની આજ્ઞાઓ છે, એટલે આજ્ઞા-બહુમાનથી સહેજે વિષયરાગ અટકે, ને એથી એ નિમિત્તનું દુર્ધ્યાન અટકી જાય.

(૨) ત્યારે વિષયરાગની સાથે પાપનો રસ અને પાપમાં નિર્ભયતા અટકાવવા માટે 'અપાયવિચય' છે. અપાયવિચયમાં હિંસાદિ દુષ્કૃત્યો અને રાગાદિ દોષોના અપાય યાને અનર્થનું ચિંતન છે; એ ચિંતનમાં તન્મયતા લાવવા માટે એ દોષો અને દુષ્કૃત્યો પ્રત્યે ભારોભાર તિરસ્કાર અને એના અનર્થોનો ભય જાગવો જોઈએ. આ પાપો પ્રત્યે અત્યંત તિરસ્કાર તથા ભય ઊભો થતાં (૧) એના અપાયના ચિંતનમાં ક્યાંક તન્મયતા આવે એ જ ધર્મધ્યાન. અને (૨) સહેજે પાપનો રસ-નિર્ભયતા અટકે અને તેથી આર્ત-રૌદ્રધ્યાન અટકે.

(૩) ત્યારે જીવની ત્રીજી ખામી અહંત્વ અને ક્ષુદ્રતા. આ પણ જીવને સુખ-દુઃખના પ્રસંગ અંગે દુર્ધ્યાન કરાવે છે. એની સામે નિરહંકાર અને ઉમદા દિલ ઊભું થાય તો એ અહંત્વ-ક્ષુદ્રતા સહેજે અટકે. ધર્મધ્યાનનો ત્રીજો પ્રકાર 'વિપાક-વિચય' છે. એમાં શુભાશુભ કર્મોના વિપાક વિચારવાના છે. એ જો કર્મોના વિપાક



**[૧]सुनिउण [૨]मणाइणिहणं [૩]भूयहियं [૪]भूयभावण[૫]मणग्घं ।**
**[૬]अमिय[૭]मजियं[૮]महत्थं[૯]महाणुभावं[૧૦]महाविसयं ॥૪૫॥**
**झाइज्जा [૧૧]निरवज्जं जिणाणमाणं जगप्पईवाणं ।**
**[૧૨]अणिउणजणदुण्णेयं [૧૩]नय-भंग-प्रमाणगमगहणं ॥૪૬॥**

**અર્થ :- (જિનાજ્ઞા સૂક્ષ્મ દ્રવ્યાદિ મત્યાદિની નિરૂપક હોઈ) અત્યન્ત નિપુણ, (દ્રવ્યાદિ અપેક્ષાએ) [૨]અનાદિ અનંત, [૩]જીવ કલ્યાણ રૂપ, (અનેકાંત બોધક) [૪]સત્યભાવક, [૫]અનર્ઘ્ય-અમૂલ્ય (અથવા ઋણઘ્ન=કર્મનાશક) હોઈ (અર્થથી) [૬]અપરિમિત (યા અમૃત, કેમકે મીઠી, પથ્ય, અથવા સંજીવ યાને ઉત્પત્તિક્ષમ), (અન્યવચનોથી) [૭]અજિત, પ્રધાન અર્થવાળી (અવિસંવાદિ, અનુયોગદ્વારાત્મક, નયઘટિત હોઈને (૧) મહાર્થ, યા (૨) મહત્સ્થ-મોટા સમકિતી જીવોમાં રહેલ, યા (૩) મહાસ્થ = પૂજા પામેલ), [૯]મહાન અનુભાવ પ્રભાવ સામર્થ્યવાળી (ચૌદપૂર્વી સર્વલબ્ધિસંપન્ન બનતા હોઈને પ્રધાન, તથા સર્વાર્થસિદ્ધ વિમાન અને મોક્ષ સુધીનાં પુષ્કળ કાર્ય કરતું હોવાથી પ્રભૂત), [૧૦]મહાન વિષયવાળી, [૧૧]નિરવદ્ય દોષ પાપરહિત, અ-નિપુણ લોકથી દુર્જ્ઞેય, તથા નય-ભંગી પ્રમાણ-ગમ (અર્થ માર્ગો)થી ગહન એવી જગતના દીવા સમાન જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું (નિરવદ્ય) ધ્યાન કરે.**

---

પર અટલ વિશ્વાસ હોય કે 'આવાં આવાં કર્મથી જ આવું આવું ફળ આવે', તો એ વિશ્વાસના લીધે (૧) ક્યાંક કર્મવિપાકનાં ચિંતનમાં તન્મયતા આવતાં ધર્મધ્યાન લાગે; તેમજ (૨) બીજી બાજુ સુખમાં અહંત્વ અને દુઃખમાં ક્ષુદ્રતા-રીસ-હાયવોય વગેરે અટકે; તેથી દુર્ધ્યાન અટકે.

(૪) ત્યારે ધર્મધ્યાનના ચોથા પ્રકાર 'સંસ્થાન-વિચય'માં ચૌદ રાજલોકનું તથા ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્યોનું સ્વરૂપ પરિસ્થિતિ વગેરે ચિંતવવાનું છે, એ વિચારવામાં વિરાટ દર્શન થાય છે, અને તેથી અજ્ઞાનતા-મૂઢતા અટકે છે, જેથી પછી એના નિમિત્તનું આર્તધ્યાનાદિ પણ અટકી જાય એમાં નવાઈ નથી.

બસ, ધર્મધ્યાનના ચાર પ્રકારમાં જીવનના ચાર મહાન સાધ્ય બતાવ્યા, જિનાજ્ઞા-બહુમાન, હિંસાદિ પાપનો તિરસ્કાર, કર્મવિપાકનો અટલ વિશ્વાસ, અને વિરાટદર્શન.

હવે અહીં ધર્મધ્યાનના પહેલા પ્રકાર 'આજ્ઞાવિચય'નું પ્રતિપાદન કરવા માટે કહે છે,

**વિવેચન :-** ધર્મધ્યાનના પહેલા પ્રકાર 'આજ્ઞા-વિચય'માં જગતના દીવાસમી જિનેશ્વર ભગવાનની આજ્ઞા પર ચિંતન કરવાનું છે. અર્થાત્ એ જિનાજ્ઞા કેવી કેવી

વિશેષતાવાળી છે, એનું ધ્યાન કરવાનું છે. અહીં એ માટે બે ગાથામાં 'કુલ જિનાજ્ઞાના ૧૩ વિશેષણ બતાવ્યા છે. અલબત્ત એમાં પ્રાકૃત ભાષાને લીધે અથવા શબ્દમહિમાથી એકના અનેક અર્થ થાય છે; તેથી તેર કરતાં પણ વધુ વિશેષણો બને છે. એ પૈકી દરેક વિશેષણથી જિનાજ્ઞાનું ધ્યાન કરવાનું છે. તે આ રીતે,-

(૧) **'સુનિપુણ'** અર્થાત્ જિનાજ્ઞાની સુનિપુણતા ચિંતવે, 'અહો ! કેવું સુનિપુણ જિનવચન ! જિનવચને જ સૂક્ષ્મ દ્રવ્ય અને સૂક્ષ્મ પર્યાયો સુધીનું પ્રતિપાદન કર્યું છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય, તથા પુદ્ગલદ્રવ્યમાં વર્ગણાઓ, વળી જીવદ્રવ્યમાં નિગોદ યાને જમીનકંદ-લીલ-ફુગ આદિના એકેક કણમાં અસંખ્ય શરીર, ને એ એકેકા શરીરમાં અનંતાનંત જીવો, વળી એ જીવોના દરેકના ઉપર ચોંટેલા કર્મના અનંતા સ્કન્ધ, ને એ એકેકા સ્કન્ધમાં અનંતાનંત પરમાણુ, વગેરે જીવાજીવ સૂક્ષ્મ દ્રવ્યોની ઓળખાણ સર્વજ્ઞ શ્રી જિનેન્દ્રદેવના વચન સિવાય બીજું કોણ બતાવી શકે ? એમ એ એકેકા અણુ પર પણ થતા અનંતા સ્વ-પર પર્યાય,... એકેકા કર્મસ્કન્ધ પર બંધ-ઉદય-ઉદીરણા-સંક્રમણ-ઉદ્વર્તના વગેરેની થતી પ્રક્રિયા, એમાં સંખ્યાતગુણ-અસંખ્યાતગુણ-અનંતગુણ હાનિ-વૃદ્ધિએ થતી ષડ્ગુણ હાનિવૃદ્ધિ, ઇત્યાદિ પર્યાયસૂક્ષ્મતા જિનવચનથી જ જાણવા મળે છે. ત્યારે જિનવચનની આ કેવી સુનિપુણતા ! કેવી ઉત્કૃષ્ટ કુશળતા !

એમ, મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન વગેરે પાંચ જ્ઞાનના ભેદ અને એના અવાંતર પ્રકાર માત્ર જિનવચન જ ઓળખાવે છે. એમાં વળી જિનવચનરૂપી શ્રુતની અને શ્રુત-જ્ઞાનની નિપુણતા કેવી, કે જિનેશ્વરદેવને કેવળજ્ઞાન થયા પછી પણ એ શ્રુત દ્વારા જ શ્રુતજ્ઞાનનું અને બીજા ચાર જ્ઞાનનું પ્રકાશન કરે છે. એ પણ જિનવચનની કેવી સુનિપુણતા ! આ રીતે સુનિપુણતાનું ધ્યાન કરે.

(૨) **'અનાદિનિધના'** – અર્થાત્ 'અહો જિનવચન કેવું આદિ અને નિધન અર્થાત્ ઉત્પત્તિ અને નાશ વિનાનું સદા સ્થાયી ! કેવું અનાદિકાળથી ચાલ્યું આવતું, ને અનંતકાળ રહેવાનું !

પ્ર૦- જિનવચન એટલે તો દ્વાદશાંગી આગમ. એ તો દરેક જિનેશ્વર ભગવાનના શાસનમાં નવેસરથી રચવામાં આવે છે, અને શાસનનો વિચ્છેદ થતાં એનો પણ નાશ થાય છે. તો પછી અનાદિનિધન શી રીતે ?

ઉ૦- દ્રવ્યાદિની અપેક્ષાએ અનાદિનિધન છે. કહ્યું છે, 'દ્રવ્યાર્થદિશથી આ દ્વાદશાંગી કદી નહોતી એમ નહિ, અગર ભવિષ્યમાં નહિ હોય એવું નથી.'

**'દ્રવ્યાર્થદેશ' એટલે શું ?** દ્વાદશાંગી આગમ જે પદાર્થનું નિરૂપણ કરે છે એમાં મુખ્ય બે ચીજ છે,-ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો અને એના સ્વ-પર પર્યાયો. એટલે 'પદાર્થ' યાને અર્થ બે પ્રકારે, દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ. આમાં દ્રવ્યાર્થની દૃષ્ટિએ અર્થાત્ દ્રવ્યાર્થાદિશથી જોઈએ તો દરેક જિનેન્દ્ર ભગવાનની દ્વાદશાંગી ભલે શબ્દરચનાથી જુદી જુદી, કિન્તુ બધી ય દ્વાદશાંગી એના એ જ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું નિરૂપણ કરે છે; કેમકે એ મૂળ દ્રવ્ય કદી અન્યરૂપ થતાં નથી, કે સર્વથા નાશ પામતાં નથી. પર્યાયો ફરે, દ્રવ્ય ન ફરે, દ્રવ્ય તો એના એ જ રહે. માટે આ વર્તમાન દ્વાદશાંગી પણ એનાં એ જ દ્રવ્ય કે જે ભૂત-ભવિષ્યની દ્વાદશાંગીઓનો વિષય છે, એનું જ પ્રતિપાદન કરતી હોવાથી દ્રવ્યાર્થની દૃષ્ટિએ એ ભૂત-ભાવી દ્વાદશાંગી સ્વરૂપ જ છે. માટે એને અનાદિ-અનંત-કહેવાય. ત્યારે અનાદિ-અનંત એ જ દ્રવ્યોને કહેનાર દ્વાદશાંગીમય જિનવચન કેવું શાશ્વત, ટંકશાળી અને ત્રિકાળાબાધ્ય ! જિનવચનની જ આ વિશેષતા છે, જગતમાં બીજાં કોઈ વચનની નહિ ! વાહ ધન્ય જિનાજ્ઞા ! આમ જિનાજ્ઞાની અનાદિ-અનંતતા ચિંતવે.

(૩) **'ભૂતહિતા'**, -વળી ચિંતવે કે, જિનાજ્ઞા જિનવચન કેવું ભૂતોને હિતરૂપ ! ભૂત એટલે પ્રાણીઓ, એને હિત-પથ્યરૂપ; તે બે રીતે, (૧) જીવોને પીડા ન થવા રૂપે, અને (૨) એનું કલ્યાણ થવા રૂપે. એમાં (૧) જગતના એકેન્દ્રિય સુધીના જીવો અંગેની જિનાજ્ઞા છે કે 'સર્વે જીવા ન હન્તવ્યાઃ' અર્થાત્ કોઈપણ જીવની હિંસા ન કરવી. એવી જિનાજ્ઞાનું પાલન કરનારાઓએ સમસ્ત જીવોને અભયદાન દે છે, એમને લેશ પણ પીડા પહોંચાડતા નથી. તો જિનાજ્ઞા કેવી સુંદર જીવહિતકર ! વળી (૨) જિનાજ્ઞાએ ફરમાવેલ રત્નત્રયીના માર્ગે ચાલનાર ઘણા જીવો સંસારવિટંબણાથી છૂટી સિદ્ધ-મુક્ત બની ગયા. આ દૃષ્ટિએ પણ જીવોને જિનાજ્ઞા કેવી સુંદર કલ્યાણકર હિતકર !' એમ જિનાજ્ઞાની ભૂતહિતતા ચિંતવે.

(૪) **'ભૂતભાવના :-'** વળી ચિંતવે કે, 'અહો જિનાજ્ઞા કેવી સુંદર ભૂતની ભાવના કરી આપનારી છે !' આના બે અર્થ,-(i) 'ભૂત' એટલે સદ્ભૂત, સત્ય. 'ભાવન' એટલે વિચારણા. જિનવચન દરેક પદાર્થને અનેકાન્તદૃષ્ટિથી વિચારનારું હોવાથી સત્ય જ વિચારે છે. એકાંત દર્શનો વસ્તુના માત્ર એક અંશનો વિચાર કરી એના પર જ મદાર બાંધીને એ આંશિક ધર્મનો સ્વીકાર કરે છે, પરંતુ સાથે એ જ વસ્તુમાં ખરેખર રહેલ બીજા એથી વિરુદ્ધ દેખાતા અંશનો અપલાપ-ઈન્કાર કરે છે; માટે એ અસત્ય-ભાવક ઠરે છે; ત્યારે જિનવચન એ અનેકાંત-દર્શન હોઈ ભૂત-ભાવન યાને સત્યવિચારણા કરનારું બને છે. અથવા,

(ii) 'ભૂત' એટલે જીવો. એની 'ભાવના' યાને વાસના, વાસિતતા. જિનવચન ભૂતભાવના છે, એટલે કે ભવ્ય જીવો વડે ભાવિત કરાનારી વસ્તુ છે. કહ્યું છે :

**कूराविं सहावेणं रागविसवसाणुगावि होऊणं ।**

**भावियजिणवयणमणा तेलुक्कसुहावहा होंति ॥**

**(કોઈ જીવો પૂર્વે) સ્વભાવે ક્રૂર પણ અને રાગવિષથી મૂર્છિત પણ હોય, છતાં જો એ જિનવચનથી મનને ભાવિત કરે છે, તો એ ત્રણે જગતને સુખાકારી બને છે.**

'ભાવિત' એટલે, જેમ કસ્તૂરી બાંધેલું કપડું કસ્તૂરીની સુવાસથી પૂમે પૂમે વાસિત થઈ જાય, એમ જિનાજ્ઞા દિલમાં રાખીને એના પરના અનન્ય અતિશય બહુમાનથી આત્માના પ્રદેશે પ્રદેશને વાસિત કરી દેવાય તે. આમ ભાવિત થયા પછી તો પૂર્વની ક્રૂરતા અને રાગ-આદિની પરવશતા પલાયન થઈ જાય છે. શાસ્ત્રમાંથી સાંભળવા મળે છે કે ચિલાતીપુત્ર વગેરે ઘણા એવા પૂર્વે સ્વભાવે ક્રૂર વગેરે હતા છતાં જિનવચનથી ભાવિત બનતાં જગતના જીવમાત્રને સુખકારી યાને અભયદાતા બની ગયા.

**ચિલાતીપુત્ર** અતિ રાગવશ શેઠની છોકરી ઉપાડી દોડેલા, અને એની પાછળ પડેલા બાપની પ્રત્યેના ક્રૂર સ્વભાવથી બિચારી છોકરીનું ડોકું કાપી નાખી એ આગળ ભાગ્યો. પરંતુ આગળ મુનિએ **'ઉપશમ વિવેક સંવર'** એવું જિનવચન સંભળાવ્યું, તો એ વચનને એણે પોતાના દિલમાં ખૂબ પજળાવી દીધું, એ વચનથી ભાવિત થઈ ગયો, તો તરત ત્યાં સર્વ હિંસાદિ પાપોનો ત્યાગ કરી એ કાયોત્સર્ગધ્યાને ઊભો રહી ગયો. એના શરીર પરના લોહીથી ખેંચાઈ આવેલી હજારો કીડીઓએ એના શરીરને કરડી કરડી ચાળણી જેવું કરવા માંડ્યું, છતાં જિનવચનના રંગથી એણે એ જીવોને કાંઇ કર્યું નહિ; તો એ મરીને સદ્ગતિના સુખનો ભાગી થયો. આમ જિનાજ્ઞાની ભૂતભાવના ચિંતવે.

(૫) **'અનર્ઘ્ય'** :- જિનવચનની અનર્ઘ્યતા યાને અમૂલ્યતાને ચિંતવે કે 'અહો ! આ જિનવચન કેટલું બધું અમૂલ્ય છે !' કહ્યું છે કે 'રત્નાદિ કિંમતી દ્રવ્યોવાળા મોટા રત્નાકર અને ત્રણ લોક સહિત સમસ્ત ઇતર શાસ્ત્રો એ પરમ પ્રભાવી જિનવચનની કિંમત આંકવા માટે કશા ઉપયોગી નથી. કેમકે જિનવચનની અમૂલ્યતા છે. એનું જો મૂલ્ય જ નથી આંકી શકાતું, તો પછી કેટલાની બરાબર એની કિંમતનો આંક મૂકી શકાય ?' સ્તુતિકારે પણ કહ્યું છે,

**कल्पद्रुमः कल्पितमात्रदायी, चिन्तामणिश्चिन्तितमेवदत्ते ।**

**जिनेन्द्रधर्मातिशयं विचिन्त्य, द्वयेऽपि लोको लघुतामवैति ॥**

**—અર્થાત્ કલ્પવૃક્ષ તો માત્ર કલ્પનામાં આવેલું આપનારો છે. ચિંતામણિ ચિંતવેલું જ આપે છે. વિચારક લોક જિનેન્દ્ર ભગવાનના ધર્મનો અતિશય વિચારીને**



**(એની અપેક્ષાએ આ કલ્પવૃક્ષ-ચિંતામણિ) બંનેમાં હીનતા જુએ છે. 'અણગ્ઘ'નો આ 'અનર્ઘ્ય' એવો એક અર્થ; બીજો અર્થ 'ઋણઘ્ન' થાય.**

'અણગ્ઘ'માં 'અણ'નો અર્થ ઋણ. (પ્રાકૃતમાં ઋનો **अ** થાય છે.) ઋણને કાપનાર તે ઋણઘ્ન.

(ii) **'ઋણઘ્ન'**:- અહો જિનવચન કેવું જબરદસ્ત ઋણ યાને કર્મોને હણનારું !કહ્યું છે,

**जं अन्नाणी कम्मं खवेइ बहुयाहिं वासकोडीहिं ।**

**तं नाणी तिहिं गुत्तो खवेइ ऊसासमित्तेणं ॥**

**—અર્થાત્ અજ્ઞાની બહુ ક્રોડો વરસે જે કર્મ ખપાવે એટલાં કર્મ ત્રણ ગુપ્તિએ ગુપ્ત જ્ઞાની પુરુષ માત્ર એક શ્વાસોચ્છ્વાસમાં ખપાવે છે. જીવ ક્ષપકશ્રેણીમાં લઈ જનાર શુક્લધ્યાનમાં જ્યારે ચડે છે, ત્યારે મન-વચન-કાયાની ઉત્કૃષ્ટ ગુપ્તિ કરનારો અને મહાજ્ઞાની બનેલો હોય છે, ત્યાં એ જિનવચનાનુસાર તત્ત્વરમણતા કેળવી એક શ્વાસ જેટલા કાળમાં એવા જંગી જથ્થાબંધ કર્મ ખપાવે છે કે જેને ખપાવવા માટે અજ્ઞાનીને કેટલાએ કરોડો વરસનાં કષ્ટ સહવાં પડે. તો ક્ષણમાં આ કરાવનાર જિનવચન કેવું જબ્બર ઋણઘ્ન યાને કર્મને હણનારું !**

(૬) **'અમિતા'**:- જિનાજ્ઞાની અમિતતા ચિંતવે. 'અમિત'ના બે અર્થ,- ૧. અપરિમિત, ૨. અમૃત. પહેલામાં એમ ચિંતવે કે 'અહો જિનવચન કેવાં અપરિમિત !' અલબત્ત જિનાગમ જિનવચન સૂત્રાક્ષરથી પરિમિત છે; પરંતુ અર્થથી અમાપ છે. કહ્યું છે,-

**'सव्वनईणं जा होज्ज वालुया सव्वउदहीणं जं उदयं ।**

**एत्तोवि अणंतगुणो अत्थो एगस्स सुत्तस्स ॥'**

**એક સૂત્રનો અનંત અર્થ શી રીતે ? :-**

**—અર્થાત્ સર્વ નદીઓની જેટલી રેતી થાય, અને સર્વ સમુદ્રોનું જેટલું પાણી થાય, એના કરતાં પણ અનંતગુણો એક સૂત્રનો અર્થ છે. જિનવચનના સૂત્ર-સૂત્રનો આટલો બધો અર્થ હોવાનું કારણ એ છે કે જિનવચન એ દરેક અર્થ-પદાર્થનો અનેક માર્ગણાદ્વારોથી અને અનંત અનુવૃત્તિ વ્યાવૃત્તિ પર્યાયોથી વિચાર કરવાનું બતાવે છે. આમ અનંત અર્થ નીકળવાના હિસાબે જિનવચન કેવું 'અમિય' યાને અમિત અપરિમિત !**

**'અમિય'નો બીજો અર્થ :- 'અમૃત'** યાને (૧) મીઠી, (૨) પથ્ય, ને (૩) સજીવ.

(i) જિનાજ્ઞા અત્યંત મધુર છે. કહ્યું છે, 'જિનવચનરૂપી લાડુ રાત ને દિવસ ખાતો બેસે, તો પણ બોધપ્રેમી આત્મા તૃપ્તિ પામતો નથી; કેમકે એ જિનવચન હજારો હેતુઓથી પરિવરેલું છે. એટલે પછી એકેક પ્રતિપાદન પર નવ નવા હેતુ જાણવા મળે ત્યાં રસ શાનો ખૂટે ?

(ii) જિનવચન પથ્ય છે, આરોગ્યાનુકૂળ છે. કહ્યું છે,-'નારકી-તિર્યંચ-મનુષ્ય-દેવગણના સંસાર સંબંધી સર્વરોગોનું એકમાત્ર ઔષધ જિનવચન છે, અને એ પરિણામે મોક્ષના અક્ષય સુખને પમાડનારું છે.

(iii) જિનવચન સજીવ છે, યાને યુક્તિ-સંગતિ ને સમર્થ હોવાથી સાર્થક છે, યથાર્થ છે, પરંતુ અયથાર્થ નથી, મૃત-નિર્જીવ નથી. જેમકે 'મોટા રાજાના હાથીઓ એટલા બધા હતા કે એના હાથીઓના ગંડસ્થલમાંથી ઝરેલા મદબિંદુઓની એવી નદી વહી કે એમાં દુશ્મનના હાથી-ઘોડા-રથનું લશ્કર તણાઈ ગયું,' આવું વચન એ યુક્તિયુક્ત નથી, માટે એ મૃત નિર્જીવ વચન કહેવાય.

(૭) **'અજિતા'** :- 'અહો ! જિનાજ્ઞા કેવી ઇતર પ્રવચનોનાં વચનથી અપરાજિત છે !' કહ્યું છે,–

**जीवाइवत्थु चिन्तणकोसल्लगुणेणऽणण्णसहिएणं ।**
**सेसवयणेहिं अजियं जिणिंदवयणं महाविसयं ॥**

**–અર્થાત્ બીજાની સાથેની તુલનાને લંઘી જનારું જિનેન્દ્રવચન જીવાદિ વસ્તુનો વિચાર કરવાની કુશળતાના ગુણે બાકીના વચનો (શાસ્ત્રો)થી અજિત છે. જિનવચન (i) સર્વજ્ઞનાં વચન હોઈને, તેમજ (ii) અનેકાન્તદૃષ્ટિએ વસ્તુનાં પ્રતિપાદક હોવાથી, એ જીવ અજીવ વગેરે પદાર્થનો વિચાર કુશળતાથી કરી શકે છે. એ તાકાત અસર્વજ્ઞનાં એકાન્તદૃષ્ટિથી વિચારતા વચનોમાં ન હોઈ શકે.**

(૮) **મહત્થ** :- 'અહો ! જિનવચન કેવું મહત્થ !' અહીં ગાથાના પ્રાકૃત ભાષાના 'મહત્થ' શબ્દના 'મહાર્થ', 'મહત્સ્થ', 'મહાસ્થ' એમ ત્રણ અર્થ નીકળે. એમાં,

(A) **'મહાર્થ' એટલે પ્રધાન અર્થવાળું** જિનવચન છે. જિનાજ્ઞાના અર્થ પ્રધાન છે. બીજાં શાસ્ત્રો કરતાં જિનાગમના પદાર્થ પ્રધાન હોવાનું કારણ એ છે કે એ (ક) પૂર્વાપરમાં વિરોધરહિત છે, (ખ) અનુયોગદ્વારાત્મક છે, અને (ગ) નયઘટિત છે. અર્થાત્ (ક) જિનવચનમાં ક્યાંય પૂર્વાપરમાં વિરોધ નથી આવતો. શાસ્ત્રના એક ભાગમાં કંઈ કહ્યું, ને બીજા ભાગમાં એથી તદ્દન વિરુદ્ધ જ કહ્યું, એ પૂર્વાપર વિરોધી કહેવાય. જેમકે વેદશાસ્ત્રમાં પહેલાં કહ્યું, **'મા હિંસ્યાત્ સર્વભૂતાનિ'** કોઈની હિંસા ન કરવી. અને પછી આગળ પર કહ્યું, **'અશ્વમેધેન યજેત્.'** અર્થાત્ અશ્વમેધ (ઘોડાની હિંસાવાળો) યજ્ઞ કરે. આવું પૂર્વાપર વિરોધિપણું જિનાગમમાં નથી. માટે



એનાં વચન કલ્પિત નહિ પણ સદ્ભૂત છે.

(ખ) **૪ અનુયોગદ્વારો ઉપક્રમાદિ** :- એમ, જિનવચન અનુયોગદ્વારાત્મક છે. 'અનુયોગ' એટલે વ્યાખ્યાન, એ કરવાના સોપાનને અનુયોગદ્વાર કહે છે. જેમકે 'આચાર' નામનું દ્વાદશાંગીમાં પહેલું અંગસૂત્ર છે. એનો અનુયોગ કરવો છે તો એ માટે પહેલાં એનો ઉપક્રમ, પછી ક્રમશઃ એના નિક્ષેપ, અનુગમ અને નય-સમન્વય કરવાના.

'ઉપક્રમ' એટલે નિક્ષેપને યોગ્ય બનાવવું. પછી નિક્ષેપ કરવાનો.

'નિક્ષેપ' એટલે ન્યાસ. વસ્તુને તે તે નામ આદિમાં મૂકવું. દા.ત. (૧) 'આચાર' એવું કોઇનું નામ પાડ્યું છે, તો એ આચારનો [1]નામનિક્ષેપ કહેવાય, નામનિક્ષેપે એને 'આચાર' કહેવાય. એમ (૨) આચારની ક્યાંક ચિત્રાદિમાં સ્થાપના કરી છે, તો એ [2]સ્થાપનાનિક્ષેપે આચાર કહેવાય. એમ (૩) 'દ્રવ્ય' એટલે ભાવનો આધાર. આચારના ભાવનો આધાર શરીર યા આત્મા એ દ્રવ્ય-આચાર નિક્ષેપો. એમ. (૪) આચારનો ભાવ એટલે મુખ્ય આચરણ-વસ્તુ દા.ત. અહિંસા આચરાય તે. એ ભાવ-આચાર નિક્ષેપો. દરેક વસ્તુમાં આ નામાદિ ચાર નિક્ષેપ થાય; કોઈમાં તેથી વધુ પણ થાય. જેમકે 'લોક' વસ્તુમાં નામલોક સ્થાપના લોક... વગેરે ઉપરાંત ક્ષેત્રલોક, કાળલોક, ભવલોક ઇત્યાદિ.

**'અનુગમ'** એ ત્રીજું અનુયોગ દ્વાર છે. અનુગમ કરવો યાને સૂત્ર યા એની નિર્યુક્તિ (સૂત્રનું અર્થ સાથે નિર્યોજન, જોડવું તે) સાથે અનુગત કરવું અર્થાત્ સંમિલિત સમન્વિત કરવું. દા.ત. 'આચાર' અંગના સૂત્રનો પહેલો શબ્દ લઈ એમાં અને એની નિર્યુક્તિમાં અનુગમ કરાય.

**'નય'** એ ચોથું અનુયોગદ્વાર. એની સમજ આ રીતે,

(ગ) **નયઘટિત** જિનવચન છે, માટે એ મહાર્થ છે. 'નય' એટલે જુદી જુદી દૃષ્ટિ, અપેક્ષા, જેનાથી વસ્તુનો તે તે અંશે વિચાર થાય, નિર્ણય થાય. દા.ત. આચારના બે અંશ, બાહ્ય અને આભ્યન્તર. એટલે તે તે અંશે આચાર વસ્તુનો વિચાર વ્યવહારનયથી તેમ નિશ્ચયનયથી થાય. વ્યવહારની દૃષ્ટિએ આચાર-કાયાદિથી બાહ્ય સારું આચરણ કરે તેને કહેવાય. નિશ્ચયદૃષ્ટિએ આચાર આત્માની આંતરિક શુદ્ધ આચરણ પરિણતિને કહેવાય. એમ બીજા પણ શબ્દ નય-અર્થનય, જ્ઞાનનય-ક્રિયાનય, દ્રવ્યાર્થિકનય-પર્યાયાર્થિકનય, નૈગમનય-સંગ્રહનય વગેરે નયોને જિનવચન બતાવે છે, એ નયો લઈને પદાર્થનું અનેકાંતમય દર્શન કરાવે છે.

બીજા કોઈ ધર્મમાં આવી નય-વ્યવસ્થા નથી. અલબત્ત પ્રમાણ-વ્યવસ્થા છે, પરંતુ તેથી શું ? વસ્તુનો બોધ તો પ્રમાણ અને નયથી થાય. એમાં પ્રમાણથી તો

સકલાંશે થાય, સમસ્ત ભાવે થાય, પરંતુ વિકલાંશે યાને એકાંશે નહિ. એ માટે તો નયની જ જરૂર પડે. ત્યારે આવા નયઘટિત જિનવચનની કેવી બલિહારી ! કેવી પ્રધાનાર્થતા ! મહાર્થતા ! મહત્થનો આ એક અર્થ.

(B) **'મહત્થ' એટલે મહત્સ્થ** પણ કહેવાય. મહત્સ્થ એટલે મહાન સમ્યગ્દષ્ટિ ભવ્ય આત્માઓમાં રહેલું. 'અહો ! જિનવચન કેવું વિશ્વના ઉત્તમ પ્રધાન પુરુષોમાં રહેલું છે !' જેની દૃષ્ટિમાં મિથ્યાત્વ છે, સર્વજ્ઞાનુસારિતા નથી, એ કાંઇ પ્રધાન પુરુષ નથી.

(C) **'મહત્થ' એટલે મહાસ્થ,** એવો પણ અર્થ થાય. 'મહા' એટલે પૂજા. જિનવચન પૂજામાં રહેલું યાને પૂજાપાત્ર છે. કહ્યું છે 'જ્ઞાન (જિનવચન) સર્વ વૈમાનિક ભવનપતિદેવ, મનુષ્ય અને વ્યંતર-જ્યોતિષીદેવથી પૂજિત છે, કેમકે જિનવચન પરથી આગમરચયિતા ગણધર ભગવાન ઉપર દેવતાઓ પણ વાસક્ષેપ ઉછાળે છે !' એ આગમનો જિનવચનનો કેવો અદ્‌ભુત મહિમા ! આમ જિનવચન કેવું મહત્થ !

(૯) **'મહાનુભાવ' :-** 'અહો જિનાજ્ઞા કેવા મહાન અનુભાવ-સામર્થ્ય-પ્રભાવવાળી છે !' 'મહાન' એટલે [1]પ્રધાન યા [2]પુષ્કળ. (૧) જિનવચનનાં સામર્થ્યની પ્રધાનતા આ રીતે કે જિનવચનના જ્ઞાતા ચૌદ પૂર્વધર મહર્ષિઓ સર્વ લબ્ધિએ સંપન્ન બને છે. આટલું ઊંચું પ્રધાન સામર્થ્ય જિનવચન સિવાય બીજાં ક્યાં વચનનું હોય છે કે જેથી સર્વ લબ્ધિઓની શક્તિ ઉત્પન્ન થાય ? વળી (૨) સામર્થ્યની પુષ્કળતા-વિશાળતા એ રીતે કે ગૌતમ મહારાજે વીર પ્રભુને પૂછ્યું, 'હે ભગવંત ! ચૌદપૂર્વી એક ઘડામાંથી હજારો ઘડા કરવા સમર્થ છે ?' પ્રભુએ કહ્યું, 'હંતા ગોયમા ! પભૂ ણં ચોદ્દસપુવ્વી ઘડાઓ ઘડસહસ્સં કરિત્તએ.' ચૌદ પૂર્વધર 'પ્રભુ' એટલે સમર્થ છે. આ સામર્થ્ય કેટલું બધું વિશાળ ?

આ તો જિનવચનના આ લોકમાં સામર્થ્યની વાત. ત્યારે, પરલોકમાં ચૌદપૂર્વીનો જન્મ જઘન્યથી છઠ્ઠા લાંતક વૈમાનિક દેવલોકમાં અને ઉત્કૃષ્ટથી અનુત્તર દેવલોકના સર્વાર્થ સિદ્ધ વિમાનમાં થાય છે, અથવા એ સર્વ કર્મક્ષય કરી મોક્ષમાં જાય છે.

(૧૦) **'મહાવિષય' :-** 'જિનવચન અહો ! કેવું મહાન યાને સકલ દ્રવ્યાદિ વિષયવાળું છે !' કહ્યું છે **'દવ્વઓ સુયનાણી ઉવઉત્તો સવ્વ દવ્વાઈં જાણઈ'** — અર્થાત્ શ્રુતજ્ઞાની દ્રવ્યો પર ચિત્તનો ઉપયોગ મૂકે તો સર્વ દ્રવ્યોને જાણે છે, જાણી શકે છે. અલબત્ત કેવળજ્ઞાનીની જેમ એ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું પ્રત્યક્ષ ન કરી શકે, કિન્તુ કેવળજ્ઞાની જિનેન્દ્ર ભગવાને એ સમસ્ત દ્રવ્યોનું પ્રતિપાદન કરેલું છે, તેથી એમનાં વચન પરથી એ સર્વ દ્રવ્યોને જાણી શકે, એમ એના કેટલા ય



પર્યાયોને પણ જાણી શકે.

**(૧૧) નિરવદ્ય :-** 'અહો જિનવચન કેવાં નિરવદ્ય નિર્દોષ છે !' વચનના ૩૨ દોષ હોય છે. અત્યુક્તિ, પુનરુક્તિ, તુચ્છ શબ્દ, ઈત્યાદિ ૩૨ દોષોથી રહિત જિનવચન હોય છે. એમ જિનવચન કોઈ પણ પાપનો આદેશ-ઉપદેશ કરતાં નથી. એટલા માટે પણ એ નિષ્પાપ નિરવદ્ય વચન છે.

અથવા આ 'નિરવદ્ય' શબ્દને, આગળ 'ચિંતવે' ક્રિયાપદ કહેવું છે, એનું વિશેષણ સમજી શકાય; એમાં 'નિરવદ્ય રીતે ચિંતવન કરે' એ અર્થ થતાં 'નિરવદ્ય'નો અર્થ 'નિર્દોષ રીતે' યાને 'આ લોક પરલોકના સુખાદિની આશંસા રાખ્યા વિના' એવો થાય. ધર્મધ્યાન તો સારું કરે, પરંતુ સાથે એનાં ફળરૂપે દુન્યવી કોઈ ધન, માન, કીર્તિ વગેરેની આશંસા-આકાંક્ષા રાખે તો એ ધ્યાન-ચિંતન નિરવદ્ય-નિર્દોષ રીતે કર્યું ન ગણાય. એ સમજવું જોઈએ કે 'અદ્‌ભુત કર્મક્ષય અને જબરદસ્ત પુણ્યોપાર્જન કરી આપનારું આટલું સુંદર ધર્મધ્યાન મળ્યું તો પછી એનાં ફળરૂપે તુચ્છ, નાશવંત અને મારક ફળની આકાંક્ષા શી કરવી ? એ કરવામાં તો ધર્મધ્યાનના સંસ્કારને બદલે અતિ ઈચ્છિત તુચ્છ જડની લાલસાના સંસ્કાર દૃઢ બને છે, જે અનેક દુર્ગતિના ભવોમાં ભટકાવે છે. એટલા માટે શાસ્ત્રે કહ્યું છે કે **'નો ઈહલોગટ્ઠયાએ, નો પરલોગટ્ઠયાએ, નો પરપરિભવઓ અહં નાણી.'** અર્થાત્ 'હું જ્ઞાની છું યાને જ્ઞાન-ધ્યાન કરવાવાળો છું તે આ લોકના (સુખના) હેતુએ નહિ, પરલોકના (સુખના) હેતુએ નહિ, તેમજ બીજાના અપમાનના હેતુએ નહિ,'-એમ નિર્દોષ રીતે ધ્યાન કરે.

(૧૨) **'અનિપુણજન દુર્જ્ઞેય :-'** અહો ! અશુભ મતિવાળાથી સમજમાં ન આવે એવું જિનવચન કેવું ગંભીર કે સુમતિવાળા જ એને ને એની ભવ્યતા-મહાનતા-અનંત કલ્યાણકરતાને સમજી શકે ! કુમતિવાળા તો કાં તો વિષયલુબ્ધ હોય, અથવા વિરક્ત હોવા છતાં દુરાગ્રહથી અસર્વજ્ઞનાં વચનને અંતિમ સત્ય, એકાંત સત્ય માની લેનારા હોય. એવાને વૈરાગ્ય-નીતરતા અને સર્વજ્ઞકથિત અનેકાંતાદિમય વચન શે સમજાય ?

(૧૩) **'નય-ભંગ-પ્રમાણ-ગમગહનઃ'**-'અહો જિન વચન નય-ભંગ-પ્રમાણ અને ગમથી કેવું ગહન ! કેવું ગંભીર !' [1]નયો પૂર્વે બતાવ્યા તે નૈગમાદિ, એ માત્ર જિનવચનની જ એક વિશેષતા છે. હવે [2]'ભંગ' એટલે ભાંગા, ચતુર્ભંગી, સપ્તભંગી વગેરે. ભંગ-ભાંગો-ભંગી એટલે પ્રકાર. દા.ત. ચતુર્ભંગી એટલે ચાર પ્રકારનું જૂથ. સામાન્ય રીતે ક્રમ-ભેદથી યા સ્થાનભેદથી ભંગરચના થાય, અર્થાત્ ક્રમ બદલવાથી કે સ્થાન બદલવાથી જે પ્રકારો પડે તે ક્રમભંગ કે સ્થાનભંગ.

**'ક્રમભંગ'**માં દા.ત. ક્રમસર બે વસ્તુ લેવાની હોય તો ચાર ભાંગે લેવાય. એમાં (૧) એક જીવ અને એક અજીવ, યા (૨) એક જીવ ને બીજો પણ જીવ કે, (૩) એક અજીવ અને બીજો જીવ અથવા (૪) એક અજીવ અને બીજો પણ અજીવ, એમ ચાર ભાંગા એ ચતુર્ભંગી થઈ... બેથી આવી અનેક ચતુર્ભંગીઓ બને. **'સ્થાનભંગ'માં,** દા.ત. (૧) કોઈ પ્રિયધર્મા હોય પણ દૃઢધર્મ ન હોય, (૨) કોઈ પ્રિયધર્મા હોય ને દૃઢધર્મા પણ હોય, (૩) કોઈ પ્રિયધર્મા ન હોય અને દૃઢધર્મા ય ન હોય, ત્યારે (૪) કોઈ પ્રિયધર્મા ન હોય પણ દૃઢધર્મા હોય. આવી બેમાં ચતુર્ભંગી થાય. ત્રણના સ્થાનભંગ કરવાના હોય તો આઠ ભાંગા થાય. દા.ત. વ્રત અંગે જાણે, આદરે, પાળે, એના ૮ ભંગ થાય. 'જાણે' એટલે વ્રત ગ્રાહ્ય છે એવી શ્રદ્ધા હોય; 'આદરે' એટલે એની પ્રતિજ્ઞા કરે. પાળે એટલે પ્રતિજ્ઞાથી કે પ્રતિજ્ઞા વિના એનું પાલન કરે. આ ત્રણમાં આઠ ભાંગા થાય. એમ અનેક રીતે ભંગરચના બને છે. એથી પદાર્થબોધ વિસ્તૃત બને છે. એવી એક સપ્તભંગી પણ છે.

**સપ્તભંગી** તો અનેકાન્ત સમજવા માટે સચોટ વ્યવસ્થા છે. એમાં વસ્તુમાં રહેલા દરેક ધર્મનો અપેક્ષાવિશેષ લઈને વિધિ-નિષેધથી વિચાર કરવામાં આવે છે, દા.ત. ઘડો સત્ છે, અનિત્ય છે, મોટો છે, વગેરે દરેકનો વિચાર આ રીતે થાય કે 'શું ઘડો સત્ જ છે ? નિત્ય જ છે ? મોટો જ છે ? કે સત્ નથી પણ ? નિત્ય નથી પણ ? મોટો નથી પણ ?' ત્યારે જવાબમાં ઘડાના સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ સત્ છે જ, પરંતુ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ સત્ નથી જ. હવે સ્વદ્રવ્યાદિ પરદ્રવ્યાદિ બંનેની પણ ક્રમશઃ એકેકની અપેક્ષા લઈને બંનેની દૃષ્ટિએ કેવો ? તો કે સદસત્ છે. એ ત્રીજો ભંગ. પરંતુ એક સાથે સ્વ-પરદ્રવ્યાદિની ઉભયની અપેક્ષાએ કેવો ? તો જવાબમાં કહી શકાય એવું નથી કે 'સત્', યા 'અસત્', યા 'સદસત્'; માટે અવક્તવ્ય જ કહેવું પડે, આ ચોથો ભાંગો. પછી એકેકની અપેક્ષાએ અને સાથે એક સાથ ઉભયની અપેક્ષાએ કેવો ? તો (૫) સત્-અવક્તવ્ય, (૬) અસત્-અવક્તવ્ય, (૭) સદસત્-અવક્તવ્ય છે. એમ કુલ ૭ ભાંગા યાને સપ્તભંગી થાય. એમ અનિત્ય વગેરે ધર્મને લઈને અનેક સપ્તભંગી બને. આવી ભંગરચનાઓથી વસ્તુનો અનેકાંત શૈલીથી વિસ્તૃત અને સર્વાંશ સત્ય બોધ થાય છે. આ ભંગરચનાઓ પણ માત્ર એક જિનવચનની જ બલિહારી છે. અહો કેવાં ગંભીર જિનવચન !

**૩. પ્રમાણ :-** વસ્તુનો બોધ કરાવનારાં દ્રવ્યાદિ પ્રમાણ છે, જે 'અનુયોગદ્વારસૂત્ર'માં બતાવ્યાં છે. તે આ પ્રમાણે,—



**દ્રવ્યાદિ ૪ પ્રમાણ**

પ્રમાણ એટલે પ્રમેય જેનાથી સિદ્ધ થાય, જણાય તે. પ્રમાણાત્ પ્રમેયસિદ્ધિ : પ્રમાણથી સત્ય વસ્તુ પ્રમેય જ્ઞાત બને. પ્રમેય એટલે જગતની જ્ઞેય જ્ઞાતવ્ય વસ્તુ, એને જણાવનાર તે પ્રમાણ. એ ૪ પ્રકારે-દ્રવ્યપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ, કાલપ્રમાણ, ને ભાવપ્રમાણ. જે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી વસ્તુ મપાય, નિશ્ચિત થાય, તે દ્રવ્યાદિને પ્રમાણ કહેવાય.

(૧) **દ્રવ્યપ્રમાણમાં,** (૧) પ્રદેશનિષ્પન્ન અને (૨) વિભાગ નિષ્પન્ન; અર્થાત્ (૧) દ્રવ્યોની પ્રદેશસંખ્યાના હિસાબે લેવાતું માપ. દા.ત. દ્વિપ્રદેશિક સ્કંધ, ત્રિપ્રદેશિક સ્કંધ, અનંત પ્રદેશિક સ્કંધ. એમ (૨) દ્રવ્યના વિભાગથી બનતું પ્રમાણ; એ ૫ પ્રકારે, માન-ઉન્માન-અવમાન-ગણિમ-પ્રતિમાન. **'માન'** એટલે ધાન્ય તથા રસનાં ભરીને માપાં, પ્રસ્થક દ્રોણ-કુંભ આદિ, લીટર આદિ. **'ઉન્માન'** એટલે તોલમાપ, શેર-મણ-કીલોગ્રામ. **'અમાન'** એટલે લંબાઈ માપ, હાથ-ગજ-વાર-મિટર વગેરે. **'ગણિમ'** એટલે સંખ્યા, ૧—૧૦—૧૦૦... **'પ્રતિમાન'** એટલે સૂક્ષ્મ તોલમાપ, ચવ-ગુંજા-રતિ-વાલ વગેરે.

(૨) **ક્ષેત્રપ્રમાણમાં** પણ એમ (૧) 'પ્રદેશનિષ્પન્ન' પ્રમાણ તરીકે અવગાહક આકાશના પ્રદેશથી માપ; એક પ્રદેશમાં રહેનાર એ એકપ્રદેશી, બે પ્રદેશમાં રહેનાર દ્વિપ્રદેશિક...(૨), વિભાગ નિષ્પન્ન પ્રમાણ તરીકે આત્માંગુલ-ઉત્સેધાંગુલ-પ્રમાણાંગુલ. તે તે કાળના પોતાના ૧૦૮ અંગુલમાપે ઊંચા ઉત્તમ પુરુષનો અંગુલ તે 'આત્માંગુલ' એવા ૫૦૦ ધનુષ્યની કાયાનો અંગુલ તે 'પ્રમાણાંગુલ'. વીરપ્રભુના (૭ હાથની કાયાના) આત્માંગુલથી અર્ધ તે 'ઉત્સેધાંગુલ.' એના કરતાં ૪૦૦ ગુણો પહોળો [1]પ્રમાણાંગુલ થાય. દ્વીપ સમુદ્ર પર્વત વગેરે પ્રમાણાંગુલથી મપાય છે. ૧ રસ-૧ વર્ણ-૧ ગંધ અને ૨ સ્પર્શવાળો અણુ તે સૂક્ષ્મ (નિર્વિભાગ) પરમાણુ. અનંત સૂક્ષ્મ પરમાણુનો ૧ વ્યાવહારિક પરમાણુ થાય. અનંત વ્યાવહારિક પરમાણુનો ૧ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા. પછી ક્રમશઃ ૮-૮ ગુણા થતાં શ્લક્ષ્ણિકા ઊર્ધ્વરેણુ-ત્રસરેણુ-રથરેણુ-દેવકુરુ ઉત્તરકુરુવાલાગ્ર... લીખ-જૂ-યવમધ્ય-અંગુલ થાય. પછી ક્રમશ : ૧૨ અંગુલે હાથ, ૪ હાથે ધનુષ્ય, ૨૦૦૦ ધનુષ્યે ગાઉ, ૪ ગાઉએ ૧ યોજન.

**(૩) કાળપ્રમાણમાં,**-(૧) 'પ્રદેશનિષ્પન્ન' ૧ સામયિક, ૨ સામયિક...(૨) 'વિભાગનિષ્પન્ન'માં અસંખ્ય સમયની ૧ આવલિકા, ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાનું ૧ મુહૂર્ત. બીજી રીતે ૭ પ્રાણે ૧ સ્તોક, ૭ સ્તોકે લવ, ૭૭ લવે મુહૂર્ત, ૩૦ મુહૂર્તે અહોરાત્ર. ૮૪ લાખ વર્ષે પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગે ૧

પૂર્વ... યાવત્ શીર્ષ પ્રહેલિકા. અસંખ્ય વર્ષનો ૧ પલ્યોપમ. ૧૦ કોટાકોટિ પલ્યોપમનો ૧ સાગરોપમ, ૧૦ કોટાકોટિ સાગરોપમની ૧-૧ અવસર્પિણી-ઉત્સર્પિણી. બે મળીને ૧ કાળચક્ર, અનંતા કાળચક્રે ૧ પુદ્‌ગલ પરાવર્ત.

**(૪) ભાવપ્રમાણમાં,** (૧) ગુણપ્રમાણ, (૨) નયપ્રમાણ, ને (૩) સંખ્યા પ્રમાણ.

**'ગુણપ્રમાણ'માં** ૨, જીવ ગુણપ્રમાણ ને અજીવ ગુણપ્રમાણ. જીવગુણ જ્ઞાન-દર્શન-ચારિત્ર.

**'જ્ઞાનપ્રમાણ'માં** પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન-આગમ. પ્રત્યક્ષમાં ઈન્દ્રિય પ્રત્યક્ષ, નોઈન્દ્રિય (મન) પ્રત્યક્ષ.

**અનુમાનમાં**[3], પૂર્વવત્-શેષવત્-દૃષ્ટસાધર્મ્યવત્. પૂર્વોપલબ્ધ ચિહ્નથી ઓળખાય. દા.ત.-તલ-મસા-ક્ષત આદિથી પુત્રને ઓળખે તે 'પૂર્વવત્'. 'શેષવતમાં કાર્ય-કારણ-ગુણ-અવયવ-આશ્રય પરથી ઓળખાય. દા.ત.-[1]હેષારવથી અશ્વ, [2]તંતુથી પટ (ધૂમથી અગ્નિ), [3]ગંધથી પુષ્પ, [4]શ્રૃંગથી પાડો, [5]બગલાથી તળાવ જણાય. **'દૃષ્ટસાધર્મ્યવતમાં** (૧) સામાન્ય, એકથી ઘણાનું અનુમાન; (૨) વિશેષ, ઘણા પરથી એક વિશેષને જાણે અથવા દૃષ્ટસાધર્મ્યવતમાં,-૧ અતીત આશ્રીને (ભરી નદીઓથી પૂર્વે સારી વર્ષા જાણે), ૨. વર્તમાન આશ્રીને (પ્રચુર દાન જોઈ સુભિક્ષ જાણે), (૩) ભવિષ્ય અંગે (પ્રશસ્ત વાયુ આદિથી સુવૃષ્ટિ કલ્પે).

**ઉપમાનપ્રમાણમાં' ૨-** (૧) સાધર્મ્ય, (૨) વૈધર્મ્ય : 'સાધર્મ્ય'માં (૧) યત્કિંચિત સાધર્મ્ય મેરુ જેવો સરસવ, મૂર્ત હોઈ, (૨) પ્રાયઃ સાધર્મ્ય, ગાય જેવું ગવય, (૩) સર્વ સાધર્મ્ય, અરિહંત જેવા અરિહંત. 'વૈધર્મ્ય'માં-(૧) કિંચિત્ વૈધર્મ્ય, કાળી ગાયને કાળું વાછરડું એથી વિરુદ્ધ ધોળીને ધોળું. (૨) પ્રાયઃ વૈધર્મ્ય, પાયસથી વિરુદ્ધ વાયસ (માત્ર છેલ્લા બે અક્ષર અને અસ્તિત્ત્વ પૂરતું સાધર્મ્ય છે બાકી વૈધર્મ્ય), (૩) સર્વવૈધર્મ્ય, ગુરુઘાતક જેવો તો નીચ પણ ન હોય.

**આગમપ્રમાણમાં**-(૧) લૌકિક, મહાભારતાદિ, (૨) લોકોત્તર, આચારાંગાદિ. અથવા (૩) સૂત્ર-આગમ, અર્થાગમ, તદુભય આગમ. અથવા ૧. આત્માગમ, અર્થથી તીર્થંકરને, સૂત્રથી ગણધરને, ૨. અનંતરાગમ, અર્થથી ગણધરને, ૩. પરંપરાગમ, જંબૂસ્વામીને.

આટલી ભાવપ્રમાણની અંદર જીવગુણપ્રમાણમાં જ્ઞાનગુણપ્રમાણની વાત થઈ. હવે



**દર્શનગુણપ્રમાણમાં,**—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન.

**ચારિત્રગુણપ્રમાણમાં,**—સામાયિક (ઇત્વર, યાવત્કથિક), છેદોપસ્થાપનીય (સાતિચાર, નિરતિચાર), પરિહાર વિશુદ્ધિ (નિર્વિશ્યમાન તે તપસેવી, નિર્વિશ્યકાયિક તે વૈયાવચ્ચી) સૂક્ષ્મસંપરાય (સંક્લિશ્યમાન, વિશુદ્ધ્યમાન), યથાખ્યાત (પ્રતિપાતી, અપ્રતિ૦, યા છદ્મસ્થ, વીતરાગ).

**અજીવગુણપ્રમાણમાં,** સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-સંસ્થાન.

**નયપ્રમાણમાં,** ૩ દૃષ્ટાન્ત,-પ્રસ્થક, વસતિ, પ્રદેશ. (તે ધાન્ય ભરવાનું માપું, મુકામ, સૂક્ષ્માંશ) અંગે નૈગમ-વ્યવહાર નય, સંગ્રહનય, ઋજુસૂત્રનય, શબ્દનયની જુદી જુદી દૃષ્ટિ છે. તે આ પ્રમાણે,-

| નય | પ્રસ્થક દૃષ્ટાન્ત<br>શું કરો છો ? | વસતિ-દૃષ્ટાન્ત<br>ક્યાં રહો છો ? |
|---|---|---|
| નૈ૦ | અટવી તરફ જવાથી માંડી<br>પ્રસ્થક કોતરે ત્યાં સુધી, | લોકમાં,<br>મધ્યલોકમાં ........ |
| વ્ય૦ | નામ પાડવા સુધી કહે<br>'પ્રસ્થક કરું છું.' | અમુક ગામમાં શેરીમાં,<br>ઓરડાના ખૂણામાં રહ્યો છું. |
| સંગ્રહ | ધાન્ય ભરેલ પ્રસ્થકને પ્રસ્થક<br>કહે | શય્યાદિમાં રહ્યો છું. |
| ઋજુ૦ | વર્તમાન પ્રસ્થક પણ પ્રસ્થક,<br>તેટલું ધાન્ય પણ પ્રસ્થક. | અવગાહેલ આકાશ પ્રદેશમાં<br>રહું છું. |
| શબ્દનય | પ્રસ્થકનો જ્ઞાતા, ઉપયુક્ત<br>એવો કર્તા એ પ્રસ્થક | સ્વ સ્વરૂપમાં રહું છું. |

**(૩) 'પ્રદેશ' દૃષ્ટાન્તમાં નય-ઘટના : પ્રદેશ કેટલા ?**

**નૈગમનયે**-'ધર્માસ્તિકાય-પ્રદેશ (ધર્મપ્રદેશ), અધર્મપ્રદેશ આકાશપ્રદેશ, જીવપ્રદેશ, પુદ્‌ગલસ્કંધ-પ્રદેશ, દેશપ્રદેશ,-એમ ૬ના પ્રદેશ હોય.'

**સંગ્રહનયે,**—'દેશ એ સ્કન્ધમાં સમાયો, માટે એના પ્રદેશ જુદા નહિ, બાકી પાંચના પ્રદેશ હોય.'

**વ્યવહારનયે,**—'પાંચનો કોઈ સાધારણ પ્રદેશ નથી માટે પાંચના પ્રદેશ ન કહેવાય, કિન્તુ પાંચ પ્રકારના પ્રદેશ છે,-ધર્મપ્રદેશ અધર્મપ્રદેશ વગેરે.'

**ઋજુસૂત્રનયે**—'દરેકના કાંઇ પાંચ પ્રકારના પ્રદેશ નથી; તેથી ૫ પ્રકારના

પ્રદેશ નહિ, પણ કહો, ભજના છે,—સ્યાદ્ ધર્મપ્રદેશ, સ્યાદ્ અધર્મપ્રદેશ....'

**શબ્દનય**—'આમ કહેવામાં પણ દરેક પ્રદેશના સ્યાદ્ ધર્મ૦, સ્યાદ્ અધર્મ૦,... એમ ૫-૫ પ્રકારની આપત્તિ છે. તેથી કહો, જે ધર્મ૦નો પ્રદેશ તે પ્રદેશધર્માસ્તિકાય,.... એમ પાંચ.'

**સમભિરૂઢનય,**—'પ્રદેશધર્મ' એમ સમાસ કરવા જતાં ધર્મમાં પ્રદેશ એવી ભેદસપ્તમીની શંકા થાય. માટે અસમાસથી કહો, 'જે ધર્માસ્તિકાય એ જ પ્રદેશ, તે પ્રદેશધર્મ...'

**એવંભૂતનય,**—'પ્રદેશ દેશ જેવી વસ્તુ જ નથી. કેમકે તે જો ભિન્ન કહો, તો અનુપલબ્ધ છે. અભિન્ન કહો તો ધર્મા૦ અને પ્રદેશ એક પર્યાયવાળા થવાની આપત્તિ. માટે જે છે તે અખંડ ધર્મા૦.... વગેરે છે.

(૩) **સંખ્યાપ્રમાણમાં,**—નામાદિ ૪ સંખ્યા + ઉપમા સંખ્યા + પરિમાણ સં૦ + જ્ઞાનરૂપ સં૦ + ગણના સં૦ -એમ ૮ પ્રકારે છે. એમાં દ્રવ્યસંખ્યા આગમથી, નોઆગમથી એમ ૨ પ્રકારે છે. અને નોઆગમથી એ જ્ઞશરીર, ભવ્યશરીર, તદવ્યતિરિક્ત, એમ ૩ પ્રકારે. **ઉપમાસંખ્યાપ્રમાણ** ૪ પ્રકારે, સત્‌ની સત્ સાથે ઉપમા, (એમ ચતુર્ભંગી.) દા.ત. અરિહંતની છાતી કપાટ જેવી. સત્‌ની અસત્ સાથે, દા.ત. અનુત્તરદેવોનું આયુષ્ય ૩૩ સાગરોપમ. અસત્‌ની સત્ સાથે, દા.ત, સૂકું પર્ણ લીલાને કહે, 'અમ વીતી તુમ વીતશે, લીલી કુંપળિયા.' અસત્‌ની અસત્ સાથે, -ગર્દભશૃંગ આકાશકુસુમ જેવું છે. **પરિમાણસંખ્યાપ્રમાણ**માં (૧) કાલિકશ્રુત-પરિમાણમાં પર્યાય અનંતા, બાકી અક્ષર પદ પાદ ગાથા... નિર્યુક્તિ અનુયોગ ઉદ્દેશક... અંગ આદિ સંખ્યાતા. (૨) દૃષ્ટિવાદશ્રુત પરિમાણમાં ઉપરોક્ત અનુયોગ સુધી, પછી પ્રાભૃત, પ્રાભૃતિકા, વસ્તુ આદિ. જ્ઞાનસંખ્યાપ્રમાણમાં (સંખ્યાયતે=જ્ઞાયતે) શબ્દજ્ઞાનથી શાબ્દિક કહેવાય. ગણિતથી ગણિતજ્ઞ... વગેરે. ગણનાસંખ્યામાં સંખ્યાત-અસંખ્યાત-અનંત. ભાવસંખ્યાપ્રમાણમાં, પ્રાકૃતમાં 'સંખા' શબ્દ છે તેથી 'શંખ' લઈ શંખગતિ૦ને વેદે તે ભાવશંખ કહેવાય.

જિનાગમની શૈલીએ આ દ્રવ્યપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ, કાલ-પ્રમાણ, ભાવપ્રમાણ, એમ ૪ પ્રકારે પ્રમાણની વિચારણા થઈ. બાકી સામાન્ય રીતે સ્થૂલ શૈલીથી જોતાં પ્રમાણ બે પ્રકારે,—૧ પ્રત્યક્ષ, અને ૨. પરોક્ષ. પ્રત્યક્ષ પ્રમાણમાં અવધિજ્ઞાન, મનઃ-પર્યાયજ્ઞાન, અને કેવજ્ઞાન એમ ત્રણ પ્રમાણ આવે. અહીં

● પ્રત્યક્ષ **'એટલે'** 'પ્રતિ અક્ષમ્' અર્થાત્ સીધું આત્મામાં. એટલે કે આત્માને કોઈ બાહ્ય ઈન્દ્રિયો, યા હેતુ, યા શબ્દ, વગેરે સાધન વિના જ સાક્ષાત્ વસ્તુદર્શન જેનાથી થાય એ પ્રત્યક્ષ. એ ૩, (૧) **અવધિજ્ઞાનથી** ભૂત-વર્તમાન-ભવિષ્યની



નજીક કે દૂરની રૂપી વસ્તુને પણ સાક્ષાત્ જોઈ શકે.

(૨) **મનઃપર્યાયજ્ઞાનથી** અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનને જોઈ શકે.

(૩) **કેવળજ્ઞાનથી** લોકાલોકના સમસ્ત અનંતા કાળના ભાવ જોઈ શકે, સર્વ જીવો અને સર્વ પુદ્‌ગલાદિ દ્રવ્યોનાં ભૂત, વર્તમાન ભાવી અનંતાનંત પર્યાયોને સાક્ષાત્ નિહાળે. આ તો પારમાર્થિક પ્રત્યક્ષ. ત્યારે, વ્યાવહારિક પ્રત્યક્ષ એ ઈન્દ્રિયો અને મનથી થતું પ્રત્યક્ષ છે. લોકવ્યવહાર એને પ્રત્યક્ષ કહે છે. એ પરમાર્થથી યાને ખરી રીતે પરોક્ષજ્ઞાન છે. કેમકે એ આત્માને સાક્ષાત્ થતું નથી. કિન્તુ ઈન્દ્રિય દ્વારા થાય છે.

● **'પરોક્ષ'** એટલે અક્ષ યાને આત્માથી પરઃ; અર્થાત્ આત્માને બાહ્ય ઈંદ્રિય, હેતુ, શબ્દ વગેરે સાધન દ્વારા થતો યથાર્થ વસ્તુ-બોધ, એ પારમાર્થિક પરોક્ષ પ્રમાણ કહેવાય. એમાં ૧. મતિજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, એમ બે પ્રકાર છે. ઈન્દ્રિયો અને મનથી વસ્તુ જણાય તે 'મતિજ્ઞાન', અને આગમ આપ્તપુરુષનાં વચને જે અતીન્દ્રિય પદાર્થોનો પણ બોધ થાય એ 'શ્રુતજ્ઞાન' છે. હેતુ પરથી થતું અનુમાન, તર્ક, સ્મરણ પ્રત્યભિજ્ઞા વગેરે એ મતિજ્ઞાનના પ્રકાર છે...

આ 'પ્રમાણ' વ્યવસ્થા પણ જિનવચનમાં જ મળે છે. ત્યારે,

(૪) **ગમ એટલે અર્થમાર્ગ,** જે દ્વારોથી પદાર્થનો વિસ્તૃત બોધ થાય તેને અર્થમાર્ગ કહે છે. દા.ત. 'દંડક' પ્રકરણમાં ચારે ગતિના જીવોમાં જુદી જુદી વસ્તુ વિચારવા ૨૪ ભેદ યાને ૨૪ દંડક પાડ્યા. શ્રી તત્ત્વાર્થશાસ્ત્રમાં જીવ સમ્યક્ત્વાદિ વસ્તુનો વિચાર કરવા. માટે નિર્દેશ-સ્વામિત્વ વગેરે તથા-સત-સંખ્યા ક્ષેત્ર... વગેરે મુદ્દાઓ-દ્વારો બતાવ્યા. એમ કર્મગ્રન્થ-શાસ્ત્રોમાં જીવ, ગુણસ્થાન, વગેરેનો વિચાર કરવા માટે ગઈ-ઈંદ્રિય-કાય... વગેરે માર્ગણાઓ બતાવી, એમ 'આવશ્યકસૂત્ર' શાસ્ત્રની ઉપોદ્‌ઘાત નિર્યુક્તિમાં 'સામાયિક' વસ્તુનો વિચાર કરવા ઉદ્દેશ-નિર્દેશ-નિર્ગમ... વગેરે ૨૬ દ્વાર બતાવ્યા, એ દંડક-દ્વાર-મુદ્દા-માર્ગણા વગેરેને **'અર્થમાર્ગ'** કહેવાય. શાસ્ત્રોમાં એવા બીજા અનેક અર્થમાર્ગો કહેલા છે. આ પણ જિનવચનની જ વિશેષતા છે. અહો કેવાં ગહન જિનવચન !

જિનેશ્વર ભગવાન કેવળજ્ઞાનના પ્રકાશથી સમસ્ત સંશયરૂપી અંધકારનો નાશ કરે છે, માટે જગતના દીવા છે. એમના દ્વારા જીવોને કુશળ કાર્ય કરવાની આજ્ઞા કરાય છે માટે એમનાં વચનને જિનાજ્ઞા કહેવાય. એવી જિનાજ્ઞાના ઉપરોક્ત વિશેષણો પૈકી કોઈ પણ વિશેષણથી નિરાશંસ ભાવે જિનાજ્ઞાનું એકાગ્ર ચિંતન કરે, તે પહેલા પ્રકારનું 'આજ્ઞા-વિચય' નામનું ધર્મધ્યાન કહેવાય.

तत्थ य [1]मइदोब्बलेणं [2]तव्विवहायरियविरहओ वा वि ।
[3]णेयगहणत्तणेण य [4]णाणावरणोदएणं च ॥४७॥
[5]हेऊदाहरणासंभवे य सइ सुट्ठुं जं न बुज्झेज्जा ।
सव्वण्णुमयमवितहं तहावि तं चिंतए मइमं ॥४८॥
अणुवकयपराणुग्गहपरायणा जं जिणा जगप्पवरा ।
जियराग-दोस-मोहा य णऽण्णहावादिणो तेणं ॥४९॥

**અર્થ :- (૧) બુદ્ધિની સમ્યગ્ અર્થાવધારણની મંદતાએ, (૨) સમ્યક્ યથાર્થ તત્ત્વ પ્રતિપાદન-કુશળ આચાર્ય ન મળવાથી, (૩) જ્ઞેય પદાર્થની ગહનતાને લીધે, (૪) જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થવાથી, યા (૫-૬) હેતુ-ઉદાહરણ ન મળવાથી, આ જિનાજ્ઞાના વિષયમાં જો કાંઈ સારી રીતે ન સમજાય તો પણ બુદ્ધિમાન પુરુષ આ ચિંતવે કે, 'સર્વજ્ઞ તીર્થંકરોનું વચન અસત્ય હોય નહિ. કારણ કે ચરાચર જગતમાં શ્રેષ્ઠ શ્રી જિનેશ્વર ભગવંતો, એમના પર બીજાઓએ ઉપકાર ન કર્યો હોય તો ય, એના પર ઉપકાર કરવામાં તત્પર રહે છે. એમણે રાગ-દ્વેષ-મોહ (અજ્ઞાન)ને જીતી લીધા છે, તેથી (અસત્ય બોલવાનાં કારણો જ નહિ હોવાથી) તે અન્યથાવાદી યાને અસત્યભાષી હોય નહિ.'**

---

આમાં એવું બને કે મંદબુદ્ધિના યોગે, યા સમજાવનાર તેવા આચાર્ય ન મળવાને લીધે, કે જ્ઞેયની ગહનતા આદિ કારણે કોઈ જિનવચનમાં સમજ ન પડે તો શ્રદ્ધા ડગવાનો સંભવ, અને તેથી ઉક્ત વિશેષણથી જિનાજ્ઞાનું ધ્યાન મુશ્કેલ થાય, તો એવા કયા કારણો છે, ને તે પ્રસંગે શું કરવું ? એ બતાવે છે,—

**વિવેચન :-** જિનવચને કહેલા પદાર્થ કદાચ સમજવામાં ન આવે તો તે કેવા કારણે, પહેલાં તો એ બતાવતાં કહે છે કે,—

**જિનવચન ન સમજાય એનાં ૬ કારણ :-**

**(૧) મતિદૌર્બલ્યથી,** યાને બુદ્ધિ જડ હોય યા ચંચળ હોય, તો વાચના સાંભળતાં જિનોક્ત પદાર્થનું મનમાં સમ્યગ્ અવધારણ ન થાય. જડબુદ્ધિવાળો તો સમજી જ શકતો નથી; અને જો જડ નથી, તો ય ચલવિચલતાના કારણે મન બહારમાં જાય છે તેથી પદાર્થ મનમાં ઊતરતા નથી, ટકતા નથી. ત્યારે મતિ જો સતેજ હોય કિન્તુ,

**(૨) તેવા આચાર્યના અભાવે** અર્થાત્ જેમાં જરા ય ફેરફાર નહિ એવું યથાર્થ તત્ત્વપ્રતિપાદન સારી રીતે કરવામાં કુશળ આચાર્ય મહારાજ ન મળે, તો પણ જિનવચન ન સમજાય. અહીં 'આચાર્ય' એટલે મુમુક્ષુ આત્માઓ વડે જે



આચરાય છે, સેવાય છે તે. આચાર-સંપન્ન આચાર્યને જ મુમુક્ષુઓ સેવે; પરંતુ એવા આચાર્ય (૧) તત્ત્વપ્રતિપાદન જો વિપરીત કરતા હોય, અથવા (૨) વિપરીત નહિ કિંતુ યથાર્થ કરવા છતાં સામાને સમજાય એવી સરળ શૈલીથી વિવેચન કરવામાં હોશિયાર ન હોય, તો એવા આચાર્ય મળવા છતાં પૂર્વોક્ત વિશેષણ વિશિષ્ટ જિનવચનના ભાવ સમજી શકાય નહિ. આમ જિનવચન ન સમજી શકવામાં કાં આ કારણ અથવા મતિદુર્બલતા કારણ હોય યા તો આ બંને કારણ પણ સંભવી શકે. તેમ,

**(૩) જ્ઞેયની ગહનતાને લીધે,** અર્થાત્ જે જણાય તે 'જ્ઞેય' કહેવાય, એવા જ્ઞેય પદાર્થ ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય યા નય-ભંગી વગેરે; એની ગહનતાના હિસાબે પણ ન સમજાય અને જિનવચનનો અ-બોધ રહે એવું બને. એમ,

**(૪) જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી,** અર્થાત્ પહેલેથી કે તત્કાળ એવા જ્ઞાનાવરણકર્મ ઉદયમાં આવવાથી જિનવચનના ભાવ ન સમજાય, એવું બને.

પ્ર૦- જ્ઞાનાવરણનો ઉદય કારણભૂત કહેવો છે તો એ જ એક કારણ કહો, મતિદુર્બળતાદિ કારણો તો એમાં સમાઈ જાય છે, કેમકે એ જ્ઞાનાવરણના ઉદયથી જ હોય છે, તો પછી એ બધાને જુદાં કારણ કહેવાનું યુક્તિયુક્ત નથી.

ઉ૦- ના, યુક્તિયુક્ત છે. કેમકે જો કે જિનવચન કેમ નથી સમજાતા એનું કારણ જ્ઞાનાવરણના ઉદયનાં કાર્યને જ બતાવવું છે, પરંતુ તે સંક્ષેપથી ને વિસ્તારથી. એમાં સંયોગ જુદા જુદા, તેથી કારણો ભિન્ન ભિન્ન કહેવાય. સંક્ષેપમાં જ્ઞાનાવરણના ઉદયથી થતું અજ્ઞાન કારણભૂત બતાવાય, અને વિસ્તારથી પેલા મતિદુર્બળતાદિ કારણો બતાવવા પડે. મતિદુર્બળતાદિએ જ્ઞાનાવરણના ઉદયનું કાર્ય ખરા, કિન્તુ ઉપાધિ યાને વિશેષણો સંયોગો જુદા, તેથી મતિદુર્બળતાદિ જુદા જુદા હોવાનું કહી શકાય. કોઈને મતિમંદતા દ્વારા, તો બીજાને વળી આચાર્ય તેવા ન મળવા દ્વારા, ત્યારે ક્યાંક જ્ઞેયની ગહનતા પર, એમ જુદા જુદા સંયોગે જ્ઞાનાવરણનો ઉદય કામ કરી જાય.

**(૫-૬) હેતુ-ઉદાહરણના અસંભવથી** પણ અર્થાત્ કોઈ કથનમાં હેતુ કે ઉદાહરણ ન મળવાથી પણ જિનવચનનો ભાવ બુદ્ધિમાં બેસે નહિ, એમ બને. 'હેતુ' એટલે પ્રયોજન અને કારણ. પ્રસ્તુતમાં 'પ્રયોજન' અર્થનો ઉપયોગ નથી, કેમકે કોઈ કથનનું પ્રયોજન ન સમજાય એટલે એ કથન ન સમજાય એવું નથી હોતું. તેથી ટીકાકાર મહર્ષિએ અહીં 'હેતુ' શબ્દનો કારણ અર્થ લઈ કારણ તરીકે કારક અને વ્યંજક એમ બે અર્થ લીધા. એમાં 'કારક' એટલે ઉત્પાદક, દા.ત. અગ્નિ બનવામાં કારક હેતુ છે ઈંધણ-બળતણ, ત્યારે 'વ્યંજક' એટલે જણાવનાર હેતુ છે ધૂમાડો.

ત્યાં 'હેતુ' એટલે પદાર્થને 'હિનોતિ'=મગજમાં મોકલે, અર્થાત્ જણાવે તે. દા.ત. મકાનની બારીમાંથી બહાર ધુમાડો આવતો દેખાય, તો તે ધૂમાડો અંદરમાં અગ્નિ હોવાનું જણાવે છે. માટે એ ધૂમાડાને હેતુ કહેવાય. એ વ્યંજક હેતુ બન્યો. જિનવચનના કોઈ કોઈ કથનનો યાને કથિત વિધાનનો હેતુ ન મળે, તેથી એ કથન સમજમાં ન આવે એવું બને.

અથવા 'ઉદાહરણ' એટલે ખરેખર બનેલું કે કલ્પેલું દૃષ્ટાન્ત; એ ન બતાવ્યું હોય તેથી પણ જિનવચન ન સમજાય એવું બને.

આમ છ કારણ પૈકી કોઈ કારણે જિનવચન-કથિત કોઈ વસ્તુજાત મુદ્દલ ન સમજાય, યા સારી રીતે ન સમજવામાં આવે, તો પણ ભલે સમજમાં ન આવ્યું છતાં જિનવચન યા તત્કથિત વસ્તુ માટે બુદ્ધિમાન પુરુષ આ વિચાર કરે,-

**જિનવચન કેમ અસત્ય નહિ ? :-** સર્વજ્ઞવચન અને સર્વજ્ઞોક્ત વસ્તુ અસત્ય હોય નહિ. એનું કારણ એ છે કે ચરાચર વિશ્વમાં શ્રેષ્ઠ જિનેશ્વર ભગવાન પોતે બીજાઓથી કાંઇ ઉપકાર પામ્યા ન હોય તો ય એમની પ્રત્યે ધર્મોપદેશાદિથી અનુગ્રહ-કૃપા-ઉપકાર કરવામાં પરાયણ રહે છે, ઉદ્યુક્ત હોય છે. એવા એકાંત ઉપકાર-પ્રવૃત્તિવાળા એમને જગતને ઠગવાનું શું કામ તે અસત્ય બોલે ? હાં, ઉપકારીને પણ ક્યાંક કદાચ રાગાદિ વશ અસત્યનો સંભવ રહે, કેમકે (૧) રાગ યાને આસક્તિવશ જૂઠું બોલાય છે. પૈસા પર રાગ છે તો વેપારી ઘરાકને જૂઠું કહે છે, (૨) એમ દ્વેષ એટલે અપ્રીતિ, એના લીધે પણ અસત્ય બોલાય છે; દા.ત. ઓરમાન માતા શોક્યના પુત્ર અંગે પતિને જૂઠું ભળાવે છે. એમ (૩) મોહ યાને અજ્ઞાન, વસ્તુનો બરાબર ખ્યાલ ન હોવાથી પણ અસત્ય બોલાવાનું બને છે. આમ રાગ, દ્વેષ કે મોહના કારણે કથનમાં મૃષા આવે. કિન્તુ આ જિનેશ્વર ભગવાને તો અસત્ય ભાષણના કારણભૂત રાગ-દ્વેષ-મોહને જીતી લીધા છે, 'રાગાદિને જીતે તે જિન;' અર્થાત્ રાગાદિનો સદાને માટે પોતાના આત્મામાંથી અભાવ કરી દીધો છે, પછી એમને અસત્ય બોલવાનું કોઈ કારણ જ નથી. માટે એ અન્યથાવાદી યાને ફેરફાર બોલનાર હોય જ નહિ. તેથી એમના વચનમાં કે એમણે કહેલ પદાર્થમાં અસત્યતા હોય જ ક્યાંથી ?' માટે આપણી મતિદુર્બળતાદિ કારણે ન સમજાય તો પણ જિનવચન-જિનાજ્ઞાને એકાંત સત્ય અને હિતકર માની એનું પૂર્વોક્ત વિશેષણોથી ધ્યાન કરવું જોઈએ. એ પહેલું 'આજ્ઞા-વિચય' નામનું ધર્મધ્યાન થાય. આ ધર્મધ્યાનના ધ્યાતવ્યનો પહેલો ભેદ.

## (૨) અપાયવિચય

હવે ધ્યાતવ્યનો બીજો ભેદ 'અપાયવિચય' બતાવે છે,-



**राग-द्दोस-कसाया-ऽऽसवादिकिरियासु वट्टमाणाणं ।**
**इहपरलोयावाए झाइज्जा वज्जपरिवज्जी ॥५०॥**

**અર્થ :- રાગ, દ્વેષ કષાય અને આશ્રવાદિ ક્રિયાઓમાં વર્તતાને આ લોક પરલોકના અનર્થ (કેવા આવે છે તે) વર્જ્ય (અકૃત્ય)નો ત્યાગી ધ્યાવે, એકાગ્રતાથી વિચારે.**

**વિવેચન :-** ધર્મધ્યાનનો બીજો પ્રકાર 'અપાય-વિચય', એમાં રાગાદિ ક્રિયાથી આ લોક પરલોકમાં નીપજતા અનર્થ કેવા, એ ધ્યાવવાનું છે. તે ક્રમશઃ આ રીતે,-

જીવનો સ્વભાવ અક્રિય અવસ્થાનો છે; કોઈ રાગક્રિયા-દ્વેષક્રિયા-કષાયક્રિયા-મિથ્યાત્વાદિ આશ્રવક્રિયા કે હિંસાદિની કાયિકી આદિ ક્રિયા કરવાનો નથી. પરંતુ સંસારમાં એ કરીને જીવ દુઃખ અને પાપ તથા દીર્ઘ સંસારભ્રમણ જ પામે છે. કહ્યું છે,-

**રાગ-દ્વેષના અનર્થ :-**

**रागः संपद्यमानोऽपि दुःखदो दुष्टगोचरः ।**
**महाव्याध्यभिभूतस्य कुपथ्यान्नाभिलाषवत् ॥**
**दृष्ट्यादिभेदभिन्नस्य रागस्यामुष्मिकं फलम् ।**
**दीर्घः संसार एवोक्तः सर्वज्ञैः सर्वदर्शिभिः ॥**

**-અર્થાત્ અપ્રશસ્ત વસ્તુ અંગેનો રાગ ઊઠતાં જ દુઃખદાયી બને છે; જેમકે, મહારોગથી ઘેરાયેલાને કુપથ્ય ખોરાકની અભિલાષા. મનમાં કુપથ્ય ખાવાની ઈચ્છા ઊઠતાં શરીર પર એની અસર થાય છે. એવું અહીં વિષયાદિનો રાગ ભભૂકતાં દુઃખ-અશાંતિ-અસ્વસ્થતા શરૂ થાય છે.**

દૃષ્ટિ વગેરે પ્રકારોથી જુદા જુદા રાગનું એટલે કે (૧) દૃષ્ટિરાગ, (કોઈપણ અસત્ માન્યતાની પકડ), (૨) કામરાગ, અને (૩) સ્નેહરાગનું પકલોકમાં ફળ સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર ભગવંતોએ દીર્ઘ સંસાર કહ્યું છે.

**द्वेषः संपद्यमानोऽपि तापयत्येव देहिनम् ।**
**कोटरस्थो ज्वलन्नाशु दावानल इव द्रुमम् ॥**
**दोसानलसंसत्तो इहलोए चेव दुक्खिओ होइ ।**
**परलोयंमि य पावो पावइ निरयानलं तत्तो ॥**

**-અર્થાત્ જેમ ઝાડના બખોલમાં દાવાનળ ભભૂકતાં જ ઝાડને તપાવે છે, એમ હૈયામાં દ્વેષ ઊઠતાં જ એ પ્રાણીને તપાવે છે.**

**દ્વેષરૂપી અગ્નિથી સ્પર્શાયેલો પહેલો તો આ જીવનમાં જ દુઃખી થાય છે,**

અને પછી પરલોકમાં એ પાપી જીવ નરકની અગ્નિ પામે છે.

આવું ક્રોધાદિ કષાયોમાં બને છે. એનાં નુકસાન અંગે કહ્યું છે,–

કષાયોના અનર્થ :-

**कोहो य, माणो य अणिग्गहिया, माया य लोहो य पवड्ढमाणा ।**
**चत्तारि एए कसिणा कसाया सिञ्चन्ति मूलं पुणब्भवस्स ॥**
**कोहो पीइं पणासेइ माणो विणयणासणो ।**
**माया मित्ताणि णासेइ लोहो सव्वविणासणो ॥**

**-અર્થાત્ ક્રોધ અને અભિમાન જો અંકુશમાં ન લીધા, દબાવ્યા નહિ, તેમજ માયા અને લોભ જો વધતા ચાલ્યા, તો એ ચારે કષાયો અખંડ રહીને પુનર્જન્મ-સંસારના બીજભૂત કારણોને સિંચે છે. (સંસારનું કારણ મિથ્યાત્વ, અર્થ-કામ, આહારાદિ સંજ્ઞાઓ, હિંસાદિ દુષ્કૃત્યો,-આ બધા ક્રોધાદિ કષાયોથી પુષ્ટ બને છે, એના પર સંસાર પુષ્ટ થાય છે.)**

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો ઘાત કરે છે. માયા મિત્રોને ઉરાડે છે. લોભ સર્વ વિનાશક છે.

**મિથ્યાત્વ-અજ્ઞાનના અનર્થ :-**

એમ આશ્રવો અર્થાત્ મિથ્યાત્વાદિ કર્મબંધના હેતુઓના વળી અનર્થ પણ કેવા ભયંકર ? કે

**मिच्छत्तमोहियमई जीवो इहलोए एव दुक्खाइं ।**
**निरयोवमाइं पावो पावइ पसमाइगुणहीणो ॥**
**अज्ञानं खलु कष्टं क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः ।**
**अर्थं हितमहित्तं वा न वेत्ति येनावृत्तो लोकः ॥**

**—અર્થાત્ મિથ્યાત્વથી મોહિત મતિવાળો પાપી જીવ પ્રથમ સંવેગ આદિ ગુણોથી રહિત રહી આ જીવનમાં જ નરકના જેવા દુઃખ પામે છે. (નરકના જીવને બહારની તીવ્ર વેદનાથી અંતરમાં ભારે સંતાપ, ત્યારે આવા જીવોને અંદરની મિથ્યાત્વની પીડા અને તેથી બહારની ઊંધી પ્રવૃત્તિની વિટંબણાથી અંતરમાં ભારે સંતાપ હોય છે.)**

ક્રોધાદિ સર્વ પાપો કરતાં અજ્ઞાન-મિથ્યામતિ એ ખરેખરું દુઃખરૂપ છે. કેમકે એનાથી આચ્છાદિત લોક હિતાહિત વસ્તુને સમજતો નથી, (અજ્ઞાનમિથ્યાત્વ ન હોય તો તો ક્રોધાદિ થવા છતાં એ સમજે કે 'આમાં મારું અહિત છે; અને આના ત્યાગમાં જ હિત છે;' તેથી વીર્યોલ્લાસ વધતાં એને ફગાવી દે. ત્યારે જો મિથ્યાત્વ હોય તો તો ક્રોધાદિને અહિતકારક સમજતો જ નથી, પછી શું કામ એનો ત્યાગ કરે ?)



**અવિરતિના અનર્થ :-**

એમ અવિરતિ આશ્રવના પણ અનર્થ આ રીતે ચિંતવે,–

**जीवा पावंति इहं पाणवहाइविरईए पावाए ।**
**नियसुयघायणमाई दोसे जण-गरहिए पावा ॥**
**परलोयंमि वि एवं आसवकिरियाहि अज्जिए कम्मे ।**
**जीवाण चिरमवाया निरयाइगई भमंताणं ॥**

**—અર્થાત્ હિંસાદિની પાપી અવિરતિ (છૂટ)થી પાપી જીવો લોકમાં નિંદાય એવા સ્વપુત્રઘાત આદિ દોષોમાં ફસાય છે. (પ્રતિજ્ઞાથી હિંસાદિનો ત્યાગ નથી કર્યો, તેથી એવો અવસર આવી લાગતાં પોતાના પુત્ર વગેરેનો ય ઘાત આદિ પાપ આચરે છે. ચુલનીએ પોતાના પુત્ર બ્રહ્મદત્તને લાખના ઘરમાં જીવતો બાળી નાખવાનો પેંતરો રચેલ.) આ તો આ જીવનમાં અનર્થ.**

આશ્રવરૂપ ક્રિયાઓથી કર્મ ઊભા થયે પરલોકમાં પણ જીવોને નરક આદિ ગતિઓમાં ભટકતાં દીર્ઘકાળ અનર્થ નીપજે છે.

અહીં મૂળ ગાથા ૫૦મીમાં 'આસવાદિ' એમાં આશ્રવની સાથે જે 'આદિ' પદ મૂક્યું છે, એ એ જ રાગદ્વેષ-કષાય અને મિથ્યાત્વ-અવિરતિ આશ્રવના અવાન્તર અનેક ભેદોનું સૂચક છે. ત્યારે બીજા આચાર્યો કહે છે કે આ 'આદિ' પદ પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધનું જ્ઞાપક છે. એટલે આ બે અપેક્ષાએ રાગાદિના અપાય ચિંતવતાં રાગાદિના અવાંતર અનેકાનેક પ્રકારોના અથવા રાગાદિના પ્રકૃતિબંધ, સ્થિતિ-બંધ આદિના અનર્થ પણ ચિંતવી શકાય.

**૫ પ્રકારની ક્રિયા :-**

એમ 'કિરિયાસુ' અર્થાત્ કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાના પણ અનર્થ ચિંતવે. કહ્યું છે,–

**किरियासु वट्टमाणा काईयमाईसु दुक्खिया जीवा ।**
**इह चेव य परलोओ संसारपवड्ढया भणिया ॥**

**અર્થાત્ કાયિકી આદિ ક્રિયામાં પ્રવર્તતા જીવો આ જીવનમાંથી જ દુઃખી થાય છે, અને પરલોકમાં સંસારને અત્યંત વધારનારા બને છે.**

જે ક્રિયામાં અંતે જીવની હિંસા થાય છે, એમાં પાંચ પગથિયાં હોય છે. પહેલાં કાયાની હીલચાલ થાય તે કાયિકી ક્રિયા. પછી હિંસાનું સાધન પકડે તે અધિકરણિકી ક્રિયા. બાદ હિંસાર્થે મનમાં દ્વેષ ક્રૂરતા-કઠોરતા ઊભા થાય તે પ્રાદ્વેષિકી ક્રિયા. પછી શસ્ત્રપ્રયોગ કરતાં જીવને દુઃખ દેવાનું થાય તે પારિતાપનિકી, અને

અંતે જીવનો નાશ થાય તે પ્રાણાતિપાતિકી ક્રિયા.

આશ્રવના અનર્થના દૃષ્ટાન્તો :-

અહીં રાગ-દ્વેષ-કષાય-મિથ્યાત્વ-અવિરતિ અને હિંસાદિ ક્રિયાથી નીપજતા અનર્થ ચિંતવવાના છે તે આ રીતે, કે 'અરે ! આ જીવનમાં રાગાદિમાંથી કેવા મહાનુકસાન ઊતરે છે ! **મમ્મણ** ધન પરના રાગથી સુખે ખાવા-પીવા ન પામ્યો. **કોણિક** રાજ્યના લોભમાં દ્વેષથી પિતા શ્રેણિકને કેદમાં પૂરનારો થયો, ને ભાન આવ્યું ત્યારે પિતાને ગુમાવનારો બન્યો. **સુભૂમ** સમૃદ્ધિના લોભ અને મદમાં ધાતકી ખંડના ભરતને જીતવા જતાં વિમાન અને લહાવ-લશ્કર સાથે દરિયામાં પડ્યો. **પ્રદેશી**એ સૂર્યકાન્તા રાણી પર બહુ રાગ કરેલો તો રાણીએ અંતે એને ઝેર આપ્યું. **ધવલ** શ્રીપાલ પર દ્વેષની પ્રવૃત્તિ કરી કરી દુઃખી થતાં અંતે શ્રીપાલને મારવા જતાં પડ્યો, ને પોતાની કટારીથી પોતે જ મર્યો. **કુલવાલક** મુનિ વેશ્યાના રાગમાં અંતે ભગવાનનો સ્તૂપ ઊખેડી નખાવનારો બન્યો. **અભયા રાણી** સુદર્શન શેઠ પર કામરાગ અને માયા કરવા જતાં દેશવટો પામી. **સોમિલ** સસરાએ ગજસુકુમાળને દ્વેષમાં માર્યા પછી એ કૃષ્ણજીને જોતાં જ હૃદયાઘાત અનુભવી મર્યો.

**રાગાદિના પોતાને ચાલુ અનર્થમાં,** દા.ત. વસ્તુ પર રાગ કરવા જતાં (૧) એમાં બગડવાના લીધે દુઃખ થાય છે. (૨) રાગના લીધે નરસાને સારું માનવાનું અજ્ઞાન આવે છે. (૩) વિષયરાગના લીધે દેવ-ગુરુ-ધર્મ પર એવો રાગ જામતો નથી, (૪) જેના પર રાગ છે એના અંગે કેટલીક વાર બીજાઓની ટીકાટિપ્પણ થતાં દ્વેષ વગેરે જાગે છે. એમ, દ્વેષના ને ઈર્ષ્યાના કેટલા ય અનર્થ નીપજે છે. તો અભિમાન કરવા પાછળ ક્યાં વેઠવાનું હારવાનું નથી આવતું ? એમ અવિરતિ યાને પાપની છૂટના લીધે એ પાપોમાં અતિરેક-અધિકતા થઈ જાય છે, ને પછી સહવું પડે છે. દા.ત. મીઠાઈની અવિરતિ હોવાથી એ વધારે ખવાઈ જતાં પેટ ચડે છે, દુઃખે છે, એવું બને છે. આમ જગતમાં ચાલતા અનર્થ જોઈએ તો દેખાય કે એના મૂળમાં આ રાગાદિ કારણભૂત છે. રાગાદિના પરલોકમાં ભયંકર અનર્થો છે.

આ પર ચિંતવતાં 'અપાયવિચય' ધર્મધ્યાન લાગે છે. એનો મહાન લાભ એ, કે આર્તધ્યાન અટકે છે. જ્યાં આર્તધ્યાન થવું લાગે ત્યાં અપાયવિચય-વિપાકવિચય લાગુ કરવાનું.

આવી રાગાદિ ક્રિયાઓના અનર્થને ચિંતવનાર કેવો હોય, તો કહે છે, 'વજ્જપરિવજ્જી' 'વજ્જ' એટલે કે વર્જ્ય, ત્યાજ્ય જે અકૃત્ય પ્રમાદ, એનો



**पयइ-ठिइ-पएसा-ऽणुभावभिन्नं सुहासुहविहत्तं ।**
**जोगाणुभावजणियं कम्मविवागं विचिंतेज्जा ॥५१॥**

**અર્થ :- પ્રકૃતિ-સ્થિતિ-પ્રદેશ-અનુભાવના વિભાગથી ભિન્ન ભિન્ન, (એ દરેક પાછા) શુભઅશુભના વિભાગથી ભિન્ન ભિન્ન, તથા યોગ ને કષાયાદિથી ઉત્પન્ન કર્મવિપાકને ચિંતવે.**

પરિવર્જી હોય, ત્યાગી હોય; અર્થાત્ અપ્રમત્ત હોય, લેશ પણ પ્રમાદને ન સેવનારો હોય. એ 'અપાયવિચય' ધર્મધ્યાન બરાબર કરી શકે. પ્રમત્ત હોય, પ્રમાદી હોય, રાગાદિસેવનમાં મગ્ન હોય, એને હૈયે તો એની મિઠાશ હોવાથી એ રાગાદિના અનર્થ દિલથી શું વિચારી શકે ?

### (3) વિપાકવિચય

હવે 'વિપાકવિચય' નામનો ધર્મધ્યાનનો ત્રીજો પ્રકાર કહેવામાં આવે છે,-

**વિવેચન :-** 'વિપાકવિચય' નામના ત્રીજા ધર્મધ્યાનમાં આત્મા પર બંધાતા કર્મોની પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના વિપાકનું ચિંતન કરવાનું છે.

**પ્રકૃત્તિ-સ્થિતિ-પ્રદેશ-અનુભાવ :-** એમાં 'પ્રકૃતિ' એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ વગેરે કર્મોના જે ૮ મૂળ પ્રકાર, તથા દરેકના ઉત્તરભેદ, એનો સ્વભાવ દા.ત. વિપાક વખતે જ્ઞાન રોકવું, દર્શન અટકાવવું વગેરે છે. 'સ્થિતિ' એટલે કર્મોનું આત્મા પર વળગ્યા રહેવાનું કાળમાન. તે જઘન્યથી બે સમય યા અંતર્મુહૂર્ત હોય, ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમ હોય, વિપાકમાં આટલી કાળસ્થિતિ ભોગવવી પડે. 'પ્રદેશ' એટલે જીવના પ્રદેશે પ્રદેશ (સૂક્ષ્મ અંશ) સાથે કર્મપુદ્ગલના અમુક જથાનો સંબન્ધ થવો. એમાં કર્મપુદ્ગલનાં દળિયા ક્યાંક વધુ ક્યાંક ઓછા ચોંટે છે. 'અનુભાવ' એટલે વિપાક, રસોદય; આના વિપાકમાં જ્ઞાનાવરણાદિ સ્વભાવની ઉગ્રતા મંદતા અનુભવવી પડે. આ પ્રકૃતિ આદિના વિપાક ચિંતવવાના છે.

આ પ્રકૃતિ આદિ શુભ અશુભ બે પ્રકારે હોય છે. દા.ત. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયકર્મ, એ ચારેય અશુભ છે. ત્યારે શાતાવેદનીય આદિ કર્મ શુભ છે, અને અશાતાવેદનીય આદિ અશુભ છે. એટલે કર્મની પ્રકૃતિ આદિ કેવા શુભ યા અશુભ છે તે ચિંતવવાનું છે.

આ વિપાક પણ યોગાનુભાવ યાને 'યોગ'થી મનોયોગ-વચનયોગ-કાયયોગ તથા 'અનુભાવ'થી કષાય-અવિરતિ-મિથ્યાત્વ-પ્રમાદને અનુસાર ઉત્પન્ન થાય છે. દા.ત. **તંદુલિયા** મચ્છનો મોટા મત્સ્યના મોંમાંથી કેટલાંય નાનાં માછલાં ક્ષેમકુશળ પેસીને નીકળી જતા જોવા પર એનાં ભક્ષણનો મનોયોગ યાને વિચારણા તથા કષાય જોરદાર રહે છે. તેથી નરકગતિના ભારે કર્મવિપાક સર્જાય છે.

### (૪) સંસ્થાનવિચય

जिणदेसियाइ लक्खण-संठाणा-ऽऽसण-विहाण-माणाइं ।
उप्पाय-ठिइ-भंगाइपज्जवा जे य दव्वाणं ॥५२॥
पंचत्थिकायमइयं लोगमणाइणिहणं जिणक्खायं ।
णामाइभेयविहियं तिविहमहोलोयभेयाइं ॥५३॥
खिइ-वलय-दीव-सागर-नरय-विमाण-भवणाइसंठाणं ।
दोसाइपइट्ठाणं निययं लोगट्ठिविहाणं ॥५४॥

અથવા વૃદ્ધ પુરુષોની વ્યાખ્યાને અનુસારે, 'પ્રદેશ' એટલે જીવપ્રદેશ સાથે કર્મપ્રદેશનું મિલન; એ કર્મપુદ્ગલ એક ક્ષેત્રાવગાઢ હોય, યાને જીવના અવગાહેલા ક્ષેત્રમાં જ અવગાહેલ હોય. આત્મપ્રદેશે એ કર્મપ્રદેશો બંધાય તે સ્પષ્ટરૂપે, અવગાઢરૂપે, અનંતરરૂપે, તેમ અણુ ને બાદરરૂપે, એમ ઉર્ધ્વ ને અધોરૂપે બંધાય. આત્મપ્રદેશ સાથે સ્પર્શ થાય, પછી 'અવગાઢ' યાને પ્રવિષ્ટ થાય, પછી 'અનંતર' યાને આંતરા વિના એકમેક બને. એ પહેલાં 'અણુ' યાને નાના સ્કંધરૂપે, ને પછી 'બાદર' યાને મોટા સ્કન્ધરૂપે બંધાય. એ 'ઊર્ધ્વ-અધો' ઉપર-નીચેથી બંધાય. આનું કર્મવિપાક ધ્યાનમાં ચિંતન કરે.

વળી 'અનુભાવ' એટલે સ્પૃષ્ટ-બદ્ધ-નિકાચિત આઠ કર્મનું ઉદયથી વેદન. એ 'સ્પૃષ્ટ' આદિમાં સોયોનું દૃષ્ટાંત છે. સોયો દોરીથી એક ઝુડીમાં 'બંધાઈ', પરસ્પર સ્પર્શીને રહી હોય તે 'સ્પૃષ્ટ', અથવા તપાવાઈ પરસ્પર ચોંટી ગઈ હોય તે બદ્ધ અને સોયો પીગળી જઈને એક ગઠ્ઠારૂપે થઈ હોય તે નિકાચિત. એની જેમ કર્મોનો આત્મપ્રદેશ સાથે સંબંધ સ્પૃષ્ટ હોય, યા બદ્ધ હોય અથવા નિકાચિત હોય. અર્થાત્ સામાન્ય સંબદ્ધ, વિશેષ સંબદ્ધ, યા ગાઢ સંબદ્ધ થયેલ હોય. એવાં કર્મનું ઉદયથી ભોગવાવું તે 'અનુભાવ' કહેવાય.

આમ કર્મોની પ્રકૃતિ-સ્થિતિ-પ્રદેશ-અનુભાવના વિપાક ચિંતવે. એ કર્મવિપાક **'યોગાનુભાવ'**થી ઉત્પન્ન થયો હોય એમાં 'યોગ' મનોયોગ આદિ ત્રણ. 'અનુભાવ' મિથ્યાદર્શન-અવિરતિ પ્રમાદ-કષાયો. એ બંનેથી ઉત્પાદિત કર્મનો વિપાક-ઉદય ચિંતવે.

આ ત્રીજું વિપાકવિચય ધર્મધ્યાન થયું. આનો પ્રભાવ એ છે કે રોગાદિ પીડામાં હાયવોયથી જે આર્તધ્યાન થતું હતું, તે આનાથી અટકે અને જીવને સમતા-સમાધિ આવે; કેમકે આમાં દૃષ્ટિ સીધી પીડાના મૂળભૂત કારણ કર્મના વિપાક પર જવાની.

હવે ચોથો પ્રકાર 'સંસ્થાન વિચય', એ વર્ણવે છે,–



उवओग लक्खणमणाइणिहणमत्थंतरं सरीराओ ।
जीवमरूविं कारिं भोयं च सयस्स कम्मस्स ॥५५॥
तस्स य सकम्मजणियं जम्माइजलं कसायपायालं ।
वसणसयसावयमणं मोहावत्तं महाभीमं ॥५६॥
अण्णाणमारुएरिय-संजोगविजोग-वीइसंताणं ।
संसारसागरमणोरपारमसुहं विचिंतेज्जा ॥५७॥
तस्स य संतरणसहं सम्मद्दंसणसुबंधणं अणघं ।
णाणमयकण्णधारं चारित्तमयं महापोयं ॥५८॥
संवरकयनिच्छिद्दं तवपवणाइद्धजइणतरवेगं ।
वेरग्गमग्गपडियं विसोत्तियावीइ निक्खोभं ॥५९॥
आरोढुं मुणिवणिया महग्घंसीलंगरयणपडिपुन्नं ।
जह तं निव्वाणपुरं सिग्घंमविग्घेण पावंति ॥६०॥
तत्थ य तिरयण-विणिओगमइयमेगंतियं निराबाहं ।
साभावियं निरूवमं जह सोक्खं अक्खयमुवेंति ॥६१॥
किं बहुणा ? सव्वं चिय जीवाइपयत्थवित्थरोवेयं ।
सव्वनयसमूहमयं झाएज्जा समयसब्भावं ॥६२॥

અર્થ :- [૫૨](ચોથા 'સંસ્થાનવિચય'માં શું ચિંતવે ? તો કે) જિનેશ્વર ભગવાને ઉપદેશેલ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનાં લક્ષણ, આકૃતિ, આધાર, પ્રકાર, પ્રમાણ અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાદિ જે પર્યાય (તે ચિંતવે; વળી)

[૫૩]જિનોક્ત અનાદિ-અનંત પંચાસ્તિકાયમય લોકને નામાદિ (નામ-સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્રકાળ-ભાવ-પર્યાયલોક) ભેદથી ૮ પ્રકાર તથા અધો-મધ્ય-ઊર્ધ્વ એમ ત્રણ પ્રકારે (ચિંતવે; એમાં) [૫૪] (ઘર્મ-ઘમ્મા આદિ સાત પાતાલ) ભૂમિઓ, (ઘનોદધિ આદિ) વલયો, (જંબૂદ્વીપ-લવણાદિ અસંખ્ય) દ્વીપો-સમુદ્રો, નરકો, વિમાનો, દેવતાઈ ભવનો તથા વ્યંતરનગરોની આકૃતિ, આકાશ-વાયુ આદિમાં પ્રતિષ્ઠિત શાશ્વત લોકવ્યવસ્થા પ્રકાર (ચિંતવે;)[૫૫] (વળી સાકાર નિરાકાર) ઉપયોગ સ્વરૂપ, અનાદિ અનંત, તથા શરીરથી જુદો, અરૂપી, સ્વકર્મનો કર્તા-ભોક્તા જીવ ચિંતવે, [૫૬]વળી) જીવનો સંસાર, સ્વકર્મથી જે નિર્મિત, જન્માદિ જળવાળો, કષાયરૂપી પાતાલવાળો, સેંકડો વ્યસનો (વ્યસન-દુઃખો) રૂપી જળચર જીવોવાળો, (ભ્રમણકારી) મોહરૂપી આવર્તવાળો, અતિ ભયાનક, [૫૭]અજ્ઞાનપવનથી પ્રેરિત (ઈષ્ટાનિષ્ટ) સંયોગ-વિયોગરૂપી તરંગમાળાવાળો અનાદિ અનંત અશુભ સંસાર ચિંતવે. [૫૮]વળી તેને તરી જવા માટે

**સમર્થ, સમ્યગ્દર્શનરૂપી સારા બંધનવાળું, નિષ્પાપ, ને જ્ઞાનમય સુકાનીવાળું ચારિત્ર રૂપી મહાજહાજ, (ચિંતવે) [૫૯]તે પણ આશ્રવ-નિરોધાત્મક સંવર (ઢાંકણો) થી છિદ્રરહિત કરાયેલું, તપરૂપી પવનથી પ્રેરિત અધિક શીઘ્ર વેગવાળું, વૈરાગ્યરૂપી માર્ગે પડેલું, ને દુર્ધ્યાનરૂપી તરંગોથી અક્ષોભાયમાન, [૬૦]મહાકિંમતી શીલાંગરૂપી રત્નોથી ભરેલા (તે મહાજહાજ) પર આરૂઢ થઈને મુનિરૂપી વેપારીઓ જે રીતે શીઘ્ર નિર્વિઘ્ને મોક્ષનગરે પહોંચી જાય છે, એ (ચિંતવે.) [૬૧]વળી એ નિર્વાણનગરમાં જ્ઞાનાદિ ત્રણ રત્નના વિનિયોગમય એકાન્તિક, બાધારહિત, સ્વાભાવિક, અનુપમ અને અક્ષય સુખને જે રીતે પ્રાપ્ત કરે છે, તે (ચિંતવે.) [૬૨]વધુ શું કહેવું ? જીવાદિ પદાર્થના વિસ્તારથી સંપન્ન અને સર્વ નયસમૂહમય સમસ્ત સિદ્ધાંત-અર્થને ચિંતવે.**

**વિવેચન :-** ધર્મધ્યાનના ચોથા પ્રકાર 'સંસ્થાન વિચય'માં વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર ભગવાને કહેલા સિદ્ધાન્તના પદાર્થો વિચારવાના છે. કેમકે અહીં 'સંસ્થાન' એટલે સંસ્થિતિ, અવસ્થિતિ, સ્વરૂપ, પદાર્થોનું સ્વરૂપ. એનો 'વિચય'યાને ચિંતન-અભ્યાસ કરવાનો તે સર્વજ્ઞકથિત સિદ્ધાન્ત શાસ્ત્રના જ પદાર્થ યથાર્થ હોઈને એનો જ ચિંતન-અભ્યાસ કરવાનો. આ પદાર્થો નામથી આ પ્રમાણે,—

**— સંસ્થાન વિચયમાં વિચારવાના પદાર્થ —**

| | | |
|---|---|---|
| (૧) ૬ દ્રવ્યોનાં | (૪) જીવ નિત્ય- | સંવર છિદ્રસ્થગન |
| લક્ષણ - આકૃતિ - | ઉપયોગલક્ષણ - દેહ | તપ પવન |
| આધાર - પ્રકાર- | ભિન્ન - અરૂપી - કર્મ- | વૈરાગ્ય માર્ગ |
| - પ્રમાણ - ઉત્પાદાદિ | કર્તાભોક્તા | દુર્ધ્યાન તરંગથી |
| પર્યાય. | (૫) સંસાર સાગર | અસ્પૃષ્ટ અક્ષુબ્ધ |
| (૨) નામ - સ્થાપના - | જન્માદિ જળ | શીલાંગભૃત રત્નભૃત |
| - દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - | કષાય પાતાલ | મુનિ વેપારી |
| ભાવ - પર્યાય - લોક, | વ્યસન શ્વાપદ | (૭) મોક્ષ નગર |
| એમ ૮ ભેદથી પંચા - | મોહ આવર્ત | જ્ઞાનાદિવિનિયોગ |
| સ્તિકાયમય લોક, એ | અજ્ઞાન - પવન - | સુખ એકાન્તિક, |
| નિત્ય. | પ્રેરિત પ્રેરિત | નિર્બાધ, સહજ, |
| | સંયોગ -૦ તરંગ | અનુપમ, અક્ષય. |
| (૩) ૭ પાતાલભૂમિ | વિયોગ | જીવાદિ તત્ત્વ- |
| - દ્વીપ - સમુદ્ર - નરક- | (૬) ચારિત્ર જહાજ | વિસ્તારથી યુક્ત, |
| વિમાન-ભવન-વ્યંતર | સમ્યક્ત્વ બંધન | સર્વનયસમૂહમય, |
| નગર, ૧૪ રાજલોક | નિષ્પાપ નિર્દોષ | સિદ્ધાન્ત પદાર્થ |
| સંસ્થાન | જ્ઞાન સુકાની | |



આ પદાર્થોના સ્વરૂપ પર એકાગ્ર ચિંતન કરવાનું છે. આમાં મુખ્ય પદાર્થ ૭—[૧]દ્રવ્યો, [૨]પંચાસ્તિકાયમય અષ્ટવિધ લોક, [૩]ક્ષેત્રલોક, [૪]જીવ, [૫]સંસાર, [૬]ચારિત્ર અને [૭]મોક્ષ. એ દરેક પર આ રીતે ચિંતવવાનું.—

**(૧) દ્રવ્ય પર ચિંતન**

દ્રવ્ય અંગે ૬ વસ્તુ વિચારવાની છે,— ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનાં [૧]લક્ષણ, [૨]આકૃતિ, [૩]આધાર, [૪]પ્રકાર, [૫]પ્રમાણ, તથા [૬]પર્યાયો પર ચિંતન કરવાનું. દા.ત.

**(૧) લક્ષણ :-** ધર્માસ્તિકાયાદિનાં લક્ષણ આ પ્રમાણે-

| | | |
|---|---|---|
| દ્ર૦ ધર્માસ્તિકાય | અધર્માસ્તિકાય | આકાશ |
| લ૦ ગતિસહાયક્તા | સ્થિતિ-સહાયકતા | અવકાશ-દાન |
| દ્ર૦ પુદ્ગલ | જીવ | કાળ |
| લ૦ પૂરણ-ગલન | ઉપયોગ, ચૈતન્ય | વર્તના-કરણ |

**(૧) ૬ દ્રવ્યોનાં લક્ષણ :-**

આના પર એમ ચિંતવી શકાય કે 'અહો ! જગતમાં છ દ્રવ્ય કેવાં કેવાં એક બીજાથી તદ્દન સ્વતંત્ર લક્ષણવાળાં છે ! એથી કદી એ એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ નથી બનતું. વળી ધર્માસ્તિકાય દ્રવ્યનું લક્ષણ 'જીવ તથા પુદ્ગલને ગતિમાં સહાયકતા' છે. એટલે જ એ બે દ્રવ્ય લોકાકાશના અંત સુધી જ જઈ શકે છે, આગળ અલોકમાં નહિ; કેમકે ધર્માસ્તિકાય લોકાકાશ-વ્યાપી જ છે. માછલી ગમન તો પોતાની શક્તિથી કરે છે, પરંતુ એમાં પાણી સહાયક હોવાથી પાણીના કિનારા સુધી જ ગમન કરી શકે છે, આગળ નહિ; એવું ધર્માસ્તિકાયની સહાયથી જીવ અને પુદ્ગલ માટે છે. એમ અધર્માસ્તિકાયનું લક્ષણ 'એ બે દ્રવ્યને સ્થિતિમાં સહાયકતા' છે. અશક્ત વૃદ્ધ પુરુષને ચાલતાં વચમાં ઊભા રહેવા લાકડી સહાયક બને છે, એમ જીવ-પુદ્ગલને સ્થિતિ સ્થિરતા કરવામાં આ અધર્મા૦ સહાયક છે. આકાશનું લક્ષણ અવગાહ છે, એ બાકીનાં દ્રવ્યોને અવકાશ-દાન કરે છે દ્રવ્ય ક્યાં રહે ? ક્યાં અવગાહે ? SPACEમાં, આકાશમાં પુદ્ગલનું લક્ષણ પૂરણ-ગલન છે; આ એક જ દ્રવ્ય એવું છે કે જેની અંદર પોતાનાં સજાતીય દ્રવ્ય પૂરાય છે, તેમ ગળે છે, છૂટા પડે છે. બીજાં જીવ સુદ્ધાં દ્રવ્યો અખંડ રહે છે. ન એમાં વધે કે ન ઘટે. ત્યારે જગતમાં પુદ્ગલની કેવી ઘડભાંગ ચાલે છે ! મોટા મેરુ જેવામાં ય પુદ્ગલોનું સડન-પડન-વિધ્વંસન અને પૂરણ ચાલુ છે. જીવનું લક્ષણ ચૈતન્ય છે, જ્ઞાનાદિનો ઉપયોગ છે; એ એમાં જ હોય; તેથી એ જ ચેતન દ્રવ્ય, બીજાં જડ દ્રવ્ય. કાળનું લક્ષણ વર્તના છે, યાને વસ્તુમાં જૂનું, નવું, ભાવી, અતીત વગેરે રૂપે વર્તવાનું કરાવે છે. વસ્તુ

એની એ, છતાં કલાક પછી એ કાળ દ્રવ્યના આધાર પર જ કલાક-જૂની કહેવાય છે. આમ, લક્ષણો જોતાં છએ દ્રવ્યમાંથી એક એક દ્રવ્યનું લક્ષણકાર્ય પોતે જ કરી શકે, બીજું દ્રવ્ય નહિ. એ સૂચવે છે કે છએ દ્રવ્ય જુદાં જુદાં યાને સ્વતંત્ર છે. આ લક્ષણો પર ઘણું ચિંતવી શકાય.

(૨) **આકૃતિ (સંસ્થાન)** :- આના પર એ ચિંતવાય કે સંસ્થાન યાને આકૃતિ એ મુખ્યતાએ તો અજીવ પુદ્ગલની રચનાઓ આકાર છે, દા.ત. ગોળાનો આકાર હોય, ઢાલ જેવો ગોળ હોય, ત્રિકોણ, ચતુષ્કોણ યા લાકડી જેવો લાંબો હોય. આ તો મુખ્ય આકાર; બાકી પેટા આકારોનો પાર નથી. જંગલની કેવી કેવી વિચિત્રતા ! પુદ્ગલના આકાર જીવનો આકાર ગણાય છે. જીવ અને શરીરનો આકાર [1]**સમચતુરસ્ર** સંસ્થાનનો, [2]ન્યગ્રોધ સંસ્થાનનો, [3]સાદિ, [4]વામન [5]કુબ્જ, અને [6]હુંડક સંસ્થાનનો હોય છે. એમાં ક્રમશઃ [1]પદ્માસને બેઠેલાના જમણા ઢીંચણથી ડાબા ખભા સુધીનું અંતર, એમ ડાબેથી જમણા ખભા સુધીનું અંતર, બે ઢીંચણ વચ્ચેનું અંતર, અને લલાટથી નીચે બે પગના મધ્ય સુધીનું અંતર;-આ ચાર સમાન હોય. [2]**'ન્યગ્રોધ'**માં વડની જેમ નાભિથી ઉપરનું શરીર લક્ષણ-પ્રમાણવાળું; [3]**સાદિ**માં એથી ઊલટું. [4]**'વામન'**માં માથું-ગળું-હાથ-પગ જ લક્ષણ-પ્રમાણવાળાં, [5]**કુબ્જ**માં એ ખરાબ ને છાતી-પેટ વગેરે સારાં, ને [6]**'હુંડક'**માં સર્વ અવયવ પ્રમાણ-લક્ષણ વિનાનાં હોય. શરીર અને તત્સંબદ્ધ જીવમાં આ સંસ્થાન ચિંતવવા. ધર્મા૦અધર્મા૦નો આકાર લોકાકાશ જેવો. લોકાકાશનો આકાર નીચે ઊંધી છાબડી જેવો, મધ્યમાં ઝાલર (ખંજરી) જેવો, અને ઉપર શરાવ-સંપુટ (એક કોડિયા પર બીજું કોડિયું ઊંધું ઢાંકેલું) જેવો. ક્રમશઃ નીચેથી ઉપર આ ત્રણ ભાગમાં અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક છે. કાળનો આકાર, કાળ મનુષ્યલોકમાંની સૂર્ય-ચંદ્રની ગતિના આધારે મનાય છે તેથી, મનુષ્યક્ષેત્ર યાને અદ્ધાક્ષેત્ર જેવો. ('અદ્ધા' એટલે કાળ)

(૩) **આસન યાને આધાર** :- છ દ્રવ્યોને રહેવાનો આધાર કોણ ? એ વિચારવું. એમાં વ્યવહારથી લોકાકાશ એ પોતે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોનો આધાર છે. કેમકે એ ક્ષેત્રરૂપ છે, બીજાં દ્રવ્યો એમાં રહ્યા હોવાથી ક્ષેત્રી છે. અથવા નિશ્ચયદૃષ્ટિએ તો દરેક વસ્તુ પોતાના સ્વરૂપમાં જ રહે છે, કેમકે બીજામાં રહેવા જતાં, પ્રશ્ન થાય કે, એ આધારના સર્વાંશે રહે, કે અંશે રહે ? સર્વાંશે રહેવા જતાં તદ્રૂપ બનવાની આપત્તિ આવે ! અંશે રહેવા જતાં ફરી પ્રશ્ન થાય કે વસ્તુ જો અંશમાં રહે તો એ અંશના સર્વાંશે રહે કે અંશે રહે ?... આમ વિચારતાં વ્યવસ્થા ન થાય. તેથી કહો કે વસ્તુ બીજામાં નહિ પણ પોતાના સ્વરૂપમાં જ રહે છે. આ સ્વ સ્વરૂપે એ જ આધાર. એમ વ્યવહાર અને નિશ્ચયથી આધાર વિચારી શકાય.



(૪) **વિધાન યાને પ્રકાર** :- આમાં છ દ્રવ્યોના અવાન્તર ભેદ વિચારવા. દા.ત. ધર્માસ્તિકાયના પ્રકાર, ૧. અખંડ ધર્માસ્તિકાય સ્કન્ધ, ૨. ધર્માસ્તિકાયનો દેશ (ભાગ), અને ૩. ધર્માસ્તિકાયનો પ્રદેશ અર્થાત્ ઝીણામાં ઝીણો અંશ. એમ અધર્મા૦ આકાશ, અને જીવના ભેદ પડે. ત્યારે પુદ્ગલમાં સ્કન્ધ-દેશ-પ્રદેશ ઉપરાંત પરમાણુ પણ પ્રકાર પડે. છૂટો પડેલો પ્રદેશ તે પરમાણુ. આ તો એક રીતે પ્રકારની વાત થઈ. બાકી જીવ તથા પુદ્ગલમાં અનેક રીતે પ્રકાર પડે. દા.ત. જીવમાં મુક્ત-સંસારી, ત્રસ-સ્થાવર, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય,... પંચેન્દ્રિય, એ દરેકના અવાંતર ભેદ... વગેરે ચિંતવવાનું. એમ પુદ્ગલમાં ઔદારિક વર્ગણા, વૈક્રિય વર્ગણા, આહારક-તૈજસ-ભાષા-શ્વાસોચ્છ્વાસ-મન-કાર્મણવર્ગણા... વગેરે, આ પ્રકારોનું ચિંતન કરે. એ આ 'સંસ્થાન વિચય' ધર્મધ્યાનમાં જાય.

(૫) **પ્રમાણ** :- છ દ્રવ્યોનાં પ્રમાણ ચિંતવવાં. પ્રમાણ એટલે (૧) પરિમાણ, યા (૨) સાધક યુક્તિ. એનું ચિંતન કરવું. દા.ત. પરિમાણમાં, ધર્મા૦, અધર્મા૦, લોકાકાશ અને જીવ એ ચારે ય સમાન માપના અસંખ્યપ્રદેશી છે. છતાં જીવ શરીર પ્રમાણે નાનો બને છે. અલબત્ત, એમાં એક પણ પ્રદેશ ઓછો ન થતાં સંકોચ થાય એટલું જ. બાકી દેવ જેવા ય જ્યારે બીજું શરીર યાને ઉત્તર વૈક્રિય શરીર બનાવી બહાર મોકલે ત્યારે મૂળ શરીરના આત્મપ્રદેશ એમાં લંબાઈને અખંડ સંલગ્ન રહે છે. વચલા અંતરમાં પણ આત્મપ્રદેશ ખરા. કેવળજ્ઞાની સમુદ્ઘાત કરે ત્યારે એક સમય માટે સમસ્ત લોકાકાશમાં એમના આત્મપ્રદેશ વ્યાપી જાય છે. પુદ્ગલમાં એક પરમાણુથી માંડીને અનંતપ્રદેશી સ્કન્ધ ખરા, પરંતુ તે લોકાકાશના વધુમાં વધુ અસંખ્ય આકાશપ્રદેશમાં સમાય એટલું એનું માપ હોય છે. હવે.

**'પ્રમાણ' એટલે ૬ દ્રવ્યની સાધક યુક્તિ** વિચારતાં, દા.ત. ધર્માસ્તિકાય માટે એમ વિચારાય કે 'સહજ ગતિવાળા પરમાણુ અને જીવ લોકાકાશની બહાર કેમ જતા નથી ? ત્યાં માનવું પડે કે ગતિ-સહાયક કોઈ તત્ત્વ લોકાકાશમાં જ છે, પણ બહાર નથી, અર્થાત્ બહાર અવકાશ-દાન કરનાર આકાશ તો છે, છતાં ગતિસહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય નથી. માટે બહાર ગતિ નથી, આ માનવું જ પડે. નહિતર તો પરમાણુ વગેરે છેવટે અનંતાનંત કાળે અનંતાનંત આકાશમાં ક્યાંના ક્યાં ય વેરવિખેર થઈ જવાથી, વર્તમાન વ્યવસ્થિત જગત જે દેખાય છે, તે શી રીતે હોત ? એમ **અધર્માસ્તિકાયની** સાધક દલીલ એ, કે અશક્ત માણસ લાકડીના ટેકે આખો ઊભો, યા અર્ધો ઊભો, યાવત્ ઊભડક પગે સ્થિર રહી શકે છે. એમ લોકમાં જીવ યા પુદ્ગલ ભિન્ન ભિન્ન સ્થિતિમાં સ્થિર રહી શકે છે, તે કોના ટેકે ? કહેવું જ પડે કે અધર્મા૦ના ટેકે. જીવદ્રવ્યની સાધક યુક્તિ અનેકાનેક છે. દા.ત.

(i) 'હું' એવું સંવેદન કોણ કરે છે ? દેહથી જુદો આત્મા, પણ દેહ નહિ. કેમકે જો એમ હોત તો જ્યાં 'હું એવો મૂર્ખ નથી કે વધુ ખાઈને મારો દેહ બગાડું' આ ખ્યાલ કરાય છે ત્યાં એમ ખ્યાલ થવો જોઈતો હતો કે 'હું એવો મૂર્ખ નથી કે વધુ ખાઈને મને બગાડું !'

(ii) એમ, 'હું રોગથી કે ઘાથી પીડિત છું, પણ સમતા-સમાધિથી સુખી છું', આ ભાવ શરીર શી રીતે કરી શકે ? શરીર તો પીડિત દુઃખી જ છે. સુખી ક્યાં છે ? ભિન્ન આત્મા જ આ ખ્યાલ કરી શકે. (iii) એમ, સૌથી પ્રિય કોણ ? શરીર નહિ, પણ આત્મા. તેથી જ અવસરે ઘોર અપમાન બેઆબરુ વગેરે દુઃખથી છૂટવા જીવ પોતાના પૈસા વગેરેને તો જતા કરે, યાવત્ એમ પોતાના શરીરનો ય નાશ કરી દે છે. એમ આત્માની સાધક બીજી અનેકાનેક યુક્તિ વિચારાય.

**(૬) પર્યાય** :- છ દ્રવ્યના ઉત્પાદ-સ્થિતિ-ભંગ (નાશ) વગેરે પર્યાય ચિંતવવા. પર્યાય એટલે અવસ્થા. એમાં છએ દ્રવ્યમાં સર્વવ્યાપી સમાન પર્યાય યાને અવસ્થા ઉત્પત્તિ-સ્થિાત-નાશની મળે. શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્ર (અ.૫, સૂ.૨૯) કહે છે કે,

**'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्'**સત્માત્ર ઉત્પત્તિ નાશ અને સ્થૈર્યવાળું હોય છે. ત્યારે, છએ દ્રવ્ય સત્ છે, માટે એ દરેક આ ત્રણે પર્યાયથી યુક્ત છે. સવાલ થાય,

**એક જ વસ્તુમાં ઉત્પત્તિ-સ્થિતિ-નાશ ત્રણે ય કેવી રીતે ? :-**

પ્ર૦- એકમાં ત્રણે એક સાથે કેવી રીતે રહે ? કેમકે ઉત્પત્તિયુક્ત એટલે ઉત્પન્ન, નાશયુક્ત એટલે નષ્ટ, ને સ્થિતિયુક્ત એટલે સ્થિર, કાયમ. તો જે ઉત્પન્ન એ જ નષ્ટ કેવી રીતે, અને એ જ પહેલેથી કાયમ કેમ ?

ઉ૦- એક જ કાળે અપેક્ષા વિશેષથી એક જ વસ્તુ ઉત્પન્ન હોય, અને અપેક્ષા-વિશેષથી એ જ વસ્તુ નષ્ટ પણ હોય, તેમ અપેક્ષા—વિશેષે કાયમ પણ હોઈ શકે છે. દા.ત. રાજાના બે છોકરાને રમવા માટે સોનાનો એક નાનો કળશ હતો. એમાં એક છોકરો ક્યાંક બહાર ગયો છે અને બીજા છોકરાએ કહ્યું, 'મારે રમવા મુગટ જોઈએ', ત્યારે રાજાએ માણસ પાસે એ જ કળશનો સોનીને ત્યાંથી ગાળીને મુગટ કરાવી મંગાવ્યો. ત્યાં સોનું-વસ્તુ તો કાયમ જ છે, પણ એ જ કળશ તરીકે નષ્ટ છે, અને એ જ મુગટ તરીકે ઉત્પન્ન છે, એકમાં જ ત્રણ અપેક્ષાએ ત્રણે પર્યાય છે. માટે તો જ્યારે બહાર ગયેલો છોકરો પાછો આવી આ જુએ છે, ત્યારે એ કળશનો પ્રેમી હોઈ નાખુશ થાય છે, અને એ જ વખતે બીજો છોકરો ગમતો મુગટ બન્યો હોવાથી ખુશ છે, ત્યારે બાપ રાજા સોનું કાયમ રહ્યાની દૃષ્ટિએ મધ્યસ્થ છે. એકી વખતે આ રાજા અને બે પુત્રો, ત્રણેયની લાગણી જુદી જુદી હોવા પાછળ કોઈ કારણ જરૂર છે, ને તે કારણ જુદા જુદા જ હોય તો જ લાગણીઓ ભિન્ન



ભિન્ન થાય. દેખવામાં કારણીભૂત વસ્તુ ભલે એક જ દેખાય છે, પરંતુ માનવું પડે કે એ જ ચીજ કલશરૂપ હતી તે નષ્ટ થઈ તેથી કલશાર્થી ખેદ કરે છે, એ જ મુગટરૂપ બની તે જોઈ મુગુટાર્થી રાજી થાય છે, ને એ જ સોનારૂપે કાયમ છે, તેથી માત્ર સુવર્ણાર્થીને કશું ગુમાવવા-કમાવાનું નહિ હોઈ મધ્યસ્થ રહે છે. કહ્યું છે-

**घटमौलिसुवर्णार्थी नाशोत्पत्तिस्थितिष्वयम् ।**
**शोकप्रमोदमाध्यस्थ्यं जनो याति सहेतुकम् ॥**
**पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः ।**
**अगोरसव्रतो नोभे, तस्मात् तत्त्वं त्रयात्मकम् ॥**

**—અર્થાત્ ઘટાર્થી મુગુટાર્થી અને સુવર્ણાર્થી ઘટનાશ મુગટોત્પત્તિ તથા સુવર્ણસ્થિતિમાં શોક, હર્ષ અને મધ્યસ્થભાવ અનુભવે છે તે સહેતુક છે, (ત્રણે ભાવના હેતુ ત્યાં એકમાં જ મોજુદ છે.)**

'મારે દૂધ જ લેવું' એવા વ્રતવાળો દહીં નથી ખાતો, 'મારે દહીં જ લેવું' એવા વ્રતવાળો દૂધ નથી ખાતો, ને 'મારે અગોરસ જ લેવું.' એવા વ્રતવાળો દૂધ-દહીં બંને નથી ખાતો, માટે (નક્કી થાય છે કે) ગોરસ તત્ત્વ ત્રિતયાત્મક છે; અર્થાત્ ગોરસ એ દૂધ પણ છે, દહીં પણ છે, અને ગોરસ પણ છે. દૂધ હતું ત્યારે દહીં નહોતું, દહીં બન્યું ત્યારે દૂધ નથી રહ્યું, પણ ગોરસ પહેલાં ય હતું ને અત્યારે ય છે. એમ એક જ વસ્તુ ત્રયાત્મક બની.

**નિત્ય દ્રવ્યમાં પણ ઉત્પત્તિ-નાશ કેવી રીતે ? :-**

પ્ર૦- ધર્માસ્તિકાયાદિ નિત્ય દ્રવ્યોમાં ઉત્પત્તિ-સ્થિતિ-નાશ શી રીતે ?

ઉ૦-એ રીતે, કે ધર્માસ્તિકાયાદિ કોઈ પણ દ્રવ્ય વર્તમાન સમયે વર્તમાન સમય-સંબદ્ધ તરીકે બન્યું, યાને ઉત્પન્ન થયું; અતીતસમય સંબદ્ધ તરીકે ન રહ્યું યાને નષ્ટ થયું; છતાં મૂળ ધર્માસ્તિકાય તરીકે ઊભું જ છે, કાયમ જ છે. એટલે એ આવ્યું કે વસ્તુ અમુક સમયસંબંધની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે, અતીત સમયસંબંધની અપેક્ષાએ નષ્ટ થાય છે, ને મૂળ દ્રવ્યની અપેક્ષાએ કાયમ રહે છે. કહ્યું છે,

**सर्वव्यक्तिषु नियतं क्षणे क्षणेऽन्यत्वमथ च न विशेषः ।**
**सत्योश्चित्यपचित्योराकृतिजाति—व्यवस्थानात् ॥**

**—અર્થાત્ સમસ્ત વસ્તુવ્યક્તિમાં ક્ષણેક્ષણે ચોક્કસ પ્રકારનું વિભિન્નપણું આવે છે, અને તો પણ એ વ્યક્તિમાં અનેક વ્યક્તિતા નથી, એક વ્યક્તિતા જ છે; કેમકે એમાં વધારો-ઘટાડો થવા છતાં આકાર અને જાતિ એની એ જ વ્યવસ્થિત છે, કાયમ છે. અથવા આકાર અને જાતિની સ્વતંત્ર વ્યવસ્થા છે, એટલે કે આકાર**

**બદલાય, જાતિ નથી બદલાતી જાતિ ન બદલાવાથી વ્યક્તિ એ જ ઊભી રહે છે. ને એમાં આકાર બદલાવાથી એનાં સ્વરૂપ-પર્યાય-અવસ્થા ભિન્ન ભિન્ન બને છે. દા.ત.**

ધર્માસ્તિકાયાદિ તે તે ક્ષણ-સંબદ્ધ તરીકે ભિન્ન ભિન્ન બનવાથી એમાં દરેક ક્ષણે ચોક્કસ પ્રકારની ભિન્નતા આવી; છતાં એનો ખાસ આકાર અને ધર્માસ્તિકાયના જાતિ તો એના એ જ ઊભા રહે છે, તેથી એક જ વ્યક્તિપણું છે, અનેક-વ્યક્તિતતા નહિ. તેથી જ સોનું એ કળશ મુગટ કંઠી કડું વગેરે રૂપે બદલાવા છતાં વ્યક્તિ એની એ જ સોનું છે; કેમકે એમાં મૂળ સોનાનો આકાર યાને સોનાપણાનો માલ વજન ચળકાટ આદિ કાયમ છે; તેમજ સોનાપણાની જાતિ કાયમ છે, અર્થાત્ આ સોનું એવો વ્યવહાર ઊભો છે, સોનાની જાત નથી બદલાઈ. અથવા આકારો કળશ-મુગટાદિ બદલાવા છતાં સુવર્ણજાત એની એ જ ઊભી છે. આવું દરેક વ્યક્તિમાં. તાત્પર્ય, એક જ વ્યક્તિમાં ઉત્પત્તિ નાશ અને સ્થિરતા, એ ત્રણે ય પર્યાય રહે છે. એવા બીજા પણ પર્યાય દા.ત. અગુરુલઘુ પર્યાય, અનુવૃત્તિ પર્યાય, વ્યાવૃત્તિપર્યાય વગેરે અનંતપર્યાયો હોય છે. દ્રવ્યોમાં એનું ચિંતન થઈ શકે. આમ વિશાળ દૃષ્ટિથી વસ્તુના વિવિધપર્યાયોનું ચિંતન કરે, તો ઈષ્ટસંયોગ અનિષ્ટવિયોગ અંગે થતાં આર્તધ્યાનથી બચી શકે.

**(૨) પંચાસ્તિકાયમય લોક પર ચિંતન :-**

આ એમ કરવાનું કે 'અહો ! આ લોક જિનેશ્વર ભગવાને કેવો અનાદિ અનંત પંચાસ્તિકાયમય બતાવ્યો છે' 'લોક' એટલે જ્ઞાનમાં જે કાંઈ આલોકાય છે, જોવાય છે તે બધું જ; અર્થાત્ સમગ્ર વિશ્વ. અનંતજ્ઞાની વીતરાગ તીર્થંકર ભગવંતોએ વિશ્વનું યથાસ્થિત સ્વરૂપ બતાવ્યું છે તે આ,-કે વિશ્વ પાંચ અસ્તિકાયમય છે, – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય ને જીવાસ્તિકાય.

**પાંચ અસ્તિકાયની દૃષ્ટાંતથી સમજ :-**

જેવી રીતે આંખવાળાને વસ્તુદર્શન કરવામાં દીવો સહાયક છે, એવી રીતે જીવ-પુદ્ગલને ગતિ કરવામાં ધર્માસ્તિકાય સહાયક છે. જેમ બેસવાની ઈચ્છાવાળા પુરુષને સ્થિર બેસવામાં ભૂમિ સહાયક છે, તેમ જીવો અને પુદ્ગલને સ્થિતિ-સ્થિરતા કરવામાં અધર્માસ્તિકાય સહાયક છે. જેવી રીતે બોરાંને રહેવામાં ઘડો જગા આપે છે, તેમ જીવાદિ ચારે અસ્તિકાયને રહેવામાં આકાશ જગા આપે છે. જીવ જ્ઞાનસ્વરૂપ છે, સર્વભાવનો જ્ઞાતા છે, કર્મોનો ભોક્તા અને કર્તા છે, ભિન્ન ભિન્ન અનેક સંસારી અને મુક્ત તરીકે છે, એમ જિનાગમમાં કહ્યું છે. ત્યારે પુદ્ગલ દ્રવ્ય સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણ-શબ્દસ્વભાવ અને એથી જ મૂર્તસ્વભાવ તથા સંયોગ અને વિભાગથી ઉત્પન્ન થનારું જિનેન્દ્ર ભગવાને કહ્યું છે. દા.ત. બે પરમાણુના



સંયોગથી દ્વ્યણુક દ્રવ્ય બન્યું. હવે એ પરમાણુ દ્રવ્ય નથી. પરંતુ પાછો એમાં અવયવ-વિભાગ થાય તો એ બે જુદા પરમાણુ બને. 'બને' એટલે ઉત્પન્ન થાય. એટલે અસ્તિનો કાય, યાને પ્રદેશોનો સમૂહ. આ પાંચ પૈકી દરેકમાં દેશ પ્રદેશ છે, અને પ્રદેશ એ ઝીણામાં ઝીણો અંશ છે, તેથી આખું દ્રવ્ય પ્રદેશ-સમૂહાત્મક છે, યાને (પ્રદેશ = અસ્તિ, તથા કાય = સમૂહ, એટલે કે) 'અસ્તિકાય' છે. એમ કાળ સિવાયના પાંચે દ્રવ્ય પાંચ સ્વતંત્ર અસ્તિકાય (પંચાસ્તિકાય) થયા.

**પ્ર૦-કાળ એ કેમ અસ્તિકાય નહિ ?**

ઉ૦- અસ્તિકાય એવી વસ્તુ છે કે જેમાં પ્રદેશસમૂહ એક સાથે મળે, એક જ સમયે એ સમૂહ એકત્રિત જોઈ શકાય. ત્યારે કાળ તો જ્યારે જોઈએ ત્યારે વર્તમાન એક જ સમયરૂપ મળે. તેની પૂર્વેના સમસ્ત અતીત સમયો નષ્ટ હોવાથી વર્તમાનમાં સમય સાથે એકત્રિત ન મળે. તેમ પછીના સમયથી માંડી ભાવી અનંત સમય હજી ઉત્પન્ન જ નથી, તેથી વર્તમાનમાં એ પણ એકત્રિત ન મળે. તો ક્યારેય પણ કાળના અનેક સમયો એકત્રિત એક સાથે ન મળવાથી એને અસ્તિકાય કેમ કહી શકાય ? આમ છતાં,

પ્ર૦- ભલે એક સમયરૂપ કાળ હો, પણ વિશ્વમાં પંચાસ્તિકાય ઉપરાંત એનો અલગ નંબર ન ગણવાનું કારણ શું ?

ઉ૦- કારણ આ, કે પંચાસ્તિકાયમાં એનો સમાવેશ છે, તેથી એ જુદું દ્રવ્ય નહિ. તે આ રીતે કે કાળનું કામ વસ્તુમાં નવાપણું-જુનાપણું વગેરે પર્યાય ઊભો કરવાનું છે. પરંતુ વસ્તુમાં જેમ તે તે કારણોથી બીજા પર્યાય ઊભા થાય છે, તેમ સૂર્ય-ચંદ્રાદિ ક્રિયાના સંબંધથી કાળપર્યાય યાને એક સામાયિક-દ્વિસામાયિક... વગેરે, ને નવા-જુનાપણાદિના પર્યાય ઉત્પન્ન થાય છે; અને પર્યાયો દ્રવ્યમાં ભેદાભેદ સંબંધથી આશ્રિત છે એટલે દ્રવ્યથી કથંચિત્ અભિન્ન યાને એકરૂપ હોઈ કાળનો નંબર જુદો ન ગણતાં વિશ્વાન્તર્ગત બતાવેલ દ્રવ્યપર્યાયમાં એનો સમાવેશ ગણી લીધો.

આવો પંચાસ્તિકાયમય લોક અનાદિનિધન અર્થાત્ આદિ અને નિધન (નાશ, અંત) વિનાનો છે–'અનાદિ' કહેવાથી એ વાતનો નિષેધ કર્યો કે 'લોક(વિશ્વ-જગત) ક્યારેક ઈશ્વરથી રચાય છે.'–ઈશ્વરરચનાનો નિષેધ એટલા માટે કે એમાં તો અનેક આપત્તિ ખડી થાય;–

**'જગત્કર્તા ઈશ્વર'ના સિદ્ધાંતમાં આપત્તિઓ :-**

(૧) ઈશ્વરની રચના પહેલાં કશું હતું નહિ, તો ઉપાદાન કારણ વિના જગતરૂપી કાર્ય બન્યું કેવી રીતે ? (૨) કહો 'ઉપાદાન પરમાણુ હતા', તો નિમિત્તભૂત કારણો વિના કાર્ય કેમ થયું ? (૩) ઈશ્વરે કયા પ્રયોજનથી રચના કરી ? (૪) સારું

નરસું રચવામાં ઈશ્વર રાગી દ્વેષી ઠરશે ! (૫) રચના માટે પહેલું તો ઈશ્વરનું શરીર જ કેવી રીતે બન્યું ? ને એ કેટલું મોટું હશે ? (૬) 'ઈશ્વરે જીવો પણ બનાવ્યા, એવું માનતાં, આદિ કાળે એને દુઃખી અને કુકર્મી બનાવનાર ઈશ્વર કેટલો બધો તામસી ને નિર્દય ?... ઈત્યાદિ અનેકાનેક આપત્તિઓ ઊભી થવાથી 'જગત ઈશ્વરે બનાવ્યું'નો સિદ્ધાંત યુક્તિરહિત ઠરે છે, અમાન્ય બને છે.

એટલે કાર્યકારણભાવના અટલ સિદ્ધાંત ઉપર, તથા **नासतो विद्यते भावो, नाभावो विद्यते सतः ।** અર્થાત્ જગતમાં 'કોઈ પણ ભાવ પહેલાં સર્વથા અસત્ હોય નહિ, તેમ સત્‌નો સર્વથા અભાવ યાને નાશ થાય નહિ', આ સિદ્ધાંતના હિસાબે પંચાસ્તિકાયમય લોક અનાદિ અનંત સિદ્ધ થાય છે.

**'લોક'ના નામાદિ ૮ નિક્ષેપ :-**

'લોક'નું પણ અનેક રીતે દર્શન થાય છે, તેથી એ અનેક સ્વરૂપે છે, દા.ત. શ્રી 'આવશ્યક નિર્યુક્તિ' શાસ્ત્રના ચતુર્વિંશતિસ્તવ' નામના અધ્યયનમાં કહ્યું છે,–

**नाम ठवणा दविए खित्ते काले भवे अ भावे अ ।**
**पज्जवलोगो अ तहा अट्ठविहो लोगनिक्खेवो ॥**

અર્થાત્ નામલોક, સ્થાપનાલોક, દ્રવ્યલોક ક્ષેત્રલોક, કાળલોક, ભવલોક, ભાવલોક અને પર્યાયલોક, એમ 'લોક'વસ્તુમાં ૮ નિક્ષેપા થાય, અર્થાત્ 'લોક'ને આઠ વિભાગમાં મૂકી શકાય; જેમકે (૧) નામલોક એટલે કોઈનું 'લોક'નામ પાડ્યું; તો 'એ કોણ છે ?' એના પ્રશ્નના ઉત્તરમાં કહેવાશે કે 'લોક'; પરંતુ નામ માત્રથી લોક. (૨) સ્થાપના-લોક કશામાં લોકને સ્થાપવામાં આવે તે. દા.ત. ૧૪ રાજલોકના નકશામાં બતાવાય કે આટલો લોક છે, બાકીનો અલોક. (૩) દ્રવ્યલોક યાને દ્રવ્યરૂપ લોક બધા જીવ-અજીવરૂપ દ્રવ્યોને કહેવાય. (૪) ક્ષેત્રલોક ક્ષેત્રરૂપી લોક સમસ્ત લોકાકાશને કહે છે, અને અનંત આકાશ એ પણ ક્ષેત્રલોક છે; કેમકે આકાશ ક્ષેત્રરૂપ છે, ભલે એ સમસ્તનો ઉપયોગ ન થયો હોય. અહીં 'લોક' એટલે લોકાય–અવલોકાય જ્ઞાનથી જણાય-દેખાય તે. (૫) કાળલોક એ સમયથી માંડીને પુદ્‌ગલ પરાવર્ત સુધીના કાળને કહેવાય. (૬) ભવલોક એટલે વર્તમાન ભવમાં રહેલા ચારે ગતિના જીવો જે ભોગવી રહ્યા છે તે. (૭) ભાવલોક એટલે ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક અને સાંનિપાતિક એ ૬ પ્રકારના ભાવને કહેવાય છે. ('ઔદયિક' ભાવ એટલે કર્મના ઉદયથી આત્મા પર થતો પરિણામ... ઈત્યાદિ. 'પારિણામિક' એટલે જીવનો અનાદિસિદ્ધ જીવત્વ ભવ્યત્વાદિ પરિણામ. 'સાંનિપાતિક' એટલે ઔદયિકાદિ પાંચ ભાવમાંથી જીવ-જીવમાં જેટલા ભાવોનો સદ્‌ભાવ મળે છે તે.) (૮) પર્યાયલોક એટલે જીવ-અજીવ દ્રવ્યોના ગુણ-



પર્યાય-ભાવોનું થવું હોવું તે. એ બધા પર્યાય અનંતાનંત છે, એ પણ લોક. 'લોક' એટલે અવલોકન થાય એવી વસ્તુ; માટે એ ઉક્ત આઠ પ્રકારે.

આવો લોક અનાદિથી ચાલી આવે છે અને અનંતકાળ રહેશે, એવું જિનેશ્વર ભગવાને ભાખ્યું છે.

પ્ર૦-પૂર્વ શ્લોકમાં 'જિનદેશિત' કહીને જિનેશ્વર ભગવંતે ઉપદેશ્યાનું તો કહ્યું જ છે. અને એનો અહીંય સંબંધ છે, તો પછી અહીં ફરીથી 'જિણક્ખાયં' પદથી કેમ એ જ વસ્તુ કહે છે ? પુનરુક્તિ દોષ નથી ?

ઉ૦-ના, 'જિણક્ખાયં' પદ ફરીથી મૂક્યું તે જિનેશ્વર ભગવાન પ્રત્યે અને એમનાં વચન પ્રત્યે આદર બતાવવા માટે છે. આદર આ, કે (૧) 'અહો ! એ પ્રભુ કેવા કરુણાવાન કે એમણે આ પણ કહ્યું ! એમ (૨) 'અહો ! પંચાસ્તિકાય લોક અને નામ આદિ આઠ પ્રકારનો લોક પણ એ જિનેશ્વર ભગવંતે જ ભાખેલો છે !' આવા આદરથી સમ્યગ્દર્શન નિર્મળ થાય છે. તેથી એવો આદર કરાવવાનો સુંદર લાભ આપનાર પદ ફરીથી પણ કહેવામાં આવે તો એમાં કાંઈ પુનરુક્તિ દોષ નથી. કહ્યું છે,–

**પુનરુક્તિદોષ ક્યાં ક્યાં નહિ ? :-**

**[1]अनुवादा[2]दर-वीप्सा-[4]भृशार्थ-[5]विनियोग-[6]हेत्व[7]सूयासु ।**
**[8]इष[9]त्संभ्रम-[10]विस्मय-[11]गणना-[12]स्मरणेष्वपुनरुक्तम् ॥**

અર્થાત્ અનુવાદ-આદર-વીપ્સા-અત્યન્તતાર્થે-સોદો-હેતુ-ઈર્ષ્યા-કંઈક (નહિવત્)-સંભ્રમ-વિસ્મય-ગણતરી અને સ્મરણમાં ફરી બોલાય એ પુનરુક્તિ દોષ નથી.

દા.ત. (૧) '૧૨ માસનો સંવત્સર થાય' આમાં 'સંવત્સર' પદ અનુવાદ અર્થે છે તેથી, એનો અર્થ પણ ૧૨ માસ જ હોવા છતાં, પુનરુક્તિ દોષ નથી. (૨) આદર અર્થે 'ભાઈ ! તમે આવ્યા એ સારું થયું; અને જુઓને ભાઈ ! તમારા વિના આ કાર્ય કોણ કરી શકે એવું છે ?' આમાં બીજી વાર 'ભાઈ'નું સંબોધન કર્યું એમાં પુનરુક્તિદોષ નથી. (૩) જાઓ, જાઓ, જોવા જેવું છે.' એમાં 'જાઓ' બે વાર કહ્યું એ વીપ્સા કરી ગણાય. એ જવાની અગત્ય બતાવતું હોય છે. એમાં પુનરુક્તિ દોષ નથી. (૪) 'માણસ વાતવાતમાં માન કરે છે. માન વિના એને ચાલે નહિ.' આમાં માન ઘણું ('ભૃશમ્') કરે છે એ દર્શાવવા પહેલાં વાક્ય ઉપરાંત એ જ અર્થમાં બીજું વાક્ય કહ્યું; તેથી પુનરુક્તિ દોષ નથી. એમ આ બીજા પણ પ્રસંગોમાં પુનરુક્તિ દોષ નથી ગણાતો, જેમકે, (૫) વેપાર સોદો કરવા એક જ વસ્તુ અનેકવાર બોલાય છે. (૬) કોઈ પ્રતિપાદનને બરાબર ઠસાવવા એનો હેતુ અનેકવાર દર્શાવાય છે. છોકરાને કહેવાય છે કે 'જો બહુ ખાઈશ નહિ,

એથી શરીર બગડે, મંદવાડ આવે, કામો અટકે...' (૭) ઈર્ષ્યામાં માણસ એકની એક વાત અનેકવાર બોલે છે. 'પેલા શ્રીમંતનો રોફ કેવો છે ? બીજામાં ભળે જ નહિ ને ? કોઈ સાથે વાત જ ન કરે. એને બોલાવો જો, એ બોલે છે ? ના, અક્ષરે ય ન બોલે.' (૮) 'ઈષત્' યાને સહેજ બતાવવું હોય, દા.ત. વીર પ્રભુને ૧૨ાા વર્ષમાં કુલ નિદ્રાકાળ બે ઘડી; એટલે કહો કે પ્રમાદ ઈષત્, કંઈ જ નહિ; સાડા બાર વરસ સતત અપ્રમાદ !' (૯) સંભ્રમ યાને અપૂર્વ હર્ષમાં પુનરુક્તિ; દા.ત. મા પાડોશણને કહે છે, 'મારો દીકરો પહેલા નંબરે પાસ થયો. એક પણ છોકરાને આગળ ન આવવા દીધો. સૌથી વધારે માર્ક લઈ આવ્યો.' (૧૦) વિસ્મયમાં, દા.ત. 'પ્રભુની આજની આંગી કેવી અદ્ભુત !, કેવી અપૂર્વ ! પહેલાં આવી આંગી જોઈ નથી;' એમ બોલાય છે. ત્યાં પુનરુક્તિ દોષ નથી. (૧૧) વસ્તુની ગણતરીમાં તો દા.ત. ૨૫-૨૫ની થપ્પી કરવી હોય તો ૧,૨,૩,૪... એમ આંકડા વારે વારે બોલાય જ છે. (૧૨) ગાથા યાદ કરવી હોય તો, યાદ કરેલી રટવી હોય તો એને જ વારે વારે બોલવામાં આવે છે. આ બધામાં પુનરુક્તિ દોષ નથી મનાતો. આ રીતે પ્રસ્તુતમાં 'જિનાખ્યાત' પદ આદર અર્થે હોઈ એમાં પુનરુક્તિ દોષ નથી.

**ક્ષેત્રલોક પર ચિંતન :-**

હવે ક્ષેત્રલોક બતાવે છે,-અધોલોક, મધ્યલોક અને ઉર્ધ્વલોક, એમ ત્રણ પ્રકારે ક્ષેત્રલોક છે આ ક્ષેત્રલોકમાં શું શું વિચારવાનું તે કહે છે, (ગાથા-૫૪),–

ક્ષેત્રલોકનાં ચિંતનમાં રત્નપ્રભાદિ પૃથ્વીઓ, ઘનોદધિ આદિ વલયો, દ્વીપો, સાગરો, નરકાવાસ, વિમાનો, ભવનો, વ્યંતરનગરો વગેરેની આકૃતિ વિચારે. એમાં,

**પૃથ્વીઓમાં** અહીંથી નીચે નીચે ધર્મા-વંશા-શેલા-અંજના-રિષ્ટા-મઘા-માઘવંતી એ સાત નરકવંશની રત્નપ્રભા-શર્કરાપ્રભા-વાલુકાપ્રભા-પંકપ્રભા-ધૂમપ્રભા-તમઃપ્રભા-તમસ્તમઃ-પ્રભા નામની, ભાખરી જેવી ગોળ, સાત પાતાળ પૃથ્વીઓ છે. પહેલી પૃથ્વી જાડાઈમાં ૧,૮૦,૦૦૦ યોજન જાડી, એની નીચે નીચેની તેથી ઓછા ઓછા યોજન જાડી અને દરેક લોકાકાશના લગભગ છેડા સુધી વિસ્તૃત, તથા નીચે અને બાજુમાં ઘનોદધિ આદિ વલયોથી વિંટળાયેલી હોય છે. આ સાત પૃથ્વી ઉપરાંત એક પૃથ્વી ૧૪ રાજલોકના યાને લોકાકાશના મથાળા ઉપરના ૫ અનુત્તર વિમાનથી ૧૨ યોજન ઊંચે છે. એ ઈષત્ પ્રાગભારા યાને સિદ્ધશિલા નામની અને સ્ફટિક રત્નની છે. તે પણ ભાખરી જેવી ગોળ કિન્તુ વચમાં ૮ જોજન જાડી અને ત્યાંથી પાતળી થતી થતી છેક છેડા પર અણીદાર હોય છે. એનો વિસ્તાર (લંબાઈ-પહોળાઈ યાને વ્યાસ) ૪૫ લાખ જોજનનો છે; અને એટલા જ માપના અઢી



દ્વીપના કોઈપણ સ્થળમાંથી જીવ મોક્ષ પામી ત્યાંથી સીધી ગતિએ ઊંચે જઈ સિદ્ધશિલાની ઉપર લોકના અંતે સ્થિર થાય છે.

**વલયો** દરેક પાતાળ પૃથ્વીને નીચે ને બાજુમાં વિંટળાઈને રહેલ ઘનોદધિ ઘનવાત અને તનવાત નામે છે. એમાં પહેલું વલય થીજી ગયેલ બરફરૂપ, એની નીચે બીજું થીજી ગયેલ વાયુરૂપ, અને એની નીચે સૂક્ષ્મ વાયુરૂપ હોય છે. એ વલય થાળી જેવા; જાણે એક થાળીમાં બીજી થાળી, ને એ બીજીમાં ત્રીજી થાળી; એ ત્રીજી તે ઘનોદધિ; પછી એમાં ભાખરી જેવી પૃથ્વી, તે આખી થાળીમાં ભરેલી. આવા ૩-૩ વલય દરેક પાતાળ પૃથ્વીને; એટલે કુલ ૨૧ વલય છે.

**દ્વીપોમાં** વચમાં જંબૂદ્વીપ ભાખરી જેવો ગોળ, અને પ્રમાણઅંગુલના માપે ૧ લાખ જોજનનો લાંબો-પહોળો યાને વ્યાસવાળો. આ દ્વીપને ફરતો લવણ સમુદ્ર ચૂડી-આકારે, ને ૨ લાખ જોજન પહોળાઈમાં. એને ફરતો દ્વીપ ધાતકીખંડ એ પણ ચૂડી આકારે, ને ૪ લાખ જોજન પહોળો. પછી ફરતો સમુદ્ર-દ્વીપ-સમુદ્ર-દ્વીપ... એમ છેલ્લો દ્વીપ સ્વયંભૂરમણ દ્વીપ. દરેકનું માપ પૂર્વ પૂર્વ કરતાં દ્વિગુણ-પહોળું. તે છેલ્લો દ્વીપ અસંખ્ય લાખ જોજનનો; કેમકે કુલ દ્વીપ અસંખ્યાતા છે. આમાં મધ્યના જંબૂદ્વીપ + ધાતકીખંડ + ૦ાા પુષ્કરવરદ્વીપ = ૨ાા દ્વીપ, એટલો મનુષ્ય લોક છે. ૧૬ લાખ જોજનનો પહોળો પુષ્કરવર દ્વીપ ચૂડી જેવો છે. એની વચ્ચે ૮-૮ લાખ જોજનના બે ભાગ કરતી માનુષોત્તર પર્વતની લાઈન આખા દ્વીપમાં ફરતી છે. એની અંદર તરફના ભાગમાં ૨ાા દ્વીપ છે, ને એમાં જ મનુષ્યો રહે છે. જંબૂદ્વીપમાં ભરત, મહાવિદેહ, ઐરવત વગેરે ૭ ક્ષેત્ર છે, અને એ દરેકની વચમાં આડો લાંબો પર્વત, તે ૬ છે. જંબૂદ્વીપની વચમાં ૧ લાખ જોજનનો ઊંચો મેરુ પર્વત છે. જંબૂદ્વીપની બે બાજુના પૂર્વ-પશ્ચિમ ધાતકી ખંડ તથા પુષ્કરાર્ધમાં દરેકમાં આ પ્રમાણે હોવાથી, કુલ ૫ મેરુ, ૫ ભરત, ૫ ઐરવત, અને ૫ મહાવિદેહ વગેરે છે.

**સમુદ્રો** ૨ લાખ જોજનના લવણસમુદ્રથી માંડી અસંખ્ય જોજનના છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અસંખ્ય છે. એમાં એક બાજુ ગામ ને બીજી બાજુ રામ જેવી સ્થિતિ છે. લવણ ૨ લાખનો, તો વચમાં જંબૂ ૧ લાખનો; ધાતકીખંડ ૪ લાખનો તો વચ્ચે લવણ-જંબૂ મળી ૩ લાખ; ને લવણની બે બાજુ લઈએ તો ૫ લાખ, ત્યાં જંબૂ ૧ + લવણની બંને બાજુના ૪, એમ કુલ ૫ લાખ થાય; એટલે ધાતકી ૩ લાખ પહોળો વધુ. બસ, એ પ્રમાણે છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર બંને બાજુ જેટલો થાય, એના કરતાં વચ્ચેના કુલ દ્વીપ-સમુદ્ર બંને બાજુ થઈ માત્ર ૩ લાખ જોજન ઓછા થાય.

**નરકો** યાને નારકીના જીવોને તે તે પૃથ્વીમાં ઉત્પન્ન થઈ રહેવાના નરકાવાસો. એ માળ જેવા પ્રતરોમાં અંધારી ગુફા જેવા છે. પહેલી નરકમાં ૧૩ પ્રતરમાં પહેલો સીમન્તક નરકાવાસ, એવા ૩૦ લાખ છે. સાતેયમાં ક્રમશઃ ૩૦-૨૫-૧૫-૧૦-૩ લાખ, પંચન્યૂન ૧ લાખ નરકાવાસો અને ૫ નરકાવાસો, એમ કુલ ૮૪ લાખ નરકાવાસ છે.

**વિમાનો** જ્યોતિષીદેવ સૂર્ય ચંદ્રના અસંખ્ય વિમાન છે, અને ઉપર વૈમાનિક દેવોના ૮ દેવલોકમાં ક્રમશઃ ૩૨-૨૮-૧૨-૮-૪ લાખ તથા ૫૦-૪૦-૬ હજાર વિમાનો છે, ૯-૧૦મામાં ૪૦૦, ને ૧૧-૧૨મામાં ૩૦૦ વિમાન છે. તથા ઉપર નવગ્રૈવેયકમાં ૩૧૮ તથા પાંચ અનુત્તર વિમાનમાં ૫ વિમાન છે. કુલ ૮૪૯૭૦૨૩ વિમાન વૈમાનિકના છે. વચલું અનુત્તર વિમાન **'સવાર્થસિદ્ધ'** વિમાન ૧ લાખ જોજનનું, બાકીના દરેક વિમાન અસંખ્ય જોજનના વિસ્તારવાળું હોય છે.

**ભવનો** ભવનપતિ દેવતાઓને રહેવાના દેવતાઈ મકાન, તે ૭ ક્રોડ ૭૨ લાખ છે એમાં નીચે નીચે અસુરકુમાર આદિ ૧૦ પ્રકારના દેવ રહેતા હોવાથી અસુરનિકાય નાગનિકાય વગેરે કુલ દશ નિકાય છે. દરેક ભવન અસંખ્ય જોજનનું હોય છે. 'ભવણાઈ'માં આદિ પદથી નગરાદિ લેવાના.

**નગરો** તે વ્યંતર દેવોને રહેવાના નગરો અસંખ્ય છે. તે પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં ઉપરના ૧૦૦૦ યોજનના ઉપર-નીચેના ૧૦૦-૧૦૦ યોજન સિવાય વચલા ૮૦૦ યોજનમાં પોલાણમાં આવેલા છે.

આ બધા પૃથ્વી-વલય-દ્વીપ-સમુદ્ર-નરક-વિમાન-ભવન-નગરના સંસ્થાન આકાર ચિંતવવાના કે એ કેવા કેવા આકારે છે. આનાં એકાગ્ર ચિંતનમાં ધર્મધ્યાન લાગી જાય, એ સંસ્થાન-વિચય ધર્મધ્યાન બને. ખાલી આવા પદાર્થના ચિંતનમાંય આ તાકાત છે.

**લોકસ્થિતિને** ચિંતવે. એ એવી રીતે કે લોકસ્થિતિ અર્થાત્ લોકની વ્યવસ્થા મર્યાદા, એનો વિધિ એટલે પ્રકાર, એટલે કે લોકમાં જ્યાં જે જે પૃથ્વી, પર્વત, સમુદ્ર, વિમાન વગેરે વ્યવસ્થિત જે જે પ્રકારે ગોઠવાયેલ છે, ત્યાં તે તે આકાશ વાયુ વગેરેમાં પ્રતિષ્ઠિત છે. દા.ત. ઉપર સિદ્ધિશિલા લોકના મથાળે વ્યવસ્થિત છે, તે કોના આધાર પર છે ? આકાશના આધાર પર, કેમકે એની નીચે માત્ર આકાશ છે. જેમ પર્વત નીચે ભૂમિ હોય, એમ એની નીચે ભૂમિ નથી. એવી રીતે અનુત્તર ગ્રૈવેયકાદિ વિમાનો પણ આકાશમાં જ અદ્ધર રહેલા છે. એમ તનવાત આકાશમાં અવસ્થિત છે.

**વિમાનો વગેરે અદ્ધર કેમ રહી શકે ? :-**



પ્ર૦-તો શું એ આકાશમાં નીચે ન પડી જાય ? અદ્ધર કેમ રહી શકે ?

ઉ૦- આકાશમાં અદ્ધર રહેલ છે, એ હકીકત છે. સૂર્ય ચંદ્ર આકાશમાં એ રીતે રહેલા દેખાય જ છે ને ? કેમ રહી શકે ? એનો ખુલાસો એટલો જ કે તથાસ્વભાવે. એવી એવી શાશ્વત કાળની પરિસ્થિતિ છે, વસ્તુસ્વભાવ છે, લોકસ્થિતિ છે, કે એ એમજ રહે. જો આકાશના બદલે બીજો આધાર હોવાનો આગ્રહ રાખીએ, તો પાછો સવાલ એ આવીને ઊભો રહે કે એ આધાર કોનો આશ્રય કરીને રહેલ છે ?.... એમ પ્રશ્ન કરતાં કરતાં છેવટે છેલ્લો આધાર આકાશમાં જ રહ્યાનું માનવું પડે; ને એ એમ રહેવામાં કારણ તરીકે તથાસ્વભાવને જ આગળ કરવો પડે. પછી તો સ્વભાવ પર 'એ સ્વભાવ આવો કેમ ?' એવો પ્રશ્ન ન થઈ શકે. કેમકે સ્વભાવ અચિંત્ય અહેતુક પદાર્થ છે, અગ્નિની જ્વાળાનો સ્વભાવ ઊંચે જવાનો કેમ ? ને વાયુનો સ્વભાવ તિર્છો જવાનો કેમ ? જવાબ એ જ કે એ 'સ્વભાવ' વસ્તુ છે માટે. અસ્તુ.

રત્નપ્રભાદિ પૃથ્વી ઘનોદધિના આધારે છે. એ વળી તનોદધિની ઉપર છે. ત્યારે એ વળી તનવાત પર અવસ્થિત છે. પર્વતો અને સમુદ્રો પૃથ્વીની ઉપર આધારિત છે. એમ ભારે વાયુ પર હલકી રજ વગેરે અદ્ધર રહે છે. એ ખસી જતાં રજ નીચે પડે છે.

આ આકાશાદિના આધારે રહેવાનું શાશ્વતા કાળનું છે. તેમજ તનવાત પર જ ઘનવાત, ઘનવાતની ઉપર જ ઘનોદધિ, એની જ ઉપર પૃથ્વી... આ વ્યવસ્થિત પ્રકાર પણ શાશ્વતો છે; એમાં ફેરફાર નથી થતો. 'સંસ્થાનવિચય'માં આ બધું ચિંતન થઈ શકે. હવે 'જીવ' પદાર્થ પર ચિંતન બતાવે છે. (ગાથા-૫૫)

**૪ જીવપદાર્થ પર ચિંતન**

જીવવસ્તુ પર ચિંતનના અહીં [૧]લક્ષણ, [૨]કાળસ્થિતિ [૩]શરીરભિન્નતા, [૪]અરૂપિતા, [૫]કર્તૃત્વ, [૬]ભોક્તૃત્વ, એમ ૬ મુદ્દા કહ્યા છે. એના પર આ રીતે ચિંતન કરાય, **(૧) લક્ષણ :-** જીવનું લક્ષણ ઉપયોગ છે. એ જ્ઞાન, દર્શન, બે પ્રકારે છે; જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ.

પ્ર૦- જ્ઞાન-દર્શનને 'ઉપયોગ' કેમ કહે છે ? જો કહો કે "ઉપ = સામીપ્યેન યોગ = જોડાણ, અર્થાત્ જે ગાઢ જોડાય તે ઉપયોગ. જ્ઞાન-દર્શન જીવ સાથે ગાઢ જોડાવાથી એને ઉપયોગ કહે છે," તો એમ તો પુદ્ગલમાં રૂપ રસાદિ ગુણ ગાઢ જોડાય છે તો તેથી શું એ રૂપ રસાદિને ઉપયોગ કહેશો ?

ઉ૦- 'ઉપયોગ'નો અહીં એ અર્થ નથી, પણ 'ઉપયોગ' એટલે જેના દ્વારા બીજામાં નિકટતાથી તન્મયતાથી જોડાવાનું થાય તે. ત્યારે આત્માને જ્ઞાન-દર્શનથી

એના વિષયમાં એવું જોડાવાનું થાય છે, અર્થાત્ વિષયને તન્મયતાથી એ જુએ છે જાણે છે. સારાંશ, જ્ઞાન-દર્શન એ 'ઉપયોગ' એટલા માટે છે કે જીવ એથી બીજા વિષયમાં ઉપયુક્ત યાને જાગતો-સાવધાન-જાણકાર બને છે. કોઈ જડને બીજાનો વિચાર જ નથી, બીજાની જાગૃતિ યાને જાણકારી નથી, ગમ જ નથી. તેથી એનામાં ઉપયોગ નથી. ત્યારે નાની કીડી જેવા જીવને ચાલતાં ખબર પડે છે કે આ પાણી આવ્યું, તો એ નિવૃત્ત થાય છે, એમાં એ આગળ નહિ વધે. સિદ્ધના જીવોને આખા જગતની ખબર પડે છે; માત્ર એમને રાગાદિ નહિ હોવાથી એ એમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ નથી કરતા. કોઈ જડને બીજાની ખબર નહિ પડે. દર્પણને ય ગમ નથી પડતી; એમાં પ્રતિબિંબ એ તો માત્ર છાયાણુનું સંક્રમણ છે. માટે જડના ગુણને ઉપયોગ નહિ કહેવાય.

**આ ઉપયોગ બે પ્રકારે-૧. સાકાર ૨. નિરાકાર.** સાકાર એટલે જ્ઞાનોપયોગ, નિરાકાર એટલે દર્શનોપયોગ. અહીં 'સાકાર' = જ્ઞાન એ વિશેષોપયોગ છે અને 'નિરાકાર' = દર્શન, એ સામાન્યોપયોગ છે. વસ્તુનાં એ સ્વરૂપ (૧) સામાન્ય, અને (૨) વિશેષ. એવી જ બીજી વસ્તુઓ સાથેનો સમાનભાવ એ સામાન્ય. દા.ત. બીજા પાર્થિવ પદાર્થોની સમાન ઘડો પણ પાર્થિવ છે, તો ઘડામાં પાર્થિવતા એ સામાન્ય કહેવાય, ત્યારે બીજાઓથી જુદાઈ એ વિશેષ. દા.ત. એજ ઘડામાં ઘડાપણું એ બીજા પાર્થિવ કુંડા આદિ પદાર્થોથી જુદાઈ છે, માટે એ ઘડાપણું ઘડાનું વિશેષ સ્વરૂપ કહેવાય, વળી બીજા ઘડાની સમાન આમાં પણ ઘડાપણું એ તો સામાન્ય. પણ અન્ય ઘડાની અપેક્ષાએ આમાં અમુકથી જ બનવાપણું, અમુકની જ માલિકી, અમુક સ્થાને જ રહેવાપણું, વગેરે ધર્મો જુદા; તેથી આ ધર્મો એ આ ઘડાનું વિશેષ સ્વરૂપ કહેવાય. બસ, વસ્તુને વિશેષરૂપે જુએ તે વિશેષોપયોગ, સાકાર ઉપયોગ, યાને જ્ઞાન કહેવાય, અને સામાન્ય રૂપે જુએ તેને સામાન્યોપયોગ, નિરાકાર ઉપયોગ, યાને દર્શન કહેવાય.

**સાકાર ઉપયોગ** ૮ પ્રકારે હોય,-મતિજ્ઞાનાદિ ૫ તથા મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન, વિભંગજ્ઞાન એ ૩, મળી ૮. (આમાં 'અજ્ઞાન' એટલે જ્ઞાનનો અભાવ નહિ, કિન્તુ મિથ્યાજ્ઞાન, મિથ્યાદષ્ટિનું જ્ઞાન) **નિરાકાર ઉપયોગ** ૪ પ્રકારે છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, અને કેવળદર્શન. શ્રી તત્ત્વાર્થશાસ્ત્ર (અ૦ ૨, સૂ-૯) માં કહ્યું છે-'સ દ્વિવિધોઽષ્ટચતુર્ભેદઃ' અર્થાત્ ઉપયોગ બે પ્રકારે સાકાર અને અનાકાર, તે ક્રમશઃ ૮ અને ૪ ભેદે હોય છે. આ ઉપયોગ એ જીવનું લક્ષણ. એનું ચિંતન કરે. વળી કાળસ્થિતિ વિચારે;

(૨) **કાળસ્થિતિ** જીવની અનાદિ અનંત છે, શાશ્વત નિત્ય છે. ક્યારે ય



જીવ તદ્દન નવો જ ઉત્પન્ન થયો નથી; તેમ અત્યંત નાશ પામતો નથી, સદાનો છે. અલબત્ત, એમાં પર્યાયનાં પરિવર્તન થાય; એક જન્મ પછી મૃત્યુ, વળી જન્મ, પછી મૃત્યુ, હમણાં મનુષ્ય, પછી દેવ, હમણાં સંસારી પછી મુક્ત. એમ ભિન્ન ભિન્ન પલટાતા પર્યાયની અપેક્ષાએ જીવ અનિત્ય છે. કિન્તુ એ બધા પ્રવાહમાં જીવપણે તો એ કાયમ જ રહે. તેથી પ્રવાહથી નિત્ય છે આ પરથી માત્ર વર્તમાન જીવન જ જોતાં બેસી રહેવું, એનાં જ સુખ-સન્માનનો વિચાર કરવો એ અજ્ઞાન દશા છે. જીવ માટે તો અનંતો ભૂતકાળ વીતી ગયો, એણે કોઈ સુખ-સન્માન અને દુઃખના ડુંગર જોઈ નાખ્યા. અહીં શું નવું છે તે એમાં મોહી પડાય ? વળી જીવ માટે ભાવી અનંત કાળ ઊભો છે; એને ટૂંકા વર્તમાનના જ મોહ ખાતર કેમ બગાડાય ? આમ જીવની શાશ્વતતા ચિંતવે. વળી જીવ કાયાથી ભિન્ન હોવાનું વિચારે;

(૩) **કાયાથી ભિન્નતા :-** જીવ એક સ્વતંત્ર દ્રવ્ય છે. જેમ ઔદારિક કાયા યાને આપણે જે શરીર ધારણ કરીએ છીએ તે ભોગ્ય એવી ઘર-પૈસા-ચીજ-વસ્તુ વગેરેથી તદ્દત જુદી વસ્તુ છે, એમ અંદર રહેલ આત્મા પણ એ ભોગ્ય શરીરથી તદ્દન જુદી વસ્તુ છે. શરીર ભોગ્ય હોઈને જ ઘરની જેમ એને મેલાનું ઊજળું, દુબળાનું સબળું વગેરે કરી ભોગવાય છે. આનંદનું સાધન બનાવાય છે, તો એનો ભોક્તા જીવ જુદો પુરવાર થાય છે. નહિતર શરીર પોતે પોતાને શું ભોગવે ? એમ કાર્મણકાય અર્થાત્ કર્મનો જથો એનાથી પણ જીવ તદ્દન જુદો છે, કેમકે જીવે છે, જીવશે, જીવતો હતો, એ જીવ કહેવાય. 'જીવ' શબ્દની આ વ્યુત્પત્તિ શરીરમાં લાગુ ન થઈ શકે, કેમકે એ તો અંતે નિશ્ચેષ્ટ બને છે ત્યાં, અને પછી એના ફુરચા ઊડી જાય છે ત્યાં, જીવવાની ક્રિયા ક્યાં રહેવાની ? આમ શરીરથી તદ્દન અલગ સ્વતંત્ર જીવ હોવાનું ચિંતવે. વળી અરૂપિતા ચિંતવે;

(૪) **અરૂપિતા :** જીવ અરૂપી છે, અમૂર્ત છે, રૂપ-રસાદિ ગુણ વિનાનો છે. માટે સિદ્ધશિલાની ઉપર જ્યાં મુક્ત સિદ્ધ બનેલો એક જીવ છે ત્યાં બીજા અનંતા મુક્ત જીવો રહેલા છે. અમૂર્ત હોવાથી જેમ મગજમાં એક ગ્રંથનું જ્ઞાન હોવા છતાં ત્યાં જ બીજા સેંકડો ગ્રંથનું જ્ઞાન સમાય છે, એવી રીતે મોક્ષસ્થાન નાનું છતાં ત્યાં ને ત્યાં જ અનંતા મુક્ત જીવો સમાય છે; કોઈ જ જીવ કોઈને બાધ નથી કરતો આ સિદ્ધો અરૂપી હોઈને જ એમના પર હવે કર્મ, શરીર, આદિ કશાનો લેપ નથી લાગતો. અરૂપી જીવ પર સંસારમાં તો એટલા માટે લેપ લાગે છે કે જીવની ઉપર અનાદિ કાળથી કર્મના લેપનો પ્રવાહ જ ચાલ્યો આવે છે, તેથી લેપ પર લેપ લાગવામાં વિરોધ નથી. ત્યાં આત્મા રૂપારૂપી છે. પછી સર્વથા અરૂપી થયે ક્યારેય

લેપ લાગવાનો નહિ.

આત્માની મૂળભૂત આ અરૂપિતાનું જો પોતાને મમત્વ લાગી જાય તો તો પછી (૧) એનું એને મહત્ત્વ લાગવાથી જડ રૂપી પદાર્થો 'કૂછ નહિ' લાગે, ક્યાં મારી શુદ્ધ નિર્મળ અક્ષય અજર અમર અરૂપિતા ? ને ક્યાં જડનાં પલટાતા નાશવંત બેહૂદાં રૂપ-રસાદિ ? શા સારુ એમાં હું ભળું ? શા માટે એને મહત્ત્વ આપી આ સુંદર આ ખરાબ એવા ભાવ કરું ?' એમ જડ પ્રત્યે ઉદાસીનતા આવે એવી અરૂપિતાની મમતા છે. વળી (૨) રૂપી જડના લેપને લીધે જ શુદ્ધ અરૂપિતા આવરાઈ ગઈ છે. સાથે અનંત સુખ પણ દબાઈ ગયું છે. એટલે રૂપી જડ તો આત્માનું દુશ્મન છે. તો દુશ્મનના માલ વિવિધ રૂપાદિ, એમાં સારુ નરસુ શું લાગે ? દુશ્મનના માલ પ્રત્યે તો નફરત ઉદાસીનતા જ હોય, આમ રૂપીની સામે સ્વકીય ભવ્ય અરૂપિતા ચિંતવે. વળી સ્વકર્મનું કર્તૃત્વ ચિંતવે;

**(૫) સ્વકર્મકર્તૃત્વ :** આવો શરીરથી ભિન્ન આત્મા સંસારમાં છે, ત્યાં સુધી જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા છે. કર્મબંધના કારણો સેવે એટલે સહજ છે કે કર્મ બાંધે- એ કારણો જેવાં કે, હિંસાદિ પાપને ત્યાજ્ય ન માનવું વગેરે મિથ્યા દૃષ્ટિ, પાપની છૂટ હોવી એ અવિરતિ, રાગદ્વેષાદિ કષાયો, તથા હિંસાદિ પાપોનું આચરણ-એ સ્પષ્ટ દેખાય છે. કારણ હોય એટલે કાર્ય થાય જ એ ય સહજ છે. એટલે એ કાર્ય 'કર્મ' આત્મા પોતે જ આ કારણો સેવવા દ્વારા કરે છે. ઉક્ત કારણો તદ્દન મૂકી દે ત્યારે કર્મકર્તૃત્વ બંધ થઈ જાય છે, ને ક્ષણમાં મોક્ષ પામે છે. સાંખ્યદર્શન આત્માને હંમેશનો તદ્દન શુદ્ધ એટલે કૂટસ્થ નિત્ય માને છે, તેથી કર્મનો કર્તા નથી માનતા. પણ એ ખોટું છે, કેમકે આત્મા જો કર્મનો કર્તા નહિ, તો એના પર કર્મનો સંબંધ પણ નહિ, તેથી એનો સંસાર નહિ; કેમકે કર્મસંયોગે જ સંસાર, કર્મવિયોગે મોક્ષ. જો જીવનો સંસાર જ નહિ તો પછી મોક્ષ કોનો કરવાનો ? મોક્ષ કરણીય છે, એનાં શાસ્ત્ર છે, ને એ માટે આરાધ્ય માર્ગ પણ છે, તો પછી જરૂર કર્મસંબંધ પણ છે. એ કરનાર આત્મા પોતે જ છે. બીજું કોઈ આવીને કર્મ નથી ચોંટાડી દેતું, આત્મા પોતે જ કર્મનાં કારણો સેવવા દ્વારા પોતાના ઉપર કર્મ સરજે છે. આમ કર્મકર્તૃત્વ ચિંતવે. વળી કર્મભોક્તૃત્વ વિચારે;-

**(૬) જીવ સ્વકર્મનો ભોક્તા છે.** પોતે કર્યાં કર્મ પોતાને ભોગવવાં જ પડે છે. વર્તમાનમાં પોતાને કેટલું ય અજ્ઞાન છે એ શું છે ? પોતાનાં જ્ઞાનાવરણીય કર્મનો ભોગવટો-આંખ કાચી છે, નિદ્રા આવે છે, એ શું ? દર્શનાવરણ કર્મનો ભોગવટો. રાગદ્વેષ કામ-ક્રોધ-લોભ વગેરે થાય છે, એ શું ? પોતાનાં જ મોહનીય કર્મનું વેદન. પોતે કર્યાં કર્મ પોતાને જ ભોગવવાનાં રહે. અવળો ધંધો કોઈ કરે,



ને ખોટ બીજો ખાય એ ન બને. જેને ગૂમડું, એણે જ એની પીડા ભોગવવી પડે છે. અહીં સીતાની કોઈ ભૂલ નહિ, છતાં કેમ એને અપજશ વેઠવો પડ્યો ! કહે. પોતાના આત્માનાં સ્વોપાર્જિત પૂર્વ કર્મના લીધે જ. કરેલાં કર્મનો પ્રતિક્રમણ, તપ કે ભોગવટાથી જ છૂટકારો થાય, કર્મ બાંધ્યા એ ગૂમડું. એ પાકે એટલે એનું ફળ અનુભવાય એ જ ભોગવટો. આમ ભોગવટો પોતાનાં જ કર્મનો હોય. જગતમાં સારું નરસું મળવાનું પોતાનાં કર્મના લીધે જ થાય છે. સારાંશ, કર્મ છે ત્યાં સુધી એનું ભોક્તૃત્વ છે. આ ચિંતવે તો આર્તધ્યાન, બીજા પર દ્વેષ, વસ્તુનો મોહ વગેરે અટકે.

જીવતત્ત્વ અંગે આ લક્ષણ વગેરે મુદ્દાઓથી ચિંતન કરતાં મન તન્મય થયે 'સંસ્થાન વિચય' ધર્મધ્યાન લાગે (ગાથા-૫૫) હવે 'સંસાર' પર ચિંતન બતાવે છે. (ગાથા-૫૬-૫૭)

### ૫. સંસાર-ચિંતન

એવા શરીરથી તદ્દન સ્વતંત્ર આત્મદ્રવ્યનો પોતે ઉપાર્જેલા કર્મના યોગે સંસાર નીપજે છે. કર્મનો પ્રવાહ અનાદિથી ચાલુ, કર્મ બાંધવાનું અનાદિ કાળથી ચાલુ, તો સંસાર પણ અનાદિ કાળથી ચાલ્યો આવે છે 'સંસ્કાર' એટલે સંસરણ, પર્યટન, ભટકવાનું. શામાં ? જન્મ-મરણ, ગતિઓ, કર્મભોગ, પુદ્ગલસબંધ, રાગાદિ અશુભ ભાવો, સુખદુઃખ વગેરેમાં. સ્વકર્મજનિત આ સંસાર છે. એનું ચિંતન આ રીતે થાય,—

સંસાર એક સમુદ્ર જેવો છે. સમુદ્રમાં પાણી બહુ. એમ સંસારમાં જન્મ, જરા, મરણ અતિ બહુ; એટલે એમાં જન્માદિરૂપી પાણી છે, એમ કહેવાય. વળી સમુદ્રનું પાતાળ એવું કે એમાંથી અગાધ પાણી આવ્યા જ કરે, ક્યારે ય પાણી બંધ નહિ; એમ સંસારમાં ક્રોધાદિ કષાયરૂપી પાતાળ પણ એવા છે એમાંથી અગાધ જન્માદિ જ વહ્યા કરે છે. વળી સંસારસમુદ્રમાં સેંકડો વ્યસનો યાને આપત્તિઓ રૂપી શ્વાપદો છે, જળચર જંતુઓ છે. આપત્તિઓ પીડાકારી હોવાથી શ્વાપદની ઉપમા આપી.

અહીં ગાથામાં 'સાવયમણં' પદમાં 'મણ' શબ્દ છે. એ દેશ્ય શબ્દ છે. એનો અર્થ 'વાળો' થાય. સાવયમણં એટલે શ્વાપદવાળો કહ્યું છે,—'મણુઅત્થંમિ મુણિજ્જહ આલં ઈલ્લં મણં ચ મણયં ચ' 'મત્વર્થ'માં યાને જ્યાં સંસ્કૃતમાં 'મતુ'- મત્વત્ પ્રત્યય લાગે, ત્યાં પ્રાકૃતમાં 'આલ' 'ઈલ્લ' 'મણ' 'મણુય' પ્રત્યય આવે છે. જેમકે 'દીનદયાવાન' માટે 'દીણદયાલ', 'ગર્વવાન-ગર્વિષ્ઠ' માટે ગવ્વિલ્લ' 'શ્વાપદવાન્' માટે 'સાવયમણ' વપરાય.

વળી સંસારસમુદ્રમાં મોહનીય કર્મરૂપી આવર્ત છે, ભમરી છે; કેમકે વહાણ જો ભમરીમાં ફસાયું તો એ ત્યાં ને ત્યાં ગોળ ગોળ ભ્રમિ યાને ચક્કર લે છે, એમ

મોહનીય કર્મ પણ જીવને ભ્રમિમાં યાને ભ્રમમાં ચડાવે છે, મિથ્યાતત્ત્વમાં ઘુમાવ્યા કરે છે. જીવ હિંસાદિ પાપથી સુખ લેવા જાય છે, પણ દુઃખ મળે છે, એટલે માને છે કે એ તો અમુક કારણો બગડ્યા માટે દુઃખ આવ્યું, તેથી હવે બરાબર ધ્યાન રાખીને હિંસાદિ આરંભ કરવા દે. આમ હિંસાદિ પાપોના ચક્રાવે ચડે છે. વળી સંસારસમુદ્ર મહાભયંકર છે. વિરાટ સમુદ્રના અંગો ભય કરે, એમ વિરાટ સંસારના અંગો અતિ ભયકારક બને છે. વળી સમુદ્રમાં વાયુથી પ્રેરિત મોટાં મોજાંઓની હારમાળા ચાલે, એમ સંસારમાં જ્ઞાનાવરણકર્મના ઉદયથી પ્રેરિત અજ્ઞાનના લીધે ઊઠેલા સંયોગ-વિયોગની હારમાળા ચાલે છે.

પ્ર૦- કોઈ વસ્તુ સાથે સંયોગ અને પછી તેની સાથે વિયોગ તો બીજાં બીજાં કર્મને આધીન છે, તો અહીં અજ્ઞાનથી યાને જ્ઞાનાવરણ-કર્મોદયથી પ્રેરિત કેમ કહ્યું ?

ઉ૦- સંયોગ-વિયોગ હોવા માત્રથી દુઃખદ નથી, કિન્તુ એમાં ઈષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિ થવાથી એ દુઃખદ બને છે; અને આ બુદ્ધિ અજ્ઞાનના કારણે ઊઠે છે. નીરસ ખાનપાનનો સંયોગ થયો ત્યાં ખબર નથી કે 'આમાં તો રાગ નહિ થવાથી જાલિમ કર્મબંધ અટકશે એ બહુ લાભમાં છે,' એથી અજ્ઞાનના લીધે લાગે છે કે 'આ અનિષ્ટ સંયોગ થયો.' આવા તો કેટલાય ય અનિષ્ટ સંયોગો, અને ઈષ્ટ વિયોગો, એમ ઈષ્ટ સંયોગો ને અનિષ્ટ વિયોગોરૂપી તરંગો અજ્ઞાનરૂપી પવનથી ચાલ્યા જ કરે છે.

વળી આ સંસારસાગર કેવો ? 'અણોરપાર' અર્થાત્ જેની આદિ નથી, અંત નથી, એવો અનાદિ અનંત છે. આદિ એટલા માટે નહિ, કે આદિ માનવા જતાં એની પહેલા, માનવું પડે કે, સંસાર નહિ, અર્થાત્ આત્મા તદ્દન શુદ્ધ. તો પછી સવાલ થાય કે એવા આત્મા પર એકાએક સંસાર થવાનું કારણ શું ? કારણ વિના કાર્ય બને નહિ એ સનાતન સિદ્ધાન્ત છે.

પ્ર૦- કોઈક કાર્ય એમ જ થયું એવું ન બને ?

ઉ૦- જો આદિ કાર્ય એમજ થયાનું માનો તો પ્રશ્ન થાય કે (૧) એ ત્યારે જ કેમ શરૂ થયું ? પૂર્વે અગર પછી કેમ નહિ ? વળી (૨) શુદ્ધનેય જો સંસાર શરુ થતો હોય તો ભવિષ્યમાં મોક્ષ પામ્યા પછી પણ પાછો સંસાર શરૂ થવાનો ભય કેમ નહિ ? કાર્ય કારણથી જ થવાનું માનનાર તો કહી શકે કે જીવ અત્યંત શુદ્ધ થયા પછી કારણ નહિ રહેવાથી હવે કદી એને સંસાર નહિ બને. ત્યારે પૂર્વે તો જ્યારે પૂછો કે 'ત્યાં સંસાર કેમ ?' તો કહેવાય કે એની પૂર્વનાં કારણોને લીધે. એમ પૂર્વે પૂર્વે કારણ હોય જ; એટલે સંસારનો પ્રવાહ અનાદિનો ચાલુ છે, એમ સિદ્ધ થાય છે.



ત્યારે કોઈ જીવના સંસારનો તો અંત થાય છે, પરંતુ સમગ્ર રૂપે જોતાં જીવો અનંતા અનંત કાળ સુધી અશુદ્ધ રહેવાના છે, તેથી સંસાર અનંત છે.

**પ્ર૦- ક્યારે ય સંસાર ખાલી ન થાય ?**

ઉ૦- ના, જીવો એવા અનંતાનંત છે કે ક્યારે ય એ બધા જ મોક્ષમાં ઊપડી જવાના નહિ. આ સમજવા માટે એટલો જ વિચાર બસ છે કે આજ સુધીમાં કાળ કેટલો ગયો ? મર્યાદા-આંકડો નહીં બાંધી શકાય કે આટલો ગયો; કેમકે કાળની આદિ નથી કે અમુક સમયથી કાળ શરુ થયો. તેથી જેમ કાળ આદિરહિત છે, અનાદિ છે, એવી રીતે મોક્ષે જવાનું પણ આદિરહિત છે. અનાદિ કાળથી ચાલુ છે, કેમકે પૂર્વે પૂર્વે ધર્મસ્થપાયેલું હતું તો જ એનાં આલંબને જીવ મોક્ષમાં ગયા. એ તીર્થ સ્થાપનાર તીર્થંકર પણ ત્યારે જ બન્યા કે જો એમણે એની પૂર્વના તીર્થની આરાધના કરેલી. એ પૂર્વનાં તીર્થના સ્થાપક પણ એની પૂર્વનાં તીર્થનાં આલંબને પૂર્વે આરાધના કરીને થયેલા... આમ તીર્થ અને મોક્ષે જવાનું બંનેય અનાદિથી ચાલેલા-ત્યારે અનાદિ કાળનું તો કોઈ માપ જ નથી; તેથી એવી અમાપ કાળથી જીવો મોક્ષે જતા હોય છે; છતાં સંસાર ખાલી નથી થયો એ હકીકત વર્તમાન સ્થિતિ બતાવી રહી છે. તો અમાપ કાળમાં ન બન્યું એ હવેના માપેલા કાળમાં બને ? આદિરહિત અમાપ ભૂતકાળમાં જીવો કેટલા બધા મોક્ષે ગયેલા ? છતાં જૈનશાસ્ત્રો કહે છે કે એક નિગોદના જીવોની સંખ્યાના અનંતાનંતમાં ભાગની સંખ્યામાં જ જીવો મોક્ષ પામ્યા છે. ત્યારે જો અમાપ અમર્યાદિત કાળના ય એટલા જ મુક્ત, તો હવે પછીના મર્યાદિત કાળમાં કેટલા જીવ મુક્ત બનવાના ? ગયેલા કાળના મુક્તો કરતાં અનંતમા ભાગના જ ને ? એથી સંસાર કેમ ખાલી થાય ? 'સંસાર અનાદિ અનંત છે' એમ ચિંતવે. વળી

**'સંસાર અશુભ છે,'** એમ ચિંતવે, 'અશુભ' એટલે અશોભન, અસુંદર, સંસારમાં કઈ વસ્તુ સુંદર છે ? પ્રશસ્ત છે ?

પ્ર૦- તો શું સંસારમાં દેવ-ગુરુ-ધર્મ-તીર્થ-શાસ્ત્ર એ સુંદર વસ્તુ નથી ?

ઉ૦- જરૂર સુંદર છે, પરંતુ એ સંસારની વસ્તુ નથી., એ સંસારને ઊખેડનારી મોક્ષમાર્ગની વસ્તુ છે. સંસારની વસ્તુ તો સંસારમાં ભમાવનારા, આહાર-વિષય-પરિગ્રહ-પરિવાર-કષાયો તથા મિથ્યાત્વાદિ. એમાં શું સુંદરપણું સારાપણું છે ? તો સંસારની વસ્તુ જન્મ-મરણ-ગતિ પરિવર્તન વગેરે; એમાં ય શું સારાપણું છે ? સંસાર સ્વરૂપથી, કારણથી, અને કાર્યથી બધી રીતે નરસો છે; કેમકે એમાં આત્માની ખરેખર વિટંબણા જ છે. આ પ્રમાણે ચિંતન કરે. આટલી અનાદિ-અનંતતા અને અશુભતાના ચિંતનમાં ય તન્મયતા થતાં સંસ્થાનવિચય નામનું ધર્મધ્યાન લાગે.

## ૬. ચારિત્ર પર ચિંતન

હવે આવા સંસારના નિવારક ચારિત્ર વિષે ચિંતન કેમ કરવું તે વિચારવામાં આવે છે.

**ચારિત્ર જહાજ કેવી રીતે ?** સંસાર એ સમુદ્ર જેવો છે. તો એમાંથી તરી જવા માટે સમર્થ કોઈ જહાજ હોય તો તે ચારિત્રાત્મક મહા જહાજ છે. આનું કારણ સ્પષ્ટ છે. જે માર્ગે સંસાર નીપજે, એનાથી વિપરીત રસ્તે મોક્ષ આવે. સંસાર અસંયમ, અવિરતિ (હિંસાદિ પાપોની છૂટ), ને મિથ્યા પ્રવૃત્તિના કારણે થાય છે; તો એનો અંત સંયમ-વિરતિ-સમ્યક્પ્રવૃત્તિ સ્વરૂપ ચારિત્રથી થાય.

**સમ્યક્ત્વ બંધન :-** હવે સંસાર પાર કરવા આ ચારિત્ર એ મહા જહાજ છે. જેમ જહાજના પાટિયાને બરાબર જોડી રાખનારા બંધન હોય છે. એમ અહીં ચારિત્રમાં સમ્યગ્દર્શનરૂપી બંધન છે. એ હોય તો જ ચારિત્ર ટકે. અભવ્યો ચારિત્રનાં મહાવ્રત લે છે, છતાં સમ્યગ્દર્શનના અભાવે એમનામાં ચારિત્રનું છઠ્ઠું ગુણસ્થાનક નહિ, કિંતુ મિથ્યાદૃષ્ટિનું પહેલું ગુણસ્થાનક હોય છે.

**ચારિત્રની નિર્દોષતા :-** વળી ચારિત્ર અનઘ યાને નિર્દોષ હોય છે. આમાં સર્વ પાપોનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ હોય છે; તેમજ કષાયની ત્રણે ચોકડી દબાવી દીધી છે, તથા જે ચોથી મંદ ચોકડી બાકી છે, એ ક્રોધ-માનાદિનો ઉપયોગ પ્રશસ્ત કરે છે, અર્થાત્ અસંયમ-પ્રમાદાદિ પ્રત્યે ક્રોધ-દ્વેષ, સાધુત્વની ખુમારી-ગૌરવ... વગેરે તેથી એમ કહેવાય કે ચારિત્રમાં હવે દોષ નથી રહ્યા.

**જ્ઞાન સુકાની :-** વળી જહાજને કપ્તાન-સુકાની જોઈએ, તો અહીં ચારિત્રમાં જ્ઞાનાત્મક સુકાની છે. ચારિત્ર લીધા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા જેમ જેમ જ્ઞાનવૃદ્ધિ થાય છે, તેમ તેમ ચારિત્ર વધુ ને વધુ નિર્દોષ રીતે તથા ચડતા સંવેગથી અને અધિકાધિક સૂક્ષ્મતાથી પ્રગતિશીલ બને છે. સારાંશ, જ્ઞાન ચારિત્રને દોરે છે...' આ પ્રમાણે ચારિત્ર અંગે ચિંતવે.

**સંવરઢાંકણ :-** વળી ચિંતવે કે ચારિત્રજહાજને સંવરરૂપી ઢાંકણોથી નિશ્છિદ્ર બનાવવામાં આવ્યું છે. 'સંવર' એટલે આશ્રવ-નિરોધ. આત્મામાં ઇન્દ્રિયોની વિષય-લગન, કષાયો, અવ્રત વગેરે આશ્રવો છે, એ કાણાં છે. એ દ્વારા કર્મરજ આવી આવી આત્મામાં જમા થાય છે. એ આશ્રવ-કાણાંને સમિતિ-ગુપ્તિ-પરીસહસહન-ક્ષમાદિ ૧૦ યતિધર્મ વગેરેથી બંધ કરવામાં આવે છે. આનું જ નામ સંવર છે. એથી કર્મરજ આત્મા પર ચોંટતી અટકે છે.

**તપપવન :-** વળી ચારિત્રજહાજને ઝડપી ચાલવા માટે તપરૂપી પવનથી વેગ મળે છે. અનશન, ઊનોદરિકા વગેરે બાહ્ય તપ, અને પ્રાયશ્ચિત્ત વિનય વગેરે



આભ્યન્તર તપ, એ એ રીતે ચારિત્રને વેગ આપે છે કે એનાથી બાહ્યની વૃત્તિઓ દબાવાથી તથા શ્રુત (શાસ્ત્ર)રટણ આદિ સત્પ્રવૃત્તિ ખૂબ રહેવાથી બાકીની છેલ્લી ચોકડીના ય કષાય વધુ ને વધુ પાતળા પડતા જાય છે. એ જ ચારિત્રનો વેગ છે.

**વૈરાગ્યમાર્ગ :-** આવું ચારિત્ર વૈરાગ્યમાર્ગે પડી ગયેલું છે. મોક્ષપ્રાપ્તિ માટે સંપૂર્ણ વીતરાગ દશા જોઈએ એ વિરાગભાવની સાધનાથી ઊભી થાય. માટે વિરાગને 'માર્ગ' કહ્યો. એ માર્ગે વીતરાગદશાએ અને પછી મોક્ષનગરે પહોંચાય. ચારિત્ર રાગના નહિ, પણ આ વિરાગના માર્ગે જ ચાલે છે; એમ બીજો તો બહુ ત્યાગ છે; કિંતુ આહાર, વસ્ત્ર, પાત્ર, મુકામનો જે ઉપયોગ છે, તે ય વિરક્ત દશાથી- સંસારીને તો ઘર-દુકાન-પરિવાર-પૈસા વગેરેના રાગના માર્ગે ચાલવું પડે છે.

**ચારિત્રમાં કેવા વ્યવસાયથી સ્થિરતા :-** વળી ચારિત્ર વિસ્રોતસિકાના તરંગોથી અક્ષોભાયમાન છે. 'વિસ્રોતસિક.' એટલે જેમ સમુદ્રમાં જહાજને આડું લઈ જનાર મોજું, એમ મનને ઉન્માર્ગે તાણી જનાર અપધ્યાન.-દુર્ધ્યાન. એજ મોક્ષપ્રાપ્તિની આડે અશુભ કર્મોના જુથરૂપી વિઘ્નને ઊભા કરે છે. પણ ચારિત્રમાં શુભ વ્યવસાય ભરપૂર રહેવાથી દુર્ધ્યાનના તરંગો અટકે છે. એટલે કે એનાથી ચારિત્ર ડહોળાતું નથી, ક્ષોભાયમાન નથી થતું. નવરો બેઠો નખ્ખોદ વાળે. AN IDLE MAN IS A DEVILS HOUSE નવરું મન પિશાચી વિચારો કરે છે. માટે જ ચારિત્ર-જીવનમાં દિવસ રાતના ૮ પહોરમાંથી ૨ પહોર નિદ્રા, ને ૧ પહોર ગોચરી-ભ્રમણ-ગ્રહણ-ભોજન અને બહાર સ્થંડીલભૂમિ-ગમન, એમ ૩ પહોર ઉપરના પાંચેય પહોર શાસ્ત્ર-સ્વાધ્યાયના રાખવામાં આવ્યા છે. જેમાં અવાંતરપણે પ્રતિક્રમણ આવશ્યક ક્રિયા તથા યોગક્રિયા કરી લેવાની હોય છે. શાસ્ત્રવ્યવસાય આટલો બધો સમય ચાલવાથી મન એમાં ને એમાં પરોવાયેલું રહી દુર્ધ્યાનાદિ વિકલ્પોથી ન ડહોળાય એ સ્વાભાવિક છે.

**૧૮૦૦૦ શીલાંગની ગણતરી :-**

આ ચારિત્ર જહાજ મહાકિંમતી ૧૮૦૦૦ શીલાંગરૂપી રત્નોથી ભરેલું છે, 'શીલાંગ' એટલે શીલના સદ્આચારના અંગો, અવાંતર પ્રકારો. તે પૃથ્વીકાયાદિ આરંભત્યાગ વગેરે ૧૮૦૦૦ છે. જેમ કે, પૃથ્વીકાય-અપ્કાય-તેજસ્કાય-વાયુકાય-વનસ્પતિકાય એ ૫ સ્થાવરકાય જીવો, તથા દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય એ ૩ વિકલેન્દ્રિય જીવો, એમ ૮ અને પંચેન્દ્રિય જીવો તથા અજીવ, એ ૧૦નો આરંભ-સમારંભ-હિંસા ન કરે, એ શીલાંગ કહેવાય. આમાં અજીવ આરંભનો ત્યાગ એટલે કોઈ નિરર્થક પ્રવૃત્તિ જડ અંગેની ય નહિ, દા.ત. વસ્ત્ર મળ્યું તેવું ઓઢે, પણ એને ફાડવું, સરખું કરવું, વગેરે પરિકર્મ કરવાનું નહિ. એમ મફતનું એક તલખલું ય ભાંગવાનું નહિ, કે માર્ગે જતાં બગીચો વગેરે જોવાનો ય નહિ, એમ ૧૦

આરંભત્યાગ.

આ દશે પ્રકારનો આરંભ-ત્યાગ દરેક ૧૦ પ્રકારના ક્ષમાદિ યતિધર્મને સાચવીને કરવાનો છે. એમાં ક્ષમા-મૃદુતા-ઋજુતા-નિર્લોભતા એ ૪, તથા સંયમ-સત્ય-શૌચ (પવિત્ર મન)-બ્રહ્મચર્ય-અકિંચનતા (અપરિગ્રહ) એ ૫, અને તપ આવે. દરેક પૃથ્વીકાયાદિનો સમારંભ-ત્યાગ ક્ષમાથી પાળવાનો, નમ્રતાથી પાળવાનો... તપથી પાળવાનો, એમ દસે આરંભત્યાગ એ રીતે પાળવાનાં; એટલે કુલ ૧૦ X ૧૦ = ૧૦૦ શીલાંગ થયા.

હવે આ સો પૈકી દરેક પ્રકાર પાંચે ઈન્દ્રિયોના સંયમ સાથે જાળવવાનો એટલે દા.ત. પૃથ્વીકાય જીવની રક્ષા ક્ષમા સાથે કરવાની તે સ્પર્શનેન્દ્રિયનો સંયમ રાખીને, એ ૧ પ્રકાર; એમ રસનેન્દ્રિયનો સંયમ રાખીને, એ ૨ જો પ્રકાર, એવા પૂર્વના સોએ પ્રકાર દરેક ઇંન્દ્રિય-સંયમ સાથે જોડતાં ૧૦૦ X ૫ = ૫૦૦ પ્રકારે શીલાંગ થાય. તે પણ આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રા (યા ભય), એ ચાર સંજ્ઞાઓના નિગ્રહ સાથે જાળવવાના. એટલે ૫૦૦ પૈકી દરેક પ્રકાર આહારસંજ્ઞા-નિગ્રહ સાથે, વિષય સંજ્ઞા-નિગ્રહની સાથે... એમ ૫૦૦ X ૪ = ૨૦૦૦ શીલાંગ થાય.

આ પણ દરેક પ્રકાર મનથી, એમ વચનથી, અને એમ કાયાથી પાળવાનો. એટલે આહારસંજ્ઞા-નિગ્રહ, સ્પર્શનેન્દ્રિય-સંયમ, એને ક્ષમા રાખવા સાથે પૃથ્વીકાયહિંસા, હું મનથી નહિ કરું એ ૧ પ્રકાર, એમ મનથી કુલ ૨૦૦૦ પ્રકાર એ રીતે વચનથી અને કાયાથી બબ્બે હજાર, કેમ કુલ ૨૦૦૦ X ૩ = ૬૦૦૦ શીલાંગ થયાં.

આ પણ માત્ર 'કરું નહિ' એમ નહિ. કિન્તુ કરાવું પણ નહિ, તેમ અનુમોદું પણ નહિ, એ રીતે ઉપરોક્ત મન-વચન કાયાના ૬૦૦૦ X ૩ = ૧૮૦૦૦ શીલાંગ થાય. ત્યારે બીજી રીતે પણ ૧૮૦૦૦ શીલાંગ થાય છે. ચારિત્ર જહાજમાં આ બધાં રત્નો ભરેલા છે. એ મહાકિંમતી રત્નો છે, કેમકે એનાથી ★એકાન્તિક અને આત્યન્તિક સુખ મળે છે. (આને સહેલાઈથી યાદ રાખવા સૂત્ર **'આય કઈ સંયોગ'**, આરંભ ૧૦ X યતિધર્મ ૧૦ X કરણ ૩ X ઇંન્દ્રિય ૫ X સંજ્ઞા ૪ X યોગ ૩ = ૧૮૦૦૦.)

આ ૧૮૦૦૦ શીલાંગ રત્નોભર્યા ચારિત્રજહાજ પર આરૂઢ થયેલા મુનિરૂપી વેપારીઓ મોક્ષનગર તરફ જઈ રહ્યા છે. 'મન્યતે જગત્-ત્રિકાલાવસ્થામ્ ઇતિ મુનિઃ' ક્યાં ય રાગદ્વેષ ન થાય એ માટે જગતના પદાર્થોની ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણે કાળની અવસ્થા-પર્યાયોનું મનન કરે તે મુનિ. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ જડ પદાર્થ સામે આવો, યા અનુકૂળ કે પ્રતિકુળ વર્તનાર જીવો મળો, પરંતુ એ વર્તમાન અવસ્થાથી વિપરીત નરસી-બીભત્સ, યા સારી-મનગમતી અવસ્થા ભૂતભાવીમાં એ જડ યા જીવમાં છે. એના તરફનો વિચાર રાખવાથી રાગદ્વેષ કે હરખ-શોક ઊઠી નહિ શકે. આવા મુનિ એ વહેપારી એટલા માટે કહેવાય કે એ સારી રીતે આય-વ્યય = નફો-તોટો સમજી શકે છે. (૧) ક્યાં ઉત્સર્ગમાર્ગમાં લાભ અને અપવાદ્‌માર્ગમાં નુકશાન, તથા (૨) કેવા અવસરે ઉત્સર્ગ પકડી રાખવામાં લાભ મામૂલી, નુકશાન પારાવાર; અને ત્યાં જ અપવાદ પકડવામાં નુકશાન મામૂલી, પણ પરિણામે લાભ અપરંપાર, એ સમજવામાં અતિ નિપુણતાથી વિચારીને પ્રવર્તે છે. માટે મુનિ એ વ્યાપારી છે.

★ 'એકાન્તિક' એટલે સુખ જ સુખઃ, દુઃખનો લેશ નહિ. 'આત્યન્તિક' એટલે અન્તને અતિક્રાન્ત થયેલું ઉલ્લંઘી ગયેલું, અર્થાત્ શાશ્વત.



એવા એ મુનિ શીલાંગરત્નભર્યા ચારિત્રજહાજથી થોડા જ વખતમાં અને કોઈપણ જાતના અંતરાય વિના મોક્ષનગરે પરિનિર્વાણ નગરે પહોંચી જાય છે. આ પ્રમાણે સંસ્થાનવિચય-ધ્યાનમાં ચિંતવે.

### ૭. મોક્ષ પર ચિંતન

એ પરિનિર્વાણ યાને બધી બાજુથી પરમશાંતિરૂપ મોક્ષનગર કેવું છે ? તો કે જ્ઞાન-દર્શન-ચારિત્ર રત્નત્રયના વિનિયોગાત્મક છે.' 'વિનિયોગ' એટલે ક્રિયાકરણ, એ રત્નત્રયીની ક્રિયાકરણથી મોક્ષ નીપજે છે, માટે મોક્ષનેય રત્નત્રય-વિનિયોગાત્મક કહ્યો. મોક્ષ અવસ્થા ઊભી કરનાર કોણ ? રત્નત્રયનું આચાર પાલન. કેમકે જીવની મોક્ષ-અવસ્થા અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રમય છે. એ પ્રગટ કરવા માટે એનો જ અંશે ઉઘાડ કરવાનો હોય; અને તે એના આચારના પાલનથી થાય. આવો મોક્ષ **એકાન્તિક** છે, એકાન્તભાવી છે, અર્થાત્ એમાં સંપૂર્ણ શુદ્ધ જ્ઞાનાદિમય અવસ્થા પ્રગટ હોવાથી હવે એમાં લેશમાત્ર પણ અજ્ઞાન મોહ આદિનું મિશ્રણ નથી. વળી એ નિરાબાધ છે. અર્થાત્ એમાં એટલું બધું અનંત સુખ છે, કે એમાં હવે કોઈ બાધા પીડા નથી. અજ્ઞાન પીડાકારી તત્ત્વ કર્મ-આવરણ સર્વથા નષ્ટ થયા હોવાથી હવે અજ્ઞાન અને પીડા ક્યાંથી ઊભા થઈ કે રહી શકે ?

આ મોક્ષાવસ્થા એ સ્વાભાવિક છે, જીવનું સહજ સ્વરૂપ છે. મોક્ષ થવા પૂર્વે એ સ્વરૂપ પ્રગટ નહોતું દેખાતું એનું કારણ તો એ કે એ કર્મના આવરણોથી આચ્છાદિત થઈ ગયું હતું. બાકી મોક્ષની અનંતજ્ઞાનાદિમય સ્થિતિ કોઈ બહારથી લાવવાની નથી હોતી, એ તો મૂળમાં આત્મામાં છે જ, સહજ છે, કૃત્રિમ નથી. જ્ઞાનાદિ એ કોઈ કાગળ પર આગન્તુક ચિત્રની જેમ બાહ્ય કારણથી ઉત્પન્ન થનાર આગન્તુક ગુણ નથી.

**किं बहुणा, सव्वं चिय जीवाइपयत्थवित्थरोवेयं ।**
**सव्वनयसमूहमयं झाएज्जा समय-सब्भावं ॥६२॥**

**અર્થ :- બહુ શું કહેવું ? જીવાદિ પદાર્થના વિસ્તારથી યુક્ત (એવું) સર્વનયોના સમૂહાત્મક સિદ્ધાન્ત (શાસ્ત્ર)ના પદાર્થનું ધ્યાન કરે. (ચિંતવે).**

પ્ર૦- તો મહેનત કરવાથી જ્ઞાન આવે છે, એનું કેમ ?

ઉ૦- આ જ્ઞાન 'આવે છે' એટલે અંદરમાંથી બહાર આવે છે. આત્માની અંદર મૂળથી પડેલા જ્ઞાન પર જે આવરણ છે, તે મહેનતથી જેમ જેમ કપાય, તેમ તેમ જ્ઞાન બહાર ખુલ્લું થતું જાય છે, પણ બહારથી કાંઈ નવું લાવવાનું નથી હોતું.

વળી એ મોક્ષ નિરુપમ સુખમય છે; કેમકે, એ સુખની ઉપમા નથી. સંસારના સુખ તો સંયોગ-જન્ય છે. એની સાથે આ અસાંયોગિક સહજ આત્મ-સુખને કેવી રીતે સરખાવી શકાય ? સંપૂર્ણ આરોગ્યના સુખને રોગિષ્ઠ દશામાં કુપથ્યસેવનથી લાગતા આનંદ સાથે કેમ સરખાવી શકાય ? સાંસારિક સુખો વિષય-સંયોગને આધીન છે, પરવશ છે, પરિસ્થિતિ-સાપેક્ષ છે.. એનો એજ વિષયસંયોગ કાયમ હોય છતાં પરિસ્થિતિ બદલાતાં એજ દુઃખમય લાગે છે, એનું સુખ ગયું ! જ્યારે અહીં મોક્ષનું સુખ તો પોતાનું સહજ સ્વરૂપ જ હોવાથી અને સર્વસંયોગ નષ્ટ થઈને પ્રગટ થયું હોવાથી, એ શાશ્વતિક રહે છે. માટે કહ્યું મોક્ષ અક્ષય સુખસ્વરૂપ છે. આવા મોક્ષનું ચિંતન કરે.

'સંસ્થાન-વિચય'નામના ધર્મધ્યાનમાં શું શું ચિંતવવાનું, શાના શાના ઉપર ધ્યાન ધરવાનું, એ વિસ્તારથી બતાવી હવે એનો ઉપસંહાર કરે છે,–

**વિવેચન** :- વધારે કહેવાથી શું ? સંસ્થાન-વિચય નામના ધર્મધ્યાનમાં સિદ્ધાન્તના (શાસ્ત્રના) પદાર્થ ધ્યાવે ચિંતવે, અર્થાત્ જિનાગમે કહેલ કોઈપણ પદાર્થનું એકાગ્ર ભાવે ચિંતન કરે એ આ ધર્મધ્યાન બને છે.

પ્ર૦- આ ચિંતનીય જિનાગમોક્ત પદાર્થમાં શું શું આવે છે ? અને તે કેવા સ્વરૂપે ચિંતવવાના ?

ઉ૦- જિનાગમોક્ત પદાર્થોમાં જીવ-અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષ વસ્તુનો વિસ્તાર આવે છે.

અને તે દ્રવ્યાસ્તિકનય-પર્યાયાસ્તિકનય વગેરે નયસમૂહમય છે એ રૂપે ચિંતવવાના છે.

**જિનાગમમાં જીવાદિનો વિચાર કેવી રીતે ?:-**

કોઈ પણ જૈનશાસ્ત્ર લો, તો એમાં જીવાદિ વસ્તુમાંની વસ્તુનો વિચાર



મળવાનો. દા.ત. પહેલું 'આચારાંગ' શાસ્ત્ર, એમાં મુનિનો આચાર બતાવવા જગતમાં કેવા કેવા જીવ હોય છે, એને કેવા કેવા શસ્ત્ર લાગવાથી દુઃખ થાય છે, ને એની અહિંસા કેમ પળે, એ બતાવ્યું; તો એ જીવવસ્તુનો વિચાર થયો. એમ, એવા શસ્ત્રનો ઉપયોગ કરવામાં દિલમાં કેવા કલુષિત ભાવ કામ કરે છે, તથા બીજા પણ તેવા કષાયો, સ્વજન-મોહ, પરિસહ-વિહ્વળતા, વગેરે અશુભ ભાવો નડવા આવે છે, એ બતાવ્યું. તે આશ્રવ વસ્તુનો વિસ્તાર છે. એમ બીજા 'ભગવતી', 'પન્નવણા' આદિ શાસ્ત્રોમાં પદાર્થ-વ્યવસ્થા બતાવી, એ જીવ યા અજીવ વસ્તુનો વિસ્તૃત વિચાર છે. એમ, છેદગ્રન્થોમાં સંવર વસ્તુનો તથા બીજા કેટલાકમાં બંધનો, નિર્જરાનો યા મોક્ષનો વિચાર છે. જૈન શાસ્ત્રોની દૃષ્ટિએ વિશ્વમાં પદાર્થ જ આ સાત છે, એટલે જૈન શાસ્ત્રના આ કોઈ પણ પદાર્થના વિસ્તારમાંથી વસ્તુનું ચિંતન ધ્યાન આ પ્રકારમાં કરવાનું છે.

**અપાય-વિપાક-વિચય કેમ અલગ બતાવ્યા ?**

પ્ર૦- આ હિસાબે તો સંસ્થાન-વિચયમાં રાગાદિ અપાયો અને જ્ઞાનાવરણીય કર્મોનો વિચય યાને પરિચય અર્થાત્ અભ્યાસમય ચિંતન સમાઈ જાય છે, તો પછી અપાયવિચય અને વિપાકવિચય એ બે ભેદ જુદા શા માટે બતાવ્યા ?

ઉ૦- વાત ઠીક છે કે સંસ્થાનવિચયના દરિયા જેવા વિષયોમાં અપાય અને વિપાકનો વિચાર સમાઈ જાય; છતાં એને અલગ પાડવાનું કારણ દરેકના ઉદ્દેશની ભિન્નતા લાગે છે. સંસ્થાન-વિચયમાં તો જિનાગમોક્ત પદાર્થની વસ્તુ સ્વરૂપે વિચારણા છે, એથી મનની ચંચળતા અસદ્-વિચારણા મટે. ત્યારે અપાય-વિચયમાં તો જીવ રાગાદિ આશ્રવ સેવવામાં ન તણાઈ જાય, એમ તણાતો પાછો વળે, એ માટે એ રાગાદિમાં કેવા કેવા ભયંકર અનર્થ છે. કટુ પરિણામ છે, એના ભય સાથેનું ચિંતન છે, ભય પમાડનારુ ચિંતન છે. એમ વિપાકવિચયમાં, જીવ સારા નરસા ઇંદ્રિય-વિષયો આવવા-જવા પર, યા રોગ-વેદના-પરાભવ-આદિ પામવા પર, હર્ષ-ખેદાદિ અસમાધિમાં ન પડે એ માટે, ઉદાસીન ભાવ સાથેનું યા ઉદાસીન ભાવને પમાડનારૂં કર્મવિપાકનું ચિંતન છે; કેમકે એ સારી-નરસી પ્રાપ્તિ મુખ્યતાએ કર્મના વિપાકને આધીન છે, કર્મવિપાકની પીડા છે, વિટંબણા છે, એમાં શી વિહ્વળતા કરવી હતી ? આપણે એમાં રસ લીધા વિના તટસ્થ ભાવે એનું દર્શન કરો; એમ કરી ઉદાસીન બનવા માટે વિપાકવિચય ધ્યાન છે.

સારાંશ, સંસ્થાન વિચયમાં શાસ્ત્રોક્ત જીવાદિ પદાર્થનાં ચિંતનથી મનને સ્થિર કરવાનો હિસાબ છે, ત્યારે અપાયવિચયમાં મિથ્યાત્વ, વિષયો, રાગદ્વેષ, અશુભયોગો આદિ આશ્રવોનો ભય રાખી મનને એ આશ્રવોથી બચાવી સ્વચ્છ સમતાપન્ન

રાખવાનો ઉદ્દેશ છે, ને વિપાકવિચય ધર્મધ્યાનમાં આપત્સંપત્ વખતે સમાધિ-સ્વસ્થતા રાખવાનો હિસાબ છે. આમ અપાય-વિપાક-સંસ્થાન વિચય એ ત્રણ પ્રકારના ધ્યાનથી મન સ્વચ્છ-સ્વસ્થ-સ્થિર બનાવવાનો ઉદ્દેશ છે.

આવા વિવિધ ઉદ્દેશના હિસાબે ધ્યાનના જુદા જુદા પ્રકાર પડે, એ દૃષ્ટિએ 'સન્મતિ તર્ક' મહાશાસ્ત્રની ટીકામાં વાદિ-પંચાનન શ્રી અભયદેવસૂરિજી મહારાજે તથા 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' મહાશાસ્ત્રની વિવેચનામાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ધર્મધ્યાનના ૧૦ પ્રકાર બતાવ્યા છે.

## ધર્મધ્યાનના ૧૦ પ્રકાર

ધર્મધ્યાનના ૧૦ પ્રકારમાં અહીં કહેલ આજ્ઞાવિચયાદિ ૪ પ્રકાર ઉપરાંત જીવ-અજીવ-ભવ-વિરાગ-ઉપાય-હેતુવિચય એ છ ગણ્યા છે. અલબત્ત પૂર્વોક્ત સંસ્થાન વિચયમાં આ છનો વિચાર આવી જાય, પરંતુ એમ તો અપાય તથા વિપાકનો પણ વિચાર એમાં સમાઈ શકે છે, છતાં પૂર્વે કહ્યા મુજબ વિશિષ્ટ ઉદ્દેશથી અપાય-વિપાકની જેમ આ જીવ-અજીવાદિનો વિચાર છે. દશે પ્રકારનો વિચાર અહીં સંક્ષેપમાં એના જુદા જુદા ઉદ્દેશ દર્શાવવા સાથે બતાવવામાં આવે છે.

(૧) **આજ્ઞાવિચયમાં** એ ચિંતવવાનું કે 'અહો ! આ જગતમાં હેતુ-ઉદાહરણ-તર્ક વગેરે હોવા છતાં અમારા જેવા જીવો પાસે બુદ્ધિનો તેવો અતિશય નથી, ત્યાં આત્મપ્રત્યક્ષની તો શી વાત ? તેથી આત્માને લાગતા કર્મબંધ, પરલોક, મોક્ષ, ધર્મ, અધર્મ વગેરે અતીન્દ્રિય પદાર્થ સ્વતઃ જોવા કે જાણવા-સમજવા બહુ મુશ્કેલ પડે છે. છતાં એ પદાર્થો પરમ આપ્ત પુરુષના વચનથી જાણી શકાય છે. એવા પરમ આપ્ત પુરુષ એક માત્ર વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાન હોય છે. તો એમના વચને કેવો સુંદર પ્રકાશ એ પદાર્થોનો આપ્યો છે ! એમને જૂઠ બોલવાને હવે કોઈ જ કારણ નથી. તેથી એમનાં વચન એમની આજ્ઞા ટંકશાળી સત્ય છે. એમનું કહેલું યથાસ્થિત જ છે. અહો ! કેવી કેવી અનંત કલ્યાણરૂપ તથા ત્રિલોક-પ્રકાશક, સૂક્ષ્મ અદ્ભૂત પદાર્થબોધક, સન્માર્ગદેશક, વિદ્વત્-જન-માન્ય, અને સુરાસુરપૂજિત એમની આજ્ઞા !

**આ ચિંતન અનુચિંતનથી સકલ સત્પ્રવૃત્તિના પ્રાણભૂત શ્રદ્ધાનો પ્રવાહ અખંડ વહેતો રહે છે.**

(૨) **અપાયવિચયમાં,**-'અહો ! અશુભ મન-વચન-કાયા અને ઈન્દ્રિયોની વિશેષ પ્રવૃત્તિઓ અર્થાત્ વિશેષ કોટિના અશુભ વિચાર-વાણી-વર્તાવ અને રાગાદિભર્યા ઈન્દ્રિય-વિષય-સંપર્કથી નીપજતા ભવભ્રમણાદિ અનર્થ હું શા માટે વહોરું ? જેમ કોઈને મોટું રાજ્ય મળ્યું હોય છતાં ભીખ માગવાની બાલિશતા કરે, તેમ મોક્ષ મારા હાથવેંતમાં છતાં સંસારમાં રખડવાની મૂર્ખતા શા માટે કરું !' **આવી શુભ વિચાર-ધારાથી દુષ્ટ યોગોના ત્યાગના પરિણામ જાગે છે.**

(૩) **વિપાકવિચયમાં** કર્મની મૂળ ઉત્તર પ્રકૃતિના મધુર અને કટુ ફળનો વિચાર, શુભ-અશુભ કર્મના વિપાકરૂપે ઠેઠ અરિહંતપ્રભુની સમવસરણાદિ-સંપત્તિથી માંડીને નરકની ઘોર વેદનાઓ નીપજવાનો વિચાર, તથા કર્મનું વિશ્વ ઉપર એકછત્રી સામ્રાજ્ય હોવાનો વિચાર કરવો, **તેથી કર્મફળની અભિલાષા દૂર થાય. અશુભકર્મનાં ફળ વખતે સમતા-સમાધિ રહે.**

(૪) **સંસ્થાનવિચયમાં** ચૌદરાજલોકની વ્યવસ્થા ચિંતવવાની. એમાં અધોલોક ઊંધી પડેલી બાલટી, અથવા ઊંધી નેતરની બાસ્કેટ જેવો, મધ્યલોક ખંજરી જેવો અને ઊર્ધ્વલોક ઊભો ઢોલક યા શરાવસંપૂટ જેવો છે. અધોલોકમાં પરમાધામી આદિના તીવ્ર ત્રાસભરી સાત નરકપૃથ્વીઓ છે, મધ્યલોકમાં 'મત્સ્યગલાગલ' ન્યાયના પ્રદર્શનભૂત અસંખ્ય દ્વીપ સમુદ્રો છે, અને ઊર્ધ્વલોકમાં શુભપુદ્ગલોની વિવિધ ઘટનાઓ છે. એનું તથા સકલ વિશ્વમાં રહેલા શાશ્વત-અશાશ્વત અનેકવિધ પદાર્થો વગેરેનું ચિંતન આવે છે. **આ ધ્યાનથી ચિત્તને વિષયાન્તરોમાં જતું, ને ચંચળ તથા વિહ્વળ થતું અટકાવી શકાય.**

(૫) **જીવવિચયમાં** જીવની અનાદિતા, અસંખ્યપ્રદેશમયતા, સાકાર-અનાકાર (જ્ઞાનદર્શન) ઉપયોગ, કરેલા કર્મનું ભોગવવાપણું, વગેરે સ્વરૂપનું સ્થિર ચિંતન કરાય છે. **તે જડ કાયાદિ છોડીને માત્ર આત્મા પર મમત્વ કરાવવામાં ઉપયોગી છે.**

(૬) **અજીવવિચયમાં** ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્ગલોની ગતિસહાય, સ્થિતિસહાય, અવગાહના, વર્તના, રૂપરસાદિગુણો તથા અનંત પર્યાયરૂપતાનું ચિંતન કરવું. **એથી શોક, રોગ, વ્યાકુળતા, નિયાણું અને દેહાત્મ-અભેદનો ભ્રમ વગેરે દૂર થાય.**

**'ભવવિચયમાં',** 'અહો,-કેવો દુઃખદ આ સંસાર ! કે જ્યાં (૧) સ્વકૃત કર્મનાં ફળ ભોગવવા વારંવાર જન્મવું પડે છે. અરઘટની ઘડીની જેમ મળમૂત્રાદિ અશુચિભર્યા માતાના પેટના બખોલમાં કેઈ વારંવાર ગમનાગમન કરવા પડે છે. વળી (૨) સ્વકૃત ધર્મના દારુણ દુઃખભર્યા ભોગવટામાં કોઈ સહાય કરતું નથી. એમ જ (૩) સંસારમાં સંબંધો વિચિત્ર બને છે. માતા પત્ની થાય, પત્ની માતા થાય... વગેરે. ધિક્કાર છે આવા સંસાર ભ્રમણને !'

**એવા ચિંતન સંસારખેદ અને સત્પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે.**

(૮) **વિરાગવિચયમાં,**–'અહો ! (૧) આ કેવું કથિરનું શરીર કે જે ગંદા રજરુધિરમાંથી બન્યું, મળમૂત્રાદિ અશુચિએ ભર્યું, પાછું દારૂના ઘડાની જેમ એમાં જે નાખો તેને અશુચિ કરનારું ! મિષ્ટાન્નને વિષ્ટા અને પાણીને તો શું પણ અમૃતને

ય પેશાબ બનાવનારું છે ! આવું એ શરીર પાછું સતત નવ દ્વારોમાંથી અશુચિ વહેવડાવનારું છે ! (૨) વળી તે વિનશ્વર છે, સ્વયં રક્ષણહીન છે, અને આત્માને ય રક્ષણરૂપ નથી ! મૃત્યુ કે રોગના હુમલા વખતે માતાપિતા, ભાઈબહેન, પત્ની-પુત્ર-પુત્રી કોઈ જ બચાવી શકતું નથી. ત્યારે આમાં કોણ મનોહર રહ્યું ? (૩) વળી શબ્દરૂપરસ વગેરે વિષયો જોવા જઈએ તો ય એના ભોગવટા ઝેરી કિંપાક ફળ ખાવા સમાન પરિણામે કટુ, પાછા સહજ વિનાશી, ઉપરાંત પરાધીન છે, સંતોષરૂપી અમૃતાસ્વાદના વિરોધી છે. સત્પુરુષો એને એવા જ ઓળખાવે છે. (૪) વિષયોથી લાગતું સુખ પણ બાળકને લાળિયું ચાટવામાં લાગતા દૂધના સ્વાદના સુખની જેમ કલ્પિત છે. વિવેકીને આમાં આસ્થા હોય નહીં. વિરતિ જ શ્રેયસ્કરી છે. (૫) ઘરવાસ એ તો સળગી ઊઠેલા મકાનના મધ્યભાગ જેવો છે, જ્યાં જાજ્વલ્યમાન ઇન્દ્રિયો પુણ્યરૂપી કાષ્ઠોને સળગાવી દે છે, અને અજ્ઞાન પરંપરાનો ધૂમાડો ફેલાવે છે. આ આગને ધર્મમેઘ જ બુઝવી શકે. માટે ધર્મમાં જ પ્રયત્ન કરવા યોગ્ય છે.' વગેરે રાગના કારણો રૂપ વિષયોમાં કલ્યાણવિરોધ હોવાનું ચિંતન કરવું. **એથી પરમાનંદનો અનુભવ થાય છે.**

**(૯) ઉપાયવિચયમાં**–'અહો શુભ વિચાર-વાણી-વર્તાવને હું કેમ વિસ્તારું કે જેથી મારા આત્માની મોહ પિશાચથી રક્ષા થાય !' આ સંકલ્પધારાથી શુભ યોગો પર ચિંતન કરવાનું. **એથી શુભપ્રવૃત્તિના સ્વીકારની પરિણતિ જાગે છે.**

**(૧૦) હેતુવિચયમાં** જ્યાં આગમમાં કહેલા હેતુગમ્ય પદાર્થ પર વિવાદ ખડો થાય, ત્યાં કેવા તર્કનું અનુસરણ કરવા દ્વારા એ વિવાદનું શમન થાય, એમાં સ્યાદ્વાદ-નિરૂપક આગમનો આશ્રય, ને તે પણ કષ-છેદ-તાપની કેવી પરીક્ષાપૂર્વક આશ્રય કરવો લાભદાયી છે, એ ચિંતવવાનું. કોઈપણ શાસ્ત્રની સુવર્ણની જેમ (૧) કષ-કસોટી પરીક્ષા એટલે એ જોવાનું કે 'એમાં યોગ્ય વિધિનિષેધ છે ?' તો જિનાગમમાં દા.ત. કહ્યું 'તપ-સ્વાધ્યાય-ધ્યાન કરવું', 'હિંસાદિ પાપ ન કરવાં,' (૨) છેદ પરીક્ષા માટે એ જોવાનું કે 'એમાં વિધિ નિષેધને જરાય બાધક નહિ પણ સાધક આચાર કહેલા છે ?' તો જિનાગમમાં દા.ત. કહ્યું 'સમિતિ-ગુપ્તિ આદિ પંચાચાર પાળવા;' તો એમાં લેશમાત્ર હિંસાદિ નથી, અને તપ-ધ્યાનાદિ-વિધિપાલનને અનુકૂળતા છે. (૩) તાપ-પરીક્ષા માટે એ જોવું કે 'એમાં વિધિનિષેધ અને જિનાગમમાં આચારને અનુકૂળ તત્ત્વ વ્યવસ્થા છે ?' તો દા.ત. અનેકાન્તવાદની શૈલીએ જીવ-અજીવ દ્રવ્યોની નિત્યા-નિત્યતા, ઉત્પાદવ્યય-ધ્રૌવ્ય, દ્રવ્ય-પર્યાયનો ભેદાભેદ, વગેરે એવી તત્ત્વ-વ્યવસ્થા બતાવી, કે જે વિધિ-નિષેધ તથા આચારને સંગત થાય તેવી છે. **આ ચિન્તનથી વિશિષ્ટ શ્રદ્ધા યાને સમ્યગ્દર્શનની સંગીન



દૃઢતા-નિર્મળતા થાય છે.**

આ દશે પ્રકારના ચિંતનમાં જ્યાં મનની સ્થિરતા થાય છે કે એ તરત ધર્મધ્યાન સ્વરૂપ બને છે. સંસ્થાનવિચય ધર્મધ્યાનમાં પૂર્વે કહ્યા મુજબ વિશ્વના સમસ્ત પદાર્થો વિષય બને છે.

આ પદાર્થોનું ચિંતન સર્વનયસમૂહમય રીતે કરવાનું છે, પરંતુ એકાન્ત એક નયની દૃષ્ટિથી નહિ. કેમકે એમાં તો બીજા નયની દૃષ્ટિથી ઘટી શકતા ધર્મનો અપલાપ થાય. દા.ત. એકલા દ્રવ્યાસ્તિક નયથી આત્માનો વિચાર કરે તો આત્મા નિત્ય જ લાગે. પછી બીજા પર્યાયાસ્તિક નયની દૃષ્ટિએ આત્મામાં ઘટી શકતા અનિત્યત્વ ધર્મનો ઇન્કાર કરવાનું થાય.

ન્યાયદર્શન સાંખ્યદર્શન વગેરે એવું કરે છે. એ આત્મા પરમાણુ વગેરે માને, પરંતુ એકાન્ત નિત્ય માને. આ માન્યો શું કામનો ? એણે કલ્પેલ એકાંતનિત્ય આત્મા કે પરમાણુ જેવી વસ્તુ જ જગતમાં નથી. માટે જ સન્મતિશાસ્ત્રની ટીકામાં વિસ્તારથી યુક્તિપૂર્વક સિદ્ધ કર્યું છે કે એના કહેલ એકે એક દ્રવ્ય ગુણ કર્મ વગેરે પદાર્થ ખોટા છે. ખરી રીતે વસ્તુમાત્રમાં બે અંશ છે, એક દ્રવ્યાંશ, બીજો પર્યાયાંશ. દ્રવ્યાંશ એટલે ધ્રુવ અંશ. અને પર્યાયાંશ એટલે અધ્રુવ અનિત્ય ઉત્પત્તિ-વિનાશશાલી અંશ. આત્મામાં આત્માપણું એ ધ્રુવ અંશ છે, અને મનુષ્યપણું દેવપણું એ અધ્રુવ અંશ છે. એ મનુષ્ય દેવ તરીકે આત્મા નિત્ય ન કહેવાય. દા.ત. દેવપણેથી મનુષ્ય તરીકે જન્મ્યો એ આત્મા દેવ તરીકે હવે ન રહ્યો; હવે તો એ ખત્મ થયો. અને મનુષ્ય તરીકે ઉત્પન્ન થયો. એમ પર્યાયાંશથી આત્મા અનિત્ય બન્યો. એક અણુ પણ એના પુદ્ગલપણાના અંશથી ધ્રુવ છે, પરંતુ એ બીજા અણુ સાથે જોડાઈ દ્વ્યણુકરૂપે બન્યો ત્યારે હવે અણુ નહિ કહેવાય; એ હિસાબે અણુત્વાંશથી નષ્ટ અને દ્વ્યણુકત્વાંશથી ઉત્પન્ન થયો કહેવાય. એમ દ્રવ્યાર્થિક નય પર્યાયાર્થિક નય ઉભયમય ચિંતન કરીએ ત્યારે પદાર્થને ન્યાય મળે, ને એ ચિંતન યથાર્થ ગણાય. એવા બીજા પણ વ્યવહારનય-નિશ્ચયનય, શબ્દનય-અર્થનય, વગેરે નયસમૂહમય ચિંતન શાસ્ત્રે કહેલ જીવાજીવાદિના વિસ્તારવાળા પદાર્થોનું કરતાં ધર્મધ્યાન લાગે. આ ધર્મધ્યાનના ધ્યાતવ્ય વિષયની વાત થઈ.

હવે આ **ધ્યાનના ધ્યાતા કોણ,** એ બતાવે છે.

**सव्वप्पमायरहिया मुणी खीणोवसंतमोहा य ।**
**झायारो नाणघणा धम्मज्झाणस्स निद्दिट्ठा ॥६३॥**

**અર્થ :- સર્વ પ્રમાદથી રહિત મુનિ, તથા ક્ષીણ યા ઉપશાંત થવા લાગ્યો છે મોહ જેનો (અર્થાત્ ક્ષપક અને ઉપશામક નિર્ગ્રન્થ, 'ચ' શબ્દથી બીજા પણ અપ્રમાદી) એવા જ્ઞાનરૂપી ધનવાળાને ધર્મધ્યાનના ધ્યાતા કહેવામાં આવ્યા છે.**

---

**વિવેચન :-** ધર્મ ધ્યાનના ધ્યાતા યાને આ ધ્યાન મુખ્યપણે કરવાને યોગ્ય અધિકારી કોણ ? તો કે (૧) મદ્ય-વિષય-કષાય-નિદ્રા-વિકથા એ પાંચે તથા અજ્ઞાન-ભ્રમ-સંશય-વિસ્મૃતિ વગેરે આઠ પ્રમાદથી રહિત મુનિ, યાને સાતમા 'અપ્રમત્ત' ગુણસ્થાની, અને (૨) મોહનીય કર્મની પ્રકૃત્તિઓની ઉપશમના કરનાર યા ક્ષપણા (ક્ષય) કરનાર નિર્ગ્રન્થ, યાને ૮મા, ૯મા, ૧૦મા ગુણસ્થાની એ પણ જ્ઞાનધની જ્ઞાનરૂપી ધનવાળા યાને વિદ્વાન હોય તે ધર્મધ્યાનના મુખ્ય અધિકારી;-એમ જિનેન્દ્ર પ્રભુ તથા ગણધરાદિ મહર્ષિ કહે છે.

**સાચો વિદ્વાન કોણ ? :-**

પ્ર૦- માષતુષ મુનિમાં વિદ્વત્તા ક્યાં હતી ? તો એમને શી રીતે ધર્મધ્યાન ?

ઉ૦- પંચસમિતિ ત્રણ ગુપ્તિનું જ્ઞાન ધરાવનાર અને એને જીવનમાં બરાબર ઉતારનાર સમ્યગ્દૃષ્ટિ મુનિ એજ સાચો જ્ઞાની છે. નહિતર તો 'સમકિત વિણ નવ પૂરવી અજ્ઞાની કહેવાય,' નવ પૂર્વોના જ્ઞાનવાળો પણ સમ્યક્ત્વ ન હોય તો અજ્ઞાની કહેવાય, એ કેમ બને ? એમ

**'जहा खरो चंदण-भारवाही, भारस्स भागी न हु चंदणस्स ।**
**एवं खु नाणी चरणेण हीणो भारस्स भागी न हु सुग्गईए ॥'**

અર્થાત્ જેમ ચંદનનો ભાર ઉંચકી જનાર ગધેડો ભારનો ભાગી થાય છે, ચંદનની સુવાસ-શીતલતાનો નહિ, (કેમકે એ તો એટલું જ ઇચ્છે છે કે બોજ ક્યારે ઊતરે ?) એમ ચારિત્ર-આચરણ વિનાનો જ્ઞાની પણ ભારનો ભાગી છે. સદ્ગતિનો નહિ; (કેમકે એ તો એટલું જ જુએ છે કે 'આ જ્ઞાન ક્યાં વાદ વગેરેમાં ઠાલવીને હોશિયારી બતાવાય ?') એવા શાસ્ત્રવચનો બતાવે છે કે સમ્યગ્ દર્શન અને ચારિત્ર વિના નવપૂર્વ સુધીનું જ્ઞાન ધરાવનાર પણ અજ્ઞાની છે. આ ચારિત્રમાં મુખ્ય મન-વચન-કાયાની ગુપ્તિ યાને સમ્યગ્ પ્રવૃત્તિ-નિવૃત્તિ છે.-તેથી અભવી-ભવાભિનંદી જીવના બાહ્ય કડક ચારિત્ર-પાલનની કિંમત નથી; કેમકે એનામાં મનોગુપ્તિ જ નથી. એ સંસાર-સુખના ઉદ્દેશથી ચારિત્ર પાળે છે, એટલે એનું મન વિષયરાગભર્યું હોઈને મેલું છે, સુ-ગુપ્ત નથી. સારાંશ ત્રિ-ગુપ્તિનો ધરનારો એજ સાચો જ્ઞાની



**एएच्चिय पुव्वाणं पुव्वधरा सुप्पसत्थसंघयणधरा ।**
**दोण्ह सजोगाजोगा सुक्काण पराण केवलिणो ॥६४॥**

**અર્થ :- આ જ અપ્રમાદી મુનિ શુક્લધ્યાનના પહેલા બે પ્રકારના અધિકારી છે; માત્ર એ પૂર્વધર અને શ્રેષ્ઠ વજ્રઋષભનારાચ સંઘયણને ધરનારા હોવા જોઈએ; ત્યારે શુક્લધ્યાનના 'પરાણ' પાછલા બે પ્રકારના ધ્યાતા તો સયોગી-અયોગી કેવળજ્ઞાની હોય છે.**

---

છે, વિદ્વાન છે. માટે માષતુષ જેવા અપ્રમત્ત મુનિ પણ વિદ્વાન જ છે, અને તેથી ધર્મધ્યાનના અધિકારી છે.

પ્ર૦- શ્રાવક કે પ્રમત્તસાધુને ધર્મધ્યાન ન હોય ?

ઉ૦- શાસ્ત્ર કહે છે કે છઠ્ઠા 'પ્રમત્તસંયત' ગુણઠાણા સુધી આર્ત્તધ્યાનની મુખ્યતા રહે છે; કેમકે પ્રમાદ દશામાં રાગાદિનું જોર રહે છે અને એ રાગાદિ આર્ત્તધ્યાનને પોષનારા છે. એમને ક્યારેક ધર્મધ્યાન આવી જાય, પણ પ્રમાદના લીધે બહુ ટકે નહિ, ધારાબદ્ધ ચાલે નહિ. પ્રમાદ ગયેથી ધર્મધ્યાનના મુખ્યપણે અધિકારી બનાય.

હવે શુક્લધ્યાનના આદ્ય બે પ્રકારના ધ્યાતા પણ સમાન રીતે આ જ અપ્રમાદી વગેરે છે, એટલે આગળ પર શુક્લધ્યાનના નિરૂપણ વખતે એમને ફરીથી એમ ન વર્ણવવા પડે તેથી લાઘવ માટે અહીં જ પ્રસંગવશ એમને બતાવવા કહે છે,-

**વિવેચન :- ૧લા ૨જા શુક્લધ્યાનના અધિકારી :-** પહેલા બે પ્રકાર 'પૃથકત્વવિતર્ક-સવિચાર' અને 'એકત્વવિતર્ક-અવિચાર' શુક્લધ્યાનના અધિકારી પણ અપ્રમાદી તથા ઉપશામક વગેરે છે. એ ધર્મધ્યાનમાં આગળ વધતાં શુક્લધ્યાન પણ થઈ શકે છે. માત્ર એ પૂર્વના જ્ઞાતા હોવા જોઈએ.

**માષતુષ મુનિને શુક્લધ્યાન કેમ ?**

પ્ર૦- માષતુષમુનિ મરુદેવામાતા જેવાને પૂર્વશાસ્ત્રનું જ્ઞાન ક્યાં હતું ? તો શું એમને શુક્લધ્યાન નહિ ? ન હોય તો કેવળજ્ઞાન કેમ થયું ?

ઉ૦- એમને શુક્લધ્યાન આવેલું; કેમકે એ વિના અસંખ્ય જન્મના એકત્રિત થયેલા જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મ સઘળાં જ એકસાથે નાશ પામી શકે નહિ. પરંતુ તે ધ્યાન એમને સાતમા અપ્રમત્ત ગુણસ્થાનક વખતે નહિ કિન્તુ પછીથી એના ઉપરના ગુણસ્થાનકમાં આવેલું. કષાયની અત્યંત મંદતા અને સામર્થ્યયોગના પ્રભાવે તથાવિધ જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થઈ જવાથી, સૂત્રથી નહિ પણ, અર્થથી 'પૂર્વ' શાસ્ત્રનું જ્ઞાન યાને પૂર્વશાસ્ત્રમાં કહેલ સૂક્ષ્મ પદાર્થનું જ્ઞાન પ્રગટ થઈ જાય

છે. કિન્તુ તે સાતમાંથી ઉપર ગયા પછી. એટલા જ માટે અહીં ટીકાકાર મહર્ષિ સ્પષ્ટતા કરે છે કે 'પૂર્વધર' વિશેષણ પૂર્વ ગાથાના માત્ર 'અપ્રમાદી' પદમાં જ જોડવાનું છે. અર્થાત્ અપ્રમાદી પૂર્વધરને શુક્લધ્યાનના પહેલા બે પ્રકાર હોય છે. અર્થાત્ અપ્રમાદી છતાં 'પૂર્વ' શાસ્ત્ર ન ભણેલા હોય તો તે માત્ર ધર્મધ્યાન કરી શકે, શુક્લધ્યાન નહિ. આ શરત ક્ષપક-ઉપશામક નિર્ગ્રન્થને નહિ. એ 'પૂર્વ' શાસ્ત્ર ન પણ ભણ્યા હોય છતાં શુક્લધ્યાનના અધિકારી છે. (અલબત્ ઉપર કહ્યું તેમ એમને 'પૂર્વ'ના પદાર્થનું જ્ઞાન થઈ જાય; છતાં એ 'પૂર્વધર' અર્થાત્ ૧૪ 'પૂર્વ' શાસ્ત્ર ભણેલા ન કહેવાય.) ત્યાં માષતુષમુનિ જેવાને, નિર્ગ્રન્થ ક્ષપક બનતાં, શુક્લધ્યાન આવી જાય છે.

આ શુક્લધ્યાનના ધ્યાતા પ્રથમ 'વજ્રઋષભનારાચ' નામના સંઘયણને ધરનારા હોય છે. કેમકે એવા ઉત્કૃષ્ટ શરીર-સંઘયણ-બળ ઉપર જ તેવું મનોબળ અને સૂક્ષ્મ પદાર્થમાં ચિત્તની સ્થિરતા આવી શકે છે. આ વિશેષણ સામાન્યથી સમજવું. અર્થાત્ ઉચ્ચ ધ્યાનની યોગ્યતા માટે વિશેષતા આના પર નથી, કિન્તુ 'પૂર્વ'ધરતા, અપ્રમાદ, નિર્ગ્રન્થતા વગેરે પર છે. બાકી આ સંઘયણ તો સાતમી નરકે જનાર અધમ આત્માને ય હોય છે. છતાં અહીં આ વિશેષણથી એ સૂચવ્યું કે એથી નીચેના સંઘયણવાળાને શુક્લધ્યાન નહિ.

**૩ જા ૪ થા શુક્લધ્યાનના અધિકારી :-**

હવે શુક્લધ્યાનના જેમ પહેલા બે પ્રકાર પૂર્વધર અપ્રમત્તને યા ક્ષપક-ઉપશમકને, તેમ છેલ્લા બે પ્રકાર ક્રમશઃ બે પ્રકારના કેવળજ્ઞાનીને હોય છે. અર્થાત્ (૩) સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ શુક્લધ્યાન સયોગી કેવળીને, અને (૪) વ્યુપરતક્રિયા-અપ્રતિપાતી શુક્લધ્યાન અયોગી કેવળીને હોય છે. સયોગી એટલે વિહાર ઉપદેશ ગોચરી આદિ કાયયોગ વચનયોગવાળા કેવળજ્ઞાની મોક્ષ પામવાના અંતર્મુહૂર્તકાળ પહેલા યોગોને નિગ્રહ કરીને શૈલેશી (મેરુ જેવી નિષ્પ્રકંપ આત્મપ્રદેશ) અવસ્થા પ્રાપ્ત કરવા માટે ત્યાં જ ત્રીજું શુક્લધ્યાન ધરે છે અને એથી અયોગી બન્યે ચોથું શુક્લધ્યાન ધરે છે, જેમાં સર્વકર્મનો ક્ષય કરે છે.

**ધ્યાનાંતરિકા : કેવળી અધ્યાની :-**

આ પ્રમાણે શાસ્ત્રમાં મળે છે કે શુક્લધ્યાનના પહેલા બે ભેદ પસાર કર્યા હોય અને ત્રીજો ભેદ હજી અપ્રાપ્ત હોય, એવી ધ્યાનાંતરિકા (પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ શુક્લધ્યાનની મધ્યઅવસ્થા)માં રહેલાને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે; અને કેવળી શુક્લલેશ્યાવાળા હોય છે. એ જ્યાં સુધી ત્રીજા સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિને ન પામ્યા હોય ત્યાં સુધી અ-ધ્યાની ધ્યાનરહિત હોય છે. એમને બધું જ પ્રત્યક્ષ હોવાથી તેમજ ભાવ મન નહીં હોવાથી કશું અજ્ઞાત ચિંતવવા જેવું રહેતું નથી, માટે એમને ધ્યાન નહિ. તો પછી આગળ પર એમને ત્રીજું ચોથું શુક્લધ્યાન શું, એનો ખુલાસો આગળ આવશે. (આ પરથી સમજાશે કે તીર્થંકર પરમાત્માની ધ્યાનસ્થ મુદ્રાવાળી મૂર્તિ એ અપૂર્ણ અવસ્થાની મૂર્તિ છે, અને ધ્યાન-રહિત મધ્યસ્થ કીકીવાળી મુદ્રાની મૂર્તિ એ પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ અવસ્થાની મૂર્તિ છે.)



**झाणोवरमे वि मुणी णिच्चमणिच्चाइभावणापरमो ।**
**होइ सुभावियचित्तो धम्मज्झाणेण जो पुव्विं ॥६५॥**

**અર્થ :- ધ્યાન ચાલ્યું જાય ત્યારે પણ મુનિ હંમેશા અનિત્યાદિ ભાવનામાં રમે, અને ચિત્તને સારું ભાવિત કરે.**

આ પ્રાસંગિક વાત થઈ. હવે મૂળ વિષય ધર્મધ્યાનનું 'અનુપ્રેક્ષા' દ્વાર અવસરપ્રાપ્ત હોઈ તેની વ્યાખ્યા કરવા કહે છે,–

**વિવેચન :- ૧૨ અનુપ્રેક્ષા :-**

અહીં 'અનુપ્રેક્ષા' એટલે અનિત્યાદિ ભાવના. એનો ઉપયોગ આ રીતે છે;- ધર્મધ્યાનના પૂર્વોક્ત આજ્ઞા, અપાય, વગેરેમાંના કોઈ વિષય પર મન તન્મય લગાવ્યું, પરંતુ એ એમાંથી ચંચળ થતાં ધ્યાન તૂટે, ત્યારે શું કરવું ? એ માટે અહીં કહે છે કે ત્યારે પણ હંમેશા મનને તરત અનિત્યાદિ ભાવનામાં લગાડી દેવું - 'ત્યારે પણ' એમાં 'પણ'-નો ભાવ આ, કે આમ તો આ ભાવનાઓ ભાવવાની જ હોય છે, કિંતુ ધ્યાન-કાળે ધ્યાન ખંડિત થતાં પણ આ ૧૨ ભાવનાઓ ભાવવાની છે. 'અનિત્યાદિ'માં 'આદિ' શબ્દથી અશરણ-સંસાર, એકત્વ અન્યત્વ અશુચિત્વ, આશ્રવ-સંવર-નિર્જરા, લોક-ધર્મસ્વાખ્યાત-બોધિદુર્લભ ભાવનાઓ લેવાની છે.

૧૨ ભાવનાનું સ્વરૂપ **'શ્રી પ્રશમરતિ'** શાસ્ત્ર ગાથા ૧૫૧ થી ૧૬૨માં બતાવ્યું છે. તેનું ચિંતન આ પ્રમાણે –

**(૧) અનિત્ય ભાવનામાં** ચિંતવાય કે બધાય મનગમતા સગા-સ્નેહીજનનો સંયોગ, મનગમતી સમૃદ્ધિ, મનગમતા શબ્દ-રૂપ-રસાદિ વિષયોનાં સુખ તથા મનમાની સત્તા-સન્માનાદિ સંપત્તિઓ, તેમજ આરોગ્ય, દેહ, યૌવન અને આયુષ્ય, એ સઘળું ય અનિત્ય છે, નાશવંત છે. જો એના પર જીવ રાગ મમતા-આસક્તિ કરવા જાય, તો એ બધાના ચાલી જવા પર દુઃખ કેટલું થવાનું ? અવિનાશી આત્માએ આ નાશવંત જમાત પર સ્નેહ શા કરવા ?

**(૨) અશરણ ભાવનામાં** ચિંતવવું કે જ્યાં જન્મ-જરા-મૃત્યુના ભય ઝઝુમે છે, જ્યાં અનેકાનેક પ્રકારની વ્યાધિઓની વેદનાથી પકડાવાનું છે, એવા સંસારમાં

જીવને શરણ કઈ વસ્તુનું ? કોણ રક્ષણ આપે ? જીવનમાં ક્યારેક ને તે અજાણમાં બંધાતા આયુષ્ય વખતે જો મનના ભાવ અશુભ રહ્યા તો દુર્ગતિનું આયુષ્ય બંધાઈ જવાથી ત્યાં જ જન્મ લેવો પડે. એમાંથી હવે સારી પત્ની-પુત્ર-સંપત્તિ વગેરેમાંનું કોણ શરણ આપી બચાવી શકે ? એક માત્ર જિનેશ્વર ભગવંતના વચન વિના જીવને કોઈનું શરણ નથી.

પ્ર૦- તો શું જિનેશ્વરનું શરણ અહીંના વ્યાધિ-જરા-મૃત્યુ અટકાવી દે છે ?

ઉ૦- ના, પણ આ શરણ એટલા માટે છે કે (૧) એ બધી આપદાઓમાં ચિત્તને એ સમાધિ સ્વસ્થતા આપે છે. કેમકે એ સ્વ-પરનો ભેદ કરાવે છે, એથી એ વ્યાધિ આદિ આપદાઓ દુઃખરૂપ નથી લાગતી. (૨) વળી 'જેટલી આપદા એટલી કર્મની સાફસુફી' એનો આનંદ રહે છે. (૩) તેમજ ભવિષ્યમાં જનમ-જરા મૃત્યુ આદિ પીડાનો કાયમી અંત સર્જે છે.

(૩) એકત્વભાવનામાં ચિંતવવું કે,—આ સંસારના ચક્રાવામાં જીવને એકલાં જ જન્મવું પડે છે, એકલા જ મરવું પડે છે. એકલા જ નરકાદિ ગતિઓમાં જવું પડે ને એકલા જ શુભ અશુભ કર્મ બાંધવા-ભોગવવા પડે છે, તો પછી સ્વાત્માનું શાશ્વતકાળનું હિત પણ એકલાએ જ સાધવું જોઈએ. જેમ જનમવા-મરવા વગેરેમાં કોઈના સહારાની આશા રાખવી નિષ્ફળ છે, એમ સ્વાત્મહિત સાધનામાં પણ બીજાની આશા રાખવી નકામી છે. કર્મ ભોગવવામાં એકલા પડવું પડે, એકલા પડી શકાય, તો આત્મહિતની સાધનામાં એકલા ન પડી શકાય ?

(૪) **અન્યત્વ ભાવનામાં** એ ચિંતવવું કે,-'હું સ્વજન કુટુંબીઓથી નિરાળો છું, એમ પરિવારથી, વૈભવથી તથા કાયાથી ભિન્ન છું. એ ખરેખર હું નથી, તેમ એ ખરેખર મારા નથી, યાને મારી કે મારા તાબાની ચીજ નથી. તો પછી મારે એમાંના કોઈનો વિયોગ થાય કે એમાં વાંકું ચૂકું થાય, એમાં શોક-ખેદ શા સારુ કરવો જોઈએ ? જેમ ક્યાંક કોઈનો છોકરો મરે એ મારો નથી તો હું રોતો નથી, શોકમાં મગ્ન થતો નથી. તો પછી મારો માનેલો ય ખરેખર તો મારો નથી તો હું એના મરવા પર શા માટે શોક કરું ? જો સ્વજન-શરીરાદિ મારાથી તદ્દન અન્ય ન હોય તો મર્યે એ બધું છોડી કેમ મારે એકલાને જવું પડે ? માટે હું એનાથી તદ્દન અન્ય જ છું.' આમ અન્યત્વની મતિ જેને નિશ્ચલ થઈ એને શોકરૂપી કળિયુગ વળગતો નથી, પીડતો નથી, ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાન થયે મરુદેવામાતા પુત્રને જોવા આવ્યા, ત્યાં ૧૦૦૦ વર્ષના વિયોગ પછી પુત્ર બોલાવતો નથી એનો શોક ઊભરાઈ આવ્યો, પરંતુ ત્યાં જ એ અન્યત્વ ભાવનામાં ચઢતાં કેવળજ્ઞાન પામ્યા.



(૫) **અશુચિત્વ ભાવનામાં** ચિંતવવું કે,-'આ શરીર એમાં નાખેલા સારાં શુદ્ધ ખાનપાનાદિને અશુચિ ગંદા કરવાનું સામર્થ્ય ધરાવે છે, તેમજ એ મૂળ ગંદા રજો-વીર્યમાં જનમ્યા પછી ય એને માતાના ગર્ભમાં ઉત્તરોત્તર પોષનારા પદાર્થ પણ ગંદા હોય છે, તેથી એ સ્વરૂપે અશુચિ છે. ન્હાઈને બહારની અલ્પકાળની ચોક્ખાઈનો સંતોષ મનાય એટલું જ; બાકી ત્યારે પણ એ અંદરમાં ખરેખર ગંદુ છે.' આમ અવસરે અવસરે દેહનો અશુચિભાવ વિચારવા જેવો છે, એથી શરીરનો મોહ, વિભૂષાનો મોહ, સ્ત્રીશરીરનો રાગ વગેરે મોળા પડતા જાય.

(૬) **સંસારભાવનામાં** ચિંતવાય કે, 'આ સંસારમાં જીવ એક ભવે માતા થઈને બીજા ભવે દીકરી થાય છે, બહેન થાય છે, પત્ની થાય છે. ત્યારે એક વાર દીકરો થઈ બીજા ભવે બાપ બનવાનું, ભાઈ બનવાનું, શત્રુ થવાનું થાય છે. આમ કોને કયા એક ચોક્કસરૂપના કુટુંબી તરીકે માથે લઈને ફરવા ? અને પોકળ મમતા કરવી ? ખોટી મમતા પાછળ પાપ વધારવા ? દુર્ધ્યાન કરવા અને દેવગુરુધર્મ ભૂલવા ?' આ ભાવનાનું ફળ એ કે સ્વજન મમત્વ છૂટી જાય અને સ્વજન ખાતર દેવગુરુધર્મ ન ભૂલાય.

(૭) **આશ્રવભાવનામાં** ચિંતવવું કે-'જે બિચારો મિથ્યાદૃષ્ટિ છે, સર્વજ્ઞવચનની શ્રદ્ધા વિનાનો છે, અવિરત છે, વિરતિ યાને પ્રતિજ્ઞાબદ્ધ હિંસાદિ પાપના ત્યાગવાળો નથી, વિષયાસક્તિ-નિદ્રા-વિકથાદિ પ્રમાદવાળો છે, અને જેને કષાય તથા ત્રિદંડ યાને મન-વચન-કાયાના અશુભ યોગોમાં રુચિ છે, એવા જીવને તેટલા પ્રમાણમાં આશ્રવ અને કર્મ લાગે છે. આશ્રવ લાગ્યાથી આ ઊંચા માનવભવમાં એ, અફસોસ ! કેવી સુંદર સંવરની તક ગુમાવે છે ? કર્મ લાગ્યાથી પછી એ, અહો !, કેવા એના દારુણ વિપાક દીર્ઘકાળ ભોગવે છે ? માટે હું એ આશ્રવની અટકાયત માટે યત્નશીલ રહું.' એનું ફળ આશ્રવથી ડર અને આશ્રવનો ત્યાગ છે.

(૮) **સંવરભાવનામાં** ચિંતવવા જેવું કે,-'જે મન-વચન-કાયાની વૃત્તિ કર્મનું ગ્રહણ અટકાવે એ સંવર છે. એ ચિત્તની સુંદર સમાધિવાળો, વચન-કાયયોગની સ્વસ્થતાવાળો, અને કલ્યાણસ્વરૂપ છે; કેમકે એ અંતે સૂક્ષ્મકાયયોગવૃત્તિ લાવી શૈલેશીકરણ સાધી આપી સર્વસંવર યાને સર્વથા અકર્મબંધઅવસ્થા લાવી આપે છે. એમ શ્રેષ્ઠ સંવરદાન કરનાર અનંતા અરિહંત પ્રભુ ફરમાવે છે. આ ભાવનાથી સંવરની અનુમોદના અને આચરણા આવે.

(૯) **નિર્જરાભાવનામાં** ચિંતવાય કે,-'જેવી રીતે શરીરમાં સંગૃહીત થયેલ

આમ-પિત્તાદિ દોષ, જો પ્રયત્નપૂર્વક એનું વિશેષે શોષણ કરવામાં આવે તો, એ પચી જાય છે, જર્જરિત થઈ નષ્ટ થઈ જાય છે; એ જ રીતે આત્મા પર સંગૃહીત થયેલ કર્મને ઉપરોક્ત સંવર માર્ગ પણ તપ સહિત બન્યાથી નિર્જરી નાખે છે, ક્ષીણ કરી નાખે છે...' આ ભાવનાથી નિર્જરાની તમન્ના જાગે.

(૧૦) **લોકભાવનામાં** લોક યાને ૧૪ રાજલોકમાંના અધોલોક, તિર્ચ્છાલોક તેમજ ઊર્ધ્વલોકનો વિસ્તાર ચિંતવવો. એનું પ્રમાણ આકૃતિ વગેરે ચિંતવે. સાથે એમાં ક્યાં ક્યાં શું શું આવેલું છે એ વિચારે. એમ સર્વત્ર એ દરેક સ્થાને થયેલ અનંત જન્મ-મરણ, એમાં થયેલ આત્માની દુર્દશા ચિંતવવી. તથા લોકમાં રહેલ અનેકવિધ રૂપી પુદ્ગલ-દ્રવ્ય અને એનાં થયેલા કે થતા વિવિધ ઉપયોગ વિચારવા. એથી વૈરાગ્ય અને સમાધિ પ્રાપ્ત થાય.

(૧૧) **'ધર્મસ્વાખ્યાત' ભાવનામાં** ચિંતવવાનું કે 'અહો ! રાગ-દ્વેષાદિ આંતર શત્રુગણને જીતનારા શ્રી જિનેશ્વર-ભગવંતોએ કેવો અનન્ય સુંદર શ્રુતધર્મ-ચારિત્રધર્મ બતાવ્યો છે ! વિશ્વમાં એનો જોટો નથી, એના જેવી સુંદર કોઈ કાર્યવાહી નથી. એ ધર્મમાં જે રક્ત રહ્યા તે સંસાર-સમુદ્રને સહેલમાં તરી ગયા. આ ભાવનાથી ધર્મ-ઋદ્ધિ વધે.

(૧૨) **'બોધિદુર્લભ' ભાવનામાં** ચિંતવાય કે,-આ જગતમાં મનુષ્યભવ, એમાં વળી ૧૫ કર્મભૂમિમાં જન્મ અને એમાં પણ અનાર્ય દેશે નહિ કિન્તુ આર્યદેશે જન્મ, એમાં ય નીચકુળે નહિ પણ ઉત્તમ આર્યકુળમાં જન્મ, ને એમાં ય અખંડ પાંચ ઈન્દ્રિય, આરોગ્ય, તથા એના ઉપરાંત દીર્ઘ આયુષ્ય, એ ઉત્તરોત્તર એકેક દુર્લભ છે, પ્રાપ્ત કરવા બહુ મુશ્કેલ છે. અરે ! એ મળી ય જાય છતાં એમાં સારા કુળ-સંસ્કાર, ને સંતસમાગમની રુચિ મળવી મુશ્કેલ; એમાં ય તેવા શુદ્ધ ઉપદેશક સંતપુરુષ મળવા કઠિન, અને એય મળવા છતાં એમની પાસે શુદ્ધ ધર્મતત્ત્વનું શ્રવણ પામવું મુશ્કેલ છે. અરે ! આ બધું છતાં બોધિ યાને જૈન ધર્મની પ્રાપ્તિ થવી, હૃદયમાં સ્પર્શના થવી, એ ચીજ અત્યંત મોંઘી છે, તેમ એ વિના આત્માનો ઉદ્ધાર નથી. તો ૧૪ રાજલોકમાં કર્મવશ અને મોહઘેલા જીવોની દશા જોતાં એવી સુદુર્લભ બોધિ અહીં અતિ સુલભ થવાના સંયોગોમાં હું કેમ એને અપનાવતો નથી ? એમાં તો પછી ભવાંતરે એ કેટલી ય અતિ સુદુર્લભ બને ?

ધ્યાનધારા તૂટતાં આ પ્રમાણે તરત જ આ ૧૨ ભાવનામાં ચિત્ત લગાવી દેવાનું, પ્રશ્ન થાય,-



**होंति कमविसुद्धाओ लेसाओ पीय-पम्ह-सुक्काओ ।**
**धम्मज्झाणोवगयस्स तिव्व मंदाइ-भेयाओ ॥६६॥**

**અર્થ :- ધર્મધ્યાનમાં રહેલાને તીવ્ર મંદ યા મધ્યમ પ્રકારવાળી પીત-પદ્મ-શુક્લલેશ્યા હોય છે. એ ક્રમસર વધતી વિશુદ્ધિવાળી છે.**

**૧૨ ભાવનાથી શો લાભ ?**

ઉત્તર એ છે કે એથી એક લાભમાં જગતના સચિત્ત-અચિત્ત-મિશ્ર પદાર્થ ઉપરની આસક્તિ-મમતા-રાગ તૂટે, અનાસક્ત દશા આવે, અને બીજા લાભમાં ભવનિર્વેદ થાય, વધતો જાય. દા.ત. (૧) અનિત્યભાવનાથી 'સચિત્ત' યાને પત્નીપુત્રાદિ ચેતન, પદાર્થ, 'અચિત્ત' અર્થાત્ પૈસા-માલ-મિલકત આદિ, 'મિશ્ર' એટલે અલંકારસહિત સ્ત્રી આદિ સૌ અનિત્ય, ઊઠીને ચાલતા થનારા, એમ બરાબર ભાવતાં સહેજે એના પરની આસક્તિ કપાય. એમ (૨) 'અન્યત્વભાવના'થી પોતાની ખુદ કાયા ય અન્ય યાને નિરાળી લાગવાથી એના પરથી પણ આસક્તિ ઊઠે. એમ બારે ભાવનાથી વિશ્વના સમસ્ત ચરાચર પદાર્થનો પક્ષપાત આસક્તિ તૂટે, તૂટતી આવે; અને સંસાર આવા બધા અનિત્ય આદિ પદાર્થનો જ ભરેલો હોઈ એના પર નફરત થાય, અરુચિ અકળામણ થાય. જેમ જેમ પેલી આસક્તિ વધુ કપાય, તેમ તેમ સંસાર અને સંસારના ઔદયિક ભાવો પર અલિપ્તતા વધતી જાય-મુનિ ધર્મધ્યાનથી ચ્યુત થતાં જ આ લાભ કરનારી બાર ભાવનામાં પરોવાય, એટલે અનભિષ્વંગ-ભવનિર્વેદ-અનાસક્તિ વળી વધીને પાછી એકાગ્રતા વધી ધર્મધ્યાન લાગે.

પ્ર૦- ધર્મધ્યાનથી ખસતાં તરત જ બીજું કાંઈ મનમાં ન આવતાં આ ભાવના જ શી રીતે લાગે ?

ઉ૦- જેને પૂર્વે ધર્મધ્યાનથી અંતઃકરણને સારી રીતે ભાવિત કર્યું હોય એને એ ધર્મધ્યાનના, આજ્ઞા-અપાય-વિપાક-સંસ્થાન વિષયોની રમણતા જ એવી થઈ ગઈ છે કે એના પરના ધ્યાનાત્મક સ્થિર ચિંતનને ગુમાવતાં એમનામાં જ વિષયો પર ભાવનાત્મક વિચારસરણી ચાલે. બાર ભાવનાના વિષય ધર્મધ્યાનના વિષયોમાં સમાઈ જાય છે; એટલે મન ધ્યાન જતાં સહેજે એમાં સમાઈ જાય. માત્ર, વારંવારના ૪ પ્રકારના ધર્મધ્યાનથી ચિત્તને-દિલને-હૃદયને ભાવિત કરી દેવું જોઈએ. ચિત્ત એનાથી જ રંગાઈ જાય. આ 'અનુપ્રેક્ષા' દ્વાર વિચાર્યું.

**લેશ્યા**

હવે લેશ્યા દ્વાર વિચારવા કહે છે,-

आगम-उवएसा-ऽऽणा-णिसग्गओ जं जिणप्पणीयाणं ।
भावाणं सद्दहणं, धम्मज्झाणस्स तं लिंगं ॥६७॥

**અર્થ :- જિનેશ્વર ભગવંતે કહેલ (દ્રવ્યાદિ પદાર્થ)ની આગમ સૂત્ર, તદનુસારી કથન, સૂત્રોક્ત પદાર્થ યા સ્વભાવથી શ્રદ્ધા કરવી, એ ધર્મધ્યાનનું જ્ઞાપક ચિહ્ન છે.**

**વિવેચન :-** ધર્મધ્યાનમાં રહેલાને કૃષ્ણાદિ છ લેશ્યામાંની ઉપરની પીત-પદ્મ-શુક્લ એ ત્રણ લેશ્યા હોય છે. ધર્મધ્યાન એ શુભ ધ્યાન હોઈ સહેજે એમાં ચિત્ત નિર્મળ હોય, તેથી કૃષ્ણ-નીલ-કાપોત એ નીચેની ત્રણ અશુભ લેશ્યાને અવકાશ ન હોય; પણ ઉપરની પીત-પદ્મ-શુક્લ એ શુભ લેશ્યાને અવકાશ હોય. એ લેશ્યાઓ ક્રમસર વિશુદ્ધિવાળી છે; અર્થાત્ પીત લેશ્યા કરતાં પદ્મલેશ્યા વધારે વિશુદ્ધ અને એના કરતાં શુક્લલેશ્યા વધુ વિશુદ્ધ હોય છે. એમાં અન્ત્ય લેશ્યા, એ તીવ્ર, આદ્ય એ મંદ, અને મધ્યમ લેશ્યા એ મધ્યમ પ્રકારની હોય છે. આ દરેક લેશ્યા પણ એક જ માત્રાની નથી હોતી, કિન્તુ ચડતી-ઊતરતી માત્રાવાળી હોય છે. કોઈને પીત લેશ્યા મંદ માત્રામાં હોય, તો કોઈને મધ્યમ યા કોઈને તીવ્ર માત્રામાં હોય. એક જીવમાં પણ લેશ્યા મંદમાત્રાએ શરૂ થઈને વધતા વધતા મધ્યમ અને તીવ્ર માત્રામાં પહોંચી જાય, એમ પણ બને. ધર્મધ્યાન એ આજ્ઞા-અપાય વગેરે વિષયોનું કોરું સૂકું ચિંતન નહિ, પણ ભાવભીનું ચિંતન છે; તેથી શુભ લેશ્યાને અહીં અવકાશ છે. એ લેશ્યાની માત્રા તીવ્ર મંદ આદિ કહી તેમાં સામાન્ય રૂપથી જીવના તેવા તીવ્રમંદાદિ શુભ પરિણામવિશેષ યાને અધ્યવસાય-વિશેષ પણ લઈ શકાય કે જે લેશ્યાની પાછળ કામ કરતા હોય છે. આ 'લેશ્યા' દ્વાર થયું.

## ધર્મધ્યાનના જ્ઞાપક ચિહ્ન (લિંગ)

હવે લિંગ દ્વારનું વર્ણન કરતાં કહે છે,-

**વિવેચન :- પહેલું લિંગ 'શ્રદ્ધા' :-**

જીવ ધર્મધ્યાનમાં વર્તી રહ્યો છે એનું પહેલું જ્ઞાપક ચિહ્ન આ, કે એનામાં વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવંતોએ પ્રરૂપેલ ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યો અને એના ગુણ-પર્યાયોની શ્રદ્ધા હોય. આ શ્રદ્ધા આગમ, ઉપદેશ, આજ્ઞા યા નિસર્ગથી ઊભી થયેલી હોય. આમાં 'આગમ' = સૂત્ર, 'ઉપદેશ' = સૂત્રાનુસારી દેશના, 'આજ્ઞા' = સૂત્રોક્ત પદાર્થ; 'નિસર્ગ' = સ્વભાવ.

(૧) **'આગમ'** યાને જિનાગમ સૂત્ર ભણે એટલે એમાં કહેલ જિનોક્ત દ્રવ્યાદિ પદાર્થની શ્રદ્ધા થાય. એ આગમથી શ્રદ્ધા થઈ કહેવાય. ગોવિંદાચાર્ય હરિભદ્રસૂરિ વગેરેને જિનાગમ ભણતાં ભણતાં શ્રદ્ધા થઈ.



जिणसाहुगुणक्कित्तण-पसंसणाविणयदाणसंपण्णो ।
सुअसीलसंजमरओ धम्मज्झाणी सुणेयव्वो ॥६८॥

**અર્થ :- જિનેન્દ્ર તીર્થંકરદેવ તથા મુનિઓના (નિરતિચાર સમ્યગ્દર્શનાદિ) ગુણોનું કથન, ભક્તિપૂર્વક સ્તુતિ, વિનય, એમને (આહારાદિનું) દાન એનાથી સંપન્ન અને જિનાગમ, વ્રત, સંયમ (અહિંસાદિ) એમાં ભાવથી રક્ત ધર્મધ્યાની હોય એ જાણવું.**

(૨) **'ઉપદેશ' :-** કેટલાયને તો જિનાગમાનુસારી ઉપદેશ-દેશના વ્યાખ્યાન સાંભળીને જિનોક્ત તત્ત્વની શ્રદ્ધા થાય. મૂળ આગમ જિનાગમ ઓછાને મળે; ત્યારે આચાર્યાદિનો આગમ-સૂત્રાનુસારી ઉપદેશ સાંભળવા ઘણાને મળે. એ એથી તત્ત્વશ્રદ્ધાવાળા બને.

(૩) **'આજ્ઞા'** એટલે જિનાગમથી જે 'આજ્ઞપ્યન્તે' ફરમાવાય છે તે જીવાદિ પદાર્થો. એનાથી શ્રદ્ધા થાય એટલે કે (i) એ પદાર્થોની સચોટ વ્યવસ્થા જોઈને શ્રદ્ધા થઈ જાય, અથવા (ii) જગતના પદાર્થોની વ્યવસ્થિત વિચારણા કરતાં કરતાં એવો મિથ્યાત્વ કર્મનો ક્ષયોપશમ થઈ જાય કે ત્યાં બરોબર જિનોક્ત પદાર્થની શ્રદ્ધા બની જાય, **વલ્કલચીરી**ને તાપસપણાના ભાંડાની પ્રમાર્જના કરતાં કરતાં જિનોક્ત સંયમમાર્ગના પાત્રાદિ પડિલેહણ વગેરે પદાર્થ પર શ્રદ્ધા થઈ. એમાં ભાવના કરતાં પરાકાષ્ઠાએ કેવળજ્ઞાન લીધું.

(૪) **'નિસર્ગ' એટલે સ્વભાવ :-** સહજ ભાવે મિથ્યાત્વ મોહનીય કર્મ તૂટતું આવતાં એનો ક્ષયોપશમ થઈ જાય, અને જિનોક્ત તત્ત્વની શ્રદ્ધા પ્રગટી જાય એ નિસર્ગથી સમ્યગ્દર્શન થયું કહેવાય. કોઈક જીવવિશેષને તેવા નિર્મળ ભાવોલ્લાસે ભાવની વિશુદ્ધિ વધતાં આમ બને.

ઉપરોક્ત ચારમાંથી ગમે તે કારણે જિનોક્તતત્ત્વોની શ્રદ્ધા કરાતી હોય એ ધર્મધ્યાનનું લિંગ છે. વિદ્વત્તા ઘણી ય હોય, નવ પૂર્વ સુધીનું જ્ઞાન હોય, કિન્તુ આ શ્રદ્ધા જ જો નહિ, તો વિપાક, સંસ્થાન આદિની વિચારણા ગમે તેટલી બોલી બતાવે, છતાં ત્યાં ધર્મધ્યાન નહીં હોવાનું. શ્રદ્ધા પાયામાં જોઈએ. એ હોય તો જ સમજાય કે ત્યાં ધર્મધ્યાન છે. વળી,

**વિવેચન :- ધર્મધ્યાનનાં બીજા ચિહ્ન.**

જેના ચિત્તમાં ધર્મધ્યાન વર્તતું હોય એ આ બીજા પણ ચિહ્ન પરથી જણાઈ આવે.

(૧) પહેલું ચિહ્ન તો ઉપર કહ્યું તેમ જિનોક્તભાવોની **શ્રદ્ધા** છે. વળી (૨)

ધર્મધ્યાની એ જિનેશ્વર ભગવાન અને નિગ્રંથમુનિઓના ગુણોનું કીર્તન-પ્રશંસા કરતો હોય. એમાં (૧) ગુણોનું નામ દઈને કથન-વિવેચન એ કીર્તન. દા.ત. ભગવાનમાં ૩૪ અતિશય આવા આવા હોય છે, એમ ગણાવે એ કીર્તન, અને (૨) **શ્લાઘ્ય** તરીકે ભક્તિપૂર્વક સ્તુતિ એ પ્રશંસા. દિલમાં એમના તરફ ભક્તિ ઊભરાઈને બોલાય કે 'અહો, પ્રભુનું કેવું નિરતિચાર સમ્યગ્દર્શન-સમ્યગ્ચારિત્ર ! કેવા એમણે ઉપસર્ગ સહ્યા ! સાધુમહારાજની કેવી સમ્યક્ શ્રદ્ધાન સાથે તપ-સંયમની સાધના !...' આમ કીર્તન-પ્રશંસા કરતો હોય;

(૩) એમ, (૧) વિચરતા જિનેન્દ્ર ભગવાનને આહારાદિનું ભાવપૂર્વક દાન કરે; એમ (૨) સ્થાપના-જિનની સ્વશક્તિને છાજતી ઉત્તમદ્રવ્યથી ભક્તિ પૂજા કરતો હોય; (૩) સાધુ-સાધ્વીને આહાર-વસ્ત્ર-પાત્ર-મુકામ વગેરેનું દાન કરતો હોય;

(૪) વળી, દેવગુરુનો વિનય કરે, (i) ભગવાન પધાર્યા તો સામે જાય. (ii) ભગવાનની પાસે જતાં સચિત્ત (સ્વ-ઉપભોગમાં લેવાના ખાનપાનાદિ)નો ત્યાગ કરીને જાય. તથા (iii) અચિત્ત (પ્રભુને પૂજામાં ધરવા યોગ્ય-પુષ્પફળાદિ) લઈને જાય; (iv) ઉતરાસંગ ઓઢીને જાય; (v) પ્રભુને દેખે ત્યાંથી અંજલિ જોડી માથું નમાવી "નમો જિણાણં" બોલે, (vi) દેવદર્શનાદિમાં મન-વચન-કાયાથી એકાગ્ર બને; ઈત્યાદિ પ્રભુનો વિનય કરતો હોય. એમ મુનિ મહારાજનો વિનય કરે, એ આવ્યે ઊભાં થવું, એ જતાં વળાવવા જવું, એમને આસન દેવું, એમની સુખશાતા પૂછવી, એમના વચનને 'તહત્તિ-તથાસ્તુ' કરીને સ્વીકારવું, વગેરે સાધુ-વિનય કરતો હોય.

(૫) એમ, સ્વયં **શ્રુત-શીલ-સંયમથી સંપન્ન** હોય; 'શ્રુત' એટલે સામાયિક સૂત્રથી માંડીને ૧૪મું પૂર્વ 'બિંદુસાર' સુધીના આગમ. 'શીલ' એટલે વ્રત-નિયમાદિ ચિત્તસમાધિનાં સાધન. (વ્રત-નિયમ-સમાધિ-સદાચારોનો ભાર ન હોય તો નિરંકુશ મન, ઈષ્ટ ઈન્દ્રિય વિષયો માપમાં જ મળતા હોવાથી, અસંતુષ્ટ અસ્વસ્થ રહે છે; તથા કષાયોની છૂટ હોવાથી ય અસ્વસ્થ અસમાહિત રહે છે; માટે 'શીલ' જરૂરી) તેમજ 'સંયમ' એટલે જીવહિંસાદિ પાપોનો ત્યાગ. આ શ્રુત-શીલ-સંયમમાં ભાવથી રક્ત હોય;

**એ ધર્મધ્યાનમાં વર્તતો હોય છે,** એમ સમજી શકાય. કેમકે અંતરમાં ધર્મધ્યાન વિના એ ભાવથી જિન-મુનિ-ગુણપ્રશંસા વગેરે કરવાનું બને નહિ, આ પરથી એ સમજાય એવું છે કે જો આ પ્રશંસાદિને બદલે નિંદા વગેરે હોય, યા મોહવશ ભક્ત



આદિની પ્રશંસા-સરભરા ચાલતી હોય, તો ત્યાં આર્ત્તધ્યાન વર્તતું હોય એમ મનાય, તેમ એ શ્રદ્ધા-ગુણકીર્તનાદિ ચિહ્નોમાં પ્રવૃત્તિ ખૂબ રહે, તો ધર્મધ્યાન સરળ બને.

પ્ર૦-ધર્મધ્યાનના સ્વામી (અધિકારી) તો પૂર્વે અપ્રમત્ત મુનિ આદિને કહી આવ્યા. તો ધર્મધ્યાન એમને હોય; પછી અહીં જે નિસર્ગ-શ્રદ્ધા; દેવગુરુ-વિનય, વગેરે લિંગ કહ્યા તે તો સમકિતી અને દેશવિરતી શ્રાવક તથા પ્રમત્તમુનિને પણ હોય. તો શું એમને ધર્મધ્યાન હોઈ શકે ?

ઉ૦- શ્રુત-શીલ-સંયમરક્તતા સુધીના સંપૂર્ણ લિંગ તો અપ્રમત્તમુનિને હોય. એ હિસાબે નીચેના ગુણસ્થાનકવાળાને મુખ્યપણે ધર્મધ્યાન ન હોઈ શકે; છતાં ઉપરોક્ત શ્રદ્ધાદિ અમુક લિંગોના હિસાબે પ્રમત્તમુનિને ધર્મધ્યાન ગૌણપણે આવી શકે. એથી નીચેના સમકિતી શ્રાવકને અવિરતિ હોવાથી આર્ત્તધ્યાનમાં ખેંચાવાનું વધારે રહે છે. તેથી એમને ધર્મધ્યાન આર્ત્તની અપેક્ષાએ બહુ અલ્પ જેવું આવે. આ 'લિંગ' દ્વાર થયું.

હવે 'ફળ' દ્વારનો અવસર છે. પણ લાઘવાર્થ એટલે કે લખવું થોડું પડે એ માટે શુક્લધ્યાનના ફળના અધિકાર વખતે એને કહેશે; બાકી ધર્મધ્યાનની વિચારણા અહીં પૂરી થઈ.

•



# ૪. શુક્લધ્યાન

**अह खंति-महव ऽज्जव-मुत्तीओ जिणमयप्पहाणाओ ।**
**आलंबणाइं जेहिं सुक्कज्जाणं समारुहइ ॥६९॥**

**અર્થ :- હવે (આસન દ્વાર પછી) જિનમતમાં મુખ્ય ક્ષમામૃદુતા ઋજુતા-નિર્લોભતા એ આલંબનો છે તેથી શુક્લધ્યાન પર ચઢાય છે.**

હવે શુક્લધ્યાનને વર્ણવવાનો અવસર છે. 'શુક્લ' શબ્દની વ્યુત્પત્તિ પ્રારંભે કહી છે. શોકને નષ્ટ કરે તે 'શુક્લ'. આ શુક્લધ્યાનમાં પણ ધર્મધ્યાનની જેમ 'ભાવના'થી 'ફળ' સુધીના ૧૨ દ્વારથી વિચારણા છે. એમાં ભાવના-દેશ-કાળ-આસનદ્વારોમાં ધર્મધ્યાનથી કોઈ ફરક નથી. એટલે અહીં એને ફરીથી વિચારવામાં નથી આવતા. હવે એ મૂકીને અહીં 'આલંબન' દ્વાર કહેવાની ઈચ્છાથી કહે છે,-

**વિવેચન :- શુક્લધ્યાન માટે આલંબનો :-**

શુક્લધ્યાન અંગે 'આસન' સુધીના દ્વાર પૂર્વે વિચારાયા હવે 'આલંબન' દ્વાર વિચારતાં, શુક્લધ્યાન માટે આલંબનો તરીકે ક્ષમા-મૃદુતા-ઋજુતા-મુક્તિ છે.

**ક્ષમાદિનું સ્વરૂપ :-**

આ ક્ષમાદિ ક્રોધ-માન-માયા-લોભના ત્યાગરૂપ સમજવાના છે. અર્થાત્ ક્રોધ-ત્યાગ એ જ ક્ષમા, માન-ત્યાગ એ જ મૃદુતા, માયાત્યાગ એ જ ઋજુતા, લોભત્યાગ એ જ મુક્તિ. આમાં તે તે ક્રોધ વગેરેનો ત્યાગ બે રીતે,—(૧) ઉદયમાં આવવા તૈયાર ક્રોધાદિ મોહનીય કર્મના ઉદયનો નિરોધ યાને અટકાયત કરવી, અથવા (૨) ઉદીરણા કરાયેલ ક્રોધાદિને નિષ્ફળ કરવા.

(૧) ક્રોધાદિના ઉદયનો નિરોધ આ રીતે, કે દા.ત.

આપણને પ્રતિકૂળ અનિષ્ટ કોઈના તરફથી થવાની આગાહી થાય ત્યાં,-જેમકે ખંધકમુનિને મારાઓએ આવીને કહ્યું કે 'અમારા રાજાના હુકમથી અમારે તમારી ચામડી ઉતારી લેવાની છે,' આવું સાંભળવા મળે ત્યાં,—ક્રોધકષાયને ઉદયમાં આવવાની તૈયારી ગણાય. એ વખતે જ એ ઉદયને શુભ વિચારણાથી અટકાવવાનો પ્રયત્ન કરી એને અટકાવાય, એ ઉદયનિરોધ કર્યો કહેવાય. શુભ વિચારણા આગળ બતાવાય છે એવી કરવાની.

(૨) ક્રોધાદિ ઉદીરણાને નિષ્ફળ કરવાના આ રીતે, કે સામાએ આપણને કાંઈ પ્રતિકૂળ વર્તાવ કર્યો, આપણું અનિષ્ટ-અણગમતું કર્યું, તો ત્યાં તરત જ દિલમાં ક્રોધ ભભૂકી ઊઠે છે. આ ક્રોધની ઉદીરણા યા ઉદય થયો કહેવાય. હવે આને નિષ્ફળ કરવો એટલે કે એ ક્રોધોદયના માથે ફળ ન બેસવા દેવું. દા.ત. અંતરમાં ક્રોધ ભભૂકવા પર [1]ક્રોધભરી લાંબી વિચારણા ચલાવાય, [2]બહારમાં આંખ લાલ થાય, [3]ઊંચી ચડી જાય, [4]મોં બગડે, [5]આવેશવાળું થાય, [6]હોઠ કંપે, [7]ગમે તેવા કર્કશ શબ્દ કે ગાળ બોલાય, [8]હાથ મારવા ઉઠાવાય... આ બધું ક્રોધનું ફળ છે, એ કશું ન થવા દેવાય તો ક્રોધને નિષ્ફળ કર્યો કહેવાય. આ માટે પણ આ પ્રમાણે વિચારવું.

### ૪. કષાય-ત્યાગ માટે વિચારણા

**(૧) ક્રોધના ઉદયનો નિરોધ અને ઉદીર્ણ ક્રોધનું નિષ્ફળીકરણ** એ વિચારણા કરવાથી થાય કે (૧) 'જીવ ! ધ્યાન રાખજે; આ બહારનું બગડ્યું છે કે બગડશે તે તો તારાં પોતાનાં અશુભ કર્મના લીધે; પરંતુ હવે તું ક્રોધ કરીને તારા આત્માના પરલોકનું ન બગાડીશ, પેલું તારા હાથમાં નથી, આ તારા હાથની વાત છે. (૨) ક્રોધ કરવાથી સામાનો ક્રોધ વધી આગ સળગે છે. એમાં નુકસાન વધે છે. (૩) 'સવ્વે જીવા કમ્મવસ' એ હિસાબે સામો જીવ બિચારો કર્મને પરાધીન છે. એના પર ગુસ્સો શો કરવો ? એ તો દયાપાત્ર છે, માટે એની કરુણા ચિંતવવા જેવી છે, એના પર ગુસ્સો કરવા જેવો નહિ. કેમકે આમે ય એ અજુગતું આચરવાથી કર્મનો માર ખાવાનો છે, તો એના પર વળી વધુ જુલ્મ શો કરવો ? (૪) મારે બહારનું બગડ્યું એ તો પરનું બગડ્યું, મારા આત્માનું કશું બગડ્યું નથી. એની પુણ્યાઈ, એનો ધર્મ અને એની સત્તાગત અનંત જ્ઞાનાદિ-સમૃદ્ધિ તો જે છે તે જ છે, એમાં સામો કાંઈ બગાડી શકતો નથી. પછી ક્રોધ શા સારુ કરવો ? (૫) ક્રોધ કરવાથી મહાવીર પ્રભુના સંતાનપણાને કલંક લાગે છે, (૬) અમોલ જિનશાસનની પ્રાપ્તિ એળે જાય છે, (૭) આજ સુધી સેવેલા ધર્મની સમજ ઘવાય છે. (૮) મારા કરતાં સો-હજાર-લાખગુણી આપદામાં મહાપુરુષોએ ક્રોધ નથી કર્યો. મહાવીર પ્રભુના કાનમાં ખીલા ઠોકાયા, સુકોશલ મુનિને વાઘણે ફાડી ખાધા, ગજસુકુમાળના માથે સગડી મૂકાઈ, છતાં એમણે લેશમાત્ર ગુસ્સો નથી કર્યો. (૯) અનંતકાળથી અનેક બીજા ભવમાં ક્રોધને ને ક્રોધની સંજ્ઞાને પુષ્ટ કરવાનું કર્યું છે, પણ હવે આ ઊંચા માનવભવમાં ય ફરી એને પુષ્ટ કરવાનું કરીશ તો પછી એનું શોષણ કરવાનું, એનામાં હ્રાસ-ઘસારો કરવાનું કયા ભવમાં અને ક્યારે કરીશ ? (૧૦) ક્રોધથી ચંડકોશિયા જીવ સાધુની જેમ ભવોની પરંપરા ચાલશે એ કેમ પોષાય ? (૧૧)

ક્રોધથી મન તામસી બને છે, સત્ત્વ ગુમાવી નિઃસત્ત્વ બને છે, અને તામસભાવની બીજા શુભ ભાવો પર ખરાબ અસર પડે છે. તેમજ અહીં સત્ત્વ હણાયાથી મહાસુકૃતના ગુણસ્થાનકવૃદ્ધિના, તથા ક્ષપકશ્રેણિદાયી પરમસત્ત્વજનિત અપૂર્વકરણ-મહાસમાધિના પાયાભૂત સત્ત્વ પર ઘા પડે છે. (૧૨) ક્રોધ કરવા જતાં ઔદયિકભાવ યાને મોહની આજ્ઞા પાળવા-પોષવાનું થાય, ત્યારે ક્રોધને અટકાવવાથી સુંદર ક્ષાયોપશમિક ભાવ યાને જિનની આજ્ઞા પાળવાનો લાભ મળે છે... વગેરે વિચારવાથી અંતર્ભાવિત કરવાથી ક્રોધના ઉદયને રોકી શકાય. (૧૩) સામાએ કઠોર શબ્દ જ કહ્યો ને ? ગાળ તો નથી દીધી ને ? ગાળ દીધી, તો બીજું તો કાંઈ બગાડ્યું નથી ને ? બગાડ્યું છે, પણ પ્રહાર તો નથી કર્યો ને ? પ્રહાર કર્યો, પરંતુ મને મારી તો નથી નાખ્યો ને ? મારી નાખે છે, પણ મારી અંતરની ધર્મ-પરિણતિનો નાશ તો નથી જ કરી શકતો. એ તો હું જાતે જ નાશ કરું તો જ થાય. બાકી કોઈની એનો નાશ કરવાની તાકાત નથી; અને એ સલામત છે પછી મારું વાસ્તવિક કશું બગડતું નથી. તો મારે શા સારુ સામા પર ગુસ્સો કરવો ? એમ વિચારી અંતરમાં ભભૂકેલા ક્રોધને નિષ્ફળ કરાય.

(૨) એમ, **માનકષાયને રોકવા** ઉપરોક્તમાંથી કેટલી ય વિચારણા કામ લાગે. ઉપરાંત એ વિચારાય કે (૧) અનંત જ્ઞાન, મહાન અવધિજ્ઞાન, કે ૧૪ પૂર્વનું શ્રુતજ્ઞાન, તથા મહાપુણ્યાઈ મહાશક્તિ ધરનારાઓએ કે મહાસુકૃત કરનારાઓએ પણ અભિમાન નથી કર્યાં, તો હું શાના પર માન કરું ? (૨) અનંતા કર્મોથી દબાયેલા ગુલામ એવા મારે કયા મોંઢે અભિમાન કરવા ? (૩) મેં ક્યાં એવા મહાસુકૃત મહાપરોપકાર કર્યાં છે ? કયા એવા મહાન ગુણો મેળવ્યા છે ? કઈ મહા તપ-સંયમની સાધના કરી છે ? મેં મનોવૃત્તિ પર કયો વિજય મેળવ્યો છે ? તો પછી મારે અભિમાન કરવાનો હક ક્યાં છે ? (૪) અભિમાન જો બાહ્ય વૈભવ-સત્તા-સન્માન આદિ પર થાય છે, તો ચક્રવર્તીની આગળ એ શી વિસાતમાં છે ? અને જો આંતરિક જ્ઞાન-તપ-વગેરે ઉપર થવા જાય છે, તો એ પૂર્વ પુરુષોની જ્ઞાનસમૃદ્ધિ-તપસમૃદ્ધિ આગળ શી વિસાતમાં છે કે હું અભિમાન કરું ? (૫) રાજા રાવણની જેમ અભિમાનથી અંતે પછડાવાનું થાય છે. એના કરતાં માન ન કરવામાં શોભા અને શાંતિ રહે છે... વગેરે વિચારી માન-મદ-અહંકારને રોકવા. મનમાં માન ઊઠ્યું હોય તો ય એને સફળ ન થવા દેવું. એના પર ભવાં ચઢે, અભિમાનના શબ્દ બોલાય, સામાનો તિરસ્કાર-નિંદા થાય, જાત-વડાઈ થાય, મુખમુદ્રા અને



ચાલ વગેરે માનભરી બને, ઈત્યાદિ ફળ ન બેસવા દેવું. એમ ઉદય પામેલા માનને નિષ્ફળ કરાય.

(૩) **માયાના ઉદયને રોકવા** ઉપરોક્તમાંની કેટલીક વિચારણા ઉપરાંત એ વિચારવું કે, (૧) માયા તો સંસારમાં ભવોની માતા છે. તેથી માતાની જેમ મારા ભવોને જન્મ આપશે. તેમ મારા દોષોને પોષશે. (૨) માયા સેવવામાં પાછળ પસ્તાવો થવાનું ઓછું બને છે, તેથી એમાં સમ્યક્ત્વનો નાશ થાય છે. (૩) માયાથી સગાં-સ્નેહી વગેરે પોતાના જ માણસોનો વિશ્વાસ પ્રેમ ગુમાવવાનું થાય છે, તેમ લોકવિશ્વાસ પણ ગુમાવાય છે. (૪) માયાને લીધે સ્ત્રીવેદ કે તિર્યંચગતિ ઉપાર્જાઈ નીચે ગબડવું પડે છે. (૫) મહાશક્તિ સંપન્નોએ પણ માયાથી આપદા નથી રોકી, બચાવ નથી કર્યા, તો હું શા માટે માયા કરું ? એથી મને શો બહુ મોટો બચાવ મળવાનો લાભ મળવાનો હતો ? (૬) માયા એ દારૂ જેવું વ્યસન છે, કરતાં કરતાં વધે છે... વગેરે વિચારી માયાને અને માયાના ફળરૂપ બાહ્ય તેવા માયાવી બોલચાલને અટકાવી શકાય.

(૪) **લોભ-કષાયના ત્યાગ માટે** ઉપરોક્તમાંની કેટલીક વિચારણા કરવા ઉપરાંત વિચારાય કે, (૧) લોભ રાગ-મમતા-તૃષ્ણા-લાલસા-આકર્ષણ-આસક્તિ-લંપટતા વગેરેમાંના કોઈ પણ-રૂપે જાગે છે, રહે છે, ને એ આત્માનો શુદ્ધ ગુણ નહિ પણ-વિકાર છે, રોગ છે, ઉપાધિ-વળગાડ છે. એ શા માટે વહોરું ? (૨) અનંતા કાળથી મૂળ પાયામાં આ લોભના રૂપક પર જ અનેકાનેક દોષો પોષાતા આવી સંસાર લાંબોલચક ચાલ્યો છે. એવાને ઓળખ્યા પછી આવકાર શા ? (૩) 'ઈચ્છા હું આગાસસમા અણંતા,' લોભનો પાર નથી. લોભનો ખાડો પૂરવા જાય તેમ વધે છે, ઊંડો થતો જાય છે. (૪) બાહ્યનો લોભ કરવા જતાં એનું મૂલ્યાંકન થઈ પોતાના આત્માનું મૂલ્ય ઓછું આંકવાનું થાય છે. મનને આત્મા કરતાં જડનું મહત્ત્વ વધુ લાગે છે. આત્માનું મહત્ત્વ ઓછું અંકાયાથી એના હિતનો વિચાર ગૌણ બની જાય છે. (૫) 'સર્વ ગુણ વિનાશકો લોભઃ' લોભ એ સર્વગુણોનો નાશક બને છે. (૬) પાપના બાપ લોભના લીધે આરંભ સમારંભ, જૂઠ-ચોરી વગેરે કેટલાંય પાપ આચરવા પડે છે... ઈત્યાદિ ઈત્યાદિ વિચારવા ભાવવાથી લોભના ઉદયને રોકી શકાય. તેમ અંતરમાં ઉદય પામેલ લોભને નિષ્ફળ કરવા માટે એની લાંબી વિચારણા ન કરાય, તેમ વાણી અને કાયા તથા ઈન્દ્રિયોની લોભ-રાગવશ થતી પ્રવૃત્તિ અટકાવાય.

**तिहुयणविसयं कमसो संखिविउ मणो अणुंमि छउमत्थो ।**
**झायइ सुनिप्पकंपो झाणं अमणो जिणो होइ ॥७०॥**

**અર્થ :- છદ્મસ્થ (અસર્વજ્ઞ) આત્મા ત્રિલોકના વિષયમાંથી ક્રમશઃ (પ્રત્યેક વસ્તુના ત્યાગપૂર્વક) મનને સંકોચી પરમાણુ ઉપર સ્થાપિત કરીને અતીવ નિશ્ચળ બન્યો શુક્લધ્યાન ધ્યાવે. (તે પહેલાં બે પ્રકારે હોય. છેલ્લા બે પ્રકારમાં) જિન વીતરાગ સર્વજ્ઞ મન રહિત બને છે.)**

આ રીતે ક્રોધ-માન-માયા-લોભનો ઉદય-નિરોધ અને નિષ્ફળીકરણરૂપે ત્યાગ કરવામાં આવે એ જ ક્ષમા-મૃદુતા-ઋજુતા-મુક્તિ, (આમાં ઈર્ષ્યા-ભય-અસહિષ્ણુતા-દ્વેષ-હર્ષ ખેદ વગેરે દોષોનો ત્યાગ કરવાનું પણ સમજી લેવાનું.) એમ ક્ષમાદિના અભ્યાસમાં આગળ વધતાં એ સિદ્ધ થાય ત્યારે એ શુક્લધ્યાન માટે આલંબનરૂપ બને છે. ક્ષમાદિમાં સ્થિર રહેવાથી એના આલંબને શુક્લધ્યાનમાં ચઢી શકાય છે, કેમકે આ ધ્યાન સૂક્ષ્મ પદાર્થના બહુ સ્થિર ચિંતનરૂપ છે. એ જો ક્ષમાદિની સ્થિરતા ન હોય અર્થાત્ ક્રોધાદિના સચોટ-દૃઢત્યાગ ન હોય, તો ક્રોધાદિના ઊઠવાથી ટકી શકે નહિ. માટે એના સંપૂર્ણ ત્યાગના આધારે જ શુક્લધ્યાન લાગી શકે.

આ ક્ષમાદિ અર્થાત્ ક્રોધત્યાગ આદિ કષાયત્યાગ એ જિનમત-જિનશાસનમાં મુખ્યવસ્તુ છે. કેમકે જિનશાસન કર્મ-ક્ષય માટે જ છે, અને કષાય ત્યાગથી જ એ કર્મક્ષય સુલભ બને છે. માટે કર્મક્ષયના સામર્થ્યને લઈને ક્ષમાદિ યાને કષાય-ત્યાગ જિનમતમાં પ્રધાન ચીજ છે. એની પ્રધાનતા એટલા માટે કે ચારિત્ર એ અ-કષાયરૂપ છે, અને ચારિત્રથી અવશ્ય મોક્ષ થાય, તેથી ક્ષમાદિનું આલંબન સાધન તરીકે રાખે એ જ શુક્લધ્યાનમાં ચઢી શકે, બીજા નહીં. આમ શુક્લધ્યાનને આશ્રીને 'આલંબન' દ્વાર વિચાર્યું.

હવે 'ક્રમ' દ્વારનો અવસર છે. એમાં શુક્લધ્યાનના પહેલા બે પ્રકારમાં ક્રમ પૂર્વે ધર્મધ્યાનની વિચારણામાં ક્રમ વિચારતાં બતાવ્યો છે. અહીં વળી એમાં આ વિશેષ વાત કહે છે,—

**વિવેચન : શુક્લધ્યાન કેવી રીતે ધ્યાવે ?**

છદ્મસ્થ જીવ યાને જ્ઞાનાવરણ આદિ આવરણમાં રહેલ. અસર્વજ્ઞ આત્મા ૧૪ પૂર્વમાં કહેલ સૂક્ષ્મ પદાર્થનાં ચિંતન પર શુક્લધ્યાનમાં ચઢી શકે છે, અને એના પહેલા બે પ્રકાર ધ્યાવે છે. આમાં એકાગ્રતા એટલી બધી હોય કે મન પરમાણુ ઉપર સ્થાપિત થઈ જાય, પરમાણુના ચિંતનમાં મન ચોંટી જાય.



પ્ર૦- ત્રિભુવનના વિષયમાં રખડતું મન એવું એકાગ્ર શી રીતે બને ?

ઉ૦- એવા મનને ત્રિભુવનના વિષયોમાંથી સંકોચી લેવામાં આવે છે. એ સંકોચવાનું ક્રમશઃ કરાય છે, અર્થાત્ મન એકેક વિષય-વસ્તુનો ત્યાગ કરતાં કરતાં આખરે પરમાણુ-વસ્તુ ઉપર આવીને વિશ્રામ કરે છે, કેન્દ્રિત થઈ જાય છે.

(**સંકોચ ક્રિયાને** આ રીતે કલ્પી શકાય, દા.ત. ત્રિભુવનમાં ઊર્ધ્વલોક મધ્યલોક અધોલોક એમ ત્રણ લોક આવે. હવે મન ત્રણે લોકના વિચારમાંથી મધ્યલોકના વિચાર પર સ્થિર થાય, એ એટલો સંકોચ કર્યો ગણાય. ખાસ લક્ષપૂર્વક આ સંકોચન હોય એટલે મન હવે ઉર્ધ્વ-અધોલોકના વિચાર નહિ કરવાનું, હવે તો માત્ર મધ્યલોક પર કેન્દ્રિત થયું, સ્થિર થયું. એ સ્થિરતા નક્કી થયા પછી મન એમાં ય સંકોચન કરી બીજા બધા દ્વીપ-સમુદ્ર જતા કરીને માત્ર જંબૂદ્વીપ પર એકાગ્ર થાય. એમાં ય આગળ વધતા બીજું બધું છોડી મેરુ પર કેન્દ્રિત થાય, એમાં ય મેરુના કોઈ ઊર્ધ્વ વગેરે ભાગ પર, એમાં ય રહેલ અનંતા પુદ્ગલસ્કન્ધ બાદ કરી કોઈ એક સ્કન્ધ ઉપર મન સ્થિર થાય. એમાંથી વળી સંકોચ કરી એ એક સ્કન્ધના અનંત અણુઓ બાદ કરીને સંખ્યાતા અણુઓના ભાગ પર તન્મય થાય. એમાં ય સંકોચ કરીને દરેક અણુના ભાગ પર, એમાંથી પાંચ પર, ત્રણ પર, એક પરમાણુ પર કેન્દ્રિત થઈ જાય. આ પ્રક્રિયામાં આગળ વધતાં ધ્યાનમાં પૂર્વ પૂર્વના વિષયનો સંકોચ યાને ત્યાગ થયો એટલે પછી એ વિષયોનો મુદ્દલ ખ્યાલ ન આવે, સહેજ આછો-પાતળો ય ખ્યાલ નહિ. દા.ત. મધ્યલોક પર મન કેન્દ્રિત થયું તો ત્યાં હવે એ લક્ષ સહેજ પણ નહિ કે આ લોક ઉપર-નીચેના લોકોની વચમાં રહેલો છે. કેમકે એમાં તો પાછા એ ઉપર-નીચેવાળા લોક લક્ષમાં આવ્યા. એ ન આવવા જોઈએ, માટે એના આછા પણ ખ્યાલ વિના માત્ર મધ્યલોક પર જ મન કેન્દ્રિત બને. એવું આખરે એક પરમાણુ પર મનને સ્થિર કરે, ત્યાં એ ખ્યાલ નહિ કે 'આ પરમાણુ આજુબાજુના ૨-૪-૫....૧૦૦ સંખ્યાતા કે અનંત અણુઓની વચ્ચે યા છેડે રહેલો છે.' ના, એ બધા તો સંકોચનમાં બાદ થઈ ગયા તે થઈ ગયા, હવે તો માત્ર એક ચોક્કસ પરમાણુ ઉપર મન ફિક્સ થઈ ગયું, ચોંટી ગયું. એમાં ય એના વર્ણ-રસ-ગંધાદિ પર્યાયોમાં એક પર્યાય પરથી બીજા પર્યાય પર મન જતું હોય તેને ય સંકોચી માત્ર એક પર્યાય પર મન કેન્દ્રિત કરે. આ તો કલ્પના માત્ર છે, બાકી ખરેખર તો સંકોચન-પ્રક્રિયા એના અનુભવી જાણે.)

પ્ર૦- આમ અણુ પર મનને કેન્દ્રિત કરવાનું તો ચૌદપૂર્વી મહર્ષિ કરી શકે છે તો શું બધા ચૌદપૂર્વીને શુક્લધ્યાન દ્વારા કેવળજ્ઞાન થાય છે ?

ઉ૦- આ ધ્યાન એકલા ચિંતનની વસ્તુ નથી. અહીં પહેલાં કહ્યું છે કે આમાં

ક્ષમાદિનું આલંબન હોય છે એના આલંબને અર્થાત્ એનો આધાર રાખીને શુક્લધ્યાનમાં ચઢાય છે. એટલે જેમ જેમ એ ક્રોધ-લોભાદિ કષાયોનો ત્યાગ વધુ ને વધુ પ્રબળ બને, વધુ ને વધુ સૂક્ષ્મ પણ કષાયોનો ત્યાગ થતો આવે, તેમ તેમ આલંબન જોરદાર કર્યું ગણાય; અને એ મનને શુક્લધ્યાનમાં આગળ આગળ વધારનારું બને. બધા જ ચૌદપૂર્વીમાં આ સામર્થ્ય ન હોય, તેથી એ બધા જ કાંઈ એમ શુક્લધ્યાનમાં આગળ વધીને વીતરાગ સર્વજ્ઞ ન બને. ક્ષમાદિનું એવું આલંબન કરવા માટે સામર્થ્યયોગની જરૂર રહે છે. ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ કરતાં એ ઊંચી કોટિનો યોગ છે. એમ તો તીર્થંકર ભગવાન પણ ચારિત્ર-સાધનાના કાળમાં ક્યારેક 'ભદ્રપ્રતિમા', 'મહાભદ્ર-પ્રતિમા', 'સર્વતોભદ્ર-પ્રતિમા' નામના અભિગ્રહ વિશેષમાં રહી સૂક્ષ્મ ધ્યાનમાં મન કેન્દ્રિત કરે છે. પરંતુ તેથી કાંઈ ત્યાં કેવળજ્ઞાન આવી જતું હોય એવું નથી બનતું. એનું કારણ આ કે ક્ષમાદિનું આલંબન જેવું પરાકાષ્ઠાનું ઊચ્ચ કોટિનું જોઈએ તેવું હજી નથી આવ્યું. અભ્યાસ વધતાં વધતાં એ આવે; અને એ ક્ષમાદિનું જોર વધારવા માટે, તપ-સંયમની સાધના સાથે ધર્મધ્યાનની બહુલતા કરવામાં આવે છે. એ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચવાની તૈયારી હોય, ત્યાં શુક્લધ્યાનના પહેલા બે પ્રકારનું ધ્યાન ઊભું થાય, અને એમાં મનની પરમાણુ પર સંકોચ થઈ સ્થિરતા થાય.

આ પહેલા બે પ્રકારની વાત થઈ. એ છદ્મસ્થને હોય. ત્યારે શુક્લધ્યાનના છેલ્લા બે પ્રકારનું ધ્યાન જિન-અરિહંતને કેવળજ્ઞાનીને અંતે આવે છે. ત્યાં એ અ-મના અર્થાત્ મનરહિત મનોયોગરહિત બને છે.

પ્ર૦- કેવળજ્ઞાની તો સર્વજ્ઞ હોઈ બધું જ પ્રત્યક્ષ જુએ છે, એટલે એમને ન જોયું કશું જ નહિ, તેથી કશું ય ચિંતવવાનું રહેતું નથી, તો મનનો ઉપયોગ નથી એટલે અ-મના જ છે ને ? પછી 'અંતે' અ-મના બનવાનું કેમ કહ્યું ?

ઉ૦-વાત સાચી કે એમને પોતાના માટે ચિંતનકારી મન નથી. કિન્તુ કોઈ અનુત્તરવાસી દેવ જેવા સ્વર્ગમાં બેઠા બેઠા કોઈ તત્ત્વના ચિંતનમાં શંકા-જિજ્ઞાસા થવાથી એ કેવળજ્ઞાનીને પ્રશ્ન પૂછે છે, ત્યારે એ કેવળી ભગવાન એ શંકા-જિજ્ઞાસાના જવાબ રૂપે જે વિચારણા જરૂરી હોય, એ વિચારણામય મન બનાવે છે. એ માટે મનનો ઉપયોગ છે.

મન શું છે ? જેમ વાણી એટલે ભાષાવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ કરીને તે તે ભાષા રૂપે પરિણમાવી બોલવા યાને છોડવા એ; એમ મનોવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ કરીને તેને મનરૂપે પરિણમાવી છોડવા એ મન છે. કેવળજ્ઞાની ઉત્તરરૂપે આ કરે એ પેલા અનુત્તરવાસી દેવ જેવા ત્યાં બેઠે અવધિજ્ઞાનથી જુએ, અને એ મન



**जह सव्वसरीरगयं मंतेण विसं निरुंभए डंके ।**
**तत्तो पुणोऽवणिज्जइ पहाणयरमंतजोगेणं ॥७१॥**
**तह तिहुयणतणुविसयं मणोविसं जोगमंतबलजुत्तो ।**
**परमाणुंमि निरुंभइ, अवणेइ तओ वि जिणविज्जो ॥७२॥**

**અર્થ :- જેવી રીતે આખા શરીરમાં વ્યાપેલું ઝેર મંત્ર વડે (સંકોચીને) ડંખ-પ્રદેશમાં લાવી મૂકવામાં આવે છે, (અને ત્યારપછી) શ્રેષ્ઠતરમંત્રના યોગથી ડંખદેશમાંથી પણ દૂર કરવામાં આવે છે, તેવા રીતે ત્રિભુવનરૂપી શરીરમાં પ્રસરેલું મનરૂપી ઝેર (જિનવચનધ્યાનરૂપી) મંત્રના સામર્થ્યવાળો પરમાણુમાં લાવી મૂકે છે, (અને પછી) જિન-કેવળજ્ઞાનીરૂપી વૈદ્ય એમાંથી પણ (અચિંત્ય પ્રયત્નથી મનોવિષને) દૂર કરે છે.**

---

પર પોતાના જવાબ સમજી જાય. આ મનનું નિર્માણ મનોયોગથી થાય છે.

આમ, કેવળજ્ઞાનીને પોતાના ચિંતન માટે નહિ કિન્તુ આવા કોક ઉત્તર આપવાના અવસરે મનોયોગ કરવો પડે એમાં મન હોય કિન્તુ હવે જ્યારે મોક્ષ પામવાની અતિ નિકટમાં પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલો કાળ બાકી હોય, ત્યારે શૈલેશી અવસ્થા આવે છે. એ શૈલેશી પ્રાપ્ત થવાના પૂર્વના અંતર્મુહૂર્ત કાળમાં શુક્લધ્યાનનો ત્રીજો પ્રકાર અસ્તિત્વમાં આવે છે. એમાં મનોયોગનો નિરોધ કરી નાખે છે; ત્યારે શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરે છે; અને એ અવસ્થામાં શુક્લધ્યાનનો ચોથો પ્રકાર 'વ્યુપરતક્રિયા-નિવૃત્તિ' ધ્યાન આવે છે. સારાંશ, શુક્લધ્યાનના છેલ્લા બે પ્રકાર પૈકી પહેલા પ્રકારના ધ્યાતા શૈલેશી પૂર્વના અંતર્મુહૂર્તમાં, અને બીજા પ્રકારના ધ્યાતા શૈલેશીમાં બને છે.

અહીં પ્રશ્ન થાય કે 'છદ્મસ્થ આત્મા ત્રિભુવનમાં ફરનારા મનને સંક્ષેપીને અણુ ઉપર ધારી રાખે તે કેવી રીતે, કયા દૃષ્ટાન્તથી ? એમ કેવળી ભગવાન હવે મનને હટાવી દે, દૂર કરી દે, એ કેવી રીતે ?' એનો ઉત્તર કરે છે,—

**વિવેચન :-** મનઃસંકોચ—મનોનાશનાં દૃષ્ટાન્ત :—

અહીં મનને સંકોચીને અણુ પર લાવી મૂકી પછીથી સર્વથા દૂર થઈ જવાનાં ત્રણ દૃષ્ટાન્ત બતાવે છે,—૧. શરીરમાં વ્યાપ્ત ઝેર, ૨. ઇંધણ પરનો અગ્નિ, અને ૩. ઘડી યા તપેલ વાસણના મધ્યે રહેલ પાણી.

**(૧) વિષ-સંકોચનું દૃષ્ટાન્ત :-**

જેવી રીતે કોઈ સર્પદંશ વગેરેનું ઝેર આખા શરીરમાં વ્યાપી ગયું હોય, પરંતુ ત્યાં કોઈ માન્તિક મંત્ર પ્રયોગ કરે છે તો એ મંત્ર ભણતાં ભણતાં ક્રમશઃ

उस्सारियेंघणभरो जह परिहाइ कमसो हुयासुव्व ।
थोविंधणावसेसो, निव्वाइ तओऽवणीओ य ॥७३॥
तह विसइंधणहीणो मणोहुयासो कमेण तणुयंमि ।
विसइंधणे निरुंभइ निव्वाइ तओ ऽवणीओ य ॥७४॥
तोयमिय नालियाए तत्तायसभायणोदरत्थं वा ।
परिहाइ कमेण जहा, तह जोगिमणोजलं जाण ॥७५॥

**અર્થ :- (ગાથા-૭૩) જેવી રીતે ક્રમશઃ કાષ્ઠસમૂહ દૂર થવાથી અગ્નિ ઓલવાતો આવે છે, ને થોડાં જ ઈંધણ પર થોડો જ અગ્નિ રહે છે, તે થોડું પણ ઈંધણ દૂર થયે શાંત થઈ જાય છે, એવી રીતે વિષયરૂપી ઈંધણ ક્રમશઃ ઓછું થતું આવતાં મનરૂપી અગ્નિ થોડા જ વિષયરૂપી ઈંધણ પર સંકોચાઈ જાય છે; અને તે થોડા પણ વિષય-ઈંધણ પરથી ખસેડી લેતાં શાંત થઈ જાય છે. (ગાથા ૭૫) જેવી રીતે (કાચી) ઘડીમાં અથવા તપેલા લોઢાના વાસણમાં રહેલ પાણી ક્રમશઃ ઓછું થતું આવે છે, તે પ્રમાણે યોગીનું મનરૂપી જળ જાણ. (એ ય અપ્રમાદરૂપી અગ્નિથી તપેલા જીવરૂપી વાસણમાં રહ્યું ઓછું થતું જાય છે.)**

વિષને દેહના અંગોમાંથી સંકોચી સંકોચી ઠેઠ દંશના ભાગમાં લાવી દે છે. પછી પણ શ્રેષ્ઠતમ મન્ત્ર-પ્રયોગથી એ દંશભાગમાંથી પણ એને દૂર કરી દે છે. ત્યાં શરીર તદ્દન નિર્વિષ સ્વસ્થ બની જાય છે. (કોઈ જગ્યાએ ગાથામાં '**मंतजोगेहिं**' પાઠ છે. ત્યાં શ્રેષ્ઠતર મન્ત્ર અને યોગ એમ બે વિષનાશક લેવાના એમાં 'યોગ' એટલે તેવા પ્રકારનો વિશિષ્ટ ઔષધનો પ્રયોગ આવશે.) આ દૃષ્ટાન્ત.

હવે એનો ઉપનય એવી રીતે કે અહીં મન એ સંસારના અનેક મરણોનું કારણ હોઈ ઝેરરૂપ છે. એ મન આખા ત્રિભુવનરૂપી શરીરમાં વ્યાપી જાય છે. અર્થાત્ ત્રિભુવનને વિષય કરે છે. પરંતુ ક્રમશઃ ઝેર ઉતારનાર માંત્રિકની જેમ જિનવચનનાં ધ્યાનરૂપી મંત્રના સામર્થ્યવાળો છદ્મસ્થ એ મનને ત્રિભુવનમાંથી ક્રમશઃ સંકોચતાં સંકોચતાં ઠેઠ એક પરમાણુ ઉપર લાવી સ્થિર કરીને એ પરમાણુ પર પણ નથી રહેવા દેતા, કિન્તુ ત્યાંથી પણ દૂર કરી દે છે, એ યુક્તિયુક્ત છે. જિન-કેવળજ્ઞાની રૂપ શ્રેષ્ઠ વૈદ્ય વળી અચિંત્ય શૈલેશીકરણના પ્રયત્નથી ત્રણે યોગને નષ્ટ કરે છે, એ પણ યુક્તિયુક્ત છે.

**(૨) અગ્નિ સંકોચનું દૃષ્ટાન્ત :-**

એમ, જેવી રીતે ઘણાં લાકડાંથી મોટો અગ્નિ સળગતો હોય, પરંતુ જો લાકડાં ક્રમશઃ ખેંચી લેવામાં આવે, તો અગ્નિ ઓછો થતો થતો, છેવટે બહુ અલ્પ



एवं चिय वयजोगं निरुंभइ कमेण कायजोगं पि ।
तो सेलेसोव्व थिरो सेलेसी केवली होइ ॥७६॥

**અર્થ :- આ વિષ આદિ દૃષ્ટાન્તોથી વાગ્યોગનો નિરોધ કરે છે, તથા ક્રમશઃ કાયયોગનો પણ (નિરોધ કરે છે.) ત્યારબાદ કેવળજ્ઞાની મેરુની માફક સ્થિર શૈલેશી બને છે.**

લાકડાં રહ્યે અગ્નિ એટલામાં જ કેન્દ્રિત થઈ જાય છે. તે એટલા પણ લાકડાં ખેંચી લેવાતાં અગ્નિ તદ્દન ઓલવાઈ જાય છે.

એવી રીતે મન પણ દુઃખદાહનું કારણ હોઈ અગ્નિ જેવો છે. એ ત્રિભુવનના વિષયરૂપી લાકડાં પર ભારે પ્રજ્વલિત રહી દિલમાં મહા દાહ કરે છે. મનનું જેટલું વધારે વિષયમાં ભળવાનું, તેટલા રાગ-દ્વેષ-ચિંતા વગેરે વધુ ભભકવાના. એથી જીવને ભારે દાઝવાનું-બળવાનું થાય. હવે શુક્લધ્યાની એ વિષયોમાં સંકોચ કરે, સંકોચ કરતાં કરતાં એક પરમાણુ રૂપ વિષયેંધણ પર્યન્ત આવી જાય, એટલે સહજ છે કે મન એટલા પર જ સ્થિર થવાનું. પછી તો શૈલેશીકરણના આચિંત્ય પ્રયત્નથી એટલા પરથી પણ મનને ખસેડી લેતાં એ મન-અગ્નિ વિષય વિના શાંત થઈ જાય એ સહજ છે.

**(૩) પાણીના હ્રાસનું દૃષ્ટાન્ત :-**

જેવી રીતે કાચા ઘડામાં પાણી ભરેલું હોય, તો એ ધીમે ધીમે બહાર ઝરી ઝરીને ક્રમશઃ ઓછું થતું આવે છે, અથવા અગ્નિથી તપી ગયેલા વાસણમાંનું પાણી ક્રમશઃ હ્રાસ પામતું જાય છે; એવી રીતે (અપ્રમાદ અને ધ્યાનથી કાચા પડેલા સંસારી જીવમાંનું મન રૂપી પાણી ક્રમશઃ ઓછું થતું આવે છે. અથવા) અપ્રમાદરૂપી અગ્નિથી તપી ઊઠેલા જીવરૂપી વાસણમાંનું મનરૂપી પાણી ક્રમશઃ ઓછું થતું આવે છે, અર્થાત્ બહુ વિષયોનો વિચાર કરતું મન, વિષયો સંકોચાતા, અલ્પ વિષય-વિચારવાળું બને છે. અહીં મનને પાણીની ઉપમા એટલા માટે આપી કે યોગીઓનું મન પાણીની જેમ અવિકલ છે, અર્થાત્ દ્રવણશીલ વહી જાય એવું છે.

આ દૃષ્ટાન્તોથી 'મનને છેવટે જિનવૈદ્ય સદંતર દૂર કરે છે', એમ કહ્યું. એનાથી એ સૂચવ્યું કે કેવળજ્ઞાની મહર્ષી અંતે મનોયોગનો નિરોધ કરે છે. હવે બાકીના યોગનો નિરોધ કરવાની વિધિ બતાવે છે;-

**વિવેચન :-વચનયોગ-કાયયોગનો નિરોધ :-**

પૂર્વે બતાવેલ વિષ વિગેરે દૃષ્ટાન્તોમાં જેવી રીતે મનોયોગનો નિરોધ થવાનું આવ્યું, એવી રીતે વચન યોગનો નિરોધ કરે છે, અને ક્રમશઃ કાયયોગનો પણ

નિરોધ કરે છે. એમ સંપૂર્ણ ત્રણે યોગનો નિરોધ થઈ જાય છે ત્યારે એ કેવળી મેરુ (શૈલેશ)ની જેમ સ્થિર આત્મપ્રદેશવાળા શૈલેશી બને છે.

આ 'યોગનિરોધ' પદાર્થ શ્રી નમસ્કારસૂત્રની નિર્યુક્તિમાં કહેલો જ છે. છતાં અહીં પ્રસંગસ્થાન એના વર્ણન વિનાનું ખાલી ન રાખવા માટે એ જ થોડુંક વર્ણવવામાં આવે છે, કે 'યોગનિરોધ' શું છે ?

આમાં ત્રણે યોગનું સ્વરૂપ આ છે,–

**(૧) કાયયોગ એટલે શું ? :-**

ઔદારિક આદિ કાયાવાળા જીવની તેવી વીર્ય-પરિણતિ, વીર્ય પરિણામ, એ કાયયોગ; અર્થાત્ સંસારી જીવોને શરીરના સહારે આત્મામાં જે વીર્ય-ગુણ સ્ફૂરાયમાન થાય, તેનું નામ કાયયોગ છે.

**વીર્ય એ આત્મપરિણામ શાથી ? :-**

આત્મામાં જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય વગેરે ગુણો એ આગન્તુક યાને બહારથી નવા ભાડુતી-આવીને રહેનારા નથી હોતા, કિન્તુ આત્મસ્વભાવભૂત હોય છે. તેથી એ ગુણો આત્માથી ભિન્નાભિન્ન હોય છે. કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન. આમાં 'કથંચિત્' યાને અમુક અપેક્ષાએ અભિન્ન પણ હોવાથી, એ જ્ઞાન-વીર્યાદિ ગુણ આત્મસ્વરૂપ જ છે. એટલે, જેમ તેલની નાની-મોટી ધાર થાય એ તેલથી તદ્દન જુદી કોઈ ચીજ નહિ, કિન્તુ તેલ સ્વરૂપ જ છે, તેલનો જ એક પરિણામ (પરિણતિ) છે; એમ જ્ઞાનવીર્યાદિ ગુણ સ્ફૂરે એ પણ તેવા તેવા આત્મ-પરિણામ આત્મપરિણતિ છે. તે તે જ્ઞાન વીર્ય આદિમાં પરિણત થનારો આત્મા જ છે. એટલે.

**વીર્ય પરિણામથી કેવાં કેવાં કાર્ય ? :-**

આત્મામાં પોતાના સ્વભાવભૂત જ્ઞાન દર્શન સુખ વીર્ય વગેરે અનેક ગુણો જેમ જેમ સ્ફુરાયમાન થાય તે તે હિસાબે આત્માનો જ એવો એવો જ્ઞાનપરિણામ, દર્શનપરિણામ, વીર્યપરિણામ વગેરે અનેક આત્મપરિણામ થવાનું બને છે. એમાં વીર્યપરિણામ કોઈ હાલચાલ કરવા, યા કોઈ આહાર-શ્વાસ-ભાષા-મન-લેશ્યા-કર્મ વગેરેનાં પુદ્‌ગલ ગ્રહણ કરવા માટે થાય; એ વીર્યપરિણામ (વીર્ય, પ્રયત્ન, ઉદ્યમ) આત્માની પોતાની ઔદારિક આદિ કાયાના સહારે થાય છે, કાયાના સહારા વિના નહિ. માટે જ મોક્ષ પામેલા જીવોને વીર્ય-ગુણ છતાં એ કાયા જ નહિ હોવાથી હાલવા-ચાલવાનો કે આહાર કર્મ આદિના પુદ્‌ગલ ગ્રહણ કરવા વગેરેનો કોઈ વીર્યપરિણામ યાને પ્રયત્ન નથી હોતો. ત્યારે સંસારી જીવને કાયા છે. તો જ એના સહારે તેવાં પ્રયોજને વીર્યગુણને સ્ફુરવાનું બને છે.

**ઔદારિકાદિ ૩ કાયા :-**



સંસારી જીવોમાં (૧) મનુષ્ય અને તિર્યંચ (એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના તિર્યંચ) જીવોને ઔદારિક પુદ્‌ગલની બનેલી યાને ઔદારિક કાયા હોય છે; (૨) દેવ-નારકને વૈક્રિય-પુદ્‌ગલની બનેલ વૈક્રિય કાયા હોય છે; અને (૩) ચૌદ 'પૂર્વ' શાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર મહર્ષિઓ જ્યારે પોતાની પાસેની આહારકલબ્ધિથી તીર્થંકરદેવની સમવસરણાદિ ઋદ્ધિ જોવા યા એમને પ્રશ્ન પૂછવા જવા માટે આહારક પુદ્‌ગલોની કાયા બનાવે ત્યારે આહારક-કાયા હોય છે.

**'કાયયોગ' એ આત્મગુણ છે, કાયગુણ નહિ :-**

આ ઔદારિક-વૈક્રિય-આહારક કાયાના સહારે હાલવા-ચાલવા કે ભાષા આદિ પુદ્‌ગલ ગ્રહણ કરવાનો પ્રયત્ન થાય, યાને આત્મવીર્ય સ્ફુરાયમાન થાય, એને 'કાયયોગ' કહેવામાં આવે છે. એથી કાયામાં પ્રવૃત્તિ-વ્યાપાર-ક્રિયા થાય એટલું જ, પરંતુ મુખ્ય કારણભૂત તો આત્મામાં કાયાના સહારે સ્ફૂરાયમાન થતું વીર્ય જ છે. જો આત્મા કાયાને છોડી ગયો, તો પછી એ કાયામાં એવી કોઈ જ પ્રવૃત્તિ નથી થતી. માટે મુખ્ય તો એ સ્ફૂરાયમાન આત્મવીર્ય હોઈને કાયયોગ વગેરે એ આત્માનો જ ગુણધર્મ છે. અલબત્ત ઔપાધિક, પરંતુ આત્મપરિણામ-વિશેષ છે. એઠલે જ આ કાયયોગ આદિ એ 'આત્મા એક સ્વતંત્ર વસ્તુ' હોવાની સાબિતિરૂપ છે. કેમકે મૃતકાયામાં એ યોગ દેખાતો નથી. સારાંશ, ઔદારિક આદિ કાયાના સહારે સ્ફુરાયમાન વીર્ય, વીર્યનો આત્મપરિણામ, એ કાયયોગ કહેવાય.

**(૨) 'વચનયોગ' એટલે શું ? :-**

હવે એ કાયયોગથી એક કાર્ય માનો કે ભાષાવર્ગણાનાં પુદ્‌ગલ લેવાનું થયું; તો હવે એ ગ્રહણ કરાયેલાં ભાષા દ્રવ્યને વચનરૂપે પરિણમાવી બહાર છોડવાનું યાને બોલવાનું થાય, એ માટેનો પ્રયત્ન વીર્યપરિણામ એ વચનયોગ કહેવાય છે. અર્થાત્ ઔદારિકાદિ કાયવ્યાપારથી યાને કાયયોગથી ગ્રહણ કરેલ વચન-દ્રવ્ય-વાગ્દ્રવ્યસમૂહના સહારે થતો આત્માનો વીર્યપરિણામ એ વચનયોગ છે. એટલે કે કાયયોગના સહારે લીધેલા ભાષાપુદ્‌ગલોને ભાષારૂપે પરિણમાવીને હવે બહાર છોડવાનું યાને બોલવાનું કાર્ય કરનાર આત્મપરિણામ એ વચનયોગ છે. એ કાર્ય ભાષાદ્રવ્યના સહારે સ્ફૂરતું વીર્ય કરે છે, માટે એ વીર્યાત્મક આત્મપરિણામ એ વચનયોગ.

**(૩) ત્યારે 'મનોયોગ' શું છે,** એ આ પરથી સમજાય એવું છે કે કાંઈક વિચાર કરવા માટે પહેલાં તો ઔદારિકાદિ કાયયોગથી ભાષાવર્ગણાની જેમ મનોવર્ગણાનાં પુદ્‌ગલ ગ્રહણ કરવામાં આવે છે. પછી એ મનોદ્રવ્યના સહારે જે આત્મવીર્ય સ્ફુરીને એને મનરૂપે પરિણમાવી બહાર છોડે, એ વીર્ય પરિણામ એ

'મનોયોગ' છે. આમ મનોયોગ નામના વીર્યસ્ફૂરણથી મનોદ્રવ્ય છોડવાનું યાને વિચારરૂપી કાર્ય થાય છે.

**વાણી-વિચાર અંગે ન્યાયદર્શનની ખોટી માન્યતા :-**

એટલે વચનયોગથી બોલવાની જેમ મનોયોગરૂપી આત્મવીર્ય-સ્ફૂરણથી વિચારવાનું કાર્ય બને છે. જેમ બોલવા માટે ભાષાદ્રવ્ય અને વચનયોગવીર્ય જરૂરી છે, એમ વિચારવા માટે મનોદ્રવ્ય અને મનોયોગવીર્ય જરૂરી છે. એટલે ન્યાય દર્શનવાળા બોલવા માટે તો આકાશમાં શબ્દગુણ પેદા કરવાનું અને વિચારવા માટે અણુમનનો આત્મા સાથે સંયોગ કરવાનું માને છે; એ માન્યતા આથી અસત્ ઠરે છે, ઢંગધડા વિનાની પૂરવાર થાય છે. કેમકે નિત્ય મન તો એક જ જાતનું, એ નિત્ય આત્મામાં ભિન્ન ભિન્ન વિચારણા શી રીતે પેદા કરી શકે ?... વગેરે અસ્તુ. ઔદારિક-વૈક્રિય-આહારક શરીરના વ્યાપારથી ગ્રહણ કરેલ મનોદ્રવ્યના સહારે થતો જીવવ્યાપાર યાને સ્ફુરતો વીર્યાત્મક આત્મપરિણામ એ મનોયોગ કહેવાય છે.

હવે આ મનોયોગ-વચનયોગ-કાયયોગ ત્રણેનો નિરોધ કેવી રીતે કરે, તે બતાવે છે,—

**યોગનિરોધની પ્રક્રિયા :-**

કાળની દૃષ્ટિએ જ્યારે પરમપદ મોક્ષ પામવાને અંતર્મુહૂર્તની વાર હોય, તે વખતે યોગ-નિરોધ કરવામાં આવે છે. તે પણ ભવોપગ્રાહી યાને ભવનો ઉપગ્રહ-ઉપકાર-પકડ કરનારા જે અઘાતીકર્મ વેદનીય-આયુષ્ય-નામ-ગોત્રકર્મ, એ બધાની સ્થિતિ કેવળી-સમુદ્‌ઘાત વડે યા સહજભાવે સમાન આવીને ઊભી હોય ત્યારે યોગનિરોધ કરે છે.

**કેવળી સમુદ્‌ઘાત** એ કેવળજ્ઞાનીનો કર્મસ્થિતિને સમાન કરવાનો પ્રયત્નવિશેષ છે. એમાં અંતે જે કેવળજ્ઞાની શૈલેશી માટે ત્યાં યોગ નિરોધ કરે, એ કરવાના સમય પહેલાં બાકીના વેદનીયાદિ ત્રણ કર્મોની સ્થિતિ આયુષ્યની બાકીની સ્થિતિ (કાળ)ના જેટલી કરવા, સમુદ્‌ઘાત એટલે કે આત્મપ્રયત્ન વિશેષ કરે છે. એમાં પહેલાં પોતાના આત્મપ્રદેશોને ઊંચે-નીચે ઠેઠ લોકાન્ત સુધી વિસ્તારે છે. બીજા સમયે એ ઊંચા ૧૪ રાજલોક જેટલા એક દંડરૂપે બનેલા આત્મપ્રદેશોને પૂર્વ-પશ્ચિમ યા ઉત્તર-દક્ષિણ એમ બે બાજુ લોકાન્ત સુધી વિસ્તારે છે. એટલે પહેલા સમયે દંડ જેવો બનેલ હવે બે બાજુ વિસ્તરીને કપાટ યાને પાટિયા જેવો થાય છે. ત્રીજા સમયે બાકીની બે દિશામાં દંડ વિસ્તરી બીજા કપાટરૂપે બનવાથી પૂર્વની સાથે આ મળીને એક મન્થાન યાને રવૈયા યા સાપડા જેવો બને છે. ચોથા સમયે વચ્ચેના આંતરા પૂરાયાં એટલે આત્મા આખા ૧૪ રાજલોકમાં વિસ્તરી જાય છે. સમસ્ત



લોક-પ્રદેશો પર આત્મપ્રદેશો સ્પર્શી જાય છે. આમ થવાના પ્રભાવે વેદનીયાદિ ત્રણે કર્મોની સ્થિતિ બરાબર આયુષ્યકર્મની સ્થિતિના જેટલી બની જાય છે. પછી પાંચમા, છઠ્ઠા, સાતમા સમયે ક્રમશઃ સંકોચ થતાં પાછું મન્થાન કપાટ-દંડ બની આવે છે. ને ૮મા સમયે આત્મા પુનઃ શરીર-પ્રમાણ થઈને ઊભો રહે છે.

આ રીતે સમુદ્‌ઘાતથી કર્મસ્થિતિ સરખી બને, અને એ કોઈને કુદરતી જ સમાન હોય એમ પણ બને. પરંતુ એ પછી જ યોગનિરોધની પ્રક્રિયા થાય.

**પહેલાં મનોયોગનિરોધ :-**

યોગનિરોધ કરવાનું કામ કાયયોગથી થાય. એમાં પહેલા મનોયોગનો નિરોધ કરે; તે કેટકેટલા પ્રમાણથી કરતા આવે ? તો કે હમણાં જ પર્યાપ્ત સંજ્ઞી બનેલ જીવ, કે જેને ઓછામાં ઓછો મનોયોગ હોય, એને જેટલા મનોદ્રવ્ય લેવાયા હોય તથા જેટલો મનોયોગ વ્યાપાર હોય, એના કરતાં અસંખ્યગુણ ઓછા મનોદ્રવ્ય-વ્યાપારનો સમયે સમયે નિરોધ કરતા ચાલે. એમ કરતાં અસંખ્ય સમય પસાર થયે સંપૂર્ણ મનોયોગનો નિરોધ થાય.

**પછી વચનયોગનો નિરોધ કરે;** તે પણ એવા કાયયોગથી જ. એમાં નિરોધનું પ્રમાણ આ રીતે,—કે હમણાં જ વચન-પર્યાપ્ત બનેલ બેઇન્દ્રિય જીવને પ્રથમ સમયે જે ઓછામાં ઓછો વચનયોગ હોય, તેના કરતાં પણ અસંખ્યગુણહીન, વચનયોગનો સમયે સમયે નિરોધ કરતા ચાલે. એમ અસંખ્ય સમય પસાર થયે સંપૂર્ણ વચનયોગનો નિરોધ થાય.

**પછી કાયયોગનો નિરોધ કરે,** તેનું પ્રમાણ આ રીતે, કે કોઈ જીવ સૂક્ષ્મ નિગોદ (સાધારણ વનસ્પતિકાય શરીર)માં ઉત્પન્ન થાય, ત્યાં જન્મના પહેલા જ સમયે એને જે ઓછામાં ઓછો કાયોગ હોય, તેના કરતાં પણ અસંખ્યગુણ ઓછા કાયયોગનો સમયે સમયે નિરોધ કરતા ચાલે; અને એમ કરતાં અસંખ્ય સમય પસાર થયે સંપૂર્ણ કાયયોગનો નિરોધ કરે.

**૧/૩ દેહભાગનો ત્યાગ :-**

કાયયોગ-નિરોધ કરે એ વખતે આત્મપ્રદેશ જે અત્યાર સુધી આખા શરીરને વ્યાપીને રહેલા હતા, તે હવે શરીરના ત્રીજા ભાગને છોડી દે છે, ને ૨/૩ દેહભાગમાં જ વ્યાપ્ત થઈને રહે છે. એનું કારણ એ છે કે જે વખતે કાયયોગનો નિરોધ કરવાનો આત્મપ્રયત્ન ચાલે છે એ વખતે એ પ્રયત્નમાં શરીરના પોલાણના ભાગોમાં આત્મપ્રદેશો પૂરાઈને પોલાણની ચારે બાજુના ભાગના પ્રદેશો પરસ્પર અખંડ સંલગ્ન બનવા જાય એટલે સ્વાભાવિક છે કે બીજી બાજુથી એ આત્મપ્રદેશ સંકોચાતા આવે. એથી અંતે દેહના કુલ ૧/૩ ભાગમાંથી આત્મપ્રદેશ સંકોચાઈને એટલો

દેહભાગ તદ્દન આત્મપ્રદેશ વિનાનો ખાલી થઈ જાય છે.

આવા આત્મપ્રદેશના સંકોચ સાથે અસંખ્ય સમયમાં કાયયોગનો સર્વથા નિરોધ થઈ જાય છે. ત્યારે સર્વ આત્મપ્રદેશો જે આજસુધી યોગને લીધે કંપનશીલ હતા તે હવે સર્વથા યોગ-નિરોધ થઈ જવાથી તદ્દન નિષ્કંપ સ્થિર થઈ જાય છે; અને ત્યારે આત્મા શૈલેશી-ભાવને પામે છે. કહ્યું છે,– **'तो कायजोगनिरोहो सेलेसीभावणामेइ ।'** અર્થાત્ ત્યારે યોગનિરોધ કરનારો સેલેસીભાવનાને પામે છે. અહીં 'સેલેસી ભાવણા'માં **'સેલેસી'** શબ્દ પ્રાકૃત ભાષામાં આવ્યો એના અર્થ આ રીતે બતાવ્યા છે.

(૧) 'સેલેસ' એટલે 'શૈલેશ'. 'શિલા' એટલે પાષાણ, શિલાનો બનેલો શિલામય એ 'શૈલ' એટલે પર્વત. શૈલોનો ઇશ તે 'શૈલેશ' યાને મેરુ. આત્મામાં જે મેરુના જેવી ત્યારે અચળતા થાય છે, આત્મપ્રદેશોની સ્થિરતા નિષ્કંપતા થાય છે, એ જ શૈલેશ. હવે પહેલાં જે અશૈલેશ હોઈને હવે સ્થિરતાથી શૈલેશ જેવો થાય છે તે શૈલેશીભવન કહેવાય. શૈલેશ જેવો કરાય તે શૈલેશીકરણ કહેવાય. (દા.ત. એક વસ્તુ 'સ્વ' ન હોય એને સ્વ જેવી કરાય તે 'સ્વીકરણ' કર્યું કહેવાય.) આમ આત્મપ્રદેશો પહેલાં અશૈલેશ તે હવે શૈલેશ જેવા અર્થાત્ શૈલેશી થયા. આત્મપ્રદેશ શૈલેશી એટલે આત્મા પણ શૈલેશી. (એ પરથી આત્માએ શૈલેશી પ્રાપ્ત કરી કહેવાય.) અથવા

(૨) 'સેલેસી' એટલે સેલ જેવા ઇસી અર્થાત્ શૈલ જેવા ઋષિ, સ્થિરતા થવાથી પર્વત જેવા બનેલા કેવળી મહર્ષિ. અથવા

(૩) 'સેલેસી' એટલે 'સે અલેસી' એમાં 'અલેસી'ના **अ** નો લોપ થતાં 'સેલેસી' શબ્દ બન્યો. આમાં પૂર્વે જે કહ્યું 'કય-જોગનિરોહો સેલેસી ભાવણામેઈ' એનો અર્થ એ થયો કે યોગનિરોધ કરનારો 'સે' યાને તે અલેસીભાવનાને પામે છે. (માગધી ભાષામાં પહેલી વિભક્તિમાં 'એ' પ્રત્યય હોઈ જેમ 'સમણે ભગવં મહાવીરે' એમ 'સે' અર્થાત્ તે.) 'અલેસી' એટલે 'અલેશ્યી' યાને લેશ્યા રહિત. ૧૩મા ગુણ-ઠાણા સુધી લેશ્યા હોય; કેમકે લેશ્યાને યોગાન્તર્ગત પુદ્ગલ સાથે સંબંધ છે; ને અહીં ૧૩મા સુધી જ યોગ વિદ્યમાન છે. પછી ૧૪મા ગુણઠાણે શૈલેશી હોઈ યોગ નથી, તો લેશ્યા પણ નથી, તેથી એ આત્મા અલેશ્યી યાને પ્રાકૃત ભાષાનુસાર 'અલેસી' બને છે. અથવા

(૪) 'સેલેસી' એટલે શીલનો ઈશ. તે આ રીતે,– પ્રાકૃતભાષામાં શીલેશને 'સીલેસ' કહેવાય; અર્થાત્ શીલના સ્વામી. ૧૪મા ગુણઠાણે ઈન્દ્રિય-કષાય-અવ્રત-ક્રિયાયોગ એ પાંચ આશ્રવમાંથી એકેય આશ્રવ નથી, સર્વ આશ્રવનો નિરોધ યાને



સર્વસંવર થઈ ગયો છે. નિશ્ચયનયના હિસાબે સર્વસંવર એ જ 'શીલ' યાને 'સમાધાન' છે, અર્થાત્ આત્મપ્રદેશોનું આત્મસ્વભાવનું સમ્યક્ આધાન છે, સમ્યક્ સ્થાપન છે. આત્માનો મૂળભૂત સ્વભાવ સર્વ-આશ્રવરહિતતા, સર્વસંવર, સ્થિરતા, એ જ શીલ. શીલના સ્વામી એ શીલેશ; અને 'શીલેશ' શબ્દને સ્વાર્થમાં અર્થાત્ પોતાના જ અર્થમાં 'અ' પ્રત્યય લાગે ત્યારે પ્રથમ સ્વર 'શી'માંની 'ઈ'ની વૃદ્ધિ થવાથી 'શી'નો 'શૈ' થાય. તેથી શીલેશ એ જ શૈલેશ. આ શૈલેશની અવસ્થા એ શૈલેશી. પ્રાકૃતમાં એને 'સેલેસી' કહેવાય. તાત્પર્ય, અહીં 'સેલેસી' શબ્દનો અર્થ 'સર્વસંવરની અવસ્થા' થયો.

આ શૈલેશી અવસ્થાને પામેલો એ સર્વસંવર-નિષ્પત્તિ અને મોક્ષ થવાનો જે મધ્યકાળ,-પાંચ હ્રસ્વ અક્ષર બોલાય એટલો જે સમય, એટલો જ સમય શૈલેશી અવસ્થામાં રહે છે. (પછી મોક્ષ પામે છે.) પાંચ હ્રસ્વ અક્ષર અ-ઈ-ઉ-ઋ-લૃ. એ બોલવામાં જેટલો સમય લાગે, માત્ર તેટલો સમય શૈલેશી-અવસ્થાનો, ૧૪મા ગુણઠાણાનો.

અહીં શુક્લધ્યાનના છેલ્લા બે પ્રકારનો ઉપયોગ છે, તે આ ક્રમે,–૧૩મા ગુણઠાણાના અંત ભાગમાં કાયનિરોધના પ્રારંભથી 'સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ' નામનો શુક્લધ્યાનનો ત્રીજો પ્રકાર શરૂ થાય. કહ્યું છે.– **'तणुरोहारंभाओ झायइ सुहुमकिरियानियट्टिं सो । वोच्छिन्नकिरियमप्पडिवाइ सेलेसी कालंमि ॥'** શૈલેશી કાળમાં **'વ્યુચ્છિન્ન ક્રિયા-અપ્રતિપાતી'** નામનો ચોથો પ્રકાર કામ કરે છે. શુક્લધ્યાનનો ત્રીજો પ્રકાર તો કાયયોગ-નિરોધ કરવાનું શરુ કરે ત્યારથી અર્થાત્ સૂક્ષ્મ કાયયોગ વડે બાદર કાયયોગનો નિરોધ કરવા માંડે ત્યારથી હોય. તેથી ત્યાં સૂક્ષ્મ ક્રિયા યોગક્રિયા, સૂક્ષ્મ કાયયોગ હજી નિવૃત્ત નથી, એ કામ કરતો હોય છે; તેથી એ 'સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ' ધ્યાન કહેવાય છે. ત્યારે ચોથો પ્રકાર ૧૪મા ગુણઠાણે શૈલેશી વખતે હોય છે, અને ત્યાં તો યોગક્રિયા સર્વથા નિરુદ્ધ છે, હંમેશ માટે ઉચ્છિન્ન છે; કદી હવે આ 'વ્યુચ્છિન્ન-ક્રિયા' અવસ્થાનો પ્રતિપાત પતન યાને અંત નહિ થવાનો; માટે આ પ્રકારને વ્યુચ્છિન્નક્રિયા-અપ્રતિપાતી કહે છે.

**શૈલેશીમાં કર્મક્ષયની પ્રક્રિયા** એ રીતે છે કે શૈલેશી કરવા પૂર્વે શૈલેશીમાં ખપાવવા યોગ્ય કર્મોને સમય-સમયવારના ગોઠવી દે છે; તે પણ એ પ્રમાણે, કે પહેલા સમયમાં ક્ષપણીય કર્મદલિકો કરતાં અસંખ્યગુણ કર્મદલિકો બીજા સમય માટે; અને એના કરતાં અસંખ્યગુણ કર્મદલિકો ત્રીજા સમય માટે;-એમ ઉત્તરોત્તર સમય માટે અસંખ્યગુણ-અસંખ્યગુણ કર્મદલિકોની રચના થાય. આને ગુણશ્રેણિ કહે છે. 'ગુણ' એટલે ઉત્તરોત્તર અસંખ્ય-અસંખ્યગુણ (દલિકો)ની, 'શ્રેણિ' એટલે

હારમાળા. આ રીતે અસંખ્યગુણની ગુણશ્રેણિથી પૂર્વે રચિત કર્મદલિકોને હવે ૧૪મે ગુણસ્થાનકે શૈલશીના પ્રારંભથી ક્રમશઃ સમયે સમયે ખપાવતા ચાલે છે. એ પણ ઉપાન્ત્ય સમયે પહોંચતાં લગભગ બધાં કર્મદલિકોને ખાલી કરી નાખ્યાં હોય છે, તે હવે જે કેટલુંક અહીં ખાલી કરે છે, અને કેટલુંક જે અંતિમ સમયે ખાલી કરે છે, તે આ રીતે;-મનુષ્યગતિ, મનુષ્ય-આનુપૂર્વી, પંચેંદ્રિયજાતિ, ત્રસ નામકર્મ, બાદર નામકર્મ, પર્યાપ્ત-સૌભાગ્ય-આદેય-યશ નામકર્મ, એમ ૯ નામકર્મ પ્રકૃતિ; તથા મનુષ્યાયુકર્મ, ઊંચ-ગોત્ર કર્મ, અને શાતાઅશાતા વેદનીય એ બેમાંથી ગમે તે એક વેદનીય કર્મ, એ ૩ બાકીના અઘાતી કર્મની પ્રકૃતિ,-એમ કુલ ૧૨ કર્મપ્રકૃતિ ચરમ સમયે અજિનસિદ્ધ થનારને ખપાવવાની હોય, અને તીર્થંકર-ભગવાન બની સિદ્ધ થનારને વધારામાં જિનનામ કર્મ, એટલે કુલ ૧૩ કર્મ-પ્રકૃતિ ચરમ સમયે ખપાવવાની હોય છે.

૧૪મા ગુણસ્થાનકના અંત સમયે સર્વ કર્મનો ક્ષય થઈ જતાં હવે એ આત્માને કોઈ કર્મ જ બાકી નહિ, તો કર્મનો ઉદય યાને ઔદયિકભાવ પણ નહિ. તેથી અહીં સર્વ કર્મક્ષયની સાથે જ ભવ્યત્વનો પણ નાશ થઈ જાય છે. કેમકે ભવ્યત્વ એ મોક્ષગમન-યોગ્યતારૂપ યાને સર્વકર્મક્ષય-યોગ્યતા સ્વરૂપ છે. એ સૂચવે છે કે જીવે સર્વકર્મક્ષય કર્યો નથી, પરંતુ કરી શકવાની યોગ્યતા એનામાં છે. તો હજી સર્વકર્મક્ષય નથી કર્યો એટલે કે કર્મ ઉદયવાન છે. આ કર્મ-ઉદય એ જ ઔદયિકભાવ; અને એ છે ત્યાં સુધી જ ભવ્યત્વ છે. માટે હવે જો સર્વકર્મક્ષય થતાં ઔદયિક ભાવ નહિ, તો ભવ્યત્વ પણ નહિ. એટલે સર્વકર્મઅંત થતાં ભવ્યત્વનો પણ અંત આવે છે, સિવાય કે સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન-સુખ-સિદ્ધત્વ; અર્થાત્ આનો અંત નહિ. કેમકે આ સમ્યક્ત્વાદિ તો આત્માનો મૂળભૂત સ્વભાવ છે, અને સંસારકાળમાં એ મિથ્યાત્વ-મોહનીયાદિ કર્મથી આવૃત્ત રહેનારાં, તે હવે સર્વકર્મક્ષયથી પ્રગટ થાય તેથી ક્ષાયિક સમ્યક્ત્વાદિ કહેવાય. એ હવે સદાકાળ પ્રગટ રહેવાના.

**અસ્પૃશદ્ ગતિએ સિદ્ધિગમનઃ-** આમ જ્યારે ૧૪મા ગુણસ્થાનકના અંતિમ સમયે સમસ્ત કર્મોનો ક્ષય આવીને ઊભો કે તરત જ એની પછીના એક જ સમયમાં જીવ ઋજુ (સીધી) ગતિથી સિદ્ધ થાય છે. અર્થાત્ લોકાન્તે સિદ્ધશિલા ઉપર પહોંચી જાય છે. આ અહીંથી છૂટી ત્યાં પહોંચવામાં વચ્ચે બીજો સમય કે બીજા પ્રદેશની સ્પર્શના નથી થતી, એટલે કે અહીંથી છૂટવાનો સમય ૧૪મા ગુણસ્થાનકની પૂર્ણતા થતાં જ, ૧૪મા ગુણસ્થાનકનો અંતિમ સમય વીતતાં જ છૂટવાનો સમય; અને ઉપર પહોંચી સિદ્ધશિલા પર આરૂઢ થવાનો સમય પણ તે જ. છૂટવાની અને પહોંચવાની વચ્ચે એક પણ સમયનું આંતરું નહિ. એમ અહીં



**उप्पाय-ट्ठिइ-भंगाइपज्जयाणं जमेगवत्थुंमि ।**
**नाणानयाणुसरणं पुव्वगयसुयाणुसारेणं ॥७७॥**
**सवियारमत्थ-वंजण-जोगंतरओ तयं पढमसुक्कं ।**
**होइ पुहुत्तवितक्कं सवियारमरागमावस्स ॥७८॥**

**અર્થ :- એક (અણુ-આત્માદિ) દ્રવ્યમાં ઉત્પાદ-સ્થિતિ-નાશ વગેરે પર્યાયોનું અનેક નયોથી 'પૂર્વગત' શ્રુતના અનુસારે જે ચિંતન, તે પણ પદાર્થ દ્રવ્ય શબ્દ (નામ) અને યોગ (મનોયોગાદિ)ના ભેદથી સવિચાર અર્થાત્ એ ત્રણેમાં એક પરથી બીજા પર સંક્રમણવાળું ચિંતન, એ પહેલું શુક્લધ્યાન છે. એ પણ વિવિધતાએ શ્રુતાનુસારી હોઈ સવિચાર છે, અને તે રાગભાવરહિતને થાય છે.**

એ જીવને અંતિમ સમયે અહીંના આકાશપ્રદેશની સ્પર્શના અને પછીના બીજા જ સમયે ઉપર લોકાન્તના આકાશપ્રદેશની સ્પર્શના. વચ્ચેના બીજા કોઈ આકાશ પ્રદેશની સ્પર્શના જ નહિ. આમ વચ્ચે સમયાંતર કે પ્રદેશાંતરની સ્પર્શના જ નહિ. એવી સ્પર્શના-રહિત ગતિથી એ ઉપર પહોંચી જાય છે, તેથી એ ગતિને અસ્પૃશદ્ ગતિ કહે છે. આવી ગતિએ જવાનું બને છે. એમાં કારણભૂત શુદ્ધ અને કર્મથી સર્વથા મુક્ત બનેલ જીવનો તથાસ્વભાવ છે.

**પ્રશ્ન**-વચ્ચેના પ્રદેશને સ્પર્શ્યા વિના કેમ જઈ શકે ? અને સ્પર્શે તો વચ્ચે સમય પણ લાગે ને ?

**ઉત્તર**-ના, ન લાગે; કેમકે જીવ સંસારકાળમાં સૂક્ષ્મ એકેન્દ્રિયપણે ય ઠેઠ ઉપર જતો હતો તે તો કર્મની પ્રેરણાથી, છતાં ય ત્યાં વચ્ચેના આકાશપ્રદેશની સ્પર્શના નહોતી, તો પછી હવે તો સર્વકર્મબંધન તૂટી જવાથી ફોરોફૂલ બનેલો સિદ્ધ જીવ અહીંથી છૂટતાવેંત પછીના જ સમયે ઉપર પહોંચી જાય એમાં નવાઈ નથી.

**સાકારોપયોગે સિદ્ધિ :-**

**પ્રશ્ન**- હવે જો એકલો શુદ્ધ જીવ જ છે, કર્મબંધન નથી, તો લોકાન્તે જઈને કેમ અટકે ? એથી ય ઉપર કેમ ન જાય ?

**ઉ૦**- એનું કારણ એ જ છે કે લોકાન્તની ઉપર ગતિ-સહાયક ધર્માસ્તિકાય તત્ત્વ નથી. એ તત્ત્વ તો માત્ર ચૌદ રાજલોકવ્યાપી યાને લોકાકાશવ્યાપી જ છે, અલોકવ્યાપી નથી. તો ગતિ-સહાયક ધર્માસ્તિકાય વિના અલોકમાં શી રીતે જાય ?

સર્વકર્મક્ષય થતાં જ મોક્ષ પામવાનું જે થાય છે તે વખતે કેવળજ્ઞાન-કેવળદર્શન એ બેમાંથી કેવળજ્ઞાનનો જ એટલે કે સાકાર જ ઉપયોગ હોય છે. નિયમ છે કે

**બધી લબ્ધિઓ સાકાર ઉપયોગે યાને જ્ઞાનોપયોગે પ્રગટ થાય, નિરાકાર યાને દર્શનોપયોગે નહિ.** અલબત્ત મોક્ષ થવાના બીજા સમયે કેવળદર્શનનો ઉપયોગ આવે; તે પછીના સમયે વળી કેવળજ્ઞાનનો ઉપયોગ આવે. એમ હવે શાશ્વતકાળ સમય-સમયે ફરતા ફરતી જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ ચાલ્યા કરે છે.

શુક્લધ્યાને 'ક્રમ' દ્વાર વિચાર્યું. હવે **'ધ્યાતવ્ય'** દ્વાર વિચારતાં કહે છે,–

**વિવેચન :- ૧. શુક્લધ્યાન : પૃથક્ત્વવિતર્ક-સવિચાર :-** 'ધ્યાતવ્ય' એટલે ધ્યેય, યાને ધ્યાનનો વિષય. શુક્લધ્યાનના ચાર પ્રકારમાં પહેલા પ્રકારનો ધ્યેય વિષય યાને ધ્યાતવ્ય વિષય એક દ્રવ્યના પર્યાય છે. અહીં ધર્મધ્યાન કરતાં શુક્લધ્યાનનો વિષય સૂક્ષ્મ છે, એટલે 'એક દ્રવ્ય' તરીકે કોઈ અણુદ્રવ્યના યા આત્માદિ દ્રવ્યના પર્યાય એ પહેલા શુક્લધ્યાનનો વિષય બને છે. એ પર્યાય છે. ઉત્પત્તિ-સ્થિતિ-નાશ, યા મૂર્તત્વ અમૂર્તત્વ એક જ દ્રવ્યના પર્યાયનું આ ધ્યાન દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિક યા નિશ્ચય-વ્યવહારાદિનયના અનુસારે હોય છે. એટલે દા.ત. દ્રવ્યાસ્તિક નયથી તે ઉત્પાદ આદિ પર્યાયને દ્રવ્યથી અભિન્નપણે ચિંતવે. આ ચિંતન ચૌદ 'પૂર્વ' નામના મહાશાસ્ત્રની અંતર્ગત શ્રુતના અનુસારે હોય છે. એ પૂર્વોમાં પદાર્થની ઘણી વિસ્તૃત અને સૂક્ષ્મ કોટિની વિચારણા કરવામાં આવી છે. તેથી એના આધારે આ શુક્લધ્યાનના પહેલા પ્રકારમાં દ્રવ્યપર્યાયનું સૂક્ષ્મ ચિંતન કરવામાં આવે છે. એ 'પૂર્વ'શાસ્ત્રના જ્ઞાતા જ કરી શકે.

**પ્ર૦-** તો પછી, મરુદેવી માતા, ભરત ચક્રવર્તી વગેરે તો એ શાસ્ત્રો ભણેલા નહિ, એમને શી રીતે શુક્લધ્યાન આવ્યું ? શુક્લધ્યાન વિના સમસ્ત ઘાતી કર્મોનો ક્ષય અને કેવળજ્ઞાન તો થાય નહિ.

**ઉ૦-** વાત સાચી, મરુદેવીમાતા વગેરે કેવળજ્ઞાન પામેલા તે શુક્લધ્યાનથી જ, પરંતુ એમને એ બીજી રીતે આવેલું. (૧. ધર્મધ્યાનની ઉત્કૃષ્ટતાના બળે, અને ૨. ભાવથી ઉપર ઉપરના ગુણસ્થાનકે ચઢી જવાના પ્રભાવે, એમને જ્ઞાનાવરણીયકર્મનો તીવ્ર ક્ષયોપશમ થવાથી 'પૂર્વ' શાસ્ત્રમાં કહેલ પદાર્થનો બોધ પ્રગટ થઈ ગયેલ. એટલે એ 'પૂર્વ' શાસ્ત્રના શબ્દથી વેત્તા નહિ, કિન્તુ અર્થથી વેત્તા બનીને પછી એના આધારે શુક્લધ્યાન પર ચઢેલા.)

**'સવિચાર' એટલે ?**

(ગાથા-૭૮)આ પહેલા પ્રકારનું શુક્લધ્યાન સવિચાર હોય છે, અર્થાત્ એમાં ચિંતન અર્થ-વ્યંજન-યોગમાં એક પરથી બીજા પર 'વિચાર' યાને વિચરણવાળું સંક્રમણવાળું હોય છે. 'અર્થ' એટલે વસ્તુ. 'વ્યંજન' એટલે એનો બોધક શબ્દ. દા.ત. ઉત્પત્તિ વસ્તુનો બોધક શબ્દ 'ઉત્પાદ', 'ઉત્પત્તિ', 'નિષ્પત્તિ' વગેરે. 'યોગ'



**जं पुण सुणिक्कंपं निवायसरणप्पईवमिय चित्तं ।**
**उप्पाय-ठिइ-भंगाइयाणमेगंपि पज्जाए ॥७९॥**
**अवियारमत्थ-वंजण-जोगंतरओ तयं बितियसुक्कं ।**
**पुव्वगयसुयालंबण-मेगत्त-वितक्क-मविचारं ॥८०॥**

**અર્થ :- ત્યારે પવન રહિત સ્થાનમાં રહેલા સ્થિર દીવાની જેમ જે ઉત્પત્તિ-સ્થિતિ-નાશ વગેરે પૈકી ગમે તે એક જ પર્યાયમાં સ્થિર ચિત્ત છે, તે બીજા પ્રકારનું શુક્લધ્યાન છે. એ 'અવિચાર'યાને અર્થ વ્યંજન-યોગના ફેરફારથી (થનારા) સંક્રમણ વિનાનું તથા પૂર્વગત શ્રુતના આલંબને થનારું (તેમજ એકત્વ યાને અભેદવાળું હોઈ) 'એકત્વ-વિતર્ક-અવિચાર' ધ્યાન છે.**

---

એટલે મનોયોગ-વચન-યોગ-કાયયોગ. એ ત્રણેમાં વિચરણ-સંક્રમણ થાય, અર્થાત્ ધ્યાન અર્થ પરથી વ્યંજન પર જાય યા યોગ પર જાય, ઇત્યાદિ વૈકલ્પિક અવસ્થા (વિભાષા) હોય છે, પરંતુ એકલા 'અર્થ'નું જ ચિંતન કે એકલા 'વ્યંજન'નું જ ચિંતન, એમ નહિ.

**'પૃથકત્વ-વિતર્ક' એટલે ? :-**

આ સવિચાર ચિંતન પણ 'પૃથકત્વ'થી હોય છે, અર્થાત્ ભેદથી ભિન્નતાથી હોય છે. (અર્થાત્ આ ધ્યાનમાં ધ્યેય-ધ્યાનના ભેદનો અનુભવ હોય છે.) બીજાઓ 'પૃથકત્વ'નો અર્થ 'વિસ્તીર્ણ ભાવ' એવો કરે છે. (અર્થાત્ આ ધ્યાન સવિચાર હોવાથી એને વિષયનો વિસ્તાર રહે છે.) હવે 'વિતર્ક' એટલે શ્રુત; પૂર્વે કહ્યા મુજબ 'પૂર્વ'ગત શાસ્ત્રના અનુસારે આ ધ્યાન હોય છે.

સારાંશ, આ ધ્યાન પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર ધ્યાન છે.

**આ ધ્યાન કોને આવે ?** તો કે અ-રાગભાવવાળાને આવે. જ્યાં સુધી અંતરાત્મામાં રાગપરિણામ જાગતો હોય ત્યાં સુધી આ પ્રથમ શુક્લધ્યાનનું સૂક્ષ્મ પદાર્થનું ચિંતન આવી શકે નહિ; કેમકે રાગના લીધે આત્માનું એ રાગના વિષય તરફ ખેંચાણ છે, તેથી શુક્લધ્યાનના સૂક્ષ્મ વિષયમાં મન તન્મય એકાગ્ર બની શકે નહિ.

હવે શુક્લધ્યાનનો બીજો પ્રકાર કહે છે,–

**વિવેચન :- ૨જું શુક્લધ્યાન એકત્વ-વિતર્ક-અવિચાર :-**

શુક્લધ્યાનનો ૨ જો પ્રકાર 'એકત્વ-વિતર્ક-અવિચાર' નામે છે. આ પ્રકાર પહેલા પ્રકાર કરતાં અત્યંત નિષ્પ્રકંપ યાને સ્થિર હોય છે. જેમ ઘરના પવન વિનાના ભાગમાં રહેલ દીવાની જ્યોત સહેજ પણ હાલતી-ફરફરતી નથી હોતી, કિન્તુ એક જ સ્થિર અવસ્થામાં હોય છે, એ રીતે બીજા શુક્લધ્યાનમાં ચિત્ત અત્યંત

**निव्वाणगमणकाले केवलिणो दरनिरुद्धजोगस्स ।**
**सुहुमकिरियाऽनियट्टिं तइयं तणुकायकिरियस्स ॥८१॥**
**तस्सेव य सेलेसीगयस्स सेलोव्व निप्पकंपस्स ।**
**वोच्छिन्नकिरियमप्पडिवाइ ज्झाणं परमसुक्कं ॥८२॥**

**અર્થ :- જ્યારે મોક્ષ પામવાનો નિકટ અવસર થાય ત્યારે કેવળજ્ઞાનીને (મનોયોગ-વચનયોગનો સર્વથા નિરોધ કર્યા પછી) કાયયોગ અડધો નિરુદ્ધ થયે સૂક્ષ્મ કાયક્રિયા રહ્યે સૂક્ષ્મ ક્રિયાઅનિવર્તી નામનું ત્રીજું ધ્યાન હોય છે. એમને જ શૈલેશી પામતાં મેરુની જેમ તદ્દન સ્થિર (નિશ્ચલ આત્મપ્રદેશ) થયે વ્યુચ્છિન્નક્રિયા-અપ્રતિ પાતી નામનું ચોથું શુક્લધ્યાન હોય છે.**

---

સ્થિર બની ગયું હોય છે. પહેલા પ્રકારમાં તો ઉત્પત્તિ-સ્થિતિ-નાશ વગેરે વસ્તુ પર્યાયમાં એક પર્યાય પરથી બીજા પર્યાય ઉપર ચિત્ત જતું હતું, ત્યારે આમાં એમાંના ગમે તે એક પર્યાય પર ચિત્ત સ્થિર લાગી જાય છે. એટલું જ નહિ પણ

**'અવિચાર' :-** પહેલા પ્રકારમાં ચિત્ત અર્થ પરથી શબ્દ પર યા યોગ પર વિચરણવાળું યાને સંક્રમણવાળું હતું, ત્યારે આમાં અર્થ-વ્યંજન-યોગમાં સંક્રમણ નથી હોતું. જે એક પદાર્થ યા શબ્દ કે યોગ પર મનની લીનતા થઈ તે થઈ; એવી ચિત્તની અત્યન્ત સ્થિરતા હોય છે. વળી આમાં

**'એકત્વ વિતર્ક'** એકત્વથી યાને અભેદથી ચિંતન હોય છે. ('હું આ પદાર્થનું ચિંતન કરું છું એવો ધ્યાતા-ધ્યેય અને ધ્યાનનો ભેદાનુભવ નહિ, એ ભેદને જુદા પાડીને અનુભવ નહીં, કિંતુ અભેદાનુભવ યાને ત્રણેની એકાકારતા બની જાય છે. ધ્યાનમાં વિષય પણ અલગ ન ભાસે, ધ્યાનથી પોતાનો ધ્યાતા આત્મા પણ અલગ ન ભાસે.) આવું પણ ધ્યાન 'પૂર્વ' ગત શ્રુતના આલંબને અર્થાત્ શ્રુતે કહેલ પદાર્થ પર થાય. આને 'એકત્વ-વિતર્ક-અવિચાર ધ્યાન' કહે છે. એ અભેદથી અર્થ યા વ્યંજન(શબ્દ)નાં વિચરણ વિનાનું યાને સંક્રમણ રહિત ધ્યાન છે.

હવે કઈ અવસ્થામાં આ ત્રીજું ચોથું શુક્લધ્યાન હોય તે કહે છે,–

**વિવેચન :- ૩જા ૪થા શુક્લધ્યાનનો સમય :-**

પહેલા બે શુક્લધ્યાન ધ્યાવવાના અંતે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય, આત્મા સર્વજ્ઞ બને. ત્યાં એમને ૧૩મું 'સયોગિ-કેવળિ' ગુણસ્થાનક પ્રાપ્ત થાય. હવે બાકીનો લગભગ બધો આયુષ્યકાળ આ ગુણઠાણે વિતાવે છે. માત્ર જ્યારે આયુષ્યકાળ સમાપ્ત થવાનો હોય અને મોક્ષ પામવાની અત્યંત નિકટતા આવી હોય ત્યારે એ યોગનિરોધની ક્રિયા કરે છે. એમાં કાયયોગથી મનોયોગ અને વચનયોગનો સર્વથા



**पढमं जोगे जोगेसु वा, मयं बितियमेकजोगंमि ।**
**तइयं च कायजोगे, सुक्कमजोगंमि य चउत्थं ॥८३॥**

**અર્થ :- પહેલું શુક્લધ્યાન એક યા સર્વયોગમાં હોય, બીજું એક (જ) યોગમાં હોય, ત્રીજું (સૂક્ષ્મ) કાયયોગ વખતે, અને ચોથું અયોગ અવસ્થામાં હોય.**

---

નિરોધ કરી લીધા પછી હવે જ્યારે કાયયોગ પણ અડધો-પડધો નિરુદ્ધ કરી લીધા પછી હવે જ્યારે કાયયોગ પણ અડધો-પડધો નિરુદ્ધ થઈ જાય છે, અને માત્ર સૂક્ષ્મ શ્વાસોચ્છ્વાસ જેવી સૂક્ષ્મ કાયક્રિયા રહી હોય છે, ત્યાં 'સૂક્ષ્મક્રિયા-અનિવર્તી'નામનું ત્રીજું શુક્લધ્યાન આવે. **'અનિવર્તી' એટલે** સંપૂર્ણ આત્મસ્થિરતા તરફના અત્યંત પ્રવર્ધમાન પરિણામથી હવે નિવૃત્ત નહિ થનારી યાને સૂક્ષ્મમાંથી બાદર રૂપમાં પાછી નહીં ફરનારી, એવી સૂક્ષ્મ કાયક્રિયા તે સૂક્ષ્મક્રિયા અનિવર્તી. અ અવસ્થા એ જ ધ્યાન. એ જ ત્રીજુ શુક્લધ્યાન. અહીં મન નહિ, તેથી મનની એકાગ્રતા નહિ, છતાં આને 'ધ્યાન' કેમ કહે છે એ આગળ સમજાવશે.

આ ધ્યાન ક્ષણવાર રહીને પછી એ સૂક્ષ્મકાયયોગ-અવસ્થા પણ બંધ થઈ જાય છે. કેમકે આત્મપ્રદેશોને સર્વથા સ્થિર-નિશ્ચળ કરવાનો અત્યંત પ્રવર્ધમાન પુરુષાર્થ બાદર-સૂક્ષ્મ મનોયોગ-વચનયોગને તથા બાદર કાયયોગને તદ્દન અટકાવી દીધા પછી હવે સૂક્ષ્મકાયયોગને પણ તદ્દન બંધ કરી દેવા તરફ આગળ વધી રહ્યો છે. તે એ કાયયોગને સર્વથા અટકાવીને જપે છે. આ બધું ૧૩મા ગુણસ્થાનકના અંતિમ કાળે બને છે, તે ૧૩મા ગુણસ્થાનકનો કાળ પૂરો થતાં સર્વથા યોગનિરોધ આવીને ઊભો રહે છે. એ થતાં જ ૧૪મું 'અયોગિ-કેવળી' ગુણસ્થાનક શરૂ થાય છે.

હવે સૂક્ષ્મ કાયયોગ-કાયક્રિયા પણ નથી, એટલે કોઈપણ યોગ નથી. તેથી એ કેવળજ્ઞાની અયોગિકેવળી બને છે. ત્યાં 'વ્યવચ્છિન્નક્રિયા-અપ્રતિપાતી' (વ્યુચ્છિન્ન-વ્યુપરતક્રિયા-અપ્રતિપાતી) નામનું ચોથું શુક્લધ્યાન શરૂ થાય છે. 'વ્યવચ્છિન્ન ક્રિયા' એટલે સૂક્ષ્મકાયયોગ પણ જ્યાં સર્વથા ઉચ્છેદ પામી ગયો છે એવી અવસ્થાએ 'અપ્રતિપાતી' એટલે અટળ (ટળવાની નહિ એવા) સ્વભાવવાળી, યાને શાશ્વત કાળ માટે અયોગ અવસ્થા કાયમ રહેવાની.

આમ તેરમાના અંતે સર્વથા યોગ-નિરોધ થઈ જવાથી, મન-વચન-કાયયોગના હિસાબે આત્મપ્રદેશ જે સ્પન્દનશીલ યાને હલનચલન સ્વભાવવાળા હતા, તે હવે તદ્દન સ્થિર થઈ જાય છે, તેથી અહીં આત્મા મેરુની જેમ નિષ્પ્રકંપ-સ્થિર બને છે. મેરુ એટલે શૈલ (પર્વતો)નો ઈશ શૈલેશ. શૈલેશના જેવી સ્થિર અવસ્થા શૈલેશી અવસ્થા. ૧૩મું ગુણસ્થાનક પૂરું થતાં ૧૪માંના પ્રારંભે એ અવસ્થા પ્રાપ્ત થાય છે.

जह छउमत्थस्स मणो झाणं भण्णइ सुनिश्चलो संतो ।
तह केवलिणो काओ सुनिश्चलो भण्णए झाणं ॥८४॥

અર્થ :- જેવી રીતે છદ્મસ્થને મન સુસ્થિર થાય એને ધ્યાન કહે છે, એમ કેવળજ્ઞાનીને સુસ્થિર કાયા એ ધ્યાન કહેવાય છે.

पुव्वप्पओगओ चिय, कम्मविणिज्जरणहेउतो वावि ।
सद्दत्थ बहुत्ताओ, तह जिणचंदागमाओ य ॥८५॥
चित्ताभावे वि सया, सुहुमोवरयकिरियाइ भण्णंति ।
जीवोपओगसब्भावओ भवत्थस्स झाणाइं ॥८६॥

અર્થ :- (અયોગમાં ધ્યાન કેવી રીતે ? તો કે) (૧) પૂર્વ પ્રયોગના લીધે, યા (૨) કર્મ નિર્જરાનો હેતુ હોવાથી પણ, અથવા (૩) શબ્દના અનેક અર્થ થતા હોવાથી, તથા (૪) જિનેન્દ્ર ભગવાનના આગમનું કથન હોઈને,

સૂક્ષ્મક્રિયા અને વ્યુચ્છિન્નક્રિયા,-અલબત્ ત્યાં ચિત્ત નથી છતાં પણ જીવનો ઉપયોગ પરિણામ (ભાવમન) હાજર હોવાથી,-ભવસ્થ કેવળીને ધ્યાનરૂપ કહેવાય છે.

એટલે કહેવાય કે શૈલેશી અવસ્થા પામેલા એ જ કેવળજ્ઞાની મહર્ષિને મેરુની જેમ સ્થિર થયે પરમ શુક્લધ્યાન યાને 'વ્યુચ્છિન્ન ક્રિયા-અપ્રતિપાતી' નામનું અંતિમ ૪થું શુક્લધ્યાન આવે છે.

આમ ચાર પ્રકારે ધ્યાન વર્ણવીને હવે એના જ સંબંધમાં બાકીનું કથન કરે છે,–

**વિવેચન :- ૪ શુક્લધ્યાન વખતે યોગ :-**

શુક્લધ્યાનના ચાર પ્રકાર બતાવ્યા, એમાં પહેલું 'પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર' ધ્યાન એક મનોયોગ આદિમાં હોય, યા ત્રણે યોગમાં હોય ત્યાં 'સવિચાર' સંક્રમણવાળું; યોગથી અર્થમાં નહિ, પણ જો યોગાન્તરમાં સંક્રમણ થાય તો અનેક યોગ બને; નહિતર એક જ યોગ. માટે એક અથવા અનેક યોગ સંભવે. ત્યારે બીજું 'એકત્વ-વિતર્ક-અવિચાર' ધ્યાન સંક્રમણ રહિત હોઈને એ માત્ર ગમે તે એક યોગમાં હોય. જે મનોયોગ યા વચનયોગ યા કાયયોગમાં લીનતા આવી એ જ યોગમાં આ બીજા પ્રકારનું ધ્યાન હોય. પણ ત્રીજું 'સૂક્ષ્મ ક્રિયા-અનિવર્તી' ધ્યાન માત્ર સૂક્ષ્મ કાયયોગમાં હોય. કેમકે બીજા યોગો નિરુદ્ધ થઈ ગયા પછી જ આ ધ્યાન આવે છે. ત્યારે ચોથું 'વ્યુચ્છિન્નક્રિયા-અપ્રતિપાતી' ધ્યાન તો અયોગ અવસ્થામાં જ હોય, કેમકે સમસ્ત યોગોનો સર્વથા નિરોધ થઈ ગયા પછી આ આવે છે. એટલે



અયોગી શૈલેશી કેવલી બનેલને એ હોય;

હવે ધ્યાનનો વિશેષ અર્થ બતાવે છે,–

**વિવેચન :- મન વિના ધ્યાન કેવી રીતે ?**

પ્ર૦- કેવળજ્ઞાનીને થતા શુક્લધ્યાનના પાછળના બે પ્રકાર વખતે તો મનોયોગ જ નથી એટલે કે મન જ નથી, કેમકે કેવળી અમનસ્ક હોય છે, પછી ત્યાં મન વિના ધ્યાન કેવી રીતે ? 'ધ્યૈ ચિન્તાયામ્' એવા પાઠથી 'ધ્યૈ' પરથી બનેલ 'ધ્યાન' શબ્દનો અર્થ તો મનથી ચિંતન એવો થાય, પણ મન વિના એ ચિંતનરૂપ ધ્યાન કેમ બને ?

ઉ૦- અહીં 'ધ્યાન' શબ્દનો અર્થ નિશ્ચલતા લેવાનો છે; પછી તે મનથી નિશ્ચલતા હો; કે કાયાની નિશ્ચલતા હો, પરંતુ એ બન્ને ધ્યાનસ્વરૂપ છે. એમાં જેમ છદ્મસ્થ અર્થાત્ હજી કેવળજ્ઞાની નહીં બનેલા અને જ્ઞાનાવરણાદિ કર્મના ઉદયવાળા જીવને મન-મનોયોગ સુનિશ્ચળ યાને એક વસ્તુ પર સ્થિર થાય એને ધ્યાન કહે છે, એવી જ રીતે કેવળજ્ઞાનીને કાયા કાયયોગ સુનિશ્ચળ થાય એને ધ્યાન કહે છે; કેમકે બન્નેમાં યોગપણું સમાન છે, એટલે જો સ્થિર મનોયોગ એ ધ્યાન, તો સ્થિર કાયયોગ એ પણ ધ્યાન કેમ નહિ ?

ત્યારે ૪થા પ્રકારમાં ધ્યાન કેવી રીતે એ કહે છે,

**વિવેચન : અયોગ-અવસ્થામાં ધ્યાન શી રીતે ? :-**

પ્ર૦- ઠીક છે, ૩જા શુક્લધ્યાન વખતે સૂક્ષ્મ કાયયોગ હોઈ 'કાય-નિશ્ચળતા'રૂપ ધ્યાન હો, પરંતુ ૪ થા શુક્લધ્યાન વખતે તો સર્વયોગોનો તદ્દન નિરોધ યાને અયોગી અવસ્થા છે, ત્યાં કાયાને પણ સ્થિર કરવાનું નથી, પછી એવી અવસ્થામાં ધ્યાનરૂપતાની વાત શી ? 'ધ્યાન' શબ્દનો અર્થ કેમ ઘટે ? અને જો કહો કે નિરુદ્ધ કાયયોગ છે, તો તો બીજા પણ નિરુદ્ધ યોગો હોવાની આપત્તિ આવશે !

ઉ૦- અનુમાન પ્રયોગથી આમાં ધ્યાનરૂપતા સિદ્ધ થાય છે. અનુમાનમાં પક્ષ-સાધ્ય-હેતુ-દૃષ્ટાંત જોઈએ, તો અહીં ચાર હેતુથી અનુમાન પ્રયોગ આ રીતે બને છે,-

'ભવસ્થ કેવળીની સૂક્ષ્મક્રિયા અને પછી વ્યુપરતક્રિયા એ બે અવસ્થા', 'ધ્યાનરૂપ છે' કેમકે જીવોપયોગ હોવા સાથે (૧) પૂર્વપ્રયોગ હોવાથી (૨) કર્મ નિર્જરાનો હેતુ હોવાથી, (૩) શબ્દના અનેક અર્થ થવાથી, તથા (૪) જિનચંદ્રનું આગમકથન હોવાથી આમાં બે અવસ્થા એ પક્ષ છે, 'ધ્યાનરૂપતા' એ સાધ્ય છે, અને બાકીના ૪ હેતુ છે.

**આની સ્પષ્ટતા :** કાયયોગનો નિરોધ કરી રહેલ સયોગી કેવળીને યા શૈલેશીવાળા અયોગી કેવળીને અલબત્ત ચિત્ત યાને મનોયોગ નથી, દ્રવ્ય મન નથી, છતાં પણ એમને જે અનુક્રમે સૂક્ષ્મક્રિયા-અનિવર્તી અને વ્યુપરતક્રિયા-અપ્રતિપાતી અવસ્થા છે એ 'ધ્યાન' એટલા માટે કહેવાય છે કે,—

(૧) પૂર્વપ્રયોગ હોવાથી. એમાં દૃષ્ટાંત કુંભારના ચક્રનું ભ્રમણ છે. જેવી રીતે ચાકડો ભમાવનાર દંડાની ક્રિયા બંધ થયા બાદ પણ દંડાના પૂર્વપ્રયોગને લીધે પછીથી દંડા વિના પણ ચક્રભ્રમણ ચાલુ રહે છે, એવી રીતે અહીં મનોયોગ વગેરેનો નિરોધ થઈ જવા છતાં આત્માનો જ્ઞાનોપયોગ ચાલુ છે, અને એ ભાવમન છે, તેથી એ ધ્યાનરૂપ છે.

પ્ર૦- એમ તો મોક્ષ થયા પછી ય કેવળજ્ઞાનનો ઉપયોગ હોય છે, તો તે શું ધ્યાનરૂપ ગણાશે ?

ઉ૦- ના, ધ્યાન તો કર્મક્ષય કરનારું એક કારણ છે. મોક્ષમાં એ કર્મક્ષયરૂપ કાર્ય કરવાનું છે નહિ, તેથી ત્યાં કારણ પણ નહિ. જ્યારે ૧૪મા ગુણસ્થાનકે હજી કર્મ બાકી છે. તેનો ક્ષય કરી રહેલ જીવોપયોગ-અવસ્થાને કારણરૂપે ધ્યાનરૂપ કહી શકાય. માટે,

(૨) **કર્મ નિર્જરણનું કારણ** હોવાથી, ભવસ્થ કેવળીની સૂક્ષ્મ ક્રિયા વ્યુચ્છિન્ન ક્રિયા-અવસ્થાને ધ્યાન કહેવાય છે. આમાં દૃષ્ટાંત ક્ષપકશ્રેણિ છે. જેમ ક્ષપકશ્રેણિમાં ઘાતી કર્મનો ક્ષય કરનાર 'પૃથકત્વવિતર્ક-સવિચાર' આદિ એ ધ્યાન છે, એમ અહીં અઘાતી કર્મનો ક્ષય કરનાર ઉક્ત બે અવસ્થાને ય ધ્યાનરૂપ કહી શકાય. એમ,

(૩) **શબ્દના બહુ અર્થ થતા હોવાથી** અહીં 'ધ્યાન' શબ્દનો ઉપયોગ કરવાનો વિરોધ નથી. દૃષ્ટાન્ત તરીકે 'હરિ' શબ્દના ઈન્દ્ર-વાનર... વગેરે અનેક અર્થ થાય છે, એવી રીતે (૧) 'ધ્યૈ ચિન્તાયાં,' (૨) ધ્યૈ કાયનિરોધે,' (૩) 'ધ્યૈ અયોગિત્વે' વગેરે અનેક ધાત્વર્થથી 'ધ્યૈ' પરથી બનતા 'ધ્યાન' શબ્દના [૧]સ્થિર ચિંતન [૨]કાય-નિરોધ, [૩]અયોગિ-અવસ્થા' ઇત્યાદિ અર્થ થઇ શકે. તેથી સૂક્ષ્મ-વ્યુપરતક્રિયા અવસ્થાને ધ્યાન કહેવાય. વળી

(૪) **જિનચંદ્ર આગમવચન હોવાથી** પણ આ અવસ્થાને ધ્યાન કહેવાય. 'જિન' એટલે વીતરાગ કેવળજ્ઞાનીઓ; એમાં 'ચંદ્ર' જેવા તીર્થંકર ભગવાન છે. એમના આગમ-શાસ્ત્ર ધ્યાન 'આર્ત' આદિ ચાર પ્રકારના, અને એમાં શુક્લધ્યાન ૪ પ્રકારે બતાવે છે. એટલે જિનાગમ વચનથી પણ શુક્લધ્યાનના પાછળના બે પ્રકાર ધ્યાનરૂપ સિદ્ધ થાય છે.

પ્ર૦- શું આગમ કહે છે માટે માની લેવું ? માનવાનું તો તર્કથી સિદ્ધ થાય



તે જ હોય ને ?

ઉ૦- ના, અતીન્દ્રિય પદાર્થની સિદ્ધિ કેવળ તર્કના બળ પર ન થઈ શકે. કહ્યું છે,—

**आगमश्चोपपत्तिश्च संपूर्णं दृष्टिलक्षणम् ।**
**अतीन्द्रियाणामर्थानां सद्भावप्रतिपत्तये ॥**

અર્થાત્ અતીન્દ્રિય પદાર્થો યાને જે બાહ્ય ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી એવા પદાર્થોનાં યથાર્થ જ્ઞાન માટે આગમ અને તર્ક બંને જોઈએ. એ બંને મળીને સંપૂર્ણ પદાર્થદૃષ્ટિ પદાર્થબોધ જ્ઞાપક બની શકે છે. એકલા તર્કથી તો અતીન્દ્રિય પદાર્થની સામાન્યરૂપે સિદ્ધિ થાય, કિન્તુ એના અવાંતર વિશેષ તો જેણે પ્રત્યક્ષ જોયા હોય એવા આપ્ત પુરુષના વચનથી જાણી શકાય. દા.ત. બહાર ધૂમાડા પરથી ઘરના અંદરના ભાગમાં અગ્નિ હોવાનું જણાય તે સામાન્યરૂપે જણાય, પંરતુ એ અગ્નિ કેટલા પ્રમાણમાં છે, કેવા કાષ્ઠ આદિનો છે, એની જ્વાળા કેવી છે... વગેરે બાબતો કાંઈ અનુમાનથી ન જણાય, એ તો ત્યાં અંદરમાં બેઠેલો માણસ પ્રત્યક્ષથી જોઈ શકે, અને એનાં વચનથી બહારનાને જણાય. એવું આત્મા, કર્મ, ધ્યાન વગેરે અતીન્દ્રિય પદાર્થો અંગે છે. તેથી સર્વજ્ઞવચનથી એની વિશેષતાઓ જાણી શકાય. તેથી જો એ કહે છે કે 'સૂક્ષ્મક્રિયા-અનિવર્તી અને વ્યુપરતક્રિયા-અપ્રતિપાતી એ બે ધ્યાનરૂપ છે', તો એ પ્રમાણે માનવું જોઈએ. વસ્તુનું સંપૂર્ણ દર્શન કરવા આગમ અને તર્ક બંને જરૂરી છે. તેથી સર્વજ્ઞાગમે કહ્યું માનીએ ત્યારે અતીન્દ્રિય પદાર્થ બરાબર સમજ્યા ગણાય. (ગાથા-૮૬) એથી આ સિદ્ધ થાય છે કે ભવસ્થ સયોગી કે અયોગી કેવળજ્ઞાનીને જો કે મન નથી, તો પણ એમને જ્ઞાનદર્શનોપયોગ છે. તેથી એમની એ સૂક્ષ્મક્રિયા અને ઉપરતક્રિયા એ બે અવસ્થા ધ્યાનરૂપ છે.

અહીં ગાથા ૮૫મીમાં 'કમ્મનિજ્જરણહેઉતો વા વિ' કહ્યું એમાં 'વા વિ' એટલે કે 'ચાડપિ' એમાં 'ચ' અને 'અપિ' શબ્દ આવ્યા, ત્યાં 'ચ' શબ્દથી પૂર્વના હેતુ પર 'અનુપપત્તિ' યાને પ્રશ્નની સંભાવના સૂચવી અને 'અપિ' શબ્દથી પ્રસ્તુત હેતુથી સમાધાન સૂચવ્યું. દા.ત. 'પહેલો હેતુ' 'પૂર્વપ્રયોગ' બતાવ્યો. એના પર પ્રશ્ન ઊભો થાય કે 'જીવનો જ્ઞાનોપયોગ કાંઈ દંડ વિનાના ચક્રભ્રમણ જેવો અલ્પજીવી નથી, એ તો મોક્ષ થયા પછી પણ કાયમ રહે છે. તો શું મોક્ષમાં પણ ધ્યાન હોવાનું કહેશો ?' આવા પ્રશ્નનું સમાધાન બીજા 'કર્મનિજ્જરણહેતુ' એવા હેતુથી મળે છે. તે એ રીતે કે પૂર્વપ્રયોગ ઉપરાંત કર્મનિર્જરા કરવાનું કાર્ય મોક્ષમાં નથી થતું, અને અહીં સૂક્ષ્મ વ્યુપરતક્રિયાથી થાય છે, માટે આને જ ધ્યાન કહેવાય, પણ મોક્ષના જ્ઞાનોપયોગને નહિ.

**सुक्कज्झाणसुभावियचित्तो चिंतेइ झाणविरमेऽवि ।**
**णिययमणुप्पेहाओ चत्तारि चरित्तसंपन्नो ॥८७॥**

**અર્થ :- શુક્લધ્યાનથી ચિત્તને જેણે સારું ભાવિત કર્યું છે એ ચારિત્ર-સંપન્ન આત્મા ધ્યાન બંધ થવા પર પણ અવશ્ય ચાર અનુપ્રેક્ષાનું ચિંતન કરે.**

અહીં આના પર પણ પ્રશ્ન થાય કે 'કર્મનિર્જરા' તો સૂક્ષ્મ ક્રિયાની પૂર્વે પણ ચાલુ છે, તો શું સમગ્ર ૧૩મા ગુણસ્થાનકે ધ્યાન-અવસ્થા કહેશો ?' તો આના સમાધાન માટે ત્રીજો હેતુ 'શબ્દાર્થબહુત્વ' મૂક્યો. એથી સૂચવ્યું કે 'ધ્યૈ' શબ્દનો 'એકાગ્ર ચિંતન', 'યોગ-નિરોધ', અને 'અયોગીપણું' એટલો જ હોવાથી યોગનિરોધ એ ધ્યાન બને, પણ યોગનિરોધની પૂર્વની અવસ્થા ધ્યાનરૂપ નહિ ગણાય. વળી આના પર પણ પ્રશ્ન સંભવિત છે કે 'ધ્યૈ'નો એટલો જ અર્થ શા માટે ?' તો એના સમાધાનમાં 'જિનેન્દ્ર-આગમ' એ ચોથો હેતુ કહ્યો સર્વજ્ઞ વચન અંતિમ પ્રમાણ છે. (એટલા જ માટે રાત્રિભોજન-ત્યાગ પ્રમાણ-સિદ્ધ કરવામાં અનેક હેતુ બતાવ્યા પછી, અંતે આ જ પ્રમાણ અપાય છે કે જિનેશ્વરદેવની આજ્ઞા છે કે રાત્રિભોજન નહિ કરવું, તેથી એનો ત્યાગ 'જિનાજ્ઞા' પ્રમાણથી સિદ્ધ છે.)

'ધ્યાતવ્ય' દ્વારનું વિવેચન થયું. પછી 'ધ્યાતા' દ્વારમાં 'શુક્લધ્યાનના ધ્યાતા કોણ ?' એની વાત આવે, પરંતુ ધર્મ-ધ્યાનના અધિકારમાં એ સાથે જ કહેવાઈ ગયું છે; તેથી હવે એના પછીનું **'અનુપ્રેક્ષા'** દ્વાર વર્ણવવામાં આવે છે, એ માટે કહે છે,–

**વિવેચન :- શુક્લધ્યાનમાં અનુપ્રેક્ષા :-**

'ચારિત્રસંપન્ન મહાત્મા શુક્લધ્યાનમાં ચઢ્યા હોય,– પરંતુ ધ્યાન છે એટલે સતત અંતર્મુહૂર્તથી વધુ ટકે નહીં, તેથી માંડેલું એક ધ્યાન અંતર્મુહૂર્તે બંધ થાય, તે પછી એમને ચિત્તનો વ્યાપાર શો ચાલે ?' એવો સવાલ થાય; એના જવાબમાં કહે છે કે એ મહાત્મા અવશ્ય ચાર અનુપ્રેક્ષા ચિંતવનારા હોય. આનું કારણ એ છે કે એમને 'ધ્યાન' છે એટલે માત્ર એકાગ્ર ચિંતન કરી બેસી નથી રહ્યા, કિન્તુ એનાથી પોતાના આત્માને 'સુભાવિત' યાને સારી રીતે ભાવિત કર્યો છે, ચિંતનના રંગથી ખૂબ રંગી દીધો છે. તેથી એકાગ્ર ધ્યાન પૂરું થયું તો તરત અનુપ્રેક્ષારૂપ ચિંતન શરૂ થઈ જાય છે. સુભાવિતતાના કારણે મન આહટ્ટ દોહટ્ટ વિચારોમાં પડતું નથી, પરંતુ હવે કહેશે તે આશ્રવ દ્વાર આદિ ચાર પૈકી કોઈ પણ બાબત પર ચિંતન-અનુપ્રેક્ષા ચાલુ થઈ જાય છે.

(પૂર્વે ધર્મધ્યાન પછીની અનુપ્રેક્ષા અંગે પણ આ જ કહેલું કે ધર્મધ્યાનથી સુભાવિત થવાના કારણે ધ્યાનથી વિરામ પામતાં અનિત્યાદિ બાર અનુપ્રેક્ષા પૈકીની



**आसवदाराए तह संसारासुहाणुभावं च ।**
**भवसंताणमणन्तं वत्थूणं विपरिणामं च ॥८८॥**

**અર્થ :- આશ્રવદ્વારો (મિથ્યાત્વાદિ)ના અનર્થ, સંસારનો અશુભ સ્વભાવ, ભવોની અનંત ધારા, અને (જડ-ચેતન) વસ્તુનો પરિવર્તન-સ્વભાવ અશાશ્વતતા.**

કોઈ અનુપ્રેક્ષામાં ચડે. આ સૂચવે છે કે જિનશાસનમાં શુભધ્યાન માત્ર એકાગ્ર ચિંતનરૂપ નહિ, કિન્તુ સાથે સાથે આત્માને ભાવિત કરનારું હોય, અને એમ ભાવિતતા થયાનું ફળ આ, કે ધ્યાન અટક્યું તો એ અનુપ્રેક્ષા ચાલુ થઈ જાય. એ કરતાં વળી ફરી એકાગ્રતા લાગી ધ્યાન ચાલુ થઈ જાય. એમ આંતરા સાથે ધ્યાન-સંતતિ ધ્યાન-ધારા ચાલે. તાત્પર્ય, ધ્યાન જીવને ભાવિત કરનારું જોઈએ, અને એના અટકવા પર અનુપ્રેક્ષા ચાલુ થવી જોઈએ.)

અહીં શુક્લધ્યાનના વિરામમાં આવનારી ૪ અનુપ્રેક્ષા આ પ્રમાણે છે,–

**વિવેચન :- શુક્લધ્યાનની ૪ અનુપ્રેક્ષા :-**

શુક્લધ્યાનીને ધ્યાન બંધ પડતાં (૧) આશ્રવ દ્વારના અનર્થ, (૨) સંસાર-સ્વભાવ, (૩) ભવોની અનંતતા, અને (૪) વસ્તુ-પરિવર્તન, એ ચાર અનુપ્રેક્ષા હોય છે. એના પર એ ચિંતન કરે છે. એમાં (૧) આશ્રવ દ્વારના અનર્થમાં, મિથ્યાત્વ અવિરતિ વગેરે આશ્રવદ્વારો અર્થાત્ કર્મબંધના હેતુઓ કયા, એ સેવવાના ફળરૂપે અહીં અને પરલોકમાં કેવા કેવા દુઃખો આવે છે, કેવા અનર્થ નીપજે છે ?...' એનું ચિંતન કરે.

**(૨) સંસારના અશુભ સ્વભાવમાં** ચિંતવે કે 'ધિક્કાર છે સંસારના સ્વભાવને કે (૧) એ જીવની પાસે એના પોતાના જ અહિતની વસ્તુ આચરાવે છે ! (૨) વળી એમાં સુખ અલ્પ અને તે આભાસમાત્ર, ત્યારે દુઃખ અનંત ! નરક-નિગોદાદિમાં દુઃખનો પાર નહિ ! તેમ (૩) એમાં સંબંધો વિચિત્ર બને છે, પિતા પુત્ર થાય, માતા પત્ની બને, મિત્ર શત્રુ થાય... ઇત્યાદિ ! વળી (૪) એમાં સર્વ સંયોગો નાશવંત; અનુત્તરવાસી દેવ જેવાને ય ત્યાંથી ભ્રષ્ટ થઈ નીચે ઉતરવું પડે...' વગેરે સંસારના અશુભ સ્વભાવને ચિંતવે.

(૩) ભવની અનંત પરંપરા વિચારે કે જીવ જો તીવ્ર રાગ-દ્વેષ કામ-ક્રોધાદિમાં પડ્યો તો નરકાદિ ગતિઓમાં અનંતા જન્મ-મરણ કેવા કરવા પડે. તેમજ

(૪) વસ્તુના વિપરિણામને અર્થાત્ જડ ચેતન પદાર્થોની અસ્થિરતા ચિંતવે કે 'સર્વ સ્થાનો અશાશ્વત છે, સર્વ દ્રવ્યો પરિણામી છે, પરિવર્તનશીલ છે, શાશ્વત ગણાતા મોટા મેરુ જેવામાં પણ અણુઓ ગમનાગમનશીલ છે, તો કાયાના વિપરિણમનનું પૂછવું જ શું ?

सुक्काए लेसाए दो, ततियं पुण परमसुक्कलेसाए ।
थिरयाजियसेलेसं लेसाइयं परमसुक्कं ॥८९॥

**અર્થ :- પહેલા બે ધ્યાન શુક્લલેશ્યામાં, ત્રીજું પરમશુક્લ લેશ્યામાં, અને સ્થિરતાગુણે મેરુને જીતનાર ચોથું શુક્લધ્યાનલેશ્યા રહિત હોય છે.**

આ ચારે ય 'અપાય-અશુભ-અનન્ત-વિપરિણામ'ની અનુપ્રેક્ષા પહેલાં બે શુક્લધ્યાનમાં જ હોય, પાછલા બેમાં નહિ; કેમ કે પહેલાં બે શુક્લધ્યાન વખતે મન હોય છે, તેમજ એમાં ધ્યાન-વિચય હોય; તેથી અનુપ્રેક્ષા યાને ચિંતન હોઈ શકે. પાછલા બે ધ્યાનમાં તો કેવળજ્ઞાન હોઈ મનનો વ્યાપાર જ નથી, માત્ર કાયયોગની નિશ્ચલતા છે, તેથી ચિંતન શી રીતે હોય ? તેમજ આ બે ધ્યાન તો શૈલેશી પમાડી મોક્ષ જ લાવી મૂકે છે; પછી અનુપ્રેક્ષાને અવસર જ ક્યાં ?

આ 'અનુપ્રેક્ષા' દ્વાર થયું. હવે 'લેશ્યા' દ્વાર કહે છે,–

**વિવેચન :- ચારે શુક્લધ્યાનમાં લેશ્યા કેવી ?**

પહેલાં બે શુક્લધ્યાન જીવ શુક્લલેશ્યામાં હોય ત્યારે પ્રવર્તે છે. એનાથી નીચેની લેશ્યા હોય ત્યાં પરમાણુ આદિનું એકાગ્ર ચિંતન કરે એ કાંઈ શુક્લધ્યાન રૂપ ન બની શકે. આ સૂચવે છે કે ઊંચા ધ્યાનને ઊંચી લેશ્યા સાથે સંબંધ છે. માનસિક લેશ્યા કોઈ અશુભ રાગાદિવાળી હોય એ નીચી લેશ્યા છે, એમાં ઊંચું ધ્યાન ન હોઈ શકે.

ત્રીજું શુક્લધ્યાન કેવળજ્ઞાનીને તેરમા ગુણસ્થાનકના અંત વખતે હોય છે. ત્યાં પરમ યાને ઉત્કૃષ્ટ શુક્લલેશ્યા હોય છે, એટલે ત્રીજું શુક્લધ્યાન પરમ શુક્લલેશ્યામાં કહેવાય. અહીં લેશ્યા માનસિક નથી, કેમકે મનનો કોઈ વ્યાપાર નથી, કિન્તુ યોગાન્તર્ગત પરિણામરૂપ લેશ્યા છે. માટે જ

(૪) ચોથું શુક્લધ્યાન લેશ્યા રહિત હોય છે, કેમકે અહીં તો યોગદશા વટાવી સર્વથા યોગનિરોધ-અવસ્થા 'શૈલેશી' કરેલી છે. એમાં કરેલી આત્મપ્રદેશોની સ્થિરતા મેરુની નિષ્પ્રકંપતાને ય જીતનારી હોય છે. મેરુની સ્થિરતા કરતાં ય ઊંચી સ્થિરતા હોય છે. મેરુ આમ સ્થિર, શાશ્વત કાળ માટે નિષ્પ્રકંપ; કિન્તુ એમાં અણુઓનું ગમનાગમન ચાલુ હોય; જ્યારે સર્વથા યોગનિરોધ થયે આત્માના પ્રદેશમાં લેશમાત્ર હીલચાલ નહીં. અહીં યોગ નહિ, તેથી યોગાન્તર્ગત પુદ્‌ગલ પરિણામરૂપ લેશ્યા પણ નહિ. તેથી અહીં લેશ્યા રહિત અલેશ્યી અવસ્થા છે. એમાં 'વ્યુપરતક્રિયા-અપ્રતિપાતી' નામનું ચોથું શુક્લધ્યાન હોય છે.

'લેશ્યા' દ્વાર થયું. હવે 'લિંગ' દ્વારનું વિવરણ કરવાની ઇચ્છાથી લિંગોનાં નામ-પ્રમાણ-સ્વરૂપ-ગુણની ભાવના કરવા માટે, અર્થાત્ શુક્લધ્યાનીના [1]લિંગ કયા,



अवहा-संमोह-विवेग-विउसग्गा तस्स होंति लिंगाइं ।
लिंगिज्जइ जेहिं मुणी सुक्कज्झाणोवगयचित्तो ॥९०॥
चालिज्जइ बीभेइ य धीरो न परीसहोवसग्गेहिं ।
सुहुमेसु न समुंज्झइ भावेसु न देवमायासु ॥९१॥
देहविवित्तं पेच्छइ अप्पाणं तह य सव्वसंजोगे ।
देहोवहिवोस्सग्गं निस्संगो सव्वहा कुणइ ॥९२॥

**અર્થ :- અવધ-અસંમોહ-વિવેક-વ્યુત્સર્ગ એ શુક્લધ્યાનીના લિંગ છે, જેનાથી શુક્લધ્યાનમાં ચઢેલા ચિત્તવાળા મુનિ ઓળખાય છે. (૧) પરીસહ-ઉપસર્ગોથી એ ધીર મુનિ નથી ચલાયમાન થતા, ને નથી ભય પામતા; (૨) નથી એ સૂક્ષ્મ પદાર્થોમાં મુંઝાતા, કે નથી એ દેવમાયામાં મુંઝાતા, (૩) પોતાના આત્માને દેહથી તદ્દન જુદો તેમજ સર્વ સંયોગોને જુદા જુએ છે. ને (૪) દેહ તથા ઉપધિનો સર્વથા નિસ્સંગપણે ત્યાગ કરે છે.**

કયા, [2]એ દરેક કેટલા પ્રમાણમાં યાને કેટલી ઊંચી કક્ષાવાળા, તથા [3]એ લિંગોનું સ્વરૂપ કેવું કેવું, અને [4]એના ગુણ શા, પ્રભાવ શો ? એ બતાવવા કહે છે,–

**વિવેચન :- શુક્લધ્યાનના ૪ લિંગ :-**

શુક્લધ્યાનમાં ચિત્ત લાગ્યું હોય એવા મુનિને ઓળખાવનાર ચાર લિંગ હોય છે,-અવધ, અસંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ. 'અવધ' એટલે અચલતા, 'અસંમોહ' એટલે મુંઝવણ-વ્યામોહ નહિ, 'વિવેક' એટલે પૃથકતાનું ભાન, 'વ્યુત્સર્ગ' એટલે ત્યાગ. પોતાને શુક્લધ્યાન હોવાનું આ ચાર લિંગ-લક્ષણ પરથી ખબર પડે. ચારનું સ્વરૂપ આ પ્રમાણે,–

**(૧) અવધ :-** ધીર યાને બુદ્ધિમાન યા સ્થિર શુક્લધ્યાની મુનિ, ગમે તેવા ક્ષુધા-પિપાસા-શીત-ઉષ્ણ વગેરે પરીસહ સહવાના આવે કે કોઈ દેવાદિ તરફથી મરણાન્ત સુધીનાં ઉપસર્ગ-ઉપદ્રવ આવે તો પણ, જરા ય ચલાયમાન થતા નથી, ધ્યાનભંગ નથી કરતા, કે બીતા નથી, ભય પામતા નથી. એટલી બધી નિડરતા અને અડગતા શુક્લધ્યાન વખતે હોય છે. 'આ અવધ' લિંગ.

**(૨) અસંમોહ :-** શુક્લધ્યાન વખતે 'પૂર્વ'ગત સૂક્ષ્મ પદાર્થ પર એકાગ્રતા હોય છે, તો ત્યાં એ ગમે તેટલો ગહન પદાર્થ હોય, છતાં ચિત્ત વ્યામોહમાં નથી પડતું કે 'આ આમ કેમ હોય ?...' વગેરે. એટલા બધા પ્રમાદ રહિત અને શ્રદ્ધા-સંપન્ન એ હોય છે. વળી અનેક પ્રકારની દેવમાયા આવે, પરીક્ષાર્થે દેવતા એવી કોઈ અનુકૂળ પ્રતિકૂળ ઈંદ્રજાળ રચે તો પણ એમાં જરા ય મુંઝાય નહિ. આ 'અસંમોહ' લિંગ.

**होंति सुहासव-संवर-विणिज्जरा-ऽमरसुहाइं विउलाइं ।**
**झाणवरस्स फलाइं सुहाणुबधीणि धम्मस्स ॥९३॥**

**અર્થ :- ઉત્તમ ધ્યાન 'ધર્મધ્યાન'ના ફળ વિપુલ શુભ આશ્રવ, સંવર, નિર્જરા, અને દિવ્ય સુખો હોય છે, તે ય શુભ અનુબંધવાળા.**

---

(૩) **વિવેક :-** શુક્લધ્યાની પોતાના આત્માને દેહથી તદ્દન જુદો જુએ છે. એટલે જ દેહ પરના માન-અપમાન આક્રોશ-વધ વગેરે પરીસહાદિને પોતાની ઉપરના તરીકે સમજતા જ નથી; પછી પોતાને એનાથી મનોદુઃખ શાનું ? કે એમાં મન લઈ જઈ ધ્યાનભંગ કરવાનું ક્યાં રહે ? દેહની જેમ સર્વ-સંયોગોને પણ પોતાનાથી તદ્દન જુદા જ જુએ છે, એટલે એના હિસાબે પણ મનને ધ્યાનમાંથી ચલિત થવાનું હોતું નથી. ગજસુકુમાળ મુનિના માથે સોમિલ સસરાએ માટીની પાળ કરી ધખધખતા અંગારા મૂક્યા; પણ મહામુનિએ પહેલેથી જ એવો હિસાબ રાખ્યો કે-'બળે છે (શરીર-માથું) તે મારું નથી, ને મારું છે (જ્ઞાન-દર્શન-ચારિત્ર) તે બળતું નથી.' આ જ હિસાબ પર, ક્રોધે ભરાઈ પોતાને બાળવાનું કામ કરનારા સોમિલનો સંયોગ પણ પોતાનાથી તદ્દન જુદો માન્યો, યાને 'પોતાના જ્ઞાનાદિ-સંપન્ન આત્માને એની સાથે કશી લેવા-દેવા નહિ, એ સંયોગ પોતાનો કશું બગાડનાર નહિ,' એમ માન્યું, જે ધ્યાન લાગ્યું એમાં ભંગ થવાને કોઈ અવકાશ નહિ રહ્યો. એથી એ ધ્યાન પર કેવળજ્ઞાન લીધું અને ત્યાં જ બાકીના બે શુક્લધ્યાન શૈલેશી કરી સર્વ કર્મ ખપાવીને મોક્ષ પામ્યા. આ 'વિવેક' લિંગ.

(૪) **વ્યુત્સર્ગ :-** શુક્લધ્યાનીની પરિચાયક એક વિશેષતા આ, કે એ શરીર અને ઉપધિ તરફ તદ્દન નિઃસંગ બની એનો સર્વથા 'વ્યુત્સર્ગ' યાને ત્યાગ કરે. 'વિવેક'માં શરીરાદિ તદ્દન જુદા લેખવાનું કર્યું. 'વ્યુત્સર્ગ'માં એનું મમત્વ મૂક્યું, એને વોસિરાવ્યું.

**પ્ર૦-** શુક્લધ્યાનમાં જ શરીરાદિનો વ્યુત્સર્ગ કર્યો, તો પછી કેવળજ્ઞાન થયા બાદ એ શરીરાદિ કેમ રાખી શકે ?

ઉ૦- એ શરીરને રાગ-મમત્વ-આસંગથી રાખતા જ નથી, કેમકે હવે તો એ વીતરાગ બન્યા હોવાથી શરીરાદિ પર એમને લેશ માત્ર રાગાદિ હોતા જ નથી. આમ છતાં શરીરાદિ જે રહે છે એ તો નિરુપક્રમ આયુષ્ય આદિ કર્મનું સંચાલન છે. બાકી વીતરાગ કેવળજ્ઞાનીને શરીરાદિ ચાહીને રાગથી રાખવાનું હોતું નથી.

'લિંગ' દ્વાર થયું. હવે **'ફળ'** દ્વાર કહે છે. એમાં અહીં લાઘવ અર્થે પ્રથમ રજુ કરેલ ધર્મધ્યાનનું ફળ કહીને પછી શુક્લધ્યાનનું ફળ કહે છે. આમાં લાઘવ એ કે પહેલાં



**ते य विसेसेण सुभासवादओऽणुत्तरामरसुहाइं च ।**
**दोण्हं सुक्काण फलं परिनिव्वाणं परिल्लाणं ॥९४॥**

**અર્થ :- આ જ વિશિષ્ટ રૂપના શુભાશ્રવાદિ અને અનુત્તર દેવના સુખ એ પહેલાં બે શુક્લધ્યાનનું ફળ છે, અને છેલ્લા બેનું ફળ મોક્ષગમન છે.**

---

બે શુક્લધ્યાનનાં ફળ તો જે ધર્મધ્યાનનાં ફળ એ જ છે, કિન્તુ એ વિશેષ શુદ્ધ હોય છે. એટલે ધર્મધ્યાનનાં ફળ પહેલાં બતાવી દીધા હોય, તો પછી શુક્લધ્યાન માટે પૂર્વનો નિર્દેશ (ઇસારો) જ કરવો રહે કે 'એ જ પૂર્વ નિર્દિષ્ટ ફળ;' પરંતુ ફરી ફળ નામ-વાર ન કહેવાં પડે, એ લાઘવ આ હિસાબે પહેલા ધર્મધ્યાનનાં ફળ કહે છે,—

**વિવેચન :- ધર્મધ્યાનનાં ફળ :-**

ધ્યાનમાં પ્રધાન ધર્મધ્યાનનાં ફળમાં વિપુલ શુભાશ્રવ, સંવર, નિર્જરા, અને દિવ્ય સુખ નીપજે છે. આ ફળ નીપજવાં સ્વાભાવિક છે. તે આ રીતે, કે 'શુભાશ્રવ' એટલે પુણ્યનો બંધ. **'જં જં સમયં જીવો...'** એ હિસાબે ધર્મધ્યાન એ શુભભાવ હોઈને શુભ કર્મ 'પુણ્ય'નો બંધ થાય એ સહજ છે. સાથે અશુભ ભાવના અભાવે સંવર એટલે કે અશુભ કર્મની અટકાયત થાય, એ પણ સહજ છે. વળી ધર્મધ્યાનથી કર્મની 'નિર્જરા' યાને ક્ષય થાય એ પણ સહજ છે, કેમકે એ આભ્યન્તર તપ છે, અને તપ નિર્જરાનું કારણ છે. તેમ જ ધર્મધ્યાનથી બંધાયેલા પુણ્ય કર્મથી દેવતાઇ સુખ મળે એ ય સ્વાભાવિક છે.

આ શુભ પુણ્ય વગેરે 'વિપુલ'યાને વિસ્તૃત રૂપમાં નીપજે છે, યાને દીર્ઘ કાળસ્થિતિ અને વિશુદ્ધિવાળા પેદા થાય છે. પુણ્ય પણ એવાં બંધાય; તેમ સંવર પણ વિપુલ થાય, તથા નિર્જરા પણ વિસ્તૃત થાય. કર્મોની દીર્ઘ સ્થિતિનો ક્ષય થાય, તેમજ દેવતાઇ સુખો પણ દીર્ઘકાળના અને વિશુદ્ધિવાળા યાને સંકલેશ વિનાના નીપજે છે.

વળી ધર્મધ્યાનનાં આ ફળ શુભાનુબંધી હોય છે. અર્થાત્ શુભની પરંપરા ચલાવે એવાં; જેથી ફરીથી સુકુલમાં જન્મ મળે, ફરીથી 'બોધિલાભ' જૈનધર્મની પ્રાપ્તિ થાય, અસંક્લિષ્ટ ભોગ મળે, કે જેમાં જીવ કમળપત્ર જેવો નિર્લેપ રહે, પ્રવ્રજ્યા મળે, અને પરંપરાએ કેવળજ્ઞાન તથા મોક્ષ સુધી પહોંચવાનું થાય. ધર્મધ્યાન શુભાનુબંધી હોઈ, આવી શુભ પરંપરા સુધી પહોંચાડનારા પુણ્યબંધ આદિ ફળને ઉત્પન્ન કરે છે.

ધર્મધ્યાનનાં ફળ કહ્યાં. હવે શુક્લધ્યાનને આશ્રીને ફળ કહે છે,—

**વિવેચન :- શુક્લધ્યાનનાં ફળ :-**

**आसवदारा संसारहेतवो जं ण धम्मसुक्केसु ।**
**संसारकारणाइं तओ धुवं धम्म-सुक्काइं ॥९५॥**
**संवरविणिज्जराओ मोक्खस्स पहो, तवो पहो तासं ।**
**झाणं च पहाणंगं तवस्स, तो मोक्खहेऊयं ॥९६॥**

**અર્થ :- આશ્રવના દ્વારો એ સંસારના હેતુ છે જે કારણથી એ સંસાર હેતુઓ ધર્મ્ય-શુક્લધ્યાનમાં હોતા નથી, તેથી ધર્મ શુક્લધ્યાન નિયમા સંસારના પ્રતિપક્ષી છે.**

**મોક્ષનો માર્ગ સંવર અને નિર્જરા છે. એ બેનો ઉપાય તપ છે. તપનું પ્રધાન અંગ ધ્યાન છે; તેથી (એ ધ્યાન) મોક્ષનો હેતુ છે.**

શુક્લધ્યાન પૈકી પહેલાં બે શુક્લધ્યાન 'પૃથકત્વ-વિતર્કસવિચાર' અને 'એકત્વ-વિતર્ક-અવિચાર' ધ્યાનનાં ફળ પૂર્વોક્ત શુભાશ્રવ આદિ, પરંતુ વિશિષ્ટ રૂપનાં નીપજે છે. અર્થાત્ અદ્ભુત ઉચ્ચ કોટિના પુણ્યબંધ, કર્મનિર્જરા વગેરે થાય છે. એમાં દિવ્યસુખમાં સૌથી ઊંચા અનુત્તર વિમાનવાસી દેવનાં સુખ નીપજે છે. ઉપશમશ્રેણિમાં ચડેલા મુનિ શુક્લધ્યાનથી એવી ફળોત્પત્તિના હિસાબે શ્રેણિથી પડતાં આયુષ્ય પૂર્ણ થયે અનુત્તર વિમાનમાં જન્મ પામે છે.

છેલ્લાં બે શુક્લધ્યાન તો કેવળજ્ઞાનીને હોય છે, અને તેથી તો સર્વકર્મક્ષય થવાના હિસાબે ફળ તરીકે મોક્ષગમન થાય છે.

આ તો ધર્મ-શુક્લધ્યાનના વિશેષ ફળ કહ્યાં, પરંતુ સામાન્યથી આ બે ધ્યાન સંસારના પ્રતિપક્ષી છે, (એટલે સંસાર ન નિપજાવે) એ કહે છે,–

**વિવેચન :- ધર્મ-શુક્લધ્યાન સંસાર પ્રતિપક્ષી :-**

સંસારના હેતુ તરીકે ઇન્દ્રિય-કષાય-અવ્રત વગેરે આશ્રવદ્વારો છે. ધર્મ અને શુક્લધ્યાન વખતે એ સંસારવર્ધક હેતુઓ હોતા નથી. કેમકે ત્યાં કોઈ ઈન્દ્રિય-આસક્તિ નથી, અપ્રશસ્ત કષાય નથી, અવિરતિ નથી, અશુભ યોગ નથી. આમ સંસારવર્ધક હેતુઓ ન હોવાથી ધર્મ-શુક્લધ્યાન સહેજે સંસાર ન વધારે, તેથી એ નિયમો સંસારના પ્રતિપક્ષભૂત છે. જ્યાં ધર્મ શુક્લધ્યાન, ત્યાં સંસાર-નિષ્પત્તિ નહિ. સંસાર જો ન ખપે, તો આ ધ્યાન એ અનન્ય સાધન હોવાનું સમજી રાખવું પડે.

આમ, શુક્લધ્યાન સંસારનું પ્રતિપક્ષી હોવાથી મોક્ષનું કારણ છે એ બતાવવા કહે છે,–

**વિવેચન :- ધ્યાન એ મોક્ષહેતુ કેમ ? :-**

પ્ર૦- મોક્ષનું કારણ તો સંવર અને નિર્જરા છે, કેમકે સંવરથી નવાં કર્મ આવતા અટકે, અને નિર્જરાથી જૂના કર્મનો નિકાલ થાય; એટલે સહેજે અંતે મોક્ષ



**अंबर-लोह-महीणं कमसो जह मल-कलंक-पंकाणं ।**
**सोज्झावणयणसोसे सोहेंति जलाणलाइच्चा ॥९७॥**
**तह सोज्झाइसमत्था जीवंबर-लोह-मेइणिगपाणं ।**
**झाण-जला-ऽणल-सूरा कम्ममल-कलंक-पंकाणं ॥९८॥**

**અર્થ :- જેવી રીતે પાણી-અગ્નિ અને સૂર્ય ક્રમશઃ વસ્ત્ર, લોઢું અને પૃથ્વીના મેલ કલંક અને કીચડના (યથાસંખ્ય) શોધન, નિવારણ અને શોષણને સાધે છે, એવી રીતે ધ્યાનરૂપી પાણી-અગ્નિ-સૂર્ય એ જીવરૂપી વસ્ત્ર-લોહ-પૃથ્વીમાં રહેલ કર્મરૂપી મેલ-કલંક-પંકના શોધન આદિમાં સમર્થ છે.**

આવીને ઊભો રહે. પરંતુ ધ્યાન એ મોક્ષકારણ કેવી રીતે ?

**પ્ર૦ - ધ્યાન એ મોક્ષકારણ કેવી રીતે ?**

ઉ૦- ધ્યાન એ મોક્ષ હેતુ આ રીતે,-મૂળ તો સંવર અને નિર્જરા એ મોક્ષમાર્ગ. પરંતુ સંવર-નિર્જરાનો ઉપાય તપ, એટલા જ માટે સંવરના ૫૭ ભેદની અંતર્ગત ક્ષમાદિ ૧૦ યતિધર્મમાં નામ દઈને તપ લીધો, ત્યારે સંવરના બાકીના પ્રકારોમાં કાયકષ્ટ, સંલીનતા વગેરે તપ એક યા બીજારૂપે સમાય છે જ; તેમજ નિર્જરાના ૧૨ ભેદમાં તો બાહ્ય-આભ્યન્તર તપ જ છે.

આમ સંવર અર્થાત્ કર્માશ્રવનિરોધ અને નિર્જરા અર્થાત્ કર્મક્ષનો માર્ગ તપ છે.

હવે તપનું પ્રધાન અંગ શુભધ્યાન છે; કેમકે (૧) તપના બીજા અનશન આદિ અંગોમાં જો ધ્યાન શુભ ન હોય તો તે તપરૂપ ન બને; (૨) વળી શુભધ્યાનથી વિશિષ્ટ કર્મનિર્જરા થાય છે; માટે તપનું પ્રધાન અંગ ધ્યાન છે. આમ મોક્ષસાધન-ભૂત સંવર-નિર્જરાનું સાધન ધ્યાનપ્રધાન તપ હોઈ ધ્યાન મોક્ષનું કારણ બને છે.

(૧-૨-૩) આ જ વસ્તુ સહેલાઈથી સમજાય એ માટે દૃષ્ટાન્તો દ્વારા પ્રતિપાદન કરે છે.

**વિવેચન :- ધ્યાનથી કર્મનાશનાં ૩ દૃષ્ટાંત :-**

કર્મસંયોગથી સંસાર, અને કર્મવિયોગથી મોક્ષ; ત્યાં કર્મવિયોગ કરતા આવવામાં ધ્યાન કેટલું અદ્ભુત કામ કરે છે, એ દર્શાવનારાં ૩ દૃષ્ટાંતો છે,-પાણી, અગ્નિ અને સૂર્ય. તેનું સ્વરૂપ અને તેની ઘટના આ રીતે,–

(૧) જેવી રીતે પાણી એ કપડાનાં મેલનું શોધન કરતું આવે છે, તેવી રીતે ધ્યાનરૂપી પાણી એ જીવરૂપી વસ્ત્રના કર્મમેલને સાફ કરતું આવે છે. અલબત્ત વસ્ત્રમેલ ધોવા પાણીની સાથે ખાર વગેરે જોઈએ, કિન્તુ પાણી વિના એ બધા નકામા; પાણી હોય તો જ ખાર વગેરેથી મેલું વસ્ત્ર સાફ થાય, તેમજ કેટલાક

**तापो सोसो भेओ जोगाणं झाणओ जहा निययं ।**
**तह ताव-सोस-भेया कम्मस्स वि झाइणो नियमा ॥९९॥**

**અર્થ :- જેવી રીતે ધ્યાનથી (મન-વચન-કાયાના) યોગોનું અવશ્ય તપન, શોષણ અને ભેદન થાય છે તેવી રીતે ધ્યાનીને કર્મનું પણ અવશ્ય તાપન-શોષણ-ભેદન થાય છે.**

તરતના મેલ-ડાઘા તો એકલા પાણીથી સાફ થાય; તેથી અહીં મુખ્ય એવા પાણીને દૃષ્ટાન્ત તરીકે લીધું.

(૨) એમ, જેવી રીતે ખાણમાંથી નીકળેલ લોખંડમાંના કલંક યાને મિશ્રિત ભેળસેળ એ અગ્નિએ તપાવવાથી દૂર થાય છે, એવી રીતે જીવરૂપી લોખંડમાંના કર્મકલંક ધ્યાનરૂપી અગ્નિએ તપીને દૂર થઈ જાય છે.

(૩) એમ જેવી રીતે પૃથ્વી પરના કીચડ, દા.ત. વરસાદ પછીના ધૂળિયા રસ્તા પરના કીચડ સૂર્યના તાપથી સૂકાઈ જાય છે, એવી રીતે જીવરૂપી પૃથ્વી પરના કર્મ-કીચડ ધ્યાનરૂપી સૂર્યથી તપીને સુકાઈ જાય છે.

આમ જીવ પર ચોંટેલા કર્મમેલને ઢીલો પાડી સાફ કરી દેવા ધ્યાન એ પાણીનું કામ કરે છે; જીવમાં ભેળસેળ થયેલ કર્મને બાળી ખત્મ કરવા ધ્યાન એ અગ્નિની ગરજ સારે છે; અને જીવ પરના કર્મકાદવને સૂકાવી નામશેષ કરવા માટે ધ્યાન એ સૂર્ય જેવું કામ કરે છે. વળી,

(૪) ધ્યાનથી કર્મનાશ થાય એમાં યોગનું ૪થું દૃષ્ટાન્ત બતાવતાં ધ્યાનની યોગ અને કર્મ પર અસર બતાવે છે,-

**વિવેચન :- ધ્યાનની યોગ અને કર્મ પર અસર :-**

મન, વચન, કાયાના યોગ આત્મપ્રદેશોને કંપનશીલ રાખે છે, તેથી આત્મા પર કર્મ ચોંટે છે. આત્મા જો સ્થિર થઈ જાય, જેમકે ૧૪મા ગુણસ્થાનકે, તો પછી એક પણ કર્માણુ ચોંટી શકતો નથી. પરંતુ એ સ્થિરતા માટે યોગોને અટકાવી દેવા જોઈએ. એ યોગનિગ્રહ યોગોના તપન-શોષણ-ભેદનથી થાય. ધ્યાન એ માટે અનન્ય સાધન છે. ધ્યાનમાં એકાગ્રતા થવાથી યોગો અવશ્ય તપે છે, સુકાય છે અને ભેદાય છે. અગ્નિના તાપથી પાણી તપીને ફોરું સુકાવા ઊડવા જેવું થાય, એમ જામી પડેલા યોગો યાને મન-વચન-કાયાની પ્રવૃત્તિશીલતા ધ્યાનના તાપથી તપીને ફોરી થઈ ઢીલી પડીને સુકાતી જાય છે. અને અંતે ભેદાઈ ઊડી જાય છે.

આ સૂચવે છે કે અનંતાનંત કાળથી ચાલી આવતી આ મન-વચન-કાયાની દોડધામ ઢીલી પાડવી હોય, તો ધ્યાનનું ખૂબ સેવન જોઈએ; તો જ આત્માને જંપ વળે, સ્થિરતા આવે.



**जह रोगासयसमणं विसोसण-विरेयणोतहविहीहिं ।**
**तह कम्मामयसमणं झाणाणसणाइजोगेहिं ॥१००॥**

**અર્થ :- જેવી રીતે રોગના મૂળ કારણનું નિવારણ લંઘન, વિરેચન અને ઔષધના પ્રકારોથી થાય છે, તેવી રીતે કર્મરોગનું શમન-નિવારણ ધ્યાન-અનશન આદિ યોગોથી થાય છે.**

જેવી રીતે ધ્યાનથી યોગો પર આ અસર પડે છે, એવી રીતે ધ્યાનથી કર્મોનું પણ તપન-શોષણ-ભેદન અવશ્ય થાય છે. ધ્યાન એ આત્માનો ઉજ્જવલ સ્થિર અધ્યવસાય છે, એની કર્મોને તપાવી સુકાવી ભેદી નાખવાની સચોટ તાકાત છે. ધ્યાન વિના એમજ કાંઈ એ કર્મ ખસે નહિ.

(૫) વળી ધ્યાનથી કર્મનાશ થાય એમાં ૫મું રોગ-દવાનું દૃષ્ટાન્ત બતાવે છે,-

**વિવેચન :- ધ્યાન એ કર્મરોગની ચિકિત્સા :-**

તાવ વગેરે વ્યાધિ આવે ત્યારે વૈદ્યો પહેલાં મૂળ નિદાન શોધે છે. પછી એ મૂળ દોષને શમાવી દેવા યાને ઊખેડી નાખવા દરદીને વિશેષણ યાને લંઘન કરાવી દોષોને પકવી નાખે છે. પછી વિરેચન-જુલાબ આપી એનો નિકાલ કરે છે. બાદ બીજી ઔષધિઓ આપી રોગોનું તદ્દન નિવારણ કરી આરોગ્ય બક્ષે છે.

એવી રીતે આત્મા પર વરસતી અનેકવિધ પીડાઓના મૂળમાં કર્મરોગ છે; એનું શમન-નિવારણ ધ્યાન અને અનશન આદિથી થાય છે. અહીં 'આદિ' શબ્દથી ધ્યાન-વૃદ્ધિ કરનાર બીજા પણ ઊનોદરિકા-દ્રવ્ય સંકોચ આદિ તપના પ્રકાર સમજી લેવા. એ બધાથી ધ્યાન-વૃદ્ધિ થઈ કર્મરોગનું શમન થાય છે.

(૬) વળી, ૬ઠ્ઠું ઈંધન-અગ્નિનું દૃષ્ટાન્ત,—

**વિવેચન :- ધ્યાન એ કર્મેન્ધનદાહક દાવાનલ :-**

લાંબા કાળથી કાષ્ઠ-ઘાસ વગેરે ઈંધન એકત્રિત થયા હોય, અને એના પર જો અગ્નિ પડે, સાથે પવન ફૂંકાતો હોય, તો એ અગ્નિ એ ઈંધનના ઢગને શીઘ્ર બાળીને ભસ્મીભૂત કરી દે છે. બસ, કર્મરૂપી ઈંધણ માટે ધ્યાન આવું જ કામ કરે છે. કર્મને ઈંધણની ઉપમા એટલા માટે કે જેમ ઈંધણ સળગી ઊઠતા એના સ્પર્શમાં રહેલાને દુઃખ અને તાપ આપે છે, એમ કર્મો ઉદયથી પ્રજ્વલિત થતાં શારીરિક દુઃખ અને માનસિક-તાપ-સંતાપનું કારણ બને છે, તેથી એ ઈંધન જેવા છે. એ અસંખ્ય ભવોના ભેગા થઈ અનંત વર્ગણારૂપ અનંત સ્કન્ધરૂપ બન્યા હોય, છતાં જ્યાં ધ્યાનરૂપી અગ્નિ ભભૂકી ઊઠે છે કે તરત ક્ષણવારમાં એ કર્મજૂથને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે.

શું ધ્યાનમાં આટલી બધી તાકાત ? હા, કારણ એ છે કે આ ધ્યાન રાગદ્વેષના

जह चिरसंचियमिंधणमनलो पवनसहिओ दुयं दहइ ।
तह कम्मेंधणममियं खणेण झाणाणलो डहइ ॥१०१॥

અર્થ :- જેમ પવનસહિત અગ્નિ દીર્ઘકાળના પણ એકત્રિત કરેલ ઇંધણ શીઘ્ર ભસ્મીભૂત કરી દે છે, એમ ધ્યાનરૂપી અગ્નિ પણ ક્ષણવારમાં અપરિમિત કર્મઈંધનને બાળી દે છે.

जह वा घणसंघाया खणेण पवणाहया विलिज्जंति ।
झाणपवणावहूया तह कम्मघणा विलिज्जंति ॥१०२॥

અર્થ :- અથવા જેવી રીતે પવનથી ધકેલાયા વાદળના સમૂહ ક્ષણવારમાં વિનષ્ટ થઈ જાય છે એ રીતે ધ્યાનરૂપી પવનથી હડસેલાયેલા કર્મવાદળો નાશ પામી જાય છે.

બહુ નિગ્રહ સાથે મનની ભારે સ્થિરતાવાળું હોય છે, તેથી સહજ છે કે જો રાગદ્વેષ અને મનની અશુભ ચંચળતા પર રકમબંધ કર્મ બંધાય, તો પછી એનાથી વિરુદ્ધ સ્થિતિમાં રકમબંધ કર્મનો ક્ષય થાય, થવો જ જોઈએ.

(૭) હવે પવનથી વિખરાતા વાદળનું ૭મું દૃષ્ટાન્ત કહે છે,–

**વિવેચન :- ધ્યાનપવનથી કર્મવાદળ નષ્ટ :-**

અથવા ધ્યાન અગ્નિની જેમ પવનનું કામ કરે છે. આકાશમાં વાદળોનો સમૂહ છવાઈ ગયેલો હોય, પરંતુ જો પવનનો વંટોળ શરૂ થઈ જાય તો એ વાદળોને વિખેરી નાખે છે, નષ્ટ કરી દે છે, અને આકાશ સ્વચ્છ બની જાય છે. એ જ રીતે, આત્મા પર ગમે તેટલા કર્મ-આવરણ છવાઈ ગયાં હોય, પરંતુ જો ધ્યાનરૂપી પવન શરૂ થઈ જાય, તો તે કર્મ-આવરણને નષ્ટ કરે છે, અને આત્મા સ્વચ્છ બની જાય છે.

અહીં કર્મને વાદળની ઉપમા એટલા માટે આપી કે જેમ વાદળ સૂર્યના પ્રકાશને ઢાંકી દે છે, આવૃત્ત કરી દે છે, એમ કર્મ જીવના જ્ઞાનાદિ સ્વભાવને આવૃત્ત કરી દે છે. કહ્યું કે,–

स्थितः शीतांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया ।
चन्द्रिकावच्च विज्ञानं तदावरणमभ्रवत् ॥

જીવ અંતર મળ વિનાના ભાવશુદ્ધ સ્વભાવે ચંદ્ર જેવો છે, અને એનો જ્ઞાનગુણ ચંદ્રિકા-ચંદ્રપ્રકાશ સમાન છે. ત્યારે એને આચ્છાદિત કરનાર કર્મ વાદળ જેવા છે.

(જીવના આ મૌલિક સ્વચ્છ જ્ઞાનસ્વભાવને અંતરમાં વારંવાર ભાવિત કરવામાં આવે,– 'હું આત્મા શુદ્ધરૂપે તો નિર્મળ જ્ઞાનમાત્ર સ્વભાવવાળો છું. એમાં કોઈ જ



न कसायसमुत्थेहि य वाहिज्जइ माणसेहिं दुक्खेहिं ।
ईसा-विसाय सोगाइएहिं झाणेविगयचित्तो ॥१०३॥

અર્થ :- ધ્યાનમાં લાગેલા ચિત્તવાળો (આત્મા) કષાયોથી ઉદ્ભવતા માનસિક દુઃખો ઈર્ષ્યા-ખેદ શોક આદિથી પીડાતો નથી.

રાગદ્વેષ આદિ મેલનું મિશ્રણ નથી. વસ્તુ માત્રને કેવળ જોવી-જાણવી એટલો જ મારો સ્વચ્છ જ્ઞાન-સ્વભાવ', -આ ભાવના વારંવાર કરી અંતરને ભાવિત કરવામાં આવે, તો એવા ભાવિત થયેલા અંતરમાં રાગાદિની અસરો મોળી પડી જાય છે.)

આ તો ધ્યાનના અતીન્દ્રિય અને પારલૌકિક ફળની વાત થઈ; પરંતુ આ લોકમાં અનુભવમાં આવે એવું કોઈ બીજું ધ્યાનફળ છે ? એ બતાવે છે,–

**વિવેચન :- ધ્યાનનું પ્રત્યક્ષફળ :-**

ચિત્ત જ્યારે શુભધ્યાનમાં લાગેલું હોય છે, ત્યારે એને ઈર્ષ્યા-વિષાદ-શોક વગેરે કોઈ દુઃખની પીડા નથી હોતી.

ઈર્ષ્યા વગેરે એ માનસ દુઃખો છે. સામાનો ઉદય-ઉન્નતિ-ચઢતી જોઈ માત્સર્ય થાય, અસહિષ્ણુતા-બળાપો થાય-'આને આ ક્યાં મળ્યું ? આ કેમ ચઢી ગયો ?' એમ ચિત્ત બળે, એ ઈર્ષ્યા છે. 'વિષાદ' એટલે ખેદ, બેચેની, જરાક શું-પણ અણગમતું થાય ત્યાં ચિત્તને ગ્લાનિ-બેચેની ઉદ્વેગ થાય. 'શોક' એટલે ગમતી વસ્તુ નષ્ટ થવા પર યા અણગમતી બાબત લમણે લાગવા પર દીનતા આવે, 'હાય' થયા કરે, દિલ રાંકડું-ગરીબડું બની વલોપાત કર્યા કરે. અહીં 'શોકાદિ' પદમાં 'આદિ' શબ્દ છે, એથી હર્ષ ઉન્માદ જુગુપ્સા ભય વગેરે પણ લેવાના છે. આ ઈર્ષ્યા ક્રોધાદિ-કષાયમાંથી જન્મે છે. ચડતી પામતી સામી વ્યક્તિ પર જીવને શાંતિ ન રહી, ક્રોધ ભભૂક્યો, એટલે પછી એના પર ચિત્ત બળે છે, ઈર્ષ્યા-માત્સર્ય-અસૂયા થાય છે. એમ વસ્તુ પર લોભ છે એટલે એના બગડવા નષ્ટ થવા પર ચિત્ત બેચેન બને છે, ખેદ વિષાદ થાય છે. એમ ગમતા પર લોભ-મમતા-આસક્તિ હોઈ એ બની આવવા પર હરખ-ઉન્માદ થાય છે. મૂળમાં કષાયના હિસાબે જ આ ઈર્ષ્યાદિની લાગણી ઊઠે છે. એ કષાય જ ન હોય તો એ લાગણી નહિ. એ ઈર્ષ્યાદિ એ માનસ દુઃખ છે. મન એથી પીડાય છે.

પ્ર૦- હરખમાં માનસિક પીડા શી ? એમાં તો મનને આનંદ મંગળ લાગે છે.

ઉ૦- દારૂડિયો દારૂ ચઢાવે અને એનો કેફ ચઢે એમાં એને આનંદ મંગળ લાગે છે, એ મસ્તી અનુભવે છે. પરંતુ ખરેખર એ આનંદ નથી, પણ ચિત્તની અસ્વસ્થતા છે, પાગલતા છે, કેફ છે. એ જ રીતે લોભની વસ્તુ બની આવવા પર મનને એક પ્રકારનો કેફ ચઢે છે, ને હરખનો અનુભવ થાય છે. કિન્તુ ખરેખર તો

**सीयायवाइएहिं य सारीरेहिं सुबहुप्पगारेहिं ।**
**झाणसुनिच्चलचित्तो न वहिज्जइ निज्जरापेही ॥१०४॥**

**અર્થ :- ધ્યાનથી સારી રીતે નિશ્ચળ (ભાવિત) ચિત્તવાળો શીત તાપ આદિ અનેકાનેક પ્રકારના શારીરિક (દુઃખો)થી તણાઈ જતો નથી. (પીડાતો નથી, ચલાયમાન થતો નથી, કેમકે એ કર્મનિર્જરાની અપેક્ષાવાળો છે.)**

એ આનંદ નહિ, પણ ચિત્તની અસ્વસ્થતા છે; પાગલતા છે. પરને પોતાનું માનવું, નાશવંતમાં કાયમી આનંદ માનવો, અશુચિને શુચિ માનવું, સુખાભાસમાં સુખ માનવું, એ પાગલતા નહિ, તો બીજું શું કહેવાય ? તાત્પર્ય, હરખ વગેરે લાગણીઓ પણ મનની અસ્વસ્થતા છે, પીડા છે.

ચિત્ત શુભધ્યાનમાં પરોવાવાથી કષાયોની શાંતિ રહે છે. તેથી ઈર્ષ્યા-વિષાદ-શોક વગેરેને ઊઠવા જગા જ રહેતી નથી, એટલે શુભ ધ્યાવીને આ માનસિક દુઃખોથી પીડાવાનું હોતું નથી, ને આ જ જીવનમાં પ્રત્યક્ષ માનસિક પીડાથી બચાવનો લાભ મળે છે;

હવે પ્રત્યક્ષમાં શારીરિક પીડાથી બચાવનો લાભ બતાવે છે, –

**વિવેચન :- ધ્યાનથી શારીરિક દુઃખમાં પીડા નહિ :-**

ધ્યાનની ધારાથી જેણે ચિત્તને ભાવિત કર્યું છે એવો આત્મા એવો આત્મ-દૃષ્ટિવાળો બનેલો હોય છે કે એને ઋતુની ઠંડી ગરમી, યા ભૂખ તરસ કે આક્રોશ પ્રહાર વગેરે શારીરિક દુઃખો આવે છતાં એ દુઃખોની ચિંતા સંતાપમાં તણાઈ જતો નથી; એને એની કશી પીડા એને લાગતી નથી. એટલે એ પોતાના ધ્યાનકાર્યમાં એવો નિશ્ચળ રહે છે કે એમાંથી લેશ પણ ચળાયમાન થવાની વાત નહિ. દુઃખની વેદના તો થાય, કિન્તુ એથી જરા ય અરતિ-ઉદ્વેગ નથી કે જેથી એ ધ્યાનમાંથી ચળાયમાન થાય.

શારીરિક દુઃખોથી પીડિત નહિ થવાનું કારણ એ છે કે એ આત્મા કેવળ કર્મક્ષયાર્થી છે, એને નિર્જરાની અપેક્ષા છે, અભિલાષા છે. એણે ધ્યાન આદિ સાધના નિર્જરા માટે તો લીધી છે, પછી નિર્જરા કરાવનાર શારીરિક આપત્તિ આવે એમાં તો એનું મન ખુશ હોય, એના મનને પીડાવાનું શાનું હોય ? શારીરિક દુઃખને તો એ કર્મ-ગુમડાનાં નસ્તરનું દુઃખ સમજે છે, એથી કર્મરૂપી ગુમડા ટળવાનું દેખાય ત્યાં એને લેશ પણ ઉદ્વેગ શાનો હોય ? ધ્યાન વારંવાર કરીને ચિત્તને એથી ભાવિત યાને રંગાયેલું કરવામાં પ્રત્યક્ષમાં આ મહાન ફળ નીપજે છે.

આમ, 'ફળ' દ્વાર વિચાર્યું. **હવે છેલ્લી ગાથામાં ઉપસંહાર** કરે છે;

**વિવેચન :- શ્રદ્ધા-જ્ઞાન-ક્રિયાથી નિત્યસેવ્ય ધ્યાન :-**



**इय सव्वगुणाधाणं दिट्ठादिट्ठसुहसाहणं जाणं ।**
**सुपसत्थं सद्धेयं नेयं झेयं च निच्चंपि ॥१०५॥**

**અર્થ :- આ પ્રમાણે ધ્યાન એ સકલગુણોનું સ્થાન છે, દૃષ્ટ અદૃષ્ટ સુખોનું સાધન છે, અત્યંત પ્રશસ્ત છે, માટે એ સર્વકાળ શ્રદ્ધેય છે, જ્ઞાતવ્ય છે, અને ધ્યાતવ્ય છે.**

શુભ ધ્યાનની ઉક્ત દ્વારોથી વિચારણા કરી. એ પરથી ફલિત થાય છે કે ધ્યાન સમસ્ત ગુણોનું સ્થાન છે. દા.ત. પહેલું તો, ધ્યાન માટેની ભૂમિકારૂપ જે ભાવના બનાવી એમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વૈરાગ્યના અનેક ગુણોનું પોષણ થાય છે. પછી ધ્યાન અંગેના આલંબનોમાં વાચનાદિ અને ક્ષમાદિના અનેક ગુણોને અવકાશ મળે છે. એવું એના ધ્યાતવ્યો જે આજ્ઞાવિચયાદિ, એ ધ્યાતવ્યના ધ્યાનમાં જિનવચન-રુચિ-બહુમાન આદિ અનેક ગુણોનું પોષણ થાય છે. ત્યારે ધ્યાનના અધિકારી ધ્યાતા બનવામાં તેમજ અનુપ્રેક્ષાર્થ ધ્યાનથી ભાવિત બનવામાં પણ અનેકાનેક ગુણોને સ્થાન મળે છે. એમ ધ્યાનીની પ્રશસ્ત લેશ્યા અને લિંગોમાં તો સ્પષ્ટતયા અદ્‌ભુત ગુણોનું જ સમર્થન થાય છે. સારાંશ, ધ્યાન એ સકલ ગુણોને અવકાશ આપે છે.

ધ્યાન એ ગુણોની સાથે દૃષ્ટ-અદૃષ્ટ સુખોને પણ અવકાશ દે છે. **'ફળ'** દ્વારમાં ધર્મધ્યાન શુક્લધ્યાનમાં જે ફળ બતાવ્યા, વિપુલ શુભાશ્રવ-સંવર-નિર્જરા-અમર સુખોથી માંડી યાવત્ છેલ્લે જે માનસિક-શારીરિક દુઃખોનો અંત બતાવ્યો, એથી ધ્યાનથી પરોક્ષમાં અને પ્રત્યક્ષમાં મહા અનન્ય સુખો હોવાનું સૂચવ્યું.

આમ, ધ્યાન એ ગુણો અને સુખોનો ભંડાર હોઈ સુપ્રશસ્ત છે, શ્રી તિર્થંકરદેવો અને ગણધર મહારાજાઓ આદિથી ધ્યાન સેવાયેલું હોઈ અત્યન્ત શુભ સાધના છે. આવા ઉત્તમ પુરુષો જેને આદરે એની પ્રશસ્તતાનું શું પૂછવું ? એટલા જ માટે,

ધ્યાન **શ્રદ્ધેય** છે, જ્ઞેય છે, ધ્યાતવ્ય છે. 'શ્રદ્ધેય' છે એટલે કે 'ધ્યાન સર્વગુણોનું સ્થાન અને દૃષ્ટાદૃષ્ટ સુખનું સાધન છે, એ હકીકતમાં મીનમેખ ફેરફાર નથી'– એવી ભાવનાથી શ્રદ્ધા-રુચિ-આસ્થા-આદર કરવા યોગ્ય છે. એટલે જ નહિ પણ ધ્યાનનું સ્વરૂપ જાણવા સમજવા જેવું છે; તેમજ ક્રિયાથી અમલમાં ઉતારવા જેવું યાને ચિંતનથી આચરવા યોગ્ય છે.

એમ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના થાય છે.

આ શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક ધ્યાનનું આસેવન પણ એકાદ બે વાર નહિ, કિન્તુ નિત્ય સર્વકાળ કરવા જેવું છે. આટલી ઊંચી ચીજને શા સારુ ક્ષણ પણ પડતી મૂકવી ? સતત જ આરાધવી.

પ્ર૦- એમ તો સર્વકાળ ધ્યાન જ આરાધવા જતાં સંયમ-જીવનની બીજી બધી ક્રિયાઓ કરવાને અવકાશ જ નહિ રહે ! સર્વક્રિયાઓ ઊડી જશે !

ઉ૦- ના, ક્રિયાઓ નહિ લોપાય; કેમકે ક્રિયાનું આસેવન વસ્તુસ્થિતિએ ધ્યાનરૂપ છે. એટલે ક્રિયા મૂકીને ધ્યાન કરવાની વાત જ નથી. ક્રિયા કરાય એ જ ધ્યાનરૂપ છે. સાધુને એવી કોઈ ક્રિયા નથી હોતી કે જેમાં ધ્યાન યાને ચિત્તની સ્થિરતા ન જામે.

આનું કારણ એ છે કે દરેક સાધના પ્રણિધાનયુક્ત જ કરવાની છે, અને 'પ્રણિધાન'માં **विशुद्ध भावनासारं तदर्थार्पितमानसम् यथाशक्ति क्रियालिङ्गं प्रणिधानं जगौ मुनिः ॥** એ વ્યાખ્યા મુજબ 'તદર્થાર્પિત માનસમ્' એટલે તે તે સૂત્રાર્થ અથવા ક્રિયા વિષયને મન અર્પિત કરવાનું, એમાં મનને તન્મય બનાવવાનું હોય જ છે; અને મનની તન્મયતા-સ્થિરતા એ ધ્યાન જ છે. આ શાસ્ત્રના પ્રારંભે જ કહ્યું છે કે **'જં થિરમજ્ઝવસાણં તં ઝાણં.'** અર્થાત્ ચિત્તનું સ્થિર ચિંતન એ ધ્યાન છે.

સારાંશ, સર્વ સાધુક્રિયા પ્રણિધાનયુક્ત હોઈ ધ્યાનરૂપ બને છે. બાકી સ્વાધ્યાય વાચનાદિને તો ધ્યાનમાં આલંબન કહ્યાં જ છે; એટલે સહેજે એના આલંબને ચિત્તસ્થૈર્ય યાને ધ્યાન જામે જ. આમ સાધુક્રિયા અને સ્વાધ્યાયના સતત પ્રવાહમાં ધ્યાનનો પણ સતત પ્રવાહ વહે છે; તેથી કહ્યું કે ધ્યાન સર્વ કાળ સેવનીય છે.

આ ઉપરથી એ પણ સૂચિત થાય છે કે સાધુક્રિયા બાજુએ મૂકીને ધ્યાન કરવાનું વિધાન જૈનશાસનમાં નથી. અનાદિના ચાલી આવતા વિવિધ કષાય-કુસંસ્કારોને નાબૂદ કરવા સમર્થ છે વિવિધ ક્રિયા-આચારો. એ સેવ્યા વિના એ કષાય-કુસંસ્કારો શી રીતે ઘસારે પડી નષ્ટ થાય ? વળી મન વિવિધતા-પ્રિય હોઈ વિવિધ ક્રિયાસૂત્રો અને વિવિધ સ્વાધ્યાયમાં જે સ્થિર થઈ શકે, એવું એ છોડીને માત્ર એકરૂપ કોઈ 'ૐ' વગેરેના સતત ધ્યાનમાં શી રીતે સ્થિર રહી શકે ?

## -: ઇતિ ધ્યાનશતક વિવેચન :-

**આ પ્રમાણે સંયમપ્રધાનદૃષ્ટિ કર્મસાહિત્યસૂત્રધાર વિશાલગચ્છાધિપતિ પરમારાધ્યપાદ સ્વ. ગુરુદેવશ્રી સિદ્ધાન્તમહોદધિ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની કૃપાથી એઓશ્રીના ચરણરજ પંન્યાસ ભાનુવિજયે શ્રી ધ્યાનશતક અને એની ટીકાના આધારે વિવેચન લખ્યું. એમાં પ્રમાદવશ જિનાજ્ઞા-વિરુદ્ધ જો કાંઈ લખાઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડં.**



# શ્રી નમસ્કાર મહામંત્ર ગ્રંથનો ઉપોદ્‌ઘાત

**नमस्कारसमो मन्त्रो न भूतो न भविष्यति ॥**

## શ્રી નમસ્કાર મહામંત્રની સર્વોપરિતા

જૈન દર્શનમાં શ્રી નમસ્કાર મહામંત્રના સૂત્રનું અને એના અર્થનું સૌથી ઊંચું સ્થાન સ્વીકારવામાં આવ્યું છે. આનું પ્રધાન કારણ એ છે કે - વિશ્વના સમસ્ત પ્રાણીગણમાં સર્વોચ્ચ શક્તિ, બુદ્ધિ, સંયોગ અને સામગ્રીની વિશિષ્ટતા ધરાવનારા માનવના અવતારમાં એ વિશિષ્ટતાને અનુરૂપ ચરમ આદર્શ કર્યો, અર્થાત્ અંતિમ જીવનસાધ્ય શું, તેમજ એની સુંદર અને સમીચીન સાધના કઈ, તથા એ સાધ્ય સાધનાદિ સત્ તત્ત્વોના ઉપદેષ્ટા કોણ ? એનો આ નમસ્કાર મહામંત્રમાં નિર્દેશ છે. જગતના જીવમાત્રના સર્વ શ્રેષ્ઠ ઉપકારક, ઉપકાર માર્ગ, અને ઉપકાર રૂપ ફળનો આમાં ઉલ્લેખ છે. વર્તમાન જીવનમાંય અનુપમ આશ્વાસન, સંપૂર્ણ શાંતિ અને પવિત્ર પ્રેરણા આપનાર શ્રેષ્ઠતમ આદર્શો આમાં દર્શાવેલાં છે. વળી અક્ષરમાત્રથી પણ શ્રી નમસ્કાર મહામંત્ર અત્યન્ત પ્રભાવશાલી છે.

## વાઙ્મયનાયક નમસ્કાર સૂત્ર :-

જૈન શાસનના અગાધ વાઙ્મયમાં સર્વ પ્રથમ સ્થાન શ્રી નમસ્કાર મહામંત્ર ધરાવે છે. કેમકે (૧) એ અખિલશ્રુતનો સાર છે; (૨) એના ધ્યાનમાં મહાજ્ઞાની શ્રુતપારગામી મહર્ષિઓ પણ જીવનનો અંતિમ કાલ વીતાવે છે; (૩) એમાં કલ્યાણ-સ્વરૂપ અનંત અર્થ ભર્યો છે; (૪) એ સુખ દુઃખાદિની સર્વ સ્થિતિમાં અને જીવન મરણના સર્વકાળે સ્મરણીય છે; (૫) એનાથી લૌકિક લોકોત્તર સર્વ સમૃદ્ધિ આવી મળે છે; (૬) એ ભયંકર પાપી જીવનમાંથીય જીવને ઉદ્ધરનાર, અને ઘોર ભયોને ટાળનાર છે; એ (૭) સર્વશ્રેષ્ઠ ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનો દર્શક છે...વગેરે વગેરે.

## સંક્ષેપમાં નમસ્કાર મંત્રનો વિષય

શ્રી નમસ્કાર મહામંત્ર, એ નવપદોનું બનેલું મહામંગલ સૂત્ર છે. એના પ્રારંભનાં પાંચ પદોમાં શ્રી અરિહંતાદિ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર દર્શાવેલો છે. પછીના બે પદોથી આ પાંચ નમસ્કારને સર્વ પાપનો નાશક કહેવા દ્વારા ફળ બતાવવામાં આવ્યું છે. ત્યારે, છેવટના બે પદોમાં સર્વ કરતાં શ્રેષ્ઠ મંગળ કહી એનો મહિમા ગાવામાં આવ્યો છે.

## પાંચ પરમેષ્ઠીની ઓળખ :-

પરમેષ્ઠી એટલે પરમ-શ્રેષ્ઠ સ્થાને રહેલા; અર્થાત્ શ્રેષ્ઠ અવસ્થાને પામેલા. આ શ્રેષ્ઠ અવસ્થા જુદી જુદી દૃષ્ટિએ છે. એમાં પ્રથમ પરમેષ્ઠીપદે બિરાજમાન પરમાત્મા શ્રી અરિહંત દેવ એ જૈનદર્શનના મૂળ ઉત્પાદક છે. અર્થાત્ સત્ તત્ત્વોના આદ્ય પ્રકાશક અને સદ્ધર્મના આદ્ય સ્થાપક હોવાથી એ પ્રથમ પરમેષ્ઠી છે. (૨) આ તત્ત્વોનાં સંપૂર્ણ જ્ઞાનનું અને આ ધર્મનાં સર્વોચ્ચપાલનનું આત્યન્તિક ફળ જે મોક્ષ, અર્થાત્ આત્માના અનંતગુણમય સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપની જે પ્રકટદશા, એને વરેલા પરમાત્મા શ્રી સિદ્ધ ભગવાન એ બીજે પરમેષ્ઠીપદે બિરાજે છે. (૩) ધર્મનું તત્ત્વમિશ્રિત મુખ્ય સ્વરૂપ જે પંચાચાર, એના સ્વયં પાલક અને અન્યમાં પ્રચારક ત્રીજા પરમેષ્ઠી શ્રી આચાર્ય ભગવંત છે. (૪) ચોથા પરમેષ્ઠી શ્રી ઉપાધ્યાયજી મહારાજ એ ઉક્ત તત્ત્વ અને ધર્મના પ્રતિપાદક જે સૂત્ર-સિદ્ધાન્તો-આગમો, એના પાઠક છે. (૫) ત્યારે શ્રી સાધુ મહર્ષિઓ શ્રી અરિહંતની આજ્ઞાથી સ્વકીય સર્વાંગીણ જીવનને નિયન્ત્રિત બનાવી, યોગ્ય સુગુરુની નિશ્રાએ આત્મહિતકારી એવી પ્રવૃત્તિ-નિવૃત્તિ-માર્ગરૂપ સાધુતાને અહોનિશ અપનાવતા પંચમ પરમેષ્ઠીપદને અલંકૃત કરે છે.

## પ્રથમ પરમેષ્ઠી શ્રી અરિહંતના નામ :-

શ્રી અરિહંત પરમાત્માના એ પરમપુરુષ પરમેશ્વર છે. એમને શ્રી જિનેશ્વર દેવ, તીર્થંકર દેવ, અભયદાતા, સાર્વ, ત્રિલોકનાથ, અર્હંત પ્રભુ, દેવાધિદેવ, વીતરાગ, સર્વજ્ઞ, જિનેન્દ્ર ભગવાન વગેરે નામોથી પણ સંબોધાય છે. આ બધા સાન્વર્થ સામાન્ય નામો છે. કોઈપણ અરિહંત પરમાત્માને એ લાગુ પડે છે. ત્યારે વિશેષ નામો બીજા હોય છે. દા.ત. શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી મહાવીરસ્વામી, શ્રી સીમંધરસ્વામી વગેરે.

## અરિહંત એટલે ? :-

અરિહંત શબ્દથી બે ભાવ લેવાના છે; એક, પુણ્યપ્રાપ્ત અષ્ટ મહાપ્રાતિહાર્યની શોભાને યોગ્ય છે તે અર્હત્ (અરિહંત); અને બીજું, રાગદ્વેષાદિ મહા આંતર શત્રુને હણનાર તે અરિહંત. અરિહંત એ બહુ પૂર્વે એક સામાન્ય આત્મા, સંસારી જીવ હોય છે; પણ છેલ્લેથી ત્રીજા ભવમાં આખા વિશ્વને તારવાની કરુણાભાવનાના બળ પર અને શ્રી અરિહંત વાત્સલ્યાદિ વીસ સ્થાનકની ઉગ્ર ઉપાસનાના પ્રતાપે તીર્થંકર (અરિહંત) બનવાનું પુણ્ય ઉપાર્જન કરે છે. એ પછી તીર્થંકર બનવાના છેલ્લા ભવમાં ઉત્તમ રાજકુલાદિમાં જન્મ પામતાં જ વિશિષ્ટ અવધિજ્ઞાન, અબીભત્સ



ધાતુઓવાળું અલૌકિક શરીર, અપ્રતિમ રૂપ, સુગંધી શ્વાસોશ્વાસ, યાવજ્જીવ નીરોગિતા અને અદૃશ્ય આહાર-નિહારવિધિ વગેરે અતિશયોથી એ પરિવરેલા છે. દેવાંગનાના સૂતિકર્મ તથા દેવો અને ઈન્દ્રોના જન્માભિષેકની પૂજા પામી, દેવો તથા માનવબાળકોના માત્ર અનુરોધથી એમની સાથે ક્રીડા કરતા અને માતાપિતાના બાદશાહી લાડકોડ પામતા એ ઉછરે છે, છતાં હૃદયથી મહાવિરાગી હોય છે.

## શ્રી અરિહંતની ત્રણ અવસ્થા :-

જન્મતાં જ મળતા ઈન્દ્રોના નમનમાં એમને ગર્વ **ઉત્કર્ષ** હોતો નથી. એ રાજ્યના અધિપતિ સમ્રાટ રાજા થાય ત્યાં એમને **આસક્તિ** હોતી નથી; અને એ સઘળું છોડી શ્રમણ બને ત્યાં એમનામાં કાયા પ્રત્યે **સુખશીલતા** હોતી નથી. આ ત્રણ મહાન વિશેષતાવાળી જન્મ-અવસ્થા, રાજ્ય-અવસ્થા, શ્રમણ-અવસ્થા, એ ત્રણે અવસ્થાઓ શ્રી અરિહંત પ્રભુની **'પિંડસ્થ-અવસ્થા'** ગણાય છે. (પિંડસ્થ=દેહમાં રહેલી). પછી સર્વજ્ઞ જીવન્મુક્ત બની ધર્મતીર્થને સ્થાપે, અને ભવ્યજીવોને પ્રતિબોધ કરતા વિચરે, એ તીર્થંકરપદમાં અર્થાત્ તીર્થંકરપણામાં રહેલી અવસ્થા **'પદસ્થ અવસ્થા'** કહેવાય છે. છેવટે સ્વીય સકલ કર્મના બંધન છેદી જડ પુદ્‌ગલ માત્રના સંગ છોડી પૌદ્‌ગલિક રૂપ વટાવી વિદેહમુક્ત બને છે, એ એમની **'રૂપાતીત અવસ્થા'** કહેવાય છે. આમ શ્રી અરિહંત પરમાત્માનું જીવન પિંડસ્થ અને પદસ્થ અવસ્થામાં પસાર થઈ પ્રાંતે રૂપાતીત અવસ્થામાં પર્યવસાન પામે છે.

## બાર ગુણ અરિહંતદેવ

શ્રી તીર્થંકર પ્રભુ ગૃહસ્થ જીવનમાં પણ ધીર, વીર અને ગંભીર હોય છે; વિનય, વિવેક અને વૈરાગ્યશાલી હોય છે; ઔચિત્ય, ઔદાર્ય અને ઓજસના ભંડાર હોય છે. સંસારના મહાન વૈભવોને, મોટા માનમરતબાને તિલાંજલિ આપી સંયમપંથે વિચરે છે ત્યારે, એક માત્ર કર્મક્ષયનું લક્ષ્ય રાખી, કઠોર વ્રતપાલન, તીવ્ર તપસ્યા, તેજસ્વી ત્યાગ, પ્રબળ પરિસહ પર વિજય, ઘોર ઉપસર્ગનું સમભાવે વેદન, અહનિશ આત્મજાગ્રતિ, નિરંતર ધારાબદ્ધધ્યાન, વગેરે આચરે છે. સાધનાને અંતે જ્ઞાનાવરણીય આદિ ચાર ઘનઘાતી કર્મને આત્મા પરથી દૂર કરી વીતરાગ સર્વજ્ઞ બને છે. એટલે અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર (વીતરાગતા) અને અનંત વીર્ય એ ચાર અનંતા પ્રાપ્ત કરે છે.

અહીં પૂર્વે ઉપાર્જેલ તીર્થંકરપણાનું પુણ્ય ઉદયમાં આવે છે. એના યોગે એમની સેવામાં આઠ પ્રાતિહાર્ય નિરંતર હાજર રહે છે. તે આ પ્રમાણે-રત્નમય

સિંહાસન, વીંઝાતા ચામર, છત્ર, ભામંડલ, દુન્દુભિ, દિવ્ય ધ્વનિ પુષ્પ વૃષ્ટિ અને અશોક વૃક્ષ. આ આઠ, અને જ્ઞાનાતિશય-વચનાતિશય-પૂજાતિશય અને અપાયાપગ-માતિશય એ ચાર-એમ કુલ બાર ગુણ શ્રી અરિહંતના કહેવાય છે.

## ચાર મુખ્ય અતિશય

એમાં **જ્ઞાનાતિશયથી** લોકાલોકના અર્થાત્ સમસ્ત ચરાચર પદાર્થોના ભૂત-ભવિષ્ય-વર્તમાનના સર્વ ભાવો જાણે છે. **વચનાતિશયથી** દેવ, મનુષ્ય, તિર્યંચ સર્વને ગ્રાહ્ય એવી અને એકી સાથે હજારો સંદેહને દૂર કરતી સંવેગ વૈરાગ્ય નીતરતી પાંત્રીસ અતિશયવાળી તત્ત્વ-વાણી પ્રકાશે છે; જે સાંભળતા ન લાગે થાક, ન લાગે ભૂખ, કે ન લાગે તરસ, એટલી બધી એ અમૃત કરતાંય અધિકી મીઠી હોય છે. **પૂજાતિશયથી** નરેન્દ્રો-દેવેન્દ્રોથી એ પૂજાય છે. દેશનાભૂમિ માટે સમવસરણ દેવો રચે છે, જેમાં રજત, સુવર્ણ અને રત્નના ત્રણ ગઢ ઉપર દેવ મનુષ્યોની બાર પર્ષદાની વચમાં જગદ્ગુરુ વિરાજી ધર્મોપદેશ કરે છે. શ્રી અરિહંત પ્રભુ જ્યાં પગલું મૂકે તે પૂર્વે નીચે માખણના પિંડા જેવા કોમળ સુવર્ણકમળ રચાય છે. **અપાયાપગમાતિશયથી** શ્રી અરિહંતની આસપાસના સવાસો યોજન જેટલા ક્ષેત્રમાંથી જનતાના મારી, મરકી વગેરે વગેરે ઉપદ્રવોરૂપી અપાયો દૂર થઈ જાય છે. તેમજ પોતાના રાગદ્વેષાદિ અપાયો પણ દૂર થયેલા છે. પૂર્વોક્ત સુગંધી શ્વાસો-શ્વાસાદિ જન્મસિદ્ધ ચાર મૂળ અતિશય, દેવકૃત ઓગણીસ અતિશય અને ઘાતિકર્મક્ષય થયેથી અગિયાર અતિશય, એમ કુલ ચોત્રીસ અતિશય શ્રી અરિહંત પરમાત્માના હોય છે.

## પરમાત્મા અંગે જૈન જૈનેતરોની દૃષ્ટિનો ભેદ

અહીં એટલું સમજવા જેવું છે કે ઇતર દર્શનોમાં કયાંક અનાદિશુદ્ધ ઇશ્વર અને કયાંક સૃષ્ટિકાળથી ઉત્પન્ન શુદ્ધ ઇશ્વર માનવામાં આવેલ છે. ત્યારે જૈન દર્શનમાં તો વિશિષ્ટ ભવ્યતાવાળો, સામાન્ય આત્માની જેમ, સંસારમાં ભ્રમણ કરતો જીવ આત્મસાધના કરી ઇશ્વર બને છે. એ હિસાબે પૂર્વે અનંતા આત્મા પરમાત્મા બન્યા છે, અને ભવિષ્યમાં પણ એમ જ બનશે, તથા વર્તમાન મહાવિદેહ ક્ષેત્રે વીસ તીર્થંકર ભગવાન વિહરમાન મોજુદ છે. બીજું શ્રી અરિહંત તીર્થંકરો ઉપરોક્ત સ્થિતિવાળા છે, ત્યારે ઇતર દર્શનમતે ઇશ્વરની તેવી સ્થિતિ નથી. કેઇક ઇતરો ઇશ્વરને જગત્કર્તા માને છે, પણ જૈનો પરમાત્માને તત્ત્વપ્રકાશક અને માર્ગદર્શક માને છે. ઇતર દર્શનોમાં શુદ્ધ ઇશ્વરના પણ અવતાર માન્યા છે. જેમાં ઇશ્વરને



પોતાના પુણ્ય-પાપ વિના પણ જે સારો નરસો સંયોગ સામગ્રી મળવાનું માન્યું છે, એ કાર્ય કારણભાવાદિના નિયમનો ભંગ સૂચવે છે. ત્યારે જૈન દર્શન તો કહે છે કે, પોતાના જ શુભાશુભ કર્મના હિસાબે પરમાત્મા સંયોગ-સામગ્રી પામે છે; અને સર્વ કર્મ ક્ષય થયા પછી એમને ફરી ધર્મસ્થાપના કરવા આવવાનું રહેતું નથી. એ તો સદા માટે સિદ્ધ બુદ્ધ મુક્ત રહે છે. ઇતરોમાં પરમાત્મત્ત્વ સર્જનાદિ શક્તિ પર નિર્ભર છે. જૈનોમાં એ વીતરાગતાદિ ગુણો પર નિર્ભર છે; અને એ જ વિશ્વને મોક્ષસાધનામાં પ્રેરક છે.

બીજી એક ખાસ વિશેષતા એ છે કે, જૈન મતે શ્રી અરિહંતના ઉપકાર એક વિશિષ્ટ કોટિના છે, ત્યારે ઇતર મતે ઇશ્વરના ઉપકાર બીજી કોટિના છે. દા.ત. ઇતર મતમાં ગીતાજીના હિસાબે, કુરુક્ષેત્રમાં જ્યારે અર્જુને પીતરાઈ ભાઈઓ, વિદ્યાગુરુ દ્રોણાચાર્ય, પવિત્ર ભીષ્મપિતામહ વગેરે સાથે લડવા ના પાડી, ત્યારે શ્રી કૃષ્ણે અર્જુનને લડવાની એવી પ્રેરણા આપી કે જેના પરિણામે થયેલા ખૂનખાર યુદ્ધમાં કેઈ આર્ય નરરત્નો નાશ પામ્યા; અને પાંડવોને રાજ્ય મળ્યું. બીજી બાજુ જૈન મતમાં જુઓ. ભરત ચક્રવર્તીએ દબાવવા માંડેલા પોતાના અઠ્ઠાણું ભાઈઓ ન્યાયપુરસ્સર લડી લેવાની સલાહ લેવા **પિતા ઋષભદેવ અરિહંત પાસે** ગયા, ત્યારે શ્રી અરિહંતદેવે એવો તત્ત્વોપદેશ કર્યો કે જેના પરિણામે અઠ્ઠાણું ભાઈઓ રાજ્ય ત્યજી મહર્ષિ બની સર્વજ્ઞ થયા અને જન્મ જરા મરણથી મુક્ત બન્યા; અને બીજી બાજુ યુદ્ધ અટકયું. તેમજ ભરતે પશ્ચાત્તાપ કરી એમને ખમાવ્યા. ટૂંકમાં શ્રી અરિહંતના ઉપકાર તરીકે એમનો વિશિષ્ટ ઉપદેશ છે.

## અરિહંતનો વિશિષ્ટ ઉપદેશ :-

અરિહંતની વાણીમાં શું શું પ્રકાશે છે ? (૧) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની મહાસત્તાથી વ્યાપ્ત **પંચાસ્તિકાય-** (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય) (૨) જીવ-અજીવ, આસ્રવબંધ, તથા સંવર-નિર્જરા-મોક્ષ એ સાતમાં સમાવિષ્ટ જ્ઞેયહેય-ઉપાદેયની **તત્ત્વત્રયી.** (૩) મોક્ષમાર્ગભૂત સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રમય **રત્નત્રયી.** (૪) સુદેવ-સુગુરુ-સુધર્મરૂપી **ઉપાસ્યત્રયી.** (૫) કર્મ, જીવ અને જગત સંસારની અનાદિતા, વિશ્વનું નિયમબદ્ધ સંચાલન, આત્મપુરુષાર્થનું અંતિમ ફળ, વગેરે **સમસ્યાઓનો સચોટ ઉકેલ.** (૬) માર્ગાનુસારિતારૂપી સામાન્ય ગૃહસ્થ ધર્મથી માંડી સમ્યક્ત્વમૂલ બાર વ્રત અને અગિયાર પ્રતિમારૂપ વિશેષ ગૃહસ્થ-ધર્મ, તથા સાપેક્ષ-નિરપેક્ષ યતિધર્મ સુધીનો ક્રમબદ્ધ **આચાર માર્ગ.** (૭) ચૌદ ગુણસ્થાનકની અંતર્ગત ભાવમળની અલ્પતા, સકૃદ્બંધક દશા,

અપુનર્બંધક દશા, માર્ગાભિમુખ, માર્ગપતિત વગેરે પ્રથમ ગુણસ્થાનકથી માંડી અયોગીશૈલૈશીકરણ સુધીનો ક્રમશઃ વિકસતો ક્રમબદ્ધ સૂક્ષ્મતાભર્યો આત્માનો **ઉત્ક્રાંતિમાર્ગ.** (૮) આજ્ઞાવિચય, અપાયવિચય વગેરે ધર્મધ્યાનથી માંડી વ્યુપરત ક્રિયાનિવૃત્તિરૂપી શુક્લધ્યાનના અંતિમ પાયા સુધીનો ક્રમબદ્ધ **ધ્યાનમાર્ગ.** (૯) પારમાર્થિક લોકોત્તર સ્વરૂપવાળો અષ્ટાંગ યોગ, અને અદ્વેષજિજ્ઞાસાદિ ગુણાષ્ટક વગેરેથી પરિવરેલો મિત્રાદષ્ટિથી માંડી પરાદષ્ટિ સુધીનો ક્રમબદ્ધ અષ્ટવિધ **યોગદષ્ટિ માર્ગ.** (૧૦) અંજલિબદ્ધ પ્રણામ અને વાચિક સ્તુતિરૂપ નમસ્કારથી વધતાં વધતાં ગીતનૃત્ય સુધીનો પૂજનવિધિનો ક્રમિક દ્રવ્ય સ્તવ; તથા દેવવંદનાદિથી માંડી ઉત્કૃષ્ટ જિનાજ્ઞા-પાલન સુધીનો ભાવસ્તવ, એ ઉભયને અવગાહતો ક્રમબદ્ધ **ભક્તિમાર્ગ.** (૧૧) નમસ્કાર મહામંત્રના જ્ઞાનથી માંડી દૃષ્ટિવાદ સુધીના બોધનો બાહ્યતપ અને પ્રાયશ્ચિત્તથી માંડી કાર્યોત્સર્ગ સુધીનો આભ્યંતર તપ-એમ ક્રમબદ્ધ નિર્જરામાર્ગ **તપોમાર્ગ.** (૧૩) સમિતિ-ગુપ્તિ વગેરેથી માંડી યથાખ્યાત ચારિત્ર સુધીનો **સંવરમાર્ગ.** (૧૪) દંભત્યાગથી માંડી ભવસ્વરૂપચિંતન, વૈરાગ્યદષ્ટિએ વધતાં આત્માનુભવ સુધીનો ક્રમબદ્ધ **અધ્યાત્મમાર્ગ.** (૧૫) ઈચ્છા-પ્રણિધાનથી માંડી સિદ્ધિ-વિનિયોગ સુધીનો ક્રમિક **પુરુષાર્થમાર્ગ.** (૧૬) ભવાભિનંદીપણાના ત્યાગથી માંડી ચતુઃ શરણગમનાદિ સાધતાં અંતે પ્રવ્રજ્યા ફળમોક્ષમાં પરિણમતો ક્રમબદ્ધ **સાધનામાર્ગ.** (૧૭) અહિંસા, સંયમ અને તપરૂપી **ધર્મમાર્ગ.** (૧૮) પ્રશંસા બહુમાનરૂપી ધર્મ-અંકુરથી માંડી સિદ્ધસુખ સુધીનો ક્રમબદ્ધ કર્તવ્ય **વિકાસમાર્ગ.** (૧૯) જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મો પર બંધન, સંક્રમણ વગેરે કરણોનું સૂક્ષ્મ વિસ્તૃત સ્વરૂપ, (૨૦) વસ્તુમાત્રના જઘન્યથી નામ સ્થાપના, દ્રવ્ય ભાવ, એ ચાર **નિક્ષેપ,** ઉપક્રમ નિક્ષેપ, અનુગમ, નય, એ ચાર **અનુયોગ,** નૈગમ, સંગ્રહાદિ, **સપ્તનય,** સ્યાદ્અસ્તિ-સ્યાન્નાસ્તિ, વગેરે **સપ્તભંગી,** સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાલ, સ્વભાવ તથા પરદ્રવ્યાદિ અપેક્ષાએ સત્ત્વ-અસત્ત્વ, નિત્યત્વ-અનિત્યત્વ, ભેદ-અભેદ, સામાન્ય-વિશેષ, વગેરે ધર્મોની વ્યાપ્તિનો **અનેકાંતવાદ...** ઈત્યાદિ ઈત્યાદિ ઘણું ઘણું શ્રીસર્વજ્ઞ અરિહંતોએ ઉપદેશ્યું છે.

## અરિહંતે ટાળેલા અઢાર દોષ :-

અરિહંત એટલે આંતર શત્રુને હણનારા, એ અર્થમાં શત્રુ તરીકે અઢાર દૂષણો લેવાના છે. તેમાં, આત્મગુણના ઘાતક જે ચાર ઘાતી કર્મો, તે પૈકી જ્ઞાનાવરણ દર્શનાવરણના બે દોષો :- અજ્ઞાન અને નિદ્રા છે. અંતરાયના ઘરના દાનાંતરાય, વીર્યાંતરાય વગેરે પાંચ દોષો છે; અને મોહનીયના ઘરના મિથ્યાત્વ, અવિરતિ (પાપની અપેક્ષાનો-પાપ ન કરવાની પ્રતિજ્ઞાનો અભાવ) રાગ-દ્વેષ, કામ અને



હાસ્ય-શોક વગેરે છ, એમ અગિયાર દોષ છે. આ પ્રમાણે કૂલ અઢાર દોષોને ઉત્કટ સંવેગ, વૈરાગ્ય, કઠોર ચારિત્રપાલન અને ઘોર તપસ્યા વડે દેહ, ઈંદ્રિયો અને મળને સારી રીતે દમી દૂર કરે છે, તેથી એ અરિહંત બને છે.

## બીજા પરમેષ્ઠી : શ્રી સિદ્ધભગવાન :-

બીજા પરમેષ્ઠી પદમાં શ્રી સિદ્ધ ભગવાન વિરાજે છે. એમના બીજાં નામ મુક્ત, પારગત, અકલંક, અમર, અજ, અનંગ, પરમજ્યોતિ, સદાશિવ, વગેરે છે. એ આઠે પ્રકારના કર્મના મળથી રહિત બન્યા હોવાથી અત્યંત નિર્મલ અને આઠ ગુણવાળા બનેલા છે. પૂર્વોક્ત ચાર ઘાતીકર્મના નાશથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત વીતરાગતા, અને અનંતવીર્યાદિ લબ્ધિઓ પ્રકટ થયેલી છે. તેમજ બાકીના ચાર અઘાતી પૈકી વેદનીય કર્મના નાશથી અનંત અવ્યાબાધ સુખ, આયુઃકર્મના નાશથી અક્ષય અજર અમર સ્થિતિ, નામકર્મના નાશથી અરૂપિપણું અને ગોત્ર કર્મના અભાવથી અગુરુલઘુતા પ્રકટ થયેલી છે. સંસારમાં જે સારા નરસા (શુભાશુભ) કર્મના યોગે યશ અને અપયશ, ઊંચ કુલ અને નીચ કુલ, સૌભાગ્ય અને દુર્ભાગ્ય, સારું શરીર-નરસું શરીર, આરોગ્ય અને રોગ, માન અને અપમાન, અજ્ઞાન અને મોહ, રાગદ્વેષ, હર્ષ અને શોક, વગેરે દ્વંદ્વો વેદવા પડે છે, તેમાંનું સિદ્ધ અવસ્થામાં કાંઈ હોતું નથી. સંસારમાં પણ આત્માના મૌલિક-આંતરિક અપ્રકટ સ્વભાવમાં તો ઉક્ત દ્વંદ્વોથી તદ્દન વિનિર્મુક્ત સ્થિતિ છે. પરંતુ પ્રવાહથી અનાદિકાળ થયા આત્મપ્રદેશો સાથે એકમેક થયેલ જે પૌદ્ગલિક કર્મ-સ્કંધો, તેના વિપાકને લીધે ઉક્ત દ્વંદ્વોની વિચિત્ર પરિસ્થિતિ આત્મા પર ઊભી થાય છે. એટલે ખરી રીતે વિચારતાં, એ યશ-અપયશ વગેરે દ્વંદ્વોના અનુભવની વચમાં એનાથી તદ્દન નિરાળું એવું આત્માનું અસલી શુદ્ધ સ્વરૂપ સ્વભાવગત કાયમ છે, એ સમજી રાગદ્વેષ રહિત જીવન જીવી શકાય છે. તેથી પરઉપાધિજન્ય યશ કે અપયશ, આરોગ્ય કે રોગીપણું વગેરે અવસ્થાઓને પરાઈ સમજી, એમાં આત્મા ઉન્માદ કે દીનતા કરતો નથી; પણ પોતે માત્ર સાક્ષીરૂપે એનો જ્ઞાતા દૃષ્ટા બની, એને ઉદાસીનભાવે અર્થાત્ અરક્ત-અદ્વિષ્ટ ભાવે વેદી લઈ અંતે એ સર્વથા મુક્ત થાય છે. એટલે સિદ્ધ બની ત્રિભુવનના છેક મથાળે જઈ વસે છે. એ હવે નિર્મમ નિર્વિકાર છે, નિરંજન-નિરાકાર છે, સર્વજ્ઞ-સર્વદર્શી છે, અમમ, અવ્યય અને અક્ષય છે, કૃતકૃત્ય છે, નિર્મોહી છે, શુદ્ધ જ્ઞાતા દૃષ્ટા છે, સ્પર્શાદિરહિત છે, પરમ પદાર્થ છે, શાશ્વત જ્યોતિ છે, સ્વતંત્ર છે, સ્વરમણમાં મગ્ન છે, નિત્યધર્મા છે, જ્ઞાનથી સર્વવ્યાપી છે. તત્ત્વમૂર્તિ છે. પરમ બ્રહ્મ છે, પરમ આદિત્ય છે, પરમ ઈન્દુ છે,

પરમ સદાશિવ છે, અનંત સુખભોક્તા છે. સર્વ શત્રુના ક્ષયથી, સર્વ રોગના નાશથી, સર્વ પદાર્થના સંબંધથી અને સર્વઇચ્છાની પૂર્તિથી જે સુખ થાય તેના કરતાં અનંતગુણ સુખ સિદ્ધનું છે. પણ તે સુખ અસંયોગનું હોવાથી સંયોગજન્ય સુખના અનુભવીને અગમ અગોચર છે.

## ત્રીજા પરમેષ્ઠી શ્રી આચાર્ય મહારાજ

ત્રીજું પરમેષ્ઠી પદ આચાર્ય ભગવંતથી અલંકૃત છે. આચાર્ય મહારાજના બીજાં નામ સૂરિ, ગણધર, ગુરુ, અનુચાન, ગચ્છપતિ, અનુયોગકર, ગણિપિટક, ઉદ્યોતકારી વગેરે છે. એ અને ચોથા પરમેષ્ઠી ઉપાધ્યાયજી મહારાજ સાધુ તો છે જ, એટલે સાધુ તરીકેની એમની પંચાચાર વગેરે વિશેષતા પાંચમા સાધુપદમાં સમજાશે. પરંતુ આચાર્ય તરીકેની એમની વિશેષતામાં શ્રી અરિહંતપ્રભુની ગેરહાજરીમાં શ્રી જિનશાસનનું સુકાન સંભાળી શકે એવા ગુણો અને એવું સામર્થ્ય હોય છે. શ્રી જિન પ્રવચનની પ્રભાવકતા, સુરક્ષિત આગમપરિપાટી, અનેક ભાષાઓનું જ્ઞાન, સ્વપરશાસ્ત્રકુશલતા, પ્રજ્ઞાપનશક્તિ, સુયોગ્ય શિષ્ય સમૂહનું નેતૃત્વ, ભવ્ય ઓજસ્, દેશનાલબ્ધિ, પંચાચાર-પ્રચાર, અપ્રમત્તતા, શુદ્ધ ધર્મકથાકથન, વગેરે અનેકાનેક વિશેષતાઓને એ ધરનાર છે. શાસ્ત્રીય પદ્ધતિ મુજબ યોગોદ્વહનાદિ-પૂર્વક બાર વર્ષ સૂત્ર(આગમ)નું તથા બાર વર્ષ અર્થનું અધ્યયન અને બાર વર્ષ દેશાટન કરી, મંત્રપીઠાદિ પંચ પ્રસ્થાને સૂરિમંત્ર આરાધી, ગુરુદત્ત આચાર્ય પદવીને વરેલા હોય છે. શિષ્યોને ગ્રહણ આસેવન શિક્ષા આપવા અપાવવામાં એમ જ જનતામાં ધર્મબોધ દ્વારા શાસનપ્રભાવના કરવામાં એ કુશલ હોય છે. સારણા-વારણા-ચોયણા-પડિચોયણાથી ગચ્છને સાધનામાં ઉદ્યુક્ત રાખે છે. ઉપાધ્યાય એમના દિવાન છે. સાધુઓ સુભટ છે. ગૃહસ્થ શ્રાવક શ્રાવિકા પ્રજાજન છે. આચાર્ય પાસે દ્વાદશાંગી કે તે તે કાળે વિદ્યમાન શ્રુત એ ખજાનો છે. એના વડે સૌને આબાદ રાખે છે. પ્રજાજનને પીડવા આવતા મોહના ઘરના ચોર લૂંટારાઓ પર શાસન ચલાવી અને દૂર કરે છે, અને લોકના ધર્મ-ધનને રક્ષી અધ્યાત્મ હિતની અનેકવિધ કાળજી તથા ઉદ્યમ કરે છે. મિથ્યામતિ પાખંડીઓ અને કુમતવાદીઓ વગેરેનો નિગ્રહ કરે છે.

## આચાર્ય એ ભાવવૈદ્ય છે.

જગતના જીવો કર્મ રોગથી પીડાય છે; ને એમાં પાછા રાગદ્વેષરૂપી કુપથ્યને સેવી સેવી કર્મ-રોગ વધારે છે. આની સામે આચાર્ય એ ધર્મ ઔષધ આપી વૈરાગ્ય અને ઉપશમનું પથ્ય સેવરાવી કર્મ-રોગ નાબૂદ કરે છે. અનાદિ અનંત કાળથી



ભવાટવીમાં ભમતા રખડતા જીવોને આચાર્ય ભગવાન માનવ જીવનના મૂલ્ય અને કર્તવ્યપંથ સુઝાડી ઉન્નતિના માર્ગે ચઢાવે છે. હૃદયની ક્ષુદ્રતા, સંકુચિત મતિ, ભૌતિક દૃષ્ટિ, વાસના અને વિકાર, ઈર્ષ્યા અને કલેશ, ગર્વ અને સ્વાર્થ, મમતા અને માયા, ભય અને હાયવોય વગેરે અનેકાનેક દર્દોને શાંત કરી આચાર્ય એ જીવોને સુંદર સમાધિનું આરોગ્ય આપે છે. આચાર્યોના ઉપકારથી લોકનું વ્યાવહારિક જીવન શાંતિભર્યું, સાંસારિક જીવન તૃપ્તિભર્યું, નૈતિક જીવન ઊંચું, કૌટુંબિક જીવન વિવેક વાત્સલ્યભર્યું અને ધાર્મિક જીવન તત્ત્વપરિણતિ, ઉલ્લાસ અને સંવેગભર્યું બને છે.

## આચાર્યના ૧૨૯૬ ગુણ

આચાર્યમાં છત્રીસ છત્રીસ ગુણોની ૩૬ છત્રીસી ગણાય છે. દા.ત. સાધુના ગુણ ૨૭+નવકોટિ શુદ્ધ આહારના ૯=૩૬. બ્રહ્મચર્યગુપ્તિ ૯+પાપનિયાણાનો ત્યાગ ૯+નવ કલ્પી વિહારના ૯+નવતત્ત્વના જ્ઞાનના ૯=૩૬. પ્રતિરૂપાદિક ગુણ ૧૪+યતિધર્મ ૧૦+ભાવના ૧૨=૩૬. લબ્ધિ ૨૮+પ્રભાવકના ૮=૩૬. અભ્યંતર ગ્રન્થિ(મિથ્યાત્વ, ૪ કષાય ૯ નોકષાય) ૧૪+પરીસહના ૨૨=૩૬. યોગદૃષ્ટિ ૮+ બુદ્ધિગુણ ૮+અષ્ટવિધ કર્મનું જ્ઞાન ૮+સિદ્ધિ ૮+અનુયોગ ૪=૩૬. જ્ઞાનાચારાદિ ૫+ઈન્દ્રિયનિગ્રહ ૫+મહાવ્રત ૫+સમિતિ ૫+ગુપ્તિ ૩+કષાય ૪+શીલવાડ ૯=૩૬. ભિક્ષુ પ્રતિમા ૧૨+બાહ્યાભ્યંતર તપ ૧૨+ભાવના ૧૨=૩૬ વગેરે વગેરે.

પ્રતિરૂપાદિક ગુણોમાં સુરૂપ, તેજ, યુગપ્રધાનતા, બહુશ્રુતતા, મધુર વચન. ગાંભીર્ય, પરમ સંતુષ્ટતા, ઉપદેશકતા, અપરિશ્રાવિતા (અન્યના મર્મનું ગોપન), સૌમ્ય, ગચ્છોપધિ સંગ્રહ, અગમતા, અવિકત્થન (સ્વપ્રશંસા નહી), અચપલતા એમ ચૌદ ગુણ આવે.

## ચોથા પરમેષ્ઠી શ્રી ઉપાધ્યાયજી છે :-

ઉપાધ્યાયજી સાધુઓને સૂત્ર સિદ્ધાન્તોના પાઠક હોય છે. એમના પચીસ ગુણ કહેવાય છે. તે આ રીતે :- ૧૧ અંગ નામના આગમ + ૧૪ 'પૂર્વ' નામના મહાશાસ્ત્ર (અથવા ૧૨ ઉપાંગ+૧ ચરણસિત્તરી+૧ કરણસિત્તરી) (=૨૫)ના એ વાચક છે, એથી પચીસ ગુણોને ધરનારા કહેવાય છે. એમ તો પાંચ મહાવ્રતની પચીસ ભાવના, અથવા વંદનના પચીસ આવશ્યક, કે પચીસ ક્રિયા-આસ્ત્રવના ત્યાગ, અથવા બાવીશ પરીસહસહન અને ત્રણ ગુપ્તિપાલન મળીને પચીસ, ઈત્યાદિ ઈત્યાદિ લઈને પચીસ ગુણ થઈ શકે છે, પરંતુ તે તો સાધુમાં પણ હોય છે. બાકી ઉપાધ્યાય વર્તમાન કાળે અંગ, ઉપાંગ, પયન્ના, છેદસૂત્ર, મૂળસૂત્ર વગેરે સૂત્રોને

નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા સાથે ભણાવે છે. એ રીતે શ્રુતપ્રવાહને વહેતો રાખનાર હોઈ શ્રી જિન પ્રવચનના સ્તંભ છે. પત્થર જેવા અબૂઝ શિષ્યને પણ વિદ્યાથી પલ્લવિત કરતા હોઈ એ અજબ ઉપકારક છે. શાંતિ, સમતા અને ઉત્સાહથી શિષ્યોને તૈયાર કરતા હોઈ શ્રી સંઘના મહાન આધાર છે. એમની સુદૃષ્ટિ એવી છે કે ચ્હાય રાજાપણામાંથી આવેલ શિષ્ય હોય, કે રંકપણામાંથી, પરંતુ બંનેને નિષ્પક્ષપાત રીતે સૂત્રદાન કરે છે. સ્વયં અહોનિશ દ્વાદશાંગીના સ્વાધ્યાયમાં લીન રહે છે, ભવસાગરથી તરવા માટે એ અદ્‌ભુત નિર્યામક છે. પરવાદીરૂપી ઉન્મત્ત હાથીઓ માટે એ સિંહ સમા છે. ઉપાધ્યાયના બીજા નામ વાચક, પાઠક, સ્થવિર, કુત્રિકાપણ, આત્મપ્રવાદી વગેરે છે.

## પાંચમા પરમેષ્ઠી સાધુ :-

પાંચમા પરમેષ્ઠીપદે સાધુ મહર્ષિઓ બિરાજે છે. ગૃહસ્થપણાનો ત્યાગ કરી લોકસંજ્ઞા મૂકી સર્વ પાપ વ્યાપારોને પ્રતિજ્ઞાપૂર્વક છોડવારૂપ અલૌકિક સાધુતાને અંગીકાર કરનારા એ હોય છે. પાંચ મહાવ્રતની ભીષ્મ પ્રતિજ્ઞા સ્વીકારી એ સૂક્ષ્મ જીવની પણ હિંસા મનથી પણ જાતે કરતા નથી, બીજા પાસે કરાવતા નથી, અને કરનારને સારો માનતા નથી. એવી રીતે સૂક્ષ્મ પણ જૂઠ, ચોરી, વિષયસેવન કે પરિગ્રહધારણના એ નવ કોટિએ ત્યાગી હોય છે. નવકોટિ ત્યાગ એટલે મન, વચન કે કાયાએ, ન કરવું, ન કરાવવું કે ન અનુમોદવું. પહેલા વ્રતના શુદ્ધ પાલન માટે એ સ્વયં પચન-પચાવનના તો ત્યાગી હોય છે જ, પરંતુ સાધુ માટે બીજાએ રાંધ્યું હોય, તો એ પણ એ ત્યજે છે; અને ગૃહસ્થે સાધુના ઉદ્દેશ વિના પોતાના ઉદ્દેશે બનાવેલી વસ્તુમાંથી સાધુ થોડુંક જ લેતા ઘર ઘર ફરી માધુકરી વૃત્તિએ ભિક્ષા ગ્રહણ કરે છે. એમને ઘર, માલમિલકત, કુટુંબ વગેરે કાંઈ હોતું નથી. સ્ત્રીને તો એ અડતા પણ નથી. મસ્તકના તથા દાઢી-મૂછના કેશ પણ હાથે ચૂંટી કાઢે છે. ગાડી વગેરે વાહનમાં કદીય બેસતા નથી. કાચું પાણી, માટી, અગ્નિ, વનસ્પતિ વગેરેને સ્પર્શતા પણ નથી. જીવન આખુંય શાસ્ત્રાધ્યયન-ચિંતન-અધ્યાપન, ધ્યાન, ત્યાગ, તપસ્યા, ઇન્દ્રિયનિગ્રહ, મનશુદ્ધિ, ક્ષુધાતૃષામાનાપમાનાદિ પરીસહસહન વગેરેમાં પસાર કરે છે.

## સત્તાવીશ ગુણ સાધુના :-

સાધુના સત્તાવીસ ગુણ ગણાય છે. તે આ રીતે :- અહિંસાદિ પાંચ મહાવ્રત અને એક રાત્રિભોજન વિરમણ એમ વ્રત ૬ + પૃથ્વીકાયાદિ સંરક્ષણ ૬ + ઈન્દ્રિય-



નિગ્રહ ૫ + ભાવશુદ્ધિ ૧ + કષાયનિગ્રહ અને ક્ષમાદિ ૪ + અકુશલ મન-વચન-કાયાના નિરોધ ૩ + પરિસહસહન ૧ + ઉપસર્ગે પણ સમતા ૧=૨૭. અથવા, બાહ્ય આભ્યન્તર તપ ૧૨ + સુડતાલીસ દોષ રહિત આહાર ૧ + અતિક્રમાદિ દોષ ત્યાગ ૪ + દ્રવ્યાદિ અભિગ્રહ ૪ + વ્રત ૬=૨૭. વગેરે

**બાહ્ય તપમાં** અનશન, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ ને સંલીનતા એ છ આવે. **આભ્યન્તર તપમાં** પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ આવે. આહારના સુડતાલીસ **દોષમાં** ગૃહસ્થ થકી થયેલા ઉદ્‌ગમના દોષ ૧૬, સાધુએ લગાડેલા ઉત્પાદનના દોષ ૧૬, અને એષણાના દોષ ૧૦, એમ ગવેષણા-ગ્રહણૈષણાના દોષ ૪૨, તથા માંડલીના દોષ ૫ મળી કુલ ૪૭. **અતિક્રમાદિ** ચારમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર આવે. દ્રવ્યાદિ **અભિગ્રહમાં** દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ વિવિધ પ્રતિજ્ઞાઓ આવે.

## અનુમોદનીય સાધુતા

સાંસારિક સર્વ સંબંધો અને સર્વ પ્રવૃત્તિઓ ત્યજી દીધી હોવાથી, સાધુ આત્મપરિણતિને વિશુદ્ધ કરવાની પ્રવૃત્તિમાં જ મસ્ત રહે છે. બીજાઓ માટે પણ એ ભાવદયાના ભંડાર હોય છે. (કર્મના ક્રૂર સકંજામાંથી જીવો કેમ બચે ? એ માટે, તથા મોહની વૃત્તિ, વચન અને વર્તાવથી કેમ છૂટે એ માટેની દયા તે ભાવદયા.) વિષ, ગરલ અને સંમૂર્ચ્છિમ અનુષ્ઠાનને ત્યજી પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાનના ક્રમિક વિકાસને એ સાધનારા હોય છે. એ માટે તેર કાઠીઆને તજી, આર્ત અને રૌદ્ર ધ્યાનને પરિહરી, કૃષ્ણાદિ અશુભ લેશ્યાને નિવારી, ચાર સુખશય્યા, સાત ભય, આઠ મદ, નવ પાપનિદાન, સંક્લેશ વગેરેને તિલાંજલિ આપી સામાયિક, ભાવ સમાધિ, મૈત્ર્યાદિ ભાવના, આત્મતૃપ્તિ, ક્ષમાદિ ધર્મો વગેરેના અભ્યાસી બન્યા રહે છે. ઈચ્છાકાર, અપરાધનો મિથ્યાદુષ્કૃત, ગુરુવચન પર 'તથાસ્તુ' કરવું, વગેરે દશ પ્રકારની ચક્રવાલ સામાચારીનું નિત્ય પાલન કરે છે. ટૂંકમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપની ઉપાસનાનું જ જીવન સાધુ જીવે છે. સમ્યગ્દર્શન એટલે સર્વજ્ઞ વીતરાગ પ્રભુએ ભાખેલા તત્ત્વોની શ્રદ્ધા સાથે મોક્ષનો ઐકાન્તિક રાગ. પંચ મહાવ્રત એ નિવૃત્તિ-માર્ગ અને પંચાચારનું પાલન એ સાધુને પ્રવૃત્તિ-માર્ગ છે.

ગૃહસ્થને સમ્યક્ત્વમૂલક બાર વ્રતરૂપ શ્રાવક ધર્મની જેમ સાધુને દશ પ્રકારે યતિધર્મ પાળવાનો હોય છે. તે આ :- ક્ષમા, મૃદુતા, ઋજુતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ (મનની પવિત્રતા), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. સાધુના બીજા

નામ મુનિ, યતિ, યોગી, ભિક્ષુ, માહણ, નિર્ગ્રન્થ, મહાવ્રતી, સંન્યાસી, વાચંયમ, મોહજયી, અકિંચન, શ્રમણ ક્ષમાશ્રમણ, દીક્ષિત, પ્રવ્રજિત વગેરે છે.

## નમસ્કારની ધારણા :-

ધ્યાન કરવા માટે હૃદયના મધ્યમાં ઉઘડેલા સફેદ કમળની મધ્ય કર્ણિકામાં આઠપ્રાતિહાર્યથી અલંકૃત શ્રી અરિહંતપ્રભુ, દિશાની ચાર પાંખડીમાં બાકીના ચાર પરમેષ્ઠી, અને વિદિશા(ખૂણા)ની ચાર પાંખડીમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ અથવા નમસ્કારની ચૂલિકાના છેલ્લા ચાર પદ ધારી શકાય. અથવા નવકાર મંત્રના જાપ કે સ્મરણ વખતે આંખ સામે જાણે સમવસરણ છે, એમાં મધ્યમાં ચતુર્મુખ અરિહંત પરમાત્મા છે. એમના મસ્તક ઉપર ઊંચે સિદ્ધશિલાના મથાળે સિદ્ધ ભગવાનની જ્યોતિ ઝગમગે છે. અરિહંત દેવના ચરણ આગળ જમણી બાજુએ આચાર્ય (ગણધર મહારાજ), ઉપાધ્યાય અને સાધુ ભગવંતો એક એકની પાછળ બિરાજે છે, એમ ૐરૂપે ધારણા કરી શકાય. વળી એ બધાને એમના ખાસ ખાસ સ્વરૂપમાં જોઈ શકાય. દા.ત.શ્રી અરિહંત પ્રભુ એ કોઈ ઉપદ્રવકારી શત્રુ કે ભક્તિશીલ ભક્ત ઉપર સમભાવ દાખવી રહ્યા છે, અથવા ભવ્ય જીવોના સંવેગ, વિરાગ, સમ્યક્ત્વ, વિરતિ વગેરેની વાડી માટે વાણીની નીક વહેવડાવી રહ્યા છે. એમ જ સિદ્ધ ભગવાનરૂપી અરીસામાં સમસ્ત જગત્ પ્રતિબિંબિત થઈ રહ્યું છે. ત્યાં અરીસાની જેમ સિદ્ધ ભગવાનને કાંઈ જ ઈષ્ટ કે અનિષ્ટ નથી, રાજીપો કે નારાજી નથી. તેમજ આચાર્ય ભગવાનમાં શ્રીવાદીદેવસૂરિજી જેવા આચાર્ય કોઈ કુવાદીને વાદમાં જીતી રહ્યા છે. અથવા શ્રી વિજયહીરસૂરિજી જેવા આચાર્ય મુસ્લીમ બાદશાહને પ્રતિબોધી શાસનપ્રભાવના કરી રહ્યા છે. ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજી જેવા મહર્ષિ અદ્ભુત શાસ્ત્રરચના અને શિષ્યોને ભણાવવાનું કરી રહ્યા છે. ત્યારે સાધુ ભગવંતમાં સુકોમળ અને સુખોચિત શ્રી શાલિભદ્ર અને ધન્નાજી જેવા મુનિરત્નો ઘોર તપસ્યાથી સુક્કા અને લુખ્ખા બનેલા કાઉસ્સગ્ગ ધ્યાને રહી અનશન આદરી રહેલા છે. અથવા, શ્રી ગજસુકુમાર મહામુનિ જેવા શિર ઉપર ધીખતા અંગારા પ્રસન્નચિત્તે અને સમભાવે વેઠી રહ્યા છે. એમ જોતાં એમની સુંદર અનુમોદના કરતાં કરતાં આપણે એમના પરની ઉછળતી ભક્તિ અને સ્વકીય પાપના પશ્ચાત્તાપથી ભરેલા હૃદય તથા અશ્રુભીની આંખે નમ્રતાથી એ પાંચે પરમેષ્ઠીને નમન કરી રહ્યા છીએ, એ પ્રમાણે ચિંતવવાનું.



## નમસ્કારના છેલ્લા ચાર પદો :-

હવે અહીં નમસ્કાર મંત્રના છેલ્લા ચાર પદોથી એમ વિચારવાનું કે "આ પાંચેને કરેલો મારો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનારો છે. એથી પાપના અભાવે હવે ભવિષ્યમાં દુઃખ, દુર્ગતિ વગેરે કાંઈ જ રહેવાનું નથી. વર્તમાન કાળમાં પણ જે પાપ ઉદયમાં છે તે પણ અંતિમ વિદાય લઈ રહ્યા છે. તેથી, જેમ ચમત્કારિક ઔષધથી કોઈ અસાધ્ય જેવો દીર્ઘકાળનો મહારોગ છેવટની વિદાય લઈ રહ્યો હોય ત્યારે દુઃખ કરવાનું હોતું નથી, તેમ અહીં શું દુઃખ કરવાનું ? વળી જગતના બીજા મંગળોને મંગળભૂત બનાવનાર આ પંચપરમેષ્ઠી નમસ્કાર છે. એટલે એના વિના બીજા મંગળો કિંમતી નથી. મરણ-સમયે પણ આ પરમેષ્ઠી નમસ્કાર કરનાર જીવો મંગળમય સદ્ગતિ પામે છે. તેમજ વર્તમાન કાળે પણ આ નમસ્કારના પ્રભાવે પાકીસ્તાનીના ભયંકર ઉપદ્રવો દૂર થઈ ગયાના તથા સમુદ્રમાં ડગમગતા વહાણ નિર્વિઘ્નપણે ઠેકાણે આવ્યા વગેરેના દાખલા છે. વળી આધ્યાત્મિક પ્રગતિને અવરોધનાર આંતર મોહ વગેરે વિઘ્નો આ નમસ્કારથી નષ્ટ થઈ જાય છે. મારું અહોભાગ્ય છે કે આવો મહાફલદાયી અને મહાપ્રભાવશાળી નમસ્કાર મહામંત્ર મને મળ્યો !" ઈત્યાદિ ચિંતવતાં નમસ્કાર મંત્ર પર અદ્ભુત શ્રદ્ધાબળ વધતું જાય છે.

## નમસ્કાર મહામંત્રમાં અજબ ખજાનો :-

નમસ્કાર મહામંત્રનું ઉપર મુજબ આલેખેલું બહુ જ ઓછું સ્વરૂપ પણ આપણને ઘણી ઘણી વાતો શીખવી જાય છે. આ પંચપરમેષ્ઠીમાં કોઈનો પણ વ્યક્તિગત ઉલ્લેખ નથી, પરંતુ તે તે ગુણીનો નિર્દેશ છે. શ્રી જિનશાસનની આ સર્વમાન્ય નિષ્પક્ષપાત પ્રરૂપણા છે. જગતમાં સાચા પૂજ્ય, સાચા ધ્યેય અને સાચા શરણ્ય કોઈ હોઈ શકે, એનો આમાં નિર્દેશ છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં એવું જ આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનું માર્ગદર્શન છે. તેમજ એમાં તૃષ્ણા અને કષાયોથી બળી રહેલા હૃદયો માટે એના દાહ મીટાવવાના શીતળ ચંદનના લેપ છે. એમાં હતાશ બનેલાને અદ્ભુત આશ્વાસન છે. અજ્ઞાન ને મોહના વિષથી મરેલાને એમાંથી અમૃતના સિંચન મળે છે. તથા ઉચ્ચ કોટિના તત્ત્વજ્ઞાનનું એમાં છૂપું દિગ્દર્શન છે. કહો કે નમસ્કાર મહામંત્ર એ સર્વોચ્ચ ગુણો અને સર્વશ્રેષ્ઠ પદાર્થોની ખાણ છે, ઉચ્ચ પ્રકાશના પંથનો પ્રદર્શક છે, અનુપમ આલંબનોનું કેન્દ્ર છે.

નમસ્કાર એ એક પ્રકારનો વિનય છે; અને વિનય એ ધર્મનું મૂળ હોવાથી,

ધર્મવૃક્ષનો મહાન આધાર છે. 'નમો'થી નમસ્કારની સમ્યક્ ક્રિયા, અને 'અરિહંતાણ' થી અરિહંતનું સમ્યગ્જ્ઞાન, અથવા, 'નમો'થી સમ્યગ્જ્ઞાનક્રિયા, અને અરિહંતાણંથી એનો સર્વોત્તમ વિષય, -એમ જ્ઞાન અને ક્રિયારૂપી મોક્ષના બે અનન્ય ઉપાય સધાય છે. એટલે કે નમસ્કાર મહામંત્ર એ મોક્ષનો અદ્ભુત ઉપાય છે.

બીજી રીતે, પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવારૂપી પરમ મંગળમય ક્રિયાથી આત્મામાં પ્રશસ્ત કોટિના શુભ અધ્યવસાય (વિચારણા) પ્રગટે છે. એથી મહાન અંતરાયો તૂટે છે, ને જ્ઞાનાવરણીયાદિ કર્મના બંધનો કપાય છે. તેથી નમસ્કાર મહામંત્ર એ ઈષ્ટ વસ્તુનો સાધક અને અંતરાયનો નિવારક ગણાય છે. એમાંથી આત્મા અને મન પવિત્ર બને છે. પરમ પવિત્ર વસ્તુના આલંબને એ પવિત્ર કેમ ન થાય ?

નમસ્કાર મહામંત્રમાં દર્શાવેલ પંચપરમેષ્ઠીના સ્વરૂપનું જ્ઞાન અપૂર્વ અધ્યાત્મ-ભાવનું પોષક બને એવો નિર્મલ બોધ કરાવે છે. પંચ પરમેષ્ઠીમાં વિવિધ શ્રેષ્ઠતાઓની અંતિમ કક્ષા છે; માટે જ પરમાર્થથી એ ધ્યેય છે, પૂજ્ય છે, ઉપાસ્ય છે, આદેય છે.

## નમસ્કાર સૂત્ર એ મહામંત્ર શાથી ?

નમસ્કાર સૂત્ર એ મહામંત્ર છે; કેમકે અન્ય મંત્રોથી થતી ઈષ્ટસિદ્ધિ કરતા ઘણી ઊંચી ઈષ્ટસિદ્ધિ આ મહામંત્રથી થાય છે. મોક્ષનું અનંત સુખ આ મહામંત્ર અપાવે છે. જીવનના અંતકાલે પણ આ મહામંત્રનું આલંબન કરવાથી જીવનભરનો પાપી પણ આત્મા એક વાર તો સદ્ગતિ પામે છે. વર્તમાનમાં પણ પાકીસ્તાની હુલ્લડ, શિકારી પશુ, વગેરેના વિકટ વિઘ્નોમાંથી આ મહામંત્રે પાર ઉતાર્યાના દાખલા મોજૂદ છે, એ પૂર્વે જણાવ્યું છે.

## મહામંત્ર અને જાપ

પૂર્વે કહ્યા મુજબ હૃદય વિષે સફેદ કમલમાં નમસ્કાર મહામંત્રના નવ પદનું ચિંતન એક સો આઠ વાર કરનારા મુનિ રોજ ખાતાં છતાં ઉપવાસનું ફળ મેળવે છે. આ રીતે ગણી ન શકાય તો, નમસ્કાર મંત્રનો કરજાપ અર્થાત્ હાથની આંગળીના વેઢા પર નંદાવર્ત કે શંખાવર્ત વગેરેના આકારે જાપ કરવાથી પણ બહુ ફળ થાય છે. પિશાચાદિ છળી શકતા નથી. બંધન વગેરે કષ્ટમાં વિપરીત શંખાવર્તાદિએ વિપરીત અક્ષરો કે પદોથી નમસ્કાર મંત્રનો લાખ વાર જાપ જપે તો તરત કલેશ દૂર થાય છે. જો કે, સમ્યગ્દષ્ટિ આત્માએ મુખ્યરીતે તો કર્મક્ષય માટે જ નમસ્કાર મંત્ર ગણવો, એમ કહ્યું છે; તો પણ ક્યાંક તેને દ્રવ્યક્ષેત્રાદિ સામગ્રી વિશે ઐહિકાદિ કાર્યમાં મહામંત્રનું સ્મરણ ઉપકારી છે, એમ શાસ્ત્રમાં ફરમાવેલું દેખાય છે. દા.ત.



યોગશાસ્ત્રમાં કહ્યું છે કે સ્તમ્ભનમાં પીળું, વશ કરવા યોગ્યમાં લાલ, ક્ષોભ પમાડવામાં પરવાળા જેવું, દુશ્મનાવટમાં કાળું અને કર્મક્ષયમાં ચંદ્રની કાન્તિ જેવું ધ્યાવવું. કરજાપ ન બને તો, રત્નાદિની માળાને વસ્ત્ર કે પગને ન અડે તેમ હૃદયની સમશ્રેણિમાં રાખી, તે વડે મેર ન ઓળંગવા વગેરેની વિધિ સાચવીને કરવો. કહ્યું છે કે "અંગુલિના ટેરવાથી, કે મેરને ઓળંગીને, કે વ્યગ્રચિત્તે, કરેલો જાપ અલ્પફળવાળો બને છે. વસ્તી કરતાં એકાંતમાં જાપ સારો, શબ્દના ઉચ્ચારણ કરતાં મૌન જાપ સારો, અને મૌન કરજાપાદિ કરતાં માનસ જાપ (ચિંતનરૂપ) સારો." શ્રી પાદલિપ્તસૂરિજીએ પ્રતિષ્ઠા પદ્ધતિમાં કહ્યું છે, કે જાપ માનસ, ઉપાંશુ અને ભાષ્ય એમ ત્રણ ભેદે છે. માનસ એટલે મન માત્રમાં સ્વસંવેદનરૂપ ધ્યાન; ઉપાંશુ એટલે બીજા ન સાંભળે તેમ અંતરમાં સંકલ્પરૂપ જાપ; અને ભાષ્ય એટલે બીજા સાંભળી શકે તેવો જાપ. આ ત્રણને ક્રમસર ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ સિદ્ધિમાં અર્થાત્ શાંતિ કાર્યો, પુષ્ટિ કાર્યો અને અભિચાર કાર્યો વિષે યોજાય છે. વળી કહ્યું છે કે, ઐહિક ફળની ઈચ્છાવાળાએ પ્રણવ (ૐકાર) સહિત આ મહામંત્રનું ધ્યાન કરવું, અને મોક્ષ પદની ઈચ્છાવાળાએ પ્રણવરહિત મંત્રનું ધ્યાન કરવું. જાપાદિનું મહાન ફળ બતાવતાં કહ્યું છે કે, -'ક્રોડ પૂજા સમાન એક સ્તોત્ર છે, અને ક્રોડ સ્તોત્ર સમાન જાપ છે તથા ક્રોડ જાપ સમાન ધ્યાન છે, અને ક્રોડ ધ્યાન સમાન લય છે.'

મહાનિશીથ નામના આગમમાં કહ્યું છે કે "નમસ્કાર મંત્રના ભાવસહિત ચિંતનથી ચોર, જંગલી પશુ, સર્પ, પાણી, અગ્નિ, બંધન, રાક્ષસ, યુદ્ધ, રાજા વગેરેના ભયો નષ્ટ થઈ જાય છે." બીજે કહ્યું છે કે "જન્મતાં અને જીવતાં પણ નમસ્કાર મંત્ર સ્મરવાથી સદ્ગતિ મળે છે. આપત્તિમાં સ્મરવાથી આપત્તિ ટળે છે, અને સંપત્તિમાં સ્મરવાથી સંપત્તિ વધે છે. નમસ્કાર મંત્રના એક અક્ષરથી સાત સાગરોપમના પાપ ખપે છે, એક પદથી પચાસ સાગરોપમના અને સંપૂર્ણ નવે પદથી પાંચસો સાગરોપમના પાપ ખપે છે. જે એક લાખ નમસ્કાર ગણે છે અને વિધિપૂર્વક પૂજે છે, તે તીર્થંકર નામ-ગોત્રનું પુણ્ય ઉપાર્જે છે, એમાં સંદેહ નથી. આઠ ક્રોડ આઠ લાખ આઠ હજાર આઠસો આઠ (૮,૦૮,૦૮,૮૦૮) નવકાર ગણનારો ત્રીજે ભવે મોક્ષપદ મેળવે છે."

## નમસ્કાર મહામંત્રના પદ નવ, પણ પાંચ નહિ.

કેટલાકો માત્ર પાંચ પરમેષ્ઠીને નમસ્કારના પાંચ પદોનો જ નમસ્કાર મંત્ર માને છે. તો તેઓ બાકીના ચાર પદ એમાં કેમ માનતા નથી ? એના ઉત્તરમાં એ

કહે છે કે- 'નમસ્કાર કરનારો આ મારો નમસ્કાર આવો ઊંચો છે, એમ શું પોતાની જાતે જ પોતાની પ્રશંસા કરે ?' પરંતુ આ કથન યોગ્ય નથી. કેમ કે પૂર્વે ચાર પદોનો ભાવ બતાવતાં કહ્યું છે કે-આ પદોમાંથી તો પોતે નમસ્કાર પર અપૂર્વ શ્રદ્ધાબળ મેળવે છે. જાતની પ્રશંસા નહી, કિન્તુ બીજી ક્રિયાઓની અપેક્ષાએ પરમેષ્ઠી-ને કરાતી નમનક્રિયાની વિશિષ્ટતા એ ગાય છે. વળી આ ચાર પદો ચૂલિકા પદો હોવાથી પર્વતની અંદર શિખરની જેમ એ મૂળસૂત્રની અંદર જ સમાવિષ્ટ છે. તેમજ મંત્રનું સ્વરૂપ સમજનાર જાણે છે કે મંત્રમાં બીજ અને પરિકર બંને આવે છે. પરિકર વિનાનો એકલો બીજાક્ષર એ મંત્રનો પૂર્ણ દેહ નથી.

## વિદ્યામંત્ર અને નમસ્કાર

આર્ય દેશમાં મંત્રશાસ્ત્ર અને વિદ્યાશાસ્ત્ર તત્ત્વજ્ઞાનના યુગ જેટલા પ્રાચીન છે. આના સમર્થનમાં જૈન શાસ્ત્રોના હિસાબે આ અવસર્પિણી કાળમાં આજથી અસંખ્ય વર્ષો પૂર્વે થયેલ પ્રથમ તીર્થંકર પ્રભુશ્રી ઋષભદેવસ્વામીને પોતાના પ્રથમ ગણધર શિષ્યશ્રી પુંડરીકસ્વામીને આપેલા સૂરિમંત્રને મૂકી શકાય. તેમજ ત્યાં જ પ્રભુએ આપેલી ત્રિપદી પરથી શ્રી પુંડરીકસ્વામીએ રચેલી દ્વાદશાંગી પૈકી બારમા દૃષ્ટિવાદ સૂત્રનો એક વિભાગ, જે ચૌદ પૂર્વો તેમાંના દશમા વિદ્યાપ્રવાદ પૂર્વને પણ વિદ્યા અને મંત્રની અતિ પ્રાચીનતાનો પુરાવો કહી શકાય.

શ્રી કલ્પસૂત્ર નામના જિનાગમમાં શ્રી ઋષભદેવસ્વામીના સ્વકીય શિષ્યો પૈકી ૪૭૫૦ શિષ્યો ચૌદ પૂર્વોના જ્ઞાતા તથા ૨૦૬૦૦ વૈક્રિયલબ્ધિધર હોવાનો એટલે કે અન્ય શરીર વિકુર્વવાની વિદ્યા જાણતા હોવાનો ઉલ્લેખ છે. ચૌદ પૂર્વોમાં વિદ્યા અને મંત્રોના અધિકારવાળું દશમું પર્વ એ જાણતા એમ સાબિત થાય છે. એમાંની જ કોઈ વિદ્યાના બળે શ્રી સ્થૂલભદ્રસ્વામીએ વંદન કરવા આવેલી પોતાની ભગિની સાધ્વીઓને બતાવવા સિંહનું રૂપ વિકુર્વ્યું હતું. વળી શ્રી ઋષભદેવસ્વામીના જ સમયમાં નમિ-વિનમિ જે ત્યાગી-વિરાગી પ્રભુને રાજ્યાદિ આપવા માટે વિનંતી કરતા હતા, તેમણે ધરણેન્દ્રે ૪૮૦૦૦ વિદ્યાઓ આપ્યાનો ઉલ્લેખ શ્રી **આવશ્યક**માં છે. **શ્રી ભગવતીજીસૂત્ર**માં વિદ્યાચારણ અને જંઘાચારણ મુનિઓ આકાશગમનથી નંદીશ્વરતીર્થની યાત્રા કરવાનો અધિકાર છે. તેમજ શ્રી મહાવીરસ્વામી પર પોતે જ ગોશાળાને શીખવેલી તેજોલેશ્યાની વિદ્યા ગોશાળાએ મૂક્યાનું આવે છે. ચૌદપૂર્વી શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલા **શ્રી નિશીથ** નામના છેદસૂત્રમાં વિદ્યામંત્રને લગતું કથન છે. તથા એમનું રચેલું **'ઉવસગ્ગહર'** સ્તોત્ર અમુક લુપ્ત ભાગ સાથે પૂર્વે, મંત્રવિદ્યાનું કાર્ય કરતું હતું, એમના બળે સ્વર્ગીય દેવ હાજર થતા. વળી એમણે જ રચેલ **પિંડનિર્યુક્તિ** શાસ્ત્રમાં સાધુને વિદ્યાપિંડ, મંત્રપિંડ લેવાનો નિષેધ કરેલો છે, એ વિદ્યામંત્રનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. **શ્રી આવશ્યક સૂત્ર** અંતર્ગત **શ્રી પાક્ષિકસૂત્રમાં** લીધેલા આગમનામો પૈકી અરુણોવવાય, વરુણોવવાય વગેરે નામો છે, તે સૂચવે છે કે-અરુણ, વરુણાદિ દેવને હાજર કરનારા એ વિદ્યાશાસ્ત્રો છે. તેમજ ઉત્થાનસૂત્ર-સમુત્થાનસૂત્ર એવા વિદ્યાશાસ્ત્રો છે કે જેનો બળે મોટા સૈન્યાદિના પ્રાદુર્ભાવ અને તિરોભાવ સર્જી શકાય. **અંતગડદશાંગ**માં સુલસાને હરિણગમેષી દેવની ભક્ત કહી છે, જે વિદ્યાબળ સિદ્ધ કરે છે. ભાષ્યકાર, તરીકે પ્રસિદ્ધ શ્રી **સંઘદાસ ગણીના** રચેલા **વસુદેવહિંડી** નામના ચરિત્ર ગ્રંથમાં રોહિણી દેવતાને સદા પૂજવાનો, તથા પ્રદ્યુમ્નને પ્રજ્ઞપ્તિ દેવીની સહાય હોવાનો ઉલ્લેખ છે. આ બંન્નેય સોળ વિદ્યાદેવી પૈકીની દેવીઓ છે. કલ્પસૂત્ર સામાચારીમાં શ્રી આર્યસુહસ્તિના શિષ્ય સુસ્થિતને કોટિક તરીકે કહ્યા છે, જે થકી કોટિક ગણ નીકળ્યો. કોટિક એટલે એક ક્રોડવાર સૂરિમંત્રનો જાપ કરનારા એવો અર્થ કર્યો છે. એ પણ મંત્ર-સત્તા સિદ્ધ કરે છે. શ્રી મહાવીરસ્વામીના સમકાલીન **રત્નપ્રભાચાર્ય** આકાશગામિની વિદ્યા, બહુરૂપિણી વિદ્યા વગેરે જાણતા અને નવું રૂપ કરીને ઓશિયા તથા કોરંટકના મંદિરોમાં એક જ મુહૂર્તે એમણે પ્રતિષ્ઠા કરી હતી; એ વિદ્યા-મંત્રમાં પ્રમાણ છે. બાકી વિદ્યામંત્રોના જાણકાર અને ઉપયોગ કરનાર તરીકે શ્રી સિદ્ધસેનદિવાકર, સૂરિશ્રી પ્રિયગ્રંથ, શ્રી કાલકાચાર્ય (ગર્દભીલ્લ રાજાનો નિગ્રહ કરનાર), શ્રી રેવતીમિત્ર વિદ્યાધરચક્રવર્તી, આર્યવજ્રસ્વામી, શ્રી પાદલિપ્તાચાર્ય, શ્રી માનદેવસૂરિ, શ્રી માનતુંગાચાર્ય, વગેરેના ઐતિહાસિક પ્રસંગો પરથી વિદ્યાઓ અને મંત્રો કાલ્પનિક નહિ પણ વાસ્તવિક હોવાનું સાબિત થાય છે. વળી વિદ્યાઓ અને મંત્રો અતિપ્રાચીન હોવાનું જૈનેતર શાસ્ત્રોથી પણ સિદ્ધ છે. દા.ત. વેદમાં મંત્રો ઘણા વર્ણવેલા છે. શાક્ત સંપ્રદાયના શક્તિગ્રંથો મંત્રોનું પ્રતિપાદન કરે છે. તંત્ર ગ્રંથોમાં પણ મંત્રોનો ઉલ્લેખ છે.

જેની અધિષ્ઠાયક સ્ત્રી દેવતા હોય તેને વિદ્યા, અને અધિષ્ઠાયક પુરુષ દેવતા હોય, તેને મંત્ર કહે છે. અથવા વિદ્યાઓ કષ્ટમય સાધનાથી સિદ્ધ કરવાની હોય છે, અને મંત્રો પાઠ સિદ્ધ હોય છે. પરંતુ આ એકાન્ત નથી. જેમકે સરસ્વતીના મંત્રોની અધિષ્ઠાયક સ્ત્રી દેવતા છે. તેમજ તેની તથા બીજા પણ સૂરિમંત્ર વગેરેની, મંત્ર છતાં, કષ્ટમય સાધના કરવી પડે છે. એટલું ખરું કે કેટલાક વિદ્યામંત્રો પૌદ્ગલિક આશયના પૂરક હોય છે, જ્યારે કેટલાક આધ્યાત્મિક આશયમાં સહાયક હોય છે. જૈન દર્શનમાં પૌદ્ગલિક આશયને મહત્ત્વ આપવામાં આવ્યું નથી, છતાં કોઈ તેવા કટોકટીના અવસરે મંત્રદ્વારા પૌદ્ગલિક હેતુ સિદ્ધ કર્યાના અનેક દાખલા

છે. આધ્યાત્મિક પુરુષોએ પણ વિદ્યામંત્ર દ્વારા પૌદ્ગલિક ચમત્કાર દેખાડ્યાનું અનેક ગ્રંથોમાં સુપ્રસિદ્ધ છે, પણ તે જૈન શાસનની પ્રભાવના અર્થે, કે કોઈ રાજા વગેરેની ધર્મશ્રદ્ધા મજબૂત કરવા, અથવા શાસન કે સંઘ પરની આપત્તિ ટાળવા, કે કોઈ તેવા માંત્રિક કુવાદીનો નિગ્રહ કરવા ઈત્યાદિ અર્થે. દા.ત. વીસમાં તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનમાં પદ્મોત્તર ચક્રવર્તીના નમુચિ મંત્રીનો વિષ્ણુકુમાર મુનિએ લાખ જોજનની કાયાથી નિગ્રહ કર્યો, શ્રી હેમચંદ્રસૂરિજીએ કુમારપાળને, તેમજ શ્રી હીરસૂરિજીના શિષ્ય ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્રજી વગેરેએ અકબર બાદશાહને ચમત્કાર બતાવ્યા. આર્યરોહગુપ્તે વાદીની વિદ્યા સામે મંત્રબળે વિજય મેળવ્યો. આર્યવજસ્વામીએ વિદ્યાબળે બૌદ્ધ રાજ્યમાં દેવસહાયથી પુષ્પો હાજર કરી શાસનપ્રભાવના કરી અને અનેકને જૈનત્વની પ્રાપ્તિ કરાવી.

આ રીતે વિદ્યામંત્રની અતિ પ્રાચીનતા અને ચમત્કારિક ઈષ્ટસાધકતા પ્રમાણ-સિદ્ધ છે. એ સર્વ મંત્રોમાં શ્રી નમસ્કાર મહામંત્ર શિરોમણિભૂત છે. એના અનેક કારણો કહી શકાય. જેમકે (૧) ખુદ એ મંત્રની ચૂલિકામાં જ 'પઢમં હવઈ મંગલ કહ્યું છે. (૨) એમાંના પંચ પરમેષ્ઠી-નમસ્કારના અક્ષરોને સૂરિમંત્ર-વર્ધમાન વિદ્યા વગેરે અનેક વિદ્યામંત્રોમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. (૩) કષ્ટમય કે દીર્ઘ-સાધના કર્યા વિના પણ નમસ્કાર મહામંત્રના પ્રભાવથી અતિઆશ્ચર્ય પ્રદ અને કલ્પનાતીત મહાન કાર્યસિદ્ધિઓ અનેક સામાન્ય તિર્યંચ કે મનુષ્યને પણ થઈ છે. સમળીવિહાર નામનું મહાન દેરાસર બંધાવનાર રાજકુમારી પૂર્વ જીવનમાં સમળી-પણામાં પારધીના બાણે મરતી વેળા મુનિ પાસેથી નમસ્કાર મહામંત્ર પામી હતી, અને એના પ્રભાવે રાજકુમારી થઈ હતી. તેમ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પાસેથી સર્પ મરતાં નમસ્કાર મંત્ર પામી ધરણેન્દ્ર બન્યો હતો. જૈન રામાયણમાં એક પ્રસંગમાં બળદ મરતાં નમસ્કાર મંત્ર પામી રાજકુમાર બન્યાનું આવે છે. જંગલમાં ભીલ ભીલડી નમસ્કાર મહામંત્રના સ્મરણના પ્રભાવે રાજા રાણી બન્યા હતા. વર્તમાન કાળમાં બનેલા પ્રભાવનો પૂર્વે ઉલ્લેખ કર્યો છે. (૪) વિદ્યામંત્રોના પારંગત ચૌદપૂર્વી પણ અંતે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરે છે. (૫) સામાન્યથી મહામંત્ર વિદ્યાઓથી અધ્યાત્મીએ દૂર રહેવાનું છે, છતાં નમસ્કાર મહામંત્રને તો ખાસ જીવનમાં ઓતપ્રોત કરવાનો છે. (૬) નમસ્કાર મહામંત્રના પુષ્કળ કલ્પો છે, જેની સાધનાના વિવિધ અનેક ફળો એવા બતાવ્યા છે, કે સર્વ પ્રકારના ઈષ્ટ તથા ઈચ્છિતો માટે આ જ મહામંત્ર બસ છે, એમ કહી શકાય. શ્રી મહાનિશીથ સૂત્રમાં આ મહામંત્રનું ખાસ વિધાન હોવા સાથે પૂર્વે આના પર વિસ્તૃત ભાષ્ય, ચૂર્ણિ વગેરે હોવાનો ઉલ્લેખ છે.



(૭) નમસ્કાર મહામંત્રના પ્રથમપદે શ્રી અરિહંત પરમેષ્ઠીના વાચક, અને સિદ્ધચક્રનો બીજમંત્ર **'अर्हं,'** એનું એકલાનું પણ પ્રણિધાન સકલ વિઘ્નનિવારક અને સર્વ દૃષ્ટ-અદૃષ્ટ ફલ સાધક છે, એવું કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરિજી** મહારાજે સ્વોપજ્ઞ શ્રી સિદ્ધહેમવ્યાકરણની બૃહદ્વૃત્તિમાં કહ્યું છે. ત્યાં જ મંત્રનું પ્રણિધાન સંભેદ-અભેદ બંને રીતે વિહિત કર્યું છે. **સંભેદ** એટલે, અર્હંકાર સાથે ધ્યાતાનો અત્યંત નિકટ સંબંધ. અર્થાત્ બીજ અક્ષરની મધ્યમાં ચિન્તનરૂપે પોતાના ધ્યાતા આત્માને એ રીતે સ્થાપવો, કે જેથી ધ્યેય જે મંત્ર અને ધ્યાતા જે પોતાનો આત્મા, એ બેનો સર્વ બાજુથી ગાઢ સંબંધ થાય. આ **સંભેદ પ્રણિધાન** થયું. **અભેદપ્રણિધાન** એટલે અર્હંપદથી વાચ્ય જે અરિહંત પરમેષ્ઠી, એમની સાથે ધ્યાતા સૂર્યથી લોકાલોકના સકલ પદાર્થનો પ્રકાશ ધરનારા, ૩૪ અતિશયથી પ્રસિદ્ધ મહિમાવાળા, આઠ પ્રાતિહાર્યથી વિભૂષિત, ધ્યાનાગ્નિથી કર્મવનને બાળી ચૂકેલા, જ્યોતિસ્વરૂપ એવા પ્રથમ પરમેષ્ઠી શ્રી અર્હત્-ભટ્ટારકને ચિંતનમાં પોતાના આત્મા સાથે અભિન્નભાવે યોજીને (એટલે કે જાણે પોતે જ એવા સ્વરૂપવાળો બન્યો છે, એવી આત્મભાવના કરી, અર્થાત્ એવું આંતર સંવેદન કરીને) થતી સર્વ પ્રકારે ધ્યાનમય દશાને અભેદ પ્રણિધાન કહે છે. કહ્યું પણ છે કે **'स्वयं देवो भूत्वा देवं ध्यायेत्'** સ્વયં ઈષ્ટદેવરૂપ બની ઈષ્ટદેવનું ધ્યાન કરવું' આ પ્રણિધાન અવશ્ય અદ્ભુત લાભદાયી છે.

ઉપસંહારમાં જણાવવાનું કે પ્રકાશક તરફથી સાગ્રહ વિનંતી થતાં શ્રી નમસ્કાર મહામંત્રનું અતિસંક્ષિપ્ત સ્વરૂપ લખવામાં આવ્યું છે; એમાંના કેટલાક પદેપદ ઉપર વિસ્તૃત વિવેચન, કેટલાક વિષયને સંગત દાર્શનિક ચર્ચાઓ, ધારણા અંગે કેટલીક મનોરમ પ્રવૃત્તિઓ વગેરે આલેખવા જરૂરી છતાં સ્થળસંકોચે અહીં આલેખી શકાયું નથી; તે અવસરે આલેખવાની મંગલમય અભિલાષા સાથે પ્રસ્તુત લેખમાં અજ્ઞાન પ્રમાદવશ જે કાંઈ શાસ્ત્રવિરુદ્ધ લખાયું હોય, તેનો મિથ્યાદુષ્કૃત દઈ વિરમું છું.

• • •

# શ્રી તત્ત્વાર્થાધિગમ શાસ્ત્ર

## પ્રાક્કથન

**શ્રી તત્ત્વાર્થાધિગમ શાસ્ત્ર** રૂપી સૂર્યમાંથી પ્રગટેલ અતિસંક્ષિપ્ત સૂચક સમજુતી-અર્થને અહીં શ્રી **'તત્ત્વાર્થ-ઉષા'** એ ઉપનામ આપ્યું છે.

શ્રી તત્ત્વાર્થ શાસ્ત્ર એટલે પાતાલકૂપસમાં 'પૂર્વો' અને પ્રમાણ નય-ભંગી આદિ મહારત્નોથી અલંકૃત શ્રી જૈન શ્રુતસાગરને અવગાહવા માટેનો જાણે એક આરો. એમાં ઉતરવાથી વિશ્વના તત્ત્વોનો વિપુલ બોધ થવા સાથે જીવનનો ઉત્તમ કર્તવ્ય-માર્ગ સૂઝે છે.

આ શાસ્ત્રમાં મુખ્ય અભિધેય સમ્યગ્દર્શન, જ્ઞાન, જીવ-અજીવ-વગેરે તત્ત્વો અને ચારિત્ર છે. પ્રમાણ અને પ્રમેય ઉભયનો પ્રતિપાદક આ ગ્રંથ ખરેખર ! સંક્ષેપમાં શ્રી જૈન દર્શનના મૌલિક વાચ્યોનો સંગ્રહ-ગ્રંથ છે. આ અને આવા બીજા ગ્રંથો ગ્રંથકારને હૈમવ્યાકરણ જેવામાં ઉત્કૃષ્ટ સંગ્રહકાર તરીકેની ખ્યાતિ અર્પે છે. આ શાસ્ત્રનું વિશેષ વિષયદર્શન આની સાથેની વિષય-નોંધમાંથી થઈ શકશે.

મહાવ્યાકરણની છટાથી રચાયેલા અને બહુ સહેલાઈથી કંઠે કરી શકાય એવા ટૂંકા રોચક સૂત્રોના સમૂહમય આ ગ્રંથને ગ્રંથકાર પોતેજ **'તત્ત્વાર્થા-ધિગમ'** નામના શાસ્ત્ર તરીકે નિર્દેશે છે. પ્રૌઢતાર્કિક પ્રખર દર્શનવિવેચક મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજ આને **'તત્ત્વાર્થમહાશાસ્ત્ર** કહી શ્રેષ્ટ અનુયોગ-દ્રવ્યાનુયોગનું પ્રબળ સાધન ગણે છે.

શ્રી તત્ત્વાર્થ શાસ્ત્રના રચયિતા પાંચસો પ્રકરણકાર વાચકવર્ય્ય (પૂર્વધર) પરમર્ષિ ભગવાન શ્રી **ઉમાસ્વાતિજી** મહારાજ છે. ઉચ્ચ નાગરી શાખાને વિભૂષિત કરનાર આ મહાપુરુષનો ચોક્કસ સત્તાકાલ જાણી શકાતો નથી; છતાં એમની શ્રેષ્ઠ કૃતિઓ, અને એના ઉપર ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જેવાઓએ કરેલી પ્રૌઢ વ્યાખ્યા દ્વારા એમનું અલૌકિક પાંડિત્ય અને પૂર્વોનું જ્ઞાતૃત્વ સૂચિત થાય છે. સ્વોપજ્ઞ ભાષ્યના અંતેની પ્રશસ્તિમાંજ (i) વાચક (પૂર્વવેત્તા) બનવા માટે માત્ર અગીઆર અંગના જ્ઞાતા એવા સ્વગુરુને બદલે વાચક-પૂર્વધર એવા ક્ષમણ મૂલાચાર્યની પાસે કરવા પડેલા અધ્યયનનો નિર્દેશ અને (ii) દીક્ષાગુરુને 'વાચક' વિશેષણ ન આપતાં વિદ્યાગુરુને આપેલું 'વાચક' વિશેષણ-આ બે મુદ્દા એમને 'વાચક' વંશના નહિ, પણ 'વાચક' એટલે પૂર્વવેત્તા તરીકે સાબીત કરે છે.

આ શાસ્ત્રના સૂત્રોનો અહીં સૂચક સમજુતી-અર્થ કરવામાં આવ્યો છે. એમાં સ્થળે સ્થળે મૂકેલા અમુક અમુક પદો એ ગર્ભિત રહેલા વિશેષાર્થના સૂચક છે.



અભ્યાસીએ એના પર ખાસ ખ્યાલ રાખવાનો છે. સાક્ષાત્ શબ્દો ન છતાં, એનો ભાવ અમુક શબ્દોમાં સમાયો છે. એથી થોડા શબ્દોથી પણ ગ્રંથના વધુ ભાવનું મનન કરી શકાશે. જેમકે, અધ્યાય-૧ સૂત્ર- ૧લામાં 'ત્રણજ' માં 'જ,' અને 'ભેગાં મળીને' સૂચવે છે કે ચોથું મોક્ષ સાધન કોઈ છે નહિ, અને ત્રણ પણ છૂટા રહીને મોક્ષસાધક નથી.

સૂત્ર ૩ની ઉષા સમ્યક્ત્વના બે પ્રકાર સૂચવે છે, નહિ કે બે હેતુ. સૂ૰ ૩૩, 'ઉત્પાદ નાશ....' પદો 'સત્' ના સ્પષ્ટ અર્થને સૂચવે છે. અ૰ ૨, સૂ૰ ૪માં, 'સર્વચારિત્ર' પદ સૂચવે છે કે 'દેશ વિરતિ' નો ક્ષાયિકભાવ નથી. સૂ૰ ૨૨માં કૌંસનું વાક્ય સિદ્ધાન્તસંમત એકેંદ્રિયનું શ્રુતઅજ્ઞાન મન વિના પણ કેવી રીતે ? તે સૂચવે છે. અ૰ ૩, સૂ૰ ૧૬ 'કર્મભૂમિ' ના પ્રસિદ્ધ અર્થ 'કૃષિવ્યાપારાદિ કર્મ-વાળી ભૂમિ'-સિવાયના બીજા અર્થને સૂચવે છે. અ૰ ૪ સૂ૰૨ કૌંસ-વાક્ય 'આ સૂત્ર દેવતાની હયાતીનું પ્રમાણ દર્શક પણ છે એ સૂચવે છે અ૰ ૫ સૂ૰ ૩ ની ઉષા સમાસના ૩-૫-૭મી વિભક્તિથી થતા વિગ્રહને, અને સૂ૰ ૩૧ની ઉષા અનેક અર્થને દર્શાવે છે. અ૰ સૂ૰ ૪૰માં 'પરિણામરૂપે' કહીને ન્યાય-દર્શન આદિને માન્ય 'આધારાધેયભાવ'ની અસત્યતા સૂચવી.

અ૰ ૬ સૂ૰ ૧૦ 'ત્રણવાર ઠીક ન પૂંજેલી' પદો-ન પૂંજેલી, જેમતેમ પૂંજેલી, ઠીક છતાં એક કે બે જ વાર પૂંજેલી-આ ત્રણ પ્રકાર દુષ્પ્રમાર્જિતના સૂચવે છે. અ૰ ૮ સૂ૰ ૨૫ની ઉષા આઠ પ્રશ્નના ઉત્તર સૂચવે છે. અ૰ ૯ સૂ. ૨૨ માં છેલ્લા બે પ્રાયશ્ચિત્તના સ્થાને મૂલ, અનવસ્થાપ્ય અને પારાંચિત ગણી કુલ ૧૦ પ્રાયશ્ચિત્ત સૂચવે છે...ઇત્યાદિ. જો કે આ ઉષામાં સ્વમતિની પટુતા નથી પણ સૂત્ર ભાષ્ય અને સિદ્ધસેનીયાદિ ટીકાગ્રંથોની પ્રસાદી છે; છતાં અભ્યાસીને લક્ષમાં લાવવા પૂરતું આ સૂચન છે. એને સમજવા ગુરુગમ આવશ્યક છે.

ઉતાવળ આદિના કારણે આ ઉષાના પ્રયત્નમાં કોઈ સ્થાને ઓછી વિગત, ક્યાંય સમાસાદિના ભાષાંતરને બદલે અનુકૂલ ભાવાર્થ વગેરે જણાશે.

પણ લેખકનો આવા આલેખનમાં કક્કો ઘૂંટવાનો પ્રયત્ન હોઈ સંભવિત ત્રુટિઓ સુમાજર્ય અને ક્ષન્તવ્ય છે ઉમેદ છે કે લખવા શરૂ કરેલા વધુ વધુ વિસ્તારવાલા **'તત્ત્વાર્થ કિરણ'** અને 'તત્ત્વાર્થપ્રકાશ' માંની વિશેષ સ્પષ્ટ બોધકતા બાલ અભ્યાસીને પણ સહેલાઈથી તત્પાન કરાવે.

શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ કોઈ પણ ઉક્તિનો મિથ્યાદુષ્કૃત દઈ વિરમું છું.

• • •

વિ.સં. ૨૦૦૩ (પ્રથમ આવૃત્તિમાંથી)

पू. पूर्वधर परमर्षि भगवत् श्री उमास्वातिवाचकविरचित

# श्री तत्त्वार्थाधिगम-शास्त्र ।

## અધ્યાય-૧.

१. सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि-मोक्ष-मार्गः ।

२. तत्त्वार्थ-श्रद्धानं सम्यग्-दर्शनम् ।

३. तन्निसर्गादधिगमाद्वा ।

४. जीवाजीवास्रव-बन्ध-संवर-निर्जरा-मोक्षास्तत्त्वम् ।

५. नाम-स्थापना-द्रव्य-भावतस्तन्न्यासः ।

६. प्रमाण-नयैरधिगमः ।

७. निर्देश-स्वामित्व-साधनाधिकरण-स्थिति-विधानतः ।

८. सत्-संख्या-क्षेत्र-स्पर्शन-कालाऽन्तर-भावाऽल्पबहुत्वैश्च ।

## શ્રી તત્ત્વાર્થ-ઉષા.

૧. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણજ ભેગાં મળીને મોક્ષનાં સાધન છે.

૨. સ્યાદ્વાદને અનુસરતા જીવાદિપદાર્થોની 'આજ સાચાં અને શંકા વિનાના' એવી હૃદયની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન કહેવાય.

૩. નિસર્ગથી એટલે સહજ ઉત્પન્ન થતું કે અધિગમથી એટલે ઉપદેશ, જિનપ્રતિમા, સર્વજ્ઞશાસ્ત્ર, વગેરે બાહ્યનિમિત્ત પામીને ઉત્પન્ન થતું સમ્યક્ત્વ 'નિસર્ગ' અને 'અધિગમ' એમ બે પ્રકારે છે.

૪. જીવ, અજીવ આસ્રવ, (કર્મબંધના કારણ), બંધ (જીવ સાથે કર્મની એકમેકતા) સંવર (કર્મ રોકવાના ઉપાય), નિર્જરા (કર્મનો દેશક્ષય) અને મોક્ષ (સકલ કર્મનો ક્ષય) આ સાતજ તત્ત્વ છે.

૫. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપે તે સમ્યગ્દર્શન અને જીવ વગેરેનો વિભાગ થાય છે.

૬. પ્રમાણ અને નયથી વસ્તુ માત્રનો બોધ થાય છે.

૭-૮. વિશેષ અભિધાન, સ્વામિ, કારણ, આધાર, કાળમર્યાદા, પ્રકાર-આ અને સત્ છે કે અસત્, સંખ્યા-પ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, સમય, પ્રમાણ, આંતરૂં, ભાવ, ઓછાવત્તાપણું-આ દ્વારોથી તત્ત્વોનો વિચાર થઈ શકે છે.



९. मति-श्रुताऽवधि-मनःपर्याय-केवलानि ज्ञानम् ।

१०. तत् प्रमाणे ।

११. आद्ये परोक्षम् ।

१२. प्रत्यक्षमन्यत् ।

१३. मतिः स्मृतिः संज्ञा-चिन्ताऽऽभिनिबोध इत्यनर्थान्तरम् ।

१४. तदिन्द्रियाऽनिन्द्रिय-निमित्तम् ।

१५. अवग्रहेहापाय-धारणाः ।

१६. बहु-बहुविध-क्षिप्राऽनिश्रिताऽसंदिग्ध-ध्रुवाणां सेतराणाम् ।

१७. अर्थस्य ।

१८. व्यञ्जनस्यावग्रहः ।

૯. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવલજ્ઞાન આ પાંચ જ્ઞાન છે.

૧૦. એ પાંચ જ્ઞાન બે પ્રકારના પ્રમાણમાં વહેંચાએલા છે.

૧૧. પ્રથમનાં બે જ્ઞાન મતિ અને શ્રુત-એ (પરમાર્થથી) પરોક્ષ પ્રમાણ છે.

૧૨. બાકીનાં ત્રણ જ્ઞાન-અવધિ, મનઃપર્યાય અને કેવલ એ પ્રત્યક્ષ પ્રમાણ છે. પરોક્ષ એ ઈન્દ્રિયાદિની મદદથી થાય, જ્યારે પ્રત્યક્ષ એ વિના સીધુંજ આત્માને થાય.

૧૩. મતિ (વિદ્યમાનનું જ્ઞાન) સ્મરણ સંજ્ઞા, (એજ વસ્તુ ફરી જોતાં ઓળખ) ચિંતા (ભાવિનો વિચાર), અભિનિબોધ (સર્વ પ્રકારે નિર્ણય)-આ બધાં મતિ જ્ઞાનથી જુદાં નથી.

૧૪. મતિજ્ઞાન એ ઈન્દ્રિયોથી અને અનિન્દ્રિયથી એટલે કે મનથી અને ઓઘ સંજ્ઞાથી ઉત્પન્ન થાય છે.

૧૫. મતિજ્ઞાનના મુખ્ય ચાર પ્રકાર છે. ૧ અવગ્રહ, ૨ ઈહા, ૩ અપાય, ૪ ધારણા, (૧ સામાન્યબોધ, ૨ વિચારણા, ૩ નિર્ણય, ૪ ન ભૂલવું તે)

૧૬. આ દરેક પ્રકારે વસ્તુ જણાય તે અવગ્રહાદિ પ્રત્યેક બાર ભેદે ૧ ઘણું, ૨ ઘણાપ્રકારે, ૩ ઝટ, ૪ વિનાઆધારે, ૫ સંશયવિના, ૬ અવશ્ય - આ છ અને આથી ઊલટાં છે.

૧૭. પદાર્થનું જ્ઞાન અવગ્રહાદિ ચાર પ્રકારે થાય છે.

૧૮. પરંતુ વ્યંજન (ઈન્દ્રિયો સાથે લાગેલ વસ્તુના સંબંધ) નો માત્ર અવગ્રહ થાય. એટલે કે જ્ઞાન શક્તિ જન્મે, પણ ઈહા વગેરે ન થાય.

१९. न चक्षुरनिन्द्रियाभ्याम् ।
२०. श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् ।
२१. द्विविधोऽवधिः ।
२२. भवप्रत्ययो नारक-देवानाम् ।
२३. यथोक्त-निमित्तः षड्-विकल्पः शेषाणाम् ।
२४. ऋजु-विपुल-मती मनःपर्यायः ।
२५. विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ।
२६. विशुद्धि-क्षेत्र-स्वामि-विषयेभ्योऽवधि-मनः-पर्याययोः ।
२७. मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्व-पर्यायेषु ।

૧૯. ચક્ષુ અને મનથી વ્યંજનાવગ્રહ ન થાય.

૨૦. શ્રુત મતિપૂર્વક હોય છે. (શ્રુતની પૂર્વે મતિ અવશ્ય હોય, શ્રુત=આપ્ત વચનથી થતું જ્ઞાન) તે અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એમ બે પ્રકારે છે. આ બેના અનુક્રમે અનેક અને બાર પ્રકાર છે. (પાંચ જ્ઞાનના કુલ એકાવન ભેદ ગણાય છે, ત્યાં શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ છે. -અક્ષરશ્રુત, સંજ્ઞિ૦, સમ્યક્૦, સાદિ૦, સપર્યવસિત૦, ગમિક૦ અંગપ્રવિષ્ટ૦, આ સાત અને એથી ઊલટાં સાત.)

૨૧. અવધિજ્ઞાન બે પ્રકારે થાય છે. (૧. ભવને લઈને થતું અને ૨. ક્ષયોપશમથી થતું માત્ર રૂપી પદાર્થ જોવા-એ મર્યાદાવાળું જ્ઞાન.)

૨૨. ભવને લઈને થતું અવધિજ્ઞાન સર્વ નારકો અને દેવોને હોય છે. (જેમ પક્ષીનો ભવજ એવો કે ઉડવાની શક્તિ.)

૨૩. કહેલા ક્ષયોપશમરૂપનિમિત્તથી થતું છ પ્રકારનું અવધિજ્ઞાન બાકીના મનુષ્ય-તિર્યંચને હોય. (અનુગામી, વર્ધમાન, અપ્રતિપાતિ-આ ૩ અને એથી ઊલટાં ૩.)

૨૪. મનઃપર્યાયજ્ઞાન એ ઋજુમતિ અને વિપુલમતિ એમ બે પ્રકારે હોય છે. (એનાથી મનના ચિંત્વન જુએ.)

૨૫. નિર્મલતા (બહુપર્યાયોનું જ્ઞાન) અને કાયમપણું આ બે વિશેષતાથી ઋજુ૦ વિપુલ૦નો ભેદ પડે છે.

૨૬. અવધિ અને મનઃપર્યાયમાં તફાવત નિર્મલતા, ક્ષેત્ર, સ્વામિ અને વિષયને લઈને છે.

૨૭. મતિ અને શ્રુતનો નિબંધ (વ્યાપાર, વિષય સંબંધ, પ્રકાશ) કેટલાક પર્યાયયુક્ત સર્વ દ્રવ્યો વિષે હોય.



२८. रूपिष्ववधेः ।
२९. तदनन्त-भागे मनःपर्यायस्य ।
३०. सर्व-द्रव्य-पर्यायेषु केवलस्य ।
३१. एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ।
३२. मतिश्रुतावधयो विपर्ययश्च ।
३३. सदसतोरविशेषाद्यदृच्छोपलब्धे-रुन्मत्तवत् ।
३४. नैगम-संग्रह व्यवहारर्जुसूत्र-शब्दा नयाः ।
३५. आद्य-शब्दौ द्वि-त्रि-भेदौ ।

૨૮. અવધિજ્ઞાનનો વ્યાપાર કેટલાક પર્યાયયુક્ત રૂપી (મૂર્ત) દ્રવ્યોને વિષે જ હોય.

૨૯. અવધિના વિષય કરતાં અનંતમા ભાગના વિષયપર મનઃપર્યાયનો પ્રકાશ પડે.

૩૦. કેવલજ્ઞાનનો પ્રકાશ અતીત, વર્તમાન અને ભાવિ સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાય પર પડે.

૩૧. મતિજ્ઞાનથી મનઃપર્યાયજ્ઞાન સુધીના જ્ઞાનમાંથી એક સાથે કોઈને એક, બે ત્રણ કે ચાર જ્ઞાન હોય છે.

૩૨. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન છે, અને (મિથ્યાત્વને લઈને) એથી વિપરીત મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન છે.

૩૩. ઉન્મત્તને થતા વિપરીત જ્ઞાનની જેમ મિથ્યાત્વીને ઉત્પાદ, નાશ અને નિત્યતાવાળા સાચા પદાર્થો કે એ વિનાના કલ્પિત પદાર્થોનો વિવેક-ભેદ ન હોવાથી એને થતું જ્ઞાન એ અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) કહેવાય છે.

૩૪. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, અને શબ્દ આ પાંચ નય છે.

૩૫. પહેલો નૈગમ એ સામાન્યગ્રાહી અને વિશેષગ્રાહી એમ બે પ્રકારે છે, અને શબ્દ એ સાંપ્રત, સમભિરૂઢ અને એવંભૂત એમ ત્રણ પ્રકારે છે.

• • •

# અધ્યાય-૨.

१. औपशमिक-क्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक-पारिणामिकौ च ।

२. द्वि-नवाऽष्टादशैकविंशति-त्रिभेदा यथाक्रमम् ।

३. सम्यक्त्व-चारित्रे ।

४. ज्ञान-दर्शन-दान-लाभ-भोगोपभोग-वीर्याणि च ।

५. ज्ञानाऽज्ञान-दर्शन-दानादिलब्धयश्चतुस्त्रि-त्रि-पञ्चभेदा यथाक्रमं सम्यक्त्व-चारित्र-संयमाऽसंयमाश्च ।

६. गति-कषाय-लिङ्ग-मिथ्यादर्शनाऽज्ञानाऽसंयता-ऽसिद्धत्व-लेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैक-षड्-भेदाः ।

७. जीव-भव्याऽभव्यत्वादीनि च ।

८. उपयोगो लक्षणम् ।

---

૧. ઔપશમિક (કર્મના ઉપશમથી થતો) ક્ષાયિક મિશ્ર, (ક્ષાયોપશમિક), ઔદયિક અને પારિણામિક (પરિણામ) આ પાંચ ભાવ જીવને અભિન્નભાવે હોય છે.

૨. એ પાંચ ભાવોના અનુક્રમે ૨-૯-૧૮-૨૧ અને ૩ પ્રકાર છે.

૩. સમ્યગ્દર્શન અને સર્વચારિત્ર-એ ઔપશમિક-ભાવના બે પ્રકાર છે.

૪. (કેવલ) જ્ઞાન, (કેવલ) દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય, તેમજ સમ્યક્ત્વ અને સર્વચારિત્ર-આ ૯ ક્ષાયિકભાવના પ્રકાર.

૫. કેવલ વિના જ્ઞાન-૪, મત્યાદિ અજ્ઞાન-૩, ચક્ષુ અચક્ષુ, અવધિ એ દર્શન-૩, દાન વગેરે લબ્ધિ-૫, સમ્યક્ત્વ, સર્વચારિત્ર અને દેશવિરતિ-આ ૧૮ ક્ષયોપશમિકભાવના પ્રકાર છે.

૬. ૪-ગતિ, ૪-કષાય, ૩-વેદ, મિથ્યાત્વ, અજ્ઞાન (જ્ઞાનશૂન્યતા) અવિરતિ, અસિદ્ધતા(સકર્મિપણું) અને (૬ લેશ્યા-આ ૨૧ ઔદયિક ભાવના પ્રકાર છે.)

૭. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ-આ ૩ પારિણામિક ભાવના પ્રકાર જીવને હોય છે, આ અનાદિના તથા પરિણામ છે. સૂત્રમાંના આદિ શબ્દથી અસ્તિત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરે પણ પારિણામિક-ભાવો જીવને હોય છે-એ સમજવું.

૮. ઉપયોગ (ચૈતન્યસ્ફુરણા) એ જીવનું લક્ષણ છે. (લક્ષણ=અસાધારણ ધર્મ.)

૯. એ ઉપયોગ બે પ્રકારે-જ્ઞાનનો અને દર્શનનો, જ્ઞાન ઉપયોગ ૮ ભેદે



९. स द्विविधोऽष्ट-चतुर्भेदः ।

१०. संसारिणो मुक्ताश्च ।

११. समनस्काऽमनस्काः ।

१२. संसारिणस्त्रस-स्थावराः ।

१३. पृथिव्यम्बु-वनस्पतयः स्थावराः ।

१४. तेजो-वायू द्वीन्द्रियादयश्च त्रसाः ।

१५. पञ्चेन्द्रियाणि ।

१६. द्विविधानि ।

१७. निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ।

१८. लब्ध्युपयोगौ भावेन्द्रियम् ।

---

(૫-જ્ઞાન+૩-અજ્ઞાન) અને દર્શન ઉપયોગ ૪ ભેદે છે.

૧૦. સંસારી અને મોક્ષના એમ બે પ્રકારે જીવો હોય છે.

૧૧. મનવાળા (સંજ્ઞી) અને મનવિનાના (અસંજ્ઞી) એમ બે પ્રકારે સંસારી જીવો હોય છે. સિદ્ધને મન નથી.

૧૨. સંસારી જીવો ત્રસ (હાલતા ચાલતા) અને સ્થાવર (સ્થિર) એમ બે પ્રકારે છે.

૧૩. પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય એ સ્થાવર જીવો છે.

૧૪. અગ્નિકાય, વાયુકાય અને બેઇંદ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો ત્રસ કહેવાય છે. (પ્રથમના બે જાતિથી સ્થાવર છે, પણ ગતિથી ત્રસ છે)

૧૫. ઇન્દ્રિયો પાંચ છે.

૧૬. એ પાંચે ઇન્દ્રિયો બે પ્રકારે-૧. દ્રવ્ય, ૨. ભાવ.

૧૭. (એમાં પહેલી) દ્રવ્યેન્દ્રિય બે પ્રકારે- ૧. નિર્વૃત્તિ (શરીરમાં બાહ્ય અને અભ્યન્તર અમુક અમુક રૂપે ઇન્દ્રિયના આકાર) અને ૨. ઉપકરણ (નિર્વૃત્તિને વિષયનું જ્ઞાન કરવામાં ઉપકારક અને નિર્વૃત્તિમાંજ રહેલી અતિ સ્વચ્છ પુદ્ગલોથી બનેલી શક્તિ.)

૧૮. (બીજી) ભાવઇન્દ્રિય બે પ્રકારે-૧. લબ્ધિઇન્દ્રિય (તે તે ઇન્દ્રિયથી થતું વિષયનું જ્ઞાન કરાવનાર આત્માનો શક્તિ-પરિણામ. કર્મના ક્ષયોપશમથી અને તે તે ગતિ અને જાતિનામકર્મના ઉદયથી આ ઉત્પન્ન થાય છે.) ૨. ઉપયોગ ઇન્દ્રિય (તે તે જ્ઞાનાવરણ, દર્શનાવરણના ક્ષયોપશમ કે ક્ષયને અનુસારે થતો આત્માનો વ્યક્ત (પ્રગટ) જ્ઞાન સ્ફુરણ પરિણામ.)

१९. उपयोगः स्पर्शादिषु ।
२०. स्पर्शन-रसन-घ्राण-चक्षुः-श्रोत्राणि ।
२१. स्पर्श-रस-गन्ध-वर्ण-शब्दास्तेषामर्थाः ।
२२. श्रुतमनिन्द्रियस्य ।
२३. वाय्वन्तानामेकम् ।
२४. कृमि-पिपीलिका-भ्रमर-मनुष्यादीनामेकैक-वृद्धानि ।
२५. संज्ञिनः समनस्काः ।
२६. विग्रहगतौ कर्मयोगः ।
२७. अनुश्रेणि गतिः ।
२८. अविग्रहा जीवस्य ।

---

૧૯. સ્પર્શ, રસ, ગંધ વગેરેનો બોધ કરાવનાર ઉપયોગ છે. (નિર્વૃત્તિ-ઉપકરણ-લબ્ધિ-ઇન્દ્રિયની સહાયથી)

૨૦. સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ પાંચ ઇન્દ્રિયો છે.

૨૧. એ પાંચના અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ (દ્રવ્યશ્રુત) આ પાંચ વિષય (જ્ઞેય) છે.

૨૨. ભાવશ્રુત એટલે શ્રુતજ્ઞાન, એ મનનો વિષય છે. (અહીં શ્રુત મોક્ષોપયોગી આવશ્યકાદિશાસ્ત્રજ્ઞાન લેવાનું છે.)

૨૩. વાયુકાય સુધીનાને અર્થાત્ પૃથિવી-અપ્-વનસ્પતિ-અગ્નિ અને વાયુકાયજીવોને એક સ્પર્શનેન્દ્રિય જ હોય છે.

૨૪. કરમીયા વગેરે, કીડી આદિ, ભ્રમર આદિ અને મનુષ્ય વગેરેને અનુક્રમે એક એક વધુ ઇન્દ્રિય હોય છે. ૨-૩-૪-૫ ઇન્દ્રિયો.

૨૫. મનવાળા જીવો સંજ્ઞી કહેવાય છે. (સંજ્ઞા એટલે ભૂતભવિષ્યનો, કાર્યકારણનો વિચાર વગેરે)

૨૬. (પરભવે જતાં) વક્રગમનમાં માત્ર કાર્મણ શરીરયોગ (કર્મસમૂહની પ્રવૃત્તિ) હોય છે. (વિગ્રહગતિ સિવાય મન, વચન અને ઔદારિકાદિ શરીરની પ્રવૃત્તિ હોઈ શકે છે.)

૨૭. પરભવ જતાં જીવનું તથા સ્વતઃ પુદ્ગલોનું ગમન આકાશ પ્રદેશની પંક્તિના અનુસારેજ થાય છે. (ત્રાંસું નહિ)

૨૮. (મુક્ત) જીવની મોક્ષ તરફ માત્ર સીધીજ ગતિ હોય છે. (વક્ર નહિ.)



२९. विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ।
३०. एक-समयोऽविग्रहः ।
३१. एकं द्वौ वाऽनाहारकः ।
३२. सम्मूर्छन-गर्भोपपाताज्जन्म ।
३३. सचित्त-शीत-संवृत्ताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ।
३४. जराय्वण्डपोतजानां गर्भः ।
३५. नारक-देवानामुपपातः ।
३६. शेषाणां सम्मूर्छनम् ।

---

૨૯. સંસારી જીવની સીધી અને વક્ર એમ બે પ્રકારની ગતિ હોય છે. વક્ર હોય ત્યાં ચાર વક્ર પહેલાં, એટલે કે વક્ર ત્રણ સુધી હોય.

૩૦. સરળ (એક શ્રેણિમાં) ગતિ એકજ સમયવાળી હોય છે. (સમય=સૂક્ષ્મકાળ. આંખના એક પલકારામાં અસંખ્યાત સમય લાગે.)

૩૧. (ભવાન્તરે જતાં વચમાં બે અથવા ત્રણ વક્રમાં) એક અથવા બે સમય જીવ અનાહારી હોય છે. (પછી ઉત્પત્તિથી અંતર્મુહૂર્ત સુધી ઓજાહાર, પછી મરણ સુધી લોમાહાર અને વચમાં અનિયત કવલાહાર.)

૩૨. સંમૂર્છન (વિનાગર્ભે, ઉત્પત્તિસ્થાનના પુદ્ગલોથી શરીર રચાવું), ગર્ભ, અને ઉપપાત (અંતર્મુહુર્તમાં આખું શરીર કુંભી કે શય્યામાં રચાવું) આ ત્રણ રીતે જીવનો જન્મ થાય છે.

૩૩. જન્મ થવાની યોનિઓ એટલે ઉત્પત્તિનાં સ્થાન સચિત્ત, અચિત્ત કે સચિત્તાચિત્ત; શીત, ઉષ્ણ કે શીતોષ્ણ; અને ઢાંકેલી, ખુલ્લી કે ઢાંકેલી-ખુલ્લી હોય છે. (નારક દેવોને અચિત્ત, ગર્ભજને સચિત્તાચિત્ત અને બાકીનાને ત્રણમાંથી કોઈ એક. દેવો અને ગર્ભજને શીતોષ્ણ, અગ્નિકાયને ઉષ્ણ અને બાકીનાને ત્રણમાંથી કોઈ એક. નારક, દેવ અને એકેન્દ્રિયોને ઢાંકેલી, ગર્ભજને ઢાંકેલી-ખુલ્લી અને બાકીનાને ખુલ્લી.)

૩૪. જરાયુ (ઓડ=ગર્ભને વીંટળાયેલું પાતળુંપડ) થી લપેટાયેલા (મનુષ્ય ગાય વગેરે), ઇંડાંમાં થનારા (સાપ, પક્ષી, વગેરે) અને પોતજ એટલે ઓડ વિના ચોખ્ખા બચ્ચા રૂપે થનારા (હાથી, સસલું વગેરે) આ ત્રણેનો ગર્ભજન્મ હોય છે.

૩૫. નારકો અને દેવોનો ઉપપાતજન્મ હોય છે.

૩૬. બાકીના સંસારી જીવો (એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને ગર્ભવિના ઉત્પન્ન થતા પંચેન્દ્રિયતિર્યંચ મનુષ્ય) નો સંમૂર્છન-જન્મ હોય છે.

३७. औदारिक-वैक्रियाऽऽहारक-तैजस-कार्मणानि शरीराणि ।
३८. परं परं सूक्ष्मम् ।
३९. प्रदेशतोऽसंख्येयगुणं प्राक् तैजसात् ।
४०. अनन्तगुणे परे ।
४१. अप्रतिघाते ।
४२. अनादि-सम्बन्धे च ।
४३. सर्वस्य ।
४४. तदादीनि भाज्यानि युगपदेकस्याऽऽचतुर्भ्यः ।
४५. निरुपभोगमन्त्यम् ।
४६. गर्भ-सम्मूर्छनजमाद्यम् ।
४७. वैक्रियमौपपातिकम् ।
४८. लब्धिप्रत्ययं च ।

૩૭. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, અને કાર્મણ આ પાંચ પ્રકારના શરીર હોય છે.

૩૮. (ઉપરના પાંચશરીરમાં) પછી પછીનું શરીર પૂર્વ પૂર્વ કરતાં વધુ સૂક્ષ્મ (પુદ્ગલનું) હોય છે. (જેમકે ઔદારિક કરતાં વૈક્રિયસૂક્ષ્મ, વૈક્રિય કરતાં...)

૩૯-૪૦-૪૧. છતાં તૈજસ પહેલાનાં અર્થાત્ પહેલાં ત્રણ શરીર પૂર્વ પૂર્વ કરતાં અસંખ્યાતગુણ પ્રદેશોવાળાં છે. જ્યારે પાછળનાં બે તૈજસ અને કાર્મણ-પૂર્વ પૂર્વ કરતાં અનંતગુણ પ્રદેશવાળાં છે, અને એ બે (ચૌદરાજલોકમાં જતાં ક્યાંય પણ) સ્ખલના પામતાં નથી.

૪૨-૪૩. છેલ્લા બે શરીર તૈજસ કાર્મણ (જીવ સાથે)અનાદિ કાળથી સંબંધવાળા છે, અને એ સર્વ સંસારીને હોય છે.

૪૪. આખા સંસારકાળમાં સાથે રહેનાર આ બે સિવાય બાકીના ઔદારિક વગેરે ત્રણ શરીરમાંના ગમે તે હોય છે. એટલે એક જીવને એકી સાથે ચાર શરીર સુધી પણ હોઈ શકે છે. (માત્ર વૈક્રિય અને આહારક એ બે એક કાળે સાથે નથી હોતા.)

૪૫. છેલ્લું કાર્મણ શરીર સુખ દુઃખનો ભોગવટો નથી કરાવતું. એનાથી કર્મ બાંધવા, ભોગવવાં કે છોડવાનું નથી બનતું.

૪૬. પહેલું ઔદારિક ગર્ભજન્મમાં અથવા સંમૂર્છનજન્મમાં હોય છે.

૪૭-૪૮. વૈક્રિય ઉપપાતજન્મમાં હોય છેજ, અને લબ્ધિ (તપ વગેરેથી ઉત્પન્ન થયેલી શક્તિ) થી પણ હોય છે.



४९. शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दश पूर्वधरस्यैवं ।
५०. नारक-सम्मूर्छिनो नपुंसकानि ।
५१. न देवाः ।
५२. औपपातिक-चरमदेहोत्तमपुरुषाऽसंख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ।

## અધ્યાય-3.

१. रत्न-शर्करा-वालुका-पंक-धूम-तमो-महातमः-प्रभाभूमयो घनाऽम्बु-वाताकाश-प्रतिष्ठाः सप्तोऽधोऽधः पृथुतराः ।
२. तासु नरकाः ।
३. नित्याऽशुभतरलेश्या-परिणाम-देह-वेदना विक्रियाः ।

૪૯. શુભ એટલે સારા પુદ્ગલનું બનેલું અને સારી આકૃતિ વાળું, વિશુદ્ધ એટલે હિંસાદિથી નહિ બનેલું અને હિંસાદિ નહિ કરનારું અને અવ્યાઘાતી એટલે અન્યનું અવ્યાઘાતક અને અન્યથી ઉપઘાત ન પામનારું આહારક શરીર ચૌદપૂર્વીને જ હોય છે.

૫૦. નારક અને સંમૂર્છિમ જીવોને નપુંસકવેદ હોય છે.

૫૧. દેવોને નપુંસકવેદ નથી (પણ સ્ત્રી કે પુંવેદ હોય છે. ગર્ભજને ત્રણ વેદમાંથી ગમે તે.)

૫૨. ઉપપાતજન્મવાળા દેવ અને નારક, સંસારમાં છેલ્લા ભવમાં રહેલા મનુષ્યો, ઉત્તમ પુરુષો (તીર્થંકર-ભગવંતો, ગણધર મહારાજા, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ) અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો એ અખંડ આયુષ્ય ભોગવનારાજ એટલે કે અકાળ મૃત્યુ ન પામનારા હોય છે.

• • •

૧. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા, આ સાત પૃથ્વીઓ પ્રત્યેક (એક બીજાથી નીચે રહેલા એવા) ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને આકાશ પર રહેલી છે, અને પૂર્વ પૂર્વથી નીચેનીચે છે, અને નીચેનીચેની વધુવધુ વિસ્તાર વાળી છે.

૨. તેમાં નરકો (નારક જીવોને રહેવાનાં સ્થાનો) છે.

૩. તે નરકોમાં નારક જીવો રહે છે. એઓને (મરણ સુધી નરકગતિ વગેરેનો ઉદય હોવાથી) હંમેશા ઘણી અશુભ લેશ્યા, ઘણા અશુભ પુદ્ગલના પરિણામ (બંધન સંસ્થાન વર્ણાદિ, અસહ્ય ગરમી કે ઠંડી, ભયાનક નિત્ય અંધકાર વગેરે) અત્યંત ખરાબ

४.	परस्परोदीरितदु:खा: ।
५.	संक्लिष्टाऽसुरोदीरितदु:खाश्च प्राक् चतुर्थ्या: ।
६.	तेष्वेक-त्रि-सप्त-दश-सप्तदश-द्वाविंशति-त्रयस्त्रिंशत्-सागरोपमा: सत्त्वानां परा स्थिति: ।
७.	जम्बूद्वीप-लवणादय: शुभनामानो द्वीप-समुद्रा: ।
८.	द्विर्द्विर्विष्कम्भा: पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतय: ।
९.	तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजन-शत-सहस्त्र-विष्कम्भो जम्बूद्वीप: ।
१०.	तत्र भरत-हैमवत-हरि-विदेह-रम्यक्-हैरण्य-वतैरावत-वर्षा: क्षेत्राणि ।
११.	तद्विभाजिन: पूर्वापरायता हिमवन्महाहिमवन्निषध-नील-रुक्मि-शिखरिणो-वर्षधर-पर्वता: ।
१२.	द्विर्धातकी खण्डे ।

શરીર, દુઃખદ પીડા અને સુખને બદલે ઊલટાં ત્રાસ કરે એવાં બહુ અશુભ નવાં વૈક્રિય શરીર હોય છે. (આ બધું નીચે નીચે વધુને વધુ ખરાબ હોય છે.)

૪. નારકોને પરસ્પરથી કરાતાં દુઃખો હોય છે.

૫. પહેલી ત્રણ નરકમાં અતિક્રૂર પરિણામવાળા અસુરો (પરમાધામી) થી કરાતાં દુઃખો પણ હોય છે.

૬. સાત નરકોમાં જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય (નીચે નીચે ક્રમસર) ૧-૩-૭-૧૦-૧૭-૨૨ અને ૩૩ સાગરોપમ હોય છે.

૭. (રત્નપ્રભા પૃથ્વી ઉપર મધ્ય લોકમાં) જંબૂદ્વીપ લવણસમુદ્ર વગેરે શુભ નામવાળા દ્વીપ અને સમુદ્રો (અસંખ્યાત) છે.

૮. તે (જંબૂદ્વીપથી આગળ) બમણી બમણી પહોળાઈ વાળા, પૂર્વ પૂર્વનાને વીંટીને રહેલા, અને ચૂડીના આકારવાળા છે.

૯. તે દ્વીપસમુદ્રોની વચમાં (થાળી જેવો) ગોળ લાખજોજનની પહોળાઈવાળો જંબૂદ્વીપ છે. એની મધ્યમાં મેરુ પર્વત છે.

૧૦. જંબૂદ્વીપમાં (અનુક્રમે) ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક, હૈરણ્યવત, ઐરાવત, (આ સાત) ક્ષેત્રો છે.એને વંશ કે વર્ષ પણ કહે છે.

૧૧. એ ક્ષેત્રોનો એક બીજાથી વિભાગ કરનારા અને પૂર્વ પશ્ચિમ લાંબા પડેલા એવા હિમવત, મહા-હિમવત, નિષધ, નીલ રુક્મિ અને શિખરી નામે વર્ષધર પર્વતો છે.

૧૨. (લવણ સમુદ્ર પછીના દ્વીપ) ધાતકી ખંડમાં ક્ષેત્ર, પર્વતો વગેરે જંબૂદ્વીપ કરતાં બમણાં છે.



१३.	पुष्करार्धे च ।
१४.	प्राग्मानुषोत्तरान्मनुष्या: ।
१५.	आर्या म्लिशश्च ।
१६.	भरतैरावत-विदेहा: कर्मभूमयोऽन्यत्रदेव-कुरूत्तरकुरुभ्य: ।
१७.	नृस्थिती परापरे त्रिपल्योपमाऽन्तर्मुहूर्ते ।
१८.	तिर्यग्योनीनां च ।

## અધ્યાય-૪.

१.	देवाश्चतुर्निकाया: ।
२.	तृतीय: पीतलेश्य: ।
३.	दशाऽष्टपंचद्वादश-विकल्पा: कल्पोपपन्न-पर्यन्ता: ।

૧૩. (ધાતકી પછી કાલોદ સમુદ્રને વીંટીને રહેલ) પુષ્કરદ્વીપના અડધા ભાગમાં પણ ધાતકી ખંડ મુજબ જ ક્ષેત્ર પર્વત વગેરે છે.

૧૪. પુષ્કરદ્વીપના મધ્યે ગોળ વાડ જેવા પડેલા માનુષોત્તર પર્વતની પહેલાં એટલે આ બાજુજ મનુષ્યો છે.

૧૫. મનુષ્યો આર્ય અને મ્લેચ્છ એમ બે પ્રકારે છે. (ક્ષેત્ર-જાતિ-કુલ-કર્મ-શિલ્પ-ભાષાથી ૬ ભેદે આર્ય.)

૧૬. ભરત, ઐરાવત, અને દેવકુરુ- ઉત્તરકુરુ સિવાયનો મહાવિદેહ એ કર્મભૂમિ કહેવાય છે. (મોક્ષે જવા કર્મ કાઢવાની ભૂમિ તે કર્મભૂમિ)

૧૭. મનુષ્યમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમનું અને જઘન્ય અન્તર્મુહૂર્તનું હોય છે.

૧૮. તિર્યંચોમાં પણ એ મુજબ હોય છે.

• • •

૧. દેવો ચાર નિકાયના હોય છે.

૨. એકલી પીત (તેજો) લેશ્યાવાળી ત્રીજી જ્યોતિષ્કનિકાય (ના સૂર્ય આદિના વિમાન તો પ્રત્યક્ષ સિદ્ધ) છે. (લેશ્યા=શરીરનો વર્ણ. ભાવથી છ લેશ્યા હોય.)

૩. કલ્પોપપન્ન દેવ સુધીમાં એટલે કે ભવનપતિ વ્યંતર જ્યોતિષ્ક અને કલ્પોપપન્ન (સ્વામી-સેવકના વ્યવહારવાળા) વૈમાનિક દેવોમાં અનુક્રમે ૧૦-૮-૫-૧૨ ભેદો છે.

४. इन्द्र-सामानिक-त्रायस्त्रिंश-पारिषद्या-ऽऽत्मरक्षलोकपालाऽनीक प्रकीर्णका-ऽऽभियोग्य-किल्बिषिकाश्चैकशः ।
५. त्रायस्त्रिंशलोकपालवर्ज्या व्यन्तर-ज्योतिष्काः ।
६. पूर्वयोर्द्वीन्द्राः ।
७. पीतान्त-लेश्याः ।
८. काय-प्रवीचारा आ-ऐशानात् ।
९. शेषाः स्पर्श-रूप-शब्द-मनः-प्रवीचारा द्वयोर्द्वयोः ।
१०. परेऽप्रवीचाराः ।
११. भवनवासिनोऽसुर-नाग-विद्युत्-सुपर्णाऽग्नि-वात-स्तनितोदधि-द्वीप-दिक्-कुमाराः ।

૪. ઈન્દ્ર, સામાનિક (ઈન્દ્રનહિ છતાં રાજાના વડીલની માફક ઈન્દ્ર જેવા) ત્રાયસ્ત્રિંશ (મંત્રી પુરોહિત જેવા), પારિષદ્ય (મિત્ર જેવા), આત્મરક્ષ, (શરીરરક્ષક), લોકપાલ (કોટવાલ જાસૂસ જેવા) અનીક (સૈનિક જેવા), પ્રકીર્ણક (પ્રજાજેવા), આભિયોગ્ય (નોકરજેવા) અને કિલ્બિષ (ભંગી જેવા) આ દશ પ્રકારના દેવો દેવનિકાયમાં હોય છે. (પણ)

૫. ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ વિના આઠ પ્રકારના દેવ વ્યંતર અને જ્યોતિષ્કમાં હોય છે.

૬. ભવનપતિ અને વ્યંતર-આ પહેલી બે નિકાયમાં (દરેક ભેદે) બબ્બે ઈન્દ્ર હોય છે. (ભવનપતિમાં ૨૦ + વ્યંતરમાં - ૧૬ + વાણવ્યંતરમાં - ૧૬ + જ્યોતિષ્કમાં અસંખ્યાત પરંતુ જાતિ - ૨ + કલ્પોપપન્નમાં ૧૦=૬૪ ઈન્દ્ર)

૭. પહેલી બે નિકાયમાં કૃષ્ણ, નીલ, કાપોત અને પીત એમ પીત સુધીની ચાર લેશ્યા હોય છે.

૮. ભવનપતિથી ઠેઠ વૈમાનિકના ઈશાન દેવલોક સુધીના દેવો કાયાથી મૈથુન સેવનારા હોય છે,

૯. બાકી (ઉપરના) બબ્બે દેવલોકના દેવો અનુક્રમે સ્પર્શ-રૂપ-શબ્દદ્વારા વિષય સેવી, અને છેલ્લા (બેયુગલ) ચાર કલ્પોપપન્ન દેવલોકના દેવ માત્ર વિચારથી વિષયસેવી હોય છે.

૧૦. એની ઉપરના કલ્પાતીત વૈમાનિક દેવો (નવ ગ્રૈવેયકના અને પાંચ અનુત્તરવાસી જીવનભર) વિષયસેવી નથી હોતા, છતાં અપરિમિત પ્રીતિવાળા અને પરમ સુખતૃપ્ત હોય છે.



१२. व्यन्तराः किन्नर-किम्पुरुष-महोरग-गन्धर्व-यक्षराक्षस-भूत-पिशाचाः ।
१३. ज्योतिष्काः-सूर्याश्चन्द्रमसो-ग्रह-नक्षत्र-प्रकीर्णतारकाश्च ।
१४. मेरु-प्रदक्षिणा नित्य-गतयो नृ-लोके ।
१५. तत्कृतः काल-विभागः ।
१६. बहिरवस्थिताः ।
१७. वैमानिकाः ।
१८. कल्पोपपन्नाः कल्पातीताश्च ।
१९. उपर्युपरि ।
२०. सौधर्मैशान-सानत्कुमार-माहेन्द्र-ब्रह्मलोक-लान्तक-महाशुक्र-सहस्रारेष्वानत-प्राणतयो-रारणाच्युतयोर्नवसुग्रैवेयकेषु-विजय-वैजयन्त-जयन्ताऽपराजितेषु सर्वार्थसिद्धे च ।

૧૧. ભવનોમાં રહેતા ભવનપતિ દેવોના (દક્ષિણ ઉત્તરે) ૧૦ વિભાગ છે. અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુપર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર અને દિક્કુમાર,

૧૨. વ્યંતરનિકાયના દેવના ૮ વિભાગ છે, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગાન્ધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ.

૧૩. જ્યોતિષ્ક દેવોના ૫ વિભાગ છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને છૂટા તારા.

૧૪. મનુષ્ય લોકમાં આ પાંચ (જ્યોતિષ્કના વિમાન) મેરુને પ્રદક્ષિણા દેતા હંમેશાં ફરે છે.

૧૫. આ ચર જ્યોતિષ્ક વિમાનના ફરવાને અનુસારે કાળનો વિભાગ થાય છે.

૧૬. મનુષ્યલોકની બહારના જ્યોતિષ્ક (ના વિમાન) સદા સ્થિર છે.

૧૭. વૈમાનિક એ ચોથી દેવનિકાય છે.

૧૮. તે કલ્પોપપન્ન અને કલ્પાતીત (સૌ અહમિન્દ્ર) એમ બે પ્રકારે છે.

૧૯-૨૦. એક એકથી ઉપર ઉપર આવેલા સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, મહાશુક્ર, સહસ્રાર, આનત-પ્રાણત, આરણ-અચ્યુત, (એ બાર દેવલોક) નવગ્રૈવેયક (માંની પ્રત્યેક) અને વિજય-વૈજયન્ત-અપરાજિત-સર્વાર્થસિદ્ધ (એ અનુત્તરપંચક ને વિષે વૈમાનિક દેવો વસે છે.

२१. स्थिति-प्रभाव-सुख-द्युति-लेश्या-विशुद्धीन्द्रीयावधि विषयतोऽधिकाः ।
२२. गति-शरीर-परिग्रहाऽभिमानतो हीनाः ।
२३. पीत-पद्म-शुक्ल-लेश्या-द्वि-त्रि-शेषेषु ।
२४. प्राग् ग्रैवेयकेभ्यः कल्पाः ।
२५. ब्रह्मलोकालया लोकान्तिकाः ।
२६. सारस्वतादित्य-वह्न्यरुण-गर्दतोय-तुषिता-ऽव्याबाध-मरुतोऽरिष्टाश्च ।
२७. विजयादिषु द्विचरमाः ।
२८. औपपातिक-मनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ।
२९. स्थितिः ।

૨૧. ઉપર ઉપરના દેવો આયુષ, પ્રભાવ (વૈક્રિય રૂપ, બલ વગેરેની શક્તિ), શુભ-ક્ષેત્ર-પુદ્‌ગલોથી થતું સુખ, તેજ, લેશ્યાની નિર્મલતા, ઇન્દ્રિયપટુતા અને અવધિજ્ઞાનના વિષયની વિશાલતાને આશ્રીને પૂર્વપૂર્વના દેવ કરતાં ચઢીયાતા હોય છે. (પણ)

૨૨. અધોગમન, શરીરઉંચાઈ, વિમાનસંખ્યા પરિગ્રહ અને અભિમાનમાં હીન હીન હોય છે.

૨૩. પહેલા બે દેવલોક (સૌધર્મ ઇશાન)માં પીત (તેજો) લેશ્યા, પછીના ત્રણ (૩ થી ૫ માં) દેવલોકમાં પદ્મ લેશ્યા, અને બાકી ઠેઠ ઉપર સુધી શુક્લ લેશ્યા હોય છે.

૨૪. ગ્રૈવેયકની નીચેના કલ્પ કહેવાય છે. (ઇન્દ્ર આદિ દશની કલ્પના છે માટે.)

૨૫. લોકાન્તિક દેવો પાંચમા બ્રહ્મનામના દેવલોકના અંતે વાસ કરનારા હોય છે.

૨૬. એ (આઠ પ્રકારના ઇશાન કોણથી આઠે દિશામાં) સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ અને મરુત, તથા (મધ્યે) અરિષ્ટ નામે છે.

૨૭. અનુત્તરના વિજય આદિ ચાર વિમાનને વિષે દેવો દ્વિચરમ ભવવાળા હોય છે. અર્થાત્ વધુમાં વધુ પછી બે ભવ કરી છેલ્લા (ત્રીજા) મનુષ્ય ભવમાં સિદ્ધ થાય છે.

૨૮. ઉપપાત જન્મવાળા દેવ તથા નારક અને મનુષ્ય પછીથી બાકી રહેલા જીવો તિર્યંચયોનિ (ગતિ) વાળા કહેવાય છે.

૨૯-૩૦. ઉત્કૃષ્ટ આયુષ્ય મેરુની દક્ષિણે અડધા ભવનપતિમાં (નવ) ઇન્દ્રોનું



३०. भवनेषु दक्षिणार्धाऽधिपतीनां पल्योपममध्यर्धम् ।
३१. शेषाणां पादोने ।
३२. असुरेन्द्रयोः सागरोपममधिकं च ।
३३. सौधर्मादिषु यथाक्रमम् ।
३४. सागरोपमे ।
३५. अधिके च ।
३६. सप्त सानत्कुमारे ।
३७. विशेष-त्रि-सप्त-दशैकादश-त्रयोदश-पंचदश-भिरधिकानि च ।
३८. आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थ-सिद्धे च ।
३९. अपरा पल्योपममधिकं च ।
४०. सागरोपमे ।
४१. अधिके च ।

દોઢ પલ્યોપમ હોય છે.

૩૧. બાકીના ઉત્તરાર્ધના ૯ ઇન્દ્રોનું પોણાબે પલ્યોપમ હોય છે.

૩૨. દક્ષિણાર્ધ અસુરેન્દ્રનું એક સાગરોપમ, અને ઉત્તરાર્ધ અસુરેન્દ્રનું એક સાગરોપમથી કાંઈક અધિક હોય છે.

૩૩,૩૪,૩૫. સૌધર્માદિમાં ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે (૧લામાં) બે સાગરોપમ અને (૨જામાં) બે સાગરોપમથી કાંઈક અધિક હોય છે.

૩૬. ત્રીજા સનત્કુમારમાં સાત સાગરોપમ હોય છે.

૩૭. ચોથામાં સાત સાગરોપથી અધિક, પાંચમામાં ૭+૩=૧૦, છટ્ઠામાં ૭+૭=૧૪, સાતમામાં ૭+૧૦=૧૭,આઠમામાં ૭+૧૧=૧૮, નવમા અને દશમામાં ૭+૧૩=૨૦ અને અગિઆરમા બારમામાં ૭+૧૫=૨૨ સાગરોપમ હોય છે.

૩૮. ૧૧-૧૨મા આરણ-અચ્યુતની ઉપર નવ ગ્રૈવેયક, વિજયાદિ ચાર અને સર્વાર્થસિદ્ધમાં એકેક વધે, (૧લી ગ્રૈ. માં ૨૩, ૨જીમાં ૨૪, ૯મીમાં ૩૧ વિજયાદિમાં ૩૨, અને સર્વાર્થમાં ૩૩ સાગરોપમ.)

૩૯. જઘન્ય આયુષ્ય ૧લા દેવલોકથી અનુક્રમે એક પલ્યોપમ (સૌધર્મમાં) અને એક પલ્યોપમથી કાંઈક અધિક (૨જા ઇશાનમાં) છે.

૪૦-૪૧. ૩જા સનત્કુમારમાં બે સાગરોપમ, અને ૪થા માહેન્દ્રમાં બે સાગરોપમથી કાંઈક અધિક હોય છે.

४२. परतः परतः पूर्वा पूर्वाऽनन्तरा ।
४३. नारकाणां च द्वितीयादिषु ।
४४. दशवर्षसहस्राणि प्रथमायाम् ।
४५. भवनेषु च ।
४६. व्यन्तराणां च ।
४७. परा पल्योपमम् ।
४८. ज्योतिष्काणामधिकम् ।
४९. ग्रहाणामेकम् ।
५०. नक्षत्राणमर्धम् ।
५१. तारकाणां चतुर्भागः ।
५२. जघन्या त्वष्टभागः ।
५३. चतुर्भागः शेषाणाम् ।

---

૪૨. ૪થાની ઉપર ઉપરના દેવલોકમાં પોત પોતાના પૂર્વની જે ઉત્કૃષ્ટ સ્થિતિ, એજ પછીનાની જઘન્ય સ્થિતિ છે.

૪૩. બીજી આદિ નરકમાં નારકોનું જઘન્ય આયુષ્ય પૂર્વપૂર્વના ઉત્કૃષ્ટ આયુષ્ય મુજબ છે.

૪૪-૪૫-૪૬. જઘન્ય દશ હજાર વર્ષનું આયુ પહેલી નરકમાં, ભવનવાસિનું અને વ્યંતરોનું હોય છે.

૪૭,૪૮, વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમનું હોય છે, અને જ્યોતિષ્ક દેવોનું એક પલ્યોપમથી અધિક હોય છે (અધિકમાં સૂર્યનું ૧૦૦૦ વર્ષ અને ચંદ્રનું ૧ લાખ વર્ષ હોય છે. વ્યંતર દેવીનું અર્ધ પલ્યોપમ, અને જ્યોતિષ્ક દેવીનું અર્ધ પલ્યોપમ+૫૦,૦૦૦ વર્ષ.)

૪૯-૫૦-૫૧. ઉત્કૃષ્ટ આયુષ્ય ગ્રહોનું ૧ પલ્યોપમ; નક્ષત્રોનું $\frac{૧}{૨}$ પલ્યોપમ અને તારાનું $\frac{૧}{૪}$ પલ્યોપમનું હોય છે.

૫૨-૫૩, જઘન્ય આયુ તારાનું $\frac{૧}{૮}$ પલ્યોપમ,અને બાકીના જ્યોતિષ્કનું $\frac{૧}{૪}$ પલ્યોપમનું હોય છે.

• • •



# અધ્યાય-૫.

१. अजीवकाया धर्माऽधर्माऽऽकाश-पुद्गलाः ।
२. द्रव्याणि जीवाश्च ।
३. नित्याऽवस्थितान्यरूपाणि च ।
४. रूपिणः पुद्गलाः ।
५. आ-आकाशादेकद्रव्याणि ।
६. निष्क्रियाणि च ।
७. असंख्येयाः प्रदेशा धर्माऽधर्मयोः ।
८. जीवस्य च ।
९. आकाशस्याऽनन्ताः ।
१०. संख्येयाऽसंख्येयाश्च पुद्गलानाम् ।
११. नाऽणोः ।

---

૧. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને પુદ્ગલાસ્તિકાય એ ચાર અજીવકાય છે. ('કાય' શબ્દ પ્રદેશનો સમૂહ સૂચવે છે. એથી સમય રૂપ કાળ કાય નથી ગણાતો.)

૨. એ ચાર દ્રવ્ય છે, અને જીવો પણ દ્રવ્ય છે. (કુલ પાંચ દ્રવ્ય, ગુણ પર્યાયવાળું તે દ્રવ્ય)

૩. એ દ્રવ્યો નિત્ય છે. પોતાના મુખ્ય સ્વરૂપ (ધર્મત્વ પુદ્ગલત્વ જીવત્વ વગેરે) ને પલટતા નથી, અને (પુદ્ગલ સિવાયના) અરૂપી-અમૂર્ત છે.

૪. પુદ્ગલ રૂપી-મૂર્ત છે.

૫-૬. આકાશ સુધીના અર્થાત્ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય સંખ્યામાં એકેકજ દ્રવ્ય છે, અને તે ગમનાદિ ક્રિયાવિનાના છે.

૭. ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયને અસંખ્યાત પ્રદેશ છે. (પ્રદેશ=ઝીણામાં ઝીણો અંશ)

૮. દરેક જીવને પણ તેટલાજ અસંખ્યાત પ્રદેશ છે.

૯. (ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોને રાખનાર લોકાકાશને પણ તેટલાજ અસંખ્યાત પ્રદેશ છે, અલોક કે લોકાલોક) આકાશને અનંતા પ્રદેશ છે.

૧૦. પુદ્ગલ-સ્કંધોને સંખ્યાત, અસંખ્યાત કે અનંત પ્રદેશ હોય છે.

૧૧. પરમાણુ પુદ્ગલને (દ્રવ્ય) પ્રદેશો નથી.

१२. लोकाकाशेऽवगाहः ।
१३. धर्माऽधर्मयोः कृत्स्ने ।
१४. एक-प्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ।
१५. असंख्येय-भागादिषु जीवानाम् ।
१६. प्रदेश-संहार-विसर्गाभ्यां प्रदीपवत् ।
१७. गति-स्थित्युपग्रहो धर्माऽधर्मयोरुपकारः ।
१८. आकाशस्याऽवगाहः ।
१९. शरीर वाङ्मनः-प्राणापानाः पुद्गलानाम् ।
२०. सुख-दुःख-जीवित-मरणोपग्रहाश्च ।
२१. परस्परोपग्रहो जीवानाम् ।
२२. वर्तना परिणामः क्रिया परत्वाऽपरत्वे च कालस्य ।

૧૨. ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનો લોકાકાશમાં જ વાસ છે (પણ તે વ્યવહારનયે. નિશ્ચયનયે તો દ્રવ્યો પોતામાંજ રહે છે)

૧૩. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો આખાય લોકાકાશમાં વાસ છે.

૧૪. પુદ્ગલ દ્રવ્યોનો અનિયતપણે આકાશના એક પ્રદેશથી માંડી અસંખ્ય પ્રદેશોમાં વાસ છે.

૧૫. જીવોનો લોકાકાશના અસંખ્યાતમા ભાગોમાં વાસ છે. સૂત્રમાં 'ભાગાદિ' શબ્દમાંના આદિ શબ્દથી આખા લોકાકાશમાં કેવલી-સમુદ્ઘાત વખતે વ્યાપે એ સમજવું.

૧૬. દીવાના પ્રકાશની જેમ જીવના પ્રદેશોનો સંકોચ અને વિકાસ થવાથી જીવનો ભિન્ન ભિન્ન અવગાહ (આકાશ-ભાગને વ્યાપવાનું) થાય છે.

૧૭. ધર્માસ્તિકાયનો ગુણ જીવ-પુદ્ગલને ગમનમાં સહાય કરવાનો અને અધર્માસ્તિકાયનો ગુણ સ્થિરતામાં સહાય કરવાનો છે. (જેમ માછલીની ગતિમાં પાણી અને મુસાફરની સ્થિરતામાં વૃક્ષ સહાયક છે તેમ.)

૧૮. આકાશનો ગુણ (બીજા દ્રવ્યને) અવકાશ આપવાનો છે.

૧૯-૨૦. પુદ્ગલ દ્રવ્યોનો ગુણ (પ્રયોજન) શરીર, ભાષા, મન, શ્વાસો-શ્વાસ બનવાનો છે. તેમજ સુખ-દુઃખ-જીવન-મરણમાં નિમિત્ત થવાનો છે.

૨૧. જીવોનો ગુણ એક બીજાને ઉપકાર કરવાનો છે. (હિતાહિતનો ઉપદેશ દઈને)

૨૨. કાળનો ઉપકાર પદાર્થોમાં વર્તના, પરિણામ, ક્રિયા અને પરત્વ-અપરત્વ



२३. स्पर्श-रस-गन्धवर्णवन्तः पुद्गलाः ।
२४. शब्द-बन्ध-सौक्ष्म्य-स्थौल्य-संस्थान-भेद-तमश्छायाऽऽतपोद्योतवन्तश्च ।
२५. अणवः स्कन्धाश्च ।
२६. संघात-भेदेभ्य उत्पद्यन्ते ।
२७. भेदादणुः ।
२८. भेद-संघाताभ्यां चाक्षुषाः ।
२९. उत्पाद-व्यय-ध्रौव्य-युक्तं सत् ।
३०. तद्-भावाऽव्ययं नित्यम् ।

થવું એ છે. (**વર્તનાથી** સર્વપદાર્થો તે તે કાળે વર્તે છે. **પરિણામ**થી બાલ યુવાન આદિ ભિન્ન ભિન્ન અવસ્થા, ઋતુ-વિભાગ ભરતી, ઓટ વગેરે થાય છે. **ક્રિયા** એટલે દ્રવ્યપરિણામ, એથી (i) જીવમાં શરીર-આહાર-વર્ણઆદિ સંબંધી **પ્રયોગ-ઉત્પાદ**=પ્રયત્નથી સાધ્ય ક્રિયા; (ii) અજીવમાં વિચિત્રાકાર સંધ્યા-ઇંદ્રધનુષ્યાદિ સંબંધી **વિસ્રસા-ઉત્પાદ** = કુદરતી નિર્માણ; અને (iii) ઘડો વગેરે બનવા સંબંધમાં મિશ્ર (પ્રયોગ-વિસ્રસા) **ઉત્પાદ**રૂપ ક્રિયા તે તે કાળે થાય છે. અતીત-વર્તમાનનો સંભેળ નથી થતો ...ઇત્યાદિ. **પરત્વ**થી આ આનાથી મોટો કે જૂનો એમ થાય છે. **અપરત્વ**થી નાનો કે નવો એમ થાય છે.

૨૩. અણુ કે સ્કંધ પુદ્ગલો (સ્વપરિણામભૂત) સ્પર્શ, રસ, ગંધ અને રૂપવાળા હોય છે જ.

૨૪. સ્કંધ પુદ્ગલો (અનેક નિમિત્તથી) શબ્દ, પ્રયોગબંધ આદિ, સૂક્ષ્મતા, સ્થૂલતા, આકૃતિ, વિભાગ, અંધકાર, છાયા, તડકો અને ચંદ્ર-રત્નાદિના પ્રકાશ સ્વરૂપ પરિણામવાળા હોય છે.

૨૫. પુદ્ગલો બે પ્રકારે :- અણુઓ અને સ્કંધો.

૨૬. સ્કંધો ત્રણ રીતે બને છે. (i) પુદ્ગલોના ભેગા મળવાથી (ii) જૂના સ્કંધમાંથી પુદ્ગલો છૂટા પડવાથી, અને (iii) સંઘાત-ભેદ બન્નેથી.

૨૭. અણુઓ ફક્ત ભેદથી ઉત્પન્ન થાય છે.

૨૮. ઇન્દ્રિયથી જાણી શકાય એવા સ્કંધો ભેદ-સંઘાત બન્નેથી બને છે. પણ કેવળ ભેદથી કે કેવળ સંઘાતથી નહિ.

૨૯. ઉત્પતિ, નાશ અને નિત્યતા (કાયમપણું) આ ત્રણે ધર્મોવાળું જ સત્ કહેવાય.

૩૦. (i) વસ્તુના સ્વરૂપમાંથી જેનો ત્રિકાલમાં ફેરફાર નથી થતો તે નિત્ય

३१. अर्पिताऽनर्पित-सिद्धेः ।

३२. स्निग्ध-रुक्षत्वाद् बन्धः ।

३३. न जघन्य-गुणानाम् ।

३४. गुण-साम्ये सदृशानाम् ।

३५. द्व्यधिकादिगुणानां तु ।

છે. (ii) પોતાની ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં સત્ આદિ અન્વયિ (ન પલટાનાર) અંશે કરીને વસ્તુ નિત્ય છે. (iii) અવ્યયં એટલે કોઈ કાલમાં અછતું નહિ એવું વસ્તુનું સર્વ અવસ્થામાં નિર્વિકાર સ્વરૂપ નિત્ય છે.

૩૧. (૧) ગયા સૂત્રમાં **અર્પિત** એટલે બતાવેલા નિત્યના સ્વરૂપ પરથી, **અનર્પિત** એટલે ન બતાવેલા ઉત્પત્તિ-નાશનાં સ્વરૂપ વિપરીત છે. એ સમજી શકાય છે, માટે નથી કહ્યા, (૨) ધ્રૌવ્ય એટલે દ્રવ્યાંશ અને ઉત્પાદ-વ્યય એ પર્યાયઅંશ-આ બેમાંથી પ્રયોજન પડે, **અર્પિત** એટલે મુખ્યતાએ વ્યવહાર કરાતો એક અને **અનર્પિત** એટલે મુખ્યતાએ વ્યવહાર ન કરાતો બીજો આવા બંને ધર્મ એકજ વસ્તુમાં પ્રસિદ્ધ છે માટે એકજ વસ્તુમાં ઉત્પાદ-વ્યયની સાથે નિત્યતાનો વિરોધ નથી અને લોકવ્યવહાર પણ ઘટી શકે છે. વસ્તુનો જે રીતે વ્યવહાર જે કાળે કરાતો હોય તેટલો જ ધર્મ તે કાળે એનામાં માની બીજા સત્ ધર્મોનો નિષેધ ન કરાય, કેમકે, કાલાન્તરે એજ વસ્તુનો બીજી રીતે બીજા ધર્મરૂપે પણ વ્યવહાર થાય છે.(૩) **અર્પિત** એટલે સાક્ષાત્ શબ્દથી કહેવાતું વસ્તુ એક સ્વરૂપ એ, **અનર્પિત** એટલે એજ વસ્તુમાં સમજી શકાતા એવા, વિરુદ્ધ જેવા પણ દેખાતા બીજા સ્વરૂપથી (ધર્મથી) જ સિદ્ધ છે. માટે..

**અર્પિત-અનર્પિત**ના બીજા પણ અર્થો જેવાં કે (૪) સકલાદેશ (પ્રમાણ) વિકલાદેશ (નય) (૫) સ્વપર્યાય-પરપર્યાય. (૬) અર્થપર્યાય-વ્યંજનપર્યાય (૭) અનાદિ-સાદિ (૮) યુગપત્ (એક સાથે વિદ્યમાન) ક્રમિક, વગેરેથી ઘટાવવું.

૩૨. સ્નિગ્ધ કે લુખ્ખા અણુ અથવા સ્કંધનો ભેગા મળવાથી એકાકાર સંબંધ થાય છે. એથી બેનો એક સ્કંધ બને છે.

૩૩. પરંતુ એકઅંશ-સ્નિગ્ધ ગુણવાળા અને એકઅંશ રૂક્ષ ગુણવાળાનો બંધ નથી થતો.

૩૪. ગુણની સમાનતા (સજાતીયતા) હોય ત્યાં એટલે કે સ્નિગ્ધ-સ્નિગ્ધમાં અને રૂક્ષ-રૂક્ષમાં સરખા અંશના ગુણવાળાનો બંધ નથી થતો (અર્થાત્ સરખા અંશના વિજાતીય ગુણવાળાનો બંધ થાય).

૩૫. સજાતીય ગુણવાળામાંય બે કે વધુ અધિક અંશના ગુણવાળા સાથે બંધ થાય.



३६. बन्धे समाधिकौ पारिणामिकौ ।

३७. गुण-पर्यायवद् द्रव्यम् ।

३८. कालश्चेत्येके ।

३९. सोऽनन्त-समयः ।

४०. द्रव्याश्रया निर्गुणा गुणाः ।

४१. तद्भावः परिणामः ।

४२. अनादिरादिमांश्च ।

४३. रूपिष्वादिमान् ।

४४. योगोपयोगौ जीवेषु ।

૩૬. બંધ થાય ત્યાં સમાન અંશનો કે અધિક અંશનો ગુણ બીજાને પોતાના જેવો કરે છે. (**સમાન અંશ સ્થલે** વિજાતીયનો જ બંધ હોય છે. એથી સ્નિગ્ધ પુદ્ગલ પોતાની સ્નિગ્ધતાવડે પોતાની સાથે બંધાતા બીજા રૂક્ષ પુદ્ગલને આત્મસાત્ કરે, એટલે કે સ્નિગ્ધ જેવો કરે, અથવા કદાચિત્ રૂક્ષ પુદ્ગલ બીજા સ્નિગ્ધને આત્મસાત્ કરે **અધિક અંશ સ્થલે** સજાતીયના બંધમાં અધિક અંશવાળો ન્યૂન અંશ વાળાને પોતાના સમાન અધિક અંશવાળો કરે. જેમ વિલેપનમાં ભળેલી કસ્તૂરી વિલેપનના ગુણનો અંશ વધારી દે તેમ.)

૩૭. (પરિણામ-પરિણામિભાવે) ગુણ અને પર્યાય ધારણ કરનારને દ્રવ્ય કહેવાય.

૩૮. કેટલાક આચાર્ય (દ્રવ્યાસ્તિક નયનો આધાર ન લઈ, ભેદ નયના હિસાબે) કહે છે કે કાળ પણ છઠ્ઠું દ્રવ્ય છે. (એ ન હોય તો પદાર્થો ઉપર વર્તના-પરિણામ સ્વરૂપ ઉપકાર કોણ કરે ?)

૩૯. તે કાળ (અતીત અનંત સમય, વર્તમાન એક સમય અને ભાવિ અનંત સમયો મળીને) અનંત સમયોવાળો છે.

૪૦. ગુણો દ્રવ્યના પરિણામરૂપે દ્રવ્યમાં રહેનારા અને સ્વયં ગુણવિનાના છે.

૪૧-૪૨. સ્વયં વસ્તુનું જ તે તે રૂપે હોવું કે થવું એને પરિણામ કહેવાય. તે બે પ્રકારે :- (૧) અનાદિનો અને (૨) નવો બનતો (પ્રારંભવાળો).

૪૩. રૂપી-મૂર્ત દ્રવ્યોને વિષે ભિન્ન ભિન્ન સ્પર્શાદિ પરિણામ એ પ્રારંભવાળા (અર્થાત્ નવા શરૂ થતા) હોય છે. પણ સ્પર્શાદિ કોઈ પરિણામ અનાદિનો નથી હોતો.

૪૪. જીવોને વિષે મન વચન કાયાની પ્રવૃત્તિરૂપ યોગ, અને જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગ એ સાદિ પરિણામ છે.

• • •

## અધ્યાય-૬.

१. काय-वाङ्-मनः-कर्म योगः ।

२. स आश्रवः ।

३. शुभः पुण्यस्य ।

४. अशुभः पापस्य ।

५. सकषायाऽकषाययोः साम्परायिकेर्यापथयोः ।

६. अव्रत-कषायेन्द्रिय-क्रियाः पंच-चतुः-पंच-पंचविंशतिसंख्याः पूर्वस्य भेदाः ।

७. तीव्र-मन्द-ज्ञाताऽज्ञात-भाव-वीर्याऽधिकरण-विशेषेभ्यस्तद्विशेषः ।

८. अधिकरणं जीवाऽजीवाः ।

(જીવ અને અજીવ તત્ત્વ કહી આવ્યા પછી આસ્રવ તત્ત્વ કહે છે.)

૧-૨. શરીર, વચન અને મનની પ્રવૃત્તિને યોગ કહે છે; તે ત્રણે પ્રકારનો યોગ આસ્રવ છે.

૩. અહિંસા, સત્ય આદિ શુભ યોગ એ શાતાવેદનીય કર્મ આદિ પુણ્ય-બંધ માટેનો આસ્રવ છે.

૪. હિંસા આદિ અશુભયોગ અશાતાવેદનીય કર્મ આદિ પાપ કર્મનો આસ્રવ છે.

૫. કષાયયુક્ત આત્માના યોગ એ સાંપરાયિક બંધનો આસ્રવ છે, અને વીતરાગ બનેલાનો યોગ ઈર્યાપથ બંધનો આસ્રવ છે. (સંપરાય=ચાર ગતિ રૂપ સંસાર, સંસારપરિભ્રમણના હેતુભૂત કર્મ તે સાંપરાયિક કર્મ; એની સ્થિતિ લાંબી હોય. જ્યારે ઈર્યાપથ કર્મ વીતરાગ જે સમયે બાંધે એના બીજા જ સમયે ભોગવે અને ત્રીજા સમયે તો આત્મા-પરથી છૂટી જાય. ઈર્યા=આગમાનુસારી ગતિ કે સ્થિતિ; એ માર્ગે આવતું કર્મ તે ઈર્યાપથ કર્મ.)

૬. પાંચ ઇન્દ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત (અવિરતિ), અને પચીસ ક્રિયા એ પહેલા સાંપરાયિક બંધના આસ્રવના પ્રકાર છે.

૭. તીવ્રભાવ, મંદભાવ, (ભાવ=પરિણામ) ઈરાદો, અજાણપણું, વીર્ય (શક્તિ, તાકાત) અને અધિકરણ (જેથી આત્મા દુર્ગતિનો અધિકારી બને છે તે) ની વિશેષતાએ કર્મબંધમાં તફાવત પડે છે.

૮. (છેદન શસ્ત્રાદિ-દ્રવ્યઅધિકરણ અને સંરંભ-આદિ ભાવઅધિકરણ એમ બે પ્રકારનું) અધિકરણ જીવ- અધિકરણ તેમજ અજીવ-અધિકરણ સ્વરૂપ હોય છે. (આત્માના હિંસાદિ પરિણામરૂપ આસ્રવની ઉત્પત્તિમાં બાહ્ય કોઈ જીવ કે જડ વસ્તુ



९. आद्यं संरम्भ-समारम्भाऽऽरम्भ-योग-कृत-कारिताऽनुमत कषाय-विशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ।

१०. निर्वर्तना-निक्षेप-संयोग-निसर्गाद्वि-चतुर्द्वि-त्रि-भेदाः परम् ।

११. तत्प्रदोष-निह्नव-मात्सर्याऽन्तराया-ऽऽसादनोपघाताज्ञान-दर्शना-ऽऽवरणयोः ।

નિમિત્ત બને છે. એથી હિંસાદિ પરિણામને જીવ-અધિકરણ તેમજ અજીવ-અધિકરણ કહેવાય.)

૯. તેમાં પહેલું (અંતરંગ) જીવ-અધિકરણ ૧૦૮ પ્રકારે સંરંભ સમારંભ અને આરંભ અને ત્રણ પ્રત્યેક મનથી, વચનથી અને કાયાથી એમ નવ-દરેક સ્વયં કર્યું, બીજા પાસે કરાવ્યું અને કોઈ કરે એમાં સંમતિ પ્રશંસા ધરી એમ ૨૭-દરેક ક્રોધવશે, માનવશે, માયાવશે, કે લોભવશે, એમ ૧૦૮ (સંરંભ=હિંસાદિનો સંકલ્પ. સમારંભ=હિંસાદિના સાધનનો ઉપયોગ જેથી પરને પીડા થાય. આરંભ=હિંસાદિક્રિયા, જેનાથી પ્રાણીનો વધ નીપજે.)

૧૦. બીજું (બાહ્ય) અજીવ અધિકરણ:- અજીવની બે પ્રકારે **નિર્વર્તના,** ચાર પ્રકારે **નિક્ષેપ,** બે ભેદે **સંયોગ** અને ત્રણભેદે **નિસર્ગ** સ્વરૂપ છે. (**નિર્વર્તના:**-૧ મૂલ ગુણ નિર્વર્તના અધિકરણ એટલે પાંચશરીર, ભાષા, મન અને શ્વાસોશ્વાસ, ૨. ઉત્તરગુણનિર્વર્તના અધિકરણ એટલે કાષ્ઠ, વસ્ત્ર, ચિત્રકર્મ વગેરે **નિક્ષેપ:-** ૧ વગર જોઈ ભૂમિએ કાંઈ મૂકવું તે અપ્રત્યવેક્ષિત નિક્ષેપાધિકરણ, ૨. જોયા પછી પણ ત્રણ વાર ઠીક ન પૂંજેલી જગાએ કાંઈ મૂકવું તે દુષ્પ્રમાર્જિત નિ૰ ૩. જોવા પૂંજવાનો યત્ન છતાં શક્તિના અભાવે એકાએક વગર જોયેલ પૂંજેલ જગાએ કાંઈ મૂકાઈ જવું તે સહસા નિ૰, અને ૪. અજ્ઞાનથી કે ભૂલમાં તેમ બનવું તે અનાભોગનિ૰ **સંયોગ :-** ૧. આહાર પાણી સાથે એને યોગ્ય ઈષ્ટવસ્તુનો સંયોગ તે ભક્ત પાન સંયોજના૰ અને ૨. વસ્ત્રપાત્રાદિ સંબંધી ઉપકરણ સંયોજના૰ **નિસર્ગ :-** ૧. અવિધિએ સ્વચ્છન્દપણે (શાસ્ત્ર વિરુદ્ધ એવો) કરાતો કાયાનો ત્યાગ તે કાયનિસર્ગાધિકરણ એવી રીતે ૨-૩, શાસ્ત્રને અસંમત બોલવું અને વિચારવું તે વાઙ્નિસર્ગા૰ અને મનોનિસર્ગાધિકરણ.)

૧૧. જ્ઞાન જ્ઞાની કે જ્ઞાનનાં સાધનો, તેમજ દર્શન દર્શની કે દર્શનનાં સાધનો ઉપર દ્વેષ, એમનો અપલાપ, એમના પર ઈર્ષા-ખાર, જ્ઞાની-દર્શનીને અંતરાય, કોઈને જ્ઞાન વગેરેનો અંતરાય, જ્ઞાની વગેરેની આશાતના કે નાશ એ જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મ બંધાવનારા આસ્રવ છે.

१२. दु:ख-शोक-तापाऽऽक्रन्दन-वध-परिदेवनान्याऽऽत्म-परोभय-स्थान्यसद्वेद्यस्य ।
१३. भूतव्रत्यनुकम्पा दानं सराग-संयमादियोग: क्षान्ति: शौचमिति सद्वेद्यस्य।
१४. केवलि-श्रुत-संघ-धर्म-देवाऽवर्णवादो दर्शनमोहस्य ।
१५. कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्र-मोहस्य ।
१६. बह्वारम्भ-परिग्रहत्वं च नारकस्यायुष: ।
१७. माया तैर्यग्योनस्य ।
१८. अल्पारम्भ-परिग्रहत्वं स्वभाव-मार्दवार्जवं च मानुषस्य ।
१९. नि:शील-व्रतत्वं च सर्वेषाम् ।

૧૨. પોતાના કે બીજાના આત્માને કરાતી સર્વજ્ઞ શાસ્ત્રને અસમંત એવી પીડા, શોક, સંતાપ, કરુણ- રુદન, પ્રહાર, કે વારંવાર ઘોર વિલાપ એ અશાતા વેદનીય કર્મના આસ્રવ છે.

૧૩. સર્વ જીવો પર દયા, વ્રતધારી શ્રાવક-સાધુ પર ભક્તિભાવ, દાન, સરાગસંયમ (વીતરાગતા પૂર્વેનું,) શ્રાવકના વ્રત, પરાધીનપણે કરાતો ઉપભોગનો નિરોધ, પંચાગ્નિ-તપઆદિ કષ્ટયોગ, ક્ષમા (ક્રોધને જન્મવા ન દેવો અને જન્મેલા ક્રોધને નિષ્ફલ કરવો), શૌચ (તૃષ્ણારૂપી મલનો નાશ) વગેરે શાતા વેદનીયના આસ્રવ છે. (વગેરેથી ધર્મપ્રેમ, તપ, સામાયિક, જિનપૂજા, વૈયાવચ્ચ આદિ.)

૧૪. કેવલજ્ઞાની, સર્વજ્ઞના શાસ્ત્રો સાધુ-સાધ્વી, શ્રાવક શ્રાવિકા સંઘ, સાધુ-ધર્મ કે શ્રાવક-ધર્મ અને ચાર નિકાયના દેવોની નિંદા-એ દર્શન મોહનીય (મિથ્યાત્વ કર્મ) નો આસ્રવ છે.

૧૫. કષાયોના ઉદયથી જન્મતો આત્માનો તીવ્ર રૌદ્ર પરિણામ એ ચારિત્ર મોહનો આસ્રવ છે.

૧૬. બહુ જીવનાશના કારણભૂત કૃષિ વગેરેની માનસિક-વાચિક-કાયિક-પ્રવૃત્તિ સ્વરૂપ **બહુ આરંભ,** અને દેહધનાદિ ઉપર ગાઢ મૂર્છાત્મક **બહુ પરિગ્રહ** (તથા માંસાહાર અને પંચેન્દ્રિય વધ) એ નરકના આયુષ્યના આસ્રવ છે.

૧૭. (મુખ્યતાએ) માયા=પ્રપંચ એ તિર્યંચ-આયુનો આસ્રવ છે.

૧૮. અલ્પઆરંભ, અલ્પપરિગ્રહ, સ્વાભાવિક (નિ:સ્વાર્થ) નમ્રતા અને સરલતા એ મનુષ્યના આયુના આસ્રવ છે.

૧૯. નિ:શીલતા અને અવિરતિ એ ઉપર કહેલ ત્રણે આયુષ્યના આસ્રવ છે.(શીલ=ઉત્તરગુણ, વિરતિ=અણુવ્રત-મહાવ્રત.)



२०. सरागसंयम-संयमाऽसंयमाऽकामनिर्जरा-बालतपांसि दैवस्य ।
२१. योग-वक्रता विसंवादनं चाऽशुभस्य नाम्न: ।
२२. विपरीतं शुभस्य ।
२३. दर्शन-विशुद्धिर्विनय-संपन्नता शील-व्रतेष्वनति-चारोऽभीक्ष्णं ज्ञानोपयोग-संवेगौ शक्तितस्त्यागतपसी संघ-साधु-समाधि-वैयावृत्यकरणमर्हदाचार्य-बहुश्रुत-प्रवचन-भक्तिरावश्यकाऽ-परिहाणि-र्मार्ग-प्रभावना-प्रवचन-वत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ।
२४. पराऽऽत्मनिन्दा-प्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ।
२५. तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ।
२६. विघ्नकरणमन्तरायस्य ।

૨૦. સરાગસંયમ, દેશવિરતિ, પરાધીનપણે (અનિચ્છાએ) અશુભ પ્રવૃત્તિનો અને આહારાદિનો નિરોધ, અજ્ઞાન તપ-કષ્ટ એ દેવાયુના આસ્રવ છે.

૨૧-૨૨. મનવચનકાયાની પ્રપંચી પ્રવૃત્તિ અને વિસંવાદન (સાચાને ખોટું ઠરાવવાનો, મતિ-વિપર્યાસ કરવાનો યત્ન વગેરે) એ અશુભ નામ કર્મના આસ્રવછે. આથી ઊલટા, યોગની સરલતા સંવાદન-એ શુભ નામના આસ્રવ છે.

૨૩. સમ્યગ્દર્શનની ઉચ્ચ નિર્મલતા, (જ્ઞાનાદિત્રય અને ઉપચાર એમ ચાર પ્રકારે) વિનયયુક્તતા, વ્રત-શીલમાં અતિચારરહિતપણું અત્યન્ત અપ્રમાદ, વારંવાર શ્રુતજ્ઞાનમાં એકાગ્રતા, સતત સંસારનો ભય, યથાશક્તિ દાન અને બાહ્ય અભ્યન્તર તપ, શ્રી જિન- સંઘને નિરુપદ્રવ અને સ્વસ્થ કરવો, સાધુની વૈયાવચ્ચ અરિહંત-આચાર્ય-બહુશ્રુત (અંગ-અંગબાહ્ય વગેરે ઘણા શાસ્ત્રોના અભ્યાસી) અને શ્રુતજ્ઞાનની ભક્તિ, આવશ્યક ક્રિયાઓની અખંડ સાધના, સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની, સ્વયં પાલન અને ઉપદેશ દ્વારા પ્રભાવના, પ્રવચનનું એટલે આર્હત્ શાસનને આરાધનારા આગમપ્રજ્ઞોનું અને ગ્લાન, તપસ્વી વગેરેનું આહાર-વસ્ત્ર-અધ્યાપનાદિદ્વારા વાત્સલ્ય એ તીર્થંકર નામકર્મનો આસ્રવ છે.

૨૪. પરનિંદા, સ્વપ્રશંસા, પરના છતા ગુણને ઢાંકવા, અને પોતાના અછતા ગુણ કહેવા એ નીચ ગોત્રનાં આસ્રવ છે.

૨૫. એથી વિપરીત-પરગુણપ્રશંસા, પરદોષ-સ્વ ગુણગોપન અને સ્વની નિંદા, તેમજ નમ્રવૃત્તિ અને નિરભિમાન એ ઊંચ ગોત્રના આસ્રવ છે.

૨૬. બીજાને દાન, લાભ વગેરે થતાં અટકાવવાનો યત્ન એ અંતરાયનો આસ્રવ છે.

• • •

# અધ્યાય-૭.

१. हिंसाऽनृत-स्तेयाऽब्रह्म-परिग्रहेभ्यो विरतिर्व्रतम् ।
२. देश-सर्वतोऽणु-महती ।
३. तत्स्थैर्यार्थं भावनाः पंच पंच ।
४. हिंसादिष्विहाऽमुत्र चाऽपायाऽवद्य-दर्शनम् ।
५. दुःखमेव वा ।
६. मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यानि सत्त्व-गुणाधिक-क्लिश्य-मानाऽविनेयेषु ।
७. जगत्काय-स्वभावौ च संवेग-वैराग्यार्थम् ।
८. प्रमत्तयोगात् प्राण-व्यपरोपणं हिंसा ।

૧. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, અને પરિગ્રહની વિરતિને વ્રત કહેવાય છે. વિરતિ=જાણીને શ્રદ્ધા અને પ્રતિજ્ઞાપૂર્વક પાપથી નિવૃત્તિ (ત્યાગ).

૨. એ હિંસાદિની અમુક અંશે કરેલી વિરતિને અણુવ્રત, અને સર્વથા કરેલી વિરતિને મહાવ્રત કહેવાય છે.

૩. તે વ્રતોની સ્થિરતા માટે દરેકની પાંચ પાંચ ભાવનાઓ છે. (જેનો વારંવાર અભ્યાસ કરવાનો હોય છે તેને અહીં ભાવના સમજવી.)

૪. હિંસા વગેરે પાંચ આસ્રવ આચરવામાં આ લોકમાંય અનેક નુકશાન દેખાય છે. અને પરલોકમાંય પાપના કટુ વિપાક દુર્ગતિ વગેરે હોય છે. એમ વિચારવું.

૫. અથવા હિંસાદિમાં દુઃખજ છે-એ વિચારવું. (બીજા પ્રત્યે એ દુઃખરૂપ બને છે, અને પોતાને દુઃખનું લાવનાર બને છે. માટે.)

૬. (૧) સર્વજીવો ઉપર **મિત્રભાવ.** (સર્વનું હિત થાઓ એ ભાવના), (૨) અધિકગુણી પ્રત્યે **હર્ષ,** (૩) પીડાતા દુઃખી ઉપર **દયા** અને અનુગ્રહ, (૪) ગાઢ મિથ્યાત્વી, અજ્ઞાની તથા શિક્ષાને અયોગ્ય એવા પ્રત્યે **ઉદાસીનતા**-ઉપેક્ષાભાવ ભાવવો.

૭. ભિન્નભિન્ન પ્રાણિમય જગતનો સ્વભાવ સંવેગ (સંસારભય) માટે, અને શરીરનો સ્વભાવ વૈરાગ્ય માટે ચિંતવવો- (એ બેના સ્વભાવને ચિંતવી સંવેગ વૈરાગ્ય કેળવવો.)

૮. કષાયાદિપ્રમાદવશે માનસિક-વાચિક-કાયિક પ્રવૃત્તિથી કરાતા પ્રાણના નાશને હિંસા કહેવાય છે.



९. असदभिधानमनृतम् ।
१०. अदत्तादानं स्तेयम् ।
११. मैथुनमब्रह्म ।
१२. मूर्च्छा परिग्रहः ।
१३. निःशल्यो व्रती ।
१४. अगार्यनगारश्च ।
१५. अणुव्रतोऽगारी ।
१६. दिग्देशाऽनर्थदण्डविरति-सामायिक-पौषधोपवासोपभोग-परिभोगपरिमाणाऽतिथिसंविभागव्रतसंपन्नश्च ।
१७. मारणान्तिकीं संलेखनां जोषिता ।
१८. शंका-कांक्षा-विचिकित्सा-ऽन्यदृष्टिप्रशंसा-संस्तवाः सम्यग्दृष्टे-रतिचाराः ।
१९. व्रत-शीलेषु पंच पंच यथाक्रमम् ।

૯. પ્રમાદ યોગે કરાતું ખોટું (વસ્તુ ન હોય એ રૂપે) કથન એ અસત્ય કહેવાય.

૧૦. વસ્તુના માલિકે ન આપેલી વસ્તુ લેવી કે ભોગવવી તે ચોરી કહેવાય.

૧૧. સ્ત્રી પુરુષની કામક્રિયાને અબ્રહ્મ કહેવાય છે.

૧૨. મૂર્ચ્છા એ પરિગ્રહ છે.

૧૩. વિરતિવંત (માયા, નિદાન, મિથ્યાત્વ એ ત્રણ) શલ્ય વિનાનો હોય છે.

૧૪. વિરતિવંત બે પ્રકારે :- ૧.ગૃહસ્થ અને ૨. અનગાર-સાધુ.

૧૫,૧૬. ગૃહસ્થ પંચઅણુવ્રતધારી હોય છે. અને દિશાપરિણામ, ઉપભોગપરિભોગ-પરિણામ, અને અનર્થદંડ-વિરમણ એ ત્રણ ગુણવ્રતને,તેમજ સામાયિક દેશાવકાશિક પૌષધ તથા અતિથિસંવિભાગ-એ ચાર શિક્ષાવ્રતને ધરનાર હોય છે. (એમ શ્રાવક બારવ્રત ધારી કહેવાય.)

૧૭. (વળી ગૃહસ્થ) મરણનજીક સમયે સંલેખના (શરીર અને કષાયને કસનારા મરણાંત અમુક તપ ધ્યાન અને સમાધિ) નો આરાધક હોય છે.

૧૮. (૧) શંકા=જિનોક્ત વસ્તુમાં સંદેહ, (૨) કાંક્ષા=અન્યમતની અભિલાષા પ્રીતિ (૩) વિચિકિત્સા=ધર્મક્રિયાના ફલનો સંદેહ, (૪) પ્રશંસા=કુગુરુ, પાખંડી કે મિથ્યામતિની સ્તુતિ (૫) સંસ્તવ=એઓનો પરિચય-આ પાંચ સમ્યગ્દૃષ્ટિના અતિચાર (સમ્યકત્વને મલીન કરનાર સ્ખલનાઓ) છે.

૧૯. પાંચ અણુવ્રત અને શીલ (૩ ગુણવ્રત-૪ શિક્ષા વ્રત) વિષે દરેકના પાંચ પાંચ અતિચાર હવે ક્રમસર કહેવાશે.

२०. बन्ध-वध-छविच्छेदाऽतिभाराऽऽरोपणाऽन्नपाननिरोधाः ।

२१. मिथ्योपदेश-रहस्याऽभ्याख्यान-कूटलेखक्रिया-न्यासापहार-साकारमन्त्र भेदाः ।

२२. स्तेनप्रयोग-तदाहृताऽऽदान-विरुद्धराज्याऽतिक्रम-हीनाऽधिक-मानोन्मान-प्रतिरूपक-व्यवहाराः ।

२३. परविवाहकरणेत्वरपरिगृहीताऽपरिगृहीता-गमनाऽनंगक्रीडा-तीव्रकामाऽभिनिवेशाः ।

२४. क्षेत्रवास्तु-हिरण्यसुवर्ण-धनधान्य-दासी-दास-कृप्यप्रमाणाऽ-तिक्रमाः ।

२५. ऊर्ध्वाऽधस्तिर्यग्-व्यतिक्रम-क्षेत्रवृद्धिस्मृत्यन्तर्धानानि ।

---

૨૦. પહેલા વ્રતના-(૧) ગાઢ બંધને બાંધવું (૨) ચાબુક વગેરેથી નિર્દયપણે મારવું (૩) ચામડી કાપવી (૪) અતિભાર લાદવો અને (૫) અન્ન પાણી વેળાસર ન આપવાં-આ પાંચ અતિચાર છે.

૨૧. બીજા વ્રતના-(૧) ખોટી સલાહ કે નિરર્થક પાપોપદેશ આપવો (૨) સ્ત્રી-પુરુષની ગુપ્ત બાબત અંગે ખોટું આળ દેવું (૩) જુઠા લેખ કરવા (૪) થાપણ ઓળવવી (૫) ચાડી કરવી કે ગુપ્ત વાત બીજાને કહેવી-આ પાંચ અતિચાર છે.

૨૨. ત્રીજાવ્રતના-(૧) ચોરને પ્રેરણા, સહાય કે સંમતિ દેવી (૨) ચોરે ચોરી લાવેલું લેવું (૩) પરસ્પર વિરોધી રાજાએ કરેલી વ્યવસ્થાનું ઉલ્લંઘન (૪) ઓછાવત્તા માપથી લેવડ દેવડ કરવી અને (૫) માલમાં સરખી હલકી વસ્તુ ભેળસેળ કરી વેપાર કરવો આ પાંચ અતિચાર છે.

૨૩. ચોથા વ્રતના-(૧) પારકા છોકરા છોકરીના વિવાહ કરવા (૨) થોડો કાળ બીજાએ ભાડે રાખેલ વેશ્યાનું સેવન (૩) કોઈની માલિકી વિનાની સ્ત્રીનું સેવન (૪) કામના અંગ વિના અન્યથી કામક્રીડા કરવી અને (૫) વિહ્વલતાભરી અત્યંત કામની અભિલાષા આ પાંચ અતિચાર છે.

૨૪. પાંચમા વ્રતના-(૧) જમીન, મકાન વગેરે (૨) ચાંદી, સોનું ઝવેરાત વગેરે (૩) ધન, પશુઓ ધાન્ય (૪) દાસદાસી વગેરે અને (૫) ધાતુઓ, દાંત વગેરેના વાસણ, લક્કડકામ વગેરેનું રાખેલું પ્રમાણ ઓળંગી જવું એ પાંચ અતિચાર છે.

૨૫. છઠ્ઠા દિક્‌પરિમાણ નામના ગુણવ્રતના પાંચ અતિચાર-(૧) ઉંચે (૨) નીચે અને (૩) તીર્છું જવાના કરેલા નિયમના પરિમાણનું ઉલ્લંઘન (૪) એક દિશાનું પરિમાણ ઘટાડી બીજી દિશાના ક્ષેત્ર પરિમાણની વૃદ્ધિ કરવી, અને (૫) કરેલું વ્રતનું પરિમાણ ભૂલી જવું.



२६. आनयन-प्रेष्यप्रयोग-शब्द-रूपानुपात-पुद्गलक्षेपाः ।

२७. कन्दर्प-कौत्कुच्य-मौखर्या-ऽसमीक्ष्याऽधिकरणोपभोगाऽधिकत्वानि ।

२८. योगदुष्प्रणिधानाऽनादर-स्मृत्यनुपस्थापनानि ।

२९. अप्रत्यवेक्षिता-ऽप्रमार्जितोत्सर्गा-ऽऽदाननिक्षेपसंस्तारोपक्रमणा-ऽनादर-समृत्यनुपस्थापनानि ।

३०. सचित्त-संबंद्ध-संमिश्रा-ऽभिषव-दुष्पक्वाहाराः ।

---

૨૬. દશમા દેશાવકાશિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર (૧) મર્યાદિત ક્ષેત્રની બહારથી કાંઈ મંગાવવું કે (૨) ત્યાં નોકર વગેરે કોઈ કાર્ય અંગે મોકલવો; નિયમિત ક્ષેત્રની બહાર રહેલાને પોતાની હયાતી બતાવવા કે નજીક બોલાવવા (૩) ખોંખારો, ઉંચો શ્વાસ વગેરે કરવો (૪) સ્વશરીર દેખાડવું, કે (૫) બહાર કાંકરો વગેરે નાખવું.

૨૭. આઠમા અનર્થદંડવિરમણ ગુણવ્રતના પાંચ અતિચાર (૧) કંદર્પ એટલે કામરાગથી બોલાતાં અસભ્ય વચન કે હાસ્યપ્રયોગ (૨) કૌત્કુચ્ય એટલે ભાંડની માફક અંગોપાંગની કુચેષ્ટા સાથે સરાગ વચન કે હાસ્યપ્રયોગ, (૩) મૌખર્ય એટલે પ્રસંગ વિનાનું નિરર્થક બહુ બોલવાપણું (૪) અસમીક્ષ્યાધિકરણ એટલે પોતાના લાભનો વિચાર કર્યા વિના (લાભ ન હોય છતાં) જીવઘાતક મુશલ ઘંટી વગેરે ઓજારો બીજાને આપવા, (૫) ઉપભોગાધિકત્વ એટલે પોતાના આવશ્યક સ્નાનાદિ ઉપભોગ ઉપરાંત નિરર્થક અધિક પ્રવૃત્તિઓ રાખવી.

૨૮. નવમા સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર (૧-૩) મન-વચન-કાયાની દુષ્ટ (અશુભ) પ્રવૃત્તિ, (૪) સામાયિક વિશે અનુપયોગ, અનુત્સાહ, નિયતવેળાએ ન કરવું, વગેરે અને (૫) સામાયિક કર્યું કે ન કર્યું વગેરે અંગે વિસ્મરણ થવું તે.

૨૯. અગીઆરમા પૌષધ શિક્ષાવ્રતના પાંચ અતિચાર-(૧) બરાબર જોયા કે પ્રમાજર્યા વિના આ ત્રણ (૧) જ્યાં ત્યાં શરીરનો મળ તજવો (૨) વસ્તુ લેવી મૂકવી અને (૩) સંથારો પાથરવો, તેમજ (૪-૫) અનાદર, સ્મૃત્યનુપસ્થાપન ઉપર મુજબ.

૩૦. સાતમા ઉપભોગપરિભોગ-પરિમાણ ગુણ વ્રતના પાંચ અતિચાર-(૧) સચિત્ત (સજીવ) નું (૨) સચિત્ત બીજ વગેરેના સંબંધવાળા પાકા ફળાદિનું (૩) અન્ય સચિત્ત વસ્તુ સાથે મિશ્રિત અચિત્તનું (૪) અભિષવ એટલે મદિરા, માંસ મધ વગેરે, તેનું અને (૫) બરાબર ન રંધાયેલાનું (સચિત્તાચિત્તનું) ભક્ષણ.

३१. सचित्तनिक्षेप-प्रधान-परव्यपदेश-मात्सर्य-कालातिक्रमाः ।
३२. जीवित-मरणाऽऽशंसा-मित्रानुराग-सुखानुबन्ध-निदान-करणानि ।
३३. अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ।
३४. विधि-द्रव्य-दातृ-पात्र-विशेषात् तद्विशेषः ।

## અધ્યાય-૮.

१. मिथ्यादर्शनाऽविरति-प्रमाद-कषाय-योगा-बन्धहेतवः ।
२. सकषायत्वाज्जीवः कर्मणो योग्यान्पुद्गलानादत्ते ।
३. स बन्धः ।
४. प्रकृति-स्थित्यनुभाव-प्रदेशास्तद्विधयः ।

૩૧. બારમા અતિથિસંવિભાગ શિક્ષાવ્રતના પાંચ અતિચાર-સાધુને ન આપવાની બુદ્ધિએ (૧) કલ્પ્ય આહારને બીજી સચિત્ત વસ્તુપર મૂકી દેવો (૨) સચિત્તથી ઢાંકી દેવો, (૩) પોતાની વસ્તુને પારકી તરીકે કહેવી, અથવા બીજા પાસે, માગવા જવા કહેવું, તેમજ (૪) બીજા દાતાની હરિફાઈ ઈર્ષ્યાથી કે કષાય ભરેલા ચિત્તે અને (૫) સાધુની ભિક્ષાના અનવસરે સાધુને નિમંત્રવા.

૩૨. સંલેખનાના પાંચ અતિચાર-(૧) અધિક જીવવાની અભિલાષા, (૨) મરણની ઈચ્છા, (૩) મિત્રાદિ ઉપર સ્નેહ, (૪) પૌદ્ગલિક સુખની સ્મૃતિ, અને (૫) ચક્રવર્તી આદિ બનવાનું નિયાણું કરવું તે.

૩૩.સ્વ-પરના ઉપકાર માટે પોતાની માલિકીની ઉચિત વસ્તુનો પાત્રમાં ત્યાગ એ દાન કહેવાય.

૩૪. દેવાનો પ્રકાર, દેવાની વસ્તુ, દાતા અને જેને દેવું છે તે પાત્ર આ ચારની વિશેષતાથી દાન વિશેષતાવાળું બને છે.

• • •

૧. **બંધતત્વ**-મિથ્યાત્વ, અવિરતિ પ્રમાદ (સ્મૃતિ-ભ્રંશ, શુભ કાર્યે અનાદર, યોગદુષ્પ્રણિધાન વગેરે), કષાય અને યોગ-એ પાંચ કર્મબંધના કારણો છે.

૨. જીવ કષાયવાળો થવાથી કર્મરૂપે બને તેવા કાર્મણ વર્ગણાના પુદ્ગલો લે છે.

૩. લીધેલા અને આત્મપ્રદેશની સાથે લોહ-અગ્નિની જેમ એકમેક કરેલા કર્મના પરિણામને (કર્મના અને જીવના અન્યોન્ય મિલનને) બંધ કહે છે.

૪. તે બંધના પ્રકૃતિ, સ્થિતિ, રસ, અને પ્રદેશ એ ચાર પ્રકાર છે. (**પ્રકૃતિબંધ**=કર્મ કેવા કેવા સ્વભાવવાળા બંધાયા તે. **સ્થિતિબંધ**=કર્મ પુદ્ગલોનો



५. आद्यौ ज्ञानदर्शनाऽऽवरण-वेदनीय-मोहनीया-ऽऽयुष्क नामगोत्रा-ऽन्तरायाः ।
६. पंच-नव-द्वयष्टाविंशति-चतुर्द्विचत्वारिंशद्-द्वि-पंच-भेदा यथा-क्रमम् ।
७. मत्यादीनाम् ।
८. चक्षुरचक्षुरवधि-केवलानां निद्रा-निद्रानिद्रा-प्रचला-प्रचलाप्रचला-स्त्यानगृद्धि-वेदनीयानि च ।
९. सदसद्वेद्ये ।
१०. दर्शन-चारित्रमोहनीय-कषाय-नोकषाय-वेदनीयाऽऽख्यास्त्रि-द्वि-षोडश-

ટકવાનો કાળ કેટલો નક્કી થવો. **અનુભાવબંધ**=કર્મ પુદ્ગલોના શુભાશુભ-મંદતીવ્ર રસનું નક્કી થવું. **પ્રદેશબંધ**=કર્મ પુદ્ગલના દળનું પરિણામ.)

૫. પહેલો પ્રકૃતિબંધ ૮ પ્રકારે, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય. આયુ, નામ, ગોત્ર અને અંતરાય.

૬. જ્ઞાનાવરણ આદિ આઠ મૂલ કર્મ પ્રકૃતિના અનુક્રમે ૫, ૯, ૨, ૨૮, ૪, ૪૨, ૨, અને ૫, ભેદો છે.

૭. મતિવગેરે પાંચ જ્ઞાનના પાંચ આવરણ છે.

૮. ચક્ષુ-દર્શન, અચક્ષુ (ચક્ષુને છોડી બીજી ઈન્દ્રિયથી થતું.) દર્શન, અવધિદર્શન અને કેવલ-દર્શનના રોકનારાં ચાર દર્શનાવરણ, અને નિદ્રાવેદનીય (સુખે જગાય તે), નિદ્રાનિદ્રા-વેદનીય (દુઃખે જગાય તે), પ્રચલા-વેદનીય (ઊભા ઉંઘ આવે તે), પ્રચલાપ્રચલા-વેદનીય (ચાલતાં ઉંઘ આવે તે), અને સ્ત્યાનર્ધ્ધિ-વેદનીય (એવી ઉંઘ આવે કે જેમાં આત્મા અતિમૂઢ ચૈતન્યવાળો, અને હાથીના દાંત, વૃક્ષની શાખા તોડવા વગેરેની અભિલાષા તથા વાસુદેવ જેવા બળવાળો બને) આ નવ પ્રકાર દર્શનાવરણના છે.

૯. શાતા વેદનીય અને અશાતા વેદનીય એમ બે પ્રકારે વેદનીય કર્મ છે.

૧૦. **મોહનીય**ના મુખ્ય બે પ્રકારઃ દર્શનમોહનીય (સર્વજ્ઞોક્ત તત્ત્વની શ્રદ્ધા ન થવા દેનારું) અને ચારિત્ર- મોહનીય (વ્રત અને વીતરાગભાવને રોકનારું) એમાં **ચારિત્રમોહનીય** એ કષાય અને નોકષાય (વેદનીય=તે રૂપે અનુભવાતું) એમ બે પ્રકારે છે. દર્શનમોહનીય ત્રણ પ્રકારે, ચારિત્રમોહ૦ બે પ્રકારે

કષાય સોળ પ્રકારે, અને નોકષાય નવ પ્રકારે છે. સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય, અને સમ્યક્-મિથ્યાત્વ એટલે કે મિશ્રમોહનીય-એ ત્રણ ભેદે **દર્શનમોહનીય** છે. **કષાય** મુખ્ય ચાર પ્રકારે- (૧) અનંતાનુબંધિ (સંસારપરંપરાનો

नव-भेदाः सम्यक्त्व-मिथ्यात्व-तदुभयानि कषाय-नोकषायावनन्तानु-बन्ध्यप्रत्याख्यान-प्रत्याख्यानावरण-संज्वलन-विकल्पाश्चैकशः क्रोध-मान-माया-लोभः हास्य-रत्यरति-शोक-भय-जुगुप्सा-स्त्री-पुं-नपुंसकवेदाः ।

**११. नारक-तैर्यग्योन-मानुष दैवानि ।**

**१२. गति-जाति-शरीरांगोपांग-निर्माण-बन्धन-संघात-संस्थान-संहनन-स्पर्श-रस-गन्ध-वर्णाऽऽनुपूर्व्यगुरुलघूपघात-पराघाता-ऽऽतपोद्योतोच्छ्वास-विहायोगतयः प्रत्येक-शरीर-त्रस-सुभग-सुस्वर-शुभ-सूक्ष्म-पर्याप्त-स्थिराऽऽदेय-यशांसि सेतराणि तीर्थकृत्त्वं च ।**

સાધક, સમ્યક્ત્વનો વિરોધી), (૨) અપ્રત્યાખ્યાન (દેશવિરતિનો વિરોધી) (૩) પ્રત્યાખ્યાનાવરણ (સર્વવિરતિનો વિરોધી), અને (૪) સંજ્વલન (વીતરાગતાનો વિરોધી). વળી એ દરેક પ્રકાર ક્રોધ, માન, માયા, અને લોભ એમ ચાર ભેદે. **નોકષાય**ના હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા (દુગંછા) એ છ, તથા સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એ ત્રણ-એમ નવ પ્રકાર.

૧૧. આયુ-કર્મ ચાર પ્રકારે નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ.

૧૨. નામ કર્મના ૪૨ પ્રકારઃ- (૧) ગતિ (નરક આદિ ૪), (૨) જાતિ (એકેન્દ્રિય વગેરે ૫), (૩) શરીર (ઔદારિક વગેરે ૫), (૪) અંગોપાંગ (ઔદારિક આદિ ત્રણના), (૫) નિર્માણ (તે તે સ્થલે ઇંદ્રિયાદિને રચનાર), (૬) બંધન પાંચ (લાખની જેમ ઔદારિકાદિ પુદ્ગલને પરસ્પર જોડી રાખનાર), (૭) સંઘાત (બાંધેલા પુદ્ગલોની તેવી તેવી રચના કરનાર પાંચ ભેદે), (૮) સંસ્થાન (આકૃતિ-૬), (૯) સંઘયણ (હાડકાનો બંધ-૬), (૧૦) સ્પર્શ, (૧૧) રસ, (૧૨) ગંધ, (૧૩) વર્ણ, (૧૪) આનુપૂર્વી (વક્ર ગતિમાં દોરનાર-૪), (૧૫) અગુરુલઘુ, (૧૬) ઉપઘાત(જેનાથી અંગોપાંગને ઉપઘાત થાય તે), (૧૭) પરાઘાત (બીજાને આંજનારું ઓજસ પેદા કરે), (૧૮) આતપ (બીજાને ગરમી ઉપજાવવાની શક્તિ આપનાર), (૧૯) ઉદ્યોત (પ્રકાશનું સામર્થ્ય પેદા કરનાર), (૨૦) ઉચ્છ્વાસ (શ્વાસના પુદ્ગલ લેવાનું સામર્થ્ય જન્માવનાર), (૨૧) વિહાયોગતિ (ચાલવાની ઢબ-૨) પ્રત્યેક શરીર નામકર્મ વગેરેના વિપક્ષસહિત નામ આ પ્રમાણે (૨૨) પ્રત્યેક શરીર (જીવ દીઠ જુદું શરીર કરે) (૨૩) સાધારણ શરીર, (૨૪) ત્રસ (૨૫) સ્થાવર, (૨૬) સુભગ (સૌભાગ્ય આપનાર) (૨૭) દુર્ભગ (૨૮) સુસ્વર (૨૯) દુઃસ્વર (૩૦) શુભ (સારા અવયવને કરનારું) (૩૧) અશુભ (૩૨) સૂક્ષ્મ (સૂક્ષ્મ શરીરને પેદા કરનાર),



**१३. उच्चैर्नीचैश्च ।**

**१४. दानादीनाम् ।**

**१५. आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटी-कोट्यः परा स्थितिः ।**

**१६. सप्ततिर्मोहनीयस्य ।**

**१७. नाम-गोत्रयोर्विंशतिः ।**

**१८. त्रयस्त्रिंशत्सागरोपमाण्यायुष्कस्य ।**

**१९. अपरा द्वादश-मुहूर्ता वेदनीयस्य ।**

**२०. नाम-गोत्रयोरष्टौ ।**

**२१. शेषाणामन्तर्मुहूर्तम् ।**

**२२. विपाकोऽनुभावः ।**

**२३. स यथानाम ।**

(૩૩) બાદર, (૩૪) પર્યાપ્ત (આહારગ્રહણ, શરીરકરણ વગેરે ક્રિયાની શક્તિના કાર્ય સંપૂર્ણ કરનાર) (૩૫) અપર્યાપ્ત (૩૬) સ્થિર (જેનાથી હાડ, દાંત વગેરે સ્થિર રહે, (૩૭) અસ્થિર, (૩૮) આદેય જેનાથી પોતાનું વચન બીજાને માન્ય બને, (૩૯) અનાદેય, (૪૦) યશ (૪૧) અપયશ, (૪૨) તીર્થંકર નામ કર્મ છે.

૧૩. ઉંચગોત્ર અને નીચગોત્ર એમ બે પ્રકાર ગોત્ર કર્મ છે.

૧૪. દાન વગેરે પાંચ લબ્ધિનું વિરોધી પાંચ પ્રકારે અંતરાય કર્મ છે. (દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય)

૧૫. પહેલેથી ત્રણ કર્મની-જ્ઞાનાવરણ દર્શનાવરણ અને વેદનીય કર્મની-તેમજ અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોટાકોટિ સાગરોપમની હોય છે.

૧૬. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોટાકોટિ.

૧૭. નામકર્મ અને ગોત્ર કર્મની ૨૦ કોટાકોટિ.

૧૮. આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ હોય છે.

૧૯. વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ ૧૨ મુહૂર્ત હોય છે. (૧ મુહૂર્ત=૨ ઘડી)

૨૦. નામ-ગોત્ર કર્મની જઘન્ય ૮-મુહૂર્ત.

૨૧. બાકીના ચાર ઘાતિ જ્ઞાના૦, દર્શના૦, મોહ૦, અને અંતરાયની તથા આયુની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત હોય છે.

૨૨. અનુભાવ એટલે તીવ્ર કે મંદ અજ્ઞાનાદિ ફલ નીપજાવનાર તે તે કર્મ પ્રકૃતિઓના વિવિધ સામર્થ્યનો ઉદય (પરિપાક).

૨૩. તે અનુભાવ કર્મના પોતપોતાના નામના અનુસારે ઉદય પામે છે.

२४. ततश्च निर्जरा ।

२५. नामप्रत्ययाः सर्वतो योग-विशेषात् सूक्ष्मैकक्षेत्रा-ऽवगाढ-स्थिताः सर्वात्म-प्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ।

२६. सद्वेद्य-सम्यक्त्व-हास्य-रति-पुरुषवेद-शुभायुर्नामगोत्राणि पुण्यम् ।

## અધ્યાય-૯.

१. आस्रव-निरोधः संवरः ।

२. स गुप्ति-समिति-धर्मानुप्रेक्षा-परीषहजय-चारित्रैः ।

३. तपसा निर्जरा च ।

---

૨૪. એ અનુભાવે ઉદય આવેલા કર્મનો ભોગવાઈને ક્ષય (નિર્જરા) થાય છે (અહીં ક્ષય એટલે, તે પુદ્ગલનો સર્વનાશ નહિ, કિન્તુ આત્માના કર્મ તરીકેનો નાશ.)

૨૫. **(કર્મ જે બંધાય છે તે)**(૧) નામકર્મ (ગતિ, જાતિ, ઔદારિક શરીર વગેરે)નું નિમિત્ત પામીને, અને

(૨-૩)' સર્વતઃ= આત્મપ્રદેશોની આજુબાજુની સર્વ દિશામાં રહેલ એટલે કે સર્વ આત્મપ્રદેશની સાથે રહેલ કાર્મણ પુદ્ગલો, યોગ વિશેષથી= મન વચન-કાયાની તેવી તેવી પ્રવૃત્તિઓના અનુસારે, ગ્રહણ કરાઈને.-ગ્રહણ કરાતા આ કાર્મણ પુદ્ગલો, (૪) ઔદારિકથી મન સુધીના પુદ્ગલ કરતાંય સૂક્ષ્મ (૫-૬) જીવ પ્રદેશે અવગાહેલાજ ક્ષેત્રમાં સ્થિર રહેલા (૭) આત્માના સર્વપ્રદેશે બંધાનારા અને (૮) સ્વયં અનંતાનંત પ્રદેશવાળા (અનંતાનંત પરમાણુ ભેગા થઈ બનેલા સ્કંધ રૂપ) હોય છે.

૨૬. (આઠે કર્મની ઉત્તર પ્રકૃતિઓમાંથી) શાતા વેદનીય, સમ્યક્ત્વમોહનીય, હાસ્ય-રતિ-પુરુષવેદ એ નોકષાયો, શુભ (મનુષ્ય-દેવનું) આયુ, ગતિ, જાતિ વગેરેમાંની શુભ નામ કર્મની પ્રકૃતિઓ, અને ઉંચગોત્ર એ પુણ્ય કહેવાય છે, (કર્મગ્રંથમતે આમાં મોહનીયની ચાર પ્રકૃતિ એ પાપ છે, અને તિર્યંચાયુ એ પુણ્ય છે.)

• • •

૧. કષાય યોગ વગેરે આસ્રવને અટકાવવા તે **સંવર** કહેવાય. (કર્મબંધના કારણભૂત તથાપ્રકારના આત્મા તથા પુદ્ગલના પરિણામનો અભાવ એ સંવર)

૨. **સંવર,** એ ગુપ્તિ (યોગસંરક્ષણ) સમિતિ (સમ્યક્ચેષ્ટા) ધર્મ (ક્ષમાદિ), અનુપ્રેક્ષા (અનિત્યતા આદિનું ચિંતન), પરીષહજય (ક્ષૂધાદિ પીડામાં સહિષ્ણુતા) અને ચારિત્રથી થાય છે, (તેમજ)

૩. તપથી પણ સંવર થાય છે, અને તપથી નિર્જરા પણ થાય છે.



४. सम्यग्योगनिग्रहो गुप्तिः ।

५. इर्या-भाषैषणा-ऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः ।

६. उत्तमः क्षमा-मार्दवा-ऽऽर्जव-शौच-सत्य-संयम-तपस्त्यागा-ऽऽकिंचन्य-ब्रह्मचर्याणि धर्मः ।

७. अनित्या-ऽशरण-संसारैकत्वा-ऽन्यत्वा-ऽशुचित्वा-ऽऽस्त्रव-संवर-निर्जरा-लोक-बोधिदुर्लभ-धर्मस्वाख्यात-तत्त्वानुचिन्तनमनुप्रेक्षाः ।

---

૪. **ગુપ્તિ** એટલે મનવચનકાયાના યોગોનો હેય-ઉપાદેયના વિવેકપૂર્વક પ્રશસ્ત (મોક્ષના ઈરાદે) નિગ્રહ (નિયમન-શાસ્ત્રવિધિએ માર્ગમાં સ્થાપન કરવાવાળું ઉન્માર્ગથી નિવારણ. એ ત્રણ પ્રકારે છે.)

૫. **સમિતિ** પાંચ :- ઈર્યા સમિતિ (સંયમના અવશ્ય કાર્ય માટે. જીવરક્ષાર્થે ધુંસરા પ્રમાણ ભૂમિને જોવાનાજ ઉપયોગ સાથે ચાલવું), ભાષા સમિતિ (હિત, નિરવદ્ય અને શંકા વિનાની એવી પ્રિય વસ્તુ જ પરિમિત બોલવી), એષણા સમિતિ (ધર્મની સામગ્રી, અન્ન, વસ્ત્ર, પાત્ર મુકામ-વગેરે મેળવવા ભોગવવામાં દોષ ટાળવા), આદાન-નિક્ષેપ સમિતિ (જોઈ પ્રમાર્જીને ધર્મ સામગ્રી લેવી-મૂકવી), ઉત્સર્ગ-પારિષ્ઠાપનિકા સમિતિ (નિર્જીવ ભૂમિ પર જોઈપ્રમાર્જીને લઘુનીતિ, વડીનીતિ વગેરે તજવું).

૬. ૧. **ક્ષમા,** ૨. **નમ્રતા,** ૩. **સરલતા,** ૪. ધર્મના સાધન પર પણ અનાસક્તિ એ **શૌચ,** ૫. **નિષ્પાપ વચન,** ૬. યોગ ઇંદ્રિય વગેરેનો પ્રશસ્ત નિગ્રહ સ્વરૂપ **સંયમ,** ૭. બાહ્યઅભ્યન્તર **તપ** ૮. બાહ્ય (રજોહરણાદિ અને અભ્યન્તર (યોગ-કષાયરૂપ) ઉપધિ અંગે દોષોનો **ત્યાગ,** ૯. **આકિંચન્ય** એટલે શરીર-ઉપગરણ ઉપર પણ નિર્મમત્વને લઈને **નિષ્પરિગ્રહતા.** ૧૦. મૈથુનવિરતિ, જ્ઞાન અને કષાયનિવૃત્તિનો સાધક ગુરુકુલવાસ એ **બ્રહ્મચર્ય** આત્મરમણ-આ દશ પ્રકારનો શ્રેષ્ઠગુણવાળો **યતિધર્મ** છે.

૭. **અનુપ્રેક્ષા** અનિત્ય, અશરણ વગેરેના સ્વરૂપની વિચારણા ૧૨:- ૧. **અનિત્ય૦** આન્તર-બાહ્ય સર્વ સંયોગો અનિત્ય છે, એ ચિંતવવું ૨. **અશરણ૦** ભૂખ્યા સિંહઆગળ હરણની જેમ જીવને જન્મ મરણ રોગાદિ દુઃખથી બચવા સંસારમાં કોઈ શરણ નથી, એ ભાવવું અશરણથી ઉદ્વિગ્ન બનેલો સાંસારિક સુખ સામગ્રી પરથી આસક્તિ તજી જ્ઞાન ચારિત્રમાં ઉદ્યમ કરે ૩. **સંસાર૦** વળી વિચારે કે અનાદિ સંસારમાં ચક્રની જેમ નારક વગેરે અનેક ભવોમાં ફરતા જીવને સર્વ જીવો પોતાના સંબંધી તેમજ પારકા બનેલા છે. ચોરાશી લાખ યોનિમાં રાગદ્વેષમોહથી જીવો એકબીજાને ભયંકર દુઃખો દે છે. અહો વધબંધ, રોગશોક શીતઉષ્ણાદિ દ્વન્દ્વોથી

કષ્ટમય સંસાર !' એમ ત્રાસેલો નિર્વેદ પામી સંસાર નાશ માટે ઉદ્યમ કરે. ૪, **એકત્વ ભાવના** હું એકલો છું, એકલો જન્મ્યો છું. અને એકલો મરીશ, એકલો જ પોતાના કર્મના દારુણ વિપાક ભોગવીશ, કોઈ ભાગ નહિ પડાવે-આ વિચારે એથી સંબંધી પર રાગ અને શત્રૂ પર દ્વેષ ન કરતો નિઃસંગ બની મોક્ષ માટે પ્રવર્તે. ૫. **અન્યત્વ**૦ અનિત્ય, અજ્ઞ, અને પ્રત્યક્ષ શરીર જુદું છે જ્યારે નિત્ય, સજ્ઞાન અને ચક્ષુથી અદશ્ય હું આત્મા જુદો છું શરીર અનંતા થયા, હું એનો એજ છું આ ચિંત્વનથી શરીરમૂર્ચ્છા તજી નિત્ય આત્મા માટે યત્ન કરે ૬. **અશુચિપણું**૦ આ શરીર અશુચિ રજોવીર્યમાંથી જન્મ્યું. આહારના અશુચિ પરિણામથી વધ્યું સ્વયં મળનો ભંડાર, બીજા પવિત્ર પદાર્થને પણ મળ રૂપ કરે, વગેરે કારણોને લઈને કેવળ મલીન છે. આ વિચારી શરીરને દમે. ૭. **આસ્રવ**૦ ઈન્દ્રિયઆદિ આસ્રવો આ લોક પરલોકમાં બહુ દુઃખ દેનારા છે. જીવને સન્માર્ગમાંથી ભ્રષ્ટ કરી નદીની જેમ તાણી જાય છે. ઈત્યાદિ વિચારથી આસ્રવ તજાય છે. ૮. **સંવર** મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, વગેરે સંવર આદરવાથી આસ્રવના દોષો નથી લાગતા અને મોક્ષ સુધીના અનેક ગુણ મળે છે. આ વિચાર સંવર તરફ પ્રેરે છે. ૯. **નિર્જરા**૦ વિના ઈચ્છાએ સહાતી નરકાદિની પીડાથી થતી કર્મ નિર્જરા સંસારભ્રમણ નથી અટકાવતી, જ્યારે કર્મક્ષયની ઈચ્છાથી કરાતા તપ, પરીષહજય વગેરે પુણ્યબંધ અને નિર્જરા કરાવી ઠેઠ મોક્ષ સુધી પહોંચાડે છે- આ વગેરે ગુણો વિચારી નિર્જરા માટે યત્ન કરે. ૧૦. **લોકભાવના**૦ જીવ પુદ્ગલવગેરે પાંચ અસ્તિકાયમય લોકના વિવિધ ભાવ, ઉત્પત્તિ-સ્થિતિનાશ-વગેરે વિચિત્રતા વિચારતો તત્ત્વજ્ઞાનને નિર્મલ અને ઉન્નત કરે. ૧૧. **બોધિદુર્લભ**૦ 'અનાદિ સંસારમાં ભટકતા, અનેક દુઃખોમાં ડૂબતા અને અજ્ઞાનમિથ્યાજ્ઞાનાદિથી પીડાતા જીવને સમ્યક્ત્વરૂપ બોધિ દુષ્પ્રાપ છે.' એ વિચારી બોધિ મેળવી પ્રમાદ ન સેવાય. ૧૨. **ધર્મસ્વાખ્યાત**૦ સમ્યગ્દર્શનમૂલક પંચ-મહાવ્રત ધર્મ સંસારથી પાર ઉતારી મોક્ષ પ્રાપ્ત કરાવનારો, અહો ! સર્વજ્ઞ પ્રભુએ, કેવો સુંદર ઉપદેશ્યો છે !' આ વિચારી શુદ્ધ મોક્ષમાર્ગથી ન ખસવામાં અને એને આરાધવામાં ઉજમાળ બને.

૮. મોક્ષમાર્ગથી ન ચસકવા અને જ્ઞાનાવરણાદિ કર્મનો ભૂકો કરવા માટે જે સહન કરવા જોઈએ તેને પરીસહ કહે છે.

૯. **ક્ષુધા-તૃષા-ઠંડી-ગરમી-ડાંસમચ્છર**ના ચટકા-**અલ્પજીર્ણવસ્ત્રતા** કે **નગ્નતા-આ છ-ને કર્મ-ક્ષય**માં સહાયક માની, ધર્મરક્ત બની સમ્યગ્ રીતે સહન કરવા - **અરતિ** (ઉદ્વેગ) થતાં ધર્મધૈર્ય ધરવું,- **સ્ત્રી**ના અંગોપાંગચેષ્ટા વગેરેનો વિચાર સરખો ન કરવો,- આળસ તજી ગામનગરોમાં નિર્મમપણે અનિયત વાસ કરવા વગેરેની



**૮. मार्गाऽच्यवन-निर्जरार्थं परिषोढव्याः परीषहाः ।**

**૯. क्षुत्-पिपासा-शीतोष्ण-दंशमशक-नाग्न्या-ऽरति-स्त्री-चर्या निषद्या-शय्या-ऽऽक्रोश-वध-याचना-ऽलाभ-रोग-तृणस्पर्श-मल-सत्कारपुरस्कार-प्रज्ञाऽज्ञानदर्शनानि ।**

**૧૦. सूक्ष्मसंपराय-च्छद्मस्थवीतरागयोश्चतुर्दश ।**

**૧૧. एकादश जिने ।**

**૧૨. बादर-संपराये सर्वे ।**

**૧૩. ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ।**

**૧૪. दर्शनमोहाऽन्तराययोरदर्शनाऽलाभौ ।**

---

**ચર્યા,**- સ્ત્રી પશુ આદિ દોષોથી રહિત **સ્થાનને** ઉપસર્ગમાંય ઉદ્વેગ વિના સેવવું, -મૃદુ-કઠીન, ઉંચા-નીચા **સંથારો** પાટ વગેરે, કે ધૂળભરેલો ઘામવાળો ઉપાશ્રય પામી ખિન્ન ન થવું,- કોઈનાં **અનિષ્ટ વચનો,** લાત ચાબુક વગેરેના **પ્રહાર** સમભાવે સહવા, અભિમાન, દીનતા, વગેરે તજી **ભિક્ષાવૃત્તિ** આદરવી, ભિક્ષામાં **લાભ ન થયે** સમભાવ (અવિકૃતચિત્ત) જાળવવો. **રોગ**- દર્ભઘાસના કઠીન **સ્પર્શ**-પરસેવા સાથે શરીરપરચોંટી ગયેલ ધૂળથી જામેલા-**મળ**ની-ઉનાળામાં-જણાતી-દુર્ગન્ધ-આહારવસ્ત્રાદિના-દાનથી-**સત્કાર**-અને વંદનાપ્રશંસાદિથી **પુરસ્કાર** કોઈ કરે કે ન કરે તે રોગાદિ સૌમાં રાગદ્વેષ ન ધરવો, **તીક્ષ્ણબુદ્ધિ**નો ગર્વ ન કરવો **અજ્ઞાન** અંગે પરથી થતા પરાભવ વગેરેનો સંતાપ ન કરતાં કર્મપરિણામ ચિંતવવા 'આટલો ધર્મ હું કરું છું પણ કોણ જાણે પુણ્યપાપ, સ્વર્ગનરક વગેરે સાચું હશે કે કેમ' ઈત્યાદિ ઉઠતી તત્ત્વોની **અશ્રદ્ધા** કે શંકાને યુક્તિથી, વીતરાગ સર્વજ્ઞવક્તા ઉપરના વિશ્વાસથી, અને મહાબુદ્ધિમાન્ ત્યાગી મહર્ષિઓએ એ તત્ત્વો સ્વીકાર્યાનું યાદ કરીને નિર્મૂલ કરવી, આ ૨૨ પરીસહ જય.

૧૦. સૂક્ષ્મસંપરાય (૧૦મે ગુણઠાણે) અને અસર્વજ્ઞ વીતરાગને (૧૧-૧૨મે ગુણઠાણે) ૧૪ પરીસહ હોય છે, -૧થી ૫-૯-૧૧-૧૩-૧૫ થી ૧૮-૨૦-૨૧મો

૧૧. વીતરાગ (કેવલજ્ઞાની) ને ૧૧ પરીસહ.-પૂર્વના ૧૪માંથી ૧૫-૨૦-૨૧મા બાદ કરીને.

૧૨. બાદરસંપરાયી (સ્થૂલકષાયી) ને બાવીસે પરીસહો સંભવે.

૧૩. જ્ઞાનાવરણકર્મના ઉદયકાળે પ્રજ્ઞા અને અજ્ઞાન પરીસહો હોય, (ક્ષયોપશમ વખતે પણ ઉદય હોય છે.)

૧૪. દર્શનમોહનીયના ઉદયે અદર્શન૦, અને અંતરાયના ઉદયે અલાભ પરીસહ હોય.

१५. चारित्रमोहे नाग्न्याऽरति-स्त्री-निषद्याऽऽक्रोश-याचना-सत्कारपुरस्काराः ।
१६. वेदनीये शेषाः ।
१७. एकादयो भाज्या युगपदेकोनविंशतेः ।
१८. सामायिक-च्छेदोपस्थाप्य-परिहारविशुद्धि-सूक्ष्मसंपरायथाख्यातानि चारित्रम् ।
१९. अनशनाऽवमौदर्य-वृत्तिपरिसंख्यान-रस-परित्याग-विविक्त-शय्यासन-कायक्लेशा बाह्यं तपः ।
२०. प्रायश्चित्त-विनय-वैयावृत्य-स्वाध्याय-व्युत्सर्ग-ध्यानान्युत्तरम् ।
२१. नव-चतु-र्दश-पंच-द्वि-भेदं यथाक्रमं प्राग्ध्यानात् ।

૧૫. ચારિત્રમોહનીય (કષાય, નોકષાયના ઉદયે- (જુગુપ્સાથી) નગ્નતા પરીસહ, અરતિ૦, સ્ત્રી૦, (ભયથી) નિષદ્યા૦(ક્રોધથી) આક્રોશ૦, (માનથી) યાંચા૦, અને (લોભથી) સત્કાર૦ પરીસહો હોય છે.

૧૬. બાકીના (કેવલિને હોય છે તે) ૧૧ પરીસહો વેદનીય કર્મના ઉદયે હોયછે.

૧૭. એક જીવને એક કાલે જઘન્ય એક પરીસહથી માંડી ઉત્કૃષ્ટ ૧૯ પરીસહ સુધી હોઈ શકે છે. (શીત-ઉષ્ણ બે એક સાથે ન હોય. ચર્યા-શય્યા-નિષદ્યામાંથી એકી વખતે ગમે તે એકજ હોય.)

૧૮. ચારિત્ર પાંચ છેઃ **સામાયિક** (સર્વ સાવદ્ય-યોગની વિરતિ), **છેદોપસ્થાપ્ય** (પૂર્વના સામાયિક ચારિત્રના પર્યાયનો છેદ કરી મહાવ્રત-આરોપણવડે નવીન પર્યાયમાં સ્થાપન), **પરિહારવિશુદ્ધિ** (પરિહાર નામના તપથી શુદ્ધ થતું ચારિત્ર), **સૂક્ષ્મ સંપરાય** (૧૬ કષાયમાંથી ફક્ત સંજ્વલન લોભના ઉદયવાળુ ૧૦મા ગુણઠાણાનું), અને **યથાખ્યાત** (જેવું ચારિત્ર ભગવાને કહ્યું છે તેવું-સર્વકષાયના ઉપશમ કે ક્ષયવાળુ),

૧૯. બાહ્યતપ ૬ પ્રકારે;- અનશન (આહારત્યાગ), ઉનોદરી, આહારના દ્રવ્યોની સંક્ષિપ્ત ગણત્રી (ઉપરાંતનું પચ્ચક્ખાણ), વિગઈ (દૂધ દહીં વગેરે) નો ત્યાગ, એકાન્ત, બાધારહિત, નિર્જીવ અને સ્ત્રી આદિથી રહિત એવા શૂન્ય ઘર, ગુફા વગેરેમાં જ્ઞાનાદિ પંચ આચાર સાધવા શયન-આસન, (આને સંલીનતા કહે છે; અને સંલીનતા એટલે ઇંદ્રિયો-કાયાદિયોગોનું સંયમન-સંગોપન પણ કહેવાય છે.) વિશિષ્ટ આસનો-આતાપના-શીત-સહન-લોચ વગેરે કાયદમન.

૨૦. આભ્યન્તર તપ ૬ પ્રકારેઃ- લાગેલા પાપોને ગુરુ આગળ બાળભાવે પ્રગટ કરી દંડ લેવો તે પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય (ભણવું ભણાવવું વગેરે), કાયોત્સર્ગ અને ધ્યાન.

૨૧. ધ્યાનની પહેલાનાં પ્રથમ પાંચના અનુક્રમે ૯-૪-૧૦-૫ અને ૨ ભેદો છે.



२२. आलोचन-प्रतिक्रमण-तदुभय-विवेक-व्युत्सर्ग-तपश्छेद-परिहारोपस्थापनानि ।
२३. ज्ञान-दर्शन-चारित्रोपचाराः ।
२४. आचार्योपाध्याय-तपस्वी-शैक्षक-ग्लान-गण-कुल-संघ-साधु-समनोज्ञानाम् ।
२५. वाचना-पृच्छना-ऽनुप्रेक्षा-ऽऽम्नाय-धर्मोपदेशाः ।
२६. बाह्याऽभ्यन्तरोपध्योः ।
२७. उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ।

૨૨. પ્રાયશ્ચિત્તના ૯ પ્રકાર : **આલોચન**-ગુરુ આગળ નિંદા-ગર્હાદિપૂર્વક પ્રગટ કરવું તે. **પ્રતિક્રમણ**-'મિથ્યાદુષ્કૃત' સાથે પશ્ચાત્તાપ, **તદુભય**-તે બંને ૧-લું અને ૨-જું **વિવેક**-પ્રયોજન મુજબ દોષ ટાળીને લાવેલા આહારવસ્ત્રાદિ અશુદ્ધ કે અધિક માલમ પડે વિધિપૂર્વક તજવાં તે, **વ્યુત્સર્ગ**-કાયોત્સર્ગ, **તપ,** છેદ-ચારિત્રપર્યાયનો, **પરિહાર**-જેમાં ગચ્છના બીજા સાધુઓ સાથે વંદનઆલાપ વગેરે તજવું પડે છે તે, (મૂલ પ્રાયશ્ચિત્ત=પૂર્વના સર્વ ચારિત્રપર્યાયનો છેદ, પછી ફરી વ્રત લેવાં પડે), **ઉપસ્થાપન**-ફરી ચારિત્ર-વ્રત સ્વીકારવા પડે તે, (અમુક તપ વગેરે આચર્યા પછીજ વ્રત કે વેષ લઈ શકાય તે અનવસ્થાપ્ય અને પારાંચિત એમ બે પ્રકારે. એ રીતે કુલ ૧૦ પ્રાયશ્ચિત્ત પણ ગણાય છે.)

૨૩. જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનય (જ્ઞાનાદિગુણાધિકનું બહુમાનસત્કારાદિ) એમ ચાર પ્રકારે વિનય છે.

૨૪. વૈયાવચ્ચ ૧૦ પ્રકારેઃ આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી-નવીન દીક્ષિત-બિમાર-ગણ (એક શ્રુતસ્થવિરની સંતતિમાં રહેલ)-કુલ (એક આચાર્યની સંતતિમાં રહેલ)-સંઘ (૪ પ્રકારે, પરમાર્થથી જ્ઞાનાદિ-ગુણ-સ્થિત સાધુ વગેરે)-સાધુ અને સમનોજ્ઞ(જ્ઞાનદર્શન-ચારિત્રરુપ મનોજ્ઞવાળા-૧૨ પ્રકારના સંબંધવાળા)નું આહાર, વસ્ત્ર, ઔષધ વગેરે દેવા વડે, તેમજ શુશ્રૂષા-ઉપસર્ગ નિવારણાદિ દ્વારા.

૨૫. સ્વાધ્યાય પાંચ પ્રકારે : શિષ્યને સૂત્ર-અર્થ ભણાવવા, શિષ્યે એમાં શંકાદિ પડે ગુરુને પૂછવું, અનુપ્રેક્ષા=મોઢેથી ઉચ્ચાર કર્યા વિના સૂત્ર-અર્થનું ચિંત્વન, અને ધર્મોપદેશ=સૂત્ર અર્થનું વ્યાખ્યાન-પરસ્પર વિચારણા.

૨૬. વ્યુત્સર્ગ બે પ્રકારેઃ- બાહ્ય-૧૨ પ્રકારની ઉપધિનો, અને અભ્યંતર-શરીર અને કષાયોનો ત્યાગ.

૨૭. ઉત્તમ સંઘયણ (વજ્ર૦, ઋષભ૦, નારાચ૦, અર્ધના૦) વાળાની એક વિષય પર ચિત્તની એકાગ્રતાને ધ્યાન કહે છે. (ચિત્તનિરોધ માટે વિશિષ્ટ શક્તિ જોઈએ)

२८. आमुहूर्तात् ।
२९. आर्त-रौद्र-धर्म्म-शुक्लानि ।
३०. परे मोक्षहेतू ।
३१. आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृति-समन्वाहारः ।
३२. वेदनायाश्च ।
३३. विपरीतं मनोज्ञानाम् ।
३४. निदानं च ।
३५. तदविरत-देशविरत-प्रमत्त-संयतानाम् ।
३६. हिंसा-ऽनृत-स्तेय-विषयसंरक्षणेभ्यो रौद्रमविरत-देशविरतयोः ।
३७. आज्ञा-ऽपाय-विपाक-संस्थान-विचयाय धर्म्ममप्रमत्तसंयतस्य ।

૨૮. એક ધ્યાન વધુમાં વધુ મુહૂર્ત સુધી અંતર્મુહૂર્ત ટકે.

૨૯. ધ્યાન ચાર પ્રકારનું છેઃ- આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ.

૩૦. એમાંના પછીના બે ધર્મ અને શુક્લ મોક્ષના કારણ છે. (આર્ત-રૌદ્ર સંસારના હેતુ છે.)

૩૧. અણગમતા વિષયનો સંયોગ પ્રાપ્ત થયે, તેના વિયોગની (વિયોગના ઉપાય વગેરેની) પાછળ મનની લગની-'આ અનિષ્ટ સંયોગકેમ છૂટે' ઇત્યાદિ ચિંતા-એ **આર્તધ્યાન**નો પહેલો પાયો.

૩૨. વ્યાધિના નાશ માટેની ચિંતા એ **આર્તધ્યાન**નો ૨-જો પાયો.

૩૩. મનગમતી વસ્તુના સંયોગ અંગેની મનની તાલાવેલી એ **આર્તધ્યાન**નો ૩-જો પાયો.

૩૪. વિષયસુખો મેળવવા નિયાણું (ગાઢ આસક્તિ-પૂર્વકની અભિલાષા) કરવું એ **આર્તધ્યાન**નો ૪-થો પાયો.

૩૫. આર્તધ્યાન અવિરતિ-દેશવિરતિવાળાને અને પ્રમત્ત સાધુને (૬ ગુણઠાણા સુધી જ) હોય.

૩૬. હિંસા, અસત્ય ભાષણ, ચોરી અને ઇષ્ટ-વિષયનું સંરક્ષણ-આ ચાર (અને એના ઉપાયાદિ) અંગે રૌદ્ર વિચારણા એ રૌદ્રધ્યાન. એ અવિરતિ-દેશવિરતિવાળાને જ હોય.

૩૭. (સર્વજીવને હિતકારી એવી નિર્દોષ) જિનાજ્ઞા, રાગદ્વેષાદિના ભીષણ અનર્થો (આલોક પરલોકની અપાર વિપત્તિઓ), ભિન્ન ભિન્ન કર્મોના વિચિત્ર વિચિત્ર પરિણામ, અને ચૌદ રાજલોક તથા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની તેવી તેવી સ્થિતિ આ



३८. उपशान्त-क्षीणकषाययोश्च ।
३९. शुक्ले चाऽऽद्ये ( पूर्वविदः ) ।
४०. परे केवलिनः ।
४१. पृथक्त्वैकत्व-वितर्क-सूक्ष्मक्रियाऽप्रतिपाति-व्युपरतक्रिया-ऽनिवृत्तीनि ।
४२. तत् त्र्येक-काययोगाऽयोगानाम् ।
४३. अेकाश्रये सवितर्के पूर्वे ।
४४. अविचारं द्वितीयम् ।
४५. वितर्कः श्रुतम् ।
४६. विचारोऽर्थ-व्यंजन-योग-संक्रान्तिः ।

ચારની વિચારણામાં ચિત્તની તન્મયતા એ ધર્મધ્યાન. એ અપ્રમત્ત સંયમીને (૭મા ગુણઠાણાથી) હોય.

૩૮. કષાયનો ઉપશમ અથવા ક્ષય કરેલાને પણ ધર્મધ્યાન હોય.

૩૯. ઉપશાંત કે ક્ષીણ-કષાયવાળાને શુક્લધ્યાનના પહેલા બે પાયા પણ હોય છે. પૂર્વધરને એ હોય છે.

૪૦. શુક્લ ધ્યાનના છેલ્લા બે પાયા કેવલજ્ઞાનીનેજ હોય છે.

૪૧. શુક્લધ્યાનના ચાર પાયા :- પૃથક્ત્વવિતર્ક (સવિચાર), એકત્વવિતર્ક (અવિચાર), સૂક્ષ્મક્રિયાઽ પ્રતિપાતિ, વ્યુપરતક્રિયાઽનિવર્તી. (૧. પૃથક્ત્વ=એક પદાર્થથી બીજા પદાર્થ પર ધ્યાનને જવાની વિવિધતા, એ વાળા વિતર્કનો સંચાર, ૨. એકત્વ=એકજ પદાર્થનું આલંબન, ૩. સૂક્ષ્મ મનવચનયોગોને રુંધનાર સૂક્ષ્મકાયયોગનું નિરોધક ધ્યાન સૂક્ષ્મક્રિયાવાળું અને અપ્રતિપાતી છે. ૪. વ્યુપરતક્રિયા=કોઈ યોગ જ્યાં નથી એવું ધ્યાન).

૪૨. એ ચાર પ્રકારનું શુક્લધ્યાન અનુક્રમે ત્રણ યોગવાળાને, એકજ યોગવાળાને, મનવચનયોગોને રુંધી માત્ર સૂક્ષ્મકાયયોગ ધરનારને-અને અયોગીને હોય છે.

૪૩. 'પૂર્વે' એટલે શુક્લધ્યાનના પહેલા બે પ્રકાર એ એક દ્રવ્યને અવલંબીને પૂર્વગતશ્રુતને અનુસારે થતા વિતર્કવાળા હોય છે.

૪૪. (પહેલું શુક્લધ્યાન સવિચાર=સંક્રમણવાળું, જ્યારે) બીજું પદાર્થો વગેરેના સંચાર વિનાનું હોય છે.

૪૫. પૂર્વગતશ્રુતજ્ઞાન કે જેથી પદાર્થની વિચારણા કરાય છે તેને 'વિતર્ક' કહેવાય.

૪૬. 'વિચાર' એટલે પરમાણુ, આત્મા આદિ **પદાર્થ,** એના બોધક **શબ્દો**

४७. **सम्यग्दृष्टि-श्रावक-विरता-ऽनन्तवियोजक-दर्शनमोहक्षपकोपशमकोपशान्तमोह-क्षपक-क्षीणमोह-जिनाः क्रमशो-ऽसंख्येयगुण-निर्जराः ।**

४८. **पुलाक-बकुश-कुशील-निर्ग्रन्थ-स्नातका निर्ग्रन्थाः ।**

४९. **संयम-श्रुत-प्रतिसेवना-तीर्थ-लिंग-लेश्योपपात-स्थान-विकल्पतः साध्याः ।**

---

અને મનવચનકાયાના **યોગોને** વિષે સંક્રમણ-સંચાર.

૪૭. સમ્યગ્દષ્ટિ, શ્રાવક, સર્વવિરતિધર સાધુ, અનંતાનુબંધિ કષાયનો ક્ષય કે ઉપશમ કરતો આત્મા, દર્શનમોહનો ક્ષય કરતો, મોહનીયનો ઉપશમ કરતો , ઉપશાંત મોહનીયવાળો (ઉપશમ કરેલો). મોહનીયનો ક્ષય કરતો, ક્ષીણ મોહનીયવાળો (ક્ષય કરેલો) અને ચાર ઘાતિનો જેમણે ક્ષય કરેલો છે એવા આત્મા આ દશ અનુક્રમે પૂર્વપૂર્વ કરતાં અસંખ્યાતગુણ નિર્જરા કરનાર હોય છે.

૪૮. નિર્ગ્રન્થ (આઠ કર્મ અને આસ્રવરૂપ ગ્રંથને જીતવામાં પ્રવૃત્તિશીલ સુસાધુ) પાંચ પ્રકારે હોય છે.

૧. **પુલાક** એટલે નિસ્સારતુષ. મહાવ્રતના પાલક છતાં ડાંગરના ફોતરાની જેમ તપ-શ્રુતથી પ્રાપ્ત થયેલ લબ્ધિના આધારે જીવી જ્ઞાનાદિગુણવિના આત્માને નિઃસાર કરનાર. ૨. **બકુશ** (એટલે કાબરચિતરા)-દેહ-ઉપધિની શોભા, ઋદ્ધિ, યશ, સુખશીલતા વગેરેમાં પડેલા અને છેદ-પ્રાયશ્ચિતયોગ્ય એવા શુદ્ધિઅશુદ્ધિથી કાબરચિતરા ચારિત્રવાળા. ૩. **કુશીલ** એટલે ઇંદ્રિયોના સંયમ વિના ઉત્તર ગુણો (સમિતિ, તપ વગેરે)ની વિરાધના સેવીને કે સંજ્વલન કષાયોની ઉદીરણા કરી ૧૮૦૦૦ શિલાંગને દૂષિત કરનાર. ૪. **નિર્ગ્રન્થ** એટલે પ્રશસ્ત યોગસંયમને પ્રાપ્ત યથાખ્યાત (વીતરાગ) ચારિત્રવાળા છદ્મસ્થ. ૫. **સ્નાતક** એટલે સયોગી કે અયોગી કેવલિ ભગવાન.

૪૯. એ પાંચ નિર્ગ્રન્થમાંના કોણ કયા ચારિત્રવાળા, કેટલા શ્રુતવાળા, મૂલોત્તરગુણની કઈ વિરાધનાને ભજનારા, ક્યા તીર્થંકરના તીર્થમાં થનારા, દ્રવ્ય-ભાવમાંથી કેટલા લિંગને ધરનારા, કેટલી લેશ્યાવાળા, કાળ કરીને કયાં જનારા, કેટલા સંયમસ્થાનકને સ્પર્શનારા, ઈત્યાદિ પ્રકારોથી વિચારણીય છે.

• • •



# અધ્યાય-૧૦.

१. **मोहक्षयाद् ज्ञानदर्शनावरणाऽन्तराय-क्षयाच्चकेवलम् ।**

२. **बन्धहेत्वभाव-निर्जराभ्याम् ।**

३. **कृत्स्न-कर्मक्षयो मोक्षः ।**

४. **औपशमिकादि-भव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्व-ज्ञान-दर्शन-सिद्धत्वेभ्यः ।**

५. **तदनन्तरमूर्ध्वं गच्छत्याऽऽलोकान्तात् ।**

६. **पूर्व-प्रयोगादसंगत्वाद् बन्धच्छेदात्तथागति-परिणामाच्चतद्गतिः ।**

७. **क्षेत्र-काल-गति-लिंग तीर्थ-चारित्र-प्रत्येकबुद्ध-बोधित-ज्ञाना-ऽवगाहना-ऽन्तर-संख्या-ऽल्पबहुत्वतः साध्याः ।**

---

૧. પ્રથમ થતો મોહનીય કર્મનો સર્વક્ષય, અને પછી થતો જ્ઞાનાવરણ, દર્શન વરણ અને અંતરાયનો સર્વથા ક્ષય-આ ચાર ઘાતિકર્મના ક્ષયથી કેવલજ્ઞાન પ્રગટે છે.

૨. બંધના હેતુ આસ્રવને રોકવાથી અને સાથે કર્મની નિર્જરા કરવાથી કર્મની સર્વથા ક્ષીણદશા પ્રાપ્ત થાય છે.

૩. સકલ કર્મનો ક્ષય એજ મોક્ષ,

૪. ક્ષાયિક સમ્યક્ત્વ, કેવલજ્ઞાન, કેવલદર્શન અને સિદ્ધપણું-આ સિવાયના બીજા ઔપશમિક આદિ ભાવોના અને ભવ્યત્વના અભાવથી (નાશથી) મોક્ષ થાય છે.

૫. કર્મક્ષયરૂપી મોક્ષ થયા બાદ આત્મા (એક સમયે) ઉંચે લોકના અંત (મથાળા) સુધી જાય છે.

૬. તે જવાનું ચક્રની જેમ પૂર્વપ્રયત્નને લઈને, જીવને અન્યત્ર ખેંચી જનારા કર્માદિનો સંગ છૂટવાથી, દોરીના બંધનની જેમ કર્મના બંધન છેદાઈ જવાથી, અને ખાલી તુંબડાની જેમ ઉંચે જવાના સ્વાભાવિક ગતિ પરિણામને લીધે થાય છે.

૭. કયાં સિદ્ધ થાય ? ક્યારે-કયા લિંગે-તીર્થે કે અતીર્થે - કયા ચારિત્રે-પ્રત્યેક બુદ્ધ કે બુદ્ધબોધિત સિદ્ધ થાય ? ક્યા જ્ઞાનવાળા અને કેટલી શરીરની ઉંચાઈવાળા સિદ્ધ થાય ? સતત કયાં સુધી કે કેટલા આંતરે, એક સમયે કેટલી સંખ્યામાં સિદ્ધ થાય ? આ રીતે સિદ્ધ થનારનું અલ્પ-બહુત્વ, કોણ ઓછા વધારે ?- આ પ્રમાણે મોક્ષતત્ત્વ વિચારણીય છે.

**— તત્ત્વાર્થ-દશ-અધ્યાય સૂત્ર-ઉષા સમાપ્ત. —**

## પરિશિષ્ટ-૧

### श्रीउमास्वातिवाचकविरचितम्

### ॥ तत्त्वार्थाधिगमसूत्र-सम्बन्धकारिका ॥

सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाऽप्नोति ।
दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ॥१॥
जन्मनि कर्मक्लैशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मलेशाऽभावो, यथा भवत्येष परमार्थः ॥२॥
परमार्थाऽलाभे वा, दोषेष्वाऽऽरम्भकस्वभावेषु ।
कुशलाऽनुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म ॥३॥
कर्माऽहितमिह चाऽमुत्र, चाऽधमतमो नरः समारभते ।
इह फलमेव त्वधमो, विमध्यमस्तूभयफलार्थम् ॥४॥
परलोकहितायैव, प्रवर्तते मध्यमः क्रियासु सदा ।
मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमः पुरुषः ॥५॥

જે પુરુષ, સમ્યગ્ દર્શનવડે શુદ્ધ એવા જ્ઞાન અને વિરતિને પ્રાપ્ત કરે છે તે પુરુષને દુઃખના નિમિત્તભૂત એવો આ જન્મ પણ લાભદાયક નીવડે છે. (૧)

કર્મ અને કષાયના અનુબંધવાળા આ જન્મમાં જેવી રીતે કર્મ ક્લેશનો અભાવ થાય તે પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ, એજ પરમાર્થ છે. (૨)

આરંભકારી સ્વભાવવાળા કષાયરૂપ દોષોને લીધે જો પરમાર્થ-મોક્ષની પ્રાપ્તિ ન થાય તો જેવી રીતે મોક્ષને અનુકૂલ એવા પુણ્યનો અનુબંધ થાય તેવી રીતે નિરવદ્ય (પાપ રહિત) કાર્ય કરવાં જોઈએ. (૩)

I. **અધમતમા**=અત્યંત હલકો મનુષ્ય આલોક અને પરલોકમાં દુઃખદાયી થાય એવા કામનો આરંભ કરે છે, II. **અધમ** પુરુષ કેવલ આ લોકમાં શુભ ફળદાયક થાય તેવા કાર્યોનો આરંભ કરે છે. III. અને **વિમધ્યમ** પુરુષ તો ઉભયલોકમાં શુભ ફળદાયક કામ આરંભે છે.(૪)

IV. **મધ્યમ** પુરુષ પરલોકના હિતને માટે જ નિરંતર ક્રિયામાં પ્રવર્તે છે અને. V. વિશિષ્ટ મતિવાળો **ઉત્તમ** પુરુષ તો મોક્ષ માટે જ પ્રવર્તે છે. (૫)

VI. વળી જે પુરુષ ઉત્તમ ધર્મ (કેવળજ્ઞાન સ્વરૂપ)ને પામીને પોતે કૃતાર્થ થયા છે. છતાં પણ બીજાઓને નિરંતર ધર્મનો ઉપદેશ કરે છે તે ઉત્તમો થકી પણ



यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति ।
नित्यं स उत्तमेभ्योऽप्युत्तम इति पूज्यतम एव ॥६॥
तस्मादर्हति पूजामर्हन्नेवोत्तमोत्तमो लोके ।
देवर्षि-नरेन्द्रेभ्यः, पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम् ॥७॥
अभ्यर्चनादर्हतां मनःप्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥८॥
तीर्थप्रवर्तनफलं यत्प्रोक्तं कर्म तीर्थंकरनाम ।
तस्योदयात्कृतार्थोऽप्यर्हंस्तीर्थं प्रवर्तयति ॥९॥
तत्स्वाभाव्यादेव प्रकाशयति भास्करो यथा लोकम् ।
तीर्थप्रवर्तनाय प्रवर्तते तीर्थंकर एवम् ॥१०॥
यः शुभकर्माऽऽसेवन-भावितभावो भवेष्वनेकेषु ।
जज्ञे ज्ञातेक्ष्वाकुषु, सिद्धार्थनरेन्द्र-कुलदीपः ॥११॥
ज्ञानैः पूर्वाधिगतैरप्रतिपतितैर्मति-श्रुताऽवधिभिः ।
त्रिभिरपि शुद्धैर्युक्तः शैत्य-द्युति-कान्तिभिरिवेन्दुः ॥१२॥

ઉત્તમ =**ઉત્તમોત્તમ** છે અને સર્વને પૂજવા યોગ્ય =પૂજ્યતમ જ છે, (૬)

તે માટે ઉત્તમોત્તમ એવા અર્હંત જ લોકમાં અન્ય પ્રાણીઓને પૂજ્ય (મનાતા) એવા દેવર્ષિ અને રાજાઓ વડે પણ પૂજાવાને યોગ્ય છે. (૭)

અરિહંતોની પૂજા થકી મનની પ્રસન્નતા (=શુદ્ધિ) થાય અને તે (મનની પ્રસન્નતા) થી સમાધિ થાય અને તેનાથી મોક્ષ પ્રાપ્તિ થાય. આ કારણથી અરિહંતોની પૂજા કરવી એ યોગ્ય જ છે. (૮)

તીર્થંકર નામકર્મનું તીર્થ પ્રવર્તાવવારૂપ ફળ (શાસ્ત્રમાં) કહ્યું છે, તેના (તીર્થંકર નામકર્મના) ઉદયથી કૃતાર્થ એવા પણ અરિહંત તીર્થ પ્રવર્તાવે છે. (૯)

જેમ સૂર્ય તેના સ્વભાવે કરીને જ લોકને પ્રકાશિત કરે છે, તેમ તીર્થંકર પણ તીર્થ પ્રવર્તાવવા માટે પ્રવર્તે છે. કેમકે તીર્થ પ્રવર્તાવવું એ તીર્થંકર નામકર્મનો સ્વભાવ છે. (૧૦)

અનેક ભવોમાં શુભ કર્મના સેવનવડે વાસિત કર્યો છે ભાવ જેણે એવા અને સિદ્ધાર્થરાજાના કુળમાં દીપક સમાન એવા તે ભગવાન જ્ઞાત ઈક્ષ્વાકુવંશને વિશે ઉત્પન્ન થયા. (૧૧)

શીતળતા, દ્યુતિ અને કાંતિવડે યુક્ત ચંદ્રની જેમ પૂર્વે પ્રાપ્ત કરેલાં અપ્રતિપાતિ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણે શુદ્ધ જ્ઞાનો વડે યુક્ત; એવા; (૧૨)

शुभसार-सत्त्व-संहनन-वीर्य-माहात्म्य-रूप-गुणयुक्तः ।
जगति महावीर इति, त्रिदशैर्गुणतः कृताऽऽभिख्यः ॥१३॥
स्वयमेव बुद्धतत्त्वः, सत्त्वहिताऽभ्युद्यताऽचलितसत्त्वः ।
अभिनन्दित-शुभसत्त्वः, सेन्द्रैर्लोकान्तिकैर्देवैः ॥१४॥
जन्मजरामरणार्त्तं, जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।
स्फीतमपहाय राज्यं, शमाय धीमान् प्रवव्राज ॥१५॥
प्रतिपद्याऽशुभशमनं, निःश्रेयस-साधकं श्रमणलिङ्गम् ।
कृतसामायिककर्मा, व्रतानि विधिवत्समारोप्य ॥१६॥
सम्यक्त्व-ज्ञान-चारित्र-संवर-तपः समाधि-बलयुक्तः ।
मोहादीनि निहत्याऽशुभानि चत्वारि कर्माणि ॥१७॥
केवलमधिगम्य विभुः, स्वयमेव ज्ञानदर्शनमनन्तम् ।
लोकहिताय कृतार्थोऽपि देशयामास तीर्थमिदम् ॥१८॥
द्विविधमनेक-द्वादशविधं, महाविषयममित-गमयुक्तम् ।
संसारार्णवपारगमनाय दुःखक्षयायाऽलम् ॥१९॥

શુભ શ્રેષ્ઠ સત્ત્વ, સંઘયણ, વીર્ય અને માહાત્મ્ય રૂપ ગુણયુક્ત અને દેવતાઓએ ગુણથકી જગતને વિષે મહાવીર એ પ્રકારે નામ સ્થાપન કર્યું છે જેનું એવા; (૧૩)

પોતે જ તત્ત્વના જાણ, પ્રાણીઓના હિતને માટે તત્પર, અચળ સત્ત્વવાળા અને ઈન્દ્રો સહિત લોકાંતિક દેવોએ જેમનો શુભ સત્ત્વ ગુણ પ્રશંસ્યો છે. એવા; (૧૪)

બુદ્ધિમાન્ મહાવીરદેવે જન્મ, જરા અને મરણથી પીડિત જગતને અશરણ અને અસાર જોઈને વિશાળ રાજ્યનો ત્યાગ કરીને સમતા (કર્મનો નાશ કરવા) માટે દીક્ષા લીધી. (૧૫)

અશુભ (પાપ) ને શમાવનાર અને મોક્ષનો સાધક એવો જે સાધુવેષ તેને ગ્રહણ કરીને, કર્યું છે સામાયિક જેણે એવા વીર પરમાત્મા વિધિપૂર્વક વ્રતોને આરોપણ કરી (ગ્રહણ કરી) ને; (૧૬)

સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, સંવર, તપ, સમાધિ અને બળથી યુક્ત એવા પ્રભુએ મોહનીયાદિ ચાર અશુભ (ઘાતી) કર્મનો સર્વથા નાશ કરીને; (૧૭)

સ્વયમેવ અનંત કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામીને પ્રભુ મહાવીર દેવ કૃતાર્થ છતાં પણ લોકહિતને માટે આ તીર્થ (પ્રવચન)ને ઉપદેશ્યું છે. (૧૮)

અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એમ બે પ્રકારે, (અંગ બાહ્ય) અનેક પ્રકારે,



ग्रन्थार्थ-वचनपटुभिः प्रयत्नवद्भिरपि वादिभिर्निपुणैः ।
अनभिभवनीयमन्यैर्भास्कर इव सर्वतेजोभिः ॥२०॥
कृत्वा त्रिकरणशुद्धं, तस्मै परमर्षये नमस्कारम् ।
पूज्यतमाय भगवते, वीराय विलीनमोहाय ॥२१॥
तत्त्वार्थाधिगमाख्यं, बह्वर्थं सङ्ग्रहं लघुग्रन्थम् ।
वक्ष्यामि शिष्यहितमिममर्हद्वचनैकदेशस्य ॥२२॥
महतोऽतिमहाविषयस्य दुर्गमग्रन्थ-भाष्यपारस्य ॥
कः शक्तः प्रत्यासं जिनवचनमहोदधेः कर्तुम् ? ॥२३॥
शिरसा गिरिं बिभित्सेदुच्चिक्षिप्सेच्च स क्षितिं दोर्भ्याम् ।
प्रतितीर्षेच्च समुद्रं, मित्सेच्च पुनः कुशाग्रेण ॥२४॥

(અંગ પ્રવિષ્ટ) બાર પ્રકારે, મહાન વિષયવાળું, અનેક આલાવાએ સહિત, સંસાર સમુદ્રનો પાર પામવાને અને દુઃખનો નાશ કરવાને સમર્થ એવું તીર્થ (પ્રભુ દેખાડી ગયા છે. પ્રભુએ પ્રકાશ્યું છે.) (૧૯)

જેમ બીજાં સર્વ તેજવડે સૂર્ય પરાભવ ન પામે તેમ, ગ્રંથોના અર્થ નિરૂપણ કરવામાં પ્રવીણ અને પ્રયત્નવાન એવા નિપુણ વાદિઓ વડે પણ જેનું ખંડન કરી શકાય નહિ એવું આ તીર્થ (પ્રભુએ) પ્રવર્તાવ્યું છે. (૨૦)

પરમ ઋષિ અને પરમ પૂજ્ય એવા વીરભગવાનને ત્રિકરણ શુદ્ધિએ નમસ્કાર કરીને; અલ્પ શબ્દો છતાં ઘણા અર્થને સંગ્રહ કરનાર આ તત્ત્વાર્થાધિગમ નામના લઘુ ગ્રન્થને શિષ્યના હિતને માટે હું (ઉમાસ્વાતિ વાચક) વર્ણન કરીશ, જે અરિહંત વચનના એક દેશ (ભાગ-અંશ) તુલ્ય છે. (૨૧-૨૨)

મહાન, ઘણા મોટા વિષયવાળા અને દુર્ગમ (મુશ્કેલીથી સમજાય તેવો) છે ગ્રંથ અને ભાષ્યનો પાર જેનો, એવો જિનવચનરૂપી મહાસાગરનો સંગ્રહ કરવાને કોણ સમર્થ થઈ શકે ? (૨૩)

જે પુરુષ અતિ વિશાળ ગ્રંથ અને અર્થ વડે પૂર્ણ જિનવચનને સંપૂર્ણ રીતે સંગ્રહ કરવાની ઈચ્છા કરે છે, તે મૂઢ મસ્તકવડે પર્વતને તોડવાને ચાહે છે, બે ભુજાવડે પૃથ્વીની સાથે પર્વતને ખેંચવાને ચાહે છે, સમુદ્રને બે ભુજાઓ વડે તરી પાર પામવાને ચાહે છે અને વળી ડાભના અગ્રભાગવડે સમુદ્ર (જળ) ને માપવા ચાહે છે, આકાશમાં ઉછળી ચંદ્રને ઉલ્લંઘન કરવા ચાહે છે, મેરુ પર્વતને હાથવડે કંપાવવા ચાહે છે, ગતિવડે વાયુથકી પણ આગળ જવા ચાહે છે, અંતિમ (સ્વયંભૂરમણ) સમુદ્રને પીવાને ચાહે છે અને ખજુઆની પ્રભાથી સૂર્યને પરાભવ

व्योम्नीन्दुं चिक्रमिषेन्मेरुगिरिं पाणिना चिकम्पयिषेत् ।
गत्यानिलं जिगीषेच्चरमसमुद्रं पिपासेच्च ॥२५॥
खद्योतकप्रभाभिः सोऽभिबुभूषेच्च भास्करं मोहात् ।
योऽतिमहाग्रन्थार्थं, जिनवचनं संजिघृक्षेत ॥२६॥
एकमपि तु जिनवचनाद्यस्मान्निर्वाहकं पदं भवति ।
श्रूयन्ते चानन्ताः सामायिकमात्र-पदसिद्धाः ॥२७॥
तस्मात्तत्प्रामाण्यात्, समासतो व्यासतश्च जिनवचनम् ।
श्रेय इति निर्विचारं, ग्राह्यं धार्यं च वाच्यं च ॥ ॥२८॥
न भवति धर्मःश्रोतुः, सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्ध्या, वक्तुस्त्वेकान्ततो भवति ॥२९॥
श्रममविचिन्त्यात्मगतं, तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।
आत्मानं च परं च हि, हितोपदेष्टाऽनुगृह्णाति ॥३०॥
नर्ते च मोक्षमार्गाद्धितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन् ।
तस्मात्परमिममेवेति मोक्षमार्गं प्रवक्ष्यामि ॥३१॥

કરવા ચાહે છે. (૨૪-૨૫-૨૬)

જિનવચનનું એક પણ પદ, ઉત્તરોત્તર જ્ઞાનપ્રાપ્તિ દ્વારા સંસારના પારને પ્રાપ્ત કરાવનાર થાય છે. કેમકે સામાયિક માત્ર પદવડે કરીને અનંત (જીવો) સિદ્ધ થયેલા છે, એમ શાસ્ત્રમાં સંભળાય છે. (૨૭)

તે કારણથી તે જિનવચનને સંક્ષેપથી અને વિસ્તારથી ગ્રહણ કરવું તે કલ્યાણકારક છે, એમ સમજી તે જિનવચનને સંદેહ રહિત ગ્રહણ કરવું, ધારી રાખવું અને બીજાને કહેવું (ભણાવવું) જોઈએ. (૨૮)

હિત વચનના શ્રવણથી સર્વ સાંભળનારને એકાન્તે ધર્મ થાય જ એવું નથી પરંતુ અનુગ્રહ બુદ્ધિવડે બોલનારા વક્તા (ઉપદેશક) ને તો અવશ્ય ધર્મ થાય જ. (૨૯)

તેથી પોતાના શ્રમનો વિચાર નહિ કરતાં હમેશાં મોક્ષમાર્ગનો ઉપદેશ કરવો જોઈએ કારણ કે ખરેખર હિતોપદેશ કરનાર સ્વ અને પર ઉપર ઉપકાર કરે છે. (૩૦)

આ સમગ્ર સંસારમાં મોક્ષમાર્ગ સિવાય બીજો કોઈ હિતોપદેશ નથી, એ હેતુથી શ્રેષ્ઠ એવા આ મોક્ષમાર્ગને જ હું (ઉમાસ્વાતિવાચક) વર્ણવીશ. (૩૧)

• • •



## પરિશિષ્ટ-૨

श्रीउमास्वातिवाचकविरचितम्

### ॥ तत्त्वार्थाधिगम-अंत्यकारिका ॥

एवं तत्त्वपरिज्ञानाद्विरक्तस्याऽऽत्मनो भृशम् ।
निरास्रवत्वाच्छिन्नायां, नवायां कर्मसन्ततौ ॥१॥
पूर्वार्जितं क्षपयतो, यथोक्तैः क्षयहेतुभिः ।
संसारबीजं कात्स्न्र्येन, मोहनीयं प्रहीयते ॥२॥
ततोऽन्तरायज्ञानघ्नदर्शनघ्नान्यनन्तरम् ।
प्रहीयन्तेऽस्य युगपत्, त्रीणि कर्माण्यशेषत : ॥३॥
गर्भसूच्यां विनष्टायां, यथा तालो विनश्यति ।
तथा कर्म क्षयं याति, मोहनीये क्षयं गते ॥४॥
ततः क्षीणचतुष्कर्मा, प्राप्तोऽथाऽऽख्यातसंयमम् ।
बीजबन्धननिर्मुक्तः, स्नातकः परमेश्वरः ॥५॥
शेषकर्मफलापेक्षः शुद्धो बुद्धो निरामयः ।
सर्वज्ञः सर्वदर्शी च, जिनो भवति केवली ॥६॥

આ રીતે તત્ત્વજ્ઞાન પામીને વૈરાગી આત્મા આશ્રવરહિત બને છે. તેથી તેના નવા કર્મોની પરંપરા અટકે છે. (૧)

આગળ કહેલા કર્મ ક્ષયના હેતુઓ વડે પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરનાર આત્માનું સંસારના બીજરૂપ મોહનીય કર્મ સર્વથા નાશ પામે છે. (૨)

ત્યારબાદ અંતરાય-જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય એ ત્રણે ય કર્મો સંપૂર્ણ એક સાથે નાશ પામે છે. (૩)

જેમ તાડના ગર્ભમાં રહેલી સોય (મધ્યમાં રહેલું તંતુ) નાશ પામે છે ત્યારે તાડનું વૃક્ષ નાશ પામે છે. તેમ મોહનીયકર્મનો ક્ષય થયે છતે શેષ કર્મો પણ નાશ પામે છે. (૪)

ત્યારબાદ- ચાર કર્મના ક્ષયવાળો જીવ યથાખ્યાત સંયમને પામી બીજરૂપ બન્ધનથી નિર્મુક્ત થઈ સ્નાતક, પરમેશ્વર (થાય છે. વળી,....) (૫)

શેષ (૪)અઘાતિ કર્મના ફળની અપેક્ષાવાળો શુદ્ધ, બુદ્ધ, નિરોગી, સર્વજ્ઞ અને સર્વદર્શી જિન કેવલી થાય છે. (૬)

कृत्स्नकर्मक्षयादूर्ध्वं, निर्वाणमधिगच्छति ।
यथा दग्धेन्धनो वह्निर्निरुपादानसन्ततिः ॥७॥
दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे, नारोहति भवाङ्कुरः ॥८॥
तदनन्तरमेवोर्ध्वमालोकान्तात् स गच्छति ।
पूर्वप्रयोगाऽसङ्गत्वबन्धच्छेदोर्ध्वगौरवैः ॥९॥
कुलालचक्रे दोलायामिषौ चाऽपि यथेष्यते ।
पूर्वप्रयोगात् कर्मेह, तथा सिद्धिगतिः स्मृता ॥१०॥
मृल्लेपसङ्गनिर्मोक्षाद्यथा दृष्टाऽप्स्वलाबुनः ।
कर्मसङ्गविनिर्मोक्षात्, तथा सिद्धिगतिः स्मृता ॥११॥
एरण्ड-यन्त्र-पेडासु, बन्धच्छेदाद्यथा गतिः ।
कर्मबन्धन-विच्छेदात्, सिद्धस्याऽपि तथेष्यते ॥१२॥
उर्ध्वगौरव-धर्माणो, जीवा इति जिनोत्तमैः ।
अधोगौरव-धर्माणः, पुद्गला इति चोदितम् ॥१३॥

જેમ લાકડા બળી ગયા પછી નવા લાકડા ન ઉમેરવાથી અગ્નિ બુઝાઈ જાય છે તેમ સમસ્ત કર્મો ક્ષય થયા પછી આત્મા નિર્વાણ=મોક્ષને પામે છે. (૭)

જેમ બીજ બિલકુલ બળી જવાથી અંકુરો ફુટતો નથી, તેમ કર્મબીજ બળી ગયે છતે ભવરૂપી અંકુરો ફૂટતો નથી. (અર્થાત્ ફરી જન્મે નહિ.) (૮)

સર્વ કર્મક્ષય થયા પછી તરત જ (I) પૂર્વપ્રયોગથી (II) અસંગપણું હોવાથી (III) બંધના છેદથી અને (IV) ઊર્ધ્વગમન ના સ્વભાવથી આત્મા લોકના અંત સુધી પહોંચી જાય છે. (૯)

(વર્તમાનમાં પ્રેરણા-પ્રયોગ ન હોવા છતાં) પૂર્વ પ્રયોગથી કુંભારના ચાકડામાં, હીંડોળામાં અને બાણમાં (ભ્રમણ-ગમનાદિ) ક્રિયા થાય છે તેમ અહીં સિદ્ધજીવોની ગતિ જણાવી છે.(૧૦)

જેમ માટીના લેપવાળા તુંબડાનો પાણીમાં માટીનો સંબંધ છૂટી જવાથી તેની ઉર્ધ્વગતિ દેખાય છે. તેમ આત્મા સાથે કર્મનો સંગ સર્વથા છૂટી જવાથી સિદ્ધાત્માની (ઉર્ધ્વ)ગતિ કહેલી છે. (૧૧)

એરંડાના ગુચ્છાના બંધન કપાવાથી જેમ એરંડ બીજની ગતિ થાય છે તેમ કર્મબન્ધન તૂટી જવાથી સિદ્ધાત્માની ગતિ ઇચ્છાય છે. (૧૨)

જીવો-ઊર્ધ્વગમનના વિશિષ્ટ સ્વભાવવાળા હોય છે અને પુદ્ગલો



यथाऽधस्तिर्यगूर्ध्वं च, लोष्ट-वाय्वग्नि-वीतयः ।
स्वभावतः प्रवर्तन्ते, तथोर्ध्वं गतिरात्मनाम् ॥१४॥
अतस्तु गति-वैकृत्यमेषां यदुपलभ्यते ।
कर्मणः प्रतिघाताच्च, प्रयोगाच्च तदिष्यते ॥१५॥
अधस्तिर्यगथोर्ध्वं च, जीवानां कर्मजा गतिः ।
उर्ध्वमेव तु तद्धर्मा, भवति क्षीण-कर्मणाम् ॥१६॥
द्रव्यस्य कर्मणो यद्वदुत्पत्त्याऽऽरम्भ-वीतयः ।
समं तथैव सिद्धस्य, गति-मोक्ष-भवक्षयाः ॥१७॥
उत्पत्तिश्च विनाशश्च, प्रकाश-तमसोरिह ।
युगपद्भवतो यद्वत्, तथा निर्वाण-कर्मणोः ॥१८॥
तन्वी मनोज्ञा सुरभिः पुण्या परम-भास्वरा ।
प्राग्भारा नाम वसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता ॥१९॥

અધોગમનના વિશિષ્ટ સ્વભાવવાળા હોય છે. એમ જિન-કેવલી માંહે ઉત્તમ એવા શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે. (૧૩)

જેમ નીચી-તીર્છી અને ઊર્ધ્વગતિ અનુક્રમે પત્થર,વાયુ અને અગ્નિની છે તેમ સ્વભાવથી જ આત્માની ઊર્ધ્વગતિ છે. (વીતિ=ગતિ) (૧૪)

એથી ઉપર કહેલ કરતાં જુદી રીતે એ જીવ પુદ્ગલાદિની ગતિ જે થાય છે. અર્થાત્ ગતિમાં જે વિકૃતિ દેખાય છે તે કર્મથી, પ્રતિઘાતથી અને પ્રયોગ (=આત્માના પ્રયત્ન) થી થાય છે, (૧૫)

જીવોની અધો-તીર્છી અને ઊંચીગતિ કર્મથી ઉત્પન્ન થયેલી છે. પરંતુ સકલકર્મનો ક્ષય કરેલા જીવોની ઉર્ધ્વગતિ જ થાય છે. કેમકે જીવનો સ્વભાવ જ ઉર્ધ્વગતિનો છે. (૧૬)

જેમ દ્રવ્યમાં ક્રિયાની ઉત્પત્તિ, પ્રવૃત્તિ અને નાશ એક સાથે થાય છે. તે જ પ્રમાણે સિદ્ધાત્માની (લોકાન્તે) ગતિ, મોક્ષ અને ભવક્ષય એક સાથે થાય છે. (૧૭)

જેમ અહીં પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો વિનાશ એક સાથે થાય છે તે પ્રમાણે નિર્વાણ ની પ્રાપ્તિ અને કર્મ નો ક્ષય એક સાથે થાય છે. (૧૮)

લોક-ક્ષેત્રના મસ્તકે પાતળી, મનોહર, સુગંધિ, પવિત્ર અને પરમતેજસ્વી 'પ્રાગ્ભારા' નામની પૃથ્વી (= સિદ્ધશિલા) રહેલી છે. (૧૯)

नृलोक-तुल्य-विष्कम्भा, सितच्छत्र-निभा शुभा ।
उर्ध्वं तस्याः क्षितेः सिद्धाः, लोकान्ते समवस्थिताः ॥२०॥
तादात्म्यादुपयुक्तास्ते, केवलज्ञान-दर्शनैः ।
सम्यक्त्व-सिद्धताऽवस्था, हेत्वभावाच्च निष्क्रियाः ॥२१॥
ततोऽप्यूर्ध्वं गतिस्तेषां, कस्मान्नास्तीति चेन्मतिः ।
धर्मास्तिकायस्याऽभावात्, स हि हेतुर्गतेः परः ॥२२॥
संसार-विषयातीतं, मुक्तनामव्ययं सुखम् ।
अव्याबाधमिति प्रोक्तं, परमं परमर्षिभिः ॥२३॥
स्यादेतदशरीरस्य, जन्तोर्नष्टाऽष्टकर्मणः ।
कथं भवति मुक्तस्य, सुख? मित्यत्र मे शृणु ॥२४॥
लोके चतुर्ष्विहार्थेषु, सुखशब्दः प्रयुज्यते ।
विषये वेदनाऽभावे, विपाके मोक्ष एव च ॥२५॥

(તે પૃથ્વી) મનુષ્યલોક (= અઢી દ્વીપ = ૪૫લાખ યોજન) પ્રમાણ વિસ્તારવાળી અને સફેદ, (ઉંધા) છત્ર જેવા આકારવાળી અને શુભ (પુદ્‌ગલોની) છે. તે પ્રાગ્ભારા પૃથ્વીની ઉપર (એક યોજન પ્રદેશમાં છેવટના યોજનના ૨૪મા ભાગમાં) અને લોકને અંતે સિદ્ધાત્માઓ સ્થિર રહેલા છે. (૨૦)

તે (સિદ્ધભગવંતો) તાદાત્મ્યભાવે કેવળજ્ઞાન અને કેવળદર્શનના ઉપયોગવાળા હોય છે, (ક્ષાયિક) સમ્યક્ત્વ અને સિદ્ધત્વમાં સ્થિત હોય છે અને કારણનો અભાવ હોવાથી ક્રિયા કરતા નથી (નિષ્ક્રિય હોય છે) (૨૧)

જો કદાચ એવી બુદ્ધિ (શંકા) થાય કે તેથી (=લોકાન્તથી) પણ ઉપર તેઓની (સિદ્ધભગવંતોની) ગતિ કેમ નથી ? તો એનો જવાબ એ છે કે ત્યાં ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી (લોકાન્તથી ઉપર સિદ્ધાત્માની ગતિ થતી નથી.) કારણ કે તે (ધર્માસ્તિકાય) જ ગતિનું પ્રધાન કારણ છે. (૨૨)

સંસારના વિષય થકી વિલક્ષણ અવ્યય (નાશ ન થાય તેવુ.) અને અવ્યાબાધ (પીડા રહિત) એવું ઉત્કૃષ્ટ સુખ મુક્ત જીવોને પરમ ઋષિઓએ કહેલું છે. (૨૩)

કદાચ મનમાં આવો પ્રશ્ન થાય કે મુક્તાત્માને આઠ કર્મ નષ્ટ થઈ ગયા છે. અને શરીર નથી તો સુખ શી રીતે સંભવે ? અહીં મારો જવાબ સાંભળો (૨૪).

આ લોકમાં આ ચાર અર્થમાં સુખશબ્દનો પ્રયોગ થાય છે. I વિષય, II વેદનાનો અભાવ, III વિપાક (કર્મફળ) અને IV મોક્ષ. (૨૫).

અગ્નિ સુખકર છે, વાયુ સુખકર છે - અહીં વિષયોમાં સુખ શબ્દ કહેવાય



सुखो वह्निः सुखो वायुर्विषयेष्विह कथ्यते ।
दुःखाऽभावे च पुरुषः, सुखितोऽस्मीति मन्यते ॥२६॥
पुण्यकर्म-विपाकाच्च, सुखमिष्टेन्द्रियार्थजम् ।
कर्मक्लेश-विमोक्षाच्च, मोक्षे सुखमनुत्तमम् ॥२७॥
सुखप्रसुप्तवत् केचिदिच्छन्ति परिनिर्वृतिम् ।
तदयुक्तं क्रियावत्त्वात्, सुखानुशयतस्तथा ॥२८॥
श्रम-क्लम-मद-व्याधि-मदनेभ्यश्च सम्भवात् ।
मोहोत्पत्तेर्विपाकाच्च, दर्शनघ्नस्य कर्मणः ॥२९॥
लोके तत्सदृशो ह्यर्थः, कृत्स्नेऽप्यन्यो न विद्यते ।
उपगीयेत तद्येन, तस्मान्निरुपमं सुखम् ॥३०॥
लिङ्गप्रसिद्धेः प्रामाण्यादनुमानोपमानयोः ।
अत्यन्तं चाऽप्रसिद्धं तद्, यत्तेनाऽनुपमं स्मृतम् ॥३१॥

છે અને દુઃખના અભાવમાં પુરુષ 'હું સુખી છું' એમ માને છે. (અહીં વેદનાના અભાવમાં સુખ શબ્દ પ્રયોજાયો છે.) (૨૬)

પુણ્યકર્મના વિપાકથી ઈન્દ્રિયોના ઈષ્ટ વિષયોથી થયેલું સુખ (તે વિપાક સુખ) અને કર્મ તથા કષાયોના સર્વથા મોક્ષ (છૂટકારા) થકી મોક્ષમાં સર્વોત્તમ સુખ ગણેલુ-રહેલુ છે. (૨૭)

કેટલાક લોકો મોક્ષ (મોક્ષસુખ) ને સુખે સૂઈ રહેલા (માનવના સુખ) જેવું સુખ માને છે. પણ તે યોગ્ય નથી. કેમકે (નિદ્રા) માં ક્રિયાપણું (મન-વચન-કાયાના યોગ) હોય છે અને સુખમાં તારતમ્ય હોય છે. જ્યારે મોક્ષમાં આ બંનેનો અભાવ છે. (૨૮)

વળી થાક (ખેદ), ગ્લાનિ, મદ (મદ્યપાનાદિજનિત), રોગ અને કામસેવનથી તથા મોહના ઉદયથી અને દર્શનાવરણીય કર્મના ઉદયથી તે નિદ્રા ઉત્પન્ન થાય છે. તેથી તે મોક્ષસુખને, નિદ્રાસુખ જેવું માનવું યોગ્ય નથી. કેમકે મુક્ત જીવો શ્રમાદિથી રહિત છે.(૨૯)

આ સમસ્ત જગતમાં તે (મોક્ષના સુખ) ના જેવો બીજો પદાર્થ જ નથી કે જેની સાથે તે (મોક્ષ-સુખ) સરખાવી શકાય. તેથી તે સુખ નિરૂપમ છે. (૩૦)

અનુમાન અને ઉપમાનનું પ્રમાણપણું લિંગની પ્રસિદ્ધિથી (જ) થાય છે. (અનુમાનમાં અન્વય-વ્યતિરેકી લિંગ છે. ઉપમાનમાં સાદશ્યજ્ઞાન લિંગ છે.) જ્યારે મોક્ષસુખમાં તે અત્યંત અપ્રસિદ્ધ છે. માટે અનુપમ કહ્યું છે. (૩૧)

प्रत्यक्षं तद्भगवतामर्हतां तैश्च भाषितम् ।
गृह्यतेऽस्तीत्यतः प्राज्ञैर्न च्छद्मस्थपरीक्षया ॥३२॥

શ્રી અરિહંતભગવંતોને તે (સુખ) પ્રત્યક્ષ છે તેથી તેઓ વડે કહેવાયેલું તે સુખ પંડિતો વડે (આગમ પ્રમાણથી) ગ્રહણ કરવા યોગ્ય છે. (આગમ વિના) છદ્મસ્થની પરીક્ષા વડે ગ્રહણ થાય તેવું નથી. (૩૨)

## ★ -: प्रशस्तिः :- ★

**वाचकमुख्यस्य शिवश्रियः प्रकाशयशसः प्रशिष्येण ।**
**शिष्येण घोषनन्दिक्षमाक्षमणस्यैकादशाङ्गविदः ॥१॥**
**वाचनया च महावाचकक्षमणमुण्डपादशिष्यस्य ।**
**शिष्येण वाचकाऽऽचार्यमूलनाम्नः प्रथितकीर्तेः ॥२॥**
**न्यग्रोधिकाप्रसूतेन विहरता पुरवरे कुसुमनाम्नि ।**
**कौभीषणिना स्वाति-तनयेन वात्सी-सुतेनार्घ्यम् ॥३॥**
**अर्हद्वचनं सम्यग्गुरुक्रमेणाऽऽगतं समुपधार्य ।**
**दुःखार्तं च दुरागम-विहतमतिं लोकमवलोक्य ॥४॥**
**इदमुच्चैर्नागरवाचकेन सत्त्वाऽनुकम्पया दृब्धम् ।**
**तत्त्वार्थाधिगमाख्यं स्पष्टमुमास्वातिना शास्त्रम् ॥५॥**
**यस्तत्त्वाधिगमाऽऽख्यं ज्ञास्यति च करिष्यते च तत्रोक्तम् ।**
**सोऽव्याबाध-सुखाख्यं प्राप्स्यत्यचिरेण परमार्थम् ॥६॥**

**અર્થ** - જે તત્ત્વાર્થાધિગમ નામના ગ્રંથને જાણશે અને તેમાં કહ્યા પ્રમાણે કરશે તે પીડારહિત એવા પરમાર્થ=મોક્ષ સુખને જલદીથી પ્રાપ્ત કરશે... ॥૬॥





## સંસ્કારોની સબળતા

**માનવ જીવનમાં નાખેલા સારા કે નરસા સંસ્કારોની આવૃત્તિ અનેક જીવનોમાં ચાલ્યા કરે છે; એટલું જ નહિ પણ એ સંસ્કારોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના હિસાબે અવસરે ગુણાકાર પણ થઈ જાય છે.**

આ વસ્તુ ખૂબ જ લક્ષમાં રાખવા જેવી છે. 'પરભવમાં સાથે શું આવવાનું છે ?' આ પ્રશ્નના ઉત્તરમાં સામાન્ય રીતે એમ ખ્યાલ થાય છે, કે 'પુણ્ય-પાપ સાથે આવશે, પણ કાયા, કુટુંબ કે કંચન નહિ આવે.' આ ખ્યાલ ખોટો નથી. પણ ખરી રીતે, એથી એક ઊંચો ખ્યાલ છે, કે જે ખ્યાલ સદા જાગ્રત રહેવો જોઈએ. તે એ છે કે **"અહીં નાખેલા મોહના અને ધર્મના સંસ્કાર પરભવમાં સાથે આવવાના છે."** પુણ્ય પાપ સાથે આવે છે, એની ના નથી; પરંતુ એ તો એક જ વાર પોતાના ફળ વિપાક દેખાડી રવાના થાય છે. જ્યારે **સાથે આવેલા 'સુ' કે 'કુ' સંસ્કારો એકવાર ફળ બતાવી રવાના થવાના બદલે અનેકવાર અનેક જન્મો સુધી વિસ્તૃત ફળ બતાવે જાય છે. એટલે એક પાપના કરતાં એક કુસંસ્કાર ખૂબજ ભયંકર છે !! ત્યારે એક પુણ્યના કરતાં એક સુસંસ્કાર ભારે લાભદાયક છે.** જો અહીં શરીરે રોગ કે પીડા થઈ, તો સમજ્યા કે પૂર્વનુ અશાતા પાપકર્મ હવે રવાના થાય છે. પણ અહીં જે હિંસકવૃત્તિ રાખી, જુઠ્ઠાં બોલ્યાં. અનીતિ આચરી, કામાંધ બન્યા, ઈન્દ્રિયોના વિષયોમાં આસકત રહ્યા, આહારસંજ્ઞા તેજ રાખી, ક્રોધ, માન, માયા અને લોભ વગેરે કરે રાખ્યા.' ઈત્યાદિ જે દુર્ગુણો અને ખરાબ વૃત્તિઓ **સેવી,** તેના કુસંસ્કાર અનેકવાર અનેક ભવ સુધી નડ્યા કરે છે. આ દુર્ગુણોથી બાંધેલા **પાપ** ભવાંતરમાં અવશ્ય પીડે છે, પરંતુ એથી જામેલા **કુસંસ્કાર** તો ફરી તેવા દુર્ગુણોને મસ્ત બનાવી નવા પાપની જાળોને અને કુસંસ્કારોને પુષ્ટ કરે છે. એવું જ પુણ્ય અને પવિત્ર સંસ્કારોનું સમજવું. અહીં એક દાન વગેરે ધર્મક્રિયા કરી, એથી જે પુણ્ય બંધાયું, તે એક ભવમાં લક્ષ્મી વગેરે આપી રવાના થઈ જશે; પરંતુ અહીં જે સદ્‌ગુણો, શુભ વૃત્તિઓ, સદ્‌ભાવનાઓ, શુભધ્યાન, વગેરે સેવ્યા, એના સુસંસ્કારો ભવાંતરોમાં અધિકાધિક તેવા સદ્‌ગુણોને ખીલવી જબરદસ્ત પુણ્યાનુબંધ-પુણ્યના થોક બંધાવવા સાથે તેવા સુસંસ્કારોને પુષ્ટ કરે છે, અને ભાવિ અને અનંતકાળને સુધારી દે છે. એટલે **જે મહત્ત્વ પુણ્યના ફળનું નથી, તે સુસંસ્કારોનું છે.** એથી સુસંસ્કારો કેળવવા પ્રત્યે અને તે માટે સત્પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહેવા તરફ જીવનનું મુખ્ય લક્ષ જોઈએ.

## • ચંડકોશિકમાં કુસંસ્કારોની વૃદ્ધિ •

કુસંસ્કારની કટુતા અને વિસ્તાર ચંડકોશિકના જીવનમાં સચોટ જાણવા મળે છે. સાધુના ભવમાં ઉપાશ્રયમાંના એક સાધુ પ્રત્યે એકવાર શિક્ષા કરવાનો ભાવ થયો. આથી જે ક્રોધાદિના કુસંસ્કાર પડ્યા એનો ભવાંતરમાં વિસ્તાર થયો. કોશિક નામના તાપસના ભવમાં એના ક્રોધને વિસ્તાર એવો થયો કે ક્રોધ **દ્રવ્યથી** અને **ક્ષેત્રથી** જે ઉપાશ્રયમાં રહેલાં એક સાધુ પર હતો. તે વિસ્તારથી વધ્યો. જે કોઈ પોતાના આશ્રમના બાગમાં ફળ લેવા આવે તેના પર વધ્યો. **કાળથી** જે માત્ર પ્રતિક્રમણ સમયે હતો તે પોતાના આશ્રમના ફળના કાળપર્યન્ત વધ્યો; અને **ભાવથી** જે સાધુને એકાદ દંડ મારવાનો હતો તે સામાને ગાઢ પ્રહાર કરવાની લેશ્યાપૂર્વક ઝળકયો. પરિણામે ત્યાં આવેલા રાજકુમારને ફરસી લઈ મારવા દોડ્યો, પણ પોતે જ વચમાં કૂવામાં પડ્યો અને પોતાની ફરસીથી મર્યો ! મૃત્યુ જીવનનું થયું. પણ કુસંસ્કારનું ન થયું ! **કુસંસ્કારનું મૃત્યુ તો ત્યારે થાય કે અંતરના એના પશ્ચાત્તાપ અને તિરસ્કાર સાથે આવશ્યક પ્રાયશ્ચિત્ત સેવી એને વોસરાવવામાં આવે.** ત્યાં જ મરીને સર્પ થયો. તે ખૂબ ક્રોધી. કેઈકને મારી નાખનારો, પૂર્વના કોશિક નામના હિસાબે ચંડકોશિક નામવાળો થયો. અહીં ક્રોધ સંસ્કારની માત્રા કેવી ભયાનક વધી. **દ્રવ્યથી** અને **ક્ષેત્રથી** જે કોઈ નિરપરાધી પણ પોતાની દૃષ્ટિના ક્ષેત્રમાં આવે તેના પર, **કાળથી** સતત દિવસોના દિવસો સુધી, **ભાવથી** પોતાના વિષથી ઠેઠ મારી નાખવાના પરિણામ સુધી ક્રોધ ભભૂકયો. એ તો જગતદયાળુ પ્રભુ મહાવીરદેવની કૃપા કે 'બુજ્ઝ, બુજ્ઝ, ચંડકોશિઆ'ના વચનામૃતથી ક્રોધના કુસંસ્કાર નાબૂદ કરાવી, મહાન અનશન, નિષ્પાપતા, ક્ષમા વગેરેમાં ઝીલાવી સ્વર્ગગામી બનાવ્યો.

## • શાલિભદ્રમાં સુસંસ્કારોની વૃદ્ધિ •

સુસંસ્કારના પ્રભાવ શાલિભદ્રના જીવમાં જુઓ. પૂર્વે તે સંગમ નામે ગોવાળ. એકવાર છોકરાઓને ખીર ખાતા જોઈ માની પાસે આવીને તે ખીર માટે રડવા લાગ્યો. આથી દયાળુ પડોશણોએ આપેલી દૂધ ચોખા વગેરેની સામગ્રીથી માએ ખીર કરી. મા સંગમને થાળીમાં ખીર પીરસી બહાર ગઈ, અને આ સંગમ થાળી હાથમાં ઉંચકી ખીર ખાવાની તૈયારીમાં છે. ત્યાં મુનિરાજને બહારથી જોયા. હવે જુઓ કે એ પુણ્યે મળેલી ખીરને જાતે ખાવાની પરવા કર્યા વિના, જાણે ભવિષ્યના સુસંસ્કારોની કેવી તૈયારી કરી રહ્યો છે ! મહાત્માને વિનવીને બોલાવ્યા, અને ખૂબ આનંદથી ખાવાની બધી ખીર મહા આનંદથી વહોરાવી દીધી. હૃદય તેનું થનથન કરતું નાચી ઉઠ્યું. 'ઓહો ! કેવો અપૂર્વ લાભ ! હું હતભાગ્ય અને મને આવા



મહાત્માઓનો યોગ ! હું કોદરાનીય મૂડી વિનાનો, અને આવી ખીરનું સુપાત્ર દાન !' એક ત્યાગરુચિના અને બીજા ગુરુભક્તિના સદ્‌ગુણો, અને એની ભારોભાર અનુમોદનાએ એનામાં સુસંસ્કાર એવા જમાવ્યા, કે ત્યાં અજીર્ણની પીડામાં મરવા પડેલો છતાં વરસોની પરિચિત સગી માને યાદ કરવાને બદલે ગુરુ-મહાત્માને યાદ કરે છે. 'કેવા ગુરુ ! કેવું દાન ! આહા ! મને રાંકને તાર્યો. ઉદ્ધર્યો' સંસારને યાદ કરવાને બદલે દાનને-ત્યાગને યાદ કરી આનંદિત થાય છે. ત્યાંથી મરી શાલિભદ્ર થયો. ત્યાં આ સંસ્કાર એવા વધી ગયા કે આમ તો પોતાને ત્યાં પિતા દેવ તરફથી રોજ દેવતાઈ નવાણું પેટી ઉતરતી તેમજ આજના હીરાના હાર કાલે એંઠવાડ થઈ જતા અને રોજ રોજ એ નવા નવા હાર વગેરેની સમૃદ્ધિ ભોગવતો; છતાં 'મારા માથે શ્રેણિક રાજા છે,' એ ખ્યાલે સંસારમાંથી શાલિભદ્રને ઊભો કરી દીધો !

**હવે પૂર્વભવના સુસંસ્કારના ગુણાકાર જુઓ.** પૂર્વે સામાન્ય સાધુ એ ગુરુ હતા. અહીં એટલું જ નહિ, પણ પ્રભુ મહાવીરદેવ એ ગુરુ, એ નાથ ! તમે પૂર્વના સામાન્ય ખીરના ત્યાગના દાનધર્મને બદલે નવાણું પેટી અને બત્રીસ દેવાંગના જેવી સ્ત્રીઓના રળીયામણા સંસારનો ત્યાગ ધર્મ ! આનો કાળ પણ દીર્ઘ પછી અનુત્તર દેવપણામાં તો નિર્વિકાર વીતરાગ પ્રાયઃ અવસ્થા અને તત્ત્વ રમણતા એ ધર્મ અને પરમાત્મા સાથે ગાઢ એકમેકતા સુસંસ્કારોનો કેવો મહાન વિકાસ !

આ બતાવે છે કે આ જીવનની વિશેષતા કુસંસ્કારોને વિસરવામાં અને સુસંસ્કારને ખૂબ ઉપાર્જવામાં સાચવવામાં અને વધારવામાં છે; એ માટે કુસંસ્કારની પોષક પ્રવૃત્તિઓ અને સંયોગોથી દૂર રહેવાનું, અને સુસંસ્કાર પોષક પ્રવૃત્તિઓ અને સંયોગો સારી રીતે સેવવાનું અતિ આવશ્યક છે.

હવે ફરી યાદ કરો, જીવ અહીંથી પરભવે પુણ્યપાપ લઈ જાય છે, તેના કરતાં વધુ મહત્ત્વનું એ છે કે એ સંસ્કારના વારસા લઈને જાય છે. તેમાં શુભ ગુણસંસ્કારનો વારસો જીવને ઉચ્ચ ઉચ્ચ બનાવે છે, અને અશુભ એવો દોષ સંસ્કારનો વારસો જીવને અધમ અધમ બનાવે છે.

"દિવ્ય-દર્શન" વર્ષ-૧,અંક-૨૧,તા.૨૪-૧-૧૯૫૩

## સંસ્કારોની સબળતા

**વાતવાતમાં મનને ઓછું લગાડવામાં બરબાદી.**

અનાદિના કુછંદે આ એક મહાન દોષ આત્મામાં પડ્યો છે કે જેથી એને એમ લાગે છે કે 'મને ઘણું ઓછું મળ્યું છે.' ઘણીય વાતોમાં એને ઓછું જ આવ્યા કરે, ન્યૂનજ લાગ્યા કરે, એ કુછંદ છે.

ખૂબી તો એ છે કે ધર્મની વાતમાં જરાય ઓછું ન લાગે કે 'આ લાભ મારે રહી ગયો. આ ગુણ મને ન મળ્યો.' પણ જગતની વાતમાં અવશ્ય ઓછું લાગ્યા કરે. આનું પરિણામ શું ? જગતની વાતોની ઓછપ લાગવાથી એ સદાનો દુઃખી. પછી એ માનેલી ઓછપ ટાળવા માટે કેટલાય ફાંફાં મારવાનો કેઈકની ગુલામી, કેઈકનું ચાટુ, અને કેઈકની પરાધીનતા એ સેવ્યાંજ કરવાનો.

**કોઈ મહાન ધ્યેય માટે સર્જાયેલા આખાય આ સુંદર ભવને તુચ્છ લાલસા પાછળ દીનતામાં રગદોળી નાખતાં** એને એ ખબર નથી કે **લક્ષ્મી દીનતાથી નથી મળતી, પણ પુણ્યાઈથી મળે છે. દુઃખ દીનતાથી નથી ટળતું, પાપ મટે ટળે છે.** દીનતા કરે શું વળવાનું હતું ? ઠીક છે. તાવ આવ્યો તો વૈદ પાસે ગયા, અને બધી હકીકત કહી. પણ હવે ત્યાં 'હે ભાઈસાબ ! મને બહુ તાવ, માથું તૂટી પડે છે, શું કરું ? કઈ રીતે મટાડો.' આટલું બોલતાં બોલતાં તે રડવા જેવો થઈ જાય, એ કેટલું શરમ ભર્યું !

એવું જ શેઠ પાસે, વકીલ પાસે, અમલદાર પાસે, કોઈ સ્નેહી પાસે રડતુસની જેમ ભારે દીનતા, આજીજી, ને કાલાવાલા કરવાનું શું કામ ? એથી પુરુષત્વ દબાય છે, ધીરતા નાશ પામે છે; પરમાત્મા, પ્રારબ્ધ અને પુરુષાર્થની આસ્થા ગુમાવવાનું થાય છે.

માટે જગતની વાત વસ્તુ માટે મનને **જરાય ઓછું લગાડતા મા.** બલકે એમ માનજો કે મને તો ઘણું મળ્યું છે. અને જરૂર તમારી અપેક્ષાએ ઘણાય જીવો ઘણા ઘણા દુઃખી દરિદ્ર છે. એના કરતાં તેમને ઘણું મળ્યું જ છે. પછી જુઓ કે મનને ઓછું નહિ લગાડવાથી તમારું ઓજસ વધવા સાથે, કેટલાય દ્વારો ઉચ્ચ પ્રાપ્તિના ખુલ્લા થશે.

## "દિવ્ય-દર્શન" – **"જૈન કેવો ?"** વર્ષ-૧,અંક-૨૪,તા.૧૪-૨-૧૯૫૩

જૈન એટલે જિનનો ભક્ત, જિનના સિદ્ધાન્તનો પૂજારી, **જિનની દૃષ્ટિમાં જેની દૃષ્ટિ મલે તે જૈન,** જગતની દૃષ્ટિમાં જેની દૃષ્ટિ મલે તે જગતનો કહેવાય. પણ જિનનો નહિ.

જિનની દૃષ્ટિ બે, (૧) આશ્રવ એ હેય, અને (૨) સંવરનિર્જરા એ ઉપાદેય. જેને આ બે આમ જ ભાસ્યા કરે છે. તેની દૃષ્ટિ જિનની દૃષ્ટિમાં મલી ગણાય.

જગતને મન આશ્રવ એ ઉપાદેય, અને સંવર એ અનુપાદેય લાગે છે તો એવું જ જેને લાગે, તેની દૃષ્ટિ જગતની દૃષ્ટિમાં મલી ગણાય.

જગતની દૃષ્ટિમાં જેની દૃષ્ટિ સમાઈ ગઈ છે, તેને જગતના નાચે નાચવાનું



સૂઝે છે, અને જિને ફરમાવેલી ઉત્તમ સાધનાઓ પ્રત્યે ઉપેક્ષા રહે છે. એને જડની રમત સારી થાય તો સંતોષ થાય છે, પણ કાંઈ જ વાંધો નથી લાગતો. ત્યારે જો જડની રમતમાં કંઈક ભંગ પડે, ન્યૂનતા આવે, તો એને મનમાં ઓછું આવે છે, દુઃખ થાય છે.

જ્યારે, જિનની દૃષ્ટિમાં દૃષ્ટિને સમાવનારાને સંવર-નિર્જરાની ધર્મસાધનાની ઉણપમાં ઓછું આવે છે, દુઃખ થાય છે. **કદાચ જડની અનુકૂળતામાં ન્યૂનતા રહે. પરંતુ ધર્મસાધના ઠીક ઠીક થાય છે, તો એને સંતોષ અને આનંદ રહે છે. કેમકે ઉપાદેય સધાય છે. અને હેયની જંજાળ ઓછી છે.**

જગતની દૃષ્ટિવાળાને મન જડના અનેકાનેક સાધનો પૈકી કોઈના વિનાય ઘડીય ન ચાલે; અને ધર્મ વિના. સંવર-નિર્જરા વિના તો આખી જિંદગીભર ચાલે એવું હોય.

પરંતુ જિનની દૃષ્ટિવાળાને મન ધર્મ વિના ઘડીય ન ચાલે અને જડ ઓછું હોય તોય ચાલે. સંયોગવશાત્ કદાચ એ અમુક અમુક જડ વિના ન ચલાવતો હોય, અને જડને મેળવવા જતો હોય, છતાંય હૃદયથી સચોટ માનનારો છે કે **"આ શી ગડમથલ ? આ વેઠ કયાં સુધી ? આના વિના આત્માને જે ખોટ નથી, તે મહાન ખોટ ધર્મ વિના છે.'** આની જે જરાપણ ઓછપ ચલાવી લેવાનું નથી પરવડતું, અને ધર્મની સરાસર ઓછપ જે નિઃશંક ચલાવી લઉં છું, એ મારી પામરતા છે. મારું અજ્ઞાન છે. મારી મોહાંધતા છે."

જીવને ધર્મ વિના, ઉંચા સંપૂર્ણ ધર્મ વિના એક સમય પણ ન ચાલવું જોઈએ, ન જ ચાલી શકે. મહાવીર પ્રભુએ ગૌતમ મહારાજ જેવાનેય એકાદ સમય પણ પ્રમાદ ન કરવાનું કહ્યું છે. કેમ ? જાગતાને એક સમય પણ અપ્રમાદ વિના ન જ ચાલે એક પણ સમય આત્માએ ધર્મ વિના રહેવા જેવું નથી. આવી હૃદયની વૃત્તિ સાચું જૈનપણું લાવે છે.

## "દિવ્ય-દર્શન" – **"જગત કેવું"** વર્ષ-૧,અંક-૨૭,તા.૭-૩-૧૯૫૩

**વિરાગ અને એના બે અમોઘ ઉપાય**

વિરાગ એટલે જગતના જડ પદાર્થો પ્રત્યે અનાદેયપણાનો હાર્દિક ભાવ.

હૃદયથી એમ થાય કે "આ જગતના પદાર્થો જે ૧. મારાથી પર છે, ૨, નાશવંત છે, ૩ આત્માના મોહના વર્ધક છે, ૪. આત્મભાવનાના વિરોધી છે. ૫. આત્માના સાચા અસાંયોગિક સુખના દુશ્મન છે, એવા આ પદાર્થોને અને મારે શું ? એથી મને તાત્ત્વિક લાભ શો ?

૧. એ ગ્રાહ્ય નથી, એટલું જ નહિ બલકે ઈચ્છનીય પણ નથી, ઉપરાંત

ત્યાજય છે. ૨. વધારામાં એથી આત્માના ગુણો વધવા તો દૂર રહ્યા, પરંતુ હ્રાસ પામે છે, એવું જગતમાં બહુ દેખાય છે. ૩. તેથી શાંતિ વધતી નથી, પણ અશાંતિ, ઉકળાટ અને કષાયો વધે છે. ૪. સંપ વધતો નથી, પણ ઝગડા વધે છે. ૫. જંપ વધતો નથી, પણ અજંપો વધે છે. ૬. નિર્ભયતા નથી વધતી, પણ ચિંતાઓ, શંકા અને અવિશ્વાસ વધે છે. ૭. **એનાથી અહિંસાદિ નહિ પણ હિંસામય આરંભ સમારંભો વધે છે, સ્વાર્થ વધે છે, આત્માના દોષો વધે છે, ભવના ભવ વધે છે.** આવા માત્ર નિર્ગુણ જ નહિ પણ અપલક્ષણા જડ પદાર્થોની જ મહેનતમાં શો સાર છે ? જીવનની શી વિશેષતા છે ? આત્માની શી બુદ્ધિમત્તા છે ઇત્યાદિ ઇત્યાદિ રૂપે, પહેલા નંબરમાં પુદ્‌ગલની સાચા સ્વરૂપમાં પિછાન થવી જોઈએ. આનું નામ ભવસ્વરૂપનું વિજ્ઞાન.

આની સાથે બીજા નંબરમાં ભવસ્વરૂપની નિર્ગુણતા હૈયે વસી જવી જોઈએ; અર્થાત્ પરિણતિ જ્ઞાન થવું જોઈએ.

**પરિણતિ જ્ઞાન એટલે જ્ઞાનીઓએ તે તે વસ્તુનું જેવું સ્વરૂપ વર્ણવ્યું છે, આપણા હૃદયનું વલણ તે તે વસ્તુ પ્રત્યે તે મુજબનું થવું જોઈએ;** જેમ કે, જ્ઞાનીઓએ વિષયોનું સ્વરૂપ આત્મા માટે ભયંકર અને એથી જ હેય વર્ણવ્યું છે, તો આપણા હૃદયનું વલણ તે વિષયો પ્રત્યે હેયભાવનું, અને એની ભયંકરતાથી ભયભીત થવું જોઈએ. એટલે કે વિષયો પ્રત્યે અરુચિભર્યું અને તિરસ્કારભર્યું હૃદયનું વલણ રહે. અલબત્ત જડ પદાર્થોનો સંસર્ગ એકદમ ન છૂટે એ સહજ છે, પરંતુ અંતરના ઉંડાણમાં એના પ્રત્યે પક્ષપાત ન હોય, બહુમાન-રુચિ ન હોય, સારાપણું ન લાગે, જરાય સારભૂતતા ન લાગે; કિન્તુ અણગમો અરુચિ હોય, એમાં અસારપણું ભાસે, આત્મવંચના ભાસે, પશુરમત ભાસે. સમગ્ર સંસાર તુચ્છ અને આત્મા પર અપકાર કરનારો લાગે. આત્મા પ્રત્યે ધર્મ જ ઉદ્ધારક અને ઉપકારી લાગે.

**"દિવ્ય-દર્શન"** **વર્ષ-૧,અંક-૩૨,તા.૧૮-૪-૧૯૫૩**

## ધર્મી શેઠનું દૃષ્ટાંત

**બાપાજી શી વાત :-** એક શેઠ હતા. એને ચાર દીકરા હતા શેઠનો જીવ અચ્છો હતો. દીકરા આવી મળ્યા એટલે પોતે ધર્મધ્યાન કરવા લાગ્યા. વેપાર રોજગાર છોકરાઓને સોંપી દીધો. હાથમાં બધું આવી ગયું એટલે છોકરાઓ તો ખુશ ખુશ થઈ ગયા. કેમ ? હાથમાં અધિકાર આવ્યો. પણ દુનિયામાં લક્ષ્મી લાડી પર અધિકાર મળ્યાનો સંતોષ એ આત્માની કેટલી અવિકસિત અવસ્થા છે, નીચી અવસ્થા છે. મલીન અવસ્થા છે ! હવે એ બાપજીની અધિકાધિક સેવા કરે



છે આજે એક પુત્ર, ને કાલે બીજો, એમાંય અધિકાધિક ! શેઠ શાંતિથી વિચારે છે કે આજ સુધી જગતને સુધારવા જે કર્યું તે નકામું; હવે તો આત્માનું સુધારું. આત્માને સુધારવા જે કરીશ તે કામનું, જગતનું સુધારવામાં આત્માનું બગડે છે. એમાં છોકરાના હાથમાં વહીવટ આવ્યો તે ફુલ્યા. હર્ષના આવેશમાં શી વાત ! બાપજી ! બાપજી ! સવારમાં ઊઠીને પહેલાં બાપજીને પગે લાગે ! પૂછે 'કાંઈ સેવા ? કાંઈ હુકમ ?' બાપ કહેતા, 'દૃઢ ધર્મી થજો અને ન્યાય-નીતિ પાળજો.' એ તો કરીશું જ. દીકરા તમારા છીએ તે કેમ નહિ કરીએ ? બીજી કાંઈ સેવા ? તમે તમારે ખુશીથી બીજું જે કાંઈ ફરમાવવું હોય તે ફરમાવો, તમે તમારે ખુશીથી સુકૃત કરો. અમને પૂછવાનું નહિ.' શેઠ તો આમેય ધર્મરુચિ જીવ હતા જ. એમાં છોકરા સુકૃત કરવાનું કહે છે તે શેઠ તો સુકૃત વધુ કરવા લાગ્યા.

**ચટપટી થઈ હવે છોકરાઓને :-** પણ આ પરમાર્થ કયાં સુધી નભે ? એક દિવસ, બે દિવસ, એક મહિનો, બે મહિના. પછી ? શેઠે તો ધર્મનું કામ ધમધોકાર વધારી દીધું. કોઈ ટીપ લઈને આવે તો 'લે, લઈજા ૫૦૦' કોઈ સાધર્મી આવે તો એને ખીસ્સામાં સોનાની ગચ્ચી નાખી દે, ખબરેય ન પડે. ઘેર જાય ત્યારે ખબર પડે કે ગચ્ચી પડી છે. તમને કદાચ થશે કે આટલું બધું ? પણ એ તો દિલની વાત છે. એક ગણતરી છે કે 'પૈસા પહોંચે છે તો લાભ કાં ન લઈ લેવો ?' એમાં સાંભળ્યું કે શાસ્ત્ર કહે છે, 'ભગવાનની જે મૂર્તિ ભરાવે એને ભવિષ્યમાં બોધિ મળે, અને દેરાસર કરાવે એનું તો શું કહેવું ? સામાન્યથી એ મંદિરના પત્થરે પત્થરે, કાષ્ટે કાષ્ટે જેટલા કણ તેના હિસાબે સ્વર્ગીય વિમાનના સુખ નક્કી થાય.' જો જો હોં સ્વર્ગ માટે એ નથી કરવાનું. શ્રી જિનને પૂજું તો એનું મંદિર કેમ ન કરું ? પૂજ્યની પૂજા, આત્મકલ્યાણ, કૃતજ્ઞતા વગેરે હિસાબે એ કરવાનું છે. ભવ્ય જીવ શેઠે તો મોટું દેરાસર બંધાવવા માંડ્યું. છોકરાઓને હવે ચટપટી થઈ.

**શેઠની વાહવાહ બોલાય છે ? :-** ચટપટી થઈ એટલે છોકરાઓ વારંવાર કહેવા લાગ્યા. 'બાપાજી ! બહુ ખરચ થાય છે !' 'અરે એ શું બોલ્યા ? પુણ્યે ઘણું આપ્યું છે. અને આપ્યે જાય છે.' 'પણ આટલો બધો ખરચો હોય ? આમ ન ચાલે.' 'ગાંડા છો ! તમારા લગનમાં ઘણા ખરચ્યા ત્યારે આ રીતે કાં ન બોલ્યા ? ત્યારે તો જરા ઓછું લાગે તો સલાહ આપવા આવ્યા હતા કે, 'ઓછું કેમ કરો છો ? અમે પછી કમાશું એટલે લાવી આપશું. પણ અત્યારે તો શોભા (કુટુંબમાં-ગામમાં) લઈ લ્યોને !' છોકરા શું બોલી શકે ? છતાં ગમતું નથી. શેઠે તો એક જ ધર્મની વાત રાખી. ખરચો ચાલુ રાખ્યો. મંદિર થઈ ગયું. અંજનશલાકા-પ્રાણ પ્રતિષ્ઠા અને મંદિર પ્રતિષ્ઠા થઈ ગઈ પ્રભુ પધરાવ્યા. ધામધૂમ બહુ કરી. હવે તો હોંશ છે. 'મારું મંદિર !' નિત્ય બોલે. 'શું શેઠના અવતાર ! શું પરમાત્માની

ભક્તિ કરે છે !' પણ છોકરાના હૃદય તો બળીને ખાખ થઈ જાય છે.

**કકળાટ વધ્યો :-** ભવાભિનંદીનો ગુણ 'ક્ષુદ્રતા'. મોક્ષરસિક આત્માનો ગુણ 'ઉદારતા.' ઉદારતા એ એવો ગુણ છે કે નાસ્તિક જેવાના હૈયામાં પરાણે ધર્મ ખોસી દે. પૂજા કરવા આવનારા માટે દૂધ, કેશર, સુખડ, ફૂલ, અગરબત્તી તમામ તૈયાર પોતાનું ! મધુરા વાજિંત્રના સંગીતના સુર ! એટલી અનુમોદના કે ન પૂછો વાત ! દીકરાઓના હૈયામાં તેલ રેડાય છે ! એમને થાય છે કે 'દેરૂ તો બંધાવ્યું પણ કેશર સુખડેય આપણા ઘરનું ? પૂજા લોક કરે અને બધા માટે ઘસાવાનું આપણે ? પૈસાને એમ ફેંકી દેવાના ?' ભવાભિનંદીપણું શું ન બોલાવે ? એને અર્થકામ કામના લાગે ! ધર્મ નકામો લાગે ! પછી મંદિર વગેરે સુકૃતને મફતના-નકામા ગણે ! **જે સુકૃતની ચીજ જ ભવિષ્યમાં જવાબ દેનાર છે ત્યાં એને અણગમો છૂટે છે ! અને જે અર્થકામની વાત ભવિષ્યમાં લાત મારનારી છે, તેને છાતીએ લગાવે છે ! વહાલથી ભેટે છે !!** કકળાટ વધી ગયો ! હવે તો શેઠની બીજી ધર્મક્રિયાઓ પણ છોકરાઓને ખૂંચે છે. 'બાપાજી આમ નહિ ચાલે ! રહેવું હોય તો રીતસર રહો. પૈસા કમાવાની મહેનત પડે છે !' માકણને આંખો આવી. માકણ જો વગર આંખે આખી રાત બધાની ખબર લઈ નાખે છે, તો આંખ આવ્યા પછી શું ન કરે ? હાથમાં અધિકાર આવ્યા પછી આ દીકરા હવે બાપની ખબર લઈ નાખવા તૈયાર થયા. પુત્રને સગા બાપનો દ્રોહ કરવા સુધી પહોંચાડે એવી લક્ષ્મી ન મળે તો સારું ને ?

**'પાપસાધનો ન મળો' : આ કથન શ્રાપ નથી, આશીર્વાદ છે :-** કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે, કે જે માણસોની ઈંદ્રિયો ભયંકર પાપમાં પ્રવર્તે છે, તે કરતાં તો બહેતર છે કે તેમને ઈન્દ્રિયો ન મળી હોત તો એમનું એટલું બધું અકલ્યાણ તો ન થાત. હે પ્રભુ ! તારા શાસનનો અપલાપ કરનારા તો મુંગા સારા. એમને જીભ ન મળી હોત તો સારું. તે પાપ ઓછાં કરત. જેમને તારા પ્રત્યે, તારા શાસન પ્રત્યે મત્સર છે, ખાર છે, તે બહેરા સારા-બોબડા સારાં.' આ શ્રાપ નથી હો ? આશીર્વાદ છે. વધારે કર્મ બાંધે, વધારે દુર્ગતિમાં ભમવાનું કરે, તે શાના યોગે ? મળેલા જીભ અને કાનના યોગે-જીભથી ઘોર પાપવચન બોલવાનું મળે તે કરતાં બોબડાપણું શું ખોટું ? કાનથી ઘોર પાપવચન સાંભળ્યા કરાય તે કરતાં બહેરાપણું શું ખોટું ? છોકરાઓને લક્ષ્મી મળી એના પર મહા ઉપકારી બાપનો દ્રોહ કરવા તૈયાર થાય છે. આ સંસાર !!

"આમ નહિ ચાલે ? રહેવું હોય તો રીતસર રહો" છોકરાઓએ છેવટનું સંભળાવ્યું.

પણ બાપેય છેવટનું સંભળાવ્યું કે, 'લક્ષ્મી ક્યાંથી લાવ્યા ? મેં આપેલી છે ને ?' છતાં એની કોને અસર ?

છોકરા તો નોટીસ આપે છે, 'એ ખરું પણ આમ હવે નહિ ચાલે. એમ કરવું હોય તે આ ઘરમાં નહિ !'

'ઉઠાવ તારું ઘર, ધર્મ નહિ મૂકાય' કહેતા શેઠ બહાર નીકળી ગયા એકલા ! સાથે છોકરો તો નહિ, છોકરાની મા પણ નહિ; નહિ નોકર, નહિ સગુ-વહાલું ! આ સંસાર ! એ સમજી ગયા કે **'જાતને ભૂલી જગતને મેં મારું કર્યું એનું ફળ જગતે દેખાડ્યું. આ જીવ જગતને સુધારવામાં ઉત્તમોત્તમ જીવન બરબાદ કરી રહ્યો છે, એ એની મહાન મૂર્ખાઈ છે.'** એથી આ વખત આવ્યો ! હું બરબાદ થયો. કોઈ મારું ન થયું, પત્ની પણ મારી નહિ. મારું હોય તો થાયને ? **ફીકર નહિ, શ્રી જિન મારા છે ને ?** જગત મારું તો શું, કોઈનું ય નથી જ થયું. નથી જ થતું અને નથી જ થવાનું. કોલુયંત્ર શેરડીનું થાય તો જગત કોઈનું થાય. એ તો રસકસ હોય ત્યાં સુધી કોલુ શેરડીને ભેટવાનું દેખાડે. જાણે પોતાની કરે, પછી ફેંકી દે ?

**છોકરાઓ ફોલી ખાનારા ? :-** શેઠે નક્કી કર્યું, 'મીઠાં મરચાંનો થેલો કરીશ પણ ધર્મ નહિ છોડું. પૂર્વે ધર્મ ઓછો કર્યો હશે. માટે આ વખત આવ્યો. હવે ધર્મ ન છોડું.' ઘરમાંથી નીકળી ગયા. પણ વાંક જાતનો દેખે છે. કુટુંબનો નહિ. માગણોના હાથ ભરી દઈ સંતોષનારો એક વખતનો દાતા, પોતાના ધર્મ માટે પ્રસન્નતાથી મીઠાં મરચાંનો થેલો કરે છે ! ત્યાં સુધી કે પૂર્ણ પ્રસન્ન ચિત્તે ! અને પૂજા, સામાયિક, પ્રતિક્રમણાદિ છોડવાનાં નહિ. શહેરના બીજા અજાણ્યા છેડે જઈ રહેવાનું રાખ્યું.

**તમે જૈન છો ? જૈન ગૃહસ્થને માગવા કરતાં મરવું ભલું લાગે :-** જો જો હોં, સાંજ પડે માત્ર ચાર આના મળે, એવી સ્થિતિ સહર્ષ સ્વીકારી લે છે; પણ પોતે માગણવેડા નથી કરતા. કેમકે ધર્મ લાજે. તો કહેશો કે એ તો એકલા રહ્યા માટે. અમારે તો કુટુંબ સાથે રહેવાનું છે, એના ખર્ચ કેમ ઉપડે ? પરંતુ કુટુંબ આખું ય મહેનત મજૂરી કરી શકે ને ? **શું એમાં ગૌરવ છે કે ભિખારીવેડામાં ? જાત મહેનતમાં શોભા છે કે ધનવાનોના ઓશીયાળા કરવામાં ?** આજ કેમ આ વાતો ભૂલાઈ ગઈ છે ? વળી ભીખ અને દીનતાથી મેળવ્યા ઉપર ખર્ચ અને રહેણી કરણી પાછા પૂર્વવત્ ! છે કાંઈ હલકાઈની હદ ? આ શેઠે તો રેશમી અંગરખા અને લાલકસુંબી પાઘડી બાજુએ મૂકયા. જાડી ખાદીનો વેશ પહેર્યો. સવારના કેસરીયા દૂધ, બદામ-પિસ્તા, ખારી-પુરી વગેરે વિસાર્યું; એ માત્ર બે ટંકી ભોજનમાં આવી ગયા. નીતિપૂર્વકની નિર્દોષ જાત મહેનત ગુણથી શેઠ શોભી રહ્યા છે; નિશ્ચિત છે ! ઉચિત વ્યય-બે મહાન ગુણથી શેઠ શોભી રહ્યા છે; નિશ્ચિત છે ! ઉચિત વ્યય એટલે શું સમજ્યા ? માત્ર 'વધારે ખર્ચ નહિ' એમ નહિ, પણ રોજનું

પૈસાનું દૂધ, પૈસાના ફૂલ વગેરે પ્રભુનો ખર્ચ પણ ખરો. કેવા ધર્મને ય શોભાવી રહ્યા છે ! ડાહ્યા લોક કહે છે, 'ભોગવી જાણતાય આવડ્યું અને છોડી જાણતાય આવડ્યું. આ સ્થિત્માંય પાછો ધર્મ વધુ કરી રહ્યા છે. ધન્ય છે આવા ધર્માત્માને !' છે હિંમત ? મૂર્ખ લોક ગમે તે બોલે એની દરકાર ન કરો. એક જ વિચારો કે **જિનનો સેવક હું, આવા પૂર્વજોના વંશજ હું, ભૂખે મરી જાઉં તે હા, પણ માગું શા માટે ?** મારે તો માગવું ને મરવું બે બરાબર. અરે ! માગવા કરતાં મરવું સારું. ભલે જાત મહેનતમાં અને સાદા જીવનમાં અગવડ વેઠીશ, ગમે તેમ ચલાવીશ, પણ **શ્રાવિકાની કુખનું રતન હું માગવાનોય નહિ.** અને વગર માગે કોઈ મારું કરી સંભાળી જાય એવી **પારકી આશાય કરવાનો નહિ.** તેમજ કપરી સ્થિતિમાંય **જિનભક્તિ અને ગુરુભક્તિનો લાભ પણ ચૂકવાનો નહિ.**

**પ્રતિષ્ઠા વખતે દાન તો પ્રભુસરકારે કરેલું :-** શેઠ તો સમતાભાવમાં મસ્ત છે. હવે તો જંજાળ બહુ રાખી જ નથી. એટલે બે પ્રતિક્રમણ, કેટલાય સામાયિક, શાસ્ત્રસ્વાધ્યાય સાધુ સેવા, જિનભક્તિ, જાપ અને ધ્યાન, વગેરેમાં ઓતપ્રોત રહે છે. માત્ર બપોરના ૩-૪ કલાક મસાલાનો થેલો ફેરવી આવવાનો. એક વખતનો પ્રસંગ છે. આમ તો શેઠ એ મોટા શહેરના છેક બીજા છેડે રહેવા ગયા છે; એટલે પ્રભુ પૂજા તે તરફના દહેરે કરે છે. પરંતુ કોઈ મોટા પર્વના દિવસે શહેરની આ તરફ પોતાના બંધાવેલા દેરાસરે પ્રભુપૂજા કરવા આવે છે. એમાં બીજા છૂટા પૈસા નથી, પણ બચાવી રાખેલી પાવલી લઈને આવેલા, તે માલણને આપી કહે છે કે આમાંથી બે પૈસાના ફૂલ આપ.

માલણ તો શેઠને જોતાં જ હર્ષથી ઊભી થઈ જાય છે. અને કહે છે, 'શેઠજી ! પૈસા રહેવા દ્યો. લો, આ મોટા ફૂલહાર !'

'પણ મફત ન લેવાય'

'મફત શાના ? તમે તો પહેલેથી મને ઘણું આપ્યું છે ! આ સોનાના બલૈયા આપે જ દીધેલાને ?'

'એ તો પ્રભુ ગાદીએ બેઠેલા ત્યારે એ સરકારે દાન કરેલું.'

'બાપા, ગમે તેમ કહો, પણ આજ તો આ હાર આપવાની જ છું.'

'લે ત્યારે આ પાવલી આખી.'

માલણ તો એક પૈસોય લેવા તૈયાર નહોતી, પણ શેઠે પાવલી નાખી, હાર લઈને પગથીયા ચઢવા માંડ્યા. છે કાંઈ કાલની ખાવાની ચિંતા ? બચત બધી આપી દીધી. આમાં કેટલા ગુણ ? નીતિ, પ્રભુભક્તિ, પુણ્યશ્રદ્ધા, પોતે કરેલા ઉપકાર ભૂલવા.

ત્યાં ઉપરથી સાધુ ઉતરે છે. સાધુએ શેઠને ઓળખ્યા, ઓળખેજ ને ?



દેવગુરુ ધર્મ ત્રણેનું ય ખૂબ કરેલું ! પૂછ્યું, 'આમ કેમ ?' શું જોઈને ? માલણ સાથેની રકઝક અને તદ્દન સામાન્ય કપડાં જોઈને. લાલ કુસુંબલ પાઘડી અને જરીઆન ખેસને બદલે મેલાંઘેલાં કપડાં જુએ એટલે વિચાર તો આવે. મીઠાં મરચાંનો થેલો કરનારાં પૂજાના કપડાં કેવાં હોય ! ભલે ચાલુ પહેરવા કરતાં સારા ચોકખા, પણ સામાન્ય ને ? મુનિએ જે પૂછ્યું 'આમ કેમ ?' તેના ઉત્તરમાં શેઠે કહ્યું : 'ભગવન્ ! ધર્મ સિવાય તો આપ પૂછો નહિ અને ધર્મની વાતમાં તો મને બડો આનંદ છે. પહેલાં જંજાળ હતી એટલે સુખે સામાયિક પડિકકમણું નહોતો કરી શકતો. મેં જ ચારેકોર ફોલી ખાનારા ઊભા કરી ગોઠવ્યા હતા, ત્યાં મને શે જપ ?' જુઓ પૂર્વનો **વૈભવ યાદ નથી આવતો પણ પૂર્વની ધર્મબાધક ઉપાધિ યાદ આવે છે.** કેળવો આત્માને એ વિચારીને કે, 'ધારીએ તો મન કેટલું મોટું કરી શકીએ ?' આ શેઠ છોકરાઓને ફોલી ખાનારા કહે છે. ઘરમાં બારણાં કે ગટરો ઉઘાડી રાખી ઉંદરો વધારી દેવાય પછી ફોલી ન ખાય ? ઘડીકમાં આ હાથે-ઘડીકમાં પેલા હાથે, જે જીવો જગતને બહુ માને છે. 'મારા દીકરા ! એની વહુઓ ! વળી એનાં દીકરા ! ઓહો ! ઘર ભર્યું ભર્યું !' પણ એને ખબર નથી કે એ બધા પ્રતિસમયે ફોલી ખાય છે. કોઈ કહે છે, 'કંઠી લાવો.' તો કોઈ કહે છે, 'કાંટો લાવો.' કોણે એમ પૂછ્યું કે 'તમે તમારે મંદિર ઉપાશ્રયે જાઓ. તમે અમારી જંજાળ બહુ કરી હવે અમારે તમારી કરવાની. બસ ધર્મ વધારે વધારે કરો.' છે કોઈ આ કહેનાર ? ના વેઠ કરાવનાર ને ફોલી ખાનારા છે.

**જાતનું સુધારો આગળ લેખે લાગશે :-** શેઠ મુનિને હજુ આગળ કહે છે,- 'હવે શાંતિ છે. સામાયિકમાં બેસું છું ત્યારે મને ચક્રવર્તીની નહિ પણ ઈન્દ્રની દયા આવે છે કે બિચારાને વિરતિધર્મનો કેવો અંતરાય !' **ગમે તેવા સારા માનેલા ઋદ્ધિ ઠકુરાઈના સંયોગ, પણ આયુષ્યની દોરીને તો ઘસાવી જ નાખવાનાને ? જીવન પૂરું થયા પછી શું ?** એ તો જે કાંઈ સામાયિક વ્રત-પચ્ચક્ખાણ કરી લીધા હોય તો આગળ જવાબ આપે. અહો ! પ્રભુએ કેવું સામાયિક બતાવ્યું છે ! નથીને એમાં જો આયુષ્ય તૂટે, તો અવશ્ય સ્વર્ગ કે મોક્ષ મળે. હવે મારે શાંતિથી સામાયિકાદિ થાય છે. મારે તિજોરી છે નહિ કે ચોરની જંજાળ હોય. કુટુંબ છે નહિ કે એની કંઈ લાવવા મેલવાની જંજાળ હોય. ઘર પોતાનું નથી કે આગ લાગે તોય જંજાળ હોય.' સાધુ કહે, 'કેમ એમ ? કુટુંબ કયાં ગયું ?' શેઠ કહે, 'હયાત છે બધું. એમણે મને આ ધર્મની સગવડ કરી આપી, બહુ ઉપકાર કર્યો છે.' હૃદયનું બોલે છે આ હોં. કુટુંબને દિલથી ખરેખર ઉપકારી માને છે. સાધુ મૌન રહ્યા. શું કહે ?

**માણસ કોનું નામ ? :-** શેઠ કેવા ? માણસ તેનું નામ જેને એક હાથે લેતાં આવડે ને બીજે હાથે ઉડાડતાં આવડે, પ્રસંગે કોઈની સેવા લે, તો અવસરે જાત

મહેનત ઝીંદાબાદ પણ કરી શકતો હોય. જગતને પંપાળતાંય આવડે અને પ્રસંગે મોં ફેરવી લેતાંય આવડે. જગતમાં ચક્ર છે પુણ્યપાપનાં; એ સુખ દુઃખના ચક્કરે ચડાવે. રામચંદ્રજી-નળરાજા જેવાને ચક્રે ચક્કરમાં ભમાડ્યાને ? **જ્યાં સુધી હૃદયમાં જિન નથી વસ્યા, ત્યાં સુધી વધારામાં હર્ષશોકનાં ચક્રમાં ભમવાનું છે, શ્રી જિન વસે પછી કોઈ હરખશોક નામ ન લે. તો પછી નવાં કર્મ પણ નામ ન લે !** જગતને જીવ પોતાનું કરે છે, માટે જગત જીવને પોતાનો કરી રાખી ચોરાસી લાખ ગલીકુંચીઓમાં ઘુમાવે છે. માટે ધૂન એ રાખો કે, 'જગતને મારું કરવા પાછળ મનુષ્યભવ ખર્ચવા કરતાં, આ ભવમાં જિનને મારા કરી લઉં !' જગત કોઈનું થયું નથી, થતું નથી. થવાનું નથી. જગત સુધારવાને બદલે જિનવાણીથી આત્માને સુધારું, તો એ કર્યું આગળ લેખે લાગશે.

**ભાવ આરોગ્ય એટલે મોક્ષ : તે અપાવનાર ચારિત્ર :- જગતની બહુ ગુલામી કરવા છતાં જગતને કદર નથી. શ્રી જિનની થોડી પણ ગુલામીમાં ફળ મહાન મળે છે.** હવે શેઠની કાયામાં કૌવત ન હતું, માટે ચારિત્ર વિના અટકયા હતા. બાકી તો એવા વૈરાગી બની ગયા હતા કે તાકાત આવે તો લેવાની તૈયારીવાળા હતા. અવસરની રાહ જોતા હતા. અસાધ્ય રોગીને પણ કોઈ કીમીયાગર આવીને કહે- 'છ મહીનાં કડવાં ઔષધ લેવાં પડશે તો સાજો થઈશ.' તો એ માટે તૈયાર ન થાય ? જરૂર થાય કેમ ? આરોગ્ય ગમે છે. આરોગ્યની આશામાં જો રોગી તૈયાર, તો જે વસ્તુ પૂર્ણ આરોગ્ય લાવે તે પળે પળે યાદ આવ્યા વિના કેમ રહે ? ઘોર નિરાશામાં આશા કેમ ન રખાય ? ડોકટરે નક્કી કહ્યું હોય, મરવાનું છે હવે મટે તેમ નથી, તોય દરદી રુએ છે. 'હાય, એમ જ મરવાનું ? આ રોગ મને કયાંથી વળગ્યો ?' દરદીને આરોગ્ય ગમે છે. લઘુકર્મી આત્માને ભાવ આરોગ્ય એટલે મોક્ષ ગમે. ચારિત્ર મોક્ષને લાવનાર છે, માટે ચારિત્ર ગમે. એવું ગમે કે, એ વિના આત્મા રડીરડીને દિવસ કાઢે.

શેઠની આ સ્થિતિ હતી. એમાં યોગ્ય ગુરુ મળ્યા, પ્રોત્સાહન આપ્યું, તો શેઠે ચારિત્ર લીધું; સુંદર પાળ્યું; અને સમાધિમાં કાળ કરી ઉચ્ચ દેવલોકે ગયા.

"દિવ્ય-દર્શન" વર્ષ-૨,અંક-૬,તા.૧૭-૧૦-૧૯૫૩

## દુઃખ દૂર કરવાના રામબાણ ઉપાય !!

**એક ભિક્ષુકની આત્મકથા :- આત્મામાં યોગ્યતાને પ્રગટ કરવા માટે પણ પુરુષાર્થ જોઈશે, અને પ્રગટેલી યોગ્યતાને ફલવતી કરવા માટે પણ પુરુષાર્થ જોઈશે. વિરાગ એ યોગ્યતા છે, વિષયાદિનો ત્યાગ કરવો એ પુરુષાર્થ છે, વીતરાગતા એ



ફળ છે.** વિરાગરૂપી યોગ્યતા ન જન્મી હોય તો વ્રત નિયમાદિથી વિષયોનો ત્યાગ કરવાનો ખૂબ અભ્યાસ કરો; જેથી વિષયોથી દૂર રહેવાના અભ્યાસે એના પરની પ્રીતિ (રાગ) ઓછી થશે, અને સાચો વિરાગ પ્રગટશે, એટલું જરૂર સમજવાનું છે કે આ ત્યાગનો અભ્યાસ વિરાગના હેતુએ થવો જોઈએ. વિરાગ લાવવાનું લક્ષ્ય નહિ હોય, તો ત્યાગ કરવા છતાં રાગ આત્માને છોડશે નહિ. દા.ત. કેટલાય લોકો દાનમાં લક્ષ્મીનો ત્યાગ કરવા છતાં લક્ષ્મીના રાગમાં ફસ્યા રહે છે. એવું જ, વિરાગ જન્મ્યા પછી પણ ત્યાગનો પુરુષાર્થ મૂકી દીધે નહિ ચાલે; જેટલા પ્રમાણમાં ત્યાગ વધુ, તેટલા પ્રમાણમાં એ વિરાગ વીતરાગતાની નજીક લઈ જશે. પ્રારંભમાં વિરાગી નહિ છતાં આપ્ત પુરુષના વચન પર વિશ્વાસ કરી ત્યાગના પ્રયત્ન સેવતાં સેવતાં વિરાગને સિદ્ધ કરી શક્યાના અઢળક દૃષ્ટાન્તો છે.

**"એક ભિક્ષુકની કથા" :-** કોઈ એક ગામમાં એક ભિખારી હતો. તે ભીખ માગીને ગુજરાન ચલાવતો, એમાં મફતમાં તો એવું, કે મળ્યાના મીર અને ન મળ્યાના ફકીર. તે આ ભિખારી તો કંઈક પુણ્ય ઉદયવાળો, એટલે ઠીક ઠીક એને મળતું, પુણ્યપાપની વિચિત્રતા કોઈ ઓર જ છે. રાજા ગણાતાને પણ પુણ્યોદય ન હોય તો ધાર્યું ન મળે. આ ભિખારી એઠું જુંઠું ઘણું ખાતાં ખાતાં રોગી થયો. પેટમાં તીક્ષ્ણ ચૂંક, માથું તુટી પડે, પગ લથડીયાં ખાય, સાંધા દુઃખે વગેરે ઘણું હવે શરીરમાં અનેક વિવિધ વ્યાધિઓની પીડાથી રીબાય છે, પણ પીડાને કયાં વિચાર છે ? ત્યારે સારવારેય કોણ કરે ? **આ જીવને રાગદ્વેષના કુપથ્યો ખાતાં ભાન નથી કે એનાથી કર્મ રોગની વૃદ્ધી થશે, પછી પીડા કેવી, અને સારવાર કોણ કરશે ?** દીન બને, રુવે, માથુ કૂટે, હાયહોય કરે, પણ અલ્પ પુણીઆને પાપના ઉદયમાં કોઈ સહાય નથી કરતું.

એવામાં એને એક મુનિનો યોગ થયો. દુઃખીયાને દિલાસો દેનાર મળે ત્યાં એ પોતાના દુઃખને રડી પડી રડીને મુનિને કહે છે કે, "હું પીડાઉં છું, કાંઈક ઉપાય બતાવો." મુનિ કહે છે "તું બહુ ખાઈને રોગી થયો છે **આમેય ભોગ એ રોગનું કારણ છે; તો પછી અતિભોગથી રોગ થાય તેમાં શી નવાઈ ? સુખી થવું હોય તો ત્યાગ કર. ત્યાગ ધર્મ વિના કર્મની ગુલામીમાંથી જીવનો ઉદ્ધાર નથી."** સંતની વાણી સુધાએ ભિખારીના મોહનાં વિષ ઉતાર્યાં. રોજ એકજ અન્ન, એકજ શાક, અને એકજ વિગઈ વાપરવાનો નિશ્ચય કર્યો. એનો નિયમ લીધો, અને પાળવા લાગ્યો કેટલો મોટો ત્યાગ ! પહેલાં તો કઠીન લાગે, મનને ન રુચે, પણ દીર્ઘકાળના ત્યાગના અભ્યાસે એ વિરાગી બન્યો.

હવે તો વિવિધ ભીખ સુલભ છતાં એ લેતો જ નથી. જીવને- **"લઉં લઉં અને ખાઉં ખાઉં" ના હડકવા ક્યાં સુધી ? ત્યાગનું ઈંજંક્શન નથી લીધું ત્યાં સુધી.**

ત્યાગના પ્રભાવે ભિખારીના રોગ મટ્યા, પછી તો ત્યાગનો અને ગુરુનો ઉપકાર ખુબ જ યાદ કરે છે. એમાં ધંધો મળ્યો પુણ્ય જાગ્રત થયાં, આગળ વધ્યો અને હવે તો પૂર્વનો ભિખારી મહાન લક્ષાધિપતિ બન્યો. એને બરાબર ભાન છે કે આ પ્રતાપ ગુરુદેવનો અને ત્યાગ ધર્મનો છે. એટલે વિપુલ સંપત્તિ અને સગવડ છતાં એ એક જ અન્ન, એક જ શાક અને એક જ વિગઈનો નિયમ અક્ષરશઃ આનંદ સાથે પાળે છે.

હવે એને નિયમને લીધે મળેલી સામગ્રી ન ભોગવી શકવાનું દુઃખ નથી, કેમકે આ ભવને જ પ્રત્યક્ષ પોતે બાહ્ય અને અભ્યંતર અભય રીતે નિહાળ્યો છે. એથી વિષયો પ્રત્યે વિરાગી બન્યો છે. વિરાગને ત્યાગે જન્માવ્યો, અને ત્યાગે દૃઢ કર્યો. વિશેષતા તો એ હતી કે સ્વયં ભોગને સંકોચી સાધુ મહાત્માની ભક્તિમાં ખૂબ ધન ખર્ચ્યું અને પ્રબળ પુણ્ય ઉપાર્જન કરીને કાળે કરીને એક નગરમાં શ્રીમંતના ઘેર જન્મ્યો. આ નગરમાં એવું થયેલું કે કોઈ નિમિત્તિયાયે રાજસભામાં કહેલું કે ‘બાર વર્ષનો દુકાળ પડશે. પરંતુ પછીથી વરસાદ ખૂબ પડ્યો, તેથી સુકાળ સુકાળ થઈ ગયો. જ્ઞાનીને પૂછતાં સમાધાન મળ્યું કે ‘નિમિત્તિયાના કથન વખતે ગ્રહોનો યોગ તેવો હતો. પરંતુ અમુક શેઠના ઘરે જન્મેલા મહાપુણ્યશાળી પુત્રના પ્રભાવે દુકાળનો સુકાળ થઈ ગયો.’ એમ કહી તે ભિખારીની વાત કરી. રાજા, તે બાળ નરોત્તમના ઘરે જઈ ‘ધર્મનૃપ’ નામ કરી ‘હે નરવીર ! તું જ સાચો રાજા છે, કે જેણે સુકાળ કરી દીધો. હું તો તારો આજ્ઞાધારી છું.’ એમ કહી તેના માથે રાજછત્ર મૂક્યું. **ખરેજ ! ત્યાગધર્મની બલીહારી છે. મનુષ્ય જીવનની સાચી સાર્થકતા આહારાદિ સંજ્ઞાઓને પોષવામાં નહિ, પણ શોષવામાં છે. સ્વેચ્છાએ સહન કરેલું થોડું પણ આત્માનો વિકાસ સાધે છે. ત્યારે મળેલું બધું ભોગવી લેવાની વૃત્તિમાં આત્માનું મહાન અધઃપતન થાય છે.**

## “દિવ્ય-દર્શન” **“ભોગની ભયંકરતા...”** વર્ષ-૨,અંક-૭,તા.૨૪-૧૦-૧૯૫૩

ભોગીને ત્યાગની કિંમત નથી, પણ ત્યાગીને મન ભોગીના ભોગ અત્યંત દયાપાત્ર છે. ત્યાગી એ ભોગમાં ભાવી કાળના મહાન ત્રાસને જુએ છે. અજ્ઞાન ભૂખ્યાને વિષમિશ્રિત દૂધપાક ખાતાં ભલે ઘડીભર સ્વાદ અને તૃપ્તિનો આનંદ લાગે, પરંતુ પછીથી નિપજતી મહાન મરણાંત વ્યથાને જાણનાર વિવેકી એ વિષાન્નના ભોજનમાં કેમ જ હોશિયારી જોઈ શકે ? વિવેકીને તો એ ખાનારની ઉપર અત્યંત કરુણા આવે. તેવું જ ભોગ સંબંધમાં છે. વિષયોના ભોગ એ વિષાન્ન જેવા છે, એટલું જ નહિ, બલ્કે એથીય ઘણા ભયંકર છે. (૧) વિષાન્ન બહુ તો એકજ



જીવનો નાશ કરે, જ્યારે ભોગો અનેક જીવનો સુધી જીવને મરણ સુધીની મહાન પીડાઓ આપે છે. (૨) વિષાન્નથી અસમાધિ થાય એવો નિયમ નહિ, ભોગથી અસમાધિ ડગલે ને પગલે થાય. (૩) વિષાન્નથી ભૂતકાળના કુસંસ્કારો પોષાય છે એવું નથી, ભોગથી સહેજે તેવું બને છે. (૪) વિષાન્નથી મૂર્ખ નથી થવાતું, ભોગથી મૂર્ખ થવાય છે, ઈત્યાદિ અનેકવિધ અનિષ્ટો ભોગની પાછળ છે. એ ભોગના ત્યાગ માનવજીવનમાં સુશક્ય છે, ત્યાં જો ભોગની રમતમાં જીંદગી ગુમાવી, તો પછી ત્યાગ ક્યા ભવમાં સાધવાનો ?

## “દિવ્ય-દર્શન” **“નિર્વિચારતાની નુકસાની”** વર્ષ-૨,અંક-૧૨,તા.૫-૧૨-૧૯૫૩

એક વ્યાપક ફરીયાદ છે કે ‘અમને ધર્મક્રિયામાં રસ નથી આવતો.’ ત્યારે સંસારની ક્રિયામાં ? એમાં શું પૂછો છો ? ત્યાં તો ભારે રસ આવે છે, આનું શું કારણ છે એ કદી શોધ્યું છે ? જે કારણે ત્યાં રસ સહજપણે ઉછળે છે, તે કારણે અહીં ઊભું કરાય, તો અહીં પણ કેમ રસ ન જાગે ? એ કારણ શું છે, કહેશો ? સંસારમાં અર્થિપણું છે, ને ધર્મમાં તે નથી. એવો જવાબ દેતાં પહેલાં જો જો કે ધર્મની શ્રદ્ધાવાળો ધર્મનો નથી એ કહેવું મુશ્કેલ છે. તો પછી બીજી શી ખામી છે કે રસ ન જાગે ?

એજ કે, **સંસારની ક્રિયાઓમાં પૂર્વપશ્ચાત્ ખૂબજ સવિચાર દશા છે. જ્યારે, ધર્મક્રિયાઓ મોટે ભાગે પ્રાક્પશ્ચાત્ નિર્વિચાર દશાવાળી હોય છે.** ઘી ખરીદવા જવું છે. તો ત્યાં દુકાન પર ઘીની ખરીદી કરવા અગાઉ ઘરેથી એની વિચારણા ચાલુ, ‘આજકાલ ઘીમાં દગા બહુ, શું વેપાર થઈ ગયા છે ? બસ, બનાવટ ! ઘી તો આપણે સારું જ લેવું. ભલે ઓછું ખાવું, શરીર તો ન બગડે. અને સારાની પરીક્ષા તો આપણને છેજ. અગર બીજાને પૂછશું ઈત્યાદિ ઈત્યાદિ કેઈક વિચારણામાં ઘીની, વેપારીની, આરોગ્યની વિચારણા ચાલુ ! હવે એ ઘી ખરીદવામાં કેટલો સાવધાન રહે ! આ તો પૂર્વ વિચારણાની વાત થઈ. પાછું સારું ઘી ઠીક ભાવે મલી ગયા પછી એના આનંદમાં પાછળની વિચારણા પણ ઘીની કેટલી ? આવીને આવી વિચારણાઓ દુન્યવી જીવનની પ્રવૃત્તિ-પ્રવૃત્તિએ વણાયેલી છે; નથી ફકત આત્મિક પ્રવૃત્તિમાં. જો કોઈ લક્ષ્મીનો મંત્ર સાધવો છે, કોઈ રાજા કે શ્રીમંતના ઘેર મળવા જવું છે, કોઈ સ્નેહીની સાથે અગત્યની વાત કરી લેવી છે, કોઈ કોર્ટમાં જુબાની આપવી છે વગેરેમાં, તો તે ક્રિયાની પહેલેથી કેટકેટલી હાર્દિક વિચારણાઓ ! પછી એ ક્રિયામાં ભારે રસ પૂર્વક ભારે જવાબદારી સમજવાપૂર્વક આત્મા એકાકાર થઈ પ્રવર્તે, એમાં શી નવાઈ ? આ વસ્તુ એવા એક પ્રસંગનું ચિત્ર નજર સામે ખડું

કરવાથી જરૂર સમજાશે. બસ, આ રીતે ધર્મક્રિયાઓની અનુરૂપ ભૂમિકા તૈયાર કરી રાખવી જોઈએ. પ્રભાતે ઊઠીને પરમાત્માના દર્શન કરવા જતા પહેલાં ઘેરથી જ 'અહો ! આખી રાત પરમાત્માના દર્શનામૃત વિના અને મોહમૂર્તિઓના દર્શનના ઘેનથી નિશ્ચિત બનેલો હું લાવ ઝટ પરમાત્માના દર્શનનું અમૃત પીઉં ! પરમાત્મા આવા આવા અદ્ભુત સુંદર છે... ત્યાં એમના દર્શનમાં આવી રીતે હું એકાગ્ર યોગી બનીશ... વગેરે પૂર્વ વિચારણા સાથે મંદિરે જાય; અને દર્શન કરીને પાછો વળતાં જ 'અહો કેવા સુંદર દર્શન મળ્યાં ! કેવું અલૌકિક પરમાત્મસ્વરૂપ !...' વગેરે વગેરે પાછળની વિચારણામાં લીન બને.

## "દિવ્ય-દર્શન" **"ધર્મનું મહત્ત્વ ચાર દૃષ્ટિએ"** વર્ષ-૨,અંક-૨૩,તા.૨૭-૨-૧૯૫૪

**ધર્મનું મહત્ત્વ ચાર દૃષ્ટિએ છે :-** જીવનની અંદર ભાવવાની ઉત્તમ ભાવનાઓમાં એક **'સ્વાખ્યાતધર્મ'** ભાવના કહી છે. તેમાં પ્રશમરતિમાં વાચક વર્ય ઉમાસ્વાતિજી મહારાજે જણાવ્યું છે કે 'કૃતકૃત્ય થઈ ગયેલ શ્રી જિનેશ્વરદેવોએ જગતના હિત માટે, અહો ! કેવો સુંદર ધર્મ બતાવ્યો છે કે જેમાં રક્ત થયેલા આત્માઓ સહેલાઈથી સંસારસાગરને તરી જાય છે.' આમાં વિચારવાની ચાર વસ્તુઓ છે. (૧) તીર્થંકર ભગવાને કૃતકૃત્ય થઈને સંસારસાગરને લગભગ તરી ગયા જેવી સ્થિતિ પામ્યા પછી પણ આ ઉપદેશ કર્યો છે, તો જરૂર ધર્મમાં કોઈ રહસ્ય હોવું જોઈએ, કે જેને ઉપદેશવાની પ્રભુને જરૂર પડી, (૨) વળી એ પરમપુરુષ જગતભરના હિત માટે ધર્મ કહે છે. જગતમાં બીજી કઈ એવી વસ્તુ છે કે જે એકલી આખાય જગતનું ભલું કરી શકે ? એ તો એક ધર્મ જ. એટલે આખા જગતના હિતની વસ્તુ મહાન ગણાય. (૩) વળી બીજું કાંઈ નહિ ને ધર્મને જ ઉપદેશે છે, એ સૂચવે છે કે તો પછી ઉત્કૃષ્ટ કોટિનું રહસ્ય ધર્મમાં હોવું જોઈએ. (૪) તેમ અનંતાનંત કાળથી આપણે જે સંસારસાગરમાં ડૂબ્યા રહ્યા, તેમાંથી આપણને ધર્મ સહેલાઈથી પાર ઉતારે છે, માટે પણ ધર્મમાં શ્રેષ્ઠ મહત્ત્વ છે. આવો સુંદર, રહસ્યમય, અને મહત્ત્વશાલી ધર્મ, ચારિત્રધર્મ અહીં માનવભવમાં જ મળે છે. તો ધર્મકમાઈ કાં ન કરી લેવી ? એવી વસ્તુ સમજેલા અવંતી સુકુમાળે કેવું મહાન પરાક્રમ કર્યું તે વિચારજો. એ વિસરવા જેવું નથી કે આ જીવે કઠણાઈથી અનંતોકાળ પસાર કર્યો છે, પણ ધર્મ હવે સહેલાઈથી પાર પામવાનું કરી આવે છે. આજ સુધી કેવી કેવી કઠણાઈ, ત્રાસ અને વિટંબણા વેઠી છે ? નિગોદના અનંત વરસની દરેક ક્ષણે ક્ષણ અનંત દુઃખથી ભરેલી ! નરકમાં અસંખ્ય વર્ષ પળે પળ અને કારમી અસહ્ય વેદના ! તિર્યંચ તરીકે સમુદ્રમાં મગરો વચ્ચે કોઈ અહીંથી ખાશે કે અહીંથી ખાશે,



એવી બીકમાં જીવવાનું ! છેવટે મરવાનું તે કોઈ મોટા મત્સ્ય-મગરના કોળીયા થઈને ! એવું હરણીયાને પ્રતિબળ બીક 'વાઘ આવશે કે સિંહ ?' શહેરી જનાવરમાં મજૂરી અને મારનો પાર નહિ. એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીનાનું તો પૂછવું જ શું ? તો મનુષ્યને પણ કઠણાઈ કયાં ઓછી છે ? દેવનો ભવ તો કયારેક આવ્યો ને ગયો. આમ અનંતાનંત કાળ મહામુશ્કેલીમાં પસાર કર્યો છે. તેનાથી પાર ઉતરાવવાનું, તે પણ **સહેલાઈથી** પાર ઉતરાવવાનું કોઈ કરી શકનારા હોય તો તે ધર્મ છે. પાર કોણ ઉતારે ? ધર્મમાં જે આસક્ત-રક્ત બની જાય તેને. આપણને ધર્મની તાલાવેલી લાગી છે ? ધર્મનું મહત્ત્વ સમજાયું છે ? બીજી મમતા છૂટી જઈ, એક માત્ર ધર્મની જ મમતા જાગી છે ? જુઓ તો ખરા ધર્મ કેવો સહેલાઈથી પાર ઉતારે છે. ગૌતમસ્વામી આંગણે પધાર્યા છે. એમને છ વર્ષના અઈમુત્તા કુમાર ઘેર લઈ જઈ વહોરાવે છે. પછી સાથે જાય છે ભગવાન દેશના આપે છે. અઈમુત્તો ઘેર આવી માતાપિતાની રજા લઈને ચારિત્ર સ્વીકારે છે. ત્યાં કેવળજ્ઞાન પામી **મોક્ષમાં પહોંચી ગયા. કહો કેવું સહેલાઈથી ? પણ તે કયારે ?** કહો, ધર્મમાં રક્ત થયા ત્યારે. **રક્ત એટલે ? ધર્મના થયા ત્યારે.** સંસારના મટી ધર્મના થઈ ગયા. આપણે ? પૂછો આત્માને **જેટલા આપણે વિષયના અને કષાયના છીએ, તેટલા વૈરાગ્ય કે ક્ષમાના છીએ ?** જેટલા ઇન્દ્રિયની પરાધીનતામાં વર્તનારા છીએ, તેટલા આપણે જ્ઞાનીના વચનની આધીનતામાં વર્તનારા છીએ ? ના, નહિ. તો એ કરવાનું છે કે આપણે સાંગોપાંગ જિનાજ્ઞારૂપ ધર્મના જ થઈ જઈએ.

**ચોવીસે કલાક ધર્મ કરવો છે ?** તે શક્ય છે, એ માટે ધર્મના પ્રકાર સમજી રાખો. ધર્મ **કાયિક** પ્રવૃત્તિરૂપ હોય; **વાચિક** પ્રભુસ્તુતિ-ધર્મચર્ચા વગેરે રૂપે હોય; **માનસિક** ઉત્તમ ભાવના અને શુભધ્યાન રૂપ હોય. પાછો આ ત્રણે પ્રકારનો ધર્મ જેમ જાતે કરવા રૂપ હોય, તેમ બીજા પાસે પ્રવૃત્તિ, ઉદ્ગાર કે વિચારણાને કરવા રૂપે હોઈ શકે. એવી જ રીતે બીજાઓની કાયિક-વાચિક-માનસિક ધર્મસાધનાની અનુમોદના આપણે કરીએ, તે પણ આપણી ધર્મસાધના છે. કહો, આ નવ પ્રકારના ધર્મમાંથી કોઈને કોઈ પ્રકારે ધર્મ ક્યારે પણ સાધી શકાય કે નહિ ? તો આ હિસાબે ચોવીસે કલાક ધર્મ કરી શકાય ને ? બળદેવમુનિને જંગલમાં રથકાર વહોરાવે છે, ત્યાં હરણીયું વિચારે છે કે "મુનિ સાધના કરે છે. આ માણસ મુનિને વહોરાવી સાધના કરી રહ્યો છે. પણ હું અભાગિયો શું કરી શકું ? મારે તો નથી જાતે મહાસાધના કરવાનું કે નથી કરાવવાનું. કોઈ ધર્મ મારી પાસે નથી." આ અનુમોદનાનો વિચાર પણ ધર્મના ઘરનો છે. એ એક પ્રકારની પોતાની જ ધર્મસાધના છે. તેથી જ હરણીયું મરીને મુનિની સાથે પાંચમે સ્વર્ગે ગયું.

"દિવ્ય-દર્શન"– **"બનાવટી ધર્મ"** વર્ષ-૨,અંક-૨૪,તા.૬-૩-૧૯૫૪

**ધર્મ બે રીતે (૧) મોહના ઉદયથી, અર્થાત્ કષાયોની પ્રેરણાથી, અને (૨) મોહના ક્ષયોપશમથી, અર્થાત્ કષાયોના દબાવાથી.**

**કષાયોની પ્રેરણાથી કરાતો ધર્મ એ બનાવટી છે. એમાં ધર્મના ઓઠા હેઠળ આત્માનો મોહ મસ્ત બને છે.**

**ધર્મ સેવતાં શાંતિ-સમાધિનો અનુભવ થાય, એ સાચા ધર્મની પ્રાપ્તિ થયાનું ચિહ્ન છે.**

**ભૂખ અને આશંસામાં તણાવથી પરમાત્મા ભૂલાયા ! પરમાત્માના ત્યાગ-વૈરાગ્યાદિના આદેશ ભૂલાયા ! પુણ્ય પૂરાં કર્યાં, અને પાપ વધાર્યાં !!**

**ધર્મ તો કેવળ આત્માની શુદ્ધિ અર્થે જ કરવાનો છે. આત્માની શુદ્ધિ એટલે કષાયો પર કાપ, વિષયતૃષ્ણાની ઓછાશ, ઈર્ષ્યા-ક્ષુદ્રતાદિ દોષોનો ત્યાગ, ગુણોનો વિકાસ, અને કર્મનો ક્ષય.**

ધર્મ બે રીતે થાય છે. (૧) મોહના ઉદયથી, અર્થાત્ **કષાયોની પ્રેરણાથી,** અને (૨) મોહના ક્ષયોપશમથી, અર્થાત્ **કષાયોના દબાવાથી.**

આમાં **કષાયની પ્રેરણાથી કરાતો ધર્મ એ બનાવટી છે. એમાં ધર્મના ઓઠા હેઠળ આત્માનો મોહ મસ્ત બને છે;** એવો ધર્મ સેવવા છતાં આત્માને શાંતિ, ગુણસંપત્તિ કે ઉન્નતિ મળતી નથી. જ્યારે, સાચા ભાવધર્મની સેવના આત્માને પરમશાંતિ-સમાધિ અને ઉન્નતિ આપે છે. ધર્મ સેવતાં શાંતિ-સમાધિનો અનુભવ થાય, એ સાચા ધર્મની પ્રાપ્તિ થયાનું ચિહ્ન છે. મોહના ઉદયથી એટલે કે માત્ર ક્રોધવશ, માનવશ, માયા કે લોભને વશ બની કોઈ ધર્મક્રિયા સેવાય, કે ગુણ બતાવાય, ત્યાં આત્મામાં મલિનતા વધતી હોવાથી એ શુદ્ધ ધર્મ નથી; પણ ધર્મનો આભાસ માત્ર છે.

અહીં મોહ આત્માને ઠગી રહ્યો છે. એ આત્માને જાણે કહી રહ્યો છે કે "તું જા દેરાસરે, જા ઉપાશ્રયે; કર સામાયિક, કર વ્રત; નિયમો લે, પ્રભુભક્તિ કર, પૂજા ભણાવ, સાધુ બન. શાસ્ત્રો ભણ, વ્યાખ્યાન વાંચ, મને ચિંતા નથી; કેમકે એ બધું કરવા છતાંય, **તું મને (મોહને) સાચવવાની જ્યાં સુધી પૂરે પૂરી કાળજીવાળો છે;** તેમજ આત્માનાં કર્મ ખપ્યા કે નહિ એની, તથા આત્મામાં ગુણ વધ્યા કે નહિ એની, તું જ્યાંસુધી થોડીય ચિંતા નથી રાખતો, ઊલટું તું ભારોભાર એવી ચિંતા મારી રાખે છે કે **'માન વધ્યું કે નહિ, પૈસા મળ્યા કે નહિ. મારી હુશિયારી ગણાય છે કે નહિ, સંસારમાં ખપું છું કે નહિ,'** શેઠાઈ મલે છે કે નહિ, બીજાથી ચઢીયાતા બનાય છે કે નહિ. ઈત્યાદિ ઈત્યાદિ રીતે અનેકવિધ માન-લોભાદિ કષાયોને તું



જ્યાંસુધી બરાબર સાચવે છે ત્યાંસુધી તું ધર્મ કરીનેય મનેજ પોષી રહ્યો છે."

મોહની પ્રબળતાની આજ ખૂબી છે કે જીવ મોહથી અને મોહ માટે સાંસારિક પ્રવૃત્તિઓ તો કરે, પણ ધાર્મિક પ્રવૃત્તિઓ પણ મોહથી કે મોહ માટે કરે છે. એવો એ ધર્મ મોહના ઉદયથી કર્યો કહેવાય. અને એનું ફળ સંસાર સિવાય બીજું શું હોય ? ધર્મ કરતાં કરતાંય મોહ તૂટે નહિ પણ વધે, તો મોક્ષ ક્યાંથી થાય ? મોહ તૂટયા વિના મોક્ષ નહિ. જીવે સમજવું જોઈએ છે કે 'મોહ વધારી વધારીને તો હજુ સુધી સંસારનો મુસાફર રહ્યો છું, હવે એ મોહ નહિ ઘટાડું તો મોક્ષનો મુસાફર કયારે બનીશ ?'

ધર્મ કરતાં કરતાંય આપણને કદાચ જડના અનુકૂળ સંયોગ ન મળ્યા, કે પ્રતિકૂલ સંયોગ ઊભા થયા; આપણું સન્માન કરવાને બદલે કોઈએ અપમાન કર્યું; પૈસા વધાને બદલે ગયા; તો એમાં સમજવું જોઈએ કે પૂર્વના પાપનો ઉદય છે. અહીંના સુખ દુઃખમાં પૂર્વના પુણ્યપાપનો હિસાબ છે.

એ ભૂલીને માનાકાંક્ષા, જડની આશંસા વગેરે અજ્ઞાનતા ભર્યા ચિત્તના સંકલેશોથી આ મળેલી દુર્લભ અને મહામૂલી ધર્મચર્યાને કાં બગાડે ? કરેલા શુદ્ધ ધર્મથી તો પુણ્યનો બંધ, કર્મની નિર્જરા અને આત્મગુણોનું સંસ્કરણ સિદ્ધ થઈ જ ગયા, આવા મહાન ઉત્તમ-લાભને અવગણી નિર્ગુણી અને આત્મદ્રોહી મોહને કાં આવકારે ? માનની આકાંક્ષા, સત્તાની ભૂખ અને જડની આશંસા શા સારું સેવે ? એણે આજસુધીમાં તારું શું ભલું કર્યું છે ? શું પૂર્વજન્મોમાં કે અહીં તેં એ બધાથી હૈયું ભર્યું રાખવામાં ખામી રાખી છે ? ના, છતાં કાંઈ સારું આત્મામાં નીપજ્યું ? ઊલટું એમ કહે કે એનાથી તો આત્મામાં બૂરું નીપજ્યું. કેમકે એ આકાંક્ષા, ભૂખ અને આશંસામાં તણાવથી પરમાત્મા ભૂલાયા ! પરમાત્માના ત્યાગ-વૈરાગ્યાદિના આદેશ ભૂલાયા ! પુણ્ય પૂરાં કર્યાં, અને પાપ વધાર્યા !! માનવજન્મથી ભ્રષ્ટ થઈ દુર્ગતિના પંથ પકડ્યા !!

માટે ધર્મ તો કેવળ આત્માની શુદ્ધિ અર્થે જ કરવો, આત્માની શુદ્ધિ એટલે કષાયો પર કાપ, વિષયતૃષ્ણાની ઓછાશ, ઈર્ષ્યા ક્ષુદ્રતાદિ દોષોનો ત્યાગ, ગુણોનો વિકાસ, અને કર્મનો ક્ષય. ધર્મ કરતા જવાનું. અને આ બધું નીપજે છે કે કેમ એ જોતા જવાનું.

"દિવ્ય-દર્શન"– **"વચનામૃત"** વર્ષ-૨,અંક-૨૪,તા.૬-૩-૧૯૫૪

- મોહનો રંગ આત્માના પ્રદેશે-પ્રદેશે છે, તો ધર્મનો રંગ પ્રદેશે-પ્રદેશે વ્યાપી જવો જોઈએ.
- આપણા સુખ-દુઃખો રાગદ્વેષની કલ્પનામાં સમાયા છે. જ્યાં રાગ ધર્યો ત્યાં જ જરાક વાંકુચુંકુ થતાં દુઃખ થાય છે; રાગ નથી ત્યાં નહિ.
- 'નમો અરિહંતાણં,' એ પદમાં પહેલું 'નમો' પદ એ ક્રિયાને પ્રધાન (મુખ્ય) સૂચવે છે; અથવા વિનયને પહેલી અગત્ય આપે છે.
- હૃદયમાં રહેલું રાગદ્વેષનું ઝેર રત્નત્રયી ને બગાડે છે.
- જો શાસનની દૃષ્ટિમાં આપણી દૃષ્ટિ સમાય, તો આપણે શાસનના રાગી, દૃષ્ટિમાં દૃષ્ટિ સમાય એટલે ? શાસનનો જે મત તે આપણો મત, વસ્તુ માત્ર પ્રત્યે શાસનનું જે ધોરણ. તેજ આપણું ધોરણ.
- અણસમજુની દૃષ્ટિએ જગતમાં દેખાતું જે સારું, તે સમજુને મન ઘણું ભયાનક લાગે છે.
- ધર્મસાધના ન થઈ તો માનવજીવનમાં માત્ર એક આંટો થયો ગણાશે; અને સંસારસાધના થઈ તેથી પુણ્ય અને ગુણોનું દેવાળું નીકળશે.
- સંસાર પ્રત્યે ઉદાસીન હૃદય એટલે વિષયકષાયોથી ઊઠી ગયેલ હૃદય. સંસ્કૃતમાં ઉદ્=ઊંચુ, અને આસીન=બેઠેલું, તેથી ઉદાસીન=ઊઠેલું. પૂછો આત્માને, હૃદય વિષય-કષાયથી ઊઠી ગયું છે ? કે વિષય-કષાયમાં નિરાંતે બેઠું છે ?
- જીવનમાંથી દુર્ધ્યાન ગયે, પુણ્યના થોક આવે; ત્યારે દુર્ધ્યાન રહ્યે પાપના પુંજ ભરાય. માટે ગમે તે થાઓ, પણ દુર્ધ્યાન ન કરીએ.
- આ જીવે મહા વિટંબણા વેઠ્યા પછી પણ મેળવેલી, અનંતીવાર મેળવેલી, માનવભવ જેવી ઉત્તમ ગતિ ઘેલી જડ પ્રવૃત્તિઓથી અને વિષયની લાલસાઓથી પૂર્વે અનંતવાર બરબાદ કરી છે. હવે હિતૈષી પુરુષો આપણને કહે છે કે એમ છતાં હાથમાં રહેલી આ ભવનીય અમૂલ્ય દેવગુરુધર્મવાળી સામગ્રીને એમજ હારી જવા તારા જેવો સમજુ કેમ સાહસ કરે છે ? એ અમારે અને પ્રભુ શાસનને માટે મહાન અફસોસીનો વિષય છે. પરંતુ એટલું સમજજે કે જેમ ભૂતકાળની તારીજ ભૂલોએ તેં તારાજ આત્માને કર્મબંધનથી જકડી અહીં સંસારના માર્ગે લઈ આણ્યો છે; તેમ અહીંની ભૂલથી ભવાંતર માટે પણ એવી સંભાવના ઊભી કરી રહ્યો છે ! એમાંથી બચાવ સદ્-વિચારો, એ સદ્ભાવનાઓ અને ઉજ્જવળ લેશ્યાઓજ કેળવ. સમજે કે એ માટે હજી આંખ મિંચાઈ નથી ત્યાંસુધી અવકાશ છે; અને એ માટે સત્સમાગમ એ દીવાદાંડી મળી છે, દિવ્યશાળા મળી છે; આંખ મિંચાયે એ કાંઈ નથી.
- બાહ્ય પદાર્થના સંયોગો, સંગને (બાહ્ય પ્રત્યે આસક્તિને) પેદા કરે છે, ઉત્તેજિત કરે છે. કોઈ કહે પણ અંતરસે ન્યારો રહે તો ? વાત તો સરસ છે, પણ એ આપણી દૃષ્ટિએ નહિ. સંયોગોને વિષધર સાપ દેખનાર માટે એ વચન છે. અનાસક્ત યોગી એટલે અસંગ-વૃત્તિવાળા કે જેમને અનુકૂળ સંયોગોથી આત્મગુણોમાં ઉથલપાથલ થતી નથી, એવા માટે એ વચન છે. તમે એવા યોગી છો ? જો ના, તો આત્મગુણોને સ્થિર રાખવા સારુ પહેલેથી જ અનુકૂળમાં જાઓ મા; આવી પડેલ પ્રતિકૂળમાં મુંઝાઓ મા.
- સંગ માત્ર ભયંકર છે, પણ સદાચારીનો સંગ, સત્પુરુષનો સંગ એ સંગમાત્રનો નાશક છે. જેમ અર્જીણમાં ખાવું એ ભયંકર છે, પણ ઔષધ ખાવું એ અર્જીણનું નાશક છે.

**સત્સંગ એટલે સત્પુરુષોના શ્રીમુખે સારું શ્રવણ.**

**ગુણ વિનાનો ઉંચો તે ઉંટ જેવો ઉંચો ગણાય.**

"દિવ્ય-દર્શન"– **"વચનામૃત"** વર્ષ-૨,અંક-૩૪,તા.૧૫-૫-૧૯૫૪

- સંયોગજન્ય સુખ ક્ષણિક, પરાધીન, અને પરિણામે મહા દુઃખજનક છે; જેમ કે, ખસ-ખરજવામાં ખણવાના યોગે થતું સુખ.
- સંયોગજન્ય સુખમાં જેને અકળામણ થાય કે જે ઉદાસીનતા અનુભવે, તેજ સાચુ સુખ મેળવવાનો અધિકાર છે; અરે ! તેજ સાચું સુખ સમજી પણ શકે છે. સાંયોગિક સુખમાં ઉદ્વેગ નથી એને સાચું સુખ સમજવુંય કઠીન પડે છે.
- વર્તમાનમાં તો નહિ, કિન્તુ ભવિષ્યમાં પણ કોઈ ખૂણામાંય સંસાર દુબળો ન પડે, એવી યોજના સંસારાભિનંદી જીવની ચાલુ હોય છે. અઢાર-પાપસ્થાનક એ સંસારના ખૂણા છે, એમાંના દરેક ખૂણામાં એ જીવ નિષ્ણાત અને નિશ્ચિન્તપણે રમનારો હોય છે.
- સંસારને જર્જરિત કરવાની ઈચ્છા હોય તો પુદ્ગલની ઓછાશ અર્થાત્ સંસારની બાબતમાં ઓછાશથી ચલાવી લેવાનું હરખભેર થવું જોઈએ. ઓછાશથી ચલાવી લેવાનું જેને રુચતું નથી, એ એ ઓછાશ દૂર કરવાની ધાંધલમાં પોતાના સંસારને દઢ કરે છે. તેથી ઊલટું ધર્મની બાબતમાં ઓછાશમાં ચલાવી લેનારો જે નથી, કે ચલાવી લેવાનું જેને ગમતું નથી, તેનો આત્મ-ધર્મ મજબુત બને છે. એવું જ પૌદ્ગલિક અનુકૂળતાની ઓછપમાં

ચલાવી લેવાનું જે કરે છે, તે ધર્મમાં સ્થિર થઈ શકે છે.

- ધર્મની પ્રાપ્તિ માટે, ધર્મને માતા સમજી એના પ્રત્યે આપણી વાનરી વૃત્તિ જોઈએ, માર્જારી વૃત્તિ નહિ. વાનરનું બચ્ચું પોતે માતાને વળગ્યું રહે છે; માર્જાર એટલે કે બિલાડીના બચ્ચાંને માતા પોતે ઉંચકીને લઈ જાય છે. ધર્મને આપણે વળગ્યા રહેવાનું છે.
- જ્ઞાન-દર્શન-ચારિત્ર એ રસાયણ છે, ભવનિર્વેદ અને માર્ગાનુસારિપણું એ કોઠાની શુદ્ધિ છે. કોઠાની શુદ્ધિ કર્યા ઉપરનું રસાયણ મહાન લાભદાયી બને છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયી એ વાવેતર છે, માર્ગાનુસારીપણું એ આત્મક્ષેત્રનું સંશોધન અને ખેડાણ છે. વાવેતર જરૂર કરો, પણ સંશોધન-ખેડાણ કરવાનું જરાય ન ચૂકો.

## "દિવ્ય-દર્શન" **"વિરાગના ઉપવનમાં"** વર્ષ-૨,અંક-૬,તા.૨૯-૫-૧૯૫૪

**આયુષ્યની** બેલેન્સ બાકી છે ત્યાં સુધી હે વિવેકી આત્મન્ ! ધર્મરત્ન પ્રાપ્ત અને સિદ્ધ કરવાના યત્નને કરી લે. વૃદ્ધાવસ્થા નથી આવી, બત્રીસી સાબૂત છે, કાયાને રોગોએ મસળી નથી, અને જ્યાંસુધી ઈન્દ્રિયો ફેંદાઈ નથી ગઈ, એનું તેજ હણાઈ નથી ગયું ત્યાંસુધી ચેતી જા નહિતર પછી ચૌદરાજ લોકમાં અનંતકાળની મુસાફરીમાં ક્યાંય અટવાઈ જઈશ.

• • •

**રસનાના** ગુલામને આયંબિલની વાત કરીએ તો એ તરત ફફડી ઉઠે છે. જેમ ધાન્યનું ધનેરૂં ચોખામાં પડ્યું હોય ત્યાં જ એને મજા છે, એને બહાર મૂકો તો એ તરફડી મરે છે, તેમ અહીં માત્ર એક વિગઈના ત્યાગમાં પણ ગડમથલ ચાલે છે. ઘી છોડું કે દૂધ ? કાચો ગોળ કે પાકો ? આયંબિલનો તપ જાતના રસ-મોહને ભુક્કે ઉડાડે છે; બીજાને પણ સારું આલંબન આપે છે. અનાદિની આહાર સંજ્ઞાને એ તોડે છે.

• • •

**આપણા** મનની અંદર એક પણ વિચાર જો મોહનો કે કામનો પેસવા ન દઈએ 'એ કોણ છે ? વૃદ્ધા છે કે યુવતી ?' એવું એવું કાંઈપણ કૌતુકેય ન થવા દીધું તો એના હાથપગ ભાંગી ગયા સમજજો. પણ જો કૌતુક જાગ્યું તો આપણી ચક્ષુઈન્દ્રિય હાથમાં નહિ રહે. પછી આગળ વધી આપણું કુળ મુકાવે, લાજ મુકાવે, વિવેક ભૂલાવે, એવું એ ગજબ કોટિનું પાપ સુધી ઘસડે છે. કામની માત્ર કલ્પના પણ માણસને હેવાન બનાવી મૂકે છે. કેટલાક પશુ કરતાં પણ માનવ હલકો બને છે.



પશુઓએ કાંઈ વિષય સંજ્ઞાનો ત્યાગ નથી કર્યો, પણ એનામાં મર્યાદા હોય છે. સિંહ વર્ષમાં એક વખતના જ વિષય-ભોગથી તૃપ્તિ પામે છે. તો મનુષ્ય ? બારે મહિના વિષયભોગ ઉપરાંત દૃષ્ટિદોષ-કામવચન-નયન કટાક્ષનો ગુલામ ? વિષયની તીવ્ર અભિલાષા એ ચોથાવ્રતનો પાંચમો અતિચાર છે, એ માનવને પણ નિર્વિવેકી અને મુડદાલ બનાવે છે.

• • •

**ઉપસર્ગ એ આરાધક આત્માની કસોટી છે;** અને કસોટીના પ્રસંગની અંદર, ક્રોડ પૂર્વના ચારિત્રમાં જે કમાણી ન થઈ હોય, એ કમાણી થાય છે. એટલે કસોટીના પ્રસંગને મોક્ષાર્થી જીવ જુલ્મ તરીકે નથી જોતા; પણ અતુલ વેદનાનું કષ્ટ ઉઠાવવાનું અને પ્રાણનો પણ ભોગ આપવાનું સહર્ષ વધાવી લે છે. **જ્યાંસુધી જીવનમાં કષ્ટ ઉઠાવાય નહિ, ભોગ અપાય નહિ. ત્યાંસુધી ધર્મની ખરી સ્પર્શના આત્માને નહિ થાય.** એટલા માટે સ્વીકારવામાં સમકિત પહેલું, અભ્યાસમાં વિરતિ પહેલી. **'વિષયો વિષ જેવા છે,'** એ સમકિત શીખવે છે. પણ આત્માને ધર્મની સ્પર્શના કરાવનાર વિરતિનો અભ્યાસ છે.

• • •

**કષાયની** સહાયથી વિષયો જીવે છે. અને વિષયો ખાતર જગતની અથડામણમાં જીવ પડે છે. જીવન જીવવા માટે ઘર, પેઢી, વ્યાપાર બધું રાખ્યું હોય, પણ શક્ય એટલું કષાયોની સહાય વિનાનું જીવન જીવાય, તો સંસાર કપાતો જાય અને આત્મા નિર્મળ બનતો બનતો મોક્ષની નિકટ પહોંચતો જાય.

• • •

**વિષયોમાં** જઈને ઈન્દ્રિયોને તૃપ્તિ થાય, એ વાત ત્રિકાળમાં ન બને. સાચી તૃપ્તિ વિષયોથી પરાઙ્મુખ થવામાં છે. એ માટે હરેક પળે સાવધાની જોઈએ. કેમકે રાગદ્વેષને નાચવા માટે જીવનમાં કોઈ અકાળ નથી રહ્યો; એનું કારણ એ છે કે આ આત્મા વિષયોની પરીક્ષામાં પાવરધો પરીક્ષક છે. એટલે આંખ સામે વિષય આવે કે એ પરીક્ષા કરવા લાગે છે અને 'આ સુંદર કે ખરાબ ? સારું કે નરસું ? એવી પરીક્ષામાં પડે એટલે રાગદ્વેષ ખડા થાય છે.'

• • •

**જ્યાંસુધી** એશ-આરામ છૂટશે નહિ ત્યાંસુધી ભોગની મીઠાશ જશે નહિ. જેને ભોગની મીઠાશ રહેલી છે, એને ત્યાગધર્મનો આનંદ ક્યાંથી આવે ? પારણામાં મીઠાશ અનુભવનારો, એને તપનો આનંદ ક્યાંથી ? બ્રહ્મચર્યની તિથિ જાય, અને અબ્રહ્મની તિથિ આવે એટલે ખુશ થનારો શીલનો આનંદ ક્યાંથી મહાણવાનો ?

• • •

**આજે** બીજી ઘણીય સામગ્રી હશે, પણ ભોગ-સામગ્રી આગળ માનવી એનો ગુલામ બની ગયો છે. પશુઓ ગુલામ હોય છે એ ભોગ સામગ્રીના, દેવો ગુલામ હોય એના, પણ માનવ એનો ગુલામ બને ? તીર્થંકર દેવો અને **પૃથ્વીચંદ્ર** જેવા મહાપુરુષો **ભોગને રોગ** માને છે. આપણું હૈયું શું કહે છે ? ભોગ માટે હૈયાના કોઈ ખૂણે આ વાત છે કે "અરેરે ! આ રોગમાં હું ક્યાં ફસાયો ? ક્યારે એ છૂટે ?" ના, પણ સમજો કે એ માન્યતા દૃઢ થાય નહિ. અને "છે એ બધું ભોગવું" એ સિદ્ધાન્ત ફરે નહિ ત્યાંસુધી ત્યાગની ભાવના અને પુરુષાર્થ થઈ શકવાના નથી.

• • •

**ભગવાન** જિનેશ્વરદેવની વાણી મીઠી, પણ જો એ વાણીની મીઠાશ અનુભવવાનું દિલ નથી. તો એ મીઠી વાણી આપણા માટે શું કામની ? શાસ્ત્રમાં લખેલી એ જ વાણી છે જે વાણી ભગવાને સમવસરણમાં પ્રકાશી હતી, જે વાણીથી ભગવાને બ્રાહ્મણ ઈન્દ્રભૂતિમાંથી જેનું નામ શ્રવણ કરતાં વિઘ્ન દૂર થાય એવા ગૌતમ ગણધર ઘડ્યા, એજ વાણીનો ચમત્કાર આપણા ઉપર કેમ નથી થતો ? એનું કારણ મીઠી રીતે સંભળાતી નથી, સાંભળતાં મીઠાશનો અનુભવ લેવાતો નથી. મીઠાશ ન અનુભવવાનું કારણ જડ સામગ્રી અને મોહકુટુંબ જે ખરેખર કડવા છે, એને મોહના તાવમાં મીઠા માન્યા છે.

• • •

**રાગના** સાધન ખોવાઈ જવામાં કે ઓછા મળવામાં જૈનને આનંદ અને ઉત્સવ હોય છે. જગતને રાગના સાધન જવા પાછળ કે ઓછા પાછળ શોક અને પોક હોય છે. એ ધોરણ બદલ્યા વિના અને જૈનના ધોરણ ધર્યા વિના છૂટકો નથી. જિનનો રાહ પકડ્યો છે, તો જગતનો રાહ મૂકવો પડશે.

• • •

**ઈર્ષ્યાનો** અગ્નિ એવો છે કે અંદર સતત સંતાપ આપ્યા કરે છે એટલે સુખે ખાવા ન દે, બેસવા ન દે, ચાલવા ન દે, જ્યાં ઈર્ષ્યાની આ ગડમથલ ચાલતી હોય ત્યાં સુંદર કોટિની શુભ વિચારસરણી એ ઈર્ષ્યાળુના ભાગ્યમાં ન હોય; કેમકે મન એકી વખતે એક કામ કરી શકે, અને મનમાં ઈર્ષ્યા ભરી હોય ત્યાં શુભભાવના-શુભવિચારને જગા કયાં છે ? ઈર્ષ્યાનો અગ્નિ બુઝાવવા માટે એક ચાવી શીખી લ્યો કે સામો ગુણમાં ધનમાં, માનપાનમાં આગળ વધે છે, એ કાં તો એના પુણ્યથી કે પુરુષાર્થથી વધે છે. એમાં તું શા માટે ઈર્ષ્યા કરે છે ? તારે આગળ વધવું હોય તો પુણ્યનો વધારો કર, સાચો પુરુષાર્થી બન.



**ભારતદેશ** એ ધર્મ-પ્રધાન ભૂમિ છે. એ ભૂમિ પર ધર્મને ઉખેડી નાખવાની વાતો થાય છે. 'Religion is s mentaldisease.' In nationalism every religion merges ધર્મ એ માનસિક વ્યાધિ છે. રાષ્ટ્રધર્મમાં સર્વ ધર્મ સમાય છે. એ માન્યતાનું રાજ્ય છે. પકવાન્નની પાર્ટીઓ-મહેફીલો ઉપર કંટ્રોલ નહિ, પણ આયંબિલ ઉપર કંટ્રોલ ! આજે રાષ્ટ્રધર્મ શેને માન્યો ? યંત્રવાદ, સિનેમા, કતલખાના વગેરેની વૃદ્ધિ, સંહારક ઉપાયોનો વિકાસ, સ્વજાતિ-પરજાતિ (સ્ત્રી-પુરુષ)ના છૂટથી મિલન-સહવાસ, ધર્મ-અવરોધક, શિક્ષણ અને કાયદા-કાનૂન, પવિત્ર હિંદુ સંસ્કૃતિના નાશક પગલાં-આવું આવું એજ રાષ્ટ્રધર્મને ? એ કર્મ કે ધર્મ ? એમાં ધર્મ સમાઈ જાય ?

• • •

**તૃષ્ણામાં** સુખ કેમ નહિ ? કારણ, તૃષ્ણા વિષયથી સુખ દેખાડે છે. અને વિનાશી વિષયોમાં શાશ્વત સુખ નથી, કામચલાઉ સુખ પણ સ્વાધીન સુખ નથી, ભારી દુઃખના ખર્ચ વિના સુખ નથી. મૂર્ખાઈ છે આત્માની કે આવી સ્પષ્ટ વાત દેખવા છતાં આત્મા એમાં સુખ ખોળી રહ્યો છે.

• • •

**આપણી** દૃષ્ટિજ પદાર્થોની અનુકૂળતા ઉપર જે રહ્યા કરે છે, તે ત્યાંથી ઉઠ્યા પછી જ ચારિત્ર ગમશે, ચારિત્રનો સ્વીકાર પણ થશે, અને આરાધનામાં સુંદર ઉત્સાહ જાગશે. અને પાંચમા આરાના હિસાબે તે પછી દેવતાઈ મનોહર અને ઊંચી કોટિના ભોગસુક મળવાનાં, છતાં આત્મા એમાંય ઉદાસીન બનશે; એટલે પછીના મહાવિદેહ જેવા ક્ષેત્રના માનવભવમાં એ ઉઠેલી દૃષ્ટિ વીતરાગતા સુધી લઈ જશે. માટે જડની અનુકૂળતા પરથી દૃષ્ટિ ઉઠાવી લો. એ માટે એ અનુકૂળતા ભોગવવામાં આત્માની સત્ત્વહીનતા અને ભયંકર કર્મબંધન દેખો.

• • •

**રાજગૃહીના** દ્રમકની પાસે પરિગ્રહ નહોતો, તેમ શિલા પાડી લોકેને મારી શક્યો નહોતો, પરંતુ મહાઆરંભ અને મહા પરિગ્રહની ભયંકર વાસના એને હતી, તેથી એ સાતમી નરકે ગયો. તીવ્ર સંતોષ અને અસંતોષ બન્ને પાપના ઘરના હોય તો, જીવ ભલે રાજા હો કે રંગ, પણ નરકમાં સધાવે છે.

• • •

**સંસારની** રખડપટ્ટીનો અંત લાવવો હોય તો સ્વપ્નમાં પણ પરમાત્માએ ફરમાવેલી જ્ઞાન, દર્શન, ચારિત્રની જ માગણી થવી જોઈએ.

**મનુષ્ય** જીવન, જૈનકુળ, જિનવાણીનું શ્રવણ, સદ્ગુરુનો યોગ. પુણ્યના યોગે મળે. કુલ શ્રદ્ધા પણ પુણ્યોદયે જાગે. પરંતુ બોધિરત્નની પ્રાપ્તિ માટે અને કષાય અગ્નિના ઉપશમ માટે પ્રબલ પુરુષાર્થ જોઈએ, ત્યાં ભાગ્યમાં હશે તો મળશે. એમ ભાગ્ય પર વિશ્વાસ ન રખાય.

• • •

**જૈનકુળમાં** ઉત્પન્ન થવા છતાં જે આત્માઓને જૈન માર્ગની પિછાણ અને શ્રદ્ધા નથી, ખરેખર ! તે આત્માઓ કંગાળ છે, ભાવદયાને પાત્ર છે. કહે છે ઘણું ભણ્યા, ઘણું આવડ્યું, ઘણું અનુભવ્યું, માત્ર જૈન માર્ગની જ ખબર નથી ! એટલે ? પ્રોફેસરને ઘણું ભણતર-આવડત-અનુભવ હતા, પણ નાવડી ડૂબવા માંડી ત્યારે માત્ર તરવાનું નહોતું આવડ્યું.

• • •

**સમકિત**દૃષ્ટિનો સંસાર એટલે જેનું ખાવાનું એનું જ ખોદવાનું, અને એના પ્રત્યે જ રીસ કરવાની. દા.ત. પુણ્યોદયે સમકિતી સંસારના ઊંચા સુખ ભોગવતો હોય, પણ એ સુખની અને સંસારની પ્રશંસા કરવાને બદલે ઝાટકણી કાઢતો હોય છે; અને એનાજ પ્રત્યે ઉદ્વિગ્ન રહેતો હોય છે.

• • •

**નિન્દાનું** શાક કથીરનું, એટલા માટે મશાલા બહુ વાપરવા પડે છે. સારી રીતે ક્ષુદ્રતા, વધારીને બોલવામાં, અસત્ય ભાષણ વગેરે મશાલા છે. નિંદા એટલે નીચ ગોત્રના સ્ટેશને ઉતારનારી સ્ટીમરની મુસાફરી છે. સ્ટીમરની મુસાફરી તો ગમે ને ? એવું જ નિન્દા ગમે છે, કડવી નથી લાગતી; ન નિન્દા કરતાં કે ન નિન્દા સાંભળતાં. પણ ભૂલશો નહી કે એ ઢેડભંગી કે કૂતરા-ગધેડાના અવતાર અપાવશે !

• • •

### "દિવ્ય-દર્શન"– **"વચનામૃત"** વર્ષ-૨,અંક-૩૮/૩૯,તા.૧૯-૬-૧૯૫૪

માર્ગાનુસારી ગુણોની પ્રાપ્તિથી આત્મામાં યોગ્ય ભૂમિકા તૈયાર થાય છે; કહો કે આત્મદ્રવ્યનો પલાળેલો મુલાયમ માટી કે કણેક જેવો યોગ્ય પિંડો તૈયાર થાય છે, જેના ઉપર પછી સમ્યગ્જ્ઞાન-ક્રિયાદિના સુંદર ઘાટ ઘડી શકાય છે.

માર્ગાનુસારી ગુણો આત્માને કુણો અને મુલાયમ બનાવે છે; અને સમજી રાખો કે ઉન્નતિનો પહેલો પાયો કુણાશ અને કોમળતા છે.

વિષયો ગમે છે ? તો વિરાગ કયાંથી ગમે ? ત્યારે વિરાગ વિના ભવ પણ કયાંથી કટે ? માટે વિષયોને અળખામળા કરો.

કષાય-ગ્રસ્ત આત્માને ઉપશમના ફાંફા. ત્યારે ઉપશમ વિના ભવ કયાંથી કપાય ? માટે ભવ ઓછા કરવા હોય તો કષાયથી ગભરાઈ દૂર ભાગો.

### "દિવ્ય-દર્શન"- **"વિરાગના ઉપવનમાં"** વર્ષ-૨,અંક-૩૯,તા.૧૯-૬-૧૯૫૪

- **જ્ઞાનીઓ** ભારપૂર્વક જણાવે છે કે પાપથી જેમ અળગા રહેવાનું છે તેના કરતાં પાપની સામગ્રીથી વધુ અલગા રહેવાની જરૂર છે. પાપમાં ખેંચી જાય એવી પાપની સામગ્રીમાં પડ્યા પછી પાપ આવતાં વાર લાગશે ? હોટલમાં માત્ર ચા પીવા પેઠા પછી ટેસદાર વસ્તુના નામ બોલતા સંભળાશે, ત્યાં પાકો સંયમ રહી શકવાનો ?
- **તત્ત્વની** સમજવાળા મનુષ્ય જીવનમાં ત્યાગના હક મળ્યા છે. એ મળેલા ત્યાગના હક ભોગવી લેવાની જો ઈચ્છા નથી, ને પશુને મળે એવા ભોગના સર્વ હક ભોગવી લેવાની તાલાવેલી છે, તો એ તાલાવેલી આ પછીના બીજા ભવોમાં ખૂટશે કે વધશે ? એટલું પહેલાં હૃદયથી વિચારી લેજો. વિચારતાં જો લાગે કે એવી પાશવી તાલાવેલી તો પછીથી વધી જાય; અને ભોગના હક ભોગવી લેવાની તાલાવેલી વધ્યા પછી તો એવા હલકા ભવમાં મહા અધઃપતન થાય; તો તો અત્યારથી, ચેતી મનને કહી દો કે "હું હવે એવા હક નહિ ભોગવું, હું તો ત્યાગનો હક ભોગવીશ; અર્થાત્ ત્યાગમાં ચઢી જઈશ."
- **વીતરાગ** પરમાત્માનું દર્શન કરતાં આત્માના રાગદ્વેષ હચમચી જવા જોઈએ. દર્શન કરતાં રાગદ્વેષ હલી ઉઠે નહિ તો વીતરાગનું એ દર્શન આપણા માટે કેવું ? સફળ કે નિષ્ફળ ? મંદિરમાંથી નીકળતાં તપાસી લેવું ઘટે કે મારા રાગદ્વેષ ધ્રૂજી ઉઠ્યા ? રાગદ્વેષ છૂટવાની ભલે વાર હોય પણ કંપી ઉઠવા જોઈએ. એમ થાય કે 'અરે ! આવા ઉંચા વીતરાગદેવ મળ્યા, અને હું હજી રાગી ?'
- **જેટલા** પ્રમાણમાં આપણે પ્રતિજ્ઞાથી પાછા હઠીએ છીએ, પ્રતિજ્ઞા લેતાં ડરીએ છીએ એટલા પ્રમાણમાં આત્માના ઓજસને હણી રહ્યા છીએ; એટલા પ્રમાણમાં મનમાં પાપની અપેક્ષા ઊભી રહી છે. 'ભવિષ્યમાં ક્યારેક પણ પાપ સેવવું પડે તો શું થાય ?' એવી ઉંડે ઉંડે અપેક્ષા જ ન હોય તો પ્રતિજ્ઞા કેમ ન આવે ?
- **શ્રી** અરિહંત પ્રભુએ કહેલ મોક્ષના રસ્તાની જેને ખબર પડી અને એની

મુસાફરીની જ અભિલાષા જાગી એ સમ્યગ્દૃષ્ટિ. એ રસ્તે જેણે ચાલવા માંડ્યું, તે દેશવિરતિ; અને જેણે એ રસ્તે દોડ મૂકી તે સર્વ વિરતિ. તમારે કમમાં કમ સમકિતી તો બનવું છે ને ? તે તોજ બનાશે કે જો મોક્ષમાર્ગ સદા આંખ સામે રાખો, અને એને આદરવા જ સદા ઝંખના સેવો.

- જે રૂપની પાછળ મહાન પાયમાલી છે, એ રૂપને મનથી પાયમાલ કરવું અર્થાત્ મનથી બાહ્ય જડના રૂપને ધૂળ જેવું, ગંદવાડ જેવું ગણી એનું લેશ આકર્ષણ ન રહેવા દેવું એ મનુષ્ય જીવનનું સાચું કર્તવ્ય છે. **"બાહ્યરૂપ આહારે વધે, આન્તરરૂપ અણાહાર"** કવિ કહે છે કે આહાર એટલે વિષય-ઈન્દ્રિયોના સંપર્કથી વિષયોના બાહ્યરૂપના આકર્ષણ વધે છે; ત્યારે અણાહાર એટલે એ સંપર્કના ત્યાગથી આત્માનું જ્ઞાનાદિમય આંતર સ્વરૂપ ખીલે છે.
- **વિષયો** એ વિષના કટોરા છે. જેટલો હું એને પીને મહાલું તેટલી ભવાન્તરમાં મારા આત્માની નસો ખેંચાવાની આ વાતને હૃદયમાં વારંવાર સ્થિર કરો.

"દિવ્ય-દર્શન"— **"વચનામૃત"** વર્ષ-૨,અંક-૪૦,તા.૨૬-૬-૧૯૫૪

આત્મદ્રવ્યની જેટલી **કોમળતા** તેટલા સંસાર બંધન પોચાં; અને જેટલી એની **કઠિનતા,** તેટલું સંસારનું બંધન વધારે. પરંતુ માર્ગાનુસારી ગુણોની જેટલી અધિકતા તેટલી કોમળતા વધારે. ગુણોની જેટલી ન્યૂનતા તેટલી કઠિનતા વધારે.

"દિવ્ય-દર્શન"— **"વચનામૃત"** વર્ષ-૨,અંક-૪૧,તા.૩-૭-૧૯૫૪

- કૃતજ્ઞતાને ભૂલવું એટલે હરામી પશુ બનવા બરાબર છે. કૃતજ્ઞતાને ભૂલાવનાર એટલે કે કોઈએ આપણા પર કરેલા ઉપકારને ભૂલાવનાર સ્વાર્થાંધતા છે. આપણે માત્ર આપણા સ્વાર્થમાં અંધ બનીએ તો ઉપકારીના ઉપકારને ભૂલી જઈએ છીએ. સ્વાર્થ રસને પોષનાર વિષયની ઘેલછા અને કષાયની મમતા છે. હજી વિષયનો સામાન્ય રાગ અને સામાન્ય કષાયનું સેવન કૃતઘ્ન નહિ બનાવે; પણ એની ઘેલછા અને મમતા ભુંડી છે.
- જે આ શરીર ધર્મના યોગે મલ્યું છે, તે શરીર જ ધર્મને ભૂલાવી રહ્યું છે ! એ કયાં ખ્યાલમાં છે ? ધર્મ પ્રત્યે કૃતજ્ઞતાગુણ સાચવવાવાળો આપત્તિમાં પણ શરીરને ભૂલી ધર્મને જ રક્ષે.



"દિવ્ય-દર્શન" વર્ષ-૨,અંક-૪૩,તા.૧૭-૭-૧૯૫૪

## ચાતુર્માસિક આરાધનાનો ઉપસંહાર

આત્મામાં નવો સંવેગ, વૈરાગ્ય અને ઝળકતી શ્રદ્ધારૂપી ગુણો વિકસે; તેમજ જીવરક્ષાની જતના, કઠોર વ્રત-નિયમો અને પ્રભુભક્તિ, ત્યાગ-તપસ્યાદિની જબ્બર સાધના સધાય; એટલે ચાતુર્માસનું સાફલ્ય.

પહેલી વાત-પ્રતિજ્ઞાની શી જરૂર છે ? પાપની અપેક્ષા તોડવા માટે પ્રતિજ્ઞા મહાલાભદાયી છે. અસંભવિતની પ્રતિજ્ઞામાં વંકચૂળને બારમો દેવલોક ! કુમારપાલની મહાપ્રતિજ્ઞાઓ ! અનાદિની ચાર સંજ્ઞાઓ આહાર-વિષય-પરિગ્રહ-ભય સંજ્ઞાનું જોર અહીં ઘટાડો. યાદ રાખો-ખાધ્યે ખાધ્યે ભૂખ નહિ મટે, તપથી મટશે... એવું વિષયાદિ માટે જિનશાસનને પામી અનાદિની કુસંજ્ઞાઓ તોડવાની બહુ જરૂર છે.

કેવળ આત્મજ્ઞાનના પોકાર પોકળ છે. સાધનારથના બે ચક્ર છે. જ્ઞાન અને ક્રિયા. બન્નેનું સમાન સ્થાન છે. જ્ઞાનમાં ક્રિયાનો અને ક્રિયામાં જ્ઞાનનો મેળ જોઈએ. સમજ અને અમલ બંનેય રાખો. ગુણની સમજ છતાં બીજા પ્રત્યે ગુણભર્યા અમલ ન રાખીએ તો પછી આપણે બીજા પાસેથી આપણી જાત તરફ ગુણોભર્યા વર્તાવની આશા કેમ રાખી શકીએ ? સારી સમજ અને સારી ક્રિયાના મેળ વિના જિનશાસનના આરાધક નહિ બની શકીએ. જ્ઞાન અને ક્રિયાઓ સુમેળ તેજ અધ્યાત્મ; તેજ મોક્ષ તરફ પ્રયાણ.

એક અવિવેક; કે ક્રિયાના સ્થાનમાં સમજ નથી, ને સમજના સ્થાનમાં ક્રિયા નથી ! બીજો અવિવેક; જે જીવનમાં આંતરશક્તિને ખીલવવાની હતી, ત્યાં પ્રમાદ-ઉપેક્ષા અને બેદરકારીથી શક્તિઓને બુઠ્ઠી બનાવાય છે. અને વિજ્ઞાનયુગના ચીલે શક્તિઓને ચલાવાય છે. આવા અવિવેકથી મહાન માનવ જીવનની બરબાદી થાય છે. એને મિટાવવા સાચી ધર્મસમજ અને પ્રબળ ધર્મ પ્રવૃત્તિ અત્યાવશ્યક છે.

ચોમાસું એટલે હૉસ્પીટલ ! આત્માના કેઈ કર્મ-કુસંસ્કારના રોગ કાઢવા માટે દવાખાનું ! એમાં દાન-શીલ-તપ-ભાવની, પાપત્યાગ, પ્રભુભક્તિની, દર્શન, જ્ઞાન, ચારિત્રની એમ વિવિધ ટ્રીટમેન્ટો મલે છે. એનાથી વૈરી વિષયોની લત અને મમતા રવાના થાય છે.

બીજી ખાસ વસ્તુ છે જયણાની. જયણા એટલે સમજ સાથે સાવધાનીની ક્રિયા. તે બે રીતે, (૧) એક તો સામાન્ય રીતે જીવોની જતના, અને (૨) બીજી રીતે આપણી સર્વ પ્રવૃત્તિઓમાં વ્યાપક જયણા. લૌકિક જયણાને બદલે લોકોત્તર જયણાની ધૂનવાળા બનો. **સાંસારિક-પ્રવૃત્તિમાં** પાપથી બચવાની અને ધર્મનો કસ ખેંચવાની જયણા; **ધાર્મિક-પ્રવૃત્તિમાં** ઉલ્લાસ વિધિ, ઔચિત્ય, સંવેગ વગેરેની જયણા.

જીવો પ્રત્યે રક્ષાનો ઉપયોગ રાખતાં વિચારો, કે "બીજાને આપણે ઠાર્યા હશે તો આપણને ઠરવાનું મળશે."

આ બધાના મૂળમાં સમ્યક્ત્વ જોઈએ. તે માટે **"જિનભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે..."** આવી પાકી માન્યતા જોઈએ. જૈનધર્મની શ્રદ્ધા અંગે આપત્તિ ઉપર જૈનબચ્ચો પોતાના ઊભા કરેલા અહીંના જ અઢાર પાપસ્થાનકમય સંસારનો દોષ કાઢે. જૈનની આ વિશેષતા છે કે કષ્ટ આવે ત્યાં પોતાના રાગદ્વેષાદિભર્યા જીવનો દોષ કાઢે. ત્યારે આર્ય માનવ આપત્તિમાં પોતાના ભાગ્યનો દોષ કાઢે છે. અને જગત તો વળી બીજા માનવનો દોષ જુએ છે.

ચોમાસાની આરાધનામાં જીવજતના જોઈએ; બીજી ધર્મ સાવધાની જોઈએ; બ્રહ્મચર્ય, કર્માદાન-અભક્ષ્ય વગેરે વિવિધ પાપોનો ત્યાગ, ગામ બહાર જવાનો ત્યાગ, વિવિધ ધર્મક્રિયાઓ, તપ-ત્યાગ વગેરેના નિયમ જોઈએ.

કુમારપાલ મહારાજાનો ચાતુર્માસિક બ્રહ્મચર્ય-ત્રિકાળપૂજા, તપ-ત્યાગ, નગર બહાર જવું નહીં વગેરે અદ્ભુત પ્રેરણા આપી જાય છે.

ધર્મ વિલંબે નાંખવા જેવો નથી, માટે સુકૃતને હમણાં જ સાધો. કેમકે કાળ પર તમે વિજય નથી મેળવ્યો. ભદ્રબાહુસ્વામિજી કહે છે :-

"અહીં પ્રાપ્ત થયેલી બોધિને જો સત્ક્રિયાથી સફળ નહિ કરે, તો ભવાંતરમાં તું બોધિ માગવાને અધિકારી કયાં છે ?"

સાથે, જગતમાં ચાલી રહેલી અઢાર પાપસ્થાનકની તાંડવ-લીલામાંથી બચવા, અઢાર ધર્મસ્થાનકના પ્રેમી બનો, ચારિત્રના નિષ્પાપ જીવનના કોડ કરો, અને મહાપુણ્યે જૈનકુળમાં પ્રાપ્ત એવી ચોમાસાની ધર્મ મૌસમમાં પાપો છોડી, તપ-ત્યાગ, વ્રત-નિયમો, દાન, બ્રહ્મચર્ય, ધાર્મિકક્રિયાઓ, પ્રભુભક્તિ વગેરે ખૂબ આચરો.

"દિવ્ય-દર્શન" વર્ષ-૨,અંક-૪૪,તા.૨૪-૭-૧૯૫૪

## ચાતુર્માસિક નિયમોની યાદી...

**સૂચના :-** નીચેની નોંધ મુજબની વસ્તુઓનો શક્યતા મુજબ ત્યાગ અને સ્વીકાર, ગુરુ મહારાજનો યોગ જો હોય તો તેમની પાસેથી નહિતર પ્રભુની સામે જાતે, પ્રતિજ્ઞા કરી કરવાનો છે. પછી તે મુજબ પાલન કરવું; અને તે નિયમમાં જે માંદગી વગેરે કારણે છૂટ (અપવાદ) રાખવી હોય તે પ્રતિજ્ઞાનો સ્વીકાર કર્યા પહેલાં નક્કી કરી રાખવા. દા.ત. સામાયિક ન થાય તો ઘી નો ત્યાગ કે ખાંડનો ત્યાગ, અગર ભંડાર કે જ્ઞાનખાતે પાવલી નાખવી. થાળી ધોઈને ન પીવાય તો પાંચ બાંધી નવકારવાળી કે એકાસણું વગેરે...નીચેની નોંધ મોટી છે, એમ માની



ગભરામણ કે ઉપેક્ષા ન કરતાં આમાંથી જુદી ડાયરીમાં પોતાનાથી બને તે મુજબ મુદ્દા નોંધી લેવા. અખંડ ચોમાસું ન બને તો પણ એમ રાખી શકાય કે આખા ચોમાસામાં ૧૧૯-૧૧૮-૧૧૫ દિવસ સામાયિક...બ્રહ્મચર્ય...અચિત્તજળ વગેરે...

| નીચેની વસ્તુઓનો ત્યાગ કરવાનો | | નીચેની વસ્તુઓનું પાલન કરવાનું | |
|---|---|---|---|
| કુદેવ-કુગુરુ-કુધર્મને<br>વંદન-સત્કાર-માન્યતા.<br>મિથ્યાપર્વના પાલન.<br>શિકાર, માંસાહાર,<br>મદિરાપાન, જુગાર,<br>મોટી ચોરી, પરસ્ત્રી,<br>વેશ્યા. | કાચાં દૂધ, દહીં, છાશ<br>સાથે કઠોર ભક્ષણ.<br>બે રાત ઉપરનું દહીં.<br>સિનેમા...<br><br>નાટક... | સુદેવ-સુગુરુ-સુધર્મ અને<br>જિનોક્તતત્ત્વની શ્રદ્ધા.<br>દિવસમાં ૨-૩ પ્રભુદર્શન.<br>અષ્ટપ્રકારી પૂજા.<br>સવારમાં ઉઠતાં જ નમસ્કાર<br>મંત્રનું સ્મરણ. | ઉપવાસ...<br>વિગયત્યાગ.<br>સચિત ત્યાગ.<br><br>લુખ્ખુ ખાવાનો અભ્યાસ<br>લીલોતરી ત્યાગ. |
| પંદર કર્માદાન : વાડી,<br>ખેતી, ખાણ, પત્થર,<br>યંત્ર, ભઠ્ઠી, ગાડા વગેરે<br>બનાવવા, ફેરવવા<br>વગેરેના વેપાર.<br>સમુદ્ર-પ્લેન પ્રવાસ.<br>કંદમૂળ.<br>વાશી.<br>બોળ-અથાણું.<br>કેરી, ભાજી, રાયણ,<br>જાંબુ, મધ, માખણ. | ઘરની વાર્ષિક સાફસુફી.<br>ધોળામણ...<br>નવાં મકાન ચણાવવાં.<br>જુનાં સમરાવવાં.<br>લીવર એક્ષ્ટ્રેક વગેરે.<br>અભક્ષ્યદવા કે ઈન્જેક્શન.<br>બરફ, આઈસ્ક્રીમ...<br>જમીન લીંપવી-ગુંપવી.<br>સુકોમેવો : ખારેક<br>ખજૂર, પાન-બીડી<br>કાચી ખાંડ | મહાપુરુષોનું સ્મરણ.<br>(આવડે એને ભરહેસરની<br>સજઝાય.)<br>સ્નાત્ર...<br>પ્રતિક્રમણ...<br>સામાયિક...<br>૦।, ૦॥, કલાક સ્તવન<br>સજઝાય-સૂત્ર ગોખવું.<br>૦। કલાક પરમાત્મધ્યાનમાં<br>આત્મચિંતા.<br>ગુરુનો યોગ હોય તો ગુરુવંદન<br>અને વ્યાખ્યાન શ્રવણ | ૧ મૈત્રી-૨ કરુણા<br>૩ પ્રમોદ-૪ ઉપેક્ષા એ ચાર<br>ભાવનાનું ચિંતન.<br><br>થાળી ધોઈને પીવી...<br>બાંધી નવકારવાળી...<br>છૂટી નવકારવાળી...<br><br>ખમાસમણાં ૨૫, ૫૦,<br>૧૦૦. ધાર્મિક વાંચન.<br>લેતાં-મૂકતાં પૂંજણીથી<br>પ્રમાર્જન... |
| રાત્રિભોજન<br>ખોટી સાક્ષી.<br>એઠું મૂકવું.<br>એંઠા મોંઢે બોલવાનું. | આગલા દિવસની<br>ભાંગેલી સોપારી.<br>આગલા દિવસનું<br>ટોપરું. કાચુ પાણી<br>નોવેલ.<br>અશ્લીલ છાપાનું વાંચન | પૌષધ...<br>દેશાવગાશિક<br>બે કે ત્રણથી વધુ ટંક નહિ...<br>એકાસણું...<br>આયંબીલ | ઉકાળેલું પાણી... |

"દિવ્ય-દર્શન"– **"વચનામૃત"** વર્ષ-૩,અંક-૨,તા.૧૧-૯-૧૯૫૪

- કાદવમાં ન છૂટકે ચાલવું પડે એ જુદું, અને હોંશથી લોટવું તે જુદું; તેમ સંસારમાં ન છૂટકે રહેવું પડે તે જુદું, અને હોંશથી રમવું તે જુદું; પાપ નભાવવું પડે તે જુદું, અને પાપને મહલાવવું તે જુદું, મોક્ષપ્રેમી આત્મા સંસારમાં રમતો નથી; પાપને મહલાવતો નથી.

"દિવ્ય-દર્શન"– **"વચનામૃત"** વર્ષ-૩,અંક-૫,તા.૨-૧૦-૧૯૫૪

- જે આ શરીર ધર્મના યોગે મળ્યું છે, તે શરીર જ ધર્મને ભૂલાવી રહ્યું છે ! એ કયા ખ્યાલમાં છે ? ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા ગુણ સાચવવાવાળો આપત્તિમાં પણ શરીરને ભૂલી ધર્મને જ રક્ષે.

"દિવ્ય-દર્શન" **"વૈરાગ્ય વર્ષા"** વર્ષ-૩,અંક-૧૨,તા.૨૭-૧૧-૧૯૫૪

- માનવ આયુષ્યથી ધર્મસુવર્ણ સિદ્ધ કરવા જેવું ઉત્તમ કાર્ય બીજું છે ય શું !
- માનવ જીવનનું આયુષ્ય એ સુવર્ણરસ જેવું છે. વનસ્પતિમાંથી સિદ્ધ કરેલા જે સુવર્ણરસનું એકેક ટીંપુ તાંબાના મોટા ટૂકડાને સુવર્ણ બનાવવા સમર્થ હોય છે, એ સુવર્ણરસ ઢળી જતો હોય તો જીવને કેટલું દુઃખ થાય ? તો શું આયુષ્ય ઢળી જતું નથી લાગતું ?
- માનવ આયુષ્યની પ્રત્યેક સેકન્ડ પરમાત્મ-ધ્યાન અને શુભભાવનાદિ દ્વારા દેવતાઈ અબજો વર્ષનાં દિવ્ય-સુખોનાં પુણ્ય સર્જે છે; ને અનંત પાપ દલિકોનો નાશ કરે છે. માટે જ માનવ-આયુષ્ય મહાન સુવર્ણરસ છે. એ એમજ ઢળી ન જાય, કે પાપસ્થાનકમાં ખર્ચાઈને આત્માને મહાન નુકસાનકારી ન બને એ ધ્યાન રાખવાનું છે; અને એનો ઉપયોગ ધર્મસુવર્ણ સિદ્ધ કરવામાં જ કરવાનો છે.

